॥ श्रीहरिः ॥

“सा विद्या तन्मतिर्यया...”

શ્રીતત્ત્વાર્થદીપ-નિબંધ તથા શ્રીસુબોધિનીજી આદિના
આશય સહિત ગુજરાતી કથાત્મક

“શ્રીમદ્-ભાગવત રસાસ્વાદ”

(સાત્વતસંહિતા)

ભાગ - ૨
સ્કન્ધ ૧૦ થી ૧૨

: પ્રસાદ - પરિવેષક :
ભાગવતભૂષણ, ભાગવતરત્ન, ભગવચ્છાસ્ત્રનિષ્ણાત,
નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી
વલ્લભવેદાન્તાચાર્ય (પ્રદત્તસુવર્ણચન્દ્રક), કાવ્યતીર્થ;
સિવિલ એન્જીનીઅર

卐

: પ્રકાશક :
“વિદ્યાનિધિ”
(ટ્રસ્ટ)
નડિયાદ.

પુષ્ટિ સાહિત્ય પુસ્તકાલય
કાંદીવલી (વેસ્ટ)
C/o. સુરેન્દ્ર જમનાદાસ શાહ
M : 9833272383,
9320787642

॥ श्रीहरिः ॥
"सा विद्या तन्मतिर्यया...॥"

શ્રીતત્ત્વાર્થદીપ-નિબંધ તથા શ્રીસુબોધિનીજી આદિના આશય સહિત
ગુજરાતી કથાત્મક

"શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ"

(સાત્વતસંહિતા)

ભાગ-૨
સ્કન્ધ ૧૦ થી ૧૨

* પ્રસાદ - પરિવેષક *
ભાગવતભૂષણ, ભાગવતરત્ન, ભગવચ્છાસ્ત્રનિષ્ણાત,
નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી
વલ્લભવેદાન્તાચાર્ય (પ્રદત્તસુવર્ણચન્દ્રક), કાવ્યતીર્થ;
સિવિલ એન્જીનીઅર

: પ્રકાશક :
"વિદ્યાનિધિ"
(ટ્રસ્ટ)
નડિયાદ.

શ્રીહરિઃ

પ્રકાશક :
"વિદ્યાનિધિ" (ટ્રસ્ટ)
"વ્રજવિહાર", મોટીપોળ, મોદીસાંથ,
નડીઆદ ૩૮૭ ૦૦૧ (જિ. ખેડા) (ગુજરાત)
ફોન નં. (૦૨૬૮) ૫૦૯૦૮

મુદ્રણ વ્યવસ્થાપક :
શ્રીયોગીનભાઈ પરીખ
ન્યૂ-ટેક. ફોટો કમ્પોઝર
એફ-૨, એલિશા ચેમ્બર્સ, સંતરામ રોડ,
નડીઆદ ૩૮૭ ૦૦૧ ફોન : ૬૨૦૦૮

ન્યોચ્છાવર
રૂ. ૩૦૦/- (બંને ભાગના)
વી.પી. નહિ થાય, મોકલવાનું ખર્ચ જુદું.
આ ગ્રન્થના સર્વાધિકાર પરિવેષકને સ્વાધીન છે.

પ્રથમાવૃત્તિ	પ્રત - ૨૫૦૦	વિ.સં. ૨૦૩૨ ઈ.સં. ૧૯૭૬
દ્વિતીયાવૃત્તિ	પ્રત - ૨૦૦૦	વિ.સં. ૨૦૩૮ ઈ.સં. ૧૯૮૨
તૃતીયાવૃત્તિ	પ્રત - ૩૦૦૦	વિ.સં. ૨૦૪૯ ઈ.સં. ૧૯૯૨
ચતુર્થાવૃત્તિ	પ્રત - ૩૦૦૦	વિ.સં. ૨૦૫૬ ઈ.સં. ૧૯૯૯

: ગ્રન્થપ્રાપ્તિ સ્થાન :

૧. શ્રીનવનીતપ્રિય શાસ્ત્રી
ઠે. "વ્રજવિહાર",
મોટીપોળ, મોદીસાંથ,
મુ. નડીઆદ ૩૮૭ ૦૦૧ (જિ. ખેડા)
ફોન નં. ૫૦૯૦૮

૨. શ્રીવિઠ્ઠલદાસભાઈ કારાણી
ઠે. "નન્દાલય", પ્લોટ નં. ૨૦,
હાટકેશ કો. ઓ. હા. સોસાયટી,
જુહુસ્કીમ, છઠ્ઠો રસ્તો,
વીલે-પાર્લે (વેસ્ટ), મુ. મુંબઈ ૪૦૦ ૦૫૬
ફોન નં. ૬૧૨૧૬૦૧, ૬૧૪૬૭૦૫

૩. શ્રીજનકભાઈ મજમુદાર
ઠે. ૧૦, હિલ વ્યૂ, નવરંગ સીનેમાની બાજુમાં,
અંધેરી (વેસ્ટ) મુ. મુબઈ ૪૦૦ ૦૫૮
ફોન નં. ૬૨૮૨૯૪૮

૪. સૌ. નીતા પટેલ
ઠે. "કલાનિધિ",
ઠે. જીએફ-૯ વિન્ડસર પ્લાઝા,
આર. સી. દત્ત રોડ,
મુ. વડોદરા ૩૯૦ ૦૦૫
ફોન નં. (ઓ.) ૩૨૦૨૩૫

૫. શ્રીપીયૂષભાઈ શાહ
ઠે. "હરિકુંજ",
સી. એન. વિદ્યાલય સામે,
આંબાવાડી,
મુ. અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન નં. ૪૪૪૦૦૮

૬. શ્રીવૈકુંઠભાઈ ભગત
ઠે. ઝવેરી મહોલ્લો,
ભરૂચ ૩૯૨ ૦૦૧.

શ્રીહરિઃ

શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ

(સાત્વતસંહિતા)

આહ્લાદ-પરંપરા

(અનુક્રમ)

અધ્યાય કથા-વિષય-સાર આરંભનો પત્રાંક

દશમસ્કન્ધ-નિરોધલીલા-હૃદય

[૧] પૂર્વાર્ધ :

[૧] જન્મ-પ્રકરણ :

૧ શ્રીકૃષ્ણાવતારનો હેતુ,-ભક્ત-દુઃખ, પૃથ્વીને બ્રહ્માનું આશ્વાસન, દેવકીજીનો વિવાહ-પ્રસંગે વધ કરવા મથતા કંસને વસુદેવજીના હૃદયમાં પ્રકટેલા વાસુદેવનાં વચન, દેવકીજીના છ પુત્રોનો કંસ દ્વારા વધ ૫૨૯

૨ ભગવાનનો પ્રાકટ્યનો ઉધમ, યોગમાયાને આદેશ, ગર્ભસંકર્ષણ, દેવોની ગર્ભસ્તુતિ (સંકર્ષણ-પ્રાકટ્ય) ૫૬૨

૩ અલૌકિક-કાલમાં શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ, રૂપાન્તર-સ્વીકાર, વસુદેવ-દેવકીજી દ્વારા સ્તુતિ, વસુદેવ દ્વારા ગોકુલમાં પુત્રને પધરાવીને યશોદાજીની પુત્રીનું લાવવું. (પ્રધુમ્ન-પ્રાકટ્ય).૫૭૬

૪ (કપટ-નાટ્ય) યોગમાયાનો કંસને સંદેશ, કંસની દુષ્ટ મંત્રીઓ સાથે મંત્રણા (અનિરુદ્ધ-પ્રાકટ્ય) ૫૯૯

[૨] તામસ-પ્રકરણ :

(૧) પ્રમાણ-(પ્રેમ)-પ્રકરણ :

૫ ગોકુલમાં શ્રીનન્દમહોત્સવ, નન્દજીનો મથુરામાં વસુદેવજી સાથે સંવાદ, (ભગવાનનો ઐશ્વર્ય-ગુણ), ઉત્સવ સાથે દુઃખનિવારણ, મહિમાજ્ઞાન, ભગવાનની અતિમાનુષ-લીલાથી નન્દાદિના સ્નેહનું નિરૂપણ ૬૦૬

અધ્યાય કથા-વિષય-સાર આરંભનો પત્રાંક

૬ પૂતનામોક્ષ, (ભગવાનનો વીર્યગુણ), ભયસહકૃત અતિમાનુષલીલાથી મહિમાજ્ઞાન દ્વારા સ્નેહનિરૂપણ ૬૩૪

૭ શકટભંગ, તૃણાવર્ત-વધ. જૃમ્ભણ કરતા ભગવાનના મુખમાં માને સર્વદર્શન, (ભગવાનનો યશોગુણ), કૌતુક સાથે સર્વજનના અર્થ-સાધકપણાથી, દુઃખ-નિવૃત્તિથી સ્નેહ-નિરૂપણ ૬૪૭

૮ ગર્ગજી દ્વારા ગોકુલમાં બલ-કૃષ્ણના નામકરણ-સંસ્કાર, કૃષ્ણની કૌમાર વગેરે લીલાઓ, મૃદ્ભક્ષણ-પ્રસંગે મુખમાં વિશ્વદર્શન, (ભગવાનનો શ્રીગુણ,-મુગ્ધભાવ સાથે ભક્તિપ્રદપણાથી) સર્વદુઃખદોષ-નિવારક-મહિમા દ્વારા સ્નેહ-નિરૂપણ ૬૬૨

૯ દામોદરલીલા, (ભગવાનનો જ્ઞાનગુણ), અત્યાશ્ચર્ય સહ ભક્તવશ્યત્વ અને સર્વદુઃખ-નિવારક મહિમાથી સ્નેહ-નિરૂપણ .૬૯૫

૧૦ યમલાર્જુનોદ્ધાર, (ભગવાનનો વૈરાગ્યગુણ), સર્વોદ્ધાર-પ્રયત્ન, સર્વદોષ-નિવારણથી મહિમા દ્વારા સ્નેહ-નિરૂપણ ૭૧૨

૧૧ મહાવન છોડીને ગોપોનું વૃન્દાવન-ગમન, ત્યાં વત્સચારણ, વત્સાસુર-બકાસુર-વધ, કૌમારલીલા-સ્થાપન, (છ ધર્મસહિત ધર્મી), પરમાનન્દપ્રદત્વ અને સર્વદુઃખ-નિવારક-મહિમાથી સ્નેહ-નિરૂપણ ૭૨૪

કૌતુકલીલા-પ્રક્ષિપ્તાધ્યાય-ત્રયી :

૧૨ અઘાસુરવધ .૭૩૬

અધ્યાય કથા-વિષય-સાર આરંભપત્રાંક

૧૩ બ્રહ્માજી દ્વારા વત્સ-ગોપહરણ, ભગવાનનો તે તે રૂપે વર્ષ સુધી વિહાર; બ્રહ્માજીનો મોહભંગ.૭૩૯

૧૪ બ્રહ્માજીની ભગવત્સ્તુતિ ૭૪૪

(૨) પ્રમેય (આસક્તિ) પ્રકરણ :

૧૫ પૌંગણ્ડલીલા, ગોચારણ, સૌન્દર્યાનુભવથી સ્ત્રીઓમાં આસક્તિ-ઉત્પાદન, સ્વરૂપનું ચતુર્વિધ પુરુષાર્થ અને દશરસાત્મકત્વ, વચન દ્વારા બલરામમાં સ્વધર્મ-સ્થાપન, ધેનુકાસુર-વધ (આધ્યાત્મિક-દેહાધ્યાસ-નિવારણ-ઐશ્વર્યગુણ), કાલિયના વિષવાળા યમુના-જલપાનથી મૃતગાયો-ગોપોનું પુનર્જીવન . . ૭૫૩

૧૬ આસક્તિ-પરીક્ષા, કાલિયદમન, બાલ-ગો-વશીકરણ, નાગ અને નાગપત્નીઓની સ્તુતિ, કાલિયનો હ્રદત્યાગ (આધ્યાત્મિક-ઈન્દ્રિયાધ્યાસ-નિવારણ, વીર્યગુણ) ૭૬૬

૧૭ કાલિયનું યમુના-હ્રદવાસ-કારણ, પ્રભુ બહાર પધારતાં સર્વેષ્ટદાનથી સર્વવશીકરણ, દવાગ્નિમાંથી રક્ષણ, (આધ્યાત્મિક પ્રાણાધ્યાસ-નિવારણ, યશોગુણ) ૭૭૪

૧૮ ક્રીડામાં મુખ્યરૂપથી તથા પ્રલમ્બાસુર-વધથી બાલકોમાં દૃઢાસક્તિ, (આધ્યાત્મિક-અંતઃ-કરણાધ્યાસ-નિવારણ, શ્રીગુણ) ૭૭૭

૧૯ મુંજાટવીમાં દાવાગ્નિથી રક્ષણ, સ્વરૂપજ્ઞાન-સંપાદનથી ગાયોમાં પણ દૃઢાસક્તિ - સંપાદન, (આધ્યાત્મિક-સ્વરૂપવિસ્મૃતિ-નિવારણ, જ્ઞાનગુણ) ૭૮૩

૨૦ વર્ષા-શરદ્ - વર્ણન, પોતે તટસ્થ રહીને કાલગુણથી સર્વના દુઃખનિવારણથી દૃઢાસક્તિ-સંપાદન, (વૈરાગ્યગુણ) ૭૮૭

૨૧ વેણુગીત, ભગવાનના મધુર વેણુનાદ-શ્રવણથી શ્રીગોપીજન દ્વારા અનુવર્ણન, રસરૂપ ષડ્ગુણયુક્ત સ્વરૂપ-નિરૂપણથી શ્રીગોપીજનની દૃઢાસક્તિની સ્થિરતાનું નિરૂપણ (છ ધર્મ સહિત ધર્મી) ૭૯૧

અધ્યાય કથા-વિષય-સાર આરંભપત્રાંક

(૩) સાધન (વ્યસન) પ્રકરણ :

૨૨ કૃષ્ણ ની પતિ રૂપે પ્રાપ્તિ માટે કુમારિકાઓના વ્યસન-બોધક કાત્યાયનીવ્રતથી અને લૌકિક-ભોગત્યાગથી સંતુષ્ટ હરિની ચીરહરણલીલા, વૃક્ષોની પ્રશંસાથી ગોપોનું માત્સર્ય-નિવારણ (ઐશ્વર્ય) ૮૧૩

૨૩ અન્નયાચનાને બહાને યજ્ઞપત્ની પર કૃપા (વીર્ય) ૮૨૯

૨૪ હેતુનિરાકરણપૂર્વક, પરંપરાગત ઈન્દ્રયાગ-ભંગ, વૈષ્ણવયાગ-અન્નકૂટોત્સવ-લીલા, (યશઃ) ૮૩૯

૨૫ ઈન્દ્ર-માનભંગલીલા, ઈન્દ્રકોપમાંથી વ્રજરક્ષા, શ્રીગોવર્ધનધારણલીલા ૮૪૮

૨૬ શ્રીકૃષ્ણ-પ્રભાવથી ચકિત ગોપોને નન્દજી દ્વારા ગર્ગવચનનું કથન, શંકાનિવારણ (જ્ઞાન).૮૫૭

૨૭ માનભગ્ન ઈન્દ્રની સ્તુતિ, અપરાધી ઈન્દ્રનું દોષ-નિવારણ, ઈન્દ્ર-સુરભિ દ્વારા કૃષ્ણનો ઈન્દ્રાભિષેક, "ગોવિન્દ"-નામ, ઉત્સવ, (વૈરાગ્ય) ૮૬૦

૨૮ નન્દજીને વરુણલોકમાંથી પાછા લાવવા, ગોપોને કૃપાથી વૈકુણ્ઠલોક-દર્શન, ભજનાનન્દ માટે પુનઃ વ્રજમાં, (છ ધર્મ સહિત ધર્મી) ૮૬૪

(૪) ફલ-પ્રકરણ :

(૧) રૂપ-રમણ (રાસ-પંચાધ્યાયી) :

૨૯ વેણુગાન-શ્રવણથી સમુત્સુક શ્રીગોપીજનને રાસ માટે વનમાં પધરાવવાં, ભગવાનનો ગૃહગમનનો મર્યાદા-ધર્મોપદેશ, શ્રીગોપીજનનો પુષ્ટિધર્મોત્તર, લઘુ-રાસલીલા, શ્રીગોપીજનના મદ-માનના પ્રશમન-પ્રસાદ માટે ભગવાનનું અંતર્ધાન. (આત્મલીલા, ઐશ્વર્યગુણ-મુખ્યતા) ૮૭૧

અધ્યાય કથા-વિષય-સાર આરભપત્રાંક

૩૦ વિરહ-વિકલ શ્રીગોપીજન દ્વારા ભગવદન્વેષણ, લીલાનુકરણ, સખિમિલનથી સ્વદોષ-નિવારણ માટે યમુનાપુલિનમાં પ્રયત્ન, પ્રતીક્ષા, ભક્તદોષ છતાં કૃષ્ણની પરોક્ષરતિ, (મનોલીલા, વીર્યગુણ-મુખ્યતા) ૯૧૮

૩૧ શ્રીગોપીજન દ્વારા ભગવત્સ્તુતિ, શ્રીગોપીગીત, (વાક્-પ્રાણ-લીલા, યશોગુણ- મુખ્યતા) .૯૨૯

૩૨ પ્રભુનું પ્રાકટ્ય, શ્રીગોપીજનને સાન્ત્વન, (ઈન્દ્રિયલીલા, શ્રીગુણ-મુખ્યતા) ૯૪૮

૩૩ મહારાસ-લીલા, ષડ્ગુણરૂપ સ્વામિનીજીઓ સાથે રસરૂપ - સ્વરૂપ-રમણ, શ્રીશુક દ્વારા રાજાના સંદેહનું સમાધાન, (શારીરલીલા, છ ધર્મસહિત ધર્મિમુખ્યતા) ૯૬૧

(૨) નામ-રમણ :

૩૪ અંબિકાલયમાં જતાં કૌતુકથી પણ અન્યાશ્રયથી આવેલી અજગર રૂપ આપત્તિમાંથી ભક્તવત્સલ ભગવાન્ દ્વારા નન્દજીની મુક્તિ, મર્યાદા-રમણપ્રસંગે વ્રજમાં શંખચૂડ-વધ, (પ્રવૃત્તિલીલા, વૈરાગ્ય- ગુણ-મુખ્યતા) .૯૭૬

૩૫ ગોચારણ માટે વનમાં પધારેલા પ્રભુનાં શ્રીગોપીજન દ્વારા વિરહદશામાં ગુણગાન, યુગલગીત (નિવૃત્તિલીલા, જ્ઞાનગુણમુખ્યતા) .૯૭૯

[૩] રાજસ - પ્રકરણ :

(૧) પ્રમાણ - પ્રકરણ :

૩૬ ભક્તિપ્રતિબંધક અરિષ્ટાસુરનો વધ, નારદ વચનથી કંસનો અક્રૂરજીને ગોકુલ-ગમનનો આદેશ, (ઐશ્વર્ય) ૯૯૪

૩૭ જ્ઞાન-પ્રતિબંધક કેશીનો વધ, નારદ-સ્તુતિ, લીલા-કર્મ-પ્રતિબંધક વ્યોમાસુરનો વધ, (વીર્ય) .૯૯૮

૩૮ મનોરથ-મગ્ન અક્રૂરજીનું ગોકુલગમન, સત્કાર (યશઃ) .૯૯૯

અધ્યાય કથા-વિષય-સાર આરભપત્રાંક

૩૯ શ્રીકૃષ્ણ-રામનું મથુરા-ગમન, યમુનાજીમાં અક્રૂરજીને ભગવદ્ધામ-દર્શન (શ્રી) ૧૦૦૧

૪૦ અક્રૂરજીની ભગવત્સ્તુતિ, (જ્ઞાન) ૧૦૦૩

૪૧ કૃષ્ણ-રામનો મથુરાપ્રવેશ, રંગરેજનો વધ, દરજી અને માળી પર કૃપા (વૈરાગ્ય) . . ૧૦૦૫

૪૨ કુબ્જા પર કૃપા, ધનુષ્યભંગ, કંસનો ભય, (ધર્મ સાથે ધર્મી) ૧૦૦૬

(૨) પ્રમેય-પ્રકરણ :

૪૩ ભક્તોના બાહ્યભય-નિવારણ માટે કુવલયાપીડ-વધ, કૃષ્ણ-રામનો મલ્લસભા-પ્રવેશ, ચાણૂર સાથે સંવાદ (ઐશ્વર્ય) ૧૦૦૮

૪૪ ભક્તોના આંતરભય-નિવારણ માટે ચાણૂર-મુષ્ટિક વગેરેનો વધ, કંસવધ, (વીર્ય) . .૧૦૧૦

૪૫ વસુદેવ-દેવકીજીને સાન્ત્વન, ઉગ્રસેનનો રાજ્યાભિષેક, નન્દજીને વિદાય-ભેટ, કૃષ્ણ-રામના ઉપનયન-સંસ્કાર, ગુરુકુલ-વાસ, વિધાધ્યયન, ગુરુદક્ષિણા રૂપે ગુરુના મૃતપુત્રનું પ્રદાન (યશઃ) ૧૦૧૨

૪૬ વિરહાતુર નન્દ-યશોદાજી અને શ્રીગોપીજનના સાન્ત્વન માટે ઉત્સવ રૂપ ઉદ્ધવજીનું પ્રસ્થાપન, નન્દ-ઉદ્ધવ-સંવાદ, ભ્રમરગીત, (શ્રી) . .૧૦૧૬

૪૭ શ્રીગોપીજનનો વિરહોન્મત્ત-પ્રલાપ, સ્તુતિરૂપ ભ્રમરકથા (ભ્રમરગીત), ભગવાનના જ્ઞાન-સંદેશથી વિરહજ્વર-શમન, ઉદ્ધવજીનો વ્રજમાં ઉત્સવ,-શ્રીગોપીજનમહિમા (ઉદ્ધવ-ગીત,) ઉદ્ધવજીનું મથુરાગમન, (તામસોનું સાન્ત્વન, જ્ઞાન) .૧૦૨૧

૪૮ કુબ્જા-અક્રૂરજીના મનોરથની પૂર્તિ, પાંડવ-સમાચાર માટે અક્રૂરજીનું હસ્તિનાપુર-પ્રસ્થાન (રાજસોનું સાન્ત્વન, વૈરાગ્ય) . . .૧૦૪૨

અધ્યાય કથા-વિષય-સાર આરંભપત્રાંક

૪૯ હસ્તિનાપુરમાં અક્રૂરજીનો કુન્તી-ધૃતરાષ્ટ્ર સાથે સંવાદ, મથુરાગમન, (સાત્ત્વિકોનું સાન્ત્વન, ધર્મ સાથે ધર્મી) ૧૦૪૩

[૨] ઉત્તરાર્ધ :

(૩) સાધન - પ્રકરણ :

૫૦ કૃષ્ણ-રામનું જરાસંધ સાથે યુદ્ધ, જલદુર્ગ દ્વારકાનું નિર્માણ, લોકપાલોની ભગવાનને ભેટ (ઐશ્વર્ય) શત્રુકૃત ભૌતિક-દુઃખનિવારણથી લૌકિકોને કૃષ્ણ- વ્યસનસિદ્ધિ ૧૦૪૫

૫૧ કાલયવન-નાશ, મુચુકુન્દની ભગવત્સ્તુતિ (વીર્ય) ૧૦૪૮

૫૨ કૃષ્ણ-રામનું પ્રવર્ષણપર્વત પરથી દ્વારકાગમન, બલરામ-વિવાહ, શ્રીકૃષ્ણને શ્રીરુક્મિણી-સંદેશ, (યશઃ) ૧૦૫૦

૫૩ શ્રીકૃષ્ણનું કુણ્ડિનપુર-ગમન, શ્રીરુક્મિણી-હરણ (શ્રી) ૧૦૫૪

૫૪ શિશુપાલ-પક્ષના રાજાઓની હાર, રુક્મિની હાર, શ્રીબલરામનું શ્રીરુક્મિણીને સાન્ત્વન, શ્રીકૃષ્ણ-રુક્મિણી-વિવાહોત્સવ, (જ્ઞાન) . ૧૦૫૫

૫૫ વાસુદેવાંશ કામરૂપ-પ્રદ્યુમ્ન-જન્મ, હરણ, શમ્બરાસુર-વધ, (વૈરાગ્ય) ૧૦૫૬

૫૬ સ્યમન્તક-કથા, જાંબવતી-સત્યભામાના વિવાહ, (ધર્મસહિત ધર્મી) ૧૦૬૦

(૪) ફલ - પ્રકરણ :

૫૭ દેવભક્ત સત્રાજિતને મારીને જતા શતધન્વાનો વધ, બલરામનું મિથિલાગમન, મણિ સાથે અક્રૂરજીનું કાશીથી પુનઃ દ્વારકાગમન, ભગવાનનું અપવાદ-નિવારણ, (ઐશ્વર્ય) . . ૧૦૬૩

૫૮ પાંડવોને સામર્થ્યદાન, કાલિન્દી, મિત્રવિન્દા, સત્યા, ભદ્રા, લક્ષ્મણા સાથે શ્રીકૃષ્ણના વિવાહ, (વીર્ય) ૧૦૬૫

અધ્યાય કથા-વિષય-સાર આરંભપત્રાંક

૫૯ અવિદ્યાકાર્ય-સંસાર-રૂપ મુરવધ, લૌકિક-સુખ-રૂપ નરકાસુર-વધ, પારિજાત-હરણ, સોળ હજાર કન્યાઓ સાથે શ્રીકૃષ્ણ-વિવાહ, (યશઃ) ૧૦૭૦

૬૦ શ્રીકૃષ્ણ-શ્રીરુક્મિણીજીનો (પરિહાસ) પ્રણય-કલહ (શ્રીગુણ) વાચિક-તિરોધાનથી અભિમાન-દોષ-નિવારણપૂર્વક દૃઢતાનું સંપાદન, ... ૧૦૭૩

૬૧ શ્રીકૃષ્ણ-પુત્રવર્ણન, અનિરુદ્ધ-વિવાહમાં દોષ-રૂપ રુક્મિ-વધ (જ્ઞાન) ૧૦૭૮

૬૨ ઉષા-અનિરુદ્ધ-પ્રસંગ, અનિરુદ્ધ-બંધન, (વૈરાગ્ય) ૧૦૭૯

૬૩ શ્રીકૃષ્ણ-બાણાસુર-યુદ્ધ, કૃષ્ણસ્તુતિ, બાણનો દર્પનાશ, (ધર્મ સાથે ધર્મી) ૧૦૮૦

[૪] સાત્ત્વિક - પ્રકરણ :

(૧) પ્રમેય - પ્રકરણ :

૬૪ ભક્ત, દાની, રાજા-નૃગના - ભગવદિચ્છા કે આજ્ઞા વિના- આગ્રહપૂર્વક ધર્મ કરતાં થયેલ બ્રાહ્મણ- ક્ષોભરૂપ અપરાધમાંથી ભગવાનના પ્રમેયબલથી ઉદ્ધાર, (ઐશ્વર્ય) ૧૦૮૩

૬૫ ભગવાનના આવેશવાળા બલરામજીનું વ્રજગમન, વારુણીસેવન, કાલિન્દીકર્ષણ, (વીર્ય) ૧૦૮૫

૬૬ મિથ્યા-વાસુદેવાભિમાની પૌણ્ડ્રક અને કાશીરાજનો વધ, અભિચારાગ્નિથી સુદક્ષિણનાશ, સુદર્શન દ્વારા કાશીદહન, (યશઃ) ૧૦૮૬

૬૭ રૈવતકમાં દુઃસંગરત દ્વિવિદવધ (શ્રી) . . . ૧૦૮૮

૬૮ સામ્બવિવાહ, બલરામજી દ્વારા હસ્તિનાપુર-કર્ષણ, (જ્ઞાન), ... ૧૦૮૯

૬૯ નારદજી દ્વારા ભગવાન્ શ્રીકૃષ્ણની ગૃહસ્થાશ્રમ-ચર્યાનું વિવિધગૃહોમાં દર્શન, (વૈરાગ્ય) ૧૦૯૦

અધ્યાય કથા-વિષય-સાર આરંભપત્રાંક

૭૦ શ્રીકૃષ્ણનો નિત્યક્રમ, જરાસંધના કેદી રાજાઓનો દૂત દ્વારા શરણાગતિ-સંદેશ, નારદ દ્વારા ભક્ત યુધિષ્ઠિરનો રાજસૂય-યજ્ઞ-સંદેશ, (ધર્મ-સહિત-ધર્મી) ૧૦૯૨

(૨) સાધન - પ્રકરણ :

૭૧ ઉદ્ધવજીની મંત્રણા, શ્રીકૃષ્ણનું ઈન્દ્રપ્રસ્થ-પ્રસ્થાન, પાંડવ પર કૃપા, (ઐશ્વર્ય) ૧૦૯૩

૭૨ રાજસૂય-યજ્ઞના ઉપક્રમમાં પાંડવોનો દિગ્વિજય, ભીમસેન દ્વારા જરાસંઘ-વધ, (વીર્ય). ૧૦૯૩

૭૩ જરાસંધે કેદ કરેલા ૨૦,૮૦૦ રાજાઓની મુક્તિ, (યશ:) ૧૦૯૪

૭૪ રાજસૂય-યજ્ઞ, શ્રીકૃષ્ણ-અગ્રપૂજન, તેમાં દુર્વચનોથી દૈત્યરૂપ શિશુપાલનો વધ, (શ્રી). ૧૦૯૫

૭૫ રાજસૂય-યજ્ઞાન્તે અવભૃથ-સ્નાનોત્સવ, મયસભામાં અભક્ત દુર્યોધનનો માનભંગ, (જ્ઞાન) ૧૦૯૬

૭૬ શાલ્વનું યાદવો સાથે યુદ્ધ, (વૈરાગ્ય) . . . ૧૦૯૭

૭૭ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ દ્વારા શાલ્વ અને સૌભનો નાશ, (ધર્મ સાથે ધર્મી) ૧૦૯૮

(૩) ફલ -પ્રકરણ :

૭૮ દન્તવક્ત્ર-વિદૂરથ-વધ, ભગવાનનો દ્વારકા-પ્રવેશ, બલરામજી દ્વારા તીર્થયાત્રા, સૂત-વધ, (ઐશ્વર્ય) ૧૦૯૯

૭૯ પાંડવોને સ્વસામર્થ્યથી વિજયદાન, દોષ રૂપ બલ્વલ-વધ, સૂત-હત્યામાંથી શુદ્ધિ માટે બલદેવજી દ્વારા વર્ષપર્યંત તીર્થાટન, નૈમિષાલયમાં ઋષિયોને જ્ઞાનસંદેશ રૂપ દક્ષિણાથી શ્રીભાગવતાધિકાર, (વીર્ય) . . . ૧૧૦૧

૮૦ અર્ધ-ઋષિ સુદામાનું આખ્યાન, પત્ની-પ્રેરણાથી ભક્ત સુદામાનું પ્રભુ પાસે પ્રસ્થાન, સત્કાર, આપત્તિમાં જીવન-દર્શન, (યશ:) . . ૧૧૦૧

અધ્યાય કથા-વિષય-સાર આરંભપત્રાંક

૮૧ ભક્ત સુદામાનું સ્વપુર-ગમન, ભગવાને રંક સુદામા-પત્નીને પરોક્ષમાં દીધેલું ઐશ્વર્ય, સંપત્તિમાં જીવન-દર્શન (શ્રી) ૧૧૦૫

૮૨ સૂર્યગ્રહણ-પ્રસંગે કુરુક્ષેત્રમાં યાદવ-પાંડવ-નન્દ વગેરે સ્વજનોનું મિલન, (સાત્વિકતા-સંપાદન, જ્ઞાન) ૧૧૦૭

૮૩ દ્રૌપદી પાસે શ્રીકૃષ્ણપત્નીઓનું સ્વવિવાહ-કથનને બહાને ભગવદ્‌ગુણગાન, કૃષ્ણમાં સર્વને સ્નેહવૃદ્ધિ, (વૈરાગ્ય) ૧૧૦૯

૮૪ ભગવદ્‌દર્શન માટે આવેલા ઋષિયોની સ્તુતિ, એષણાત્યાગપૂર્વક-ઋણનિવારણ, કૃષ્ણની યજ્ઞરૂપતાથી વસુદેવ-યજ્ઞ, સૌનું પ્રસ્થાન, (ધર્મ સાથે ધર્મી) ૧૧૦૯

(આ સાત્વિક-પ્રકરણમાં પ્રમેય, સાધન, ફલ-પ્રકરણમાં છ ધર્મ રૂપે છ અધ્યાય અને એ ત્રણેના ધર્મિ-રૂપે છેલ્લા ત્રણ અધ્યાય - ૮૨, ૮૩, ૮૪, હોવાનો પણ મત છે.)

[૫] ગુણ - પ્રકરણ :

૮૫ નિરોધલીલા-કર્તા શ્રીકૃષ્ણના જ સર્વવેદાર્થ-જ્ઞાનથી આંતર-આનંદયુક્ત વસુદેવજીની શ્રીકૃષ્ણસ્તુતિ, બાહ્યાનંદ માટે દેવકીજીના મૃત છ પુત્રોની પ્રાપ્તિ, આસુરત્વ-નિવૃત્તિ, મુક્તિ, (ઐશ્વર્ય) ૧૧૧૧

૮૬ નર રૂપ અર્જુન દ્વારા માયા રૂપ સુભદ્રાહરણ, શ્રીકૃષ્ણનું મિથિલાગમન, બહુલાશ્વ અને શ્રુતદેવને ત્યાં એક-સાથે જ પધારવું વગેરે, (વીર્ય) ૧૧૧૪

૮૭ સર્વવેદના (તાત્પર્યવૃત્તિથી) બ્રહ્મપરત્વનો નિર્ણય, વેદસ્તુતિ (શ્રુતિગીતા), જીવનલાભ રૂપ કૃષ્ણમહિમા-જ્ઞાન અને શ્રીકૃષ્ણ-સેવનનું નિરૂપણ (યશ:) ૧૧૧૬

અધ્યાય કથા-વિષય-સાર આરંભપત્રાંક

૮૮ શ્રીપતિ ભગવાન્ અને શિવજીનો સ્વભાવ-ભેદ, વૃકાસુર-ભયમાંથી અવિચારી દાનદાતા મહાદેવજીની બટુકરૂપ ભગવાન્ દ્વારા મુક્તિ, (શ્રી) ૧૧૩૩

૮૯ ભૃગુઋષિ દ્વારા ત્રિદેવ-પરીક્ષા, ક્ષમાશીલ ભગવાન્ વિષ્ણુની શ્રેષ્ઠતા, અર્જુન સાથે સર્વાગમ્ય-સ્થાને જઈને બ્રાહ્મણના મૃતપુત્રોને લાવવા, (જ્ઞાન) ૧૧૩૫

૯૦ શ્રીકૃષ્ણની પરમોત્સવ-(રાગ)-લીલા, ભગવાનના માનસ-તિરોધાનથી વિકલ ભગવત્પત્નીઓનું મહષીગીત, યદુઓની અસંખ્યતાનું નિરૂપણ, (વૈરાગ્ય) ૧૧૩૭

એકાદશસ્કન્ધ-મુક્તિલીલા-મસ્તક

[૧] જીવમુક્તિ - પ્રકરણ :

(૧) બ્રહ્મભાવ - પ્રકરણ :

૧ કાલાત્મા ભગવાનની, પૃથ્વીનો બાકી રહેલો સર્વ-ભાર ઉતારવાની, ઈચ્છાથી ઋષિયોએ યદુકુમારોને દીધેલો યદુકુલ-નાશનો શાપ, (વિધાનું વૈરાગ્ય-પર્વ) નિત્યલીલા-મધ્યપાતિ -યાદવકુલ અને માયિક-યાદવકુલ- સ્વરૂપ, આસુરવ્યામોહ-લીલા માટે માયિક-કુલને શાપ-પ્રસંગ ૧૧૪૧

૨ નારદજી દ્વારા વસુદેવજીને જ્ઞાન, નિમિ અને નવ યોગેશ્વરોના સંવાદ રૂપે પ્રભુપ્રસન્નતા, અભય માટે સર્વજ્ઞાનપૂર્વક ભાગવતધર્મ અને ભક્તસંગ માટે ભાગવતલક્ષણ-વર્ણન. (વિધાનું સાંખ્યપર્વ) ૧૧૪૬

૩ માયાસ્વરૂપ, માયાને તરવાનો ઉપાય, નારાયણ-નિષ્ઠા, કર્મસ્વરૂપ, સર્વનિર્ણય-નિરૂપણ. (વિધાનું યોગપર્વ) ૧૧૫૩

૪ પ્રભુની શુદ્ધલીલા, ભગવદવતારોનું વર્ણન, (વિધાનું તપ:પર્વ) ૧૧૬૩

૫ ભક્તિ-હીનની સ્થિતિ, પ્રતિયુગ-પૂજન-સ્વરૂપ. (વિધાનું ભક્તિપર્વ), નિમિની કૃતાર્થતા, વસુદેવજીની કૃતાર્થતા. ૧૧૬૫

(૨) સાયુજ્ય - પ્રકરણ :

૬ દેવો દ્વારા શ્રીકૃષ્ણને સ્વધામ પધારવા સ્તુતિ, પ્રભુની આજ્ઞા, ભક્ત ઉદ્ધવજીની ભગવાનને વિનંતી, (ભક્તિની મુખ્યતાથી મૂલપ્રકૃતિ-નિવારક ભગવદિચ્છા-સ્વરૂપ-નિરૂપણ) . . .૧૧૬૭

૭ ઉદ્ધવોપદેશ (બ્રહ્મરૂપ-જગત્ અને માયિક-જગત્-નિરૂપણ), સ્વબુદ્ધિથી દોષનિવૃત્તિ-પ્રસંગ, અવધૂત દત્તાત્રેયજીના ૨૪ ગુરુઓ-માંથી પૃથ્વી વગેરે આઠનો ઉપદેશ, (ભગવદુ-પદિષ્ટ-સાધનોથી પ્રાકૃત-સંસર્ગનાશ, પ્રાકૃતાંકુર મહત્તત્ત્વ-નાશક સંક્ષિપ્ત-જ્ઞાનોપ-દેશ, કાયિકદોષ-નિવૃત્તિ માટે ગુરુશિક્ષા. . .૧૧૬૮

૮ અજગર વગેરે નવ ગુરુનો ઉપદેશ, (ત્રિવૃદહંકાર-નાશ, રાજસભાવ-નિવર્તનથી સર્વેન્દ્રિયદોષ-નિવારણ). ૧૧૭૧

૯ ટીટોડો વગેરે સાત ગુરુનો ઉપદેશ, દેહ પચીસમો, અવધૂત-કથા-સમાપ્તિ (માનસ-દોષ-નિવૃત્તિ-નિરૂપણ) ૧૧૭૨

૧૦ ભગવન્નિષ્ઠાથી મોક્ષદ વર્ણાશ્રમધર્મ, દેહાધ્યાસથી સંસારબંધન, પ્રવૃત્તિધર્મથી સુખને બદલે દુ:ખ, અનિત્ય સ્વર્ગાદિ-લોક રૂપ ફલ; નિષિદ્ધકર્મોથી નરક, લૌકિકત્વની નિવૃત્તિ માટે કર્મફલ-નિરૂપણ. ૧૧૭૩

૧૧ બદ્ધ-મુક્તનાં લક્ષણ, અનાસક્તિથી સંસારનાશ, સાધુલક્ષણ, મર્યાદા - પુષ્ટિ - ભક્તિ - પ્રાપ્તિના ઉપાયો. ૧૧૭૪

૧૨ સત્સંગ-મહિમા, પુષ્ટિ-ભક્તિમાર્ગ, સર્વાત્મ-ભાવે-સર્વત્યાગપૂર્વક કૃષ્ણ-શરણા-ગતિ-નિરૂપણ, ભગવાનનું વાઙ્મય રૂપે પ્રાકટ્ય, જગત્-સંસાર-ભેદ. ૧૧૭૬

અધ્યાય. કથા-વિષય-સાર આરંભપત્રાંક

૧૩ પદાર્થ-ત્રૈગુણ્ય, જ્ઞાન-ભક્તિમાર્ગનાં વિરુદ્ધ સાધનના સંદેહ-સમાધાન માટે હંસાવતાર દ્વારા બ્રહ્મા-સનકાદિને જ્ઞાન, ગુણચિત્ત-ત્યાગ, (હંસગીતા), જગતની બ્રહ્મ-રૂપતા-સત્યતા, માયિક જગતનું સ્વરૂપ, અહંતા-મમતા રૂપ સંસારનું મિથ્યાત્વ, બુદ્ધિમાં ભગવદાવેશથી નાનાત્વ-નિવૃત્તિ, બ્રહ્મભાવ પછી પરમ-ભક્તિથી કૃતાર્થતા. ૧૧૮૦
૧૪ પ્રકૃતિપ્રમાણે વેદાર્થજ્ઞાન, ભક્તિ-મહિમા, ધ્યાનયોગ-વર્ણન, ભ્રમ-નિવારણનો ઉપાય. .૧૧૮૨
૧૫ યોગની અઢાર સિદ્ધિનું નિરૂપણ, સિદ્ધિયોની બાધકતા, સર્વના સ્વામી શ્રીહરિ. ૧૧૮૪
૧૬ ભગવાનની વિભૂતિનું વર્ણન, અર્જુનને ગીતામાં કહેલ પ્રકાર, ભગવદ્ભક્તિથી જ કૃતાર્થતા. ૧૧૮૫
૧૭ વર્ણધર્મ-વર્ણન; બ્રહ્મચર્ય-ગૃહસ્થાશ્રમ-ધર્મ-વર્ણન. ૧૧૮૫
૧૮ વાનપ્રસ્થ-સંન્યસ્તાશ્રમ-ધર્મ-નિરૂપણ. . . .૧૧૮૭
૧૯ ભક્તિનાં સાધન, પ્રભુભજન માટે જ્ઞાન, દેખાતા જગતની વિષયતા, ભગવદનુભવ રૂપ-વિજ્ઞાન, ભીષ્મ-યુધિષ્ઠિર-સંવાદ, યમ - નિયમાદિ-વર્ણન ૧૧૮૮
૨૦ જ્ઞાન-કર્મ-ભક્તિ-યોગ-વર્ણન, મનોદોષ-નિવારણ, નિરપેક્ષભાવે ભક્તિથી પરમપ્રાપ્તિ. ૧૧૮૯
૨૧ કર્મનિયંત્રણ માટે દ્રવ્ય-દેશ વગેરેનાં ગુણ-દોષ-વર્ણન; ત્યાગ માટે શુદ્ધિ-નિરૂપણ; શબ્દસૃષ્ટિ, આત્મસુખ-નિરૂપણ. ૧૧૯૧
૨૨ માયામોહિતબુદ્ધિથી તત્ત્વ-સંખ્યાદિભેદ, પ્રકૃતિ પુરુષ-વિવેક. ૧૧૯૧
૨૩ તિતિક્ષુ-કદર્ય-દ્વિજની કથા, ભિક્ષુગીતા, પૂર્વ-વાસનાથી દુઃખપ્રાપ્તિ, મનોનિગ્રહની આવશ્યકતા, ભગવન્નિષ્ઠાથી મોક્ષ. ૧૧૯૨

અધ્યાય કથા-વિષય-સાર આરંભનો પત્રાંક

૨૪ શુદ્ધસાંખ્ય-વર્ણન, ઇચ્છારહિતપણાથી મોહ-નિવારણમાં હેતુરૂપ જ્ઞાન-નિરૂપણ. ૧૧૯૩
૨૫ સત્ત્વાદિ - ત્રણ ગુણની વૃત્તિયોનું વર્ણન, પ્રાકૃતગુણ-સંસર્ગ-મુક્તિ, - જીવભાવ-ત્યાગપૂર્વક બ્રહ્મ-સમ્પન્નતાથી. ૧૧૯૫
૨૬ ઐલગીત, પુરૂરવાનું સ્વાનુભવે દુ:સંગથી દુર્ગતિ - નિરૂપણ, વૈરાગ્યબોધ, સત્સંગથી મોક્ષ. ૧૧૯૬
૨૭ વેદ-તન્ત્ર-મિશ્ર-સાઙ્ગ-ક્રિયા-યોગવર્ણન, હરિપૂજા-નિરૂપણ, દૈવી-સંસ્કારોદ્બોધ . . .૧૧૯૭
૨૮ યુક્તિસહિત જ્ઞાન-ભક્તિનિરૂપણ, સંસાર-વિરાગ માટે માયાવાદ-બોધ, અભિપ્રેત અવિકૃત-પરિણામવાદ, ચતુષ્પાદ બ્રહ્મસ્વરૂપ, યોગમાં વિઘ્ન, ભક્તિથી વિઘ્નાભાવ. . . .૧૧૯૮
૨૯ સુમંગલ ભાગવતધર્મ-નિરૂપણ, "બ્રહ્મવાદ"નું ભક્તિ માટે નિરૂપણ, ઉદ્ધવજીનું બદરીકાશ્રમ-ગમન. ૧૨૦૦

[૨] બ્રહ્મમુક્તિ-પ્રકરણ :

(૧) મમતાત્યાગ-નાટ્ય-પ્રકરણ :

૩૦ ભગવદિચ્છાથી યદુકુલોપસંહાર, નિત્ય-લીલાસ્થ-માયિક-યાદવકુલ-ભેદ. ૧૨૦૨

(૨) અહંતા-ત્યાગ-નાટ્ય-પ્રકરણ :

૩૧ ભગવાનનું તિરોધાન, ભગવત્સ્વરૂપ-નિરૂપણ.૧૨૦૬

દ્વાદશસ્કન્ધ - આશ્રયલીલા - વામકરકમલ

[૧] (હરિ) શ્રીકૃષ્ણાશ્રય-પ્રકરણ :

૧ કલિયુગમાંના રાજ્યવંશનું વર્ણન, શૂદ્ર-પર્યવસાનથી લોકનાશ. ૧૨૧૧
૨ કલિધર્મ-નિરૂપણ, કલ્કિ-અવતાર, સત્યયુગ-સમય. ૧૨૧૭
૩ ભૂમિગીત, કલિદોષ-નિવારણના ઉપાય, યુગધર્મ-વર્ણન, કલિમાં કૃષ્ણકીર્તન-મહિમા

અધ્યાય કથા-વિષય-સાર આરંભપત્રાંક

[૨-૩] જગદાશ્રય - વેદાશ્રય - પ્રકરણ :

૪ ચતુર્વિધ-પ્રલય-વર્ણન, ભગવાન્ આ ક્રિયા-શક્તિના આશ્રય રૂપે અંતે જગદાશ્રય-રૂપ. . .૧૨૨૩

૫ બ્રહ્મોપદેશથી પરીક્ષિતને અભયદાન, દેહને જન્મ-મરણ, જીવ-બ્રહ્માંશ-નિત્ય, અભેદ-ચિંતને અભય, દશલીલાવિશિષ્ટ કૃષ્ણ સર્વત્ર વિરાજે છે, - તે અનુમાન, ભગવાનની જ્ઞાનશક્તિથી જગદાશ્રય રૂપ, ...૧૨૨૮

૬ પરીક્ષિતની ભાગવતી-ગતિ, જન્મેજયનો સર્પસત્ર, શબ્દબ્રહ્મ-રૂપ ભગવાન્, વેદશાખા-વિભાગ-વર્ણન. ૧૨૩૦

૭ અથર્વવેદ-વિભાગ, પુરાણ-લક્ષણ. ૧૨૩૨

[૪] ભક્તિમાર્ગાશ્રય - પ્રકરણ :

૮ માર્કણ્ડેયનું તપશ્ચરણ, નર-નારાયણની સ્તુતિ, ઉપાસનારૂપ કર્મમાર્ગીય ભૌતિક-ભક્તિ-નિરૂપણ. .૧૨૩૩

અધ્યાય કથા-વિષય-સાર આરંભપત્રાંક

૯ ભગવન્માયા-નિર્મિત મહાપ્રલય-દર્શન, શ્રીબાલમુકુન્દ - દર્શન, જ્ઞાનમાર્ગીય - આધ્યાત્મિક-ભક્તિ-નિરૂપણ. ૧૨૩૪

૧૦ માર્કણ્ડેયને ભગવાન્ શંકર દ્વારા વરદાન, ભક્તિ-માર્ગીય-આધિદૈવિક ભક્તિ-નિરૂપણ. ૧૨૩૪

[૫] શ્રીભાગવતાશ્રય-પ્રકરણ :

૧૧ સાઙ્ગોપાઙ્ગાયુધ ભગવદ્-વર્ણન, સૂર્ય-વ્યૂહ-વર્ણન, કથાયોગરૂપ આધિદૈવિક-ભાગવત-નિરૂપણ. ૧૨૩૫

૧૨ શ્રીભાગવતોક્ત લીલાકથાનું સંક્ષિપ્ત-વર્ણન, કેવલ લીલા-કથારૂપ આધ્યાત્મિક-ભાગવત-નિરૂપણ ૧૨૩૭

૧૩ પુરાણશ્લોક-સંખ્યા, શ્રીભાગવત-મહિમા, કેવલ કથાયોગ રૂપ આધિભૌતિક-ભાગવત-નિરૂપણ, કલિયુગમાં શ્રીભાગવતાશ્રય દ્વારા કૃતાર્થતા. ૧૨૩૮

卐

પુષ્ટિ-ભક્તિ-માર્ગના મુખ્ય-સિદ્ધાન્ત - આચાર - વિચાર - નિર્દેશ

૧. વેદાદિશાસ્ત્ર-પ્રતિપાદિત, સર્વોત્કૃષ્ટ, નિર્દોષ, પરમતત્ત્વ, સર્વવિરુદ્ધધર્માશ્રય, આનંદમય, પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ છે. તે શ્રીમદ્-ભાગવતમાં સંપૂર્ણ ક્રિયા-જ્ઞાન-શક્તિ-યુક્ત "સ્વયં ભગવાન્" છે. તે આધિદૈવિક રૂપ છે.

૨. પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણનું ધામ અક્ષરબ્રહ્મ છે. અક્ષરબ્રહ્મ ઈપત્તિરોહિતાનંદ જેવું, ગણિતાનન્દ છે. તે આધ્યાત્મિક રૂપ છે.

૩. સચ્ચિદાનંદ-રૂપ શ્રીકૃષ્ણની શક્તિ માયા છે. માયા ભગવાનનું સર્વભવન-સામર્થ્ય છે, દાસી પણ છે, ભગવાનને વશ છે. ભગવાનના સદંશની ક્રિયારૂપા શક્તિ છે, ચિદંશની વ્યામોહિકા માયા છે. આનંદરૂપની જગત્કારણભૂતા છે. ઈચ્છા પણ ભગવાનની સ્વરૂપ-ભૂત શક્તિ છે.

૪. જીવ (અક્ષર) બ્રહ્મનો અંશ છે, અણુ છે, સ્વતઃ વ્યાપક નથી.

૫. અંશી ભગવાન્ શ્રીકૃષ્ણની સેવા જ અંશ-જીવનો સ્વધર્મ છે, બીજો ક્યારેય નહિ, ક્યાંય નહિ. સેવા પોતાના સેવાનુકૂલ ઘરમાં પોતાના તન-ધન અને મનથી થાય. ચિત્ત પ્રભુમાં (પ્રેમથી) પરોવાય તે સેવા. જીવ પ્રભુનો સહજ દાસ છે. કૃષ્ણસેવા સિવાય બીજી રીતે સુખ મેળવવા મથનારને દુઃખ જ મળે છે. કૃષ્ણ-કૃષ્ણસેવા-કૃષ્ણકથા સ્વતઃ પુરુષાર્થરૂપ છે, ફલાત્મક છે. આ સેવનાર ભક્તો તો અન્ય-સાધનો કરતા નથી. રસરૂપ કૃષ્ણની સેવા ગુપ્ત રખાય.

૬. બ્રહ્મથી અનન્ય હોવાથી જગત્ સત્ય છે, બ્રહ્મનું આધિભૌતિક-સ્વરૂપ છે, જગદ્રૂપે પ્રતીતિ મિથ્યા છે. આત્મસૃષ્ટિ હોવાથી સુખ-દુઃખાદિ ફલ દેવા છતાં બ્રહ્મમાં વૈષમ્ય-નૈર્ઘૃણ્ય-દોષ નથી.

૭. જગત્-જીવ-અંતર્યામી-અક્ષરબ્રહ્મ વગેરેનું અભિન્ન-નિમિત્તોપાદાન-કારણ શુદ્ધ નિર્ગુણ સાકાર બ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણ જ છે.

૮. જીવે અવિદ્યાથી કલ્પેલી અહંતા-મમતા-રૂપ સંસાર મિથ્યા છે.

૯. શ્રીકૃષ્ણની શરણાગતિ અને આત્મનિવેદન-પૂર્વક સેવા-કથાથી જ સફલતા છે. પ્રકટ ભગવાન્ શ્રીકૃષ્ણ જ ફલ-રૂપ છે.

૧૦. કર્મનિષ્ઠા ચિત્તની પ્રસન્નતાથી સમજાય છે, જ્ઞાનનિષ્ઠા સર્વજ્ઞ થતાં સમજાય છે, ભક્તિનિષ્ઠા કૃષ્ણ પ્રસન્ન થાય ત્યારે સમજાય છે. નિષ્ઠા વગર તો નિષ્ફલતા જ છે. નિષ્ઠા સાધનોથી થાય, કલ્પના-વાતોથી નહિ.

૧૧. અન્યાશ્રય, અસમર્પિત-વસ્તુ, અસદાલાપ, અસત્સંગ તદન છોડી દેવાં.

૧૨. વગર જોઈતાં વાત-વ્યવહાર-વિચાર સર્વથા છોડી દેવાં.

૧૩. યથાશક્તિ સ્વધર્માચરણ, અધર્મ-ત્યાગ, ઈન્દ્રિય-સંયમ સર્વથા ન છોડવાં.

૧૪. આર્તિ-દીનતા-દઢતા-નિઃસ્પૃહતા રાખવાં, અહંકાર-દંભ ન કરવાં.

૧૫. પ્રયત્નપૂર્વક શ્રીભાગવતજીનો પાઠ કોઈ હેતુ-વગર નિત્ય કરવો. શ્રીભાગવત ભગવાનનું નામાત્મક-સ્વરૂપ છે. જેમ જેમ કૃષ્ણ હૃદયમાં પધારે, તેમ તેમ સાધન-નિષ્ઠા વધે.

૧૬. ભગવાનમાં અચલભાવ અને ભક્તસંગ મળે,- કથાપ્રીતિથી ! તેની જ અપેક્ષા કરવી, બીજી અપેક્ષા ન કરવી. પ્રભુ પાસે પધારે તેમ પ્રેમ અતિશય થાય.

૧૭. અનાયાસે હર્ષથી થતી ચેષ્ટા લીલા છે. દશલીલા-વિશિષ્ટ ભગવાન્ શ્રીકૃષ્ણ સર્વત્ર-સર્વદા વિરાજે છે.

૧૮. ભગવાનની કૃપામાં કાંઈ કારણ ન હોય, સ્વતંત્ર ભગવદિચ્છા જ હોય. કૃપા (પુષ્ટિ-ભક્તિ) માર્ગરુચિથી જ સમજાય.

૧૯. સેવા-કથામાં કે તે દ્વારા ભગવાનમાં જેની આસક્તિ દઢ છે, તે ક્યારેય ભક્તિમાર્ગમાંથી ભ્રષ્ટ થતો નથી.

૨૦. ભગવાન્ જેનાથી પ્રસન્ન થાય તે મુખ્યસેવા છે, અન્ય તો પરંપરા છે. પ્રભુ પોતાના ગણે,- આત્મીય માને,- તેમ સેવા કરવી.

૨૧. ભગવત્કાર્ય કરે તે ઉત્તમ છે, સેવા કરે તે મધ્યમ છે, સ્વાર્થ માટે સેવા કરે તે અધમ છે.

૨૨. "હું ભગવાનનો દાસ છું."- એવી ભાવના દઢ થતાં ભગવદ્ધર્મો સ્વધર્મ છે; વર્ણાશ્રમધર્મો પરધર્મો છે; તે વિના તો વર્ણાશ્રમધર્મો સ્વધર્મ છે, ભગવદ્ધર્મો પરધર્મ છે.

૨૩. ઘર-ધન-સંગ સંપૂર્ણ રીતે કૃષ્ણ માટે છોડી દેવાં, તે છોડવાનું ન બને તો કૃષ્ણ માટે વિનિયોગ કરી દેવો.

૨૪. "હરિ સર્વકાંઈ નિજેચ્છાથી કરે છે",- તે વિવેક છે. "સર્વ તરફથી સર્વ દુઃખો સદા, મૃત્યુ સુધી, (શાંત-સંમુખ-રહીને) સહન કર્યા કરવાં",- તે ધૈર્ય છે. "અશક્ય કે સુશક્યમાં કે અલૌકિક-મનઃસિદ્ધિમાં કે સર્વાર્થે પણ હરિ જ સર્વથા શરણ છે",- આવી ભાવના આશ્રય છે. આ આશ્રય સચવાય તેમ વિવેક-ધૈર્યને સતત સાચવવાં. બધી કઠોરતા સર્વમાં કૃષ્ણ-ભાવનાથી (પ્રસન્ન રહીને) સહન કરવી.

૨૫. અસર્પિત - વસ્તુઓનો સંપૂર્ણ રીતે ત્યાગ કરવો. પ્રસાદી પધરાવીને લેવું ગૌણ છે. (જાતે કરો, જાતે ધરો, ધરો તેમાંથી (સંમુખ રહેવા) પેટ ભરો, આજ્ઞાને અનુસરો.)

૨૬. શ્રીભાગવતમાં પ્રીતિ થાય તે તો ભગવાને કરેલા અંગીકારનું લક્ષણ છે.

૨૭. પોતાની મરજી મુજબ જીવે, મન ફાવે તેમ મહાલે, તે પ્રવાહનો-જીવ છે. તે સુખ-દુઃખ અને જન્મ-મરણ ભોગવે છે, આથડે છે. શાસ્ત્ર-મર્યાદા પ્રમાણે મર્યાદાથી જીવે તે મર્યાદાનો જીવ છે. આ લોક-પરલોકનાં સુખ-મોક્ષ યથાધિકાર મેળવે છે. ભગવત્સ્વરૂપના સુખ(સેવા) માટે જીવે તે પુષ્ટિસૃષ્ટિનો જીવ છે. તે આ જન્મે - આ શરીરથી-જ ભગવલ્લીલાને જાણે છે, માણે છે; છેવટે નિત્યલીલામાં યથાધિકાર ભગવદાનંદને માણે છે. પુષ્ટિસૃષ્ટિ ભગવત્સ્વરૂપ-સેવા માટે જ છે, તે ક્યારેય અન્યથા થતી નથી.

૨૮. લોકાર્થી જો કૃષ્ણને સેવે તો ક્લેશ જ મળે, ક્લેશવાળો જો કૃષ્ણને ભજે તો લોક સર્વથા નાશ પામે છે. સેવા કરનાર નિર્વૃત (ભગવાનમાં જ સુખ માનતો) અને નિયતાર્થ ("મારે-જીવનફલરૂપે-ભગવાન્ જ જોઈએ છીએ",- એવા નિશ્ચયવાળો) ન હોય તો સર્વથા ફલ થતું નથી.

૨૯. લોક અને વેદમાં ભગવાન્ જીવની સ્થિરતા (સફલતા) ન થવા દે, તે વરણ-લક્ષણ છે.

૩૦. શ્રીમહાપ્રભુજીએ જેવી કહેલી છે તેવી, સેવામાં ફલ ત્રણ છે,- ૧. અલૌકિક - સામર્થ્ય (આ જીવનમાં જ ભગવાનની (લીલાની) અનુભૂતિની યોગ્યતા), ૨. સાયુજ્ય, ૩. વૈકુંઠાદિમાં સેવોપયોગિ-દેહ-પ્રાપ્તિ.

૩૧. સેવામાં પ્રતિબંધ ત્રણ,- ૧. (લૌકિક) ઉદ્વેગ (ભય અને ચંચલતા), ૨. (ભગવત્કૃત-જીવકૃત) પ્રતિબંધ, ૩. લૌકિક-ભોગ.

૩૨. ભગવાન્ ભક્ત દ્વારા જ સર્વકાંઈ કરે છે. ભગવાન્ માટે જ જીવે, ભગવદર્થ જ જીવનમાં સર્વ કાંઈ કરે, તે ભક્ત-(ભગવદીય-ભાગવત) છે. પોતાના પ્રભુના સ્મરણ-માત્રથી હૃદય પીગળે, આંખમાં આંસુ આવે, વાણી ગદ્‌ગદ્ બને, શરીરે રોમાંચ થાય, ત્યારે વૈષ્ણવતા ગણાય. ૧. લોકત્યાગ, ૨. લોકાનુગત-પશુ (સંસારિ-ભક્ત) ત્યાગ, ૩. ભગવચ્ચરણ-શરણ, ૪. પરસ્પર ગુણાનુવાદથી દેહધર્મ-ત્યાગ; આ ચારથી મુખ્ય વૈષ્ણવ ગણાય.

૩૩. જડ (જગત્) નિરાનંદ છે, જીવ ગુપ્તાનંદ છે, અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે, ભગવાન્ શ્રીકૃષ્ણ પૂર્ણાનન્દ છે.

૩૪. સત્ (જડ) અને ચિત્ (ચેતન-જીવ)માંથી આનંદ તિરોહિત થયેલો હોવાથી તે આનંદને જ મેળવવા સ્વાભાવિક રીતે મથે છે. આનંદ જ ફલ છે. આનંદમાં અવધિ ન હોય તે પૂર્ણાનન્દ જ ફલ છે. તે વગર તો જીવન નિષ્ફલ છે.

૩૫. (પ્રકટ) ભગવાન્ ફલ છે, શ્રીભાગવત ફલ છે, ભગવાનના સ્વરૂપાનન્દનો અનુભવ ફલ છે. નિરોધ મહાફલ છે. કૃષ્ણ-સેવા-કથા સ્વતઃ પુરુષાર્થરૂપ છે, ફલરૂપ છે.

૩૬. રુચિ-શ્રવણાદિ-પ્રેમ-આસક્તિ-વ્યસન-ફલ આ ભક્તિવૃદ્ધિ-ક્રમ છે. ભક્તિથી ભગવાન્ વશ થાય છે. લોક-લાલસાવાળી ભક્તિ પ્રવાહભક્તિ છે. મોક્ષાવધિફલ દેતી કે તેવી લાલસાવાળી ભક્તિ મર્યાદાભક્તિ છે. ભગવાન્ અને ભક્તનો પરસ્પરનો સ્વાભાવિક-પ્રેમ પુષ્ટિભક્તિ છે. ભગવત્સુખ ફલ છે.

卐

श्रीहरिः
श्रीगोपीजनवल्लभाय नमः ॥
विजयते श्रीबालकृष्णः प्रभुः ॥

શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ

દશમ-સ્કન્ધ

ધ્યાય : ૧

ક્તો સઘળું ભૂલીને ભગવાનમાં આસક્ત થઈ જાય, તે - નિરોધ છે :

દશમ-સ્કન્ધ ભગવાનનું હૃદય છે. ભગવાનના હૃદયની સઘળી વાતો તેમાંથી સમજાય. ગવાન્ મધુરાધિપતિ, રસરૂપ, આનંદમય, લીલારસનિમગ્ન છે. તેમનું હૃદય પણ રસપૂર્ણ - આનંદરૂપ છે. તેમની સુમધુર લીલા ભક્તોને રસપરવશ બનાવે છે. ભક્તો સઘળું ભૂલી ભગવાનમાં આસક્ત ઈ જાય છે. તે નિરોધ કહેવાય છે. દશમ-સ્કન્ધમાં ભગવાનની નિરોધ-લીલાની કથા છે. વતારદશામાં ભગવાન્ પોતાના સ્વરૂપ અને લીલા દ્વારા ભક્તોનો નિરોધ કરે છે. અનવતારદશામાં ેની કથા દ્વારા નિરોધ કરે છે.

નવમ-સ્કન્ધમાં ભક્તિનું નિરૂપણ કર્યું છે. ભક્તિથી ભગવાન્ સાક્ષાત્ પ્રાપ્ત થાય. તે જ થાર્થ ફલરૂપ છે. આ સમજાવવા માટે શ્રીશુકે ભક્તિરૂપ નવમ-સ્કન્ધના અંતે, ભગવાનના સ્વરૂપનું ર્ણન કર્યું. ભગવાનની લીલાઓ પણ સંક્ષેપમાં ગાઈ. ભક્તિ પ્રભુના સ્વરૂપમાં આસક્તિ કરાવે, ભક્તોનો ભગવાનમાં નિરોધ થાય. દશમ-સ્કન્ધમાં તેથી વિસ્તારપૂર્વક સ્વરૂપ અને લીલાનું વર્ણન કર્યું. તેના સંબંધથી ભક્તોને પ્રાપ્ત થતા મોક્ષનું નિરૂપણ અગિયારમા સ્કન્ધમાં કર્યું.

કંધના ક્રમ અને પરસ્પરના કારણ-કાર્ય-સંબંધે દશમસ્કંધમાં નિરોધલીલા છે :

અનુક્રમ પ્રમાણે, દશમ-સ્કન્ધમાં નિરોધલીલા છે. તેમાં શ્રીકૃષ્ણના સ્વરૂપ અને લીલાનું વર્ણન છે. શ્રીકૃષ્ણની ઓળખ તો સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ એ નવ લીલાલક્ષણથી થાય. દશમી આશ્રયલીલા છે. તે આશ્રયરૂપ કૃષ્ણની કથા દશમ-સ્કન્ધમાં દેખાય છે; તેથી કેટલાક દશમ-સ્કન્ધને આશ્રયલીલા રૂપ માને છે. પાઠક્રમ કરતાં અર્થક્રમ મુખ્ય ગણાય છે. પૂર્વમીમાંસામાં આવું ક્રમવર્ણન છે. નિરોધનો અર્થ પ્રલય થાય છે. બારમા સ્કન્ધમાં પ્રલયનું વર્ણન છે, તેથી તેઓ બારમા સ્કન્ધને નિરોધ રૂપ ગણે છે. આ મત બરાબર નથી.

આશ્રય તો પહેલાંના નવલક્ષણથી ઓળખાય છે. તે વચમાં ન આવે. દશમ-સ્કન્ધમાં ફલરૂપ આશ્રય હોય તો, પછીની મુક્તિ અને નિરોધલીલા કહેવાનો કોઈ અર્થ પણ ન રહે. શ્રીભાગવતના સ્કન્ધોને એકબીજા સાથે કારણ-કાર્યરૂપ સંબંધ છે. પહેલાંનો સ્કન્ધ કારણ અને પછીનો સ્કન્ધ કાર્યરૂપ છે. પહેલો સ્કન્ધ અધિકાર, - કારણ ! અધિકાર હોય તો જ્ઞાન કે સાધન મળે, - તે કાર્ય ! આ પહેલા

બે સ્કન્ધનો સંબંધ થયો. આ ક્રમે નવમ-સ્કન્ધમાં ભક્તિ છે, તે કારણરૂપ ભક્તિ હોય તો ભગવાનમાં નિરોધ થાય. દશમ-સ્કન્ધનો નિરોધ, તે કાર્ય ! આ સંબંધ પણ દશમ-સ્કન્ધમાં નિરોધલીલા ગણવાથી જ સચવાય. નવ, દશ અને અગિયાર ત્રણે સ્કન્ધમાં સ્પષ્ટ રીતે શ્રીકૃષ્ણનું વર્ણન છે. દશમ-સ્કન્ધમાં શ્રીકૃષ્ણનું ચરિત મુખ્ય છે. ભક્તોનો નિરોધ કરવા અને ભક્તિ દેવા ભગવાનનું પ્રાકટ્ય થયું છે.

નિરોધનો અર્થ નાશ થાય, પણ પૃથ્વીનો ભાર ઉતારવા ભગવાને કરેલ દુષ્ટોનો નાશ, - તેવો અહીં નિરોધનો અર્થ નથી. કૃષ્ણનો અવતાર નિર્મલ હૃદયવાળા મુનિઓને ભક્તિ આપવા માટે થયો છે, - તેમ કુંતાજીએ કહેલું છે. કૃષ્ણાવતારનું આ મુખ્યકાર્ય છે. ભક્તોને મુક્તિ દેવા ભગવાન્ પોતાનામાં નિરોધ કરાવે છે. ઈન્દ્રિયો અને અંતઃકરણ ભગવાન્ શ્રીકૃષ્ણમાં જ રોકાઈ રહે (નિરુદ્ધ હોય) તો મુક્તિ મળે.

કોઈના સંગ વગર ભક્તિ શુદ્ધ રહે, તેનાથી નિરોધ સંભવે :

નિરોધ શુદ્ધ-ભક્તિથી સંભવે. ભક્તિની શુદ્ધિ કોઈનો સંગ ન હોય તો થાય, સચવાય. સંગ તો સૌનું વિસ્મરણ થાય, - સઘળું ભૂલી જવાય તો છૂટે. પોતાના પ્રયત્નથી તો આ દશા મેળવી ન શકાય. ભક્તોને વિશ્વનું વિસ્મરણ કરાવી, સંગરહિત બનાવી, શુદ્ધભક્તિનું દાન કરી, તેમની ઈન્દ્રિયોમાંથી વિષય અને અંતઃકરણમાંથી વાસનાનાં વિષમ વિષને દૂર કરી દઈ, પોતાનામાં રોકી રાખવા માટે ભગવાન્ કૃષ્ણ પોતે પ્રકટ થયા છે. પોતે ભક્તોને અનુકૂલ થઈને પોતાની શક્તિયો સાથે અનેક પ્રકારની લીલાઓ કરે છે. આ લીલાઓથી અને તેની વાતોથી પણ, ભક્તો ભવનાં ભયંકર દુઃખો જાણતા પણ નથી, જીવનભર સુખનો અનુભવ કરે છે.

इति नन्दादयो गोपाः कृष्णरामकथां मुदा ।
कुर्वन्तो रममाणाश्च नाविन्द भववेदनाम् ॥ (૧૦-૧૧-૪૮)

નન્દ વગેરે ગોવાળીઆઓ હર્ષથી કૃષ્ણ અને બલરામની વાતો કરતા, સુખ માણતા, જીવનભર કોઈ વેદના તેમણે જાણી પણ નહિ ! ભગવાનની વાતો અને વિચારો કરવાથી પણ કોઈ દુઃખ દેખાય નહિ, પ્રભુમગ્ન થઈ જવાય.

शय्याशनाटनालापक्रीडास्नानासनादिषु ।
न विदुः सन्तमात्मानं वृष्णयः कृष्णचेतसः ॥ (૧૦-૯૦-૪૬)

અનેક પ્રકારના વૈભવ-વિલાસમાં પણ યાદવો કૃષ્ણમાં મગ્ન રહેતા. દેહાદિનું પણ અનુસંધાન ન રહેતું.

આ આખા સ્કન્ધમાં ભક્તોનાં ઈન્દ્રિયો અને અંતઃકરણ પોતાનામાં રોકાઈ રહે, તેવી લીલા ભગવાને વિશ્વમાં પ્રકટ થઈને કરી છે. ભગવાનની આ લીલાઓ સાધનરૂપ છે. વિશ્વના વિસ્મરણપૂર્વક કૃષ્ણમાં આસક્તિ તે તેનું ફલ છે, તે "નિરોધ" કહેવાય છે.

નિરોધની વ્યાખ્યા : રૂઢ અને યૌગિક - અર્થ :

શ્રીશુકે બીજા સ્કન્ધમાં નિરોધની વ્યાખ્યા કરી છે. - "निरोधोऽस्यानुशयनमात्मनः सहशक्तिभिः ।"- પોતાની શક્તિયો સાથે, ભગવાનનું અનુશયન તે નિરોધ છે. શક્તિયોને શયન

કરાવીને તેના ઉપભોગ માટે પછીથી ભગવાનનું શયન - "નિરોધ" છે. અહીં "आत्मनः"- શબ્દ ભગવાનને ઓળખાવે છે. શ્રુતિ-સૂત્રમાં આત્માનો અર્થ ભગવાન્ છે. કૃષ્ણ સ્વયં ભગવાન્ છે, - "**कृष्णस्तु भगवान् स्वयम् ।**" તે પરબ્રહ્મ છે. સ્વગત પરમ સૌન્દર્યને પ્રકટ કરી, સર્વ ભક્તોના સમુદ્ધાર માટે, પોતે પ્રકટ થયેલા, દશ લીલાવાળા, સાકારબ્રહ્મ શ્રીકૃષ્ણ છે. અહીં, શયનનો અર્થ - "સ્થિતિ" છે. "અનુ" - ઉપસર્ગ છે, તે અનુરૂપતા સૂચવે છે. અનુરૂપતા લીલામાં છે. સ્થિતિ પણ લીલા માટે છે, ભગવાન્ લીલા કરવા માટે જગતમાં પ્રકટ થાય છે.

આ બધાનો વિચાર કરતાં, પોતાની શક્તિયો સાથે પુરુષોત્તમ શ્રીકૃષ્ણની જગતમાં લીલાનુરૂપ સ્થિતિ તે નિરોધ છે. સ્થિતિ પણ એક પ્રકારની લીલા છે, તે અનેક લીલાસાધક છે, તેથી પોતાની અનેક શક્તિયો સાથે શ્રીકૃષ્ણની જગતમાં લીલા તે નિરોધ છે, આ રૂઢ-અર્થ થયો. "**नितरां रोधो निरोधः ।**"- સંપૂર્ણ રોધ-પ્રપંચમાંથી છટકીને પ્રભુમાં અટકી જવું, - તે નિરોધ છે. આ યૌગિક-અર્થ છે.

નવમા સ્કન્ધ સાથેના સંબંધથી, ભક્તોનો નિરોધ થાય છે, - તેમ સમજાય. આવો રોધ જગતમાંથી થવો જોઈએ. જગતમાંથી ભક્તોની ઈન્દ્રિયોનો રોધ થાય, છતાં મન જો તેમાં રહે તો મુખ્યાધિકાર ન મળે ! "**कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् । इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥**"- ગીતાજી. ઈન્દ્રિયોનો સંપૂર્ણ સંયમ કરે, ભોગ ન ભોગવે, છતાં મનથી પણ ઈન્દ્રિયોનો-વિષયોનો વિચાર કરે, તે મૂઢાત્મા "મિથ્યાચાર" - કહેવાય છે. ઈન્દ્રિયો અટકે, છતાં મન જગતમાં ભટકે, તો પણ દંભ ગણાય ! જગત્ ભુલાય તો મન તેમાં ભટકતું અટકે. કોઈ વસ્તુ કે વ્યક્તિ સહેજ પણ યાદ ન આવવી જોઈએ. આ સૂચવવા 'રોધ'- શબ્દને 'નિ' - ઉપસર્ગ લગાડ્યો છે.

પ્રપંચ (વિશ્વ) વિસ્મૃતિ-પૂર્વક ભગવાનમાં આસક્તિ-નિરોધ છે :

જગતની વસ્તુ કે વ્યક્તિ કરતાં, બીજું કાંઈ ઉત્તમ, સુંદર, અદ્ભુત લાગે તેમાં રુચિ થાય, તેમાં મન મગ્ન થાય, ઈન્દ્રિયોની પ્રવૃત્તિ પણ તેની પ્રાપ્તિ માટે તેમાં થાય. આવી ઉત્તમતા ભગવાન્ શ્રીકૃષ્ણમાં છે. શ્રીકૃષ્ણમાં આવી ઉત્તમતાના અનુભવે ઉત્કટ રુચિથી મન મગ્ન થાય, બીજું કાંઈ રુચે નહિ, કોઈ આત્મીય લાગે નહિ. તે આસક્તિ કહેવાય. આ બધી વાતોનો વિચાર કરતાં, પ્રપંચની વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ એ નિરોધનું લક્ષણ છે. - "**प्रचञ्चविस्मृतिपूर्विका भगवदासक्तिर्निरोधः ।**" પ્રપંચ એટલે વિસ્તાર ! ભગવાન્ પોતે એક હતા. લીલા કરવાની ઈચ્છાથી અનેક રૂપ થયા. વસ્તુ-વ્યક્તિ વગેરે વિશ્વરૂપે વ્યક્ત થયા, તે વિસ્તાર "પ્રપઞ્ચ" કહેવાય છે. તે બહાર સ્થૂલરૂપે, અંતરમાં સૂક્ષ્મરૂપ છે ! સંસારીનું ચિત્ત વધારેમાં વધારે પોતાના શરીરમાં, સ્વજનમાં કે પોતાની માનેલી વસ્તુમાં રાગથી રોકાયેલું રહે છે. ક્યારેક દ્વેષ હોય ત્યાં પણ ચિત્ત લાગેલું રહે છે. ભગવાનમાં સ્નેહ થાય તો દેહ અને ગેહમાંથી ચિત્ત નીકળી જાય. ભગવાનમાં રહેતું મન સંસારમાં ન રહે. સંસારમાં રહેતું મન ભગવાનમાં ન રહે !

કેવલ વિશ્વ-વિસ્મરણ નિરોધ નથી, ભગવાનમાં આસક્તિ મુખ્ય છે :

નિરોધમાં માત્ર જગતને ભૂલવું તેટલું જ પૂરતું નથી, પણ ભગવાનમાં આસક્તિ દ્વારા જગત્ ભુલાય છે. ગાઢ નિદ્રાવસ્થામાં, શસ્ત્રક્રિયા (ઓપરેશન) પહેલાં ક્લોરોફોર્મ વગેરેથી, સંમોહિનીવિદ્યા

(હિપ્નોટીઝમ)થી, મૂર્ચ્છાવસ્થા વગેરેમાં, - તે અવસ્થામાં રહેતાં સુધી - જગતનું સ્મરણ રહેતું નથી. "**मृत्युरत्यन्तविस्मृतिः**"- અત્યન્ત વિસ્મૃતિરૂપ મૃત્યુથી પણ વિસ્મરણ થાય છે, છતાં આ બધી અવસ્થાઓ ભાગવતમાં કહેલો નિરોધ નથી. તેમાં કોઈક સાધન દ્વારા અમુક સમય પૂરતી વિસ્મૃતિ છે. તે દશામાં તો જ્ઞાનતન્તુઓ પ્રાયઃ કાર્ય કરતાં અટકે છે, કાંઈ યાદ આવતું નથી. નિરોધદશામાં તો સઘળાં જ્ઞાનતન્તુઓ સંપૂર્ણ કાર્ય કરતાં હોવા છતાં પણ વિશ્વ યાદ ન આવે, માત્ર ભગવાન્ જ યાદ આવ્યા કરે છે. તેમાં ભગવાનમાં આસક્તિની મુખ્યતા છે.

યોગમાં કહેલો ચિત્તવૃત્તિનો નિરોધ જ્ઞાન રૂપ છે, આસક્તિ તેમાં નથી :

યોગસૂત્રમાં પણ નિરોધનો ઉલ્લેખ છે. - "**योगश्चित्तवृत्तिनिरोधः ।**"- ચિત્તવૃત્તિઓનો નિરોધ તે યોગ છે. યોગમાં ફલ ચિત્તવૃત્તિનો નિરોધ છે. ચિત્તવૃત્તિને અન્યત્ર જતી અટકાવી રાખવી તે નિરોધ છે, તે માટે ભગવાનનું ધ્યાન કરવામાં આવે છે, તેથી ભગવાનનું ધ્યાન તેમાં સાધન રૂપ થયું, ગૌણ થયું. તે શેષ કે અંગ કહેવાય. ચિત્તની વૃત્તિઓને અટકાવવી તે સાધ્ય થયું, મુખ્ય થયું. તે શેષી, તે અંગી કહેવાય. ભગવાનને ગૌણ માનનારનો ઉદ્ધાર ભગવાન્ ન કરે. યોગનો નિરોધ સંસારદુઃખની નિવૃત્તિ માટે છે. સંસાર અહંતા-મમતા રૂપ છે. તે અવિધાથી થાય છે. અવિધાની નિવૃત્તિ તેઓ જ્ઞાનથી માને છે; તેથી યોગમાં કહેલો નિરોધ જ્ઞાનરૂપ છે.

નિઃસાધન ભક્તોનો નિરોધ ભગવાન્ પોતે કરે છે ! :

ભક્તોને નિરોધનું કોઈ બીજું સાધન નથી. તેઓ નિઃસાધન છે. તેમનો નિરોધ ભગવાન્ પોતે કરે છે. શાસ્ત્રમાં કહેલાં સાધનથી થતો નિરોધ સાધનસિદ્ધ છે; જો કે પ્રભુ જ તે આપે છે, છતાં પણ તેમાં પ્રભુની કૃપાલુતાનું ભાન ન થાય, સાધનથી ફલ મળ્યું છે, તેમ સમજાય. સાધનસંપન્નનો જ ભગવાન્ ઉદ્ધાર કરે, તો કૃપા સમજાય શી રીતે ? નિઃસાધન ભક્તોનો ઉદ્ધાર કરવા દયાળુ ભગવાન્ પોતે વિશ્વમાં અવતાર લઈને પધારે છે !

અમ્બરીષ વગેરે ભક્તોનો ઉદ્ધાર ભગવાને અવતાર લીધા વિના કર્યો છે. ભગવાન્ સર્વ સમર્થ છે. ભગવાનની ઈચ્છા હોત તો, દશમ-સ્કન્ધમાં કહેલા ભક્તોનો ઉદ્ધાર પણ અવતાર લીધા વિના કરી દેત, તો આ સ્કન્ધનો અર્થ નિરોધ ન રહેત, પણ ઈશાનુકથા થાત ! ભગવાને ભક્તોનાં દુઃખ દૂર કરી, સુખ દેવા, પોતે અવતાર લીધો. દશમ-સ્કન્ધમાં અવતારની કથા પણ છે. અવતાર (પ્રાકટ્ય) નિરોધનું અંગ છે ! અવતાર લઈને ભગવાન્, પોતે સંબંધમાં આવે તેને, પોતાની ઈચ્છાનુસાર ફલનું દાન કરે છે. અનન્ય ભક્તોને ભગવાન્ સુલભ છે; અન્ય સૌને દુર્લભ છે.

યોગેશ્વરોના પવિત્ર અંતર્હૃદયમાં પણ જેના આસનની પણ કલ્પના કરવી પડે, તે ભગવાન્ તો નિઃસાધન શ્રીગોપીજનોનાં પહેરેલાં વસ્ત્રો પર વિરાજી ગયા છે :

શ્રીશુકે રાસલીલામાં ગોપીપરિષદ્માં વિરાજતા શ્રીકૃષ્ણનું અદ્ભુત વર્ણન સ્વાનુભવે કર્યું છે ! શ્રીગોપીજને પોતે પહેરેલાં ઉત્તરીય વસ્ત્ર પાથરીને આસન બનાવ્યું ! ભગવાન્ તેના ઉપર વિરાજ્યા ! તે જોઈને શંકરના અવતાર મહાયોગી શુકદેવજી બોલી ઊઠ્યા,- "**स्वैरुत्तरीयैः कुचकुङ्कुमाङ्कितैरचीक्लृपन्नासनमात्मबन्धवे ।**"- પોતાના વક્ષઃસ્થલે લગાડેલા કેશરથી રંગાયેલાં

ઉત્તરીય વસ્ત્રો વડે, આત્મબંધુ, ભગવાન્ માટે શ્રીગોપીજને આસન રચ્યું ! પહેરેલાં તે વસ્ત્ર હતાં ! નવાં ન હતાં ! છતાં, "**तत्रोपविष्टो भगवान् स ईश्वरो योगेश्वरान्तर्हृदि कल्पितासनः ।**"- સર્વસમર્થ તે ભગવાન્ ! તેવા આસન પર વિરાજ્યા ! તે પ્રભુને તો યોગેશ્વરો પોતાના અત્યંત પવિત્ર હૃદયમાં પણ પધરાવી શકતા નથી ! પ્રભુ પધારે તેવા અભિલાષથી હૃદયમાં તેમનું આસન કલ્પે છે. પ્રભુનું આસન અક્ષરબ્રહ્મ છે. તેની પણ યોગેશ્વરોને કલ્પના કરવી પડે છે, સાંક્ષાત્ મેળવી શકતા નથી, તો પછી પરબ્રહ્મ કૃષ્ણ તો પ્રાપ્ત ક્યાંથી થાય ? શ્રીશુકે શંકર રૂપે અને શુક રૂપે પણ યોગસમાધિનો અનુભવ કર્યો છે, તે જ વર્ણવ્યો. યોગથી ભગવાન્ કે ભગવદીય પદાર્થ પ્રાપ્ત થતો નથી. ભગવાન્ માત્ર કૃપાથી મળે છે. નિ:સાધન ભક્તોના ઉદ્ધાર માટે પોતે પ્રકટ થાય છે. પોતાની લીલાઓ વડે ભક્તોનો પોતાનામાં નિરોધ કરે છે.

નાટ્યશાસ્ત્રના પ્રણેતા ભરતમુનિ - "**या तु व्यसनसम्पतिर्निरोधः स तु कथ्यते ।**"- એ લક્ષણ આપે છે. વ્યસનસમ્પત્તિ નિરોધ છે. અહીં, વ્યસન - શબ્દ આસક્તિના અર્થમાં છે.

ભક્તો ભગવાનમાં અને ભગવાન્ ભક્તોમાં પરસ્પર ખોવાઇ જાય, તે પૂર્ણનિરોધ છે ! :

ભક્તો વિશ્વને ભૂલી ભગવાનમાં આસક્ત થાય, તે નિરોધનું પૂર્વદલ છે. ભગવાન્ પ્રકટ થઈ પોતાની લીલાઓ દ્વારા ભક્તોનો નિરોધ કરે છે ! પુષ્ટિભક્તો પણ પોતાની લીલાઓ વડે ભગવાનનો પોતાનામાં નિરોધ કરે છે. તે નિરોધનું ઉત્તરદલ છે. ભક્તો ભગવાનને વશ થાય. ભગવાન્ ભક્તોને વશ થાય. "**वशे कुर्वन्ति मां भक्त्या ।...**" ભગવાને અમ્બરીષ-પ્રસંગમાં દુર્વાસા પાસે એકરાર કર્યો છે. ! "**मदन्यत्ते न जानन्ति नाहं तेभ्यो मनागपि ।**"- ભક્તો ભગવાન્ સિવાય કાંઈ જાણે નહિ અને ભગવાન્ પણ ભક્તો વિના બીજું કાંઈ સહેજ પણ જાણે નહિ ! આ પરસ્પરનો નિરોધ છે. તે પૂર્ણનિરોધ છે.

લગભગ પાંચસો વર્ષ પહેલાંનો બનેલો પ્રસંગ છે. શ્રીવલ્લભાચાર્યજીના સેવક હતા, - ગજ્જન ધાવન ! તે શ્રીનવનીતપ્રિયજીની સેવા કરે. ભક્ત અને ભગવાન્ પરસ્પર આસક્ત હતા. એકબીજા વિના ક્ષણ પણ રહી ન શકે. પ્રસંગવશાત્ એક વખત ગજ્જન ધાવન પોતાના ભગવાનને લઈને શ્રીવલ્લભાચાર્યજી પાસે આવ્યા. શ્રીઠાકુરજી ગુરુ શ્રીવલ્લભાચાર્યજીએ પધરાવી આપેલા. ગજ્જન ધાવને આદરથી શ્રીઠાકુરજી ગુરુને સોંપ્યા. પોતે તેમની આજ્ઞા પ્રમાણે બીજી સેવા કરતા.

એક વખત ઘરમાં શ્રીઠાકુરજીને ધરવા માટે પાન ન હતાં. શ્રીવલ્લભાચાર્યજીનાં પત્ની અક્કાજીએ ગજ્જનને પાન લેવા મોકલ્યા. ગુરુની જેમ ગુરુપત્નીની આજ્ઞાનો પણ આદર કરવો જોઈએ. ગંજ્જનથી તેના પ્રભુ સિવાય પલ પણ દૂર રહેવાતું ન હતું, એવું હૃદય આસક્ત હતું, છતાં આદરથી આજ્ઞા માનીને ગયા ! તન રસ્તામાં, મન ભગવાનમાં ! પ્રભુથી દૂર ન રહી શકાયું. ખૂબ દુ:ખ થયું. સંતાપ થયો. મૂર્ચ્છિત થઈને પડ્યા. ભક્તનો ભગવાનમાં નિરોધ હતો.

તે વખતે શ્રીઠાકુરજીને રાજભોગ ધરેલો. સ્વયં શ્રીવલ્લાભાચાર્યજી સેવા કરે, પણ ભગવાને ભક્તવશતા પ્રકટ કરી. ભગવાન્ ભક્ત વિના રહી શકતા ન હતા. આજે જેની કા'ની માત્રથી શ્રીઠાકુરજી આરોગે, તે શ્રીમહાપ્રભુજીએ ભોગ ધર્યો હતો, છતાં શ્રીઠાકુરજી આરોગતા ન હતા ! ભક્તમાં ભગવાન્ આસક્ત હતા. "મારો ગજ્જન આવશે પછી આરોગીશ !" - ભગવાને કહી દીધું. ગજ્જનને

શોધીને બોલાવ્યા. તેના આવ્યા પછી ભગવાન્ આરોગ્યા ! આ ભગવાનનો ભક્તમાં નિરોધછે. નિરોધ શબ્દના યૌગિક-અર્થમાં આ અર્થ પણ સમાયેલો છે.

ભગવાન્ વિશ્વમાં પ્રકટ થઈ, પોતાની અનેક શક્તિયો સાથે લીલા કરતાં, ભક્તોને વિશ્વ વિસરાવી દે તેમ પોતાનામાં આસક્તિ કરાવી, લીલાયોગ્ય દિવ્ય-દેહનું સંપાદન કરે, - તે નિરોધ છે :

શ્રીભાગવતમાં નિરોધ-શબ્દનો અર્થ પ્રલય પણ દેખાય છે. પ્રપંચનો પ્રતિયોગી પ્રલય છે. પ્રલય વખતે વિસ્તાર ન હોય. સઘળું ભગવાનમાં સમાઈ જાય. અનુભવ ન આપે, તે તિરોધાન કહેવાય; તેથી "**भक्तानां प्रपञ्चाभावो निरोधः ।**"- ભક્તોના પ્રપંચનો અભાવ તે નિરોધ છે. અહીં, અભાવ એટલે અસ્તિત્વ ન હોવું તે, - પ્રલય અથવા તિરોધાન ! પ્રપંચમાં જડ દેહ વગેરે સમાયેલાં છે, તેથી - ભક્તોના જડતાયુક્ત દેહાદિરૂપ વિશ્વનો પ્રલય અને પ્રભુની નિત્ય-લીલામાં ઉપયોગી દિવ્યદેહની પ્રાપ્તિ, તે નિરોધ ! - એવો અર્થ પણ ફલિત થાય.

નિરોધને ભગવાનના અનુશયન રૂપ અર્થમાં પણ પ્રલય તરીકે વિચારી શકાય. ભક્તોના પ્રપંચને સંપાદન કરનારી શક્તિયોનો પોતાના સ્વરૂપમાં લય (તિરોધાન) કરીને ભગવાન્ સ્થિતિ કરે છે, તેથી પણ ભક્તો માટે પ્રપંચ તિરોહિત થતાં, ભક્તોનો ભગવાનમાં નિરોધ થાય છે.

ભગવાન્ તો સર્વત્ર વિરાજે છે. પ્રાણીમાત્રના હૃદયમાં પણ પ્રભુ છે; છતાં સૌનો આવો નિરોધ તે વ્યાપક રીતે રહેલા ભગવાન્ કરતા નથી. લાકડામાં જેમ ગુપ્ત રીતે અગ્નિ અંદર છે, પણ તેથી લાકડું બળતું નથી ! લાકડાને ઘસવાથી અંદરનો અગ્નિ પ્રકટ થાય, અથવા બહારનો અગ્નિ લાકડાને લગાડવામાં આવે તો લાકડું બળે છે. તેમ સર્વત્ર વિરાજતા આનંદરૂપ ભગવાનના પ્રાકટ્યથી અથવા હૃદયમાંથી થતા પ્રાકટ્યથી ભક્તોનો પ્રપંચ લય પામે છે, ભક્તોનો ભગવાનમાં નિરોધ થાય છે. ભગવાનના પ્રાકટ્યની કથા તેથી દશમ-સ્કન્ધમાં કહેલી છે. પ્રાકટ્ય માટે ભગવાને ઉધમ કર્યો છે. જે ભક્તોનો નિરોધ કરવો હોય, તે ભક્તોમાં પોતાની સ્વચ્છન્દ લીલાઓ વડે ભગવાન્ નિજાનન્દનો પ્રવેશ કરાવે છે, ત્યારે જીવનો (ગુપ્ત) તિરોહિત આનંદ પણ પ્રકટ થાય છે, તેથી ભગવાનના આનંદનો અનુભવ કરવા યોગ્ય અલૌકિક-દેહની પ્રાપ્તિ થતાં, જડરૂપ દેહાદિ-પ્રપંચભાવ - લય પામે છે, - તે નિરોધ છે. આમ, (૧) વિશ્વમાં પોતાની શક્તિયો સાથે ભગવાનની લીલા, (૨) ભક્તોની પ્રપંચ - વિસ્મૃતિપૂર્વક ભગવાનમાં આસક્તિ, (૩) ભક્તોના પ્રપંચનો અભાવ (અલૌકિક-દેહની પ્રાપ્તિ); - આ ત્રણેને નિરોધ તરીકે ઓળખી શકાય. આ નિરોધમાં ભગવાનની લીલા સાધન છે ! ભગવાનમાં આસક્તિ દ્વાર છે ! ભક્તોને અલૌકિક-દેહાદિની પ્રાપ્તિ ફલ છે ! ભગવાન્ (વિશ્વમાં પ્રકટ થઈ) પોતાની અનેક શક્તિયો સાથે લીલા કરતાં, ભક્તોને સઘળું જગત્ ભુલાવી દે, તેમ પોતાનામાં આસક્તિ કરાવી, લીલામાં ઉપયોગી દિવ્ય-દેહાદિનું સંપાદન કરે છે. આ નિરોધ કહેવાય છે.

નિરોધવાળા ભક્તો જગતમાં રહેવા છતાં ભગવાનનો અનુભવ કરે છે ! :

ભગવાન્ સચ્ચિદાનંદરૂપ છે. તે જગદ્રૂપ થયા છે. સદંશમાંથી જડ પદાર્થો થયા છે. તેમાં ચિત્ અને આનન્દ અનુભવ આપતા નથી, તિરોહિત છે. ચિદંશમાંથી ચૈતન્યરૂપ જીવો પ્રકટ્યા છે. તેમાં સત્ અને ચિત્ પ્રકટ છે, આનંદ તિરોહિત છે. લાકડામાં અગ્નિ હોવા છતાં દેખાતો નથી, તેમ આ અંશો જડ અને ચૈતન્યમાં અનુભવાતા નથી. લાકડામાં અગ્નિ પ્રકટતાં કે પ્રવેશતાં લાકડું અગ્નિરૂપ

બને છે; તેમ જેમાં ચિત્ કે આનંદનો તિરોભાવ હોય, તેમાં તે પ્રકટ થતાં, સઘળું સચ્ચિદાનંદ - બ્રહ્મ - ભગવાન્ - રૂપ બની જાય છે ! લૌકિક પદાર્થો પણ પ્રભુ રૂપ થાય છે. ભક્તોના દેહાદિમાં ચિત્ અને આનન્દનો આવિર્ભાવ (પ્રાકટ્ય, અનુભવ-યોગ્યતા) થાય, ત્યારે, જડતા વગેરે પ્રપંચભાવનો પ્રલય થાય, અલૌકિક-ભગવદ્રૂપ-સઘળું દેહાદિ બને, ફલ રૂપ નિરોધ સિદ્ધ થાય ! આવા ભક્તો જગતમાં રહેવા છતાં ભગવાનનો અનુભવ કરી શકે છે, સાક્ષાલ્ - લીલાનો તેમને અનુભવ થાય છે. "શ્રીયમુનાષ્ટક"માં "**तनुनवत्व**"- કહેવામાં આવ્યું છે. તે પણ દેહાદિમાંથી જડતાની નિવૃત્તિ અને લીલાના અનુભવની યોગ્યતા સૂચવે છે. અહીં, નિત્યલીલામાં પ્રવેશ મુક્તિ કહેવાય છે.

ભગવાનની અંતરંગ - માયાના ગુણો દૂર થતાં નિત્યલીલામાં પ્રવેશ રૂપ નિર્ગુણ મુક્તિ થાય છે :

નિરોધલીલામાં ભક્તો માયાના સાધારણ ગુણોથી પર છે, પણ લીલામાં રહેલા ભક્તોને લીલામાં વિરોધ ન થાય તેમ, ભગવદિચ્છાનુસાર લીલાનો અનુભવ કરાવનાર, અંતરંગ યોગમાયાના ગુણો તો છે ! આ કારણથી ભક્તોનો વ્યવહાર લૌકિક જેવો દેખાય છે; છતાં લૌકિક નથી ! અંતરંગ માયાના ગુણો દૂર થતાં નિત્યલીલામાં પ્રવેશરૂપ મુક્તિ થાય છે. આ મુક્તિમાં, શુદ્ધ નિર્ગુણપણું છે. - "**मुक्तिर्हित्वाऽन्यथारूपं स्वरूपेण व्यवस्थितिः ।**"- અન્યથા રૂપનો ત્યાગ કરીને સ્વરૂપ વડે સ્થિતિ તે મુક્તિ છે. "અન્યથા" - સગુણ રૂપ કહેવાય. નિર્ગુણ (ગુણોથી પર) થતાં અન્યથારૂપનો ત્યાગ કહેવાય. નિત્યલીલાપ્રવેશમાં નિર્ગુણપણું છે.

"**स्वकीयेषु स्वविषयकभावोत्पादनं यया लीलया क्रियते सा निरोधपदवाच्या ।**"- શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે. પોતાના અનન્ય ભક્તોમાં ભગવાન્ જે લીલા વડે સ્વવિષયક ભાવની ઉત્પત્તિ કરે છે, - તે નિરોધલીલા છે. રહસ્યલીલાઓ પણ નિરોધ - શબ્દમાં સમાઈ જાય છે.

જગત્ નિત્ય છે. ભક્તના નિરોધમાં તેનો વસ્તુતઃ લય ન થાય, પણ ભાવનાથી લય થાય ! તેવી ભાવના ભગવાન્ પોતાની લીલાથી ભક્તમાં પ્રકટ કરે છે. તે નિરોધલીલા છે. નિરોધ આધિદૈવિક - સેવા રૂપ પણ ગણાય.

ભક્તોને અનુકૂલ થતાં, ભગવાને તેમના ભાવો પ્રમાણે, અનાયાસે હર્ષથી કરેલી ચેષ્ટાઓ લીલા છે :

દશમ-સ્કન્ધમાં આવી નિરોધલીલા કહેલી છે. ભગવાને ભક્તોને અનુકૂલ થઈને લીલા કરી છે. ભક્તોમાં તમઃ, રજઃ અને સત્ત્વગુણો છે. તે સ્વભાવ કે ભાવ ફેરવતાં ભક્તોને પણ દુઃખ થાય. પ્રભુને પોતાને પણ પરિશ્રમ થાય ! સ્વભાવ બદલવો સહેલો નથી. સ્વભાવ બદલવામાં પ્રયત્ન ખૂબ કરવો પડે, ક્લેશ થાય. ક્લેશવાળું કર્મ લીલા ન કહેવાય. અનાયાસે હર્ષથી થતી ચેષ્ટા લીલા છે ! ભગવાને ભક્તોના ભાવને અનુકૂલ થઈને લીલાઓ કરી છે. દ્રાક્ષ, દહીં, માખણ, દૂધ, શીખંડ, સાકર, ગોળ, શેરડી, મધ વગેરે પદાર્થો છે તો મધુર; પણ સૌને તે બધામાં સરખી રુચિ થતી નથી. જેને જેમાં રુચિ હોય તેને તે પ્રિય લાગે, રુચિ હોય તેમાં જ પ્રવૃત્તિ કરે. તેમ ભગવાનની બધી જ લીલાઓ હર્ષપ્રદ, મધુર, રસમય અને આનન્દરૂપા છે, છતાં જેને જેમાં રુચિ હોય તેમાં તેનું મન ચોંટે, તેમાં તેનો નિરોધ થાય ! ભાવ કે સ્વભાવને અનુકૂલ હોય તેવી લીલામાં રુચિ થાય. તામસ-ભક્તોના નિરોધ માટે તામસ, રાજસ-ભક્તોના નિરોધ માટે રાજસ અને સાત્ત્વિક-ભક્તોના નિરોધ માટે સાત્ત્વિકલીલાઓ ભગવાને કરી છે.

મકાન બાંધતાં રેતાળ, પથરાળ, પોચી કે સામાન્ય જમીન હોય તેને અનુકૂલ થાય તેવો પાયો કરવો પડે, તો ઈમારત મજબૂત થાય. ખેતરમાં બીજ વાવતાં, બીજને અનુકૂલ જમીન જોઈએ. જેવી જમીન હોય તેને અનુકૂલ બીજ વવાય તો ઊગે, પાક વધારે સારો થાય. ડાંગર માટે ક્યારડા જોઈએ, તે રેતાળ જમીનમાં ન થાય. તેમ ભક્તની જેવા પ્રકારની મનોભૂમિ હોય, તેને અનુકૂલ લીલાથી ભક્તનો નિરોધ થાય, તેથી ભગવાને ત્રિવિધ ભક્તોના નિરોધ માટે ત્રિવિધ લીલાઓ કરી છે. ચતુર માળી પોતાના બગીચામાં ગુલાબ, મોગરો, જૂઈ, જાઈ, ચંપો વગેરે વિવિધ પુષ્પો અને વિવિધ ફલવૃક્ષો ઉછેરે છે. તે તેના બગીચાની શોભા ખૂબ વધારે છે. તેમ આ વિવિધ લીલાઓથી દશમ-સ્કન્ધ- નિરોધલીલારૂપ ઉદ્યાન - અધિક શોભે છે. તે વિવિધતામાં વિસંવાદ નથી, સુસંવાદ છે! ભગવાન્ વનમાલીની લીલાઓનો ઉદ્યાન તેથી વિશેષ રમણીય લાગે છે!

સાનુકૂલ થવામાં સુખ-શાંતિ સુલભ થાય! સાનુકૂલ કરવામાં સંઘર્ષ-સંતાપ સંભવે! "નદીનાવ - સંયોગ"નો સાચો અર્થ :

સામાને સાનુકૂલ કરવામાં કષ્ટ થાય, સાનુકૂલ થવામાં સુખ અને શાંતિ મળે. સંત તુલસીદાસજી સંસારમાં સુમેળથી જીવવા માટે "નદીનાવ-સંયોગ" શિખવે છે. "તુલસી યહ સંસારમેં ભાત ભાત કે લોગ, સબસે હિલમીલ ચાલીએ નદીનાવસંયોગ!" સંસારમાં સૌ સરખા નથી. ચિત્રવિચિત્ર પ્રકૃતિ અને વિકૃતિવાળા પણ લોકો છે, કોઈ સુકૃતિ પણ હોય છે. બધાંની સાથે હળીમળીને રહેવું. પોતાની સલામતી, પોતાના કાર્યની સફલતા અને પોતાના મુસાફરોની સલામતી માટે નાવ નદીના પ્રવાહને અનુકૂલ રહે છે, છતાં પોતાનું ધ્યેય તે દૃઢ રીતે સ્પષ્ટ રાખે છે! પ્રવાહની વિરુદ્ધ-દિશામાં પણ જો જવાનું ધ્યેય હોય તો જાય છે! પવનથી પણ વિરુદ્ધ દિશામાં હલેસાંના સહારે જાય છે; મુશ્કેલી પડે છતાં ધ્યેય છોડતું નથી; મંદ ગતિએ પણ પહોંચે છે; તેમ જીવનમાં નિર્ણીત ધ્યેય સાથે જીવનાર, પ્રયત્નપરાયણ માનવ, કદાચ સ્વતંત્ર રીતે જીવે, લોકજીવનથી તેનું જીવન ભિન્ન હોય, તેને કદાચ મુશ્કેલી પડે, તો પણ જીવનમાં ઈચ્છેલું ફલ મેળવે છે, જીવન સફલ બને છે. નાવ પાણીના જ સંપર્કમાં, નદીના પ્રવાહની દિશામાં કે વિરુદ્ધ-દિશામાં પોતાના ધ્યેયના માર્ગે, પોતાની સલામતી સાચવીને, નદીના કિનારાઓની મર્યાદામાં ચાલ્યું જાય છે. તેમ ભક્તો સંસારમાં જ રહેવા છતાં, સંસારીઓ કરતાં જુદું જ જીવવા છતાં, વ્યવહારો કે મોહના પ્રવાહમાં ન ઘસડાવા છતાં, પોતાનાં તન અને મનની (સલામતી) શુદ્ધિ સાચવીને, પ્રાયઃ સમાજના શિષ્ટાચારની મર્યાદા તોડ્યા વિના, લોકસંપર્કથી સંઘર્ષ ન થાય તેમ, પોતાના પ્રભુપ્રાપ્તિના માર્ગે જીવન જીવ્યે જાય છે. માનવને સાનુકૂલ જીવનનો આ ઉપાય બતાવ્યો છે. સંતનો આશય તો આવો ગૂઢ છે. સંસારમૂઢ લોકોને જુદું સમજાય છે! લોકપ્રવાહ કે વ્યવહારમાં ઘસડાવાનું કોઈને દેખાય છે. સંતો લોકસંગે લોકરીતિમાં ઘસડાય નહિ, તે તો પ્રભુપરાયણ રહે છે! લોકવ્યવહાર-પ્રવાહમાં ઘસડાવાનું હોત તો "નદીકાષ્ઠ-સંયોગ" કહેત; "નદીનાવ-સંયોગ" નહિ! "નાવ" શબ્દ જ જીવનવિવેક સૂચવે છે!

સંસારમાં સંપન્ન-માનવને સૌ અનુકૂલ બને છે. શેઠ, ઑફિસર, અધિકારી કે નિષ્ણાત, પોતાના હાથ નીચેના માણસોને પોતાને અનુકૂલ રાખે છે, પોતે તેમને અનુકૂલ પ્રાયઃ નથી થતા! ભગવાન્ તો સર્વથી શ્રેષ્ઠ છે, સર્વના સ્વામી પુરુષોત્તમ છે, છતાં પોતાના ભક્તોને પોતે અનુકૂલ

બને છે. ભક્તોના સ્વભાવને અનુકૂલ લીલા ભગવાન્ કરે છે. ભગવાનની આ અત્યંત ઉદારતા-ભક્તવત્સલતા-કૃપા છે.

ભક્તોના નિરોધ માટે ભગવાન્ પાંચ પ્રકારે લીલા કરે છે! તેથી નિરોધ લીલા રૂપ દશમસ્કંધમાં પાંચ પ્રકરણ છે :

ભક્તોના નિરોધ માટે ભગવાન્ પાંચ પ્રકારે લીલા કરે છે. નિરોધલીલા કરવા માટે અવતાર લેવો તે પણ શક્તિયો સાથે ભગવાનની એક લીલા જ છે. અવતાર નિરોધનું અંગ છે. પહેલા ચાર અધ્યાયમાં ભગવાનના પ્રાકટયની લીલા છે. તે જન્મપ્રકરણ કહેવાય છે. બીજું પ્રકરણ તામસપ્રકરણ છે. તેમાં તામસલીલા દ્વારા ભગવાને તામસભક્તોનો નિરોધ કર્યો છે. તે સર્વોત્તમલીલા હોવાથી પહેલાં કહી છે. તેમાં ૨૮ અધ્યાયો છે. પ્રમાણ, પ્રમેય, સાધન, ફલ એ ચાર તેના પેટા વિભાગો છે. દરેકમાં સાત અધ્યાયો છે. ઐશ્વર્ય, વીર્ય, યશ:, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ધર્મ અને સાતમા ધર્મી ભગવાન્ છે. સદાનન્દ કૃષ્ણની લીલા પણ કૃષ્ણ રૂપ છે, તેથી સાત અધ્યાયોમાં તેની કથા છે. ત્રીજું ૨૮ અધ્યાયનું રાજસ-પ્રકરણ છે. રાજસભક્તોના નિરોધ માટેની રાજસલીલા તેમાં છે. પ્રકરણો ૪ છે, વિભાગ પહેલાંના જેવો છે. ચોથું ૨૧ અધ્યાયનું સાત્ત્વિક પ્રકરણ છે. "**अत्यन्तशुद्धचित्तानां युक्तिनपिक्ष्यते क्वचित् ।**"- અત્યન્ત શુદ્ધ ચિત્તવાળા ભક્તોને, સમજવા માટે કાંઈ પ્રમાણ કે યુક્તિની જરૂર પડતી નથી ! તેમને ભગવાન્ કે શાસ્ત્રની વાત શ્રદ્ધાથી સમજાઈ જાય છે, તેથી અહીં સાત અધ્યાયનું પ્રમાણપ્રકરણ નથી. પ્રમેય, સાધન, ફલ એ ત્રણ પ્રકરણો સાત અધ્યાયોનાં છે. ભગવાનમાં ઐશ્વર્યાદિ છ - ગુણો સ્વાભાવિક છે, - નિત્ય છે, - એમ સમજાવવા છ અધ્યાયમાં પાંચમું ગુણપ્રકરણ કહેલું છે. આમ નિરોધલીલા રૂપ દશમ-સ્કન્ધમાં પાંચ પ્રકરણ છે. ૮૭ અધ્યાય છે.

નિરોધલીલાના ૮૭ અધ્યાય છે; ત્રણ પ્રક્ષિપ્ત છે, મળીને ૯૦ અધ્યાય પ્રચલિત છે ! :

નિરોધલીલા પ્રપંચમાં શક્તિયો સહિત ભગવાનની ક્રીડા-અનુશયન-છે. શયનની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા છે. પ્રપંચ દેહરૂપ પણ છે. તેમાં નાડી ૭૨ છે, તે ૭૨ શક્તિરૂપ છે. આત્મારૂપ ભગવાનની શક્તિ ૧૨ છે. અક્રૂરજીએ તેમને ભગવાનની સેવા કરતાં જોઈ છે ! શ્રી, પુષ્ટિ, વાણી, કાન્તિ, કીર્તિ, તુષ્ટિ, ઈલા, ઉર્જા, વિદ્યા, અવિદ્યા, શક્તિ અને માયા. આથી નિરોધલીલાના કુલ ૮૭ અધ્યાયો છે.

અત્યારે મળતાં ભાગવતમાં દશમ-સ્કન્ધમાં ૯૦ અધ્યાય દેખાય છે. શ્રીવલ્લભાચાર્યજીના મતે પૂર્વાર્ધના ૧૨-૧૩-૧૪એ ત્રણ અધ્યાય પ્રક્ષિપ્ત છે. તે ભાગવતમાં કહેલી લીલા સાથે સંગત નથી ! તેમાં અન્યકલ્પની કથા છે. ભગવાને બ્રહ્માજીને મોહ ન થવાનું વરદાન દીધું છે, - "**भवान् कल्पविकल्पेषु न वै मुह्यति कर्हिचित् ।**" છતાં તે અધ્યાયમાં બ્રહ્માજીને મોહ થયાની કથા છે ! આવાં બીજાં પણ કારણો છે, તેથી તે ભાગવતમાંની કથા ન સંભવે, છતાં કથા સુંદર છે. કોઈક ભક્તે પોતાના ગ્રન્થમાં સ્થાન દેતાં પ્રચલિત થઈ હોવા સંભવે છે.

પ્રકરણ-દષ્ટિએ દશમસ્કંધના વિભાગ છે, - પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ ! બંનેમાં અઢી પ્રકરણ છે :

દશમ-સ્કન્ધમાં પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એવા બે વિભાગ છે. પૂર્વાર્ધમાં ૪૬ અને ઉત્તરાર્ધમાં

૪૧ અધ્યાયો છે. આ વિભાગ સમાન નથી લાગતો, પણ પ્રકરણદૃષ્ટિથી તેના બે ભાગ સમાન દેખાય છે. જન્મપ્રકરણના ૪ અધ્યાય, તામસ પ્રકરણના ૨૮ અધ્યાય અને અર્ધા રાજસ (પ્રમાણ, પ્રમેય) પ્રકરણના ૧૪ અધ્યાય, - મળીને પૂર્વાર્ધમાં અઢી પ્રકરણ થયાં, - ૪૬ અધ્યાય થાય. અર્ધા રાજસ (સાધન, ફલ) પ્રકરણના ૧૪ અધ્યાય, સાત્ત્વિક-પ્રકરણના ૨૧ અધ્યાય અને ગુણ-પ્રકરણના ૬ અધ્યાય,- મળીને ઉત્તરાર્ધમાં અઢી પ્રકરણ થયાં,- ૪૧ અધ્યાય થયા. આમ, અઢી પ્રકરણના બે વિભાગ છે.

પૂર્વાર્ધમાં પ્રાયઃ ભગવાનના ભક્તોની મુખ્યતા દેખાય છે, ભગવાને દ્વિભુજ રૂપે લીલાઓ કરી છે. ઉત્તરાર્ધમાં પ્રાયઃ ભગવાનની મુખ્યતા દેખાય છે, આવશ્યકતાનુસાર ભગવાને ચતુર્ભુજ સ્વરૂપ પણ પ્રકટ કર્યું છે. પૂર્વાર્ધમાં મથુરાલીલા અને વ્રજલીલા છે. ઉત્તરાર્ધમાં મથુરાલીલા અને દ્વારકાલીલા છે. પૂર્વાર્ધમાં પુષ્ટિલીલા છે. ઉત્તરાર્ધમાં મર્યાદા - લીલા છે, રાજલીલા છે. પૂર્વાર્ધમાં સ્નેહની મુખ્યતા છે; ઉત્તરાર્ધમાં શાસ્ત્રની મુખ્યતા છે ! પૂર્વાર્ધમાં, વ્રજમાં લોકવેદાતીત પુષ્ટિ-પુરુષોત્તમની લીલાઓ છે. પછીની અને ઉત્તરાર્ધની લીલા લોકવેદપ્રથિત-પુરુષોત્તમની છે. પૂર્વાર્ધમાં પ્રભુએ માધુર્ય વિશેષતઃ પ્રકટ કર્યું છે, ઉત્તરાર્ધમાં ઐશ્વર્ય વિશેષતઃ પ્રકટ કર્યું છે !

લીલાભેદથી અનુભવભેદ છે, સ્વરૂપભેદ નહિ; મૂલતઃ તો પુરુષોત્તમ એક જ છે :

શ્રીભાગવતમાં કૃષ્ણલીલા જ છે :

ક્ષર અને અક્ષરથી શ્રેષ્ઠ ભગવાન્ પુરુષોત્તમ છે. તે મુખ્યત્વે લોક અને વેદ-મર્યાદાનું પાલન કરીને લીલા કરવા માટે અવતાર લે, તો મર્યાદા-પુરુષોત્તમ કહેવાય. શ્રીરામ મર્યાદા પુરુષોત્તમ કહેવાય છે. ભગવાન્ પોતાના સ્વરૂપ-સામર્થ્યથી લોક અને શાસ્ત્રની મર્યાદાનું ઉલ્લંઘન પણ કરીને લીલા કરે ! તે લોકવેદ-પ્રથિત-પુરુષોત્તમ ગણાય, તે લોકમાં પ્રસિદ્ધ અને વેદમાં વર્ણવેલા હોય. દ્વારકાલીલામાં શ્રીકૃષ્ણ આ રૂપે વિરાજે છે. ભગવાન્ ભક્તોના પ્રેમમાં પરવશ બનીને, પોતાના સ્વરૂપની મર્યાદાનું પણ ઉલ્લંઘન કરીને, લીલા કરવા સ્વયં પ્રકટ થાય, તે લોક અને વેદથી પર - (અતીત), - પુષ્ટિ-પુરુષોત્તમ છે. તે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણ વ્રજ - લીલાસ્થ છે. વેદમાં તેમનો નિર્દેશમાત્ર હોય. તે રસસ્વરૂપ ભગવાન્-રસપૂર્ણ ભક્તોના ભાવરૂપ છે, હૃદયમાં વિરાજે છે. ક્વચિત્-પ્રકટ પણ થાય છે ! ભગવાન્ લીલાનુકૂલ સ્વરૂપ પ્રકટ કરે છે. લીલાભેદથી સ્વરૂપભેદ ન હોવા છતાં, અનુભવભેદ લાગે છે. મૂલતઃ તો પુરુષોત્તમ એક જ છે !

સામાન્ય રીતે તો, શ્રીભાગવતમાં બધી લીલાઓ કૃષ્ણની જ છે. અન્ય-અવતારોની કથામાં, કૃષ્ણાવતાર - પૂર્વેની કથાઓમાં ભાગવતજીમાં અનેક સ્થળે પણ "કૃષ્ણ" - શબ્દ દેખાય છે. પ્રથમ-સ્કન્ધમાં કૃષ્ણની સ્પષ્ટ કથા છે. બીજા સ્કન્ધના સાતમા અધ્યાયમાં કૃષ્ણલીલાઓ વર્ણવી છે. ત્રીજા સ્કન્ધના આરંભે ઉદ્ધવ-વિદુર - સંવાદમાં પણ કૃષ્ણકથા છે. સપ્તમ-સ્કન્ધમાં કૃષ્ણકથાથી ઉપોદ્‌ઘાત છે. નવમ-સ્કન્ધમાં કૃષ્ણકથા છે; સ્વરૂપ અને લીલાનું સામાન્ય નિરૂપણ છે. દશમા અને અગિયારમા સ્કન્ધમાં તો વિસ્તારથી કૃષ્ણચરિત છે.

પ્રેમ જ મુખ્ય છે; - પ્રભુ પ્રેમથી પ્રસન્ન થાય, પ્રકટ થાય :

કૃષ્ણકથા શ્રીશુકે સંક્ષેપમાં સંભળાવી. શ્રવણ-કીર્તન વગેરે નવ પ્રકારની ભક્તિનો ઉપયોગ પ્રેમલક્ષણા-પુષ્ટિ-ભક્તિ પ્રાપ્ત કરવામાં કરવો જોઈએ. પ્રેમથી જ પ્રભુ પ્રસન્ન થાય, પ્રકટ થાય.

શ્રીગુસાંઈજીના સન્નિષ્ઠ અને સુજ્ઞ સેવક હતા, - નાગજી ભટ્ટ ! ગોધરાના વતની. વિદ્વાન્ હતા. જિજ્ઞાસુ પણ ખૂબ. તેમણે શ્રીગુસાંઈજીને પૂછયું, - "શ્રીવલ્લભાચાર્યજીના મતમાં ફલ શું ?" શ્રીગુસાંઈજીએ ઉત્તર આપ્યો, - "શ્રીવલ્લભાચાર્યજીના મતમાં શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય-સાક્ષાત્કાર - જ ફલ છે. પ્રભુ પ્રસન્ન થઈને પ્રકટ થાય, તે માટે નવધાભક્તિ વગેરે સાધન દ્વારા પ્રભુમાં પ્રેમ પ્રાપ્ત કરવો જોઈએ !"

પુષ્ટિમાર્ગ તો સાક્ષાત્ કૃષ્ણસેવાનો વાસ્તવ - માર્ગ છે :

પુષ્ટિમાર્ગ કલ્પનાનો માર્ગ નથી. તે તો સ્વતઃ કર્તવ્યનો અને વાસ્તવિકતાનો માર્ગ છે. સેવામાં વિરાજતા ભગવાન્ ચિત્ર કે મૂર્તિ નથી, સાક્ષાત્ સ્વરૂપ છે, ભગવાન્ પોતે જ છે, તેવી ભાવનાથી તેની સેવા થાય છે, પણ તે તો સાધનરૂપ સેવા થઈ. પ્રભુ સ્વયં પ્રસન્ન થઈને પ્રકટ થાય, - માગીને આરોગે, - સાનુભવ આપે, - તે પછીની સેવા ફલરૂપે છે. સ્વલ્પ, યથાશક્તિ થતાં, સેવા-પાઠ-સ્તોત્ર માત્રથી સંતોષ માની ન લેવાય. પ્રભુ પ્રકટ ન થાય ત્યાં સુધી અંતરમાં તેનો અસંતોષ-આતુરતા, - દુઃખ થવું જોઈએ. **"तापक्लेशैरयं मार्गः"** - આવા તાપકલેશ વડે આ માર્ગમાં સ્થિતિ થાય છે. **"अस्मिन् मार्गे यथैवार्तिस्तथैव फलसन्निधिः ।"** - આ માર્ગમાં જેમ આર્તિ (આતુરતા) વધારે તેમ ફલરૂપ ભગવાન્ નિકટ, જલદી મળે ! ભગવાન્ પ્રકટ થયા પછી દેહ, ઈન્દ્રિય, અંતઃકરણ બીજે ન આથડે. સઘળું ભૂલી ભગવાનમાં સ્થિર થઈ જાય, નિરોધ થાય.

કૃષ્ણનું પ્રાકટ્ય નિરોધનું અંગ છે : પહેલા ચાર અધ્યાયમાં ચતુર્વ્યૂહાત્મક પ્રભુના પ્રાકટ્યનું વર્ણન છે : પ્રાકટ્યમાં હેતુ - ઉધમ - રૂપાન્તર - સ્વીકાર - કાપટ્ય ચાર અધ્યાયમાં છે :

નિરોધલીલામાં પણ પહેલા ચાર અધ્યાયના જન્મપ્રકરણમાં પ્રભુના પ્રાકટ્યનું વર્ણન છે; પછી લીલાઓ છે. પ્રાકટ્ય નિરોધનું અંગ છે. ચાર વ્યૂહ (મૂર્તિ)વાળા ભગવાન્ પ્રકટ થયા છે, તેથી તેના ચાર અધ્યાયમાં તેમનું વર્ણન છે. મૂલસ્થાનમાંથી ભગવાનનું ભૂમિ પર પધારવું, - પ્રકટ થવું, - તે અવતાર છે.

પ્રથમ અધ્યાયમાં વસુદેવજીના હૃદયમાં ભગવાન્ વાસુદેવ વ્યૂહ રૂપે પ્રકટ થયા છે. વાસુદેવના સામર્થ્યથી જ વસુદેવજી કાલનેમિના આવેશવાળા કંસને સમજાવી દેવકીજીનું મૃત્યુ અટકાવી શક્યા. બીજા અધ્યાયમાં દૈત્યવધ માટે સંકર્ષણવ્યૂહનું પ્રાકટ્ય કહ્યું છે. ત્રીજા અધ્યાયમાં વંશસંબંધ માટે પ્રધુમ્નવ્યૂહનું પ્રાકટ્ય છે. ચોથા અધ્યાયમાં ધર્મરક્ષક અનિરુદ્ધ-વ્યૂહનું પ્રાકટય છે. અનિરુદ્ધ કોઈથી નિરુદ્ધ ન થાય - અટકાવી શકાય નહિ. કંસના કેદખાનાનાં બધાં બંધનો તેમને ગોકુલ જતાં અટકાવી શક્યાં નહિ ! ધર્મ આપત્તિમાં હોય તો તેની રક્ષા કરવાની હોય; તેથી ચોથા અધ્યાયમાં ધર્મકાર્યોમાં કંસે આપત્તિ ઊભી કરી, - તે બતાવી. ધર્મરક્ષા અનિરુદ્ધનું કાર્ય છે. પહેલાં ભગવાન્ વસુદેવજીના મનમાં પ્રકટ થયા. વસુદેવે સમાધિમાં દેવકીજીમાં પધરાવ્યા, તેથી બીજા દેવકીજીથી પ્રકટ્યા. ત્રીજા સર્વતત્ત્વમાં પ્રવેશેલા પ્રભુ મથુરાથી પ્રકટ થયા. ચોથા ગોકુલમાં પ્રકટ થયા.

પહેલા અધ્યાયમાં પ્રભુના પ્રાકટ્યનો હેતુ બતાવ્યો છે. બીજા અધ્યાયમાં પ્રકટ થવાના ઉધમનું વર્ણન છે. ત્રીજા અધ્યાયમાં ભગવાનના રૂપાન્તર-સ્વીકારની કથા છે. ચોથા અધ્યાયમાં (નાટ્ય) નટભાવ અથવા કાપટ્યનું નિરૂપણ છે.

ભક્તોનાં દુઃખો દૂર કરવા અને સુખ દેવા - માટે ભગવાન્ પ્રકટ થાય છે :

ભગવાન્ ભક્તોનાં દુઃખ દૂર કરવા પ્રકટ થાય છે. ભક્તોનું દુઃખ ભગવાનના પ્રાકટ્યનો હેતુ (કારણ) છે. સાત્ત્વિક, રાજસ, તામસ ભક્તો દુઃખી છે. ભગવાન્ ભક્તોનું દુઃખ સહી શકતા નથી. પ્રભુ પોતે પ્રકટ થઈને ભક્તોનાં દુઃખ દૂર કરે છે !

દુઃખ દેખાય તો ડરવું નહિ, ડગવું નહિ, દુભાવું નહિ, ગભરાવું નહિ. દુઃખ તો પ્રભુના પધારવાની વધાઈ રૂપ છે. સ્વયં ભગવાનના પ્રિયજનોને પણ દુઃખ પડ્યું છે. તેથી તો પ્રભુ જલદી પધારે છે.

દ્વાપર અને કલિયુગની સંધિ રૂપ કાલ હતો. તેના પ્રભાવથી પૃથ્વીને દુઃખ છે. મા દેવકીજીને કંસ તરફથી દુઃખ થયું. કંસે અજ્ઞાનથી કરેલા દુરાચારોથી બીજા ભક્તોને દુઃખ થયું. આ દુઃખ માત્ર ભગવાનથી જ દૂર થઈ શકે તેમ છે, પૃથ્વીનો ભાર ઉતારવો તે તો ભગવાન્ માટે અત્યંત સહેલું છે. ઈચ્છામાત્રથી, કોઈને પોતાનું સામર્થ્ય (તેજઃ) આપીને કે બીજા કોઈ ઉપાયે પણ પૃથ્વીનો ભાર તો ઉતારી શકાય; પણ દુઃખ દૂર થવા છતાં તેનાથી આનંદની પ્રાપ્તિ ન થાય. શરીરમાં કોઈ રોગ થાય તો દવા વગેરેથી દૂર થાય; પણ પછી શક્તિ ન આવે ત્યાં સુધી કાંઈ સુખ ન લાગે. અશક્તિથી અસ્વસ્થતા લાગ્યા કરે, તેથી રોગ દૂર થયા પછી અશક્તિ દૂર કરવી પડે, તેમ પૃથ્વીનો પાપરૂપ ભાર ઉતાર્યા પછી, અસુરોની પીડાથી તેને થયેલો કલેશ પણ દૂર કરવો પડે, તે તો પરમાનન્દરૂપ પ્રભુનાં ચરણસ્પર્શ વગેરેથી જ સંભવે, તેથી તે ભક્તોનાં દુઃખ દૂર કરી, આનંદ દેવા માટે પરમાનંદ રૂપ પુરુષોત્તમ ભગવાન્ કૃષ્ણ પોતે જ પ્રકટ થયા. - "नृणां निःश्रेयसार्थाय व्यक्तिर्भगवतो नृप ।" શ્રીશુકે અવતાર- પ્રયોજન પણ કહ્યું છે. ભગવાન્ જેનું વરણ કરે, પોતાનો બનાવવા ઈચ્છે, તે ગમે તેવો હોવા છતાં, વગર સાધને ભગવાન્ તેનો ઉદ્ધાર કરે. જેને પોતાના બનાવવા ઈચ્છ્યા છે, તેવા લોકોની મુક્તિ માટે કૃષ્ણ ભગવાનનો અવતાર થયો છે.

હેતુ, ઉધમ, રૂપાન્તર - સ્વીકાર અને કાપટ્ય, એ ચારે પ્રભુના જન્મ સાથે સંબંધ ધરાવે છે. તેમાં કાપટ્ય એ માયાનું કાર્ય છે. તે પણ જરૂરી છે. ભગવાનની શક્તિરૂપ યોગમાયા વડે ભગવાનનો જન્મ છે. વાસ્તવમાં તો પરબ્રહ્મનો જન્મ જ ન હોય. યોગમાયા ભગવાનને વશ છે. તે જન્મમાં આવશ્યક નાટ્ય કરે છે. પુરુષોત્તમનો લૌકિકવત્ જન્મ નથી, પ્રાકટ્ય છે. પ્રભુની જન્મોત્સવલીલા તથા દેવકીનન્દન, યશોદાનન્દન વગેરે નામ પણ પ્રાકટ્ય-સંબંધી છે.

ભક્તોનાં દુઃખો પ્રાકટ્યમાં કારણ છે, તેમ પરીક્ષિતનો પ્રશ્ન કથામાં કારણ રૂપ છે :

ત્રણ પ્રકારના ભક્તોનાં દુઃખ ભગવાનના અવતારમાં કારણરૂપ છે, તેમ રાજા પરીક્ષિતના પ્રશ્નો તેની કથામાં કારણરૂપ છે. આમ, દુઃખ અને પ્રશ્ન, મળીને ૪ વિષયો જન્મપ્રકરણના પહેલા અધ્યાયમાં કહેલા છે. રાજા પરીક્ષિતે દોઢ શ્લોકથી નવમા સ્કન્ધની કથાનો અનુવાદ કર્યો - સાર કહ્યો; પછી દોઢ શ્લોકથી વિસ્તારથી કૃષ્ણનું ચરિત પૂછ્યું, પછી કથાની સ્તુતિ કરી. અનુવાદ અને સ્તુતિ રાજાની ભક્તિ સૂચવે છે. ભક્તને જ ભગવાનની રહસ્યલીલાઓ સંભળાવાય. શ્રીશુક પરીક્ષિતનું કૃષ્ણ-સંબંધી અજ્ઞાન અને અન્યથાજ્ઞાન દૂર કરવા કૃષ્ણ-કથામૃતનું પાન કરાવે છે. શ્રીશુકને પોતાની ઉપર દયા આવે માટે, પોતાનું જીવન કથાના આધારે ટકે છે, - તેનો રાજાએ એકરાર કર્યો !

વક્તાની કૃપાથી શ્રોતાને યથાર્થ લાભ થાય. કૃષ્ણકથામૃતનું પાન કરાવે છે. શ્રીશુકને પોતાની ઉપર દયા આવે માટે, પોતાનું જીવન કથાના આધારે ટકે, તેનો રાજાએ એકરાર કર્યો. વક્તાની કૃપાથી શ્રોતાને યથાર્થ લાભ થાય.

ભગવાનની લીલામાં ઉત્તમ છ ગુણોની જેમ લોકદૃષ્ટિએ છ દોષો પણ દેખાય છે ! :
તેથી બાર પ્રશ્નો છે :

રાજાએ બાર પ્રશ્નો પૂછ્યા છે. ભગવાનના ઐશ્વર્ય વગેરે છ ઉત્તમ ગુણો છે; તેમ લોકદૃષ્ટિએ પ્રભુના ચરિતમાં ગર્ભવાસ, મામાને મારવા, અસંજ્ઞાતિ ગોપો-સાથે વાસ, બહુકાલ દ્વારકાવાસ, અનેક પત્નીનો સ્વીકાર, મનુષ્યરૂપ, - એ છ દોષ પણ દેખાય તેમ છે. ગુણ તથા દોષ મળીને ૧૨ પ્રશ્ન છે; તેમાં "મનુષ્ય દેહધારી જેવા પ્રભુ યાદવો સાથે કેટલાં વર્ષ વિરાજ્યા ?" - તે પ્રશ્ન અગિયારમા સ્કન્ધનો છે.

રાજાએ નવમસ્કન્ધની કથાનો દોઢ શ્લોકમાં કરેલો અનુવાદ ! : યદુ તો ધર્મશીલ છે ! :
પુરુને દોષ લાગેલો હોવાથી ભગવાને તેના બીજ-વંશને નિવૃત્ત કર્યા પછી સંબંધ કર્યો છે ! :

નવમ-સ્કન્ધની કથામાં શ્રીશુકે યયાતિના ચરિતમાં પુરુની મુખ્યતા બતાવી. અંતમાં યદુના વંશની મુખ્યતા કહી. તેમાં પરીક્ષિતને કાંઈ સમજફેર થઈ નથી. યદુની મહત્તા તથા રાજાઓની કથાનું મહત્ત્વ પણ ભક્તિ કે ભગવાનથી જ છે, તેમ તે યથાર્થ સમજ્યા છે. તેનો અનુવાદ દશમ-સ્કન્ધના આરંભના દોઢ શ્લોકમાં કર્યો. તે રાજાનું યથાર્થ શ્રવણ સૂચવે છે.

कथितो वंशविस्तारो भवता सोमसूर्ययोः ।
राज्ञां चोभयवंश्यानां चरितं परमाद्भुतम् ॥ (१)
यदोश्चधर्मशीलस्य नितरां मुनिसत्तम ।

હે મુનિશ્રેષ્ઠ ! આપે ચન્દ્રવંશ અને સૂર્યવંશનો વિસ્તાર કહ્યો. બંને વંશના રાજાઓનાં તથા ધર્મશીલ યદુનું સંપૂર્ણ ચરિત પરમ અદ્ભુત છે.

શ્રીશુકે રાજાઓનું સામર્થ્ય બતાવવા નવમ-સ્કન્ધમાં તેનું વર્ણન કર્યું નથી. તે રાજાઓ હોવા છતાં ભક્ત છે, તેથી ભક્ત તરીકે વર્ણન કર્યું છે ! તેમાં પહેલાં સૂર્યવંશ અને પછી ચન્દ્રવંશ કહ્યો દેખાય છે. લોક અને શાસ્ત્રની દૃષ્ટિએ સૂર્ય મોટા છે. મોટાને માન દેવું જોઈએ, તેમનું નામ પહેલાં આવે, છતાં ચતુર ભક્ત રાજાએ ચન્દ્ર પછી સૂર્ય કહ્યા છે ! સૂર્યવંશમાં મર્યાદા પુરુષોત્તમ ભગવાન્ રામચન્દ્રજી પ્રકટ થયા. ચંદ્રવંશમાં પૂર્ણ - પુષ્ટિ - પુરુષોત્તમ ભગવાન્ કૃષ્ણચન્દ્રજી પ્રકટ થયા. સૂર્યના પ્રચંડ તાપથી નિકટમાં જવું કઠિન, સામે જોવું પણ દુઃસહ ! રામચન્દ્રજી મર્યાદાપાલક. તેમનો સ્વરૂપાનંદ મળવો કઠિન, તે ક્વચિત્ પુષ્ટિ પ્રકટ કરે ! ચન્દ્ર શીતલ છે, અમૃત વરસાવે છે, સામે જોઈ શકાય, પાસે પહોંચી શકાય; તેમ કૃષ્ણ કૃપા કરે, મર્યાદાનું પણ ઉલ્લંઘન કરે, સ્વરૂપાનન્દનું પણ દાન કરે. ચરણામૃત - કથામૃત તો બંને આપે, પણ ભક્તોને તો કૃષ્ણ અધરામૃત પણ આપે ! રામાવતારનાં વચન ભગવાને કૃષ્ણાવતારમાં પૂરાં કર્યાં છે ! ચન્દ્રવંશની મુખ્યતા છે. જેના જન્મથી વંશવિખ્યાત બને તેનો જન્મ સાર્થક ગણાય. જન્મની સાર્થકતા ભક્તિથી થાય ! માત્ર વંશપરંપરા ચાલે તે તો

અતિસામાન્ય છે, પશુધર્મ પણ છે. તેવા વંશનો વિસ્તાર ભાગવતમાં કહેવાનો ન હોય. સૂર્ય અને ચન્દ્ર દિવસે અને રાતે અંધકાર દૂર કરે છે, પ્રકાશ પાથરે છે. તેમ તે વંશના રાજાઓ ભક્ત હોવાથી તેમનાં ચરિત સંસારીઓના જીવનમાં ભક્તિનો પ્રકાશ પાથરે છે, અંતરનાં અંધારાં ઉલેચે છે. સામાન્ય રાજાઓ સત્તા અને સંપત્તિમાં રત હોય, સત્તા અને સંપત્તિ વિલાસપરાયણ બનાવે. વિલાસ વિનાશ નોતરે, વિકાસને અટકાવે, સન્માર્ગનો પ્રકાશ ન થવા દે, સદ્‌વિચારનો અવકાશ પણ ન રહેવા દે.

સૂર્ય અને ચન્દ્રવંશના રાજાઓ સંપત્તિ અને સત્તાલોલુપ ન હતા. તેમનામાં ભક્તિ હતી. તેમના વંશમાં ભગવાને અવતાર લીધા, તેથી તેમનાં ચરિત પરમ-અદ્‌ભુત છે. શ્લોકમાં "च" છે. તે નવમ-સ્કન્ધમાં ભગવાનનું ચરિત પણ કહ્યું છે, - તેમ સમજાવે છે. ભગવાન્ અને ભક્તિ સામાન્યને પણ શ્રેષ્ઠ બનાવે છે.

ચન્દ્રવંશમાં યદુરાજાની કથા છે. તેમણે પોતાના પિતા યયાતિ રાજાને યુવાની ન આપી, વૃદ્ધાવસ્થા ન લીધી ! વૃદ્ધાવસ્થા ભગવાનના ભજનમાં વિઘ્નરૂપ છે. પિતાની આજ્ઞા પાળવી જોઈએ, પણ તે આજ્ઞા ધર્મવિરુદ્ધ હતી, પ્રભુની સેવામાં સાનુકૂલ ન હતી, તેથી યદુરાજાએ ન પાળી. યદુને તેનો દોષ નથી લાગ્યો. યદુને "ધર્મશીલ" - કહ્યા છે ! સમજીને ધર્માચરણ કરે તે ધાર્મિક ! ધર્મમાં શ્રદ્ધાથી દૃઢ રહે તે ધર્મનિષ્ઠ ! જેના સ્વભાવમાં જ ધર્મ વણાઈ ગયો હોય તે ધર્મશીલ ! "આ ધર્મ છે",- તેમ તેને કાંઈ જ વિચાર ન કરવો પડે. તેનાં વાણી, વર્તન, વિચાર, વ્યવહાર, વેષ વગેરે, સ્વાભાવિક રીતે જ ધર્મમય હોય. તે જે કરે તે સ્વાભાવિકપણે ધર્મ જ હોય. યદુએ પિતાની આજ્ઞા ભગવદ્ધર્મ-વિરુદ્ધ હોવાથી ન માની, તે પુષ્ટિ છે ! રાજ્યતિલકની મા-બાપની વાત રામથી વિરુદ્ધાચારની હોવાથી ભરતજીએ નથી માની ! પ્રહ્‌લાદજીએ પિતાની ભજન છોડી દેવાની વાત, પ્રભુવિરુદ્ધ હોવાથી નથી માની ! તેમણે ભગવાનને મુખ્ય ગણ્યા છે.

પુરુએ પિતાની આજ્ઞા માની, યુવાની આપી. તેનાથી યયાતિએ ભોગવિલાસ કર્યા. તે ધર્મસંમત ન ગણાય. આપેલી વસ્તુ અયોગ્ય રીતે વપરાય, તેનાથી અધર્મ થાય. તેનો અપરાધ આપનારને પણ લાગે. પરિણામનો વિચાર કરીને શ્રદ્ધાથી અપાય. દેશ, કાલનો વિચાર કરીને સુપાત્રને આપેલું દાન શાસ્ત્ર ઉત્તમ ગણાવે છે. પુરુને દોષ લાગ્યો. ભગવાને તેના વંશ સાથે સંબંધ ન કર્યો ! પુરુનો બીજજન્યવંશ ભગવાનના અવતાર પહેલાં નિવૃત્ત થઈ ગયો છે. પુરુવંશમાં રાજા વિચિત્રવીર્યને ત્યાં વ્યાસજીની કૃપાથી પુત્રો થયા ! પાંડુને ત્યાં દેવોની કૃપાથી પાંડવો થયા, દોષ ન રહ્યો ! ભગવાને તેથી તેમની સાથે સંબંધ રાખ્યો ! તે વંશમાં ફોઈ કુન્તા અને બહેન સુભદ્રા પરણાવ્યાં.

ભીષ્મ પુરુના વંશના ગણાય, તે વસુનો અવતાર છે, ભક્ત છે, છતાં વંશસંબંધથી તથા દુર્યોધનાદિના સંગ અને અન્નના પ્રભાવે તેમનામાં આસુરાવેશ છે ! આગળના શ્લોકમાં તેથી તેમને "તિમિંગિલ" - કહ્યા છે. તે ક્રૂરતાદર્શક છે. તે દોષ નિવૃત્ત થતાં ભગવાને સંબંધ કર્યો છે ! યદુ તો સ્વભાવથી ધર્મરૂપ છે. તેના વંશનું સંપૂર્ણ વર્ણન કરેલું છે.

રાજા પરીક્ષિતે શ્રીશુકને આ અનુવાદ કરતાં "મુનિસત્તમ" - કહ્યા. મનનશીલ હોય તે મુનિ ! તેમાં પણ જેમણે જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તે સત્ત ! તેવા જ્ઞાની પણ ભક્ત હોય તો શ્રેષ્ઠ ગણાય ! શ્રીશુક મનનશીલ, જ્ઞાનિ-ભક્ત છે. જ્ઞાનિ-ભક્તના મુખેથી કથા સાંભળવાથી યથાર્થ ફલ મળે.

જરૂર પૂરતી માયાને દૂર કરીને પૂર્ણ પ્રભુ પ્રકટ થયા છે! :

રાજા પરીક્ષિતે યદુના વંશમાં અંશ વડે અવતરેલા વિષ્ણુનાં પરાક્રમો વિસ્તારથી કહેવાની વિનંતી કરી. સંક્ષેપમાં કૃષ્ણકથા તો પહેલાંના સ્કન્ધોમાં રાજાએ સાંભળી છે, પણ સંતોષ ન થયો, રસ વધ્યો. વિસ્તારથી પરાક્રમ પૂછયાં.

વિષ્ણુ સર્વવ્યાપક છે. તે પૂર્ણ પુરુષોત્તમ રૂપ છે. પોતાની યોગમાયાથી સૌને દેખાતા નથી. "**नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।**"- ગીતામાં ભગવાને કહ્યું છે. પ્રભુને સર્વત્ર પ્રકટ થવાનું કાંઈ પ્રયોજન નથી. વ્યાપક પ્રભુ પ્રકટ થાય તો બધું બ્રહ્મરૂપ થાય, પ્રપંચનો લય થાય, અવતારનું પ્રયોજન ન રહે, તેથી તે સર્વત્રથી માયા દૂર કરીને પ્રકટ ન થયા! યદુવંશમાં દેવકીજીને ત્યાં, જરૂર જેટલા સ્થાનમાંથી જ ભગવાને માયા દૂર કરી, પોતે પ્રકટ થયા. અમુક સ્થાનમાં પ્રકટ થયા, તેથી "**अंश**"- શબ્દ વાપર્યો છે, સર્વત્ર પ્રકટ થયા નથી. પ્રકટ થનાર પ્રભુ તો પૂર્ણ જ છે, પ્રકટ પરમાનન્દ છે, - અંશાવતાર નથી. અંશાવતાર મૂલ પ્રભુસ્વરૂપમાંથી પ્રકટ થાય છે; પૂર્ણ પ્રભુનો અવતાર જરૂર પૂરતી માયા દૂર કરીને થાય છે. મંદિરમાં ટેરો (પડદો) ખસેડે, પછી પ્રભુનાં દર્શન થાય. ટેરો માયા રૂપ છે, વચમાં હોય ત્યાં સુધી પ્રભુનાં દર્શન ન થાય. બુદ્ધિ માયામોહિત હોય તો પ્રભુ સર્વત્ર વિરાજતા હોવા છતાં દર્શન ન થાય! રૂમમાં બધે શેતરંજી કે ગાલીચો પાથરેલાં હોય તો, નીચે લાદી વગેરે વાળી જમીન હોવા છતાં ન દેખાય. જેટલા ભાગમાંથી પાથરેલું ઊંચકી લો, તેટલા ભાગમાં નીચે રહેલી જમીન દેખાય. જમીન તો રૂમમાં સર્વત્ર સરખી હોય. તે પાથરણું ઊંચકેલા ભાગમાં દેખાય. "અંશ" - કહેવાય. તેમ ભગવાન્ તો બધે પૂર્ણ જ વિરાજે છે. અમુક સ્થાનમાં તે માયા દૂર કરીને પ્રકટ થાય. તે "અંશ" - કહેવાય. અથવા પ્રદ્યુમ્નવ્યૂહ દ્વારા અંશથી પ્રભુને યદુવંશનો સંબંધ છે, તેથી પણ "અંશથી અવતીર્ણ" - કહી શકાય.

ભગવાનનાં ચરિતનું ગાન તો કર્મ-જ્ઞાન અને ભક્તિ કરતાં પણ વધારે ઉપકારક છે :

ભગવાનનું માહાત્મ્યજ્ઞાન થાય તે માટે રાજા પરીક્ષિત પરાક્રમ પૂછે છે. ભગવાનનું અચિન્ત્ય-ઐશ્વર્ય સમજાવનારાં ચરિત "પરાક્રમ" કહેવાય. ભગવાનનાં ચરિત સ્વતન્ત્રપણે પુરુષાર્થ પ્રાપ્ત કરાવે છે. યદુના વંશમાં અવતરીને ભગવાને કરેલાં ચરિત ધર્મરૂપ છે. "**यदुवंशे**"- ને બદલે "**यदोर्वंशे**" - શબ્દ છે. સમાસ કર્યો નથી. તે યદુ કરતાં પણ તેના વંશની અધિકતા સૂચવે છે! તેના વંશમાં ભગવાને અવતાર લીધો છે. ભગવાનમાં ભૂખ, તરસ, રોગ, કર્મ, દ્યૂત, પાન, સ્ત્રીસંગ વગેરે વ્યસનનો આવેશ થતો નથી. સંસારમાં રહેવા છતાં ભગવાનને જ તેનું બંધન નથી. બીજા સૌને બંધન થાય છે! ભગવદ્ભાવપૂર્ણ ભક્તો પણ બંધનમાંથી મુક્ત બને છે, કૃતાર્થ થાય છે. તે માટે ભગવાન્ અવતાર લે છે. ભગવાન્ પોતાની ઈચ્છા માત્રથી ભક્તોને મુક્તિ દઈ શકે છે, છતાં પણ અવતાર લઈને લીલાઓ કરે છે, લીલારૂપ ચરિતના વિસ્તાર માટે વ્યાસાવતાર થયો છે. તે લીલાઓના શ્રવણ, કીર્તન અને સ્મરણથી અનવતારદશામાં જીવોનો ઉદ્ધાર થાય છે. પરીક્ષિતે ભગવાનની લીલાઓ સાંભળી છે, છતાં વિસ્તારથી પૂછે છે! ભગવાનના ચરિતનું માહાત્મ્ય વર્ણવ્યું.

निवृत्ततर्षैरुपगीयमानाद् भवौषधाच्छ्रोत्रमनोऽभिरामात् ।
क उत्तमश्लोकगुणानुवादात् पुमान् विरज्येत विना पशुघ्नात् ॥ (४)

ભગવાનનું ચરિત ફલ રૂપ છે. નિર્દોષ ભક્તો તેનું સદા ગાન કરે છે. તૃષ્ણા અંતઃકરણનો દોષ સૂચવે છે. જેના અંતઃકરણમાંથી સઘળી તૃષ્ણાઓ ચાલી ગઈ છે, તેવા "**निवृत्ततर्ष**"- નિર્દોષ ભક્તો ભગવાનના ચરિતનું નિત્ય નિકટમાં ગાન કરે છે. તેના શ્રવણનો આનંદ સૌને મળે છે, પ્રયાસ કરવો પડતો નથી. "**उपगीयमान**"- છે. ગાન કરનારા અનેક છે. વારંવાર ચરિતગાનથી હૃદયમાંથી પ્રતિબંધ રૂપ દોષો દૂર થઈ જાય છે. વક્તા અને શ્રોતા બંને નિર્દોષ બને છે, ફલ પ્રાપ્ત કરે છે. તૃષ્ણારહિત-નિર્દોષ-વક્તાને ભગવાનનું ગુણગાન ફલરૂપ છે. શ્રોતાના દોષો તેનાથી દૂર થાય છે, તેથી "**भवौषध**"- કહ્યું છે. સંસારના સંતાપમાં શેકાયેલાને ભગવદ્‌ગુણગાન શાંતિ આપે છે, સંસારને નિવૃત્ત કરે છે. કર્મ, જ્ઞાન અને ભક્તિ કરતાં પણ વિશેષ ઉપકારક ભગવાનના ચરિતનું ગાન છે! મોક્ષનું તે સરલ સાધન છે. રોગ દૂર કરવા માટે રોગીને ઔષધ ખાવું પડે, પછી કામ તો ઔષધ જ કરે છે. તેમ શ્રોતા-સંસારી-માત્ર પ્રભુચરિતનું શ્રવણ કરે, કાન દ્વારા ચરિતને અંતઃકરણમાં ઉતારે, પછી દોષ તથા સંસારની નિવૃત્તિ તો ચરિત પોતે જ કરી લે છે. ભવરોગ તો સૌ સંસારીને થયો છે. "હું અને મારું" - દિવસમાં અનેક વાર અકારણ પણ કર્યા જ કરે છે! સૌ ભવરોગી માટે આ એક અનુપમ ઔષધ છે. રોગ દૂર કરવાની દવા તો કદાચ કડવી હોય. પ્રભુચરિત રૂપ ઔષધ તો કાન અને મનને મધુર લાગે તેવું છે! - "**श्रोत्रमनोऽभिराम ।**" છે.

ભગવાનના ગુણાનુવાદ તો શ્રીશુક વગેરે નિર્દોષ જ્ઞાનિ-ભક્તો પણ કરે છે!:

સૃષ્ટિમાં સર્જાયેલા સાહિત્યમાં સર્વોત્તમ શબ્દસૌષ્ઠવ-મધુરતા-સુકુમારતા ભગવાનનાં ચરિતમાં છે. કર્ણકટુત્વ વગેરે દોષો તેમાં નથી. અર્થની તેમાં અનુપમ ઉત્કૃષ્ટતા છે. કાનને કોમલ, મધુર, સુંદર શબ્દ સાંભળવા ગમે છે. ચરિતનું ભક્તો ગાન કરે છે. ગાન કોમલ, મધુર, સુંદર હોય; સાંભળતાં જ રુચિ થાય, મનમાં વસી જાય. પ્રભુચરિતનું ગાન કાન અને મનને સર્વ વિષયોમાંથી નિવૃત્ત કરી, શ્રવણમાં આસક્ત કરે છે.શ્રવણ પ્રભુમાં પ્રીતિ કરાવે છે. ભગવાનના ચરિતમાં ગુણોનું ગાન છે, તેથી તે ગુણગાન પણ કહેવાય. ભક્તો પોતાની કલ્પનાથી ગાન કરતા નથી. ભગવાને કરેલી લીલાઓને અનુકૂલ અનુભવપૂર્વક, (શાસ્ત્ર) સ્વાધ્યાય કે (ગુરુમુખે કરેલા) શ્રવણને અનુરૂપ રીતે, ગુણોનું ગાન કરે છે; તેથી તે ગુણાનુવાદ કહેવાય છે! ભગવાનનો યશઃ ઉત્તમ છે. ઉત્તમપુરુષો તેનું ગાન કરે છે; તેથી તે "**उत्तमश्लोकगुणानुवाद**"- છે. શ્રીશુકદેવજી વગેરે નિર્દોષ ભક્તો ભાગવત વગેરે રૂપે તેનું ગાન કરે છે, ગુણાનુવાદ કરે છે. ભક્તોનો ઉત્કર્ષ ભગવાનથી થાય છે. ભગવાનની મોટાઈ ગુણોથી સમજાય. ગુણોની સમજ અનુવાદથી મળે!

પ્રભુના ગુણાનુવાદ દ્વારા સ્વરૂપતઃ ભગવાનનો સંબંધ થાય. ગુણાનુવાદ ભવૌષધ હોવાથી ફલતઃ પ્રભુસંબંધ થાય. ગુણાનુવાદ કાન અને મનને અભિરામ હોવાથી સર્વ વિષયોમાં ઉત્તમ પણ છે. અન્ય વિષયો તો વિષથી પણ વધારે વિનાશક છે. ગુણાનુવાદ, શ્રવણ કરતાં તે કાનનો વિષય બને. બધા વિષયોનાં વિષમ વિષથી વ્યાકુલ-વિદૂષિત-અંતઃકરણને તે નિર્દોષ ભગવદ્‌ભાવ-વિભૂષિત બનાવે છે! ગુણાનુવાદ દ્વારા પુરુષોત્તમને જાણી શકાય. ભગવાનનાં ચરિતનું ગાન જીવન્મુક્ત ભક્તોનું કાર્ય છે. બ્રહ્માનન્દ કરતાં પણ અધિક આનંદ-રસનો અનુભવ ભગવાનની લીલામાં થાય છે. બ્રહ્મમાં તે રસ પ્રકટ નથી. સમાધિસ્થ શ્રીશુકે આ સ્વાનુભવે જાણ્યું, સમાધિ છોડી. વ્યાસાશ્રમે આવ્યા. ભાગવત

ભણ્યા. ગોવિંદના ગુણગાનમાં સમાધિ કરતાં પણ અધિક સુખાનુભવ થયો. શુક રસપરવશ થયા ! પરીક્ષિતને સામે ચાલીને શ્રવણ કરાવ્યું. વિરક્તવક્તાને વિરક્તશ્રોતા મળ્યા ! પુનઃ પોતાને પણ ભગવદ્રસાનુભવ થાય માટે શ્રીશુકે ભાગવત સંભળાવ્યું ! શ્રવણથી ભગવાનના ગુણો હૃદયમાં પ્રવેશે. કીર્તનથી હૃદયમાંથી બહાર નીકળી, પુનઃ કાન દ્વારા હૃદયમાં પ્રવેશે, રસાનુભવ વિશેષ થાય. મોક્ષની ઈચ્છાવાળા શ્રવણ કરે તો બંધન-મુક્ત થાય. પ્રયત્નપૂર્વક ભગવાનના ગુણોનું શ્રવણ, કીર્તન, સ્મરણ કરવું જોઈએ.

ભગવાનના ગુણગાનમાં જેને રસ ન હોય તે તો “પશુધ્ન” છે ! :

લૌકિક-વાતો કવચિત્ કેટલાકને સાંભળવી ગમે, પણ તે તો પરિણામે સંતાપ વધારે મનને મૂંઝવે, મલિન બનાવે. જેના મનમાં પ્રભુનાં ચરિતનો પ્રવેશ ન થાય, જેને ગોવિંદના ગુણગાનમાં રુચિ ન થાય, તે તો આસુર ગણાય.પ્રભુના ગુણગાનથી કંટાળો આવે, અણગમો થાય, દૂર રહે, તેનું ચોક્કસ અધઃપતન થાય. પ્રભુના ગુણગાનમાં રસરહિતને "पशुघ्न"- કહ્યા છે. “પશુધ્ન - શબ્દ આત્મધાતી, કર્મજડ અને નિન્દિતાર્થરત એ ત્રણનો વાચક બને છે. "कः पुमान् विरज्येत ?"- ગુણગાનથી કયો પુરુષ વિરક્ત થાય ? પુરુષને ગુણાનુવાદમાં અભાવ ન થાય. સ્ત્રી અને પશુને થાય, એવો અર્થ તેમાંથી નીકળે.

૧. આત્મધાતી - પશુ શબ્દનો અર્થ આત્મા થાય છે. "पशुपतिः पशूनां चतुष्पदामुतद्विपदाम् ।"- એ શ્રુતિમાં બે પગવાળાઓને પણ પશુ કહ્યા છે. "शिवस्य पशवः सर्वे जीवाः संसारवर्तिनः ।"- એ સ્મૃતિમાં સંસારમાં રહેલા જીવને પશુ કહ્યા છે. અગિયારમા સ્કન્ધમાં "नृदेहमाद्यं"- શ્લોક છે. સુદુર્લભ મનુષ્યદેહ સુલભ થયો, તે સુદૃઢ નાવ છે. સુકાની ગુરુદેવ છે. ભગવાન્ પોતે અનુકૂલ પવન છે, છતાં જે માનવ ભવસાગર ન તરે તે આત્મધાતી છે! ભગવાનના ગુણગાન ભવૌષધ છે. તેનું સેવન કરી મોક્ષ ન મેળવે તે આત્મધાતી છે. "पशुमात्मानं हन्तीति पशुघ्नः ।"- પશુ-આત્મા, તેને હણે તે પશુધ્ન. પ્રભુના ગુણગાન દ્વારા પોતાનો ઉદ્ધાર ન કરે તે પશુધ્ન-આત્મધાતી-છે.

૨-૩. કર્મજડ અને નિન્દિતાર્થરત - અગિયારમા સ્કન્ધમાં "कर्मण्यकोविदाः ।"- શ્લોકથી કર્મજડ અને નિન્દિતાર્થરત લોકોનું નિરૂપણ કરીને, "आत्मानं घातयन्ति ते ।"- તેઓ આત્માનો ધાત કરે છે. "एते आत्महनोऽशान्ता..."- એ આત્મધાતી અશાન્ત લોકો છે, - તેમ કહ્યું છે. જેઓએ મોક્ષ મેળવ્યો નથી, મૂઢતાની સીમાએ પહોંચ્યા છે, ધર્મ, અર્થ અને કામમાં જ રત છે, તેઓ આત્મધાતી છે, પશુધ્ન છે. ભગવાનના ગુણગાન વગેરે દ્વારા આનંદ ન મેળવી શકનાર આત્મધાતી છે.

૪. સ્ત્રીજીવ - "स्त्रीजीवाः प्रकृतिपरवशाः ।"- સ્ત્રીજીવ પ્રકૃતિ-પરવશ હોય છે. જે સ્ત્રીઓને પ્રભુના ગુણગાનમાં રસ છે, તે તો નિમિત્તવશાત્ દેહથી સ્ત્રી છે, પણ સ્વભાવથી પુરુષજીવ છે. સ્ત્રીઓમાં પણ શ્રીગોપીજન, કુન્તાજી વગેરે પાવન કરનારા અનેક ભક્તો થયા છે. ભગવાનના આશ્રયથી સ્ત્રી, શૂદ્ર, પાપી વગેરે સૌનો ઉદ્ધાર થાય છે. પ્રકૃતિ-પરવશ, વિષય-લોલુપ, લૌકિકમાં ચતુર છતાં અલૌકિકમાં અજ્ઞાન હોય, તે સ્ત્રીપ્રકૃતિવાળો જીવ છે. વ્યવસાય, વ્યવહાર, વ્યાપાર, વિલાસમાં નિપુણ હોય, છતાં જેને કથામાં રસ ન હોય તે સ્ત્રીજીવો છે. પૈસા કમાવામાં, પ્રતિષ્ઠા મેળવવામાં, મોજશોખ માણવામાં, પ્રમદા (સ્ત્રી)ને પ્રસન્ન કરવામાં પરાયણ પુરુષને સંસારનાં કામ માટે

સમય-સગવડ મળે, પણ કથા માટે સમય કે સાનુકૂલતા ન દેખાય, તે સ્ત્રીજીવ છે.

૫. પશુજીવ - માત્ર પશુદેહવાળા પશુજીવ નથી. ગાય, પક્ષી, મૃગને પણ ભક્ત ગણેલાં છે. સર્વત્ર વિવેકરહિત હોય તે,- પશુજીવ ! લૌકિક અને અલૌકિક ઉભયમાં અચતુર તે,- પશુજીવ ! સંસારમાં પૈસા, પ્રતિષ્ઠા, સુખાદિ ન મેળવી શકે કે પ્રભુને પ્રસન્ન કરવાનો પ્રયત્ન ન કરે, તે પશુપ્રકૃતિનો જીવ છે ! ગમે તે રીતે ધર્મના વિચાર વગર જ, માત્ર પેટ ભરવામાં જ તે પરાયણ હોય. પશુધર્મવાળા જીવને તો જીવનમાં કે કથામાં પણ વ્યથા જ મળે !

પશુને હણનાર પશુઘ્ન. એવો અર્થ લેતાં તેવા જીવો દૈત્યરૂપ છે. પોતાના સ્વાદ માટે પશુને મારે તે પશુઘ્ન-દૈત્ય-કહેવાય. દૈત્યમાં દયા ન હોય. દૈત્ય ભગવાનના વિરોધી હોય, તેથી તેમના દોષો દૂર ન થાય. ભગવાનનો કે ભગવાનની કથાનો વિરોધ કરનારમાં દૈત્યપણું હોય. ભગવાન્ કોઈનો દ્રોહ કરતા નથી, છતાં દૈત્યો ભગવાનનો દ્રોહ કરે છે; છતાં ભગવાન્ તેમને સ્વસંબંધથી બધા દોષો સંપૂર્ણ દૂર થઈ જતાં મુક્તિ આપે છે ! આવેશીની મુક્તિ થાય છે. પ્રભુએ કંસને મુક્તિ દીધી. તેને યોગ્ય લીલાનો અનુભવ દીધો. આવેશરૂપ કાલનેમિને તમઃ જ મુક્તિરૂપ છે ! સહજ અસુરનાં દેહેન્દ્રિયાદિ દૈવી હોતાં નથી, તેથી તમઃથી સંઘાતનો ત્યાગ છે; પછી સ્વરૂપ માત્રથી પ્રભુપ્રાપ્તિ થાય છે. બીજાઓને આસુરસંપત્તિના ત્યાગ પછી, દૈવી-દેહેન્દ્રિયાદિ-સંપત્તિસહિત પ્રભુપ્રાપ્તિ થાય છે. કોઈને ભગવાનના ગુણગાનથી વિમુખ થયેલો જોઈને, બીજા પણ વિમુખ ન થાય. તે માટે આ શ્લોક કહેલો છે.

ભીષ્મ જેવા તિમિંગિલ-વાળા કૌરવ-સૈન્ય-સાગરમાંથી પાંડવોને ભગવાને પોતે જ પાર ઉતાર્યા છે !:

રાજા પરીક્ષિતે પોતે સાંભળેલું ભગવાનનું માહાત્મ્ય ગાયું. ભગવાનની કથા પુણ્ય દ્વારા પાવન કરતી નથી, પોતે જ પાવન કરે છે ! પરીક્ષિતે પિતામહો પર પ્રભુએ કરેલી કૃપાનું ગાન કર્યું. કૌરવોનું સૈન્ય સાગર જેવું હતું. તેમાં દેવોને પણ જીતનારા ભીષ્મ વગેરે અતિરથીઓ હતા. એક યોદ્ધો દશ હજારની સાથે લડી શકે, શસ્ત્ર અને શાસ્ત્રમાં નિપુણ હોય, તે અતિરથી કહેવાય. સમર-મરણ સહિત હોય-યુદ્ધ કહેવાય. અમર-મરણરહિત, તે દેવ કહેવાય. સમરમાં અમરને પણ જીતે તેવા ભીષ્માદિ છે. સ્વયં ભગવાન્ પરશુરામજી પણ યુદ્ધમાં ભીષ્મને જીતી શક્યા નથી ! પાંડવો તો દેવપુત્રો છે. તેમનાં દિવ્યાસ્ત્રો દેવોએ દીધેલાં છે. દેવોને જીતનારાઓને દેવપુત્રો કે દેવાસ્ત્રો કઈ રીતે જીતી શકે ? ભીષ્મ દેવવ્રત છે. દેવસમાન વ્રતધારણ કરનાર-સત્યસંકલ્પ છે. દ્રોણાદિ પણ સમર્થ છે. તેઓ જ્ઞાની પણ છે; છતાં ભગવદિચ્છાવિરુદ્ધ વર્ત્યા, ભક્ત પાંડવોનો દ્રોહ કર્યો, દુર્યોધનનો સંગ કર્યો, તેનું અન્ન ખાધું. કૌરવોના અર્થથી બંધાયા. પરિણામે દૈત્યાવેશ થયો ! પૌત્રો કે શિષ્યોનો પણ નાશ કરવા તૈયાર થયા ! અતિક્રૂર-સંબંધીઓનો નાશ કરનારા ગણાયા, વિવેક પણ ન રહ્યો ! દુષ્ટનો સંગ, દુષ્ટનું અન્ન અને ભક્તોનો અપરાધ તો સમર્થ અને જ્ઞાનીનો પણ વિવેક હરી લે છે, નાશ નોતરે છે !

ભીષ્માદિને "તિમિંગિલ" - કહ્યા છે. સો યોજનનું "તિમિ"-નામનું મત્સ્ય છે, તેને પણ ગળી જાય તેવું મોટું માછલું તિમિંગિલ કહેવાય. તિમિથી તે હજાર ગણું મોટું હોય. સજાતીયને મારવામાં ક્રૂરતા છે. ભીષ્માદિ પોતાના વંશનો, સ્વજનોનો નાશ કરવા તૈયાર થયા. આવા ભયંકર, સર્વનાશક સૈન્યસાગરમાંથી ભક્તોને ભગવાને પાર ઉતાર્યા, પોતે નૌકારૂપ થયા ! "પ્લવ"- નાની હોડી કહેવાય.

એકમાત્ર નિઃશસ્ત્ર ભગવાને પોતાની કૃપાથી પાંડવોની રક્ષા કરી છે. મહાભારતના યુદ્ધમાંથી આઠને બચાવ્યા. પાંચ પાંડવ, અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા ! નાની હોડીમાં બહુ બેસાડાય નહિ, બહુને બચાવવાનું ભગવાને ઈચ્છ્યું નથી. "मयैवैते निहताः ।"- આ બધાને મેં પહેલેથી મારેલા છે, - કહીને ભગવાને સૈન્યસાગરને વાછરડાના પગથી ધૂળમાં થયેલી છાપ જેવો કરી દીધો ! છતાં પણ પ્રભુનો દૃઢ-આશ્રય ન હોય તો તેમાં પણ કીડીની જેમ ડૂબી જવાય ! ભગવાને પોતે જ પાંડવોને પાર ઉતાર્યા ! ભગવાનનો આ ઉપકાર છે. ભગવાનનો પ્રભાવ અત્યંત અલૌકિક છે. ભક્તોનાં સંકટના સાગરને પણ ભગવાન્ પોતે સાક્ષાત્ શોષી લે છે.

શરણાગતિ માએ કરી, સાક્ષાત્કાર પુત્રને ગર્ભાવસ્થામાં થયો ! : અદ્ભુતરક્ષા કરતા ભગવાન્ ! :

અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રમાંથી ઉત્તરાના ગર્ભની રક્ષા અને પાંડવરક્ષા ભગવાને સાથે કર્યાં છે. ભગવાનના દૃઢ-આશ્રયવાળા ભક્તો સંસારના પદાર્થોનો પરિગ્રહ મૂકીને પારસ્થિત પ્રભુને પ્રાપ્ત કરે છે ! ભક્તો જે કાર્ય કરવા અસમર્થ હોય તે ભગવાન્ પોતે કરી લે છે ! પરીક્ષિતે સ્વાનુભવ વર્ણવ્યો. ભગવાનનું પોતે જોયેલું માહાત્મ્ય ગાયું. દ્રોણાચાર્યના મરણથી અને પોતાના અપમાનથી ભાન ભૂલેલા અશ્વત્થામાએ, પાછું ન વાળી શકાય તેવું બ્રહ્માસ્ત્ર ઉત્તરાના ગર્ભને બાળવા મૂક્યું. વૈષ્ણવ અર્જુનના વંશની રક્ષા માટે ભગવાને પોતે ઉદ્યમ કર્યો ! ઉત્તરા પણ ભક્ત છે. તેણે ભગવાનનું શરણ લીધું. ભગવાન્ શરણાગત-પરિપાલક છે. ભગવાને ઉત્તરાના ઉદરમાં પ્રવેશ કર્યો. "कुक्षिङ्गतः"- થયા. વત્સલા મા દેવકીજી કે યશોદાજીના ઉદરમાં ન પધારેલા પ્રભુ, શરણાગત ઉત્તરાના ઉદરમાં પધાર્યા ! "शरणं गतायाः"- તેનો સૂચક છે. તેના ગર્ભને સાક્ષાત્ દર્શન દીધાં ! બ્રહ્માસ્ત્ર મંત્રથી મુકાય છે. મંત્રમાં શાસ્ત્રમર્યાદા છે. ભગવાન્ ધર્મરક્ષક છે. વેદમંત્ર-મર્યાદા સાચવવા ભગવાને બ્રહ્માસ્ત્રના તેજઃથી ગર્ભનું સ્થૂલશરીર બળવા દીધું. પોતાના કૃપાબલથી બીજભાવે રહેલા દેહના બળેલા અંશોની પણ, ન બળ્યા હોય તેવા રૂપમાં પ્રતીતિ કરાવીને રક્ષા કરી ! પ્રભુની શરણાગતિથી અશક્ય ગતિ પણ શક્ય બને છે. ભગવાન્ સર્વસમર્થ છે. "सन्तानबीजं कुरुपाण्डवानाम् ।"- કુરુ-પાંડવોના સંતાનબીજનું પ્રભુએ રક્ષણ કર્યું. પરીક્ષિત પાંડવોનો વંશજ છે. ઉદાર પ્રભુએ કૌરવોને પણ મુક્તિ દીધી છે ! વંશ વગર મુક્તિ ન થાય, તે મર્યાદા છે, તેથી પરીક્ષિતને કુરુ-પાંડવનું સંતાનબીજ ગણાવે છે.

પરીક્ષિતના શરીર પર બળવાની કોઈ નિશાની પણ ન રહી. પરીક્ષિતે સર્વાંગ સંપૂર્ણ શરીર "इदं मदङ्गं"- કહીને શ્રીશુકને બતાવ્યું ! બ્રહ્મજ્ઞાની શ્રીશુકને વિરક્ત રાજા પોતાના દેહનું દર્શન ન કરાવે, પણ ભગવાનના અલૌકિક-મહિમાનો તે પ્રત્યક્ષ પુરાવો છે, તેથી બતાવ્યું ! ભગવાને બ્રહ્માસ્ત્રમાંથી રક્ષા કરી, - ભક્તોના વંશની રક્ષા માટે; પણ આજે બ્રાહ્મણના શાપમાંથી રક્ષા નથી કરતા ! બ્રહ્માસ્ત્રને શાન્ત કર્યું. શાપને શાન્ત નથી કર્યો ! પરીક્ષિતને ત્યાં પુત્ર જન્મેજય છે. વંશરક્ષા થઈ ગઈ છે. ભગવાન્ પોતાની લીલા માટે, ભક્તોના હિત માટે, આવશ્યક હોય તે બધું કરે છે.

ભગવાને ઉત્તરાના ઉદરમાં ગદાથી અસ્ત્રતેજઃને શાન્ત કર્યું. તેજસ્તત્ત્વરૂપ સુદર્શન ધારણ કરીને ગર્ભમાં પરીક્ષિતને પોતાનું દર્શન તત્ત્વસહિત કરાવ્યું. પોતાનું ધ્યાન પછી થઈ શકે તે માટે તથા કાલનિગ્રહ માટે પ્રભુએ ચક્ર ધારણ કર્યું ! ગર્ભરક્ષા પછી પ્રભુ તિરોહિત થયા, પછી ચક્રે બાલકને કાલચક્રમાં બાંધ્યો, તેથી આજે મરણાવસ્થા આવી. શરણાગત ઉત્તરાને પ્રભુ ઓળખાયા. પરીક્ષિતને

પણ સમજાયા. શરણાગતિ સાચી સમજ આપે છે. સ્વાનુભવે રાજાને પ્રભુના ચરિતમાં વિશ્વાસ થયો. પરીક્ષિતે પ્રભુના ચરિતની ફલસાધકતાનો પુનઃ અનુવાદ કર્યો. સર્વ દેહધારીઓની અંદર પુરુષ રૂપે અને બહાર કાલરૂપે, મૃત્યુ અને અમૃતનું દાન કરતા માયામનુષ્ય (ભગવાન્)નાં પરાક્રમો કહેવા વિનંતી કરી !

ભગવાન્ જ કાલ રૂપે મૃત્યુ અને પુરુષરૂપે અમૃતનું દાન કરે છે ! :

કૃષ્ણાવતારમાં ભગવાને મૂલરૂપ અને અવતારરૂપ બંનેનાં દર્શન કરાવ્યાં છે. કૃષ્ણ તો સ્વયં ભગવાન્ છે, મૂલરૂપ છે. ભગવાન્ પુરુષ રૂપે અમૃત અને કાલ રૂપે મૃત્યુનું દાન કરે છે, મૂલરૂપ ભગવાન્ જ ઉભયનું દાન કરી શકે છે ! પ્રભુ સર્વ પ્રાણીઓના આત્મારૂપ છે, છતાં નિમિત્તવશાત્ મૃત્યુનું દાન કરે છે ! પ્રભુ પોતાની લીલા માટે જીવોને દેહસંબંધ કરાવે છે. લીલા માટે દેહસંબંધ છોડાવે પણ છે, તેથી મૃત્યુદાનમાં ભગવાનની લીલા જ નિમિત્તરૂપ છે ! **"स वै नैव रेमे, तस्मादेकाकी न रमते स द्वितीयमैच्छत् ।"**- ભગવાને રમણ ન જ કર્યું, તેથી એકાકી ક્રીડા કરતા નથી. તેણે બીજાની ઈચ્છા કરી. પોતાની લીલા માટે ભગવાને જીવ પણ પ્રકટ કર્યા. જીવ બ્રહ્મનો અંશ છે. ભગવાને તેમાંથી આનંદાંશ તિરોહિત કરતાં જીવભાવ પ્રાપ્ત થયો. **"पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य बन्धविपर्ययौ ।"**- પરબ્રહ્મ શ્રીકૃષ્ણની ઈચ્છાથી જીવમાંથી બ્રહ્મના ઐશ્વર્યાદિ છ ગુણો અનુભવ આપતા બંધ (તિરોહિત) થયા. ઐશ્વર્યના તિરોભાવથી જીવની દીનતા અને પરાધીનતા છે. વીર્યના તિરોધાનથી જીવને સર્વ દુઃખ સહવાં પડે છે. યશઃના અનુભવ વગર સર્વ પ્રકારની દીનતા આવે છે. શ્રી પ્રકટ ન હોવાથી જન્મ વગેરે સર્વ આપત્તિઓ આવે છે. જ્ઞાન ગુપ્ત થવાથી દેહાદિમાં અહંબુદ્ધિ અને વિપરીત-જ્ઞાન થાય છે. વૈરાગ્ય લુપ્ત હોવાથી વિષયોમાં આસક્તિ થાય છે. પહેલાં ચારને લીધે બંધન મળે છે અને છેલ્લાં બેને લીધે વિમુખતા મળે છે. બંધન માટે વિપર્યયથી મૃત્યુ પણ મળે છે. તે પણ ભગવાનની લીલારૂપ જ છે. બહિર્મુખ-જેની બહારની વૃત્તિ અને પ્રવૃત્તિ મુખ્ય છે તેવા - જીવને ભગવાન્ મૃત્યુનું દાન કરે છે. અંતર્મુખ કે ભગવદભિમુખ - જેની પ્રભુ-સંબંધી વૃત્તિ અને પ્રવૃત્તિ મુખ્ય છે તેવા - જીવને અમૃતનું દાન કરે છે.

ભગવાન્ તો પુરુષોત્તમ જ છે, આનન્દાકાર છે, માયા-મોહિત બુદ્ધિથી મનુષ્ય જેવા જણાય છે ! :

આ દાન કરનાર ભગવાનને **"मायामनुष्य"**- કહ્યા છે. વ્યામોહિકામાયા જીવોની બુદ્ધિને મોહ કરાવે છે. માયાથી બુદ્ધિ પર આવરણ આવતાં તે બુદ્ધિ ભગવાન્ પુરુષોત્તમને મનુષ્ય રૂપે જ ઓળખે છે. માયા ભગવાન્ પર આવરણ કરતી નથી. ભગવાનનું સ્વરૂપ માયા બદલતી નથી, પણ મનુષ્યોની બુદ્ધિ માયા-મોહથી સાચું સમજી શકતી નથી. ભગવાન્ પુરુષોત્તમ રૂપે વિરાજે છે, છતાં માયાથી બુદ્ધિમોહ થતાં લોકોને તે મનુષ્ય રૂપે લાગે છે. તે પ્રભુનાં ચરિત કહેવાની રાજાએ વિદ્વાન્ શ્રીશુકને વિનંતી કરી. **"वदस्व"**- આત્મનેપદ વાપર્યું. શ્રોતાને શ્રવણથી આનંદ મળે, સાથે વક્તાને પણ આનંદ મળે. ભગવાનના ગુણાનુવાદથી આત્મોપકાર અને પરોપકાર બંને સાધી શકાય.

રાજાએ લીલામાં પોતાના સંદેહ પૂછ્યા : શ્રીશુકને ચાર - પ્રકારનાં કૃષ્ણ-ચરિત- પૂછ્યાં :

રાજાએ સંદેહ પૂછ્યો. નવમ-સ્કન્ધમાં બલદેવજીને રોહિણીજીના પુત્ર કહ્યા છે અને દેવકીજીના

પુત્ર પણ કહ્યા છે. તેમાં પ્રભુનો પ્રભાવ છે, છતાં પણ લોકવ્યવહારની દૃષ્ટિએ બીજો દેહ પ્રાપ્ત થયા વિના, એક જ જન્મમાં તે બંનેના પુત્ર કઈ રીતે થઈ શકે ? ભગવાન્ મુકુન્દ છે. મોક્ષ દે તે મુકુન્દ.- "मुकुं मोक्षं ददातीति मुकुन्दः ।"કાલાદિનો પણ ભય દૂર કરનાર શુદ્ધ બ્રહ્મને ભય ન હોય. ભગવાન્ શુદ્ધસત્ત્વવાળા ભક્તોના પતિ છે, રક્ષક છે. વસુદેવજી શુદ્ધ સત્ત્વરૂપ છે, છતાં પિતાના ઘર (મથુરા)માંથી પ્રભુ વ્રજમાં કયા કારણથી પધાર્યા ? નન્દ વગેરે ગોપાલોની જ્ઞાતિ રૂપે તેમની સાથે કયાં વસ્યા ? અથવા, નંદજી વૈશ્ય છે. વસુદેવજી ચંદ્રવંશીય ક્ષત્રિય છે. ભગવાન્ તેમના વંશમાં પ્રકટ્યા છે. રાજા પ્રભુના પ્રાકટ્યનું રહસ્ય જાણતા નથી, તેથી "અસંજ્ઞાતિ - યોગ્ય જ્ઞાતિભાવ રહિત - નંદાદિ સાથે કેમ વસ્યા ?" - તેમ પૂછ્યું.

"વ્રજમાં વસતા પ્રભુએ શું કર્યુ ? વ્રજવાસીઓ સાથે કેવી લીલાઓ કરી ? પોતાના હાથે મામાના વધનું લોકનિન્દિત કાર્ય કેમ કર્યું ? મનુષ્યદેહ ધરીને પ્રભુ યાદવો સાથે કેટલાં વર્ષ વિરાજ્યા ? કુશલ નટ પણ અમુક સમય સુધી જ પોતાનું પાત્ર ભજવે છે. યાદવો પ્રભુની સમાન નથી. તેમની સાથે લાંબો સમય વસવું યોગ્ય ન ગણાય. યદુપુરી ભગવાનનું સ્વધામ નથી, છતાં તેમાં પ્રભુ યાદવો સાથે વિરાજ્યા. લક્ષ્મી સમાન સૌભાગ્ય પ્રભુએ કેટલી સ્ત્રીઓને દીધું ? પ્રભુને કેટલાં પત્ની થયાં ?- "पत्न्यः कत्यभवन् प्रभोः ।"

પ્રભુ સર્વસમર્થ છે. પ્રભુની લીલામાં પોતાને શ્રદ્ધા છે, તેમ પરીક્ષિતે સ્પષ્ટ કહ્યું. પ્રભુની લીલા બુદ્ધિથી ન સમજાય, શ્રદ્ધાથી સમજાય. કૃષ્ણ સદાનન્દ છે. કૃષ્ણલીલા અને તેની કથા પણ સદાનન્દ રૂપ છે, સ્વતન્ત્ર ફલ રૂપ છે. કોઈ લીલામાં પરાક્રમ ન દેખાય તો પણ તેમાં પોતાને શ્રદ્ધા છે, - એમ રાજા બોલ્યા. શ્રીશુકદેવજી સર્વજ્ઞ છે. તેમને પ્રભુચરિત વિસ્તારથી કહેવા રાજાએ વિનવ્યા. પરાક્રમ રૂપ ચરિત - "विष्णोः वीर्याणि शंस नः ।"થી પૂછ્યાં. સર્વ-ગેયચરિત- "कृतवान् यानि विश्वात्मा ।"થી પૂછ્યાં. અલૌકિક-પરાક્રમ રૂપ ચરિત- "वीर्याणि तस्य"થી પૂછ્યાં. અગેયચરિત- "रोहिण्यास्तनयः"થી પૂછ્યાં. આમ ચાર પ્રકારનાં કૃષ્ણચરિત રાજાએ શ્રીશુકને પૂછ્યાં.

વક્તા શ્રીશુક પ્રેમ-પરવશ થતાં હૃદયમાં રહેલી કથા સ્વતઃ સ્રવે છે, તેના પાનથી રાજાને ભૂખ-તરસ પીડતાં નથી !:

ભગવાનનાં ચરિત શ્રવણ કરવા રાજા ખૂબ જ આતુર છે. ભૂખ-તરસ તેને તેથી પીડતાં નથી. ભૂખને તો માનવની દુશ્મન કહી છે. ભૂખ અસહ્ય છે. માનવને તે પાપમાં પ્રેરે છે. જલથી પણ શરીર-રક્ષા થાય, ભૂખ-તરસ ન પીડે. દેહ પાંચ મહાભૂતનો બનેલો છે ! પૃથ્વી, જલ, તેજઃ, વાયુ અને આકાશ,- અન્ન-જલથી પૃથ્વી અને જલતત્ત્વ પોષાય છે. અન્નજલ ન લેતાં તેજઃથી તે શોષાય છે, દેહરક્ષા થતી નથી. રાજાને શરીર સાચવવાનું ગમતું ન હતું. કથા સાંભળવા માટે, કૃષ્ણની સેવાની મુખ્યતા સમજીને, અન્ન-જલનો રાજાએ ત્યાગ કર્યો છે. કૃષ્ણકથા માટેની આતુરતા ઉત્તમાધિકાર-સૂચક છે. શ્રીશુકદેવજીનાં મુખકમળમાંથી સ્રવતા હરિકથામૃતના પાનથી ભૂખ-તરસ રાજાને પીડતાં નથી ! કથાશ્રવણ કરાવવામાં વિલંબ ન કરવાની વિનંતી રાજાએ શુકની આ સ્તુતિમાં સમાવી દીધી.

કથા કરતાં વક્તા પ્રેમ-પરવશ બને ત્યારે વગર પ્રયત્ને - સ્વાભાવિકપણે - હૃદયમાં રહેલી હરિકથા સ્વતઃ સ્રવે ! તેના પાનથી અંતઃપ્રવેશ થાય, વિસ્મરણ ન થાય. અનુસંધાન રહે. હરિ દુઃખ

હરનારા છે. હરિની કથા પણ દુ:ખ હરનારી છે. અમૃતરૂપા હોવાથી સુખ દેનારી છે, મોક્ષ આપનારી છે. તેવી કથા ભક્ત-વક્તા દ્વારા મળે, તેથી ભક્ત-વક્તા પણ મોક્ષદાતા છે ! રાજાએ શ્રીશુકની પણ સ્તુતિ કરી છે.

પુરુષોત્તમ જ પોતે પોતાને જાણે છે ! શ્રીશુક "સભગવાન્" છે ! :

શ્રીશુકે રાજાના પ્રશ્નો સાંભળ્યા. પરીક્ષિતના પ્રશ્નમાં કુટિલતા ન હતી. પરીક્ષા કરવી, વિવાદ કરવો, પોતાની મહત્તા વધારવી, વગેરે ઉદ્દેશથી પૂછેલા પ્રશ્નો હીન-પ્રકારના ગણાય. વક્તાને તેનાથી ઉદ્વેગ થાય, ક્રોધ આવે. પરીક્ષિતના પ્રશ્નોમાં તો - "**साधुवाद**"છે. - પ્રભુસંબંધી ઉત્તમ વાતો સાધુવાદ છે. વૈરાગ્યપૂર્ણ સાધુ-સંતો પરસ્પર ભગવાનની જ વાતો કરે છે. પ્રભુ પ્રત્યેનો પ્રેમ તેમાં પ્રકટ થાય છે. ભગવન્મત-પ્રવર્તક શ્રીશુકદેવજી છે. તેમણે રાજાના પ્રશ્નોમાં પ્રભુપ્રીતિ જોઈ, સ્નેહની સ્વાભાવિકતા અને સરલતા દેખાઈ. શ્રીશુક ખૂબ પ્રસન્ન થયા. પ્રભુસંબંધી પ્રશ્નોનો ઉત્તર તો પ્રભુ જ દઈ શકે ! "**स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम ।**"- "હે પુરુષોત્તમ ! આપ પોતે જ પોતાને જાણો છો !," - અર્જુને ગીતામાં ભગવાનને કહ્યું છે. "**न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ।**"- "મારું પ્રાકટ્ય દેવો કે મહર્ષિઓ પણ જાણતા નથી !" - એમ ભગવાને પણ કહ્યું છે.

શ્રીશુક શંકરરૂપ છે, ભગવદ્ભક્ત છે. ભાગવતપ્રચાર માટે પ્રભુએ તેમને પ્રકટ કર્યા છે. રાજાના પ્રભુસંબંધી પ્રેમપૂર્ણ પ્રશ્નો સાંભળીને શ્રીશુકના હૃદયમાં પ્રભુએ પ્રવેશ કર્યો ! શ્રીશુક - "**सभगवान्**" થયા ! શ્રીશુકના હૃદયમાં પધારેલા પ્રભુ જ હવે પ્રશ્નોનો પ્રત્યુત્તર આપે છે ! અત્યાર સુધી- "**भगवान् शुकः**"- શ્રદ્ધા, આવેશ કે ભાગવતથી શ્રીશુક ભગવદ્રૂપ હતા. તે રૂપે કથા કરી. હવે, કૃષ્ણ જ દશમ-સ્કન્ધની કથા કરે છે ! પરીક્ષિત - "**विष्णुरात**" છે. ભગવાને ભાગવત - શ્રવણ - પ્રચાર - માટે તેનું રક્ષણ કર્યું છે. શ્રીશુક અને રાજા પરીક્ષિત બંનેના જીવનનું મુખ્યકાર્ય શ્રીભાગવતની પ્રવૃત્તિ કીર્તન - શ્રવણ છે. બંનેમાં દૃઢ-વૈરાગ્ય છે. વૈરાગ્ય વિના કથામાં પ્રીતિપૂર્વક પ્રવૃત્તિ ન થાય. ભગવાનના ગુણો શ્રીશુક અને પરીક્ષિત બંનેમાં છે. ભગવાન્ અને તેમના ગુણો સર્વત્ર પૂજનીય છે.

રાજાએ સ્તુતિથી શ્રીશુકનું પૂજન કર્યું. શ્રીશુકે અભિનંદન દ્વારા પરીક્ષિતનું પ્રતિપૂજન કર્યું. કૃષ્ણચરિત - "**कलिकल्मषघ्न**"છે. કલિયુગના કારણે આવતા સઘળા દોષો કૃષ્ણચરિતના શ્રવણથી-કીર્તનથી નાશ પામે છે. કલિયુગમાં શુદ્ધિ પ્રાપ્ત કરવાનો બીજો કોઈ ઉપાય નથી. દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મન્ત્ર અને કર્મ એ છ કલિયુગમાં શુદ્ધ રહેતાં નથી, - શુદ્ધ કરતાં નથી. ભગવાનની કથા જ સંપૂર્ણ શુદ્ધિ કરે છે. કથામાં ભગવાન્, ભગવાનના ગુણો અને ભગવાનના ભક્તોની જ મુખ્યતા છે. વૈરાગ્યપૂર્ણને કથા પ્રભુનું જ્ઞાન કરાવે છે. કથામાં ઉપયોગી ન હોય તેવું જ્ઞાન ભૂષણ નથી, દૂષણ છે.

બુદ્ધિના નિશ્ચયપૂર્વક પ્રભુમાં નિશ્ચલ-રતિ તો "રાજર્ષિસત્તમ" પરીક્ષિતની થઈ છે ! :

શ્રીશુકે રાજાને અભિનંદન દીધાં. "**राजर्षिसत्तम**" કહ્યા. રાજા લૌકિક-સ્વધર્મમાં નિષ્ઠાવાળા હોય. ઋષિને વૈદિક-સ્વધર્મમાં નિષ્ઠા હોય. "રાજર્ષિ" લૌકિક-વૈદિક-સ્વધર્મમાં નિષ્ઠાવાળાને કહેવાય. પરીક્ષિતમાં તે ધર્મ તો છે. તે ઉપરાંત ભગવદ્ધર્મનિષ્ઠા પણ છે. ભગવદ્ધર્મનિષ્ઠા શ્રેષ્ઠ છે, તેથી રાજર્ષિસત્તમ પરીક્ષિત છે. ભગવાને તેનો અંગીકાર કર્યો છે. પરીક્ષિતની બુદ્ધિએ સારો નિર્ણય કર્યો. "ભગવાનની કથા જ સાંભળવી જોઈએ, બીજું કાંઈ નહિ." - તે તેની બુદ્ધિનો નિર્ણય છે. ભગવાન્

કૃષ્ણ, બુદ્ધિથી પર છે. બુદ્ધિનો ભગવાનમાં લય થાય, તે ભગવત્પ્રાપ્તિ કહેવાય ! તે માટે પહેલાં બુદ્ધિની સ્થિરતા જરૂરી છે. બુદ્ધિ સ્થિર ન હોય તો પ્રભુપ્રાપ્તિ થાય નહિ. સંશય વગેરેથી પર થવાથી બુદ્ધિ સ્થિર થાય. ભગવાનમાં બુદ્ધિ સ્થિર-દૃઢ-થયા પછી અલૌકિક દેહેન્દ્રિયાદિ પ્રાપ્ત થાય છે. તે ફલ રૂપ છે. બ્રહ્મર્ષિઓને પણ તે દુર્લભ છે. !

બુદ્ધિથી થતો નિર્ણય બે પ્રકારે થાય છે, - (૧) શાસ્ત્રના અર્થના મનનથી, (૨) પોતાની રુચિથી. શાસ્ત્રસમજથી થતો નિશ્ચય મર્યાદા રૂપ છે. તેમાં કવચિત્ મોહ પણ સંભવે. સ્વાભાવિક રીતે પોતાની રુચિથી થતો પ્રભુ-સંબંધી બુદ્ધિનો નિશ્ચય પુષ્ટિમાર્ગીય છે. ઉત્તમ ભક્તોને ભગવાનમાં સ્વાભાવિક રુચિ થાય છે. પ્રભુની કૃપાથી જ તે સંભવે. ભગવાનની કથામાં બુદ્ધિની નિશ્ચલતા પ્રીતિથી પોષાય છે. કથામાં રતિ થવી દુર્લભ છે. રાજાની સભામાં ઋષિ, મહર્ષિ રાજર્ષિ, બ્રહ્મર્ષિ, પણ છે. તેમાં બુદ્ધિના નિશ્ચયપૂર્વક નિશ્ચલ રતિ તો રાજા પરીક્ષિતની થઈ છે. પ્રતિકૂલતામાં પણ ચલિત થાય નહિ, તે નૈષ્ઠિકી-રતિ છે. શ્રોતાના પ્રશ્નથી પણ શ્રોતાનું સ્વરૂપ સમજાય ! પરીક્ષિતનો પ્રશ્ન પ્રભુ-સંબંધી છે, પ્રીતિપૂર્ણ છે, પ્રભુ-સંબંધી પ્રશ્ન પણ પાવન કરે છે.

વાસુદેવ - કથા - પ્રશ્ન પણ સૌને ગંગાજીની જેમ પાવન કરે છે :

वासुदेवकथाप्रश्नः पुरुषांस्त्रीन् पुनाति हि ।
वक्तारं पृच्छकं श्रोतृंस्तत्पादसलिलं यथा ॥ (१६)

વાસુદેવની કથાસંબંધી પ્રશ્ન-વક્તા, પૂછનાર અને શ્રોતા એ ત્રણે પુરુષોને પ્રભુના ચરણ-જલ (ગંગાજી)ની જેમ પાવન કરે છે. વસુદેવના પુત્ર વાસુદેવ છે. વસુદેવ-દેવકીને દુ:ખમાંથી મોક્ષ દેનારા છે. "**वासुश्चासौ देवश्च वासुदेवः ।**"- જે સર્વત્ર વસે અને જેમાં સર્વ વસે તે, વાસુ-પરમાત્મા ! મોક્ષદશામાં માત્ર પ્રભુ જ ક્રીડા કરે છે, તેથી વાસુદેવનો અર્થ મોક્ષ થાય. ભગવાન્ સાથે સંબંધ ધરાવતી બધી વસ્તુ પવિત્ર કરે છે, ભગવાન્ સાથે સંબંધ ધરાવતો પ્રશ્ન પણ પાવન કરે છે. "**यत्कृतः कृष्णसंप्रश्नः येनात्मा सुप्रसीदति ।**"- સૂતે પ્રથમ સ્કન્ધમાં પણ કહ્યું છે. કૃષ્ણ-પ્રશ્નથી પણ આત્મા ખૂબ પ્રસન્ન થાય છે. પ્રભુસંબંધી પ્રશ્ન પણ પાવન કરે તો તેના ઉત્તરમાં કહેવાની કથા તો પાવન કરે જ, તેમાં પૂછવું શું ?

કથાનો પ્રશ્ન કથામાં પ્રવૃત્તિ કરાવે છે, પ્રીતિ વધારે છે, પાપોનો નાશ કરે છે. વક્તા ભગવદ્ગુણ જાણતા હોવા છતાં પાપના પ્રભાવથી તેનું ગાન કરી ન શકે, મૌન રહે. પાપના પરિણામે શ્રોતાનું ચિત્ત પ્રભુમાં પરોવાય નહિ, પૂછનારને પ્રભુ-સંબંધી પ્રશ્ન પૂછવાનું મન થાય, પણ પાપના કારણે પૂછી શકાય નહિ ! કથા-વિષયક પ્રશ્ન મુખમાંથી બહાર નીકળતાં જ પાપનો નાશ કરે છે. વક્તા ઉત્તર આપતાં ભગવદ્ગાન કરે, શ્રોતા સાવધ બને, પૂછનારને શંકાનું સમાધાન થાય, ત્રણે પુરુષો પાવન થાય.

સ્ત્રીજીવ લૌકિકમાં ચતુર હોય છે. લૌકિક કે અલૌકિકમાં અચતુર પશુજીવ છે. તે પાવન થતા નથી. પ્રભુમાં પ્રીતિવાળા પુરુષજીવ છે. તે પાવન થાય છે. પ્રભુના ગુણનું જ્ઞાન કથાથી થાય છે ! મામાને મારવા વગેરે લોકમાં દોષરૂપ ગણાય છે. તે દોષનું પણ લીલારૂપે જ્ઞાન કથાથી થાય છે. કથામાં દૈવી વક્તા, પૂછનાર અને શ્રોતા ત્રણે પાવન થાય છે, આસુર નહિ. અન્ય કોઈ બીજા કારણથી

કથામાં આવે, તો તે પાવન થતો નથી. વ્યવહાર સાચવવા, શરમથી, સમય ગાળવા, કુતૂહલથી, પરીક્ષાદૃષ્ટિથી, ફલની અપેક્ષાથી, માત્ર ટેવ પડી હોવાથી કે યશઃ-પ્રાપ્તિ વગેરે અન્ય - પ્રયોજનથી કથામાં આવનારને મુખ્ય-ફલ મળતું નથી. વક્તા, શ્રોતા અને પૂછનાર ત્રણે પ્રભુમાં એકતાન થઈ જાય, ત્યારે ત્રણેને મુખ્ય-ફલ મળે છે. ગંગાજી ત્રિલોકને, ત્રણ ગુણવાળાને, બંને કિનારે તથા વચમાં રહેલા ત્રણેને કે બ્રહ્મા, શિવ અને ભગીરથ એ ત્રણેને પાવન કરે છે. ગંગાજી પહેલાંનાં પાપ દૂર કરે છે, સેવામાં ઉપયોગી દેહ દે છે, ચિત્તશુદ્ધિ કરે છે. ગંગાજી દ્વારા શુદ્ધિ ત્યાં ગયા પછી થાય. કથા તો સર્વત્ર સુલભ થાય છે.

પોતાના માનસ-દુઃખથી પીડાયેલાં ભક્ત ભૂમિ બ્રહ્માજીના હૃદયમાં રહેલા ભગવાનને પોતાનું દુઃખ નિવેદન કરે છે! :

રાજાના પ્રભુસંબંધી-પ્રશ્નોને અભિનંદન આપ્યું. શ્રીશુકે કથાનો આરંભ કર્યો. આસુર અભિમાની રાજાઓની અસંખ્ય સેનાના ભારથી પૃથ્વી પીડાઈ. બ્રહ્માજીને શરણે ગઈ. પૃથ્વીને ભાર સ્થૂલ-વ્યક્તિ કે વસ્તુનો નથી. પાપનો ભાર પૃથ્વીને પીડે છે. તનના દુઃખ કરતાં મનનું દુઃખ મોટું છે. મનનો ભાર ઉતરે તો સઘળું સુખરૂપ લાગે. ભૂમિ ભક્ત છે. ભક્તોનાં દુઃખ તો ભગવાન્ પોતે જ દૂર કરે છે. તેમાં વળી પૃથ્વી સ્ત્રી છે. ભગવાન્ શ્રીકૃષ્ણ નિઃસાધન ભક્તો, સ્ત્રી, શૂદ્ર, દ્વિજબંધુ કે પાપ-પરાયણ સૌના વિશેષતઃ ઉદ્ધારક છે! અધિકારીનો ઉદ્ધાર કરે તે મર્યાદા છે. અધિકાર વગરનાનો પણ ઉદ્ધાર કરે તે પુષ્ટિ-કૃપા છે! ભક્તોનાં દુઃખ ભગવાન્ સહી શકતા નથી. ભક્તોનાં દુઃખ દૂર કરી, સુખ દેવા પ્રભુ પ્રકટ થાય છે. ભક્તોને અસહ્ય દુઃખો સહન કરવા સાન્ત્વન પણ પ્રભુ અપાવે છે. સઘળાં દુઃખ સહન કરવાં, ધૈર્ય રાખવું, પ્રભુની કૃપાની રાહ જોવી. પ્રભુમાં અચલ વિશ્વાસ રાખવો. ભક્તોનાં દુઃખ પણ સૌના સુખ માટે હોય છે. કવાચિત્ ભક્તોનાં દુઃખ વધતાં દેખાય છે, તે પણ પ્રભુકૃપા જલદી થવા માટે જ છે!

ભૂમિનો ભાર વધ્યો. "दृप्त" - રાજાઓ હતા. મદોન્તમત્ત થઈને શાસ્ત્રમાર્ગથી ઊલટે રસ્તે ચાલનાર દપ્ત કહેવાય. આ લક્ષણ દૈત્યનું છે. હણાયા છતાં મુક્ત ન થયેલા દૈત્યો, દેવો-રાજાઓ રૂપે જન્મ્યા! દૈત્યો માયાના ઉપાસકો છે. કપટથી પૃથ્વીને રસાતલમાં લઈ જવા આવ્યા છે. કપટ દૈત્યોમાં સ્વાભાવિક હોય. કપટ હોય ત્યાં દૈત્યપણું હોય! પરિણામે તે ઉત્તમ-વેષમાં રહીને પણ અધર્મ જ આચરવા લાગ્યા. તેમના અનાચારથી ભૂમિને પીડા થઈ. ભૂમિ પર અધિકાર દૈત્યોનો હતો. બેસીને પાછળ જોતાં જેટલી ભૂમિ દેખાય તેટલી દેવોની હતી! તેટલા રૂપે-ગાયના રૂપે-પૃથ્વી બ્રહ્માજી પાસે ગઈ. વરાહાવતારમાં બ્રહ્માજીએ ઉદ્ધારનો ઉપાય કર્યો હતો, તેથી આ વખતે પણ તેમની પાસે ગઈ. દુઃખનું નિવેદન કર્યું. આંખનાં આંસુ મોં પર રેલાયાં હતાં. અંતરની અકળામણ આંસુ રૂપે બહાર દેખાય, વાણીમાં વ્યક્ત થાય. બ્રહ્માજી અધિકારી છે. અધિકારદશામાં સર્વજ્ઞતા ન હોય! ભૂમિએ તેથી બ્રહ્માજીને વિગત કહી. ભૂમિ ભક્ત છે. ભક્ત ભગવાનનો આશ્રય કરે છે. અન્યનો આશ્રય ક્યારેય કરતા નથી. "उपस्थितान्तिके"- શબ્દોમાં તે સમજાવ્યું છે. "उप समीपे भगवत्येवाऽन्तर्यामिणि स्थिता, बहिरन्तिके स्थिता ब्रह्मणः ।"- બ્રહ્માજીના હૃદયમાં વિરાજતા પ્રભુ-સમીપે મનથી અને બહાર બ્રહ્માજીની પાસે તનથી પૃથ્વી ઊભાં છે!

બ્રહ્માજીને સમાધિમાં ભક્તહિત માટે ભગવાનની આજ્ઞા :
દેવો - અપ્સરાઓની પણ જીવનસફલતા પ્રભુસેવાથી છે ! :

બ્રહ્માજીએ પૃથ્વીનું દૂર ન થાય તેવું દુઃખ સાંભળ્યું. પોતે જ્ઞાનરૂપ હોવાથી નિર્ણય કર્યો. ભગવાન્ જ પોતાનું દુઃખ દૂર કરે તેવી ભક્ત પૃથ્વીની ઇચ્છા જાણી. મહાદેવજી દૈત્યોને કોઈ ઉપાય ન બતાવી દે, તેથી તેમને પણ સાથે લીધા ! વ્યાપિવૈકુણ્ઠમાં પ્રભુ પ્રકટ છે, બીજે ગુપ્ત છે. શ્વેતદ્વીપ પ્રભુનું પ્રિયધામ છે. વ્યાપિવૈકુણ્ઠનું દ્વાર ક્ષીરસાગર પાસે છે. ત્યાં સૌ પહોંચ્યાં. બ્રહ્મા અને શંકર ભક્ત હોવા છતાં અધિકારી છે. તે પ્રભુને વિનવી શકે. ભૂમિ માત્ર ભક્ત છે. ભક્ત પર કૃપા કરીને પ્રભુ ઉપાય બતાવે છે. બ્રહ્માજીએ સમાધિ કરી. ભગવાન્ જગન્નાથ છે. જગતમાં રહેલા સૌના સ્વામી છે. દૈત્યોને પણ તે અકારણ પીડા કરતા નથી ! પ્રભુ દેવના દેવ છે. દૈત્યો દેવોને પીડે, તો ભગવાન્ લીલા માટે દેવોનું હિત કરે છે. પ્રભુને પુરુષસૂક્ત અતિપ્રિય છે. આ વૈદિકસૂક્ત પ્રભુની પ્રેરણાથી પ્રાપ્ત થયેલું છે. તે તેજોમય છે. અન્તર્યામિ-સ્વરૂપના ધર્મનું તેમાં પ્રતિપાદન છે. બ્રહ્માજીએ તેનાથી હૃદયમાં રહેલા પુરુષનું, સાથે પુરુષોત્તમનું ઉપસ્થાન કર્યું, સ્તુતિ કરી. વૃષાકપિ-સર્વયજ્ઞ ફલભોક્તા-ભગવાન્ છે. - "**वृषो धर्मो यज्ञादिरूपः तस्यासमन्तात्कं सुखं फलं पिबतीति सर्वयज्ञफलभोक्ता ।**" ભૂમિ ન હોય તો યજ્ઞ ન થાય

ભગવાને સમાધિમાં બ્રહ્માજીને આજ્ઞા આપી. બ્રહ્માજીએ તે દેવોને કહી. દેવો- "**त्रिदश**"- ત્રણ દશાવાળા છે,- બાલ્ય, કૌમાર અને યૌવન ! ભગવાને તેથી તેમને અવતાર લેવાની આજ્ઞા કરી. બ્રહ્માજીએ રામાવતાર વખતે દેવોને પ્રકટ થવાની આજ્ઞા કરી હતી. તેમાં દેવોએ વિલંબ કરેલો. દશરથનો અવતાર થયો ન હતો. પરિણામે પ્રભુને ૬૦,૦૦૦ વર્ષ વિલંબ કરવો પડ્યો હતો. તેવો વિલંબ હવે ન કરવાની આજ્ઞા કરી ! રામાવતારમાં દેવોને વાનર થવું પડેલું, ખૂબ કષ્ટ થયેલું. કૃષ્ણાવતારમાં તેવું દુઃખ નથી. યાદવો રૂપે જન્મ લેવાનો કહ્યો. અંશ રૂપે - પ્રભુના સેવક રૂપે - પહેલાં પ્રકટ થવાની આજ્ઞા કરી. પોતાની કાલશક્તિ દ્વારા પૃથ્વીનો ભાર ઉતારવા પ્રભુ પધારશે. ભગવાન્ સ્વેચ્છાવિહારી છે. સર્વના સ્વામી છે. તે પૃથ્વીનો ભાર ઉતારવા ભૂમિ પર વિચરણ કરે ત્યાં સુધી દેવોને વસવા જણાવ્યું. ભૂતલ પર અલૌકિક-કર્મ થવા માંડે, ત્યારે પ્રભુપ્રાકટ્ય સમજાય. - "વસુદેવજીને ત્યાં સાક્ષાત્ પુરુષોત્તમ પ્રકટ થશે. અપ્સરાઓ સમુદ્રમાંથી પ્રકટ થઈ છે, છતાં ભગવાનની સેવા વિના જીવન વ્યર્થ છે. તેઓ ભૂતલ પર સ્ત્રી રૂપે પ્રકટ થાય !" ઉત્તમ વસ્તુ કે વ્યક્તિ પણ ભગવાનની સેવામાં ઉપયોગી થાય તો જ કૃતાર્થ બને. સેવામાં સ્નેહ અને સાવધતા જોઈએ.

પ્રભુનું પ્રિય કરવા માટે પ્રકટ થનાર શૈયા રૂપ શેષનારાયણ સહિત સંકર્ષણનો અવતાર કહ્યો :

वासुदेवकलानन्तः सहस्रवदनः स्वराट् ।
अग्रतो भविता देवो हरेः प्रियचिकीर्षया ॥ (२४)

વાસુદેવ સાત્ત્વિક કલ્પોમાં જલમાં અનુશયન કરે છે. અનંત તેમનો અંશ છે. શેષશાયી પ્રભુ અવતારદશામાં સંકર્ષણમાં આવિષ્ટ છે. સંકર્ષણ, પ્રભુનું સંહાર કરનારું સ્વરૂપ છે; છતાં તેમાં સત્ત્વગુણ અખંડ છે ! શેષમાં સંકર્ષણનો આવેશ અને સંકર્ષણમાં વાસુદેવ-કલાનો આવેશ છે. બલદેવજીનું આ

સ્વરૂપ સર્વદા છે. વાસુદેવ મૂલ-સ્વરૂપ પુરુષોત્તમનો અંશ છે. અંશ અને અંશીના અભેદ-સંબંધથી લોકમાં બલરામ અને કૃષ્ણ બે ભાસે છે, છતાં વસ્તુતઃ એકવત્ છે! પુરુષોત્તમનો આવેશ તેમાં કદાચિત્ છે. આ કારણથી દશમ-સ્કન્ધમાં બલરામજીએ કરેલી લીલા પણ ભગવાને જ કરેલી ગણાય, તેથી સ્કન્ધાર્થમાં વિરોધ ન રહે. પુષ્ટિમાં દાઉજીનું સ્વરૂપ પ્રાયઃ શ્યામ છે. શેરગઢ પાસે વ્રજમાં એક સ્થળે ગોરે દાઉજી છે.

દેવકીજીનો સાતમો ગર્ભ શેષમાં આવિષ્ટ સંકર્ષણરૂપ છે. તેમાં વાસુદેવાંશ નથી. વાસુદેવાંશ રોહિણીજીના ગર્ભમાં છે. દેવકીજીના સાતમા ગર્ભનું માયાએ આકર્ષણ કર્યું. વાસુદેવ મોક્ષદાતા છે, નિર્ગુણ છે. મોક્ષ માયાથી પર થવાથી થાય, તેથી વાસુદેવનું આકર્ષણ માયા ન કરી શકે. વાસુદેવ માયાધીન નથી. દેવકીજી અને રોહિણીજીના ગર્ભ જુદા જુદા છે. વસુદેવજીએ ગર્ભસ્થિતિ પછી જ રોહિણીજીને ગોકુલમાં મોકલ્યાં છે. દેવકીજીના ગર્ભમાંથી શેષમાં આવિષ્ટ સંકર્ષણને લઈને યોગમાયાએ રોહિણીજીના ઉદરમાં પધરાવ્યા. રોહિણીજીના ઉદરમાં વાસુદેવાંશ પહેલેથી છે; તેથી બલરામજીમાં વાસુદેવકલાનો પણ આવેશ છે. વાસુદેવ પહેલાં વ્યાપિવૈકુણ્ઠમાંથી વસુદેવજીના હૃદયમાં પ્રકટ થયા. કંસને સમજાવીને દેવકીજીનું મૃત્યુ અટકાવ્યું, તેથી વાસુદેવનું કાર્યતઃ પ્રાકટ્ય વસુદેવજીના હૃદયમાં થયું છે. સ્વરૂપતઃ પ્રાકટ્ય વ્રજમાં રોહિણીજી દ્વારા થયું છે!

બલરામજીનું પ્રાકટ્ય પ્રભુની સેવામાં સાવધાનતા માટે, દૈત્યોનો વધ કરી મોક્ષ દેવા માટે, પૃથ્વીનો ભાર ઉતારવા માટેની લીલામાં પ્રભુને અનુકૂલ થવા માટે છે. બલદેવજી લીલામાં સાક્ષિવત્ છે. બલદેવજીની પ્રલંબાસુરવધ વગેરે લીલા ભગવદાવેશથી જ છે, સ્વતન્ત્ર નથી.

"સર્વને મોહ કરનારી ભગવાનની માયા પણ પ્રભુની આજ્ઞાથી પ્રકટ થશે!" - પ્રભુની કૃપાથી માયા પણ છ ગુણવાળી છે. માયા સર્વને મોહ કરે છે, તેથી સર્વની મુક્તિ થતી નથી. ગર્ભ સંકર્ષણ, વ્યામોહ વગેરે માયાનાં કાર્ય છે.

બ્રહ્માજીએ દેવગણોને આજ્ઞા કરી. પૃથ્વીને વાણીથી આશ્વાસન દીધું. પ્રભુ પધારવાના હોવાથી અભિનંદન દીધું, પછી બ્રહ્માજી સ્વધામ-સત્યલોકમાં ગયા. પ્રજા સ્વચ્છન્દ ન થાય અને સૃષ્ટિકાર્ય ચાલુ રહે, તેથી ભગવાને બ્રહ્માજીને અવતાર લેવાની આજ્ઞા ન કરી!

ભગવાને મથુરામાંથી પોતાનું સન્નિધિ તિરોહિત કર્યું! : તેથી ભક્તોને દુઃખ થતાં ભગવદવતાર! :

પહેલાં, સહસ્રાર્જુનનો બીજો પુત્ર શૂરસેન હતો. પ્રભુકૃપાથી રાજ્ય ચાલતું હતું. માથુર અને શૂરસેન એ બે પ્રાંત સહસ્રાર્જુને તેને આપ્યા હતા. શ્રીરામચન્દ્રજીના ભાઈ શત્રુઘ્નજીએ વસાવેલી મથુરામાં તે રહેતો હતો. મથુરા રાજધાની હતી. "राजा धीयते प्रीयतेऽस्यामिति राजधानी ।"- રાજા જ્યાં પ્રસન્ન થઈને વસે તે,- રાજધાની! રાજલક્ષ્મી ત્યાં નિત્ય વસતી હતી. યાદવોને માટે મથુરા પ્રદેશ સ્વદેશ હતો. મથુરામાં ભગવાન્ નિત્ય વિરાજે છે. સર્વ વ્યાપક ભગવાન્ સર્વત્ર વિરાજે છે. તત્ત્વોને સર્જ્યાં પછી પ્રભુએ તેમાં પ્રવેશ કર્યો છે. કારણ-રૂપ પ્રભુ સર્વત્ર વિરાજે છે, છતાં દેહમાં પ્રવેશ કરીને જીવ જેમ હૃદયમાં રહે છે; તેમ પૃથ્વી તત્ત્વમાં પ્રવેશ કરીને મૂલસ્વરૂપ પ્રભુ મથુરામાં નિત્ય વિરાજે છે. શ્રીરંગજીમાં બ્રહ્માંડ જેનું શરીર છે તેવા નારાયણનું સાન્નિધ્ય છે. દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ,- એ છ ધર્મનાં અંગ છે. તેમાં પણ પ્રભુ વિરાજે છે. શાલગ્રામ, એકાદશી, તુલસી,

અષ્ટાક્ષર, પંચાક્ષર, ગદ્ય વગેરે મંત્રો વગેરેમાં પણ પ્રભુ નિત્ય વિરાજે છે. આવાહન અને વિસર્જન થતું હોય ત્યાં માત્ર આવિર્ભાવ - તિરોભાવથી સ્થિતિ છે, નિત્ય નથી. પ્રભુ સર્વનું હિત કરે છે, દુઃખ દૂર કરે છે. મથુરામાં પ્રભુનું સન્નિધિ છે, તેથી ભક્તોને દુઃખ ન થાય. ઉત્કૃષ્ટ ભક્તોના તીવ્ર દુઃખ વિના ભગવાનનો અવતાર ન થાય. ભક્તોના નિરોધ માટે અવતાર આવશ્યક છે. ભગવાને તેથી મથુરામાંથી પોતાના સન્નિધિનું સર્વતઃ આકર્ષણ કર્યું. અવતાર દશામાં તે રૂપે સન્નિધિ જરૂરી નથી, તેથી તેને પોતાના સ્વરૂપમાં લીન કર્યું. આ કારણે ભક્તોને દુઃખનો અનુભવ થાય. આ પ્રસંગે થયેલું દુઃખ કોઈ સાધનથી દૂર ન થાય. પ્રભુ કૃપા કરીને પોતે જ દૂર કરે !

મા દેવકીજી ભક્ત છે. દેશથી, કાલથી, અવસ્થાથી, સ્વતઃ, અન્યથી, દ્રવ્યથી અને માનથી સાત પ્રકારે તેમનો ઉત્કર્ષ લગ્નપ્રસંગ-વર્ણનથી બતાવ્યો. આ સાતથી જે સંપન્ન હોય તે સુખી કહેવાય ! સુખનાં તે નિમિત્ત ગણાય છે. સુખ પ્રભુએ આપ્યું હોય તો દુઃખરૂપ ન બને. સાત પ્રકારે સુખી દેવકીજી છે.

કોઈ વખત મથુરામાં શૂરપુત્ર વસુદેવજીના લગ્નનો ઉત્સવ હતો. દેવકનાં પુત્રી દેવકીજી સાથે વસુદેવજીનું લગ્ન થયું. દેવક મોટા હોવા છતાં મથુરામાં ઉગ્રસેન રાજા છે. ! તે પુષ્ટિરાજ્ય છે. દેવકીજીના વિવાહનો ઉત્સવ ઉગ્રસેને કર્યો. નવોઢા દેવકીજી સાથે વસુદેવજી પોતાના ભવને જવા સસરાએ આપેલા રથમાં વિરાજ્યા. બહેનને બહુમાન દેવા કંસ પોતે રથ હાંકવા બેઠો. દેવક દેવ રૂપ છે. દેવકીજીમાં પ્રભુ પ્રકટશે, - તેમ તે જાણે છે, તેથી કન્યાને ખૂબ કરિયાવર આપ્યો ! સોનાની માલાઓ શણગારેલા ૪૦૦ હાથી, ૧૫૦૦૦ ઘોડા અને ૧૮૦૦ રથ આપ્યા. સુકુમાર ૨૦૦ દાસીઓ શૃંગાર અને વાહન સાથે વત્સલ પિતાએ પુત્રીને આપી. શંખ-દુન્દુભિ વગેરે મંગલ વાદ્યો વાગતાં હતાં.

ગર્ભનો અર્થ તો પુરુષ-પ્રકૃતિક બાલક છે ! :

રથ પસાર થતો હતો. માર્ગમાં આકાશવાણી થઈ. લગામ પકડીને બેઠેલા કંસને કહ્યું, - "હે અબુધ ! જેને તું લઈ જાય છે તેનો આઠમો ગર્ભ તને મારશે !" ભગવાને વાગ્દેવતાને પ્રેરણા કરી, તેથી પુત્ર કે પુત્રી સ્પષ્ટ ન કહ્યું, "ગર્ભ" - કહ્યું ! ગર્ભ તો ઉદરમાં હોય. તે મારી ન શકે, જન્મ્યા પછી જ મારે. જન્મ્યા પછી તે ગર્ભ ન કહેવાય. પુત્ર કે પુત્રી જે હોય તે કહેવાય. શ્રુતિમાં પંચાગ્નિ-પ્રકરણ છે, તેમાં "तस्या आहुतेर्गर्भः सम्भवति ।"- પાંચમી આહુતિથી ગર્ભ સંભવે છે, - "पुरुषवचसो भवन्ति"- થી ત્યાં "ગર્ભ" - શબ્દનો અર્થ પુરુષ-પ્રકૃતિક બાલક છે ! "योनेः शरीरम् ।"- એ બ્રહ્મસૂત્રમાં પણ એવો અર્થ છે ! આ વાત કંસ સમજી ન શક્યો, "અબુધ" છે. આકાશવાણી સાંભળતાં કંસ ગુસ્સે થયો. કાલનેમિ અસુરનો આવેશ કંસમાં થયો, તેથી તેને "स-खलः"- કહ્યો છે. કાલનેમિ દોષરૂપ આધિ-ભૌતિક-કાલનું સ્વરૂપ છે. કાલ દોષ અને ગુણ સાથે સંયુક્ત થાય છે, ત્યારે તે ગુણયુક્ત કે દોષમય ગણાય છે. દુષ્ટકાલ કાલનેમિ રૂપ છે. દુષ્ટકાલ પ્રતિબંધ રૂપ ગણાય છે. ભક્તિમાર્ગમાં વિઘ્નરૂપ લોકો પણ દુષ્ટકાલ રૂપ છે.

સમાજ અને શાસ્ત્રના શિષ્ટાચારની પરવા વગર જીવનાર ખલ છે ! :

અભિમાની પોતાના હાથે સર્વનાશ નોતરે છે ! :

કૃષ્ણાવતારમાં હણાયેલા દૈત્યો આધ્યાત્મિક-દષ્ટિએ દોષનાં સ્વરૂપો છે. જે ભક્તોનો

ભગવાન્ નિરોધ કરવા ઈચ્છે, તેમના દોષો દૂર કરે છે. દોષો અસુર રૂપ છે. ભગવાન્ તેમનો વધ કરે છે. "**लोभक्रोधादयो दैत्याः ।**"- લોભ-ક્રોધ વગેરે દૈત્યો છે. એ શ્રુતિ છે. આદિ-શબ્દથી બાકીના બધા સમજી શકાય. દૈત્યના કાર્ય ઉપરથી તે કયા દોષનું સ્વરૂપ છે, તે જાણી શકાય છે. દોષ આધ્યાત્મિક રૂપ ગણાય, અંતઃકરણમાં હોય. દૈત્ય તે દોષનું આધિભૌતિક સ્વરૂપ ગણાય. તે બહાર પ્રકટ હોય. દોષયુક્ત કાલ આધ્યાત્મિક-રૂપ કાલનેમિ તેનું આધિ-ભૌતિક-રૂપ. કંસમાં તેનો આવેશ થયો. કંસ દિગ્વિજયી છે. સ્વભાવથી ખલ છે. અતિશય પાપ કરવાથી પાપ રૂપ બની ગયો છે. ખલને લોકલજ્જા ન હોય. પાપ, શાસ્ત્રની મર્યાદા ન પાળે. શાસ્ત્ર અને સમાજના શિષ્ટાચારની પરવા કર્યા વિના જીવનાર તથા બીજાને પીડનાર ખલ ગણાય, પાપરૂપ કહેવાય.

દેવકીજી નાસી ન જાય માટે કંસે વાળ પકડ્યા. તલવાર લઈને મારવા તૈયાર થયો. કંસ ક્રૂર અને નિર્લજ્જ છે. વસુદેવજી વિચક્ષણ છે. વિરોધમાં પણ વિચક્ષણ, વિહ્વલ ન બને. મંગલ પ્રસંગે યુદ્ધ યોગ્ય ન ગણાય, તેમ સમજીને કંસને તે સમજાવવા લાગ્યા. જ્ઞાનથી દુષ્ટતાને અટકાવવા પ્રયત્ન કર્યો. કંસને આ જ્ઞાન ગળે ઉતરે તો અભિમાન-રહિત થાય, તો ભગવાન્ તેને ન મારે ને! ભગવાન્ કોઈ ક્લેશ થાય તેવું હીન, દોષવાળું કર્મ કરતા નથી. કંસમાં અભિમાન છે, તેથી તેને હિતની વાત પણ અવળી લાગી, ન માની. ભગવદિચ્છા બલવતી છે. અભિમાનવાળાને સારી-સાચી-હિતની વાત કહેવામાં આવે તો પણ અવળી પડે, ઉશ્કેરાય ! અભિમાનથી અનર્થ વધારે આચરે, પરિણામે અભિમાનીનો સર્વનાશ થાય છે. અભિમાની દુરાગ્રહથી પોતાના હાથે જ પોતાનો નાશ નોંતરે છે.

વસુદેવજીએ નવ શ્લોકમાં ભગવાન્ સંબંધી ગુપ્ત તત્ત્વજ્ઞાન આપ્યું :

ભગવદિચ્છાથી કર્માનુસાર દેહ સંબંધ, દેહાધ્યાસથી જીવનાં જન્માદિ લાગે છે ! :

દેહાત્મભાવ અધ્યાસ છે, દેહમાં રહેલાં તત્ત્વો અધ્યાસ-રૂપ નથી ! :

યશસ્વી લોકો નિન્દિત કર્મ કરે તે ઉચિત નથી. કોઈને મારવાથી પોતાનું મરણ દૂર થતું નથી. મરણનો ભય કાયરતા છે. સ્ત્રીઓને પીડવામાં શૂરવીરતા નથી.

કોઈને મારવાથી જો કદાચ પોતાનું મરણ અટકતું લાગે, તો પણ તે ઉપાય અયોગ્ય છે. મૃત્યુ પછી તો દેહ મલરૂપ ગણાય છે. જીવતાં જે શરીર કહેવાય છે, તે જીવ ગયા પછી શબ કહેવાય છે. શબને અડકવાથી સ્નાન કરવું પડે. જે જન્મે છે, તે મરે પણ છે. મૃત્યુ પ્રાણી કે પદાર્થમાત્ર માટે નિશ્ચિત છે. મૃત્યુના બે ભેદ છે,- અન્તર્મૃત્યુ અને બહિર્મૃત્યુ ! શ્રુતિમાં ભૂખને શત્રુરૂપ કહી છે, મૃત્યુરૂપ પણ છે. પ્રાણવાળાંઓને ભૂખ વગેરે અન્તર્મૃત્યુરૂપ છે. પ્રાણ વગરના જડ પદાર્થોનું મૃત્યુ બાહ્યધર્મથી થાય છે. તે બહિર્મૃત્યુરૂપ છે. ભગવાને પહેલાં મૃત્યુથી ઘેરાયેલા જીવોને બહાર કાઢ્યા. અન્તર્મૃત્યુ દૂર કરી નિશ્ચિત મૃત્યુની સ્થાપના કરી.

પહેલાંના દેહનો ત્યાગ કરવામાં કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. મરણ થતાં દેહમાંનાં પાંચ મહાભૂતો તે તે અંશોમાં લીન થઈ જાય છે. દેહાભિમાની જીવને કર્માનુસાર નૂતનદેહ મળે છે. તે જીવ કર્મવશ છે. તેને પ્રયાસ કરવો પડતો નથી. મૃત્યુ પછી બીજા દેહની પ્રાપ્તિ દુર્લભ નથી. ચાલતો માનવ એક પગે સ્થિર થઈને, પછી બીજા પગથી ગતિ કરે છે. ચાલવાની ઝડપને લીધે આ પ્રક્રિયા સમજી શકાતી નથી. (તૃણજલૌકા) ખડમાંકડીમાં તે સ્પષ્ટ દેખાય છે. ખડમાંકડી આગળના ઘાસ પર

પોતાના પગ સ્થિર થયા પછી પાછળના ઘાસને છોડે છે. તેમ જીવ કર્માનુસાર ગતિ પ્રાપ્ત કરે છે, બીજો દેહ મેળવે છે. તે કર્મના ફ્લ રૂપે મરણ-સમયે ઈન્દ્રિયોના દેવતાઓ પોતાનું કાર્ય છોડી દે છે. હૃદય પાસેની નાડીઓ પ્રકાશે છે. જીવ શરીરમાંથી નીકળી જાય છે. જેને યમગતિ ન મળવાની હોય તેમનો આ પ્રકાર છે. કર્મમાર્ગીયને કર્માનુસાર દેહ મળે છે. પુણ્યકર્મથી પુણ્યાત્મા અને પાપથી પાપાત્મા થાય છે. કર્મ સાથે જીવ જ્યાં જાય ત્યાં મન તો જોડાયેલું હોય છે. અંતકાલે મન જ્યાં હોય ત્યાં ગતિ થાય. ભાવનાનુસાર ગતિ થાય.

દેહાધ્યાસ વગર વાસ્તવમાં જીવનો જન્મ થતો નથી. પોતાના દિવસ-ભરના મનોરથોનો બુદ્ધિમાં પ્રવેશ થવાથી, સ્વપ્નમાં તેનો અનુભવ થાય છે. તેમાં પ્રયાસ કરવો પડતો નથી. સ્વપ્નમાં મૂલદેહ-સ્થિતિ યાદ રહેતી નથી. તેમ કર્મ પ્રમાણે દેહ પ્રભુ આપે છે. જીવને પ્રયાસ કરવો પડતો નથી ! જૂના દેહની યાદ નવા દેહમાં રહેતી નથી. સ્વપ્ન માયાથી થાય છે. તે અધ્યાસ-રૂપ છે, તેમ દેહાત્મભાવ (દેહ આત્મારૂપ છે, - તેવું ભાન) અધ્યાસ છે. દેહમાં રહેલાં તત્ત્વો અધ્યાસ-રૂપ નથી, સર્વાત્મભાવ- વાળાને તો સઘળું પ્રભુમય લાગે છે, દેહાધ્યાસ હોતો નથી. દેહાદિમાં "હું અને મારું"- એવા પ્રકારની બુદ્ધિ- અધ્યાસ છે, લોકબુદ્ધિને અનુસરતી વાત અહીં કહી છે. જીવ તો ભગવાનનો અંશ છે. નિત્ય, અજર, અમર છે. દેહાધ્યાસ અજ્ઞાનથી થાય છે. જ્ઞાનથી તે નિવૃત્ત થાય છે. જન્મમરણ દેહને છે, જીવને નથી. દેહના સ્વીકાર અને ત્યાગમાં મન કારણરૂપ છે. મન સંકલ્પ-વિકલ્પ રૂપ છે. તેને દૈવ પ્રેરે છે. કાલ, કર્મ અને ભગવદિચ્છા દૈવ કહેવાય છે.

ભગવાનનું અક્ષર - બ્રહ્મ - સ્વરૂપ :

ભગવદિચ્છા પણ ભગવાનનું સર્વભવન-સમર્થ સ્વરૂપ છે. તે ધર્મ રૂપ થતાં ઈચ્છા રૂપ થાય છે. ભગવાનની તે સ્વરૂપભૂત-શક્તિ છે. ભગવાન્ જ્યારે જે સ્વરૂપ વડે કાર્ય કરવા ઈચ્છે, તે સ્વરૂપ પ્રકટ કરે છે, પોતે તે રૂપ બને છે. જ્ઞાન દ્વારા મોક્ષ દેવા ઈચ્છે ત્યારે ચરણારવિંદરૂપ અક્ષરબ્રહ્મનાં ચાર સ્વરૂપ પ્રકટ કરે છે, - અક્ષર, કર્મ (બ્રહ્મ), કાલ અને સ્વભાવ ! કાલ, કર્મ અને સ્વભાવ અક્ષરબ્રહ્મનાં જ રૂપાન્તર છે.

પ્રકૃતિ અને પુરુષના કારણરૂપ અક્ષરબ્રહ્મ છે. બ્રહ્મમાં અનેકરૂપ થવાની લીલા રૂપ ઈચ્છા થતાં આનંદાંશ થોડો તિરોહિત જેવો થાય છે, વાસ્તવમાં તો તે આનંદમય છે, પરબ્રહ્મના વાસરૂપ અક્ષરબ્રહ્મ છે. તે પ્રભુના ચરણ-રૂપ, ધામ-રૂપ, પુચ્છ-રૂપ, આસન-રૂપ છે. જ્ઞાનમાર્ગમાં અક્ષરબ્રહ્મ સેવ્ય છે ! ફ્લ છે. જ્ઞાનીઓ માટે જ્યોતિરૂપ છે. તે જ્ઞાનપ્રધાન, ગણિતાનન્દ, બ્રહ્મ, કૂટસ્થ, અવ્યક્ત, વગેરે નામે પણ ઓળખાય છે.

ભગવાનનું કાલ - સ્વરૂપ :

બ્રહ્મ સચ્ચિદાનંદ છે. સ્વેચ્છાથી તેના ચિત્ અને આનંદ તિરોહિત થયા. પ્રભુની ક્રિયા-શક્તિરૂપ સત્ત્વાંશ થોડો પ્રકટ રહ્યો. આ કાલ છે. જે જડ અને જીવ કરતાં જુદો છે. ભગવાનની ચેષ્ટારૂપ છે, સર્વસમર્થ છે. કાલ અન્તઃ - સચ્ચિદાનંદરૂપ હોવા છતાં વ્યવહારમાં અલ્પ-સત્ત્વાંશ વડે પ્રકટ છે. આ સ્વરૂપલક્ષણ છે. કાલ નિત્ય હોવા છતાં, સર્વનો આશ્રય કે ઉદ્‌ભવકારણ છે ! આ કાર્યલક્ષણ છે. તેનાથી મોડું, જલદી, ભૂત, ભવિષ્ય, વર્તમાન વગેરે વ્યવહાર સંભવે છે. કાલ પોતે

પ્રકટ થયો છે, તે અનુભવ-ગમ્ય છતાં અપ્રત્યક્ષ, ગતિશીલ, ક્રિયાશક્તિ પ્રધાન છે. ભગવાનનો તે મુખ્યાધિકારી પણ છે. સૂર્ય તેનું આધિભૌતિક રૂપ છે, યુગ વગેરે આધ્યાત્મિક રૂપ છે, ભગવાન્ આધિદૈવિક રૂપ છે.

ભગવાનનું કર્મ - સ્વરૂપ :

વિધિ અને નિષેધમાં વાક્યો વડે જે ક્રિયાશક્તિનો ઉદ્‌ગમ થાય છે, તે કર્મ છે. વિધિ-નિષેધ-પ્રકારે લૌકિક-ક્રિયાઓ વડે પ્રદેશતઃ પ્રકટ થવા યોગ્ય વ્યાપક ક્રિયા તે કર્મ છે. કર્મ, કર્તા દ્વારા ઉત્પન્ન થાય છે. કાલ કરતાં લોકોને કર્મ વિશેષ રીતે હિત કે અહિત રૂપ ફલ આપે છે. કાલ નિત્ય પ્રકટ છે. કર્મ નિત્ય પ્રકટ નથી, ફલદાન સુધી રહે છે. કર્મ બ્રહ્મરૂપ હોવાથી વ્યાપક છે. જેના દ્વારા તે જેટલું પ્રકટ થાય, તેને તેટલું ફલ દઈને તે તિરોહિત થાય છે.

ભગવાનનું સ્વભાવ - સ્વરૂપ :

સ્વભાવ પરિણામ-હેતુરૂપ છે. ભગવદિચ્છા (આકારક) જેવું તેનું સ્વરૂપ છે, ભગવદિચ્છા નહિ ! તે વ્યાપક છે. સઘળી વસ્તુને ગૌણ કરીને તે મુખ્ય (વિષય) રૂપ બને છે. સ્વભાવ કાર્યથી કે પરિણામથી સમજાય છે. આ સર્વ જુદી જુદી લીલા કરવાની ઈચ્છાથી પ્રકટ થયેલાં ભગવાનનાં જ જુદાં જુદાં સ્વરૂપો છે.

માયા-મોહિત જીવ પર રાગ-દ્વેષ થાય, તે વ્યર્થ છે :

બુદ્ધિ અને બલ હોય ત્યાં સુધી પુરુષે પ્રયત્નો કરવા : વસુદેવજીએ "સુત" દેવા વિચાર્યું ! :

આમ કાલ, કર્મ કે ભગવદિચ્છા રૂપ દૈવથી મન પ્રેરાય છે. માયાથી રચાયેલા વિષયોમાંથી કોઈને ઉત્તમ માનીને તે જ્યાં જોડાય છે, ત્યાં જીવ પણ જાય છે. મનની ભાવનાનુસાર જીવને દેહ મળે છે, મનની ભાવનાનુસાર જીવ દેહનું મોહથી અનુસરણ કરે છે ! શ્રોતા અસુર હોવાથી આમ સમજાવ્યું. દેહ માટીના પાત્ર જેવો ! અંતઃકરણ તેમાં ભરેલા જલ જેવું ! તેમાં સૂર્યનું પ્રતિબિંબ પવનથી હાલતું લાગે, સૂર્યને તેમાં કાંઈ સંબંધ નથી, તેમ માયા-સંબંધથી જીવ મોહ પામે છે. દેહસંબંધ-ભ્રમથી છે. મોહિત જીવ પર રાગ-દ્વેષ થાય તે વ્યર્થ છે ! કોઈનો દ્રોહ ન કરનારને કોઈ તરફથી ભય હોતો નથી. જો કોઈ કોઈનો દ્રોહ કરે તો જેનો દ્રોહ થાય તે અથવા તેનામાં રહેલા ભગવાન્ પણ દંડ દે !

કંસની બાબતમાં આકાશવાણી મિથ્યા ન થાય. દેહ આત્મા નથી. દેહ માટે કોઈનો દ્રોહ ન કરવો. જેવો આપણો દેહ તેવો બીજાનો ! કોઈનો દ્રોહ ન કરતાં દયા કરવી. કંસ દેવકીજીને મારે તો પોતે કંસને મારે તેવો ભય પણ બતાવ્યો. લોકવ્યવહારથી પણ દેવકીજીનો વધ યોગ્ય નથી. તે બહેન છે. સ્નેહપાત્ર (આઠ વર્ષની) બાલિકા તો રમકડા જેવી ગણાય. તેના પર તો દયા થાય. વસુદેવજીએ સામ અને ભેદથી કંસને મનાવ્યો. દેહ અને આત્માનો વિવેક સમજાવ્યો. પરમાર્થ અને લૌકિકનો ભય પણ બતાવ્યો, છતાં કંસમાં દૈત્યનો આવેશ હોવાથી તે ન માન્યો. વસુદેવજીએ કંસનો દુરાગ્રહ જોયો. અંતરમાં અણધાર્યો ઉપાય સૂઝ્યો. બુદ્ધિશીલ પુરુષે બુદ્ધિ અને બલ હોય ત્યાં સુધી નિરાશ ન થવું, પ્રયત્નપરાયણ રહેવું, મૃત્યુમાંથી બચવું, અનર્થમાંથી અટકવું. પ્રયત્ન કરવા છતાં પરિણામે સફલતા ન મળે તો જીવનો કોઈ અપરાધ નથી !

પોતાના દીકરા થાય અને જો ત્યાં સુધી આ મરી ન જાય, તો મૃત્યુને દીકરા દઈને પણ આ દીન દેવકીજીને છોડાવવાનો વિચાર વસુદેવજીએ કર્યો. કંસમાં મૃત્યુનો આવેશ છે. તે દેવકીજીને છોડી દે તો, દેવકીજી અને થનારા પુત્રો તેણે દીધા કહેવાય. તે પાછા દેવામાં દોષ ન લાગે! વંશતંતુ ચલાવવા દીકરા જોઈએ, પણ તેના કરતાં દીન દેવકીજીની પ્રાણરક્ષા મહત્ત્વની છે. વસુદેવજી "**सुत**"- દેવાનો વિચાર કરે છે. "**सूयतेऽसौ सुतः ।**"- પ્રસવમાત્રથી સુત કહેવાય. "**पुं-नाम्नो नरकात् त्रायते इति पुत्रः ।**"- પું-નામના નરકમાંથી તારે તે, - પુત્ર! પ્રસવ તો પશુમાં પણ સંભવે! પવિત્રકર્મ તો પુણ્યમય પુરુષ કરે, પોતે તરે અને બીજાને તારે, ભવસાગરની પાર ઉતારે.

મૃત્યુના અનેક પ્રકાર છે! :

પ્રાણીમાત્ર માટે સેંકડો મૃત્યુ ઉત્પન્ન થાય છે. જ્યાં મૃત્યુ થાય ત્યાં તેનો પ્રતિકાર થાય, બચવાનો ઉપાય થાય. માથાનો અસહ્ય દુઃખાવો, શરીરમાંથી પ્રાવાહિક-પદાર્થોનું નીકળવું વગેરે સો પ્રકારનાં સામાન્ય-મૃત્યુ છે. "**एकोत्तरं मृत्युशतमथर्वाणः प्रचक्षते ।**"- અથર્વવેદને જાણનારાઓ ૧૦૧ મૃત્યુ કહે છે! "**तत्रैकः कालसंज्ञस्तु शेषास्त्वागन्तवः स्मृताः ।**"- તેમાં એક કાલનામનું છે, બીજા આગન્તુક છે. દેહ અને પ્રાણનું જુદા પડવું તે પણ મૃત્યુ છે. તે નિયત કાલરૂપ છે. પ્રમાદ, ભય કે અત્યંત - વિસ્મૃતિ વગેરે પણ મૃત્યુ કહેવાય છે. આગંતુક-મૃત્યુ ઉત્પન્ન થતાં હોવાથી, તેમનો નાશ-મૃત્યુ - પણ સંભવે છે. તેના ઉપાયો પણ ઘણા દેખાય છે. જેવું મૃત્યુ તેવા ઉપાય! મૃત્યુ પ્રભુનું ઉપસેચન - ઘી, - ભગવાન્ તેનું પણ ભક્ષણ કરે છે. તે મૃત્યુના મૃત્યુનો એક પ્રકાર છે, - મુક્તિ! નિત્યલીલા-પ્રવેશથી પણ તે સંભવે! મૃત્યુને યમનો દૂત પણ કહ્યો છે. મૃત્યુના દેવતા યમ છે. ભગવદ્ભક્તોને તે પીડે નહિ. મહામૃત્યુ ભગવદ્રૂપ છે. ગીતામાં "**कालोऽस्मि लोकक्षयकृत् प्रवृद्धः ।**"- લોકનાશ કરનાર વધેલો હું કાલ છું, - એમ ભગવાને કહ્યું છે.

અલૌકિક-વાતો લૌકિક-યુક્તિથી ન સમજાય : નિષ્કપટ વસુદેવજીએ "પુત્ર"-દેવા કહ્યું! :

વસુદેવજીએ વિચાર કર્યો, - "પ્રભુની ગતિ સમજાય તેમ નથી. અલૌકિક-વાતોનો વિચાર લૌકિક યુક્તિઓથી થાય નહિ! મારો પુત્ર પણ કંસને મારે. જીવના અને શરીરના સંયોગ અને વિયોગનું કારણ પણ સમજાય તેમ નથી!" પોતાના હૃદયમાં રહેલા સદ્ભાવને કંસમાં પણ પ્રકટ કરવા તેને બહુમાન દીધું. મન દુભાતું હતું, છતાં હસ્યા! કંસમાં ક્રૂરતા અને નિર્લજ્જતા હતી. તામસ-ક્રોધભર્યો-હોય, તે નિર્લજ્જ હોય. કામ, ક્રોધ, લોભ, નરકના દરવાજા છે. ઉન્નતિ ઈચ્છનારે તેનાથી દૂર રહેવું. લોભ ઈચ્છેલા લાભથી કદાચ શમે, ક્રોધ કાર્ય થતાં પરિણામે શમે. કામ તો સેવન કરવાથી પણ વધતો જાય! જ્ઞાન-વિજ્ઞાનનો-નાશક, પાપ રૂપ કામ છે. કામ વિષયભોગમાં વ્યક્ત થાય. "**विषयाविष्टचित्तानां नावेशः सर्वदा हरेः ।**"- વિષયો જેના ચિત્તમાં ભરાઈ બેઠા હોય, તેનામાં પ્રભુનો આવેશ સર્વદા ન થાય! કામ-ક્રોધ-લોભાદિ દોષ હોય તેના હૃદયમાં ભગવદ્ભાવ ન આવે.

કંસને સદ્ભાવની અસર ન થઈ. વસુદેવજીએ પુત્રો કંસને દેવાનું કબૂલ્યું. નિષ્કપટતા-સૂચક "**पुत्रान्**"- શબ્દ છે! બધા પુત્રો દેવા કહ્યું. આપવાથી તે પુત્રો કંસના થાય, તો તેને મારે નહિ. કંસ વસુદેવજીની સત્યનિષ્ઠા જાણતો હતો. તેમની વાતનો સાર સમજ્યો. બહેનનો વધ કરતો અટક્યો. વસુદેવજીને ઘેર પહોંચાડ્યા. પ્રસન્ન વસુદેવજી તેને અભિનંદન દઈ ઘરમાં પધાર્યા. યોગ્ય સમયે

દેવકીજીને પ્રતિવર્ષ પ્રસવ થયો. કુલ આઠ પુત્ર થયા. નવમી કન્યા જન્મી. વસુદેવજી વચન પ્રમાણે પોતાના પ્રથમ પુત્ર કીર્તિમાનને લઈને કંસને આપવા આવ્યા. પ્રથમ પુત્ર ન દેવાય, વચન અસત્ય પણ ન થાય ! વસુદેવજીએ પુત્ર કરતાં સત્યને ઉત્તમ માન્યું. સર્વસ્વ છોડીને પણ સત્યનું સંરક્ષણ સાધુપુરુષો કરે છે. સત્યની રક્ષા માટે સાવધ રહેવું જોઈએ. અસત્ય મોટું પાતક છે. સત્યાત્મક ભગવાન્ સત્યથી પ્રસન્ન થાય.

કદર્ય છે - કંસ ! : સૌને પીડે તે કદર્ય છે ! :

પુત્ર સાથે શરીરસંબંધ છે. ભગવાન્ આત્મારૂપ છે, અંતઃકરણ-સંબંધી છે. શરીર-સંબંધ કરતાં આત્મસંબંધ શ્રેષ્ઠ છે. પ્રભુની પ્રસન્નતા-પ્રાપ્તિ-માટે વસુદેવજીએ પુત્ર પણ દીધો ! સત્યથી પ્રભુની પાસે પહોંચાય. સાધુપુરુષો લૌકિક-મોહથી પર હોય. સાધુને કશું દુઃસહ ન લાગે ! કોઈ બાહ્યસુખ કે સાધનની અપેક્ષા જ્ઞાનીને ન હોય ! કદર્ય (કુત્સિત દરી-ખરાબ હૃદયવાળા)ને ન કરવા જેવું કાંઈ ન હોય, બધો અનર્થ તે આચરે. **"कुत्सितायां दर्यां हृदयरूपायां सम्भवो येषां स्थितिर्वा ।"**- કુત્સિત હૃદયરૂપ દરી (ગુહા)માં જેનો સંભવ (જન્મ) કે સ્થિતિ હોય, - તે કદર્ય ! કંસમાં પિતાનો દોષ છે. હરિવંશમાં કંસનો પિતા અસુર ગણાવ્યો છે. જન્મદોષ કે સંગદોષ પણ હૃદયને વિકૃત કરી દે છે. સંગ કે સ્નેહથી પરસ્પર હૃદયમાં સ્થિતિ થાય છે. જેના હૃદયમાં સ્થિતિ હોય તેની અસર પણ અવશ્ય આપણા પર પડે ! કંસના મિત્રો, સેવકો - દ્વિવિદ, જરાસંધ, બાણાસુર પ્રલંબાસુર વગેરે છે. તેમના દુઃસંગથી પણ કંસમાં દુષ્ટતા પોષાઈ છે. દુઃસંગથી દુષ્ટતા પોષાય, સજ્જનતા શોષાય. અયોગ્ય - વાતો, વિચારો, વાચન, સહવાસ, મિલન, વ્યવહાર વગેરેથી પણ દુઃસંગ લાગે છે. **"आत्मानं धर्मकृत्यञ्च पुत्रान् दारांश्च पीडयेत् । पीडयेत् भृत्यवर्गांश्च स कदर्य इति स्मृतः ॥** - આત્માને પીડનાર, ધર્મકાર્યમાં વિઘ્ન કરનાર, પુત્રો અને સ્ત્રીઓને દુઃખ દેનાર, નોકરવર્ગને ત્રાસ દેનાર કદર્ય કહેવાય. **"कुत्सितोऽर्यः स्वामी ।"**- ખરાબ સ્વામી; તેવો અર્થ વ્યાકરણથી થાય, પણ- **"अप्यक्षरसामान्येन निर्ब्रूयान्न संस्कारमाद्रियेत ।"**- અક્ષર-સમાનતાથી પણ અર્થ થતો હોય તો વ્યાકરણને ગૌણ ગણવું, એ શિષ્ટાચાર છે; તેથી શ્રીમહાપ્રભુજી નિરુક્ત-મર્યાદાનુસાર અર્થ કરે છે.

ધૈર્યયુક્ત, જ્ઞાનિભક્ત વસુદેવજી "કીર્તિમાન્" પુત્રને દેવા આવતાં કંસે પાછો લઈ જવા કહ્યું ! :

કદર્ય કયો અનર્થ ન આચરે ? **"धृतात्मा"**- ધૈર્યવાળા માટે દુસ્ત્યજ શું છે ? **"धृतात्मा"**- **"धृत आत्मा वासुदेवो यैः ।"**- આત્મારૂપ વાસુદેવને હૃદયમાં ધારણ કરનાર ધૃતાત્મા છે ! **"ज्ञानेनाऽसौ-बिभर्ति माम् ।"**- જ્ઞાનિભક્તો હૃદયમાં ભગવાનને ધારણ કરે છે. જ્ઞાનિભક્તને સાચી સમજ હોય, પ્રભુમાં પ્રીતિ હોય. જ્ઞાનિભક્ત પોતાનું લૌકિક સઘળું જાય તો જવા દે, પણ ભગવાનને ન જવા દે ! ભગવાનથી વિરુદ્ધ હોય તે સઘળાનો જ્ઞાનિભક્ત ત્યાગ કરી દે છે. ભગવદીયોને ભગવાન્ માટે છોડી દેવાની વસ્તુમાં ગુણદોષનો વિચાર નથી હોતો. પ્રભુમાં બુદ્ધિની સ્થિરતાથી અને સુદૃઢ સર્વાધિક-સ્નેહની સ્વાભાવિકતાથી જ ત્યાગ થઈ જાય છે ! **"ज्ञानवान् मां प्रपद्यते ।"** - **"वासुदेवः सर्वमिति ।"**- વગેરે ગીતાવાક્યોથી ભગવાન્ શ્રીકૃષ્ણ (મોક્ષદાતા વાસુદેવ)ને જ્ઞાનિભક્તો હૃદયમાં ધારણ કરે છે.

જ્ઞાનિભક્ત વસુદેવજીને પુત્ર આપવા આવેલા કંસે જોયા. તેમની સત્યનિષ્ઠા અને સમતા જોતાં કંસ સંતુષ્ટ થયો. વસુદેવે પુત્ર પ્રત્યે પક્ષપાત કર્યો નહિ ! કંસ અને કીર્તિમાનને પરસ્પર ઘાતક-

સંબંધ હોઈ શકે, તેમ વિચારીને પોતે સ્વસ્થ-ઉદાસીન રહ્યા. પોતાની ઉદાસીનતાથી સ્થિતિ સમતા છે. કંસે કહ્યું,- "प्रतियातु कुमारोऽयम् ।"- "આ કુમાર ભલે પાછો જાય !" કુમાર શબ્દ પાંચ વર્ષનું વય સૂચવે છે. "प्रतियातु"- કુમારને ચાલતાં આવડે છે, - તેમ સૂચવે છે ! પાંચ પુત્રો થયા પછી વસુદેવજી આ કુમારને લઈને આવ્યા છે ! છઠ્ઠો માના ઉદરમાં છે. કંસે તેને કુમાર ગણ્યો, મારક નહિ ! મરણ તો આઠમાથી કહેલું છે. કંસનો આશય તો આઠમો ગર્ભ આપવાનો છે. ભક્તોને તે સંમત ન હોય. ભક્તો તો ભગવાનમાં નિષ્ઠાવાળા હોય. ભગવાન્ સિવાયના સત્યાદિમાં પણ ભક્તોને નિષ્ઠા ન હોય. ભક્તોને મન તો ભગવાન્ જ પોતાનું સર્વસ્વ છે, તેથી તો વસુદેવજી આઠમો ગર્ભ દેવા કે કહેવા પણ આવ્યા નથી, તે ઉચિત જ છે ! વસુદેવજી કુમારને પાછો લઈ ગયા, પણ કંસની વાત સારી-સાચી ન લાગી. પલપલમાં જે બદલાયા કરે, વાણી અને વિચાર જેનાં જુદાં હોય, પરિસ્થિતિ પ્રમાણે સ્વાર્થ માટે પલટાયા કરે તે અસજ્જન-દુષ્ટ-છે.

નારદજીએ પ્રભુ જલદી પ્રકટે તેવો કરેલો ઉપાય :

વસુદેવજીના છ પુત્રોનો વધ કંસે જન્મના ક્રમે એક સાથે કર્યો : આવેશમાં અયોગ્ય આચરણ થાય છે :

કંસના વાણી અને વિચાર સ્થિર નથી. સજ્જન સર્વદા એકવિધ હોય. વાણી અને વિચાર જેનાં સ્થિર ન હોય, તેવા અસંયમીનો વિશ્વાસ ન રખાય. વસુદેવજીના હૃદયમાં કંસનો વિશ્વાસ ન થયો. શંકા પડી. સાધુપુરુષોના અંતઃકરણમાં યથાર્થજ્ઞાન થાય છે ! વસુદેવજીની શંકા સાચી પડી. નારદે ભગવાનનું પ્રાકટ્ય જલદીથી થાય તેવો ઉપાય કર્યો, તેથી તેમને "भगवान्" - કહ્યા. તેમણે કંસને સમજાવ્યો, - "નન્દરાયજીના વ્રજવાસીઓ, યાદવો, શ્રીયમુનાજીના બન્ને કિનારે રહેનારા જ્ઞાતિજનો, સ્વજનો વગેરે દેવતાતુલ્ય છે, (દેવપણું ગયા વગરના છે.) !" દેવરૂપ છતાં મનુષ્ય-ભાવવાળા હોવાથી દેવતાતુલ્ય કહ્યા. ભૂમિનો ભાર ઉતારવા - દૈત્યોના વધ માટે - દેવતાઓનું આગમન સમજાવ્યું. યુક્તિપૂર્વક કંસને ગળે વાત ઉતારી. આઠમો તો પહેલેથી કે છેલ્લેથી ગમે તેમ ગણાય. જ્યોતિષમાં આંકડા ડાબી તરફથી ગણાય છે ! સંખ્યા બુદ્ધિજન્ય છે !

ઋષિના ગયા પછી કંસે પોતાના ઉપાયો શરૂ કર્યા. યાદવો વગેરેને દેવતા ગણ્યા. દેવકીજીનો આઠમો ગર્ભ ભગવાનનો અવતાર છે, - તેમ જાણ્યું. કંસે વસુદેવ-દેવકીને પોતાના ઘરમાં બેડીઓથી બાંધ્યાં. "जातज्ञातमहन् पुत्रं"- પ્રત્યેક પુત્રને ભગવાન્ માનીને ક્રમશઃ મારી નાખ્યો. છ પુત્રોનો વધ જન્મના ક્રમે સાથે કર્યો, ઉત્પન્ન થતાં જ માર્યા નથી ! ક્ષત્રિયોમાં જન્મથી તેરમે દિવસે નામકરણ-સંસ્કાર થાય. દેવકીપુત્રોનાં કીર્તિમાન, સુષેણ વગેરે નામ કહેલાં છે, તેથી એકસાથે વધ કર્યો સમજાય છે. સ્વાર્થી, સત્તા અને સંપત્તિ-લોલુપ લોકો કોઈનેય પીડતાં અચકાતા નથી. અતિક્લેશમાં જ પ્રભુ પધારે, સ્વસ્થતામાં નહિ !

કંસે પોતાને કાલનેમિ રૂપે જાણ્યો. યદુઓ સાથે વિરોધ કર્યો. પૂર્વે દેવ-દાનવ-યુદ્ધમાં ભગવાને કાલનેમિનો ચક્રથી વધ કર્યો હતો. ભગવાન્ તે સમયે સેનાનું પાછળથી રક્ષણ કરનાર-પાર્ષ્ણિગ્રાહ-હતા. તે ક્રોધ ન કરે. પ્રભુમાં કોઈ રીતે એકતાન થયા હોય, તેને પ્રભુ મુક્તિ આપે ! ભગવાને ક્રોધથી કાલનેમિનો વધ ન કર્યો હોવાથી તેને મુક્તિ ન મળી ! પ્રભુ ફલદાનમાં કર્મની અપેક્ષા રાખે છે, તેથી તેમને કોઈ દોષ લાગતો નથી. પ્રભુ સ્વતન્ત્ર હોવાથી ક્યારેય મર્યાદાનું ઉલ્લંઘન પણ કરે છે !

કંસે સૌને કેદ કર્યાં. દેવરૂપ યાદવોના રાજા હોવાથી પિતા ઉગ્રસેનને પણ પોતે જ કેદ કર્યા. આવેશમાં અયોગ્ય આચરતાં અચકાતો નથી !

અધ્યાય : ૨

મદોન્મત્ત કંસે મારેલા દેવકીજીના છ પુત્રો ભગવાનના છ ગુણ રૂપ હતા ! :

પ્રભુના પ્રકટ થવાનો ઉધમ આ અધ્યાયમાં છે. આ ઉધમમાં બલદેવજી, માયા, ભગવાનનું સ્વરૂપ અને દેવકીજીનો ભય દૂર કરનારી દેવસ્તુતિ સાધનરૂપ છે. સ્વરૂપસામર્થ્યથી કંસને પણ જ્ઞાન કહેલું છે.

આવેશપૂર્ણ કંસે યાદવોને દુઃખ દેવા માંડ્યું. તેણે પોતાના સહાયકોને સાવધ કર્યા. તેમાંનો પ્રલંબ દૈત્યરૂપે છે. બક પક્ષી રૂપે છે. ચાણૂર મનુષ્ય રૂપે છે. તૃણાવર્ત વંટોળ રૂપે છે. આ બધા દૈત્યો બહુભક્ષક છે. અરિષ્ટ બળદ રૂપે છે. દ્વિવિદ વાનર રૂપે છે. પૂતના રાક્ષસી છે. કેશી ઘોડા રૂપે છે. ધેનુક ગધેડા રૂપે છે. આ ઉપરાંત બલિનો પુત્ર બાણ, નરક, જરાસંધ વગેરે રાજાઓ પણ અસુર રૂપ છે. કંસના દિગ્વિજયમાં હાર મળતાં જરાસંધે પોતાની બે કન્યા અસ્તિ અને પ્રાપ્તિ કંસને પરણાવી હતી. આ બધાની મદદથી મદોન્મત્ત કંસ સૌને પીડતો હતો. પીડાયેલા યાદવો ગુપ્ત-રીતે બીજા દેશોમાં જઈને રહ્યા. કેટલા કંસની સેવામાં રહ્યા.

કંસે દેવકીજીના છ પુત્રોને મારી નાખ્યા હતા. આ છ પુત્રો ભગવાનના ઐશ્વર્ય વગેરે છ ગુણરૂપ હતા ! મરીચિ ઋષિને ઉર્ણા પત્ની હતાં. તેમને છ પુત્રો થયા. તે દેવો હતા. બ્રહ્માજીને સરસ્વતી પાછળ દોડતા જોઈને તેઓ હસ્યા. મોટાની મશ્કરી કરી. પરિણામે તે અસુર હિરણ્યકશિપુના પુત્ર થયા. તેમના ઉદ્ધારનો સમય આવ્યો, ત્યારે તેઓ દેવકીજીના પુત્ર રૂપે જન્મ્યા ! તેમાં દેવપણું-ભગવદ્ગુણ-સ્વાભાવિક છે, અસુરપણાનો આવેશ છે ! દેવો પણ એક પ્રકારના જીવ જ છે. આ વૈકુણ્ઠસ્થ જીવ છે, ગુણવિશેષરૂપ છે. જીવભાવ અને આસુરાવેશ હોવાથી તેમનો વધ કંસ કરી શક્યો ! વિરુદ્ધધર્માશ્રયી ભગવાનના ગુણો પણ તેવા છે. ગુણપ્રકરણની કથામાં દેવકીજીની ઈચ્છાથી ભગવાન્ કૃષ્ણ તેમને પાછા લાવ્યા છે. માએ તેમને વહાલથી સ્તનપાન કરાવ્યું. ભગવાનનું (પીતશેષ) પીતાં વધેલું પ્રસાદી પયઃપાન કરતાં તેઓનો આસુરાવેશરૂપ દોષ દૂર થયો ! તેઓ પુનઃ શુદ્ધ થયા, પોતાના મૂલરૂપને પ્રાપ્ત થયા.

હર્ષ-શોક વધારતા, અક્ષરબ્રહ્મ રૂપ, અર્ધ-પ્રકટિતાનંદ રૂપ, બલરામજી છે :

આ છ પુત્રોનો કંસે ભગવાન્ સમજીને વધ કર્યો. તેમાં દેવહિત માટે નારદે કંસને આપેલી સઘળી સમજ, કંસને તેમાં ભગવાન્ હોવાની શંકા, ભગવદિચ્છાથી તે છનું જીવત્વ અને અસુરભાવ કારણરૂપ છે. છનો વધ થયો, તે વખતે સાતમો ગર્ભ દેવકીજીના ઉદરમાં પ્રકટ થયો હતો. કંસે વસુદેવ-દેવકીજીને કેદમાં પૂર્યાં. દેવકીનો સાતમો ગર્ભ "**हर्षशोकविवर्धनः**"- હર્ષ અને શોકને વધારનાર છે ! તે ભગવાનના ધામ - અક્ષરબ્રહ્મરૂપ હોવાથી હર્ષવર્ધક છે, પણ કંસ મારશે તે વિચારે શોકવર્ધક પણ છે ! માયાએ કરેલું તેનું આકર્ષણ લોકોએ ન જાણ્યું. માત્ર ગર્ભસ્રાવ જાણ્યો. તેને કંસના દૈત્યોએ કરેલું કામ જાણ્યું, તેથી પણ શોકવર્ધક છે. પ્રભુના પ્રાકટ્ય વખતે દેવકીજીએ માત્ર આનંદ અનુભવ્યો છે.

સાતમા બલરામજી ભગવાનના ધામ અક્ષરબ્રહ્મરૂપ છે, ગણિતાનન્દરૂપ છે. તૈત્તિરીય-ઉપનિષદની આનંદવલ્લીમાં મનુષ્યથી બ્રહ્મ સુધીના આનંદની ગણના થઈ છે. બ્રહ્મનો આનંદ ગણાયેલો હોવાથી તે ગણિતાનન્દ છે ! ભગવાન્ કૃષ્ણ પરબ્રહ્મ – અગણિતાનન્દ છે. તેમનો આનંદ ગણી શકાતો નથી. તે પૂર્ણાનન્દ છે !

દેવકીજીના પહેલા છ પુત્રો ધર્મરૂપ છે. ધર્મ દ્રવ્ય નથી, ગુણ છે. ધર્મી વિના તે રક્ષા ન કરે. કંસ તેમનો વધ કરે તો માતા વગેરે ભક્તોને દુઃખ વધે. ભક્તોના દુઃખથી ભગવાન્ જલદી પ્રકટ થાય ! સાતમા ગર્ભરૂપ અક્ષરબ્રહ્મ ધર્મના આધારરૂપ છે. તે સર્વની રક્ષા કરે છે. કંસ તેમને મારી ન શકે. પરબ્રહ્મ કૃષ્ણ ધર્મીરૂપ છે, અક્ષરથી શ્રેષ્ઠ છે, પૂર્ણાનન્દ છે. અક્ષરબ્રહ્મ ભગવાનના ધામરૂપ, આસનરૂપ – ચરણરૂપ પણ છે. પ્રભુનાં ચરણારવિંદ આનંદમય છે. અક્ષરબ્રહ્મ ચરણરૂપ હોવા છતાં તેમાં પૂર્ણાનન્દપણું નથી ! ચરણ અક્ષરરૂપ હોવા છતાં ગણિતાનન્દ નથી ! અક્ષરબ્રહ્મનું ચરણરૂપત્વ જીવના બ્રહ્મભાવ જેવું છે. જીવ અને બ્રહ્મનું ઐક્ય થવાથી, જીવનું તિરોહિતાનન્દપણું બ્રહ્મમાં આવતું નથી, તેમ અક્ષરનું ગણિતાનન્દપણું ભગવાનનાં ચરણમાં આવતું નથી. બ્રહ્મનું સામર્થ્ય જીવમાં આવતું નથી, તેમ ચરણનું પૂર્ણાનન્દત્વ અક્ષરમાં આવતું નથી. સરિતા સાગરમાં સમાય. સંગમથી સાગરરૂપ ગણાય, છતાં સાગર સરિતારૂપ ન ગણાય ! તેમ અક્ષરબ્રહ્મ ચરણરૂપે પૂર્ણાનન્દ ગણાય, પણ પૂર્ણાનન્દરૂપ ચરણમાં અક્ષરનું ગણિતાનન્દરૂપ ન ગણાય ! બલરામજી અર્ધ-પ્રકટિતાનન્દ છે ! મા દેવકીજી તેમનો પ્રભાવ જાણતાં નથી. પહેલાં છની જેમ આની પણ ગતિ થશે, – તે વિચારે માને શોક થયો.

વિશ્વાત્મા ભગવાને જગત્કારણભૂતા યોગમાયાને દેવકીજીમાંથી ગર્ભકર્ષણ કરવાની અને રોહિણીજીમાં સ્થાપવાની આજ્ઞા કરી ! : દેવકીજીના જઠરમાં રહેલ ગર્ભ,– બલરામજી ! :

ભગવાન્ વિશ્વના આત્મારૂપ છે. લોકોનાં સઘળાં દુઃખ ભગવાનથી અજાણ્યાં ન હોય. યાદવો તો ભગવાનના આશ્રિત છે. મા દેવકીજી ભક્ત છે. ભગવાન્ પોતાના શરણાગત ભક્તોનાં દુઃખ સહી શકતા નથી. ભગવાન્ દયાનિધિ છે. ભક્તો પર ભગવાનની દયા નિત્ય હોય છે. અસત્પુરુષોને તે દુર્લભ છે. ભક્તોનાં દુઃખ દૂર કરવા દયાળુ પ્રભુએ ઉપાય તરત કર્યો ! અવતાર લઈને કંસાદિનો વધ તે ઉપાય છે.

ભક્તકાર્યમાં ભગવાન્ વિલંબ કરતા નથી. વિલંબ તો ભક્તિમાર્ગમાં સજારૂપ ગણાય છે. સાતમા ગર્ભરૂપ બલરામજીનો જન્મ થાય તેટલો વિલંબ પણ પ્રભુ સહી ન શક્યા ! તેમનું સંકર્ષણ કરાવ્યું. અન્ય અવતારોમાં પ્રભુએ આવું મહત્ત્વ પ્રકટ કર્યું દેખાતું નથી ! આકાશવાણી દ્વારા કંસને આજ્ઞા દીધી. વસુદેવના મનમાં પ્રકટ થયા. આ પણ મહત્ત્વસૂચક છે. આ અવતારમાં પુરુષોત્તમ પોતે પધારે છે, તે જણાવવા માટે વિશેષ પ્રકારનો અવતારનો ઉધમ બતાવ્યો છે.

ભગવાને યોગમાયાને આજ્ઞા કરી. યોગમાયાને ભગવાન્ સિવાય કોઈ આજ્ઞા કરી શકે નહિ. બ્રહ્માદિને પણ યોગમાયા મોહ પમાડે છે. માયા ભગવાનની શક્તિરૂપા છે. ભગવાનની ઈચ્છાનુસાર કાર્ય કરે છે, સેવા કરે છે. ભગવાન્ માયાના સ્વામી છે. સત્, ચિત્ આનંદાંશના વિભેદથી માયા ત્રણ પ્રકારની છે ! ક્રિયારૂપ, વ્યામોહિકા અને જગત્કારણભૂતા,– અહીં યોગમાયા જગત્કારણભૂતા છે.

ભગવાનની માયા લીલાસ્થોને પણ મોહ પમાડવાનું કાર્ય કરે છે. પદાર્થોને વિકૃત કર્યા વિના અન્યત્ર લઈ જઈને સ્થાપવાનું કાર્ય પણ તે કરે છે. તે લીલોપયોગી સાહિત્યનું પણ સંપાદન કરે છે. ભગવાન્ પાસેથી યોગમાયાને સામર્થ્ય મળે છે. ભગવાન્ યોગમાયા સિવાય પોતાની ઈચ્છા-માત્રથી પણ સઘળું કાર્ય કરી શકે છે, છતાં કોઈ દૃષ્ટ-સાધન પણ ક્વચિત્ યોજે છે !

ભગવાને યોગમાયાને વ્રજમાં જવાની આજ્ઞા કરી. મથુરા નગર છે. ''न गृणातीति नगरम् ।''- સ્થિર હોવાથી સ્થાવર-તુલ્ય છે, અભિમાનથી જડ જેવું છે. તેમાં દૈત્યાવેશ હતો ! વ્રજ જંગમ છે. ગોવાળો વાસસ્થાન વનમાં બદલ્યા કરે છે. તેમાં દેવો વસે છે. ત્યાં દેવહિત કરનારી યોગમાયાને મોકલી. તે ઐહિક સુખ દેનારી છે, તેથી માયાને ''भद्रे''- કલ્યાણરૂપા કહી છે. વ્રજને - ''गोपगोभिरलङ्कृतं ।'' કહ્યું છે. “ગોપી” - શબ્દનો આમાં સ્પષ્ટ ઉલ્લેખ નથી, છતાં ગુપ્ત-રીતે એકશેષ - સમાસથી શ્રીગોપીજનનું સૂચન છે. શ્રીગોપીજન વ્રજની ગુપ્ત શોભા છે. ભગવાનની તેમની સાથેની નિકુંજાદિ- લીલાઓ ગુપ્ત છે. શૃંગારરસરૂપ શ્રીકૃષ્ણ છે. રસાનુકૂલ રમણ ગુપ્ત છે. શ્રીશુક તે સૂચવે છે.

''गोपाश्च गोप्यश्च गोपाः गोपाश्च गावश्च तैर्गोपगोभिः ।''- ગોપ, ગોપી અને ગાયો જ વ્રજની શોભારૂપ છે. વ્રજમાં વસનાર પણ તેમના જેવા બની જાય છે. શોભામાં પ્રતિબંધ થતો નથી. વ્રજનાં દર્શન-માત્રથી પણ સુખ મળે છે !

યોગમાયાને ગુપ્ત-રીતે વ્રજમાં વસવાનું સૂચન પ્રભુએ કર્યું. - “નન્દરાયજીના ગોકુલમાં વસુદેવજીનાં પત્ની રોહિણીજી રહે છે. દેવકીજીના જઠરમાં શેષ નામે પ્રસિદ્ધ મારું ધામ ગર્ભ રૂપે છે. તેને ત્યાંથી ખેંચીને રોહિણીજીના ઉદરમાં મૂક !” સામાન્ય ગર્ભ ગર્ભાશયમાં ઓર-(જરા)માં રહે છે. આ ભગવાનના ધામ રૂપ હોવાથી, તેમાંના અવકાશમાં નિર્લેપ રીતે રહે છે ! તે સૂચવવા પ્રભુએ “જઠર” - શબ્દ વાપર્યો. પોતે અંશભાગથી દેવકીજીના પુત્રત્વને પ્રાપ્ત થશે, - તેમ કહી યોગમાયાને નંદપત્ની યશોદાજીમાં પ્રકટ થવાની આજ્ઞા કરી.

ભગવાન્ પુરુષોત્તમ વ્યૂહસંબંધે પુત્રત્વ પ્રકટ કરે છે :

ભગવાન્ પુરુષોત્તમ પોતાના વ્યૂહસંબંધે પુત્રત્વે પ્રકટ થવાના છે. લોકમાં પુત્રપણું પ્રકટ કરવા, વંશસંબંધ માટે પોતાના પ્રદ્યુમ્ન-વ્યૂહથી પ્રકટ થવાના છે. તેથી ''अंशभागेन''- કહ્યું. ભગવાન્ કોઈના પુત્ર નથી ! વસુદેવ-દેવકીજીને તેમના પૂર્વાવતારમાં દીધેલા વચનથી પ્રભુ પુત્રત્વ પ્રકટ કરે છે. તે માત્ર પ્રદ્યુમ્નાંશથી છે ! અન્ય કાર્યો માટે બીજા વ્યૂહો સાથે પ્રભુ પ્રકટ થયા છે. તે બધાને પુત્રત્વ સંબંધ નથી !

પ્રદ્યુમ્નવ્યૂહનું કાર્ય વંશાદિ-સંબંધ છે. સંકર્ષણવ્યૂહ પૃથ્વીનો ભાર ઉતારવા માટે અસુર-સંહાર વગેરે કરે છે. અનિરુદ્ધવ્યૂહ ધર્માદિ-રક્ષા કરે છે. વાસુદેવવ્યૂહ જ્ઞાનોપદેશ અને મોક્ષ આપે છે. ભગવાન્ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ કેવલ રસરૂપ લીલાઓ કરે છે ! આપણા શરીરમાં આંખ, કાન, નાક, હાથ, પગ વગેરે ઈન્દ્રિયો છે. તે દરેકનાં કાર્ય જુદાં છે. જે વખતે જેનો ઉપયોગ હોય તે કાર્ય કરે. બીજાં પોતાના કાર્ય કરી શકે તેમ હોવા છતાં, તે વખતે ગૌણ (શાન્ત) ગણાય. શરીરમાં સૌ સાથે વસે છે, શરીર રૂપ જ ગણાય છે. જરૂરિયાત પ્રમાણે પોતાનું સામર્થ્ય પ્રકટ કરીને કાર્ય કરે છે. ચાલતી વખતે પગ મુખ્ય

કામ કરે, બાકીની ઈન્દ્રિયો ઉપયોગી છતાં ગૌણ ગણાય. સાંભળવામાં કાન મુખ્ય બને, તે વખતે બીજી ઈન્દ્રિયો પોતાનું કામ કરી શકે તેમ હોવા છતાં ગૌણ થાય, શાન્ત રહે. આ પ્રકારે ભગવાન્ પોતાના વ્યૂહોમાંથી જેનું જે વખતે કાર્ય હોય તે, તે વખતે મુખ્ય કરે. બાકીના શાન્ત રહે. વ્યૂહો પણ ભગ્વદ્રૂપ છે. જીવ, બુદ્ધિ અને મન દ્વારા, બધી ઈન્દ્રિયોનું યોગ્ય નિયંત્રણ કરીને કામ લે છે. પ્રભુ પોતાની ઈચ્છાનુસાર વ્યૂહ રૂપે પણ કાર્ય કરે છે.

ભગવાનની સેવા કરતી યોગમાયા જ વરદાનથી અંબિકા-દુર્ગા-ભદ્રકાલી વગેરે નામે પ્રસિદ્ધ થઈ છે !:

अर्चिष्यन्ति मनष्यास्त्वां सर्वकामवरेश्वरीम् ।
धूपोपहारबलिभिः सर्वकामवरप्रदाम् ॥ (१०)

"સર્વ - કામવરેશ્વરી, સર્વ - કામવરપ્રદા તને મનુષ્યો ધૂપ-ઉપહાર અને બલિ વડે પૂજશે !" મનુષ્યો દેવીનું અર્ચન કરશે, - તેમ કહ્યું છે. દૈવી-જીવો તો ભગવાનનું ભજન કરે છે. દૈત્યો તો ભજન કરતા નથી. મનુષ્યો પૂજે તેમાં ફલલાભની ઈચ્છા છે. સર્વ-પ્રકારની કામનાઓ અને વરની નિયામક-દેનાર - આ દેવી છે. કામનાઓ સાધનથી સિદ્ધ થાય. વરદાન તો વગર સાધને પણ ફળે ! યોગમાયા સ્ત્રી છે. "**नन्दगोपगृहे जाता यशोदागर्भसम्भवा । ततस्तौ नाशयिष्यामि विन्ध्याचल-निवासिनी ॥**"- "વૈવસ્વત મન્વન્તરમાં ઉત્પન્ન થયેલા શુમ્ભ-નિશુમ્ભ અસુરોને હું નન્દગોપના ઘરમાં, યશોદાજીના ગર્ભમાં, ઉત્પન્ન થયેલી વિન્ધ્યાચલવાસિની મારીશ !" - આ વાક્યથી યોગમાયા દેવીરૂપા છે. તેનું પૂજન દૂરથી થાય. સ્નાનાદિ પૂજ્ય-પૂજકને બાધક થાય, સેવ્ય-સેવક-ભાવ અખંડ ન રહે. ભાવરક્ષા માટે દૂરથી પૂજન માટે ધૂપ-ઉપહાર અને બલિ કહ્યાં છે. દેવી સ્વયં તેજોરૂપા છે. "**अतुलं तत्र तत्तेजः सर्वदेवशरीरजम् । एकस्थं तदभून्नारी व्याप्तलोकत्रयं त्विषा ॥**"- સર્વ દેવના શરીરમાંથી ઉત્પન્ન થયેલું તે અતુલ તેજઃ એકઠું થયું. તે નારી રૂપે થયું. તેના તેજઃથી ત્રિલોક વ્યાપ્ત થયું. મધુ-કૈટભનો નાશ કરનાર દેવી તેજોરૂપ ગણાવ્યાં છે, તો આધિદૈવિક સ્વરૂપ યોગમાયા સાક્ષાત્ ભગવચ્છક્તિ તો તેજોમયી હોય જ ! "**या देवी सर्वभूतेषु विष्णुमायेति शब्दिता ।**"- શક્તિયોની ગણનામાં વિષ્ણુમાયાનો ઉલ્લેખ પ્રથમ છે. સ્વરૂપાત્મિકા દેવી તેજોમય હોવાથી સાક્ષાત્ સેવામાં દીપ આવશ્યક નથી. દીપ પ્રતીકોપાસના (પ્રતિમા-પૂજન)માં આવશ્યક ગણાય. ભગવાને નામ અને ધામ પણ મનુષ્યો કરશે, - તેમ વરદાન દીધું. મૂલશ્લોકમાં દુર્ગા, ભદ્રકાલી, વૈષ્ણવી, કન્યકા, શારદા, અમ્બિકા-નામ સાથે "**इति**" - શબ્દ છે. તે મંત્ર અને સ્થાનભેદ પ્રસિદ્ધિ-સૂચક છે. દુર્ગા કાશીમાં, ભદ્રકાલી ઉજ્જૈનમાં, વિજયા ઉડિસામાં, વૈષ્ણવી (મહાલક્ષ્મી) કોલ્હાપુરમાં, ચંડિકા આસામમાં, માયા અને શારદા ઉત્તરમાં, અમ્બિકા અંબિકાવન (આબુ)માં, કન્યકા કન્યાકુમારીમાં (પ્રતીક રૂપે) પ્રસિદ્ધ છે.

શેષાવતારનાં વિવિધ નામ : યોગમાયાનું આજ્ઞાપાલન :

ભગવાને શેષનાં પણ નામ કહ્યાં. દેવકીજીના ગર્ભનું સારી રીતે કર્ષણ થવાથી લોકો અવતારદશામાં સંકર્ષણ કહેશે. વાસ્તવમાં તો, ચતુર્મૂર્તિ ભગવાનના સંકર્ષણ વ્યૂહનો તેમનામાં આવેશ હોવાથી તે સંકર્ષણ છે. જેનાથી લોકોને રમણ (આનંદ) છે - તે રામ પણ કહેવાશે. "**रमयतीति रामः ।**"- રમાડે, - તે રામ ! એવા અર્થમાં રામ-શબ્દ છે. શેષ માટે ભગવાનને તે નામ સંમત નથી ! સૌને ભગવાન્ જ રમાડે છે, રમણ કરાવે છે. આનંદ આપે છે, તેથી અહીં અર્થ વગરનો "રામ" -

શબ્દ પ્રાતિપદિક ન થાય. તેનો પ્રયોગ વિભક્તિ વગર થાય, તેથી "रामेति"- પ્રયોગ કર્યો છે, પણ લોકપ્રસિદ્ધિથી તો "રામ" - શબ્દ બલદેવજીના અર્થમાં છે, તેથી "राम इति"માં "રામ" - સંબોધન રૂપે ગણી શકાય. બલથી તે કલ્યાણ રૂપ (ભદ્ર) છે. તેથી અધિકબલથી "બલભદ્ર" કહેવાશે, બલના કાર્યથી નહિ.

ભગવાનની આજ્ઞા થઈ. યોગમાયાએ આદરથી સ્વીકારી, પરિક્રમા કરી. પૃથ્વી પર ગઈ. આજ્ઞાનુસાર કાર્ય કર્યું. યોગનિદ્રાએ દેવકીજીનો ગર્ભ રોહિણીજીમાં સ્થાપ્યો ! યોગનિદ્રાથી થયેલું કાર્ય લોકોએ ન જાણ્યું. કંસના રાક્ષસોએ તે કાર્ય કર્યું, તેમ જાણી લોકોમાં હાહાકાર થયો. "विस्रंसितो गर्भः"- કહ્યું છે. ગર્ભનું અધઃસ્રવણ થયું, તેથી પાંચમો કે છઠ્ઠો માસ હતો તેમ જણાવ્યું છે.

ભગવાનનું વસુદેવના મનમાં પ્રાકટ્ય :

भगवानपि विश्वात्मा भक्तानामभयंकरः ।
आविवेशांशभागेन मन आनकदुन्दुभेः ॥ (१६)

ભક્તોને અભય કરનારા, વિશ્વાત્મા ભગવાન્ પણ વસુદેવજીના મનમાં અંશભાગ (પ્રધુમ્નવ્યૂહ) વડે પધાર્યા. (આવિષ્ટ થયા.)

ભગવાન્ પ્રથમ વસુદેવજીના મનમાં પધાર્યા, પછી સમાધિથી દેવકીજીમાં પધાર્યા. સામાન્ય-બાલકમાં શરીર-સંબંધથી વંશ-સંબંધ હોય છે. વસુદેવજીને પૂર્વજન્મમાં દીધેલા વરદાનથી ભગવાન્ પુત્રત્વ પ્રકટ કરવા ઈચ્છે છે, તેથી વસુદેવજીમાં પ્રકટ થઈને તેમની સમાધિ દ્વારા મા દેવકીજીમાં પ્રકટ થયા ! તેમાં લૌકિકતા નથી. પ્રભુનું પ્રાકટ્ય જ જન્મ રૂપે લોકમાં સમજાય છે. પ્રભુ તો પ્રકટ થાય છે, લોકો જન્મ્યા જાણે છે. વસુદેવજીના જન્મ વખતે દેવોનાં વાદ્ય વાગ્યા હતાં, તેથી તે "આનકદુન્દુભિ"- નામે પ્રસિદ્ધ છે. તેમને ત્યાં પ્રભુ પ્રકટ થવાના, તેનો તે સંકેત છે. લોઢાના ગોળામાં અગ્નિ પ્રવેશે - વ્યાપીને રહે - તેમ અંશોના વિભાગ વડે (પ્રધુમ્નવ્યૂહ - રૂપે) પ્રભુ વસુદેવજીના મનમાં પ્રકટ થયા - પધાર્યા.

ભગવાન્ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય વસુદેવજીને ત્યાં મથુરામાં અને નન્દરાયજીને ત્યાં વ્રજમાં બન્ને સ્થળે થયું છે ! :

ભગવાનને ભાગવતમાં - "देवकीजठरभूः", "व्रजेशसुतः", "नन्दनन्दनः", "तव सुतः", "तन्मातरौ"- વગેરે શબ્દોથી દેવકીજી અને યશોદાજીના પુત્ર રૂપે ઓળખાવ્યા છે. બન્ને સ્થળે પ્રાકટ્ય ન સ્વીકારવાથી આવાં બધાં વાક્યો વિરુદ્ધ થાય. નન્દગૃહમાં પ્રકટ થયેલા લોકવેદાતીત-રસાત્મક-પુરુષોત્તમ છે, સર્વતઃ પાણિપાદાન્ત (સર્વત્ર સાકાર રૂપે વિરાજે) છે. સ્વતંત્ર-ભક્તિરસનો અનુભવ દેવા પ્રકટ્યા છે. તે જ "बभूव प्राकृतः शिशुः"થી પ્રાકૃત જેવા બાલક રૂપે મથુરામાં દર્શન આપે છે ! આ દ્વિભુજ-સ્વરૂપ છે. મથુરામાં પ્રકટ થયેલું ચતુર્ભુજ-સ્વરૂપ લોકવેદ-પ્રસિદ્ધ-પુરુષોત્તમ છે !

परिपूर्णतमः कृष्णो वैकुण्ठे गोकुले स्वयम् ।
चतुर्भुजस्तु वैकुण्ठे गोकुले द्विभुजः स्वयम् ॥

પૂર્ણ પુરુષોત્તમ કૃષ્ણ વૈકુણ્ઠ અને ગોકુલમાં વિરાજે છે. વૈકુણ્ઠમાં ચતુર્ભુજ રૂપ છે. ગોકુલમાં દ્વિભુજ છે. ચતુર્ભુજ અને દ્વિભુજ પુરુષોત્તમ એક જ છે. તેમાં ભિન્નતા માયાથી દેખાય છે. માયા ભગવાનનું સર્વભવન-સામર્થ્ય છે!

યોગમાયાએ મથુરામાં અષ્ટભુજા રૂપે થઈને કંસને, - "**जातः खलु तवान्तकृत् । यत्र क्वचित् ।**"- કહ્યું છે. - "તને મારનારો ખરેખર ક્યાંક જન્મી ચૂક્યો છે!" મથુરા સિવાય બીજે પ્રાકટ્ય છે, તેથી - "**जातः**" અને - "**क्वचित्**"- શબ્દો છે. તે પ્રાકટ્ય ગોકુલમાં છે. જો મથુરાથી લઈ જવાયેલું એક જ સ્વરૂપ હોય તો - "**जातः**"ને બદલે "**गतः**"- કહેત! નન્દગૃહમાં પ્રાકટ્ય ન હોત તો, વસુદેવજી પ્રભુને પધરાવી આવ્યા પછી, શ્રીશુક નન્દમહોત્સવની કથા ન કહેત! "**व्रजे वसन् किमकरोत्.....।**"- વ્રજમાં વસતાં પ્રભુએ શું કર્યું ?" - આ પ્રશ્ન પરીક્ષિતનો છે. તેના જવાબમાં સીધી પૂતનામોક્ષની કથા કહેત. વ્રજમાં પણ પ્રભુનું પ્રાકટ્ય હોવાથી શ્રીશુકે નન્દમહોત્સવની કથા કહી છે.

મથુરામાં પહેલાં પુરુષોત્તમ ચતુર્ભુજ રૂપે વ્યૂહ-સહિત પ્રકટ થયા. વસુદેવ-દેવકીજીએ સ્તુતિ કરી. પ્રભુએ પૂર્વજન્મની કથા કહી. પછી તે જ ક્ષણે નન્દગૃહમાં પ્રભુ પ્રકટ થયા! તેમણે જ પ્રાકૃત-બાલક રૂપે મથુરામાં પણ પ્રકટ દર્શન દીધું. તેમાં સમય-વિલંબ નથી! નંદરાયજીને ત્યાં પુરુષોત્તમ દ્વિભુજ રૂપે પ્રકટ થયા! મથુરામાં તે જ દ્વિભુજ રૂપે દેખાયા! આ રસાત્મક દ્વિભુજ સ્વરૂપે મથુરામાં પહેલાં પ્રકટ થયેલા વ્યૂહવિશિષ્ટ ચતુર્ભુજ સ્વરૂપને પોતાનામાં (અંતર્હિત) એકત્રિત કર્યું! આગળ ઉપરની અનેક પ્રકારની લીલાઓમાં તે ઉપયોગી છે. ભગવાન્ ઈચ્છે તેટલાં સ્વરૂપ એકસાથે પણ પ્રકટ કરી શકે છે. રાસ વગેરે લીલાઓમાં તે દેખાય છે. પ્રભુ ચતુર્ભુજને બદલે દ્વિભુજ થયા. રૂપાન્તર (મનુષ્ય રૂપ) સ્વીકાર્યું! - તે તો લોકોને તેવું ભાન થયું છે. સામાન્ય જીવોને પ્રભુ મનુષ્ય જેવા લાગે છે. વાસ્તવમાં તે શુદ્ધ-પુરુષોત્તમ છે! નન્દગૃહમાં ભગવાન્ માયાની સાથે પ્રકટ થયા છે, તેથી યશોદાજીને પણ તેની ખબર પડી નથી!

મથુરામાં ભગવાન્ વસુદેવજીના મનમાં પધાર્યા. વંશસંબંધ માટે આ પ્રકાર છે. જન્મ મનથી થાય છે. મનમાં કામ ઉત્પન્ન થાય છે, પછી પરંપરાથી દેહનો જન્મ થાય છે. અહીં પ્રભુ મનમાં પધાર્યા, કામ ઉત્પન્ન થયો નથી. દેહેન્દ્રિયાદિથી જન્મ અહીં નથી. જન્મ મનનો ધર્મ છે, જન્મ સિદ્ધ કરવા માટે વસુદેવજીના મનમાં પ્રભુ પધાર્યા! વસુદેવજીએ મન દ્વારા પ્રભુને દેવકીજીમાં પધરાવ્યા છે.

સૂર્ય પ્રભુના તેજ:થી પ્રકાશે છે. તેમ મનમાં પ્રભુ પધારતાં વસુદેવજી શોભવા લાગ્યા! કોઈ તેમની પાસે જઈ શકતું ન હતું. પ્રભુ જેનામાં પોતાનું તેજ: પધરાવે તેનો કોઈ પરાજય કરી ન શકે! જો કે ભગવાન્ સર્વમાં વિરાજે છે; છતાં સૌમાં તે તેજ: પ્રકટ કરતા નથી! ભગવાન્ વિશ્વનું મંગલ કરનારા છે. ભગવાનના વૈકુણ્ઠથી આગમન, મન:પ્રવેશ અને પ્રાકટ્યથી તેમાં કાંઈ વિકાર (ફેરફાર) થતો નથી, તેથી "**अच्युतांश**"- કહે છે. નાશ કે ન્યૂનતા તેમાં સંભવતાં નથી.

વસુદેવજીએ વૈધદીક્ષા-પ્રકારથી દેવકીજીમાં પ્રભુ પધરાવ્યા છે. સમાધિમાં દેવકીજીની ભાવના કરી. મન વડે પોતાનામાં પ્રકટ થયેલું તેજ: તેમનામાં પધરાવ્યું. દેવકીજી દેવતારૂપ છે, તેથી તેમણે આ રીતે પ્રભુને ધારણ કર્યા. પ્રભુ સર્વના આત્મારૂપ છે. આત્માનું ધારણ સૌ કરે છે. ભગવાન્ દેવકીજીમાં આત્મા રૂપે જ પધાર્યા છે! શુદ્ધ-સ્વરૂપ જ દેવકીજીમાં પધાર્યું છે. આ તેજોરૂપ ગર્ભની

વૃદ્ધિ આકાશની જેમ થઈ છે. જેમ જેમ આવરણ દૂર થાય તેમ તેમ આકાશ (ખાલી જગ્યા) વધે, તેવી રીતેં જેમ માયાનું આવરણ દૂર થતું ગયું, તેમ તેમ ગર્ભ રૂપે પ્રાકટ્ય થતું ગયું! - માના ઉદરની વૃદ્ધિ થતી ગઈ. યશોદાજીમાં પણ આ પ્રકારે વૃદ્ધિ છે. બંને માતાઓને કોઈ બીજી સમજ થઈ નથી!

કંસના બંધનમાં વસુદેવજી ભગવત્તેજ:થી શોભતા હતા, દેવકીજી ન શોભ્યાં!:

મા દેવકીજીએ પોતાના પ્રયત્નોથી પ્રભુને પ્રાપ્ત કર્યા નથી. ઉદય પામતા ચન્દ્રને પૂર્વદિશા ધારણ કરે, તેમ પધારતા પ્રભુને ધારણ કર્યા છે! અવિકૃત મનથી ધારણ કર્યા હોવાથી "मनस्तः"માં "तसिल्"- પ્રત્યય મૂક્યો છે. અહીં સ્થાપના અને ધારણમાં મન હેતુરૂપ છે. ભગવાનમાં સર્વ જગત્ સમાયેલું છે. તે પ્રભુ દેવકીજીમાં વિરાજ્યા; પછી કોઈનો ભય ન રહે, છતાં કંસના કારાગૃહમાં બંધનમાં રહેલા દેવકીજી ઘણાં શોભાયમાન ન થયાં! વસુદેવજી ભગવત્તેજ:થી શોભતા હતા. દેવકીજી ન શોભ્યાં! ચિંતામાં ડૂબી ન જાય, વિવેકાદિથી સ્વતન્ત્ર-સ્વસ્થ-રહે તે, પુરુષ! તેનું તેજ: શોભે છે. ચિંતામાં ડૂબી જાય તે, - સ્ત્રી! તેનું તેજ: પ્રકાશે નહિ. ચિંતા અંત:કરણમાં અંધકાર ફેલાવે છે. ચિંતાથી ચહેરા ઉપર પણ ચમક દેખાય નહિ. ચિંતાથી ચિત્ત વ્યાકુલ થાય; ચાતુર્ય ચાલ્યું જાય. અગ્નિ રાખથી ઢંકાયેલો હોય તો ન પ્રકાશે, તેમ પ્રભુસંબંધી ચિંતાના કારણે દેવકીજી શોભતાં ન હતાં. કંસ દ્વારા કેદ થયેલાં હોવાથી પણ શોભતાં ન હતાં! - જ્ઞાનખલમાં સરસ્વતી ન શોભે તેમ! સરસ્વતી તો સન્માર્ગ ફેલાવનારાં છે, સૌનું કલ્યાણ કરે છે, છતાં જ્ઞાનખલને તે તેના મનમાં જ સંતોષ આપે છે, બહાર પ્રકટ થતાં નથી. સઘળું પોતે સમજે, છતાં સમજવા ઈચ્છનાર સુયોગ્યને સમજાવે નહિ, - તે જ્ઞાનખલ કહેવાય! પોતાનામાં પધારેલા પ્રભુને માએ ગુપ્ત રાખ્યા!

કંસ પ્રભુનું પધારવું જાણી ચૂક્યો! ભયથી બધે ભગવાન્ જોવા લાગ્યો, ભાવથી નહિ!:

કંસે નિર્મલ પ્રસન્ન દેવકીજીને જોયાં, સમજી ગયો! પરમાનંદ રૂપ પ્રભુ પધારે તો બધાં દુ:ખ જાય. પોતાના પ્રાણ હરનારા હરિ તેની ગુહામાં પધારી ચૂક્યા છે! સામાન્ય-ગર્ભ ઉદરમાં હોય. પ્રભુ તો ગુહામાં વિરાજે છે. માના અંતરમાં વિરાજતા ભગવાન્ અજિત છે, જિતાય તેમ નથી. પોતે શું કરવું તેની ચિંતા કંસને થઈ. સગર્ભા બેનનો વધ યશ:, શ્રી અને આયુષ્યને તત્ક્ષણ હરી લે. ક્રૂર કર્મ કરનાર જીવતો છતાં મરેલો જ છે. જીવતાં લોકો તેને ધિક્કારે છે. મર્યા પછી દેહાભિમાની નરકમાં પડે છે. ભગવાનની સન્નિધિ કે ઈચ્છા માત્રથી કંસને આવું જ્ઞાન થયું! ભગવાનની ઈચ્છાનુસાર સૌને જુદા જુદા પ્રકારનું જ્ઞાન થાય છે. કંસ વિચાર કરીને ઘોર કર્મ કરતાં અટક્યો! વૈરભાવે પ્રભુના પ્રાકટ્યની પ્રતીક્ષા કરવા લાગ્યો. બેસતાં, સૂતાં, ખાતાં, પીતાં, હરતાં, ફરતાં ભયથી ઈન્દ્રિયપ્રેરક ભગવાનના જ વિચારોમાં ડૂબી ગયો. આખા જગતને કૃષ્ણમય જોવા લાગ્યો! જગતને જ્ઞાન કે ભક્તિથી પ્રભુમય જોવું તે ભગવદ્દૃષ્ટિ કે ભગવદ્ભાવ કહેવાય, પણ કંસમાં ભાવ નથી, ભય છે, તેથી તે ભગવદ્ભાવ ન કહેવાય!

દેવો પોતાના પક્ષપાતી સમજીને કાલાત્મા ભગવાનની (ગર્ભ) સ્તુતિ કરે છે : પ્રભુ તેવા નથી!:

બ્રહ્મા અને મહાદેવજીએ પ્રભુને માના ઉદરમાં પધારેલા જાણ્યા. નારદ વગેરે મુનિયો, દેવો, અનુચરો સાથે ત્યાં આવ્યા. કંસને ગણકાર્યો નહિ! વાણી વડે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. "वृषणं कामवर्षिणम् ।"- ભક્તોની ઈચ્છા પૂર્ણ કરનારા પ્રભુ "વૃષણ" છે, અથવા "वृषं धर्मं नयतीति ।"-

ધર્મને પ્રેરનારા પ્રભુ "વૃષણ" છે, દેવોએ ભગવાનને પોતાના પક્ષપાતી રૂપે ઓળખ્યા છે. ભગવાન્ સોળકળાપૂર્ણ પુરુષોત્તમ છે. દેવોએ તેમને કાલરૂપ તરીકે જાણ્યા ! સાધારણ રીતે કાલ માસ વગેરે રૂપે ગણાય છે. માસના દિવસ ત્રીસ છે. તેના બે પક્ષ-પખવાડિયાં-શુક્લ (સુદ) અને કૃષ્ણ (વદ) ! કાલ દેવ-દૈત્ય ઉભયને ક્રમશઃ સાનુકૂલ હોય છે. શુક્લપક્ષ (સુદ) અને કૃષ્ણપક્ષ દૈત્યોનો પક્ષપાતી ગણાય છે. દેવોએ પોતાના હિતકારી કાલરૂપ જાણ્યા. પક્ષના દિવસ પંદર અને કદાચિત્ તિથિ વધે તો સોળ થાય. દેવોએ તેથી સોળ શ્લોકમાં સ્તુતિ કરી. આ કાલકૃત પક્ષપાત પણ ચાર પ્રકારનો છે. -(૧) લોકકૃત, (૨) લૌકિક અને વૈદિક બંને પ્રકારની સ્મૃતિકૃત, (૩) વેદકૃત અને (૪) ભગવન્માર્ગકૃત. આ દરેકના પુનઃ ચાર પ્રકાર છે, - પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ ! બધા મળીને કુલ સોળ પ્રકાર થયા. સોળ શ્લોકમાં તેનું નિરૂપણ છે.

લોકમાં સત્ય ભગવદ્રૂપ હોવાથી પ્રમાણ છે. સર્વત્ર દેખાતું જગદ્ ભગવદ્રૂપ હોવાથી પ્રમેય છે. ગુણ ભગવાનના છે, તેથી તેના અભિમાની દેવો સાધન છે. ક્ષેત્ર રૂપ ભગવાન્ ફલ છે. પહેલા ચાર શ્લોકમાં આ ચારનું પ્રતિપાદન છે. દેવોને માટે સત્ય પ્રમાણ છે. દૈત્યોને અસત્ય પ્રમાણ છે. જૂઠાણું જીવનને ઝેર રૂપ બનાવે છે. સત્ય જીવનને સર્વોત્કૃષ્ટ સુખમય બનાવે છે.

દેવોએ સત્યાત્મક ભગવાનની શરણાગતિ કરી :

सत्यव्रतं सत्यपरं त्रिसत्यं सत्यस्य योनिं निहितं च सत्ये ।
सत्यस्य सत्यमृतसत्यनेत्रं सत्यात्मकं त्वां शरणं प्रपन्नाः ॥ (२६)

સત્યવ્રત, સત્યપર, ત્રિસત્ય, સત્યના કારણરૂપ, સત્યના રક્ષક, સત્યના સત્ય, ઋત અને સત્ય જેને પ્રાપ્ત કરાવનાર (નેત્ર) છે, - તેવા સત્યાત્મક આપને શરણે અમે આવ્યા છીએ !

શરણાગતમાં સ્નેહ અને સત્ય સ્વાભાવિક રીતે હોવાં જ જોઈએ. તેનાથી શરણાગતિ સુદૃઢ બને; અસત્ય અને ક્લેશ શિથિલ બનાવે છે !

દેવોનું હિતકારી સત્ય આઠ પ્રકારનું છે, અંશતઃ સોળ પ્રકારનું છે. સ્તુતિના પહેલા શ્લોકમાં ભગવાનને આઠ વિશેષણોથી વર્ણવ્યા છે : ૧. સત્યવ્રત, ૨. સત્યપર, ૩. ત્રિસત્ય, ૪. સત્યનું કારણ ૫. સત્યના રક્ષક, ૬. સત્યનું સત્ય, ૭. ઋત અને સત્ય વડે પ્રાપ્ય, ૮. સત્યાત્મક. આ વિશેષણોમાં "સત્ય" સાથે એક એક શબ્દ પણ યોજેલો છે : ૧. વ્રત, ૨. પર, ૩. ત્રિ, ૪. (योनि)- કારણ, ૫. (निहित)- રક્ષક, ૬. સત્યનું- (सत्यस्य), ૭. ઋત (सत्य)- નેત્ર, ૮. આત્મા. પહેલાં આઠ સાથે મળી અંશતઃ સોળ પ્રકાર થયા; અથવા ભગવાનની ૧૩ પ્રકારની ક્રિયાશક્તિ, ૨ પ્રકારની જ્ઞાનશક્તિ અને તે બંને (જ્ઞાન અને ક્રિયા) શક્તિવાળા ભગવાન્-ધર્મી-મળીને સોળ પ્રકાર છે.

(૧) सत्यव्रतं - (१) सत्यं पर, (२) परं सत्यं, (३)सत्येन न सुवर्गाल्लोकाच्च्यवन्ते कदाचन, (४) सतां हि सत्यं तस्मात् सत्ये रमन्ते ।- (૧) સત્ય પર (ઉત્કૃષ્ટ) છે, (૨) પર સત્ય છે, (૩) સત્ય વડે સ્વર્ગ લોકમાંથી ક્યારે પણ નીચે પડતા નથી, (૪) સત્પુરુષોનું (સર્વ) જ સત્ય છે; તેથી સત્યમાં જ રમણ કરે છે. (સત્યનું જ આચરણ કરે છે.) એવી શ્રુતિ છે. તેમાં ક્રમશઃ - (૧) પ્રમાણ, (૨) પ્રમેય, (૩) સાધન અને (૪) ફલ કહ્યાં છે. સત્યત્વ અને સર્વોત્તમત્વનું એકપણું છે. સત્ય છે તે શ્રેષ્ઠ છે; શ્રેષ્ઠ

છે, તે સત્ય છે "**सत्यमेव व्रतं यस्य**"- સત્ય જેનું વ્રત છે તે, - સત્યવ્રત ! ભગવાનનું સત્ય એ વ્રત છે અને ભગવાનનું વ્રત સત્ય છે. આમ, બે રીતે અર્થ ઉદ્દેશ્ય-વિધેય-ભેદથી સંભવે. આમાંથી સત્યાચરણ અને વ્રતાચરણ રૂપ બે પ્રકારની ક્રિયાશક્તિ સમજાય છે. ભગવાનનાં સત્ય અને વ્રત બંને ઉત્કૃષ્ટ છે.

"**न मे भक्तः प्रणश्यति ।**"- "મારો ભક્ત નાશ પામતો નથી !" "**द्विः शरं नाभिसन्धत्ते ।**"- "રામ એક લક્ષ્ય તરફ બે વખત બાણ ચઢાવતા નથી !" "**तवास्मीति प्रपन्नोऽहं सकृद्यो ह्यभियाचते । अभयं सर्वभूतेभ्यो ददाम्येद्व्रतं मम ॥**"- "તારો છું, હું શરણાગત છું, - એમ એક વાર જે પ્રાર્થે છે, તે સર્વ પ્રાણીઓને હું અભય આપું છું, - એ મારું વ્રત છે !" કૃષ્ણાવતારમાં પણ પોતે પહેલાં આપેલા વચનની સત્યતાથી પ્રભુ પ્રકટ થયા છે. આમાં પ્રમાણ રૂપે નિરૂપણ છે.

(૨) "**सत्यपरं**"- લોક અને વેદમાં "પર" બાર પ્રકારનું કહેલું છે, - (૧) સત્ય, (૨) તપઃ, (૩) દમ, (૪) શમ, (૫) દાન, (૬) ધર્મ, (૭) પ્રજનન, (૮) અગ્નિ, (૯) અગ્નિહોત્ર, (૧૦) યજ્ઞ, (૧૧) મૌન, (૧૨) સંન્યાસ. આ સર્વ પ્રભુનાં સત્ય છે.

"પર" શબ્દના બે અર્થ છે, - સર્વોત્કૃષ્ટ અને નિયામક ! પહેલાં બાર પદાર્થો સર્વોત્કૃષ્ટ રૂપ ગણાવ્યા. નિયામક રૂપે પણ કહેલા છે. શ્રુતિમાં "**किं भगवन्तः परमं वदन्तीति**"- કહીને - "પર"ની વ્યાખ્યા કરી છે. (૧) "**सत्येन वायुरावाति**"- સત્ય વડે વાયુ વાય છે. (૨) "**सत्येनादित्यो रोचते दिवि**"- સત્ય વડે સૂર્ય આકાશમાં પ્રકાશે છે. (૩) "**सत्यं वाचः प्रतिष्ठा**"- વાણીની પ્રતિષ્ઠા સત્ય છે. (૪) "**सत्ये सर्वं प्रतिष्ठितम्**"- સત્યમાં સર્વ પ્રતિષ્ઠિત (સ્થિર) છે. "**तस्मात्सत्यं परमं वदन्ति**"- તેથી સત્યને પરમ કહે છે.

આમાં વહન, પ્રકાશન, પ્રતિષ્ઠા અને સર્વની સ્થિતિ રૂપ ચાર પ્રકારની ક્રિયાશક્તિનું નિરૂપણ છે. આમાં પ્રમેયરૂપ છે.

(૩) "**त्रिसत्यं**"- ત્રણ લોક (ભૂઃ, ભુવઃ અને સ્વઃ) અને ત્રણ આત્મા (શરીર, જીવ અને પરમાત્મા) જેના સત્ય છે તે, - ત્રિસત્ય ! આમાં બે પ્રકારની ક્રિયાશક્તિ બતાવી. આ પદમાં સાધન અને ફલરૂપ ભેગાં કહેલાં છે. આમ, પ્રમાણાદિ ચાર રીતે, આઠ પ્રકારની ઉપપત્તિ (સાધક-પ્રમાણ રૂપ યુક્તિ) રૂપ ક્રિયાશક્તિવાળા ભગવાન્ છે. પછીનાં પાંચ વિશેષણમાં ઉત્પત્તિ રૂપે આઠ પ્રકારનું નિરૂપણ છે.

અહીં જુદા જુદા અર્થો પણ કરવામાં આવે છે. "**त्रिः सत्यं देवाः ।**"- દેવો ત્રણ વાર સત્ય છે. લીલામાં, મંદિરમાં અને કથામાં ત્રણેમાં જેનું પ્રાકટ્ય (સ્વરૂપ) સત્ય છે. મથુરામાં, ગોકુલમાં અને બરસાનામાં ત્રણેમાં જેનું પ્રાકટ્ય સત્ય છે. રાસમાં, ગિરિરાજજીમાં અને વ્રજમાં - ત્રણેમાં જેનું પ્રાકટ્ય (સ્વરૂપ) સત્ય છે. પૃશ્નિગર્ભ, ઉપેન્દ્ર અને કૃષ્ણ ત્રણે અવતારમાં જેનું પ્રાકટ્ય (સ્વરૂપ) સત્ય છે. બાલ, કિશોર અને રાજ - એ ત્રણે લીલા જેની સત્ય છે તે !

(૪) "**सत्यस्य योनिं**"- અત્યાર સુધીમાં જે આઠ પ્રકારનું સત્ય કહ્યું, તે સર્વ સત્યનું કારણ ભગવાન્ છે. કોઈ વચન આપે, - "કાલે આપીશ !" કાલ થાય તો જ તે વચન સત્ય થઈ શકે. તે સત્યમાં કારણ રૂપ કાલ છે. ભગવાન્ કાલ રૂપ છે. અહીં સત્યમાં પ્રભુનું પ્રયોજકત્વ બતાવ્યું. આ એક ક્રિયાશક્તિ છે.

(૫) "**निहितं च सत्ये**"- ભગવાન્ સત્યના સંપૂર્ણ રક્ષક પણ છે. "**सत्ये नितरां हितः रक्षकः ।**"- સત્યમાં સ્થિતિ કરીને ભગવાન્ સત્યની રક્ષા કરે છે. સત્યની ઉત્પત્તિના વિચારમાં પ્રમેય અને સાધન કહ્યું. પ્રમાણ અને ફલ "**ऋतसत्यनेत्रे**" અને "**सत्यात्मकं**"માં કહ્યાં છે, તે સૂચવવા વચમાં "**च**"કાર છે. અહીં બે ક્રિયાશક્તિ બતાવી.

(૬) "**सत्यस्य सत्यं**"- ભગવાન્ સત્યનું આધિદૈવિક-સ્વરૂપ છે. સત્યનું સત્ય છે. પૂર્ણનો પૂર્ણમાં લય છે, તેમ સત્યનો લય (એકરૂપતા) પણ સત્યરૂપ ભગવાનમાં થાય છે. ભગવાનમાં જે સ્થિત છે તે સત્ય છે, અને સત્યમાં જે સ્થિત છે, તે ભગવાનમાં પ્રતિષ્ઠિત થાય છે. આમ, સત્યની ઉત્પત્તિ, સ્થિતિ અને લય ત્રણે બતાવ્યાં. અહીં બે ક્રિયાશક્તિ બતાવી. આ રીતે ઉત્પત્તિ-વિચારમાં કુલ પાંચ થઈ. ઉપપત્તિમાં કહેલી આઠ મળીને કુલ ૧૩ થઈ. તે સત્ય છે.

(૭) "**ऋतसत्यनेत्रे**"- ઋત અને સત્ય જેનાં નેત્ર છે. ઋત એટલે સૂનૃત (પ્રિય, મધુર) વાણી, વેદ સત્યનું પ્રતિપાદન કરે છે. સત્ય ભગવદ્ધર્મ છે. ઋત અને સત્ય પ્રભુને પ્રાપ્ત કરાવનારાં છે. પ્રભુની પ્રાપ્તિ બે પ્રકારે કહી. આ ભગવાનની જ્ઞાન ઉત્પન્ન કરનારી શક્તિનું નિરૂપણ છે. ભગવાનની જ્ઞાનશક્તિ પણ સત્ય છે. તેના બે પ્રકાર પ્રમાણ અને પ્રમેયબલથી થાય. પ્રમાણ વેદ છે, પ્રમેય ભગવદ્ધર્મ છે, સત્ય (પ્રિય) વાણી અને સત્યરૂપ ધર્મથી પ્રભુ પ્રાપ્ત થાય છે.

(૮) "**सत्यात्मकं**"- ભગવાનની ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિનું નિરૂપણ કરીને તે બંને શક્તિવાળા (ધર્મી) સત્યરૂપ ભગવાનને ઓળખાવે છે. "**सत्यमेवात्मा स्वरूपं यस्य ।**"- સત્ય જ જેનું સ્વરૂપ છે તે, - આત્મા ! "**अतति व्याप्नोतीति आत्मा ।**"- સર્વ-ધર્મોમાં વ્યાપીને રહે તે, - આત્મા ! તે ભગવાનનું ત્રિકાલા-બાધિત સદ્રૂપ છે. "**क**"નો અર્થ સુખ લેતાં, સત્ય જ આત્મા અને સુખ છે જેનું તે, એવો અર્થ થાય. ભગવાન્ સચ્ચિદાનન્દ છે. તેમાં ચિદ્ અને આનંદ પણ સત્ય છે.

પહેલાં કહેલા પંદર પ્રકારથી ભગવાન્ જ ઓળખાય છે. તે સત્યાત્મક ભગવાનને અમે શરણે જઈએ છીએ ! દેવોએ પ્રભુની શરણાગતિ કરી. જીવો ભગવાનની શરણાગતિથી જ કૃતાર્થ થાય છે. જ્ઞાન, અજ્ઞાન કે પ્રીતથી પ્રભુને શરણે જાય, તેનું સઘળું ભગવાન્ સંભાળે છે. અશક્ય કે શક્ય કાર્યોમાં પણ પ્રભુની શરણાગતિથી જ હિત થાય.

વિશ્વ-વૃક્ષ-રૂપ ભગવાન્ છે, મિથ્યા નથી ! :

શ્રુતિમાં ભગવાનને વૃક્ષરૂપ કહ્યા છે. - "**वृक्ष इव स्तब्धो दिवि तिष्ठत्येकस्तेनेदं पूर्णं पुरुषेण सर्वम् ।**"- આકાશમાં વૃક્ષની જેમ ભગવાન્ સ્થિર રહે છે, તેનાથી આ જગત્ પૂર્ણ છે. વૃક્ષરૂપ ભગવાનમાંથી થયેલું જગત્ પણ વૃક્ષરૂપ હોય. ગીતાજીમાં - "**ऊर्ध्वमूलमधः शाखमश्वत्थं....।**"- પણ કહેલું છે. જગત્ માત્ર ભગવાનના આશ્રયે છે.

ભગવાન્ જ તેનું બીજ છે. તે "**एकायनः**"- શબ્દથી કહ્યું છે. તેને સુખ (સ્વર્ગ) અને દુઃખ (નરક) રૂપ બે ફલ છે. સ્વરૂપગમન (લાભ) સ્વર્ગ છે. નરનું વિષયસુખ નરક છે. સત્વ, રજઃ અને તમઃ એ ત્રણ ગુણો તેનાં મૂલ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ તેના રસ છે. વૃક્ષ પંચવિધ છે. ઊંચે ફેંકવું, દૂર ફેંકવું, પ્રસારવું, સંકોચવું અને ગમન - આ પાંચ કર્મ તેના પ્રકારો છે; અથવા અન્નમયાદિ પાંચ પુરુષ પણ ગણાય. તેના આત્મા રૂપ છ ઈન્દ્રિયો છે. સાત તેનાં પડ (આવરણ) છે. ત્વક્, માંસ, રુધિર, મેદ, અસ્થિ,

મજ્જા અને શુક્ર, - આ સાત ધાતુ વલ્કલ રૂપ છે. ભૂમિ, જલ, અગ્નિ, વાયુ, આકાશ, મન:, બુદ્ધિ અને અહંકાર, - એ આઠ પ્રકૃતિ તેની શાખા રૂપ છે. નવ ઈન્દ્રિય-છિદ્રો તેમાંનાં કોટર (બખોલો) છે. પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય, - આ દશ પ્રકારનો પ્રાણ તેનાં પાંદડાં રૂપ છે. (જીવ) આત્મા અને અંતર્યામી તેના પર બેઠેલાં બે પક્ષી છે. આ બ્રહ્માંડાત્મક વૃક્ષ રૂપ ભગવાન્ છે.

આ વિશ્વ સદ્રૂપ છે. માયામય-મિથ્યા-નથી ! તેના ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણ રૂપ ભગવાન્ છે. માયાથી મોહ પામેલો તેમાં અનેક રૂપ જુએ છે. જ્ઞાનીઓ અનેક રૂપે પણ ભગવાનને જ ઓળખે છે !

ભક્તોની જેમ જીવવાથી પણ પ્રભુ પ્રસન્ન થાય, ઉદ્ધાર થાય ! :

સાધુપુરુષોના કલ્યાણ માટે અને દુષ્ટોને દંડ દેવા માટે પ્રભુ અવતાર લઈને પધારે છે. સમાધિ દ્વારા ભગવાનમાં ચિત્ત સ્થિર કરનારા ભક્તો ભવસાગરને સરલતાથી તરી જાય છે. અલૌકિક સામર્થ્યવાળા મહાપુરુષોએ ભગવાનનાં ચરણકમલની નૌકા દ્વારા ભવસાગરને વાછરડાની ખરીની ધૂળમાં પડેલી છાપ જેવો તુચ્છ બનાવીને તરી જવાનો માર્ગ બતાવ્યો છે ! પ્રભુમાં અત્યંત-સંપૂર્ણ-પ્રીતિવાળા તે મહાપુરુષો પોતે ભયંકર સંસારસાગરને સરલતાથી તરી ગયા છે; અને ભગવાનનાં ચરણ રૂપ વહાણને અહીં મૂકતા ગયા છે. ભક્તોની જેમ જીવવાથી પણ પ્રભુ પ્રસન્ન થાય, જીવનો ઉદ્ધાર થાય. ચરણપ્રાપ્તિ માટે સંપ્રદાય (માર્ગ) પણ સુલભ છે. મહાપુરુષોના ઉપદેશો અને અનુસરણ પણ ઉદ્ધાર કરે છે, પ્રભુસમ્મુખ લઈ જાય છે.

ભગવાનની અવજ્ઞા કરનાર - અશુદ્ધ બુદ્ધિવાળા લોકો પતન પામે છે !

કેટલાક લોકો પોતાને મુક્ત માની લઈને સ્વચ્છન્દાચરણ કરે છે. ભગવાનમાં તેમને પ્રીતિ હોતી નથી. તેમની બુદ્ધિ શુદ્ધ હોતી નથી. પ્રભુપ્રીતિ વગર બુદ્ધિની શુદ્ધિ ન થાય. અશુદ્ધ બુદ્ધિવાળા લોકોને પોતાના દોષ ક્યારે પણ ન દેખાય ! પોતાના દોષ દેખાય તે જ્ઞાનની પૂર્વાવસ્થા છે. ઘણો પ્રયત્ન કરીને ત્યાગ, દાન, તપ: વગેરેથી ઉન્નતિ મેળવ્યા છતાં, અશુદ્ધ બુદ્ધિ પતન જ કરાવે છે ! અશુદ્ધ બુદ્ધિવાળા લોકો ભગવાનનો (જાણીને કે અજાણતાં પણ) અનાદર કરે છે. પરિણામે પતન પામે છે. ભગવાનના ચરણકમલના આદર માત્રથી પણ પતન ન થાય ! પ્રીતિથી પ્રભુના બની જનારા લોકો પોતાના માર્ગમાંથી પતન પામતા નથી. ભગવાન્ જેની રક્ષા કરે છે, તેવા ભક્તો તો વિઘ્ન કરનારાઓની સેનાના માથે પગ મૂકીને નિર્ભય થઈને વિચરે છે. ભક્તોને પીડનારા પોતે જ પીડાય છે. ભક્તોની તો પ્રતિષ્ઠા વધે છે. ભગવાન્ જ તેમાં કારણ છે.

ભગવાનના સત્ત્વ - સ્વરૂપથી ભેદ અને અજ્ઞાનનો નાશ થાય : વિજ્ઞાન થાય :

વિશ્વની સ્થિતિદશામાં ભગવાન્ સાત્ત્વિક રૂપ ધારણ કરે છે. તે કલ્યાણ રૂપ છે. શાસ્ત્રમાં ચારે આશ્રમવાળાના ધર્મો કહેલા છે, - વેદાધ્યયન, યજ્ઞાદિ, તપ: વગેરે તથા સમાધિ, પોતાના ધર્મોના સેવનથી અંત:કરણની શુદ્ધિ થાય. શુદ્ધ જીવો જ ભગવાનની સેવા કરી શકે. સર્વને માટે યોગ્ય ફલ દેનારા ભગવાન્ છે. સત્ત્વ સ્વરૂપથી અજ્ઞાનનો નાશ થાય. ભગવાનનો અભેદ રૂપે અનુભવ થાય, તે

વિજ્ઞાન કહેવાય. ગુણપ્રકાશ દ્વારા ભગવાનનું અનુમાન થાય છે. ભગવત્-પ્રકાશ માટે સત્ત્વની આવશ્યકતા છે. જીવ જેમ જેમ શુદ્ધ થાય, તેમ તેમ નિષ્કામ થાય. કામનાઓ તેને પીડે નહિ, ભાન ભુલાય નહિ, આત્મા અને પરમાત્માનો અનુભવ થાય.

ભગવાનનાં નામ - રૂપ - લીલા આનંદમય છે, પુરુષાર્થ - સાધક છે :

સદ્રૂપ ક્રિયાશક્તિના ધર્મ રૂપે ભગવાન્ કર્મ રૂપે પ્રકટે છે. આનન્દ રૂપે પ્રકટ પ્રભુનો અનુભવ તે જન્મ છે. તેનાથી રૂપ અને નામ છે. ભગવાનનો માર્ગ તો મનઃ અને વાણીથી અનુમાન માત્ર કરી શકાય તેવો છે. પ્રત્યક્ષનો પ્રાયઃ તે વિષય નથી, છતાં નામ અને રૂપ ક્રિયામાં દેખાય છે. લીલા દ્વારા નામ અને સ્વરૂપનું અનુસંધાન સંભવે છે. ભગવાનનાં નામ, રૂપ અને લીલા આનન્દમય છે, પુરુષાર્થસાધક છે.

પુનર્જન્મમાંથી છૂટવાનો ઉપાય,- પ્રભુમાં સ્થિર ચિત્ત ! :

शृण्वन् गृणन् संस्मरयंश्च चिन्तयन् नामानि रूपाणि च मङ्गलानि ते ।
क्रियासु यस्त्वच्चरणारविन्दयोराविष्टचित्तो न भवाय कल्पते ॥ (३७)

ભગવાનનાં સ્વરૂપ અને નામ મંગલ રૂપ છે. પોતાની આવશ્યક ક્રિયાઓ કરતાં ભગવાનનાં ચરણારવિંદમાં ચિત્ત રાખનાર માનવ ફરીથી જન્મ પામતો નથી!

પ્રભુનાં ચરણમાં ચિત્ત રાખવા માટે શ્રવણ, કીર્તન, સ્મરણ, ચિંતન જરૂરી છે. પ્રયત્ન વિના ચિત્તની પ્રવૃત્તિ થાય તે સ્મરણ કહેવાય. પ્રયત્નપૂર્વક ચિત્તની પ્રવૃત્તિ ચિંતન કહેવાય. ચિંતનમાં પ્રભુના સ્વરૂપની કલ્પના હોય તે ધ્યાન ગણાય !

સ્નેહથી સ્મરણ સ્વાભાવિક થાય. સતત સ્મરણથી પ્રભુમાં ચિત્ત પરોવાઈ જાય, આવેશ થાય, પછી ભગવાન્ જ જ્ઞાનરૂપ અને ક્રિયારૂપ બને, પરિણામે મોક્ષ મળે જ! યજ્ઞાદિ-ક્રિયાઓમાંની અપૂર્ણતા પણ ભગવાનના રૂપ કે નામના સ્મરણ કે કીર્તનથી પૂર્ણ થઈ જાય છે. આવી ક્રિયાનું ફલ મોક્ષ જ હોય!

પૃથ્વીને આનંદપ્રદ પ્રભુનું પ્રાકટ્ય : અવતાર પણ વિનોદ છે, લીલા છે! :

પ્રભુના પ્રાકટ્યથી પૃથ્વીનો ભાર દૂર થાય તે યોગ્ય છે. પ્રભુનાં ચરણચિહ્નોથી શોભતાં પૃથ્વી અને સ્વર્ગનાં દર્શનથી પણ દેવોએ મહદ્ભાગ્ય માન્યું. પૂર્વે ગાય રૂપે રડતી પૃથ્વી, હવે પ્રભુના આનંદ રૂપ ચરણસ્પર્શે પુલકિત થશે ! કામદૂધા ગાય જેમ ઈચ્છેલા પદાર્થો આપે તેમ પૃથ્વી બધા પદાર્થો દેનારી થશે !

વિનોદ-(લીલા) જ ભગવાનના જન્મનું કારણ છે. અવતાર લઈને પ્રભુ કાલાદિની અસર ભક્તો પરથી દૂર કરે છે, શરણાગત-ભક્તોની સંસારનૌકાને પાર ઉતારે છે. તે પણ ભગવાન્ માટે તો લીલા જ છે. દેવો પણ આવું માત્ર અનુમાન કરે છે. સ્પષ્ટ નિર્ણય કરી શકતા નથી!

દેવોએ ભગવાનના અવતારો ગણાવ્યા :

मत्स्याश्वकच्छपनृसिंहवराहहंसराजन्यविप्रविबुधेषु कृतावतारः ।
त्वं पासि नस्त्रिभुवनं च तथाधुनेश भारं भुवो हर यदूत्तम वन्दनं ते ॥ (४०)

આપ મત્સ્ય, હયગ્રીવ, કૂર્મ, નૃસિંહ, વરાહ, હંસ, રઘુનાથ, પરશુરામ, વામન રૂપે અવતાર

લેનારા છો ! ત્રિભુવનની રક્ષા કરો છો. હે ઈશ ! અત્યારે પૃથ્વીનો ભાર ઉતારો ! હે યદુશ્રેષ્ઠ ! આપને વંદન હો !

નવ અવતારોનાં નામ ગણાવ્યાં. દશમા યદૂત્તમ કૃષ્ણ અવતારી છે. દશે, ભક્તોના પુરુષાર્થો સિદ્ધ કરે છે. મત્સ્ય, હયગ્રીવ, કૂર્માવતાર જલમાંથી થયા છે, તમઃ-સમાનાકૃતિ છે. નૃસિંહ, વરાહ અને હંસ વનમાંથી થયા છે. રજઃ - સમાનાકૃતિ છે. નૃસિંહ લાકડાના સ્તંભમાંથી પ્રકટ્યા છે. વરાહ વનમાં વસનારા છે. હંસ બહિર્વાયુસ્થાન રૂપ આરણ્યક છે. શ્રીરામ, પરશુરામ અને વામન લોકમાંથી થયા છે, સત્ત્વ-સમાનાકૃતિ છે. મત્સ્યથી આરંભીને ક્રમશઃ ગણાવેલા નવ અવતારોમાં ઉત્તરોત્તર ઉત્તમતા છે. મત્સ્યથી અશ્વ (હયગ્રીવ) ઉત્તમ છે તેમ. શ્રીરામ ક્ષત્રિય છે. પરશુરામ બ્રાહ્મણ છે. વામન (વિબુધ) દેવ છે. છેલ્લે ગણાવ્યા, - "યદૂત્તમ !" સૌ અવતારોના તે અવતારી છે, સર્વશ્રેષ્ઠ છે ! નવે અવતારમાં પ્રભુએ નવ પ્રકારે ભક્તોની રક્ષા કરી ! કૃષ્ણાવતારમાં તો એક જ રૂપે સર્વ પ્રકારે રક્ષા કરી.

(૧) મત્સ્યાવતારમાં પ્રલયના જલમાં ભક્ત સત્યવ્રતનું રક્ષણ કર્યું. બીજા કોઈ રૂપે રક્ષા કરવામાં મગર વગેરે જલચરનો ભય રહે. સ્નેહથી ભક્તોને તે દુઃખ થાય. જગતમાં મત્સ્ય હીન ગણાય છે, ભગવાને ભક્તના કાર્ય માટે પોતાનું સ્વરૂપ છુપાવીને મત્સ્યનું રૂપ લીધું.

કૃષ્ણાવતારમાં ભક્ત યુધિષ્ઠિરનું કાર્ય કરવા, શરણાગત રાજાઓને મુક્તિ દેવા, પોતાનું સ્વરૂપ છુપાવીને બ્રાહ્મણ વેષે ભગવાન્ જરાસંધ પાસે ગયા. પોતાના ઐશ્વર્યથી વિરુદ્ધ યાચના કરી ! ભીમ દ્વારા જરાસંધને માર્યો. પૃથ્વીનો ભાર ગુપ્ત રીતે ઉતાર્યો. ભક્તનું રક્ષણ કર્યું.

(૨) હયગ્રીવ રૂપે બ્રહ્માજીના સત્રમાં પ્રકટ થયા. અસુરને માર્યો, વેદ રક્ષા કરી.

કૃષ્ણાવતારમાં યુધિષ્ઠિરના રાજસૂય-યજ્ઞમાં પધાર્યા. બ્રાહ્મણોનું સન્માન કર્યું. વેદમર્યાદાની રક્ષા કરી. વિરુદ્ધ બોલનાર શિશુપાલનો વધ કર્યો.

(૩) કૂર્માવતારમાં કઠિન મંદરાચલને પોતે નિદ્રામાં ખણનારું સુખરૂપ સાધન સમજીને પીઠે ધારણ કર્યો. પોતાના શરણાગત દેવોને અમૃતદાન કરવા પર્વત ધારણ કર્યો.

કૃષ્ણાવતારમાં યુદ્ધ પણ લીલા માટે જ કર્યું છે, દુશ્મનો હતા તેથી નહિ ! ક્ષત્રિય રૂપે હાથની ચળ શમાવવા, સુખસાધન-લીલા-ગણીને યુદ્ધ કર્યું છે. ગોવર્ધન-પર્વત ધારણ કરી, પોતાના શરણાગત ગોપાલોને સ્વરૂપામૃતનું દાન કર્યું છે.

(૪) નૃસિંહાવતારમાં સ્તંભમાંથી એકાએક પ્રકટ થઈને ભક્ત પ્રહ્લાદના પિતાને, પોતાના આસુરરૂપવાળા દ્વારપાલને પણ શસ્ત્ર વગર માર્યો. લક્ષ્મીજી પાસે ન જઈ શક્યાં ! દૈત્યજાતિના છતાં ભક્ત પ્રહ્લાદ પ્રેમથી પાસે ગયા, ડર્યા નહિ.

કૃષ્ણાવતારમાં ભક્ત - પાંડવોની રક્ષા માટે કુરુક્ષેત્રમાં પધારી, નિઃશસ્ત્ર રહીને ભક્ત પાંડવોના દાદા ભીષ્મ વગેરે માર્યા ! તે ભક્ત હોવા છતાં આસુરાવેશવાળા હતા ! કંસાદિને પણ ભક્તરક્ષા માટે માર્યા. વનમાં એકાએક પાંડવો પાસે પધાર્યા. મુઠ્ઠીભર શાકાન્ન ખાધું. દુર્વાસાને શિષ્યો સાથે તૃપ્ત કર્યા. પાંડવોને કોપમાંથી બચાવ્યા.

(૫) વરાહ ભક્ત બ્રહ્માજીના નાસાગ્રમાંથી પ્રકટ થયા. પૃથ્વીના ઉદ્ધાર માટે અવતાર લીધો. પૃથ્વીનો ગુણ ગંધ છે. ગંધ સૂંઘવાથી અનુભવાય; તેથી નાસાગ્રમાંથી પ્રકટ થયા ! પૃથ્વીનો ઉદ્ધાર

કરતાં વિઘ્નરૂપ હિરણ્યાક્ષને વચમાં રોકીને, બ્રહ્માજીને પૃથ્વી આપીને પોતાનું કાર્ય પૂર્ણ કર્યું.

કૃષ્ણાવતારમાં ભક્ત પાંડવોના સંબંધી, તેમના ગુણગ્રાહક વિદુરજીને ત્યાં પધાર્યા. વ્રજભક્તોનો ઉદ્ધાર તેમની સાથે સંબંધ ધરાવતા સ્થલ-ગોકુલ-માં પ્રકટ થઈને કર્યો. રુક્મિણીજીનું હરણ કરીને પધારતાં વચ્ચે આવેલા વિઘ્ન રૂપ રુક્મિને વચમાં રોકી રાખ્યો. પોતાનું કાર્ય પૂર્ણ કર્યું.

(૬) હંસાવતારમાં તત્ત્વોપદેશ દઈને બ્રહ્માજીના વિષાદને દૂર કર્યો.

કૃષ્ણાવતારમાં સ્વજનવધથી વિમુખ થતા અર્જુનનો વિષાદ ગીતાનું જ્ઞાન દઈને દૂર કર્યો.

(૭) રામાવતારમાં ડૂબનાર અને ડુબાડનાર પથ્થરને તરનાર અને તારનાર બનાવીને સેતુ બાંધ્યો. મર્યાદાનું ઉલ્લંઘન કરીને કેટલાંક પુષ્ટિકાર્યો કર્યાં ! શરણાગત વિભીષણાદિ માટે અનેક દૈત્યોને હણ્યા.

કૃષ્ણાવતારમાં પૃથ્વીનો ઉદ્ધાર કર્યો. ડુબાડનાર કામ-ક્રોધાદિને પણ પોતાના સંબંધથી તારનાર બનાવ્યા. બધી મર્યાદાઓ ઓળંગી, કૃપા પ્રકટ કરી, ભક્તોનાં અનેક કાર્ય સિદ્ધ કર્યાં. સ્વરૂપાનન્દનો પણ અનુભવ કરાવ્યો. શરણાગત ભક્તો માટે અનેક દુષ્ટોને હણ્યા.

(૮) બ્રાહ્મણવૃત્તિવાળા હોવા છતાં પરશુરામે ક્ષત્રિયવૃત્તિ કરી. બ્રાહ્મણો માટે અનેક અસુર-રાજાઓને હણ્યા.

કૃષ્ણાવતારમાં ભગવાન્ બ્રહ્મ જ છે. તેમને સર્વ સમાન હોવા છતાં ભક્તો-બ્રાહ્મણો-માટે અનેક અસુર-રાજાઓને માર્યા.

(૯) વામનાવતારમાં માતાની પ્રાર્થનાથી પ્રકટ થયા. દેવો ન કરી શકે તેવું કાર્ય કર્યું. વાણી માત્રથી ત્રિભુવનનું હરણ કર્યું. પોતે રાજ્ય ન લેતાં ઈન્દ્રને આપ્યું.

કૃષ્ણાવતારમાં મા દેવકીજીની પ્રાર્થનાથી દેવોને ન મળતું સુખ યાદવોને દીધું. કંસને મારી પોતે રાજ્ય ન લેતાં ઉગ્રસેનને દીધું. વૃકાસુરના પ્રસંગમાં વાણીથી અસુરને મોહ પમાડી મહાદેવજીનું રક્ષણ કર્યું.

ભગવાનને જીવ શરણાગતિપૂર્વક વન્દન માત્ર કરી શકે. દેવોએ વંદન કર્યાં. શરણાગતિ સ્વીકારી. માને આશ્વાસન દીધું. "આપના-દેવકીજીના-ઉદરમાં પ્રભુ અમારી રક્ષા માટે પધાર્યા છે. કંસ તો મરવાનો થયો છે. તેનાથી ભય ન પામશો. તમારો પુત્ર યાદવોનું રક્ષણ કરનાર થશે !"

પ્રભુનું સ્વરૂપ તો દેવો પણ યથાર્થ કહી ન શકે ! શ્રીશુકે "यद्रूपमनिदं यथा"- કહ્યું. સ્વરૂપ સ્તુતિમાં કહ્યું તેવું છે અને તેવું નથી પણ, સર્વ રૂપ છે ! "सर्ववादानवसरं नानावादनुरोधि तत् ।"- ભગવાનની બાબતમાં સર્વ ભ્રાંતવાદ અપૂર્ણ છે, કોઈ સંપૂર્ણ નથી. ભગવાન્ પોતે કૃપા કરીને સૌને અનુકૂલ બને છે !

દેવોએ પ્રભુને પોતાના પક્ષપાતી સમજીને સ્તુતિ કરી છે, છતાં પ્રભુ દૈત્યોને મોક્ષ દેનારા પણ છે ! પ્રકાર-ભેદથી સઘળું સત્ય કે અસત્ય છે ! બ્રહ્માજી અને મહાદેવજી અહીં જ રહી ન જાય માટે તેમને આગળ કરીને દેવો પોતાનાં સ્વર્ગોમાં ગયા. વચમાં કોઈ વિઘ્ન નડ્યું નહિ. પ્રભુને શરણે જાય, નમે, સ્તવે, તેના માર્ગમાં કોઈ વિઘ્ન આવે નહિ, સફલતા સરળતાથી મળે !

અધ્યાય : ૩

ભગવાનના રૂપાન્તર - સ્વીકારનો પ્રકાર અને હેતુ :

દેવોના ગયા પછી પ્રભુના પ્રાકટ્યનું વર્ણન છે. પ્રભુ મૂલ રૂપે અને બાલક રૂપે દર્શન આપે છે. બીજું રૂપ (રૂપાન્તર) સ્વીકારે છે. મૂલરૂપ જાણ્યું હોય તો જ રૂપાન્તર સમજાય. રૂપાન્તર-સ્વીકારના પણ ચાર વિભાગ છે, - (૧) મધ્યરાત્રિના દિવ્યકાલનું અને મૂલસ્વરૂપનું વર્ણન, (૨) ભગવાનના બીજા સ્વરૂપ-સ્વીકારમાં સંમતિ રૂપ વસુદેવજીની સ્તુતિ, (૩) દેવકીજીની સ્તુતિ, (૪) ભગવાને કહેલાં વચનોથી બીજા-સ્વરૂપનો સ્વીકાર. મૂલરૂપ ભગવાન્ જ અન્ય - રૂપે દર્શન આપે છે. જનન-વર્ણન, પિતાએ કરેલી સ્તુતિ, માતાએ કરેલી સ્તુતિ, પ્રભુએ દીધેલું સાન્ત્વન અને ગોકુલગમન, - એ છ પ્રકારના પ્રભુનું અહીં નિરૂપણ છે.

પ્રભુ સર્વના સ્વામી છે. કાલ વગેરે પ્રભુના અધિકારી સેવકો છે. સ્વામીના પધારતાં સ્નેહથી સ્વાગત કરે. સ્વાગતમાં પોતાની ઉત્તમ વસ્તુઓ રજૂ કરે. પ્રભુ પધારતાં કાલે પોતાના સઘળા ગુણો પ્રકટ કર્યા. આ નૈમિત્તિક ગુણોનું પ્રાકટ્ય ન કહેવામાં આવે તો, પ્રભુનું પ્રાકટ્ય પણ જન્મ જેવું ગણાય. સામાન્ય જીવના જન્મપ્રસંગે કાલ વગેરે સૌ પોતાના સઘળા ઉત્તમ ગુણો પ્રકટ કરતા નથી. મા-બાપે કરેલી સ્તુતિ ન કહેવામાં આવે તો, બધાની જેમ સામાન્યજન્મ ગણાય ! ભગવાને સ્વરૂપનું દર્શન કરાવીને પરિચય પણ આપ્યો, નહિ તો અદ્‌ભુત-સ્વરૂપ જોતાં આશ્ચર્ય થાય, છતાં સંદેહ રહે !

ભગવાનના બાલક જેવાં રૂપ-સ્વીકાર માત્રથી આગળની લીલાઓ ન થાય, તે માટે ગોકુલ-ગમન જરૂરી છે. બાલક જેવું રૂપ ન લે તો સૌની મુક્તિ થઈ જાય, લીલામાં રસાલતા ન રહે ! અલૌકિક - સ્વરૂપદર્શન તથા માહાત્મ્ય - જ્ઞાન થવા છતાં મા-બાપને ભય થયો ! સ્નેહથી ભયની શંકા વધે છે. કંસ કદાચ પુત્રને પીડે તો ? જ્ઞાન કરતાં સ્નેહ બલવાન છે.

પ્રભુનો ધર્મ રૂપે આવિર્ભાવ કર્મ (લીલા) છે, અને આનન્દ રૂપે પ્રાકટ્ય જન્મ કહેવાય છે. ભગવાનમાં દેહ અને દેહી એવો ભેદ નથી. જેવા અનુભવાય છે તેવા જ ભગવાન્ છે, તેથી છ રીતે તેમનું વર્ણન કર્યું છે. ભગવાનના ગુણો અનંત છે. તેમાં ઐશ્વર્ય વગેરે છ ગુણોવાળા ભગવાન્ શ્રોતવ્ય છે, તેથી અહીં છ રીતે ભગવાનનું નિરૂપણ છે. રૂપાન્તર-સ્વીકાર એ અધ્યાયનો અર્થ છે. પહેલા સાડાઆઠ શ્લોકોમાં સર્વમંગલ-ઐશ્વર્યનું વર્ણન છે. જન્માષ્ટમીની રાત્રિએ પ્રાકટ્ય પહેલાં પુષ્ટિ-માર્ગીય-મંદિરમાં તે શ્લોકોનો પાઠ કરવામાં આવે છે. આઠ શ્લોકમાં આઠ પ્રકારનું ઐશ્વર્ય છે. અર્ધાશ્લોકમાં પ્રણવની અર્ધમાત્રા રૂપ કૃષ્ણ છે. "अर्धमात्रात्मकः कृष्णः ।"- શ્રુતિ છે.

પ્રભુ - પ્રાકટ્ય - પ્રસંગે સર્વ - મંગલ - ઐશ્વર્યનું વર્ણન :

अथ सर्वगुणोपेतः कालः परमशोभनः ।
यर्ह्येवाजनजन्मर्क्षं शान्तर्क्षग्रहतारकम् ॥ (૧)

"अथ"- શબ્દ, દેવોના ગયા પછી જ પ્રભુ પ્રકટ થયા તેમ સૂચવે છે. ભગવાન્ મંગલ રૂપ છે. તેમના મંગલ પ્રાકટ્ય ના પ્રારંભમાં મંગલ પણ "अथ"- શબ્દથી થઈ ગયું ! સર્વગુણોથી સંપન્ન કાલ થયો ! પૂર્ણ-ગુણવાળા પ્રભુની શોભા પ્રકટ કરનાર થયો. કાલ પ્રભુનો અધિકારી છે. ભગવાને

તેમનામાં ગુણો સ્થાપેલા છે. પ્રભુની સેવામાં કાલે તે બધા જ ગુણો પ્રકટ કર્યા. પ્રભુ પોતે પ્રકટ થાય છે, તેમ સૂચવ્યું.

કૃષ્ણભગવાનના પ્રાકટ્ય સમયે દક્ષિણાયન (શ્રાવણ માસ), કૃષ્ણપક્ષ, મધ્યરાત્રિ રૂપ કાલ હતો. દક્ષિણાયન વગેરે ઉત્તમ ગણાતાં નથી. ઉત્તરાયણ, શુક્લપક્ષ, દિવસ રૂપ કાલ ઉત્તમ ગણાય છે; છતાં પૂર્ણ પ્રભુ પ્રકટ થયા હતા, તેથી કાલે દક્ષિણાયનમાં પણ ઉત્તરાયણાદિ રૂપ સઘળા ઉત્તમ ગુણ પ્રકટ કર્યા. દોષ ન રહ્યા. ભગવાનની ઉત્તમતા કોઈના ઉપર આધાર રાખતી નથી. સ્વતંત્ર અને સ્વાભાવિક શ્રેષ્ઠતા પ્રભુમાં છે. અમુક સમયે જ પ્રકટ થવાથી ભગવાનમાં ઉત્તમતા આવતી નથી, પણ પ્રભુ પધારે તે કાલ, સ્થલ સઘળું ઉત્તમ થઈ જાય છે ! દેવો સ્તુતિ માટે આવ્યા, તેથી કાલ ઉત્તમ ન હતો, પણ પ્રભુ પધાર્યા તેથી જ ઉત્તમ હતો. ગ્રહ, નક્ષત્ર, તારા વગેરેની વ્યક્તિના જન્મસમયની સ્થિતિ અમુક ફલ મળે તેનું સૂચન માત્ર કરે છે. ફલ તો ભગવાન્ આપે છે. ભગવાનના પ્રાકટયથી આરંભીને સઘળો લીલાસંબંધી કાલ ભગવદ્રૂપ છે, આધિદૈવિક છે, આધિભૌતિક નથી !

કાલવર્ણનનાં આરંભનો "अथ"- શબ્દ આ ક્રમભેદસૂચક પણ છે. ચીરહરણલીલામાં વરદાન દેતી વખતે ભગવાને કુમારિકાઓને સવારના સમયે પણ રાસલીલાની રાત્રિનાં સ્પષ્ટ દર્શન કરાવ્યાં છે ! ભૌતિક રીતે (પ્રત્યક્ષપણે) તો તે સમય સવારનો હતો, છતાં તેમાં રાત્રિઓ બતાવી છે ! તે આધિદૈવિક (અલૌકિક) કાલરૂપ છે. ભગવાને ઈચ્છ્યું હોય તો ઉત્તરાયણમાં - ઉત્તમ સમયે પણ પ્રકટ થઈ શકે, છતાં લોકમાં દોષમય ગણાતા સમયે પણ પ્રકટ થવા ઈચ્છ્યું ! દોષવાળો કાલ પણ નિર્દોષ થયો - ગુણયુક્ત થયો. પ્રભુની કૃપા અને સ્વરૂપનું માહાત્મ્ય પ્રકટ કર્યું. મર્યાદામાર્ગ કરતાં પુષ્ટિમાર્ગની વિલક્ષણતા અને ઉત્તમતા પ્રકટ કરી. અધમ પણ પ્રભુ પધારતાં સર્વોત્તમ બની જાય છે. નક્ષત્રો કાલના અવયવ રૂપ ગણાય છે. તેમાં રોહિણી નક્ષત્ર કેવલ ગુણના આધાર રૂપ છે. ભગવાને પોતાના ગુણો પ્રકટ કરવા બ્રહ્માજીને પ્રકટ કર્યા. બ્રહ્માજીએ સર્વ દોષો દૂર કરી, ગુણો પ્રકટ કરવા રોહિણી નક્ષત્ર સ્વીકાર્યું.

ભગવાન્ જન્મરહિત છે. તેમના પુત્ર બ્રહ્માજી પણ જન્મરહિત - "અજન" છે. રોહિણી તેમનું નક્ષત્ર કહેવાય છે. તે નક્ષત્ર વખતે કાલે સઘળા ગુણો પ્રકટ કર્યા. બીજાં નક્ષત્ર, ગ્રહ, તારા શાન્ત-સાનુકૂલ-હતાં. નિર્દોષ ગુણો પ્રકટ થયા હતા. દિશાઓ પ્રસન્ન હતી. દિશાઓ કાનના દેવતા રૂપ છે. કાનનું કામ સાંભળવાનું છે. સૌને પ્રભુ પ્રકટ થવાના મંગલ સમાચાર સાંભળવા મળવાના છે, તેથી કાનની દેવતા-દિશાઓ-પ્રસન્ન હતી. સામાન્ય રીતે શ્રાવણ વદિ ૮ની મધ્યરાત્રિએ દૂર દેખી શકાય નહિ, અંધકાર હોય, છતાં આજે પૂર્વ વગેરે આધિભૌતિક દિશાઓ ઉત્સવ મનાવતી હતી - પ્રસન્ન હતી. દૂર સુધી રાત્રે પણ સ્પષ્ટ દેખી શકાતું હતું ! પ્રભુ પધારે ત્યાં સઘળું મંગલ થાય, અજ્ઞાન દૂર થાય. જીવનનો માર્ગ પણ સ્પષ્ટ સમજાય.

વર્ષાકાલમાં આકાશમાં મેઘ હોય, નક્ષત્રો દેખાય નહિ, પણ આજે નક્ષત્રના ઉદય વખતે આકાશ નિર્મલ હતું. પૃથ્વી પર સર્વત્ર મંગલ થઈ રહ્યું હતું. વિવાહ-પુત્રજન્મ વગેરે પ્રસંગ જેવો આનંદ સર્વત્ર મનાવાઈ રહ્યો હતો. નગર, ગામડાં, વ્રજ અને ખાણોમાં પણ મંગલ હતાં. ખાણોમાં વગર ખોદ્યે કે શોધ્યે રત્નો મળતાં હતાં. આનંદમય, મંગલરૂપ, અલભ્ય પ્રભુ સુલભ બને ત્યારે આનંદ, મંગલ,

સર્વલાભ સ્વાભાવિક રીતે મળે.

ચોમાસામાં નદીનાં પાણી ડહોળાં હોય, છતાં આધિદૈવિક-કાલમાં પ્રભુના પ્રભાવથી નદીનાં જલ નિર્મલ થયાં ! ધરાઓ કમલની શોભાથી સમૃદ્ધ થયા. વહેતાં અને સ્થિર જલના ગુણ ગણાવ્યા. પ્રવૃત્તિ-પરાયણ કે નિવૃત્તિનિરત પણ પ્રભુના પ્રભાવથી કૃતાર્થ બને.

ભૂમિ ભક્ત છે. તેણે પોતાનો ગુણ ગંધ પ્રકટ કર્યો. પુષ્પ-સંબંધે તે સુગંધ થયો. પક્ષીનાં કૂજન અને ભ્રમરનાં ગુંજન થઈ રહ્યાં. સુગંધી પુષ્પગુચ્છો તેમના સમાગમે જાણે સંગીતમય બની ગયા ! વનરાજિ રાજી થઈ ગઈ. વનમાલી પધારતા હતા, તેનો આનંદ મનાવવા લાગી !

મંદ-શીતલ-સુગંધી વાયુ વાવા લાગ્યો. તેનો પુણ્યગંધ સર્વત્ર પ્રસર્યો. શુભસૂચક પાવન પવન હતો. આસુરભાવ વગરના દ્વિજોના દુષ્કર્મસંબંધરહિત શાન્ત અગ્નિઓ ઢાંકેલા હોવા છતાં પ્રજ્વલિત થયા. હોમ વિના તેમાંથી જ્વાલાઓ નીકળવા લાગી. સન્માર્ગે જીવનાર સાધુ કહેવાય. સાધુપુરુષો સજ્જનોની ઉન્નતિ ઈચ્છે છે. સાધુપુરુષો દુષ્ટોને સાથ આપતા નથી. દુષ્ટોને દંડ મળે તેમ સાધુપુરુષો પણ ઈચ્છે છે. દુષ્ટોને દંડ દઈ સાધુપુરુષોની રક્ષા કરવા પ્રભુ પધારે છે. પ્રભુ પધારવાના પ્રસંગે સાધુપુરુષોને સ્વાભાવિક પ્રસન્નતા મનમાં થઈ. મનમાં સત્ત્વગુણ વધે તો પ્રસન્નતા અનુભવાય, રજોગુણથી વિકાર વધે. તમોગુણથી ક્લેશ થાય. સાધુઓનાં મન તો સાત્વિક હોય, સ્વાભાવિક રીતે પ્રસન્ન હોય. આજે પ્રભુના પ્રાકટ્ય સમયે અધિક પ્રસન્ન હતાં. આકાશમાં દેવોનાં દુન્દુભિ સ્વતઃ વાગી ઊઠયાં, કોઈને વગાડવાં પણ ન પડ્યાં ! વસુદેવ વગેરેને તે સંભળાયાં.

આનંદ રૂપ પ્રભુના પ્રાકટ્યનો સમય હતો. કિન્નર-ગન્ધર્વો હૃદયના ઉલ્લાસથી પોતાની મેળે ગાઈ ઊઠયા, ગાવાનો વિચાર પણ ન કરવો પડ્યો ! અકસ્માત્ ભગવાનની સ્તુતિ થવા લાગી. વિદ્યાધર અને વિદ્યાધરીઓ અપ્સરાઓ સાથે આનંદના આવેશમાં નાચવા લાગ્યાં. વિચારપૂર્વકનું શાસ્ત્રીય-નૃત્ય કરતાં ન હતાં ! કોઈની પ્રેરણા વિના, અંતરના ઉલ્લાસથી સ્ત્રી-પુરુષો નાચતાં હતાં. જે લોકો જે વિદ્યામાં નિપુણ હતા, તે હર્ષથી તેમાં રત થઈ ગયા. પ્રભુની સેવામાં પોતાની કલાને સેવા રૂપે સમર્પણ કરી કૃતાર્થ થવાય. સૌ સહજભાવે એકતાન થઈ ગયા. વેદનિપુણ મુનિજન અને વેદમંત્રોના અધિષ્ઠાતા દેવો પણ હર્ષપૂર્ણ થયા. પોતાની સેવા અને પ્રભુ પધારવાનું જ્ઞાન પ્રકટ કરતાં હર્ષથી પુષ્પવૃષ્ટિ કરી રહ્યા.

સાગર-કિનારે મેઘ મંદમંદ ગર્જન કરવા લાગ્યો. પહેલાં સ્વરૂપ-લીલા સંબંધીઓનો ગુણ-પ્રાકટ્ય રૂપ ઉત્સવ કહીને, આ શ્લોકમાં નામલીલા-સંબંધીઓનો ઉલ્લાસ વર્ણવ્યો. ભગવાન્ પુરુષોત્તમના પ્રાકટ્ય સમયે મુનિલોકોએ પોતાનાં નિર્દોષ મન સમાધિમાંથી બહાર કાઢીને પ્રભુના પ્રાકટ્ય સ્થલે વરસાવ્યાં ! "सुमनांसि"- શબ્દ તેથી મૂક્યો. મુનિનાં મન કુસુમ જેવાં કોમલ, નિર્મલ અને ભાવપૂર્ણ છે. આનંદ તેમાં ઉભરાઈ રહ્યો છે.

દેવનાં સુમન અને મુનિનાં નિર્દોષ મન - બંનેની વૃષ્ટિ મેઘે જોઈ. પોતાની જલધારા કરતાં અધિક લાગી, અદ્‌ભુત લાગી, તેથી મેઘે વર્ષા ન કરી. માત્ર તેમાં ખૂટતી ગંભીર ગર્જના મેઘે કરી ! અધિક ગર્જના કરે તો ગંધર્વોનાં ગીત અને વાદ્યોનાં સંગીત સંભળાય નહિ; તેથી મેઘે મંદ ગર્જના કરી. મૃદંગ જેવી મધુરી ગર્જના જાણે ગાન સાથે તાલ દેવા લાગી ! આ તો "જલધર" છે. જલને

પોતાનામાં ધારણ કરી રાખે છે, છોડતા નથી - વરસાવતા નથી. પહેલાં તો પાણી ભરેલાં કાળાં વાદળ, પોતાની કાળાશને કુરૂપતા સમજીને તેને કાઢી નાખવા પાણી વરસાવી દેતાં, - ધોળાં થઈ જતાં! આજે તો મેઘશ્યામ ભગવાન્ કૃષ્ણ પધારતા હતા. ભગવાને મેઘશ્યામપણું સ્વીકાર્યું છે, કવિલોકો તેની તુલના પોતાની સાથે હવે કરશે, - તે વિચારે મેઘને આજે કાળાશ તો કામણગારી લાગી ! પાણી વરસે તો શ્યામતા જતી રહે, ભગવાન્ જેવો વર્ણ ન રહે. શ્યામસ્વરૂપ ટકાવી રાખવા માટે મેઘે વરસાદ ન વરસાવ્યો, "જલમુચ" ન થયો, "જલધર" કહેવાયો.

જો કે મરકતમણિ, શ્યામકમલ (ઈન્દીવર) વગેરે પણ શ્યામ તો છે, પણ સજલમેઘમાં વિધુત્ સાથે હોય છે. ભગવાન્ પણ રસવિહારાદિમાં, - "**हारहास उरसि स्थिरविद्युत् ।**"- છે. રાસમાં પણ, "**तडित इव ता मेघचक्रे विरेजुः ।**"- વર્ણન છે. મેઘમંડળમાં વીજળી શોભે તેમ શ્રીગોપીજન ભગવાન્ સાથે શોભે છે.

ગાંભીર્ય-ગુણ ભગવાનમાં છે, સાગરમાં પણ છે. તે સમાનતાના વિચારે સાગર પણ ગર્જવા લાગ્યો, પણ ગંભીરતા તો માત્ર ગુણ છે. મેઘમાં તો સ્વરૂપની પણ સમાનતા છે. રસરત યુગલ-સ્વરૂપની પણ સમાનતા છે ! તે અધિક છે, તેથી સાગરના ગર્જન પાછળ મેઘે "અનુગર્જન" કરવા માંડ્યું. વેણુનાદ-પરાયણ પ્રભુના મસ્તકે છત્ર બનીને સેવા કરવાનું સૌભાગ્ય મેઘને મળે છે, - તે સેવા સૌભાગ્યના વિચારે, "**मन्दमन्दमनुगर्जति मेघः ।**"- વેણુનાદને અનુકૂલ થઈને મંદમંદ ગર્જન કરે છે. આજે તે સાગરની અધિકતાથી ગર્જે છે.

નિશીથનો સમય હતો. તે વખતે મધ્યરાત્રિની ૪૫-૪૬ ઘડીનો સમય હતો. અંધારું નિવૃત્ત થયું હતું. અવિધાનાશક જનાર્દનનો પ્રાકટ્ય-પ્રસંગ હતો. અજ ભગવાનનો જન્મ હતો ! અજનપણાથી કાલ નિમિત્ત રૂપ નથી; પણ કાલના ગુણોમાં અજન ભગવાન્ નિમિત્ત છે. દ્વાપરયુગનાં ૧૨૫ વર્ષો બાકી હતાં, ત્યારે પ્રભુ પ્રકટ થયા ! તે સમયે આષાઢ માસ અધિક હોવા સંભવ છે.

વ્યૂહસહિત ભગવાનના પ્રાકટ્યનું નિરૂપણ છે. "**जायमानेऽजने...**"- માં સર્વધર્મસંરક્ષક અનિરુદ્ધ કહ્યા છે; "**जायमाने जनार्दने ।**"- અજ્ઞાન-નિવૃત્તિ દ્વારા સર્વમુક્તિ-દાતા સંકર્ષણનો નિર્દેશ છે. અવિધાના કાર્યરૂપ અજ્ઞાનનો પ્રલય (પીડા-નાશ) તેમાં કહેલો છે. "**जनामविद्यामर्दयतीति जनार्दनः ।**- અવિધાને પીડે (દૂર કરે) તે જનાર્દન. પ્રલય સંકર્ષણનું કાર્ય છે. વાસુદેવ સાક્ષાત્ મોક્ષ આપે છે. સંકર્ષણ અજ્ઞાન દૂર કરીને પરંપરાથી મોક્ષ આપે છે. "**देवक्यां विष्णुरूपिण्यां...।**"માં પ્રધુમ્નનો ઉલ્લેખ છે. "**विष्णो रूपं विद्यते यस्यां ।**- વિષ્ણુનું સ્વરૂપ જેમાં છે તે,- દેવકી ! વસુદેવજીએ મન દ્વારા પધરાવેલા વંશસંબંધ-કર્તા પ્રધુમ્ન દેવકીજીમાં વિરાજે છે. "**विष्णुः सर्वगुहाशयः...।**"- માં સાક્ષાત્ ભગવાને પુરુષોત્તમ કહેલા છે. આમ, ત્રણ વ્યૂહસહિત ભગવાન્ પુરુષોત્તમ (લોકવેદપ્રથિત) મથુરામાં પ્રકટ થયા છે; તેથી "**दिशीन्दुरिव पुष्कलः**"- એમ પૂર્ણચન્દ્રનું દૃષ્ટાંત દીધું છે. વાસુદેવ-વ્યૂહનું કાર્ય રૂપે પ્રાકટ્ય મથુરામાં છે, સ્વરૂપતઃ પ્રાકટ્ય વ્રજમાં છે. શુદ્ધસત્ત્વમાં પ્રકટ થયેલા પુરુષોત્તમ પણ વાસુદેવ કહેવાય છે. "**वसति जगदस्मिन्निति वासु : । देवः क्रीडावान् । वासुश्चासौ देवश्च वासुदेवः ।**"- "જગત્ જેમાં વસે તે વાસુ" - ક્રીડાપરાયણ તે,- દેવ ! જગત્ જેમાં વસે છે અને જે લીલાયુક્ત છે તે, "**सर्वतः पाणिपादान्तं.....।**"- થી કહેલા, વ્યાપક સાકાર ભગવાન્ વાસુદેવ છે.

પુરુષોત્તમ અને વાસુદેવ એ આધિદૈવિક અને આધ્યાત્મિકની જેમ નામભેદ છે, તેથી સર્વરૂપે - ચાર વ્યૂહરૂપ-સહિત પ્રકટ થયેલા ભગવાન્ પુરુષોત્તમનો અવતાર થયો છે.

નન્દરાયજીને ત્યાં (લોકવેદાતીત) પુરુષોત્તમ સાથે વાસુદેવનું પ્રાકટ્ય છે. કૃષ્ણાવતારમાં નારાયણ અને કૃષ્ણકેશ પણ છે; પણ તેમનું નિરૂપણ જુદું કરવું પડતું નથી. નારાયણ અનિરુદ્ધાંશ છે; અને કૃષ્ણકેશ સંકર્ષણાંશ છે, તેથી વ્યૂહરૂપના નિરૂપણમાં તે પણ સમાઈ જાય.

ભગવાનનો પ્રાદુર્ભાવ જ કાલાદિના ગુણપ્રાકટ્યમાં નિમિત્ત છે. દેવકીજી સર્વદેવરૂપા છે. સર્વદેવ-સમૂહમાં પૂર્ણસત્ત્વ હોય. તે ભગવાનના પ્રાકટ્યમાં આધારપણાથી નિમિત્તરૂપ છે. અંશાવતારોમાં સ્વરૂપ સત્ત્વમય હોય છે. આ સત્ત્વગુણ નથી, દ્રવ્યરૂપ છે. તેમાં લોઢાના ગોળામાં અગ્નિની જેમ ભગવદાવેશ હોય છે. કૃષ્ણાવતારમાં સત્ત્વના વ્યવધાન વડે સ્થિતિ નથી. અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમયની અંદર રહેલા (સર્વાન્તર) આનંદમયનું પ્રાકટ્ય છે; તેથી "सर्वगुहाशयः"- કહ્યા છે. ગુહા હૃદયાકાશ રૂપ છે. તેમાં જીવ સાથે અન્તર્યામી વસે છે. દરેકના અંતર્યામી જુદા હોય. આ તો સર્વના અન્તર્યામી છે ! "गुहा"- શબ્દથી "गुहायां परमे व्योमन्"- શ્રુતિમાં કહેલા પરબ્રહ્મ છે. વ્યાપિવૈકુણ્ઠસ્થિત પ્રભુ પધાર્યા છે.

સૌ ભગવદ્-ભજન કરી શકે તે માટે, પોતે હૃદયમાં (સ્થિત) રહીને લોકોની કૃતાર્થતા માટે પ્રભુએ વેદ પ્રકટ કર્યા. આ સ્થિતિ સર્વદા છે. હવે તો તે પૂર્ણ-પ્રભુ જ પ્રકટ થયા છે; તેથી વેદ વગેરેની પ્રક્રિયા કરતાં, પ્રકટ થયેલા પૂર્ણાનન્દ ભગવાન્ શ્રીકૃષ્ણની સેવાથી જ સૌ સરલતાથી કૃતાર્થ બને.

ભક્ત દેવકીજી જેનો હૃદયમાં અનુભવ કરતાં હતાં, તે પ્રભુ અકસ્માત્ પ્રકટ થયા. દેવકીજીનો તેમાં કોઈ જ નિમિત્તભૂત પ્રયત્ન પણ નથી ! પ્રાકટ્ય-પ્રકારનું જ્ઞાન પણ નથી, સાવધાનતા પણ નથી. વસુદેવ-દેવકીજી બેઠાં હતાં, ત્યાં સંપૂર્ણ આનન્દમય પ્રભુ પ્રકટ થયા ! શ્રુતિએ વર્ણવેલા પ્રિય, મોદ, પ્રમોદ, આનંદયુક્ત પ્રભુ પ્રકટ થયા. પૂર્ણિમાની રાત્રિએ પૂર્વ દિશામાં સોળકલાપૂર્ણ પૂર્ણચન્દ્ર પ્રકટ થાય તેમ પૂર્ણાનન્દ પ્રભુ પ્રકટ થયા. પૂર્વદિશા સર્વદેવતા રૂપ છે. ત્યાં ચંદ્રનો જન્મ નથી, માત્ર ઉદય છે. તેમ સર્વદેવતારૂપ દેવકીજીમાં પ્રભુનું પ્રાકટ્ય છે ! "इन्दु" - શબ્દ "इदि परमैश्वर्ये"- ધાતુમાંથી બને છે. અમૃતમય, પરમૈશ્વર્ય-યુક્ત, આનંદમયનું તે પ્રાકટ્ય સૂચવે છે. "पुष्कल"- શબ્દ નિષ્કલંક-પૂર્ણતા-સૂચક છે. વસુદેવનાં ૧૮ પત્નીમાંથી માત્ર દેવકીજીમાં સર્વસમર્થ પુરુષોત્તમ પ્રકટ થયા છે. ચન્દ્ર પૂર્વમાં જ પ્રકટે છે. સર્વકલાપૂર્ણ ભગવાન્ પુરુષોત્તમના પ્રાકટ્યને શ્રીમહાપ્રભુજીએ ગાયું :

પ્રભુ - પ્રાકટ્યનું એક રહસ્ય :

दासीनां सर्वरक्षार्थं निमित्तीकृत्य तादृशम् ।
प्रादुर्भूतो मम स्वामी नैश्चिन्त्यं वाचि पूर्ववत् ॥

કૃષ્ણાવતારનું રહસ્ય આમાં જણાવી દીધું. ભગવાન્ માત્ર કૃપાથી પ્રાપ્ત થઈ શકે છે. ભગવાનની કૃપા મેળવેલાઓનો માર્ગ પુષ્ટિમાર્ગ છે. પુષ્ટિમાર્ગમાં સ્ત્રીગૂઢ-ભાવની મુખ્યતા છે ! તે પ્રિયાભાવ છે. વ્રજમાં અગ્નિકુમારિકા અને શ્રુતિરૂપા શ્રીગોપીજનમાં તે ભાવ છે. પ્રભુને સર્વથા સાનુકૂલ થઈને સેવા કરવા માટે તે વ્રજમાં પધાર્યાં છે. દંડકારણ્યના ઋષિયોએ ભગવાન્ રામચન્દ્રજીનાં

દર્શન કર્યાં. ખૂબ સુખ થયું. સ્વરૂપાનન્દના અનુભવનો અભિલાષ થયો. શાસ્ત્રના સિદ્ધાન્તોથી કે સમાધિમાં પણ દર્શન જેવો આનંદાનુભવ થયો ન હતો ! જેના દર્શન માત્રે સુખ મળે, તેના સ્પર્શને શું ન મળે ? ઋષિયોએ રઘુનાથને વિનંતી કરી. મર્યાદાપુરુષોત્તમે મર્યાદાભંગ ન ઈચ્છ્યો, - કૃષ્ણાવતાર સમયે પુષ્ટિથી તેમનો મનોરથ પૂરો થવા વરદાન દીધું ! તે ૧૬૦૦૦ અગ્નિકુમાર ઋષિયો કૃષ્ણાવતાર વખતે બંગાળમાં કન્યા રૂપે જન્મ્યા. ત્યાંથી નન્દરાયજી તેમને પોતાને ત્યાં મૂલ્ય દઈને પધરાવી લાવ્યા. પ્રાચીનકાલમાં રાજાને દાસીઓ ભેટ રૂપે દેવાનો રિવાજ હતો. નન્દરાયજી ભેટ દેવાના વિચારથી લાવ્યા હતા. તે (અગ્નિ) કુમારિકા કે અનન્યપૂર્વા-ગોપીજન છે.

શ્રુતિ બે પ્રકારનાં છે, - સ્વરૂપલક્ષણા અને તટસ્થલક્ષણા ! "**सत्यं ज्ञानमनन्तं ब्रह्म ।**"- એમ બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ કરનાર શ્રુતિ સ્વરૂપલક્ષણા કહેવાય. બ્રહ્મસંબંધથી અન્ય-નિરૂપણ કરનાર શ્રુતિ તટસ્થલક્ષણા કહેવાય. સ્વરૂપલક્ષણા પુષ્ટિશ્રુતિ પરબ્રહ્મનું વર્ણન કરે, - "**सोऽश्नुते सर्वान्कामान् सह ब्रह्मणा विपश्चिता ।**"- પરબ્રહ્મને જાણે તે સર્વકામસુખ-ચતુર ભગવાન્ સાથે માણે. તેમાં ભગવાન્ ગૌણ બને, ભક્ત મુખ્ય રહે ! શ્રુતિ આ ઉપદેશ કરે, પણ અનુભવ માટે તો પ્રભુને વિનવ્યા. પ્રસન્ન થયેલા પ્રભુએ નિત્યરાસલીલાનાં દર્શન કરાવ્યાં. વર્ણનને વ્યવહારમાં વ્યક્ત કર્યું ! શ્રુતિને તેના સ્વાનુભવની ઈચ્છા થઈ. પ્રભુને વિનંતી કરી. ઉદાર પ્રભુએ કૃપાથી તે દુર્લભ અને દુર્ઘટ મનોરથ પણ પૂરો કરવા વરદાન દીધું. - "**कल्पं सारस्वतं प्राप्य व्रजे गोप्यो भविष्यथ । पृथिव्यां भारते क्षेत्रे माथुरे मम मण्डले ॥ वृन्दावने भविष्यामि प्रेयान् वो रासमण्डले ॥**"- સારસ્વત-કલ્પમાં વ્રજમાં ગોપીજન થશો ! પૃથ્વી પર ભારતમાં મથુરામંડલમાં વૃન્દાવનમાં રાસમંડલમાં હું પ્રિય રૂપે થઈશ ! સારસ્વત-કલ્પમાં શ્રુતિ વ્રજમાં ગોપી થયાં. શ્રુતિમાં તેના અધિષ્ઠાતા દેવતાઓ પણ હોય. તે દેવો ગોવાળ રૂપ થયા. તે દેવો માત્ર આભિમાનિક છે. વાસ્તવમાં શ્રુતિ કૃષ્ણનું જ વર્ણન કરે છે. તેમ શ્રીગોપીજન કેવલ કૃષ્ણ-પરાયણ છે. પ્રભુના પધારતાં પૂર્વે શ્રુતિરૂપા ગોપીજનના લગ્નસંબંધ આ દેવરૂપ ગોવાળો સાથે થયા. તે પણ માત્ર આભિમાનિક છે. આ ગોપીજન શ્રુતિરૂપા કે અન્યપૂર્વા કહેવાય છે.

આ બંને પ્રકારનાં ગોપીજનને પ્રભુ પ્રાણથી પણ અધિક પ્રિય છે. પ્રિય કૃષ્ણની સેવામાં તે સર્વદા સાનુકૂલ રહે છે, તેથી દાસી છે. તેમની સર્વરક્ષા માટે પ્રભુ પ્રકટ થયા છે. "**सर्वस्माद् भगवद्भिन्नाद् या रक्षाऽन्यविनियोगराहित्यसम्पादको निरोधस्तदर्थं कृष्णावतारः ।**"- ભક્તોનો ભગવાન સિવાય અન્યમાં થતો વિનિયોગ અટકાવતી નિરોધરૂપ રક્ષા કરવા માટે કૃષ્ણાવતાર થયો છે.

ભગવાન્ વિવિધ લીલાઓ દ્વારા, દુન્યવી પદાર્થો કરતાં જુદો-ઉત્તમ-અપાર-આનંદ ભક્તોને આપીને દુનિયાનું સઘળું ભાન ભુલાવી દે છે. આ અલૌકિક-આનંદના અનુભવથી ભક્તોને દુનિયાનાં તુચ્છ સુખ દેતા વિષયોમાં વૈરાગ્ય થાય છે, વાસના રહેતી નથી. વિષય અને વાસના વગરનું હૃદય રહેવું કે થવું તે સૌથી મોટી રક્ષા છે ! પ્રભુ પ્રકટ થઈને આ રીતે ભક્તોની સર્વતઃ રક્ષા કરે છે.

પ્રભુનું પ્રાકટ્ય કાલવશ થતું નથી. કાલને તો ભગવાન્ તેમાં નિમિત્તમાત્ર બનાવે છે. ભક્તરક્ષા માટે દક્ષિણાયન રૂપ હીનકાલને પણ પ્રભુએ નિમિત્ત બનાવ્યો ! કાલ-આધિદૈવિક-સર્વગુણ યુક્ત થયો ! અક્ષરબ્રહ્મ ઉપર પણ કાલનું નિયંત્રણ નથી, તો પરબ્રહ્મ ઉપર તો સંભવે જ ક્યાંથી ? ભગવાને લીલામાત્રથી કાલને નિમિત્તરૂપ બનાવ્યો. તીવ્ર ભક્તદુઃખ કે વસુદેવ કે દેવકીજીને પણ નિમિત્ત

બનાવીને પ્રભુ પ્રકટ થયા. પ્રકટ થયા ત્યારથી જ "સ્વામી" છે ! સામાન્ય જીવમાં તો ગૌણ-સ્વામિત્વ અમુક સમયે પ્રકટ દેખાય. પ્રભુ તો સહજપણે સર્વના મુખ્યસ્વામી છે. અન્યના સ્વામી હોય તો ઉલ્લાસ હૃદયને ઓછો સ્પર્શે કે ન પણ સ્પર્શે. કૃષ્ણ તો ''मम''- મારા સ્વામી છે !

શ્રીમહાપ્રભુજી ઉલ્લાસમાં પોતાનું સ્વામિનીરૂપ કે દાસ્ય પણ પ્રકટ કરે છે. આત્મીયતાથી જ અંતઃસ્પર્શ થાય ! "મારા સ્વામી"-પુરુષોત્તમ-પ્રકટ થયા છે. સૌભાગ્યનો તેમાં રણત્કાર છે. પ્રભુ પ્રાકટ્યના પરિણામે ઉપનિષદ્રૂપામાં વિરોધ-પરિહારથી પૂર્વવત્ સમાધાન (નિશ્ચિતપણું) છે. ''**यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।**'' તથા ''**अदृश्यमग्राह्यं ।**''- આ શ્રુતિઓ બ્રહ્મને ઈન્દ્રિયોથી પર બતાવે છે. તે વિરોધ લાગે છે; પણ ''**कश्चिद्धीरः आत्मानं प्रत्यगैक्षत् ।**''- વગેરે શ્રુતિઓ કોઈને ભગવદ્દર્શન થયાનું કહે છે. તેમનું સમાધાન પહેલેથી સ્પષ્ટ છે. ભગવાનની કૃપાથી જ ભગવાનનાં કે લીલાનાં દર્શન થાય છે. ઈન્દ્રિયો પોતાની મેળે, પોતાના સામર્થ્યથી, ભગવાનનો અનુભવ કરી શકતી નથી. પ્રાકૃત-ઈન્દ્રિયોનો વિષય ભગવાન્ નથી. ભગવાન્ કૃપાથી મળે ! સૂર્યપ્રકાશને કોઈ પોતાના ઉપાયોથી મેળવી શકે નહિ કે સ્થિર કરી શકે નહિ. આકાશમાં સૂર્ય આવે, મેઘ ન હોય તો, પ્રકાશ પાસે આવવાથી તેનો ઉપયોગ થઈ શકે. તેમ કૃપાથી પ્રભુ પધારે તો જ અનુભવ થાય. પ્રાકટ્ય પહેલાં અને પછી આ સમાધાનથી કોઈ વિરોધ રહેતો નથી, પ્રકટ થયેલા કૃષ્ણ પરબ્રહ્મ છે, સદાનંદ છે. ભગવાન્ સ્વેચ્છાથી પ્રકટ થયા છે !

શ્રીશુકે ભગવાનના દિવ્ય-સ્વરૂપનું વર્ણન બે શ્લોકમાં કર્યું :

तमद्भुतं बालकमम्बुजेक्षणं चतुर्भुजं शंखगदाद्युदायुधम् ।
श्रीवत्सलक्ष्मं गलशोभिकौस्तुभं पीताम्बरं सान्द्रपयोदसौभगम् ॥ (९)
महार्हवैदुर्यकिरीटकुण्डलत्विषा परिष्वक्तसहस्रकुन्तलम् ।
उद्दामकाञ्च्यङ्गदकङ्कणादिभिर्विरोचमानं वसुदेव ऐक्षत ॥ (१०)

ભગવાન્ શ્રીકૃષ્ણની પ્રાકટ્ય - કથા સાંભળતાં બધા શ્રોતાઓ બાહ્યભાન ભૂલી ગયા, કથારસમાં મગ્ન થઈ ગયા; તેથી ''**श्रीशुक उवाच**''- વચમાં ફરી આવ્યું !

પહેલા શ્લોકમાં દશ વિશેષણ છે. બીજા શ્લોકમાં બે વિશેષણ છે. કુલ બાર વિશેષણથી દ્વાદશાત્મક ભગવાનનું નિરૂપણ છે. સર્ગ વગેરે દશલીલા અને પુષ્ટિ-મર્યાદા-ભેદથી બે પ્રકારનાં ભગયુક્ત ભગવાન્ છે. ઐશ્વર્ય વગેરે છ ગુણ "ભગ" શબ્દથી ઓળખાય છે. ભૂભારહરણ, વેદધર્મ, શાસ્ત્રીય-ભક્તિ-જ્ઞાન-પ્રવર્તન વગેરેમાં મર્યાદામાર્ગીય ગુણો છે. બ્રહ્મમર્યાદાનું પણ ઉલ્લંઘન, દૈત્યોને પણ મુક્તિદાન, અદેય સ્વરૂપામૃતનું દાન વગેરેમાં પુષ્ટિમાર્ગીય ગુણો કારણરૂપ છે. ભગવાનના છ ગુણો પુષ્ટિ-મર્યાદા-ભેદથી બે પ્રકારના ગણાય. તે સઘળા ગુણોવાળા ભગવાન્ પ્રકટ થયા છે. ભક્તોના દશ પ્રાણરૂપ, આ લોક તથા પરલોકરૂપ પણ ભગવાન્ છે. પ્રભુ દશ લીલા અને જ્ઞાન તથા ક્રિયાશક્તિ-વિશિષ્ટ છે. શ્રવણ-કીર્તન વગેરે સગુણ નવધાભક્તિ, પ્રેમલક્ષણા-નિર્ગુણ-ભક્તિ અને વેદના પૂર્વકાંડ તથા ઉત્તરકાંડના પ્રવર્તક ભગવાન્ દ્વાદશાત્મક છે. સર્વ પ્રકાશક સૂર્ય બાર છે; તેમ લીલાસંબંધી સર્વ પદાર્થોના પ્રકાશ કરનારા પ્રભુ દ્વાદશાત્મક છે. ભગવાનની લીલા (ભૌતિક) કાલથી

પર છે. લીલાના આધાર રૂપ આધિદૈવિક સંવત્સરાત્મક (બાર માસ રૂપ) કાલ પણ ભગવાન્ છે.

સામાન્ય-બાલકની જેમ છ દિવસ, ત્રણ માસ, એક વર્ષ વગેરે વય કે અવસ્થા ભગવાનના સ્વરૂપમાં ન હોય, છતાં લીલામાં તેનું વર્ણન દેખાય છે ! સામાન્ય-બાલકના શરીરમાં કાલ અવસ્થા પ્રમાણે ફેરફારો કરે છે. બાલક મોટું થાય છે, શરીર વધે છે. ભગવાનના સ્વરૂપમાં કાલ કાંઈ જ ફેરફાર કરી શકે નહિ. ભગવાન્ પોતાની ઈચ્છાથી જેવી લીલા કરવી હોય તેવું સ્વરૂપ પ્રકટ કરે, તેથી લીલાનુકૂલ સ્વરૂપમાં દેખાતું ભગવાનનું વય (કાલ) પણ ભગવદ્રૂપ જ છે !

ભગવાનની લીલાનો અનુભવ લૌકિક-ઈન્દ્રિયોથી ન થાય. લીલામાં રહેતા ભક્તોની અગિયાર ઈન્દ્રિયો અને તેના નિયામક પણ દ્વાદશાત્મક ભગવાન્ છે. જીવાત્મા, પરમાત્મા, મહત્તત્ત્વ (ચિત્ત અથવા બુદ્ધિ), ભૂતો (પંચમહાભૂત કે પંચસૂક્ષ્મભૂત), અહંકાર, પ્રકૃતિ, પુરુષ, સત્ત્વ, રજઃ અને તમઃ એ ત્રણ ગુણો, અક્ષરબ્રહ્મ (ધામ) અને ભગવાન્ આ બાર રૂપે લીલામાં ભગવાન્ વિરાજે છે. લીલાસંબંધી સઘળા પદાર્થો-સૃષ્ટિ-ભગવદ્રૂપ જ છે. પ્રભુની સેવામાં વપરાતા બધા પદાર્થોને સ્વરૂપાત્મક જ ગણવામાં આવે છે. પગ ન લાગે તેમ આદરપૂર્વક તે ઉપયોગમાં લેવાય છે. પ્રકટ થયેલા ભગવાનનો સંબંધ પ્રાકૃતપદાર્થ સાથે ન હોય !

પ્રકટ થયેલા પ્રભુને વસુદેવજીએ જોયા. શ્રીશુકે **"तं"**- શબ્દથી ઓળખાવ્યા. લોકવેદ-પ્રસિદ્ધ પુરુષોત્તમ પ્રકટ થયા છે. **"अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ।"** - ગીતામાં ભગવાને પોતાને લોકો અને વેદમાં પ્રસિદ્ધ-પુરુષોત્તમ કહ્યા છે. ભગવાન્ સર્વના મૂલરૂપ છે, સર્વના આધારરૂપ છે ! સર્વવ્યાપક છે. આ ઐશ્વર્ય ઓળખાવ્યું.

ભગવાન્ **"अद्भुतं"** છે. અલૌકિક જ અદ્ભુત હોય. લોકમાં કે શાસ્ત્રમાં ક્યાંય આવું રૂપ જોવા ન મળે ! વેદમાં જો કે સાકાર રૂપે બ્રહ્મનું વર્ણન છે, છતાં પણ અત્યારે કૃષ્ણાવતારમાં જેવું રૂપ પ્રકટ કર્યું છે તે તો અદ્ભુત જ છે ! ભગવાનના સ્વરૂપનું તે સામર્થ્ય છે, - પ્રમેયબલ છે. વેદે કહેલું વર્ણન પ્રમાણબલ કહેવાય. પ્રમાણ કરતાં પ્રમેય અધિક ગણાય છે. વેદમાં કરેલા વર્ણનથી ભગવાનનું જ્ઞાન સામાન્ય રીતે થાય, પણ અદ્ભુતપણું વગેરેનું જ્ઞાન તો પ્રમેયબલથી જ થાય. ભગવાનના સ્વરૂપની સમાનતા કોઈ કરી શકે નહિ, તો અધિક સંભવી જ ક્યાંથી શકે ? ! આશ્ચર્ય થાય તેવું ભગવાનનું સ્વરૂપ છે. કૃપાથી જ તેનો અનુભવ થાય. દર્શન કરનારને જ તે સમજાય. તેનું સંપૂર્ણ સ્મરણ કે વર્ણન ક્યાંથી સંભવે ? પ્રભુનો આ વીર્ય ગુણ કહ્યો.

ભગવાન્ **"बालकं"** - રૂપે દર્શન દઈ રહ્યા છે. **"बाले बाले को ब्रह्मा ब्रह्माण्डविग्रहो यस्य ।"**- ભગવાનના પ્રત્યેક રોમકૂપમાં (શરીર પરના વાળના ખાડામાં) કરોડો બ્રહ્માંડ છે ! બ્રહ્માંડમાં બ્રહ્મા છે. જેના વાળેવાળે બ્રહ્મા છે. તે-બ્રહ્માંડસ્વરૂપ ભગવાન્-બાલરૂપ-છે. અદ્ભુત હોવા છતાં બાલક છે ! તેનું સ્વરૂપ-વર્ણન શક્ય નથી. **"बालानामपि कं सुखं यस्मात् ।"**- ગોપબાલકો અને કુમારિકાઓનું સુખ જેને કારણે છે, તેવા ભગવાન્ છે. પ્રભુ પોતાની લીલાઓથી ગોપ-ગોપીજનોને આનંદ આપે છે. **"बालः को ब्रह्मा यस्य ।"**- બ્રહ્માજી જેના (નાભિ-કમલમાંથી પ્રકટેલા) બાલક છે તે ભગવાન્ છે. **"बलसम्बन्धिनो ये बालास्तेषां कं शिरोभूतम् ।"**- બલરામજીના સંબંધવાળા બાલકોના અગ્રણી પણ અદ્ભુત પરાક્રમવાળા ભગવાન્ છે. આ યશઃ કહ્યો.

ભગવાનની શોભા પણ અલૌકિક છે, તેથી "**अम्बुजेक्षणं**"-કહ્યા. "**अम्बुजतुल्ये ईक्षणे यस्य।**"- કમલસમાન જેનાં નયન છે તે ! ભક્તોના સંસારના સંતાપને દષ્ટિમાત્રથી તે શીતલ કરી દે છે. કમલ કોમલ છે, કઠિનતા સહી શકે નહિ. ભગવાન્ ભક્તોનાં દુઃખ દેખી શકતા નથી, દયાથી દ્રવી જાય છે. દષ્ટિમાત્રથી સૌને કૃતાર્થ કરે છે, "**अम्बुजा लक्ष्मीरीक्षणे यस्य ।**"- કમલમાંથી પ્રકટેલાં લક્ષ્મીજી જેના નયનમાં છે તે ! ભગવાનના કૃપાકટાક્ષોની શોભા અનુપમ છે. "**अम्बुजौ सूर्यचन्द्रमसावीक्षणे यस्य ।**"- જલમાંથી પ્રકટ થઈને ઊગતો અને આથમતો સૂર્ય અને ચન્દ્ર જેનાં નેત્ર છે તે ! શ્રુતિમાં "**चक्षुषी चन्द्रसूर्यौं**"- કહેલું છે. ગીતામાં "**शशिसूर्यनेत्र**"- કહ્યું છે. "**अम्बुजे पञ्चाग्निविद्यायां साधितरूपवति क्षणं ज्ञानं यस्य ।**"- અમ્બુ એટલે જલ. પંચાગ્નિવિધામાં પાંચમી આહુતિમાં જલ પુરુષ રૂપ બને છે. પંચાગ્નિ-વિધાથી જ્ઞાનયોગ્ય-દેહ જેણે મેળવ્યો છે તે અમ્બુજ કહેવાય. જ્ઞાન યોગ્ય - દેહવાળા અધિકારીને જેનું જ્ઞાન છે તે ભગવાન્ - "**अम्बुजेक्षण ।**" કહેવાય. "**अम्बुजायाः कमलायाः इः कामस्तदेव क्षणं सुखं यस्य ।**"- લક્ષ્મીજીનો કામ જ જેનું સુખ છે, તે રસલીલાપરાયણ પ્રભુ ! "**अम्बुजे ब्रह्माण्डे पालनार्थमीक्षणं यस्य ।**"- જલમાંથી થયેલા બ્રહ્માંડ પર રક્ષણ માટે જેની કૃપાદષ્ટિ છે, પોતાની દષ્ટિથી જે બ્રહ્માંડને તપાવીને જલમાં સુરક્ષિત રાખે છે તે "**अम्बुजायां लक्ष्म्यामीक्षणं सुखं यस्य ।**"- બ્રહ્માનન્દરૂપા લક્ષ્મીજીમાં જેનું સુખ છે તે ! "**अम्बुजायां पृथिव्यामेवेक्षणं यस्य ।**"- અન્ય-લોકની ચિંતા છોડીને, માત્ર ભક્ત પૃથ્વીના ઉદ્ધાર માટે પ્રવૃત્ત થયેલા, પૃથ્વી પરના ભક્તોને પોતાના બનાવવા કૃપાદષ્ટિથી નિહાળતા પ્રભુ "અમ્બુજેક્ષણ" છે !

પ્રભુનાં નેત્ર કમલ જેવાં છે, તેમાં કીકી રસપાન કરતા ભ્રમર જેવી છે. નેત્રમાં કીકી હમેશાં હોય. ભમરો રસમગ્ન બનીને કમલમાં જ બેસી રહે. નેત્રમાં પૂર્ણ મકરન્દ (પુષ્પરસ) ભરેલો છે. દયા, અમૃત વગેરે નેત્રમાં ભરેલાં મકરન્દ છે. ભગવાનના નેત્રમાંથી ભક્તો પર દયા સદા વરસ્યા કરે છે,- અમી ઉભરાયા કરે છે. ભગવાનની દયાના અનુભવથી સૌ તેમાં મગ્ન બની જાય છે. મધુપાન કરનાર મધુપ બને છે, અન્યત્ર આથડતાં અટકે છે, પ્રાકૃત-પ્રાણી પણ કૃતાર્થ બને છે, તેથી નેત્રોને કમલ સાથે સરખાવ્યાં છે. જલમાં કમલ અદ્‌ભુત છે, તેમ ભગવાનના સ્વરૂપમાં કમલ જેવાં નેત્ર અદ્‌ભુત છે. આ ભગવાનની અદ્‌ભુત જ્ઞાનશક્તિનું નિરૂપણ છે. નેત્ર જ્ઞાનાંગ છે. આ શ્રીગુણ કહ્યો.

ભગવાનની અદ્‌ભુત ક્રિયાશક્તિને "**चतुर्भुजं**"થી - કહી છે. ભગવાનની ચાર ભુજાઓ છે, તે ક્રિયાશક્તિ રૂપ છે. નેત્ર જ્ઞાનેન્દ્રિય છે. બંનેના વર્ણનથી સંપૂર્ણ સ્વરૂપનું વર્ણન કરતાં પૂર્ણજ્ઞાનશક્તિ અને પૂર્ણક્રિયાશક્તિ વર્ણવી. ચાર પ્રકારનાં કાર્ય માટે પણ ભગવાનનો અવતાર છે. તે વ્યૂહકાર્યરૂપ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ, લીલાસ્થ - જરાયુજ, સ્વેદજ, અંડજ અને ઉદ્‌ભિજ્જ- ચાર પ્રકારનાં પ્રાણીઓ, ચાર દિક્‌પાલો વગેરે ભગવાનની ભુજા રૂપ છે. સ્વયં સર્વસમર્થ હોવા છતાં, ભગવાને જરાસંધ સામે યુદ્ધ કર્યું. તે લીલા લૌકિકપુરુષ જેવી છે ! પૂતનામોક્ષ, શકટભંગ વગેરે લીલાઓ અલૌકિક છે ! અવસ્થા અને સાધનનો વિચાર કરતાં લોકમાં કોઈથી તે બની શકે તેમ નથી ! "ચતુર્ભુજ" શબ્દથી આ લૌકિક અને અલૌકિક દ્વિગુણ-પુરુષનું નિરૂપણ છે. વિરોધના સમયે કે અતિસંકટના પ્રસંગમાં ભગવાન્ ભક્તનું રક્ષણ અને દુષ્ટોનો નાશ એકસાથે પણ કરે છે. નાશ અને રક્ષણ ભુજાથી થાય છે. વેદોક્ત-કર્મ અને બ્રહ્મનું જ્ઞાન અથવા આત્મપરાત્મજ્ઞાન તથા

સગુણ-નિર્ગુણ-જ્ઞાન-ભક્તિ પણ તે સૂચવે છે. "**चतुर्भिभुज्यते भावैः यः ।**"- દાસ્ય, વાત્સલ્ય, સખ્ય અને મધુર - એ ચાર ભક્તિ- માર્ગીય ભાવોથી જેનો અનુભવ (ઉપભોગ) થાય તે ચતુર્ભુજ ! આવા અનેક અર્થ સંભવી શકે. આ જ્ઞાનગુણ ગણાવ્યો.

ભગવાનના ચાર શ્રીહસ્તમાં શંખ, પદ્મ, ગદા અને ચક્ર ચારે આયુધો ઊંચાં કરેલાં હતાં. જલનું તત્ત્વ શંખ છે, ભુવનરૂપ કમલ છે, પ્રાણાત્મક વાયુ ગદા છે. તેજસ્તત્ત્વ સુદર્શનચક્ર છે. જમણા ઉપરના હસ્તમાં શંખ, નીચેના હસ્તમાં પદ્મ, ડાબા ઉપરના હસ્તમાં ગદા અને નીચેના હસ્તમાં ચક્ર ધારણ કરેલું હોય તે "મધુસૂદન" - ગણાય છે. અહીં પ્રકટ થયેલા પ્રભુ મધુસૂદન-સ્વરૂપ છે. જમણા હસ્તમાં ગદા, ચક્ર અને ડાબામાં કમલ, શંખ ધારણ કરનાર સ્વરૂપ "માધવ" - ગણાય છે. કમલ, શંખ જમણા હસ્તમાં અને ડાબામાં ગદા, ચક્ર ધરનાર સ્વરૂપ "નારાયણ" ગણાય છે. આયુધોના ક્રમભેદથી જુદાં જુદાં ૨૪ સ્વરૂપો ગણાય છે ! મંદાર - મધુસૂદન, બિન્દુ - માધવ તથા વ્યંકટેશ વગેરેમાં આ સ્વરૂપોનાં દર્શન થાય છે.

શંખ અને કમલ પ્રાણઘાતક નથી, છતાં આયુધમાં ગણાય છે ! શંખ ફૂંકવાથી અવાજ થાય. ફૂંકમાં પ્રાણવાયુ હોય. શંખનાદ કરતાં ભગવાનનો પ્રાણવાયુ શંખમાં પૂરાય છે, તેથી શંખ વાગે છે,- કાર્ય કરે છે. ઈન્દ્રિયો પણ પ્રાણથી પોષાઈને કાર્ય કરે છે, તેથી શંખ ઈન્દ્રિય-તુલ્ય છે. પ્રભુનું કમલ ભુવન રૂપ છે. બ્રહ્માંડ નારાયણના દેહ રૂપ છે, તેથી કમલ દેહતુલ્ય છે. ગદા પ્રાણવાયુ-રૂપ છે. સુદર્શન-ચક્ર તેજસ્તત્ત્વ-રૂપ છે. તેજઃ પ્રકાશ કરે છે. અંતઃકરણ સાત્ત્વિક અહંકારમાંથી થયેલું છે. તે પણ સમજરૂપ પ્રકાશ આપે છે, તેથી ચક્ર અંતઃકરણ રૂપ છે. આમ શંખ, કમલ, ગદા અને ચક્ર,- ઈન્દ્રિય દેહ, પ્રાણ અને અન્તઃકરણ રૂપ છે. તે ચાર વડે સર્વપ્રાણી મરે છે, તેથી શંખ અને કમલ પણ મારક-આયુધ-રૂપ ગણાય છે ! કમલ ભુવનરૂપ છે. તે પૃથ્વીરૂપ ગણાય. શંખ જલરૂપ છે, ગદા વાયુરૂપ છે. ચક્ર તેજોરૂપ છે. આ ચાર મહાભૂત છે. "**आकाशशरीरं ब्रह्म ।**"- શ્રુતિ છે. ભગવાનનું શરીર આકાશ-લક્ષણ છે. આકાશ નિર્લેપ છે, તેમ ભગવાન્ નિર્લેપ રહીને ચાર મહાભૂતરૂપ આયુધો દ્વારા મારે છે.

ભગવાને ચારે આયુધો હાથમાં ઊંચાં કર્યાં છે. "**उदायुध**"- શબ્દ છે. "**उद**"- એટલે "**उदक**"- જલ. ભગવાનનાં આયુધો જલરૂપ છે. જલમાં પડેલો ભારે પદાર્થ તેમાં ડૂબી જાય. અભિમાનથી અવિવેકી કે ઉદ્ધત હોય તે પથરા જેવો - ભારે છે ! ઉદ્ધત અસુરો પ્રભુનાં આયુધોથી મરે છે. જલરૂપ આયુધો ડૂબાડે છે, છોડતાં નથી ! આયુધો મહાભૂત રૂપ પણ ગણાવ્યાં છે. અસુરોને પ્રાયઃ પુનઃ પુનઃ મહાભૂતની પ્રાપ્તિ થાય છે, મુક્તિ મળતી નથી. વૈરાગ્યગુણ વર્ણવ્યો.

આમ, છ ગુણવાળા ભગવાનને ઓળખાવ્યા. પુનઃ, ઐશ્વર્ય વગેરે વૈદિક છ ગુણો કહે છે. "**श्रीवत्सलक्ष्मम्**"- શ્રીવત્સચિહ્ન ભગવાનનો અસાધારણ-ધર્મ (લક્ષણ) છે. પાર્ષદ વગેરે બીજાઓમાં તે ચિહ્ન હોતું નથી. શ્રી-લક્ષ્મી-અક્ષરબ્રહ્મના આનંદરૂપ છે. શ્રીવત્સચિહ્ન અક્ષરબ્રહ્મ રૂપ છે. ભગવાન્ સર્વરૂપ છે, છ ગુણરૂપ "ભગ"-વાળા છે, જગદ્રૂપ અને કાલરૂપ પણ છે. ભગવાન્ લીલારૂપ પણ છે. તે લક્ષણ કે ધર્મરૂપ પણ ગણાય. આ બધામાં "બ્રહ્મ" રૂપ "શ્રીવત્સ" - પુરુષોત્તમનું મુખ્ય-લક્ષણ છે. અક્ષરબ્રહ્મ પુરુષોત્તમનું ધામ છે. છતાં અહીં પુરુષોત્તમમાં અક્ષરબ્રહ્મ શ્રીવત્સરૂપે દેખાય છે. અગ્નિમાં અત્યંત તપીને લાલચોળ થઈ ગયેલો લોઢાનો ગોળો અગ્નિમય જ દેખાય છે તેમ; છતાં કાંઈક ઠંડો

થતાં તેના લોહપણાનું પણ કંઈ ચિહ્ન સમજાય છે; તેમ પુરુષોત્તમમાં દેખાતું અક્ષરબ્રહ્મ-રૂપ શ્રીવત્સ-ચિહ્ન પુરુષોત્તમનો પરિચય કરાવે છે. પ્રભુના વક્ષઃસ્થલમાં આવેલી દક્ષિણાવર્ત શુક્લ લોમાવલી "શ્રીવત્સ" - કહેવાય છે. દેહથી બ્રાહ્મણજાતિ અને વેદ ધારણ કરતા અક્ષરબ્રહ્મના આરાધક ભૃગુ-ઋષિ છે. ભગવાનની ચામડીમાંથી ભૃગુ પ્રકટ થયા છે. દેહની અંદર અને બહાર ચામડી વ્યાપક છે. સ્પર્શ-સુખ-જ્ઞાન-તેનાથી અનુભવાય છે. આ ત્વગ્-રૂપ ભૃગુ મહત્ત્વપરીક્ષા માટે વૈકુણ્ઠમાં આવ્યા. પ્રભુની છાતીમાં લાત મારી! સ્પર્શ-સુખાનુભવ દીધો. પ્રશાન્ત પ્રભુએ પ્રેમથી પગનું ચિહ્ન છાતીમાં ધારણ કર્યું! બ્રહ્મત્વના આધારરૂપ ભૃગુ છે. તેનાં પત્ની ખ્યાતિ. તેમનાં પુત્રી લક્ષ્મીને પોતાના (સ્પર્શ) સુખના અનુભવ માટે પ્રભુએ પ્રકટ કર્યાં છે. બ્રહ્મરૂપ ભૃગુના પદચિહ્ન દ્વારા પ્રભુએ તેમાં લક્ષ્મીજીને પ્રતિષ્ઠિત કર્યાં! અક્ષરબ્રહ્માત્મક શ્રીવત્સ-ચિહ્ન ઐશ્વર્ય-સૂચક છે.

ભગવાનના કણ્ઠમાં કૌસ્તુભમણિ શોભે છે. કાશકૃત્સ્નમુનિના મતે અક્ષરબ્રહ્મની એક અવસ્થા જીવ છે. સર્વજીવ-ચૈતન્યનું સ્વરૂપ કૌસ્તુભમણિ છે. સ્વકીય-જીવોનું તે આધિદૈવિક સ્વરૂપ પણ છે. કણ્ઠ સરસ્વતી-સ્થાન છે. ક્રિયાથી-જ્ઞાન ઉત્તમ છે. સર્વમુક્તજીવોને સરસ્વતી-સ્થાન પ્રાપ્ત થાય માટે પ્રભુ કણ્ઠમાં કૌસ્તુભમણિ ધરે છે! જ્ઞાનનિષ્ઠ અને ક્રિયાનિષ્ઠ જીવોની શોભા ક્રિયા અને જ્ઞાનથી છે. સરસ્વતીજી વીણા-વાદનરત છે. ભગવાન્ મુક્તોને મળે છે. લીલામાં રહેલા તે મુકતજીવો પોતાની લલિતગાનાદિ-કલાઓ દ્વારા પ્રભુને પ્રસન્ન કરે છે. પ્રભુના ગુણગાનમાં શ્રીશુકદેવજી જેવા મુક્તોનો અધિકાર છે. મુક્તજીવોને સ્વાધીન કરવા તે વીર્યગુણ-સૂચક છે.

પ્રભુએ પીળું અમ્બર-પીતામ્બર-ધારણ કર્યું છે. પીતામ્બર માયારૂપ છે. શ્રુતિમાં "यदग्ने-रोहितं रूपं तेजस्तद्रूपं यच्छुक्लं तदपां यत्कृष्णं तदन्नस्येति।"- અગ્નિના તેજનું રૂપ રાતું, જલનું શ્વેત, અને અન્નનું શ્યામ છે. આ ત્રિવિધરૂપ છે. તેમાં પીળું ગણાવેલું નથી! સત્ત્વ, રજઃ અને તમોગુણનાં પણ નીલ, લાલ અને શ્વેત રૂપ ગણાય છે. રક્ત અને શ્વેતના મિશ્રણે પીળું થાય. રાજસ-તામસનું તે મિશ્રણ છે. ભગવાનની માયા સત્ત્વ, રજઃ અને તમો ગુણવાળી છે. મોહ કરનારી વ્યામોહિકા - માયા પીતામ્બર છે, તેથી તેમાં સત્ત્વગુણ નથી. રજોગુણ વિક્ષેપ કરાવે છે. તમોગુણ લય કરાવે છે. સ્વરૂપસંબંધી-ભક્તોમાં ભગવત્સંબંધી અનેક ભાવો પ્રકટ કરવા પીતામ્બરમાં વિક્ષેપક રજોગુણ છે. સ્વરૂપ-સૌન્દર્યમાં ભક્તોના મનનો લય કરવા માટે પીતામ્બરમાં તમોગુણ છે. ભગવદ્ભજનનો જેને અધિકાર નથી, તેવા લોકોનાં મનમાં રજોગુણ વિક્ષેપ ઉત્પન્ન કરે છે, મનને અસ્થિર બનાવે છે. તમોગુણ સ્વરૂપનો અનુભવ થવા દેતો નથી, મનને મોહમગ્ન કરી દે છે. સર્વભગવત્સામર્થ્યરૂપ માયામાં સત્ત્વગુણ પણ હોય છે. પીતામ્બર રૂપ માયા કટિથી નીચેના સ્વરૂપને માત્ર ઢાંકે છે, પણ વશ કરવા સમર્થ નથી! વસ્ત્ર તો પહેરનારને વશ હોય, પહેરનાર વસ્ત્રને વશ ન હોય! ઉત્કર્ષ વધારનાર, સર્વને આહ્લાદ દેનાર, પ્રસરણશીલ ગુણ, વર્ણનયોગ્ય ગુણ-ક્રિયાની વિપુલતા રૂપ યશઃનું અહીં નિરૂપણ કર્યું.

પ્રભુના સ્વરૂપની કાન્તિ સ્નિગ્ધ નીલમેઘ જેવી છે. "सान्द्रपयोदसौभगम्।"- પ્રભુનું સ્વરૂપ શ્યામ છે. તેમાં ચાર પ્રકાર પ્રસિદ્ધ છે. (૧) આંખ રૂપવાળા પદાર્થને જુએ છે. અત્યંત દૂર મેઘ વગરના આકાશમાં, આંખ અમુક અંતર કરતાં વધારે દૂર દેખી શકતી નથી. જ્યાં દૃષ્ટિમર્યાદા પૂરી થાય છે,

ત્યાં નીલવર્ણ જ દેખાય છે. અપાર અનંત આકાશમાં આંખને ભૂરાશ દેખાય છે, તે તો આંખની પરિમિત-શક્તિને લીધે છે, પણ તે રીતે બ્રહ્મ અતિગાઢ છે, ગંભીર છે, તે બ્રહ્મના ગુણથી દર્શન દેવા ઈચ્છતું નીલ જેવું દેખાય છે. (૨) દરેક યુગને તેના અધિષ્ઠાતાદેવ હોય છે. સત્યમાં શ્વેત, ત્રેતામાં રક્ત, દ્વાપરમાં પીત અને કલિમાં તેનો વર્ણ કૃષ્ણ હોય છે. તેનાં પ્રતિબિંબોનું નિયત અનેક - રૂપત્વ હોય છે. (૩) ભૂમિનું રૂપ નીલ છે. તેમાં પ્રભુ પધારતાં તેના પ્રતિફલનથી તેવા દેખાય છે. (૪) શુદ્ધ સત્ત્વનું રૂપ નીલ છે. તેના પ્રતિફલનથી વૈકુણ્ઠમાંથી તેમાં પ્રકટ થતા પ્રભુ નીલ દેખાય છે. અંશ અને વિભૂતિ રૂપ અવતારમાં આ પ્રકાર છે. અહીં સાથે વ્યૂહરૂપ હોવાથી આ અર્થ છે. પૂર્ણપુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણ તો સ્વાભાવિક રીતે જ શ્યામસ્વરૂપ છે. તેમાં કોઈ ઉપાધિ (નિમિત્ત) નથી ! "**रसो वै सः ।**"- શ્રુતિ છે. ભગવાન્ રસ રૂપ છે. તે રસ શૃંગાર છે. શૃંગારરસનો વર્ણ શ્યામ છે; તેથી શૃંગારરસાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણ શ્યામ છે. ગાઢ શ્યામ મેઘ વર્ષાકાલમાં સર્વને આનંદ દેનારો, અન્ન-ઉત્પન્ન કરનાર અને તાપનાશક હોય છે. એ રીતે લીલા સમયે ભગવાન્ પણ પૃથ્વી, સ્વર્ગ, ધર્મ, ભક્ત વગેરેનાં સર્વ અનિષ્ટોને દૂર કરીને સર્વનું અભીષ્ટ કરનારા છે. ભગવાન્ સર્વત્ર સર્વગુણપૂર્ણ છે. અનેક ઉપમાઓને યોગ્ય બને છે, તેથી આવી પ્રાકૃત-ઉપમાથી પણ દોષ આવતો નથી. શ્રીગુણ કહ્યો.

મહામૂલ્યવાળા વૈડૂર્યમણિ જડેલાં મુકુટ અને કુંડલની કાન્તિ વડે આલિંગિત અનેક વાંકડીઆ કેશવાળા પ્રભુનાં વસુદેવજીએ દર્શન કર્યાં. ભૂતલ પરના જીવો વ્યામોહિત છે, - સ્વરૂપજ્ઞાન-રહિત છે ! ભગવાન્ તેમને ચારે પુરુષાર્થોનું દાન કરે છે. તેમાં જ્ઞાન અને ક્રિયાના અનેક પ્રકારભેદો છે. તે જણાવવા માટે સર્વશાસ્ત્રરૂપ ભગવદાભરણોનું વર્ણન છે. આ શ્લોકમાં બે વિશેષણથી જ્ઞાન અને વૈરાગ્ય-ગુણ પણ કહેલા છે.

ભગવાને મસ્તકે મુકુટ અને કાને કુંડલ ધર્યા છે. મુકુટ ઉપનિષદ્રૂપ છે. કુંડલ સાંખ્ય, અને યોગ રૂપ છે. ભગવાનનું મુખ ભક્તિરૂપ છે. વેદ, સાંખ્ય, યોગશાસ્ત્રરત ભક્તો ભગવાનના મુખની આસપાસ રસમત્ત ભ્રમર જેવા શોભે છે. ઉપનિષદ્ મુખ્યપ્રમાણ છે; તેથી અલંકારો કરતાં ઊંચે-મસ્તકે-મુકુટ રૂપે વિરાજે છે. મુકુટ અને કુંડલ મુખના અલંકારો છે. તે વેદ, સાંખ્ય અને યોગનું ફલ ભક્તિ જ છે, - તેમ સૂચવે છે. વેદ, સાંખ્ય અને યોગનું ફલ સર્વલોકપ્રસિદ્ધ ગુરુ દ્વારા પ્રાપ્ત થાય છે. મુકુટ અને કુંડલમાંના વૈડૂર્યમણિ તે ગુરુજનરૂપ છે. ગુરુની કિંમત ઓછી ન અંકાય. ગુરુમાં ભગવાન્ જેવો ભાવ હોય તો વિધા ઉત્તમ ફલ આપે, સઘળાં રહસ્ય સમજાય, તેથી વૈડૂર્યને "મહાર્હ" - ખૂબ કિંમતી કહ્યાં છે, "અમૂલ્ય" - નથી કહ્યાં ! અમૂલ્ય હોય તો મળી ન શકે. મહામૂલ્યવાળાં છે, તેથી મહાન્ ભગવદ્ભક્ત ગુરુ કૃપાથી મળી શકે છે. શાસ્ત્રનું સાચું જ્ઞાન-ભગવદ્ભક્તિ-ભક્તગુરુની કૃપાથી જ મળે છે ! વેદમાં પૂર્વ અને ઉત્તરકાંડ, - એ બે વિભાગ છે. યોગ પણ સાધન અને ફલ રૂપે બે પ્રકારનો છે. સાંખ્ય પણ ત્યાગ અને જ્ઞાન રૂપે બે પ્રકારનું છે. આમ, કુલ છ શાસ્ત્રભાગ થયા. તેનાં રહસ્યને જાણીને પ્રભુને ભજનારા ભક્ત (છ પગવાળા) (ભ્રમ-રહિત) ભ્રમર જેવા રસમગ્ન છે ! આ બધા ભક્તો લૌકિકજ્ઞાન ભૂલીને ભગવાનમાં મગ્ન છે; તેથી કુંતલ - કેશને મુકુટ-કુંડલના તેજઃ વડે આલિંગિત કહ્યા છે. શાસ્ત્રના અનેક ભેદથી ભ્રમર જેવા વાંકા વાળને હજારો કહ્યા છે. આમાં જ્ઞાનગુણ સમજાવ્યો.

"उद्दाम"- થી ક્રિયા કહી છે. કર્મ અનંત છે. અહીં ત્રણ પ્રકારનાં ગણાવ્યાં છે - કટિમેખલા, બાહુબંધ અને કંકણ ! તે તમઃ, સત્ત્વ અને રજોગુણ રૂપ છે. તેના અનેક પ્રકારો થાય છે. કર્મ ભૂતલ પર જ સંભવે છેઃ ભૂતલ ભગવાનની કટિ રૂપ છે. કટિમેખલા કર્મ રૂપ છે. કર કર્મ કરે છે, લોકમાં કટિમેખલા (કંદોરો) કટિની આસપાસ બંધાયેલો હોય, બંધનવાળો હોય. ભગવાનની કટિમેખલા બંધન વગરની છે. તે અલૌકિક છે. વૈદિક-યજ્ઞાદિ-કર્મમાં ક્વચિત્ હિંસા દેખાય, પણ તે લૌકિક નથી. કન્દોરો પીતામ્બરની ઉપર હોય છે. પૃથ્વી રૂપ કટિ ઉપર માયા રૂપ પીતામ્બર છે. તેના ઉપર કર્મ રૂપ કંદોરો છે પૃથ્વી પર માયામોહિત લોકોનો કર્મમાં અધિકાર સૂચવે છે ! ભગવાનમાં લૌકિક-કર્મ હોતાં નથી, તેથી લોકપ્રસિદ્ધ કંદોરા જેવું બંધન ભગવાનની કટિમેખલામાં નથી. તે કર્મનાં સાધન પણ અલૌકિક-ભગવદ્રૂપ-છે. વૈદિકયજ્ઞનાં સ્રુક્ વગેરે સાધનો પણ ભગવાનનાં સ્વરૂપ છે. શ્લોકમાં **"आदिभिः"**- શબ્દ છે; તેથી વીંટીઓ, અન્ય - આભરણો, નૂપુર વગેરે પણ સમજી શકાય. તે બધાં ધર્મમાર્ગમાં રહેલાં, પ્રભુના સંબંધ વડે શાસ્ત્રીયકર્મ રૂપ આભરણો છે. આ વૈરાગ્ય કહ્યો છે.

"ह्वेदे रामायणे चैव पुराणे भारते तथा । आदावन्ते तथा मध्ये हरिः सर्वत्र गीयते ॥"- વેદ, રામાયણ, પુરાણ અને ભારતમાં આદિ, અન્ત અને મધ્યમાં સર્વત્ર હરિ ગવાય છે. ચારેમાં ત્રણ સ્થળે ગવાતા હરિ કુલ ૧૨ પ્રકારના થયા ! લૌકિક-વૈદિક-ધર્મયુક્ત ભગવાનનાં દર્શન વસુદેવજીએ કર્યાં. બે શ્લોકમાં તેનું શ્રીશુકે વર્ણન કર્યું. પ્રભુનાં દર્શનમાત્રથી વસુદેવજીને તે બધા ધર્મોનું જ્ઞાન થયું.

પ્રભુને પુત્ર રૂપે પ્રકટેલા જોતાં શુદ્ધ સત્ત્વાત્મક વસુદેવજીનો હર્ષ :

વસુદેવજી શુદ્ધસત્ત્વરૂપ છે. તેમણે આવા અદ્ભુત પ્રભુનાં દર્શન કર્યાં. અલભ્યલાભ લાધ્યો ! વિસ્મય થયો. આંખ આશ્ચર્યથી પ્રફુલ્લ બની. પ્રભુ પુત્ર થશે, - તેમ પહેલાં સાંભળ્યું હતું. આજે પ્રભુને પુત્ર રૂપે પ્રકટેલા જોયા ! ખૂબ હર્ષ થયો. મનમાં વિધવિધ વિલાસો ઉત્સવ રૂપે થયા. ઉત્સવને વ્યક્ત કરવા મન વસ્તુઓમાં દોડવા લાગ્યું. સ્વયં પ્રભુ પ્રકટ થયા છે; છતાં મન બીજે દોડે છે. આ દોષ નથી, ઉત્સવની-ભાવાવેશની-સ્વાભાવિકતા છે ! સર્વલક્ષણસંપન્ન કૃષ્ણ પ્રકટ થયા. કૃષ્ણ સદાનંદ છે. આનંદ આંખમાંથી આંસુ રૂપે પણ ઉભરાયો. હર્ષાશ્રુજલમાં વસુદેવજીએ સ્નાન કર્યું. બ્રાહ્મણોને ઉદ્દેશીને દશ હજાર ગાયોનું સંકલ્પથી દાન કર્યું. પ્રાકૃત-પુત્રને જાતકર્માદિ-સંસ્કાર કરવા જોઈએ. આ તો અપ્રાકૃત છે. વસુદેવજીને તેનું જ્ઞાન છે. શ્રેષ્ઠની સ્તુતિ થાય. પુરુષોત્તમ પ્રકટ થયા છે. જેવા પ્રભુ પ્રકટ્યા છે, - તેવા ગણીને વસુદેવજી સ્તુતિ કરે છે. શરીર નમાવ્યું. નિર્ણય કર્યો. હાથ જોડ્યા. કાયા મન અને વાણીથી સ્તુતિ કરે છે. સ્તુતિના અવાજથી ચોકીદારો જાગી જવાનો ડર રહ્યો નથી. આનંદમય પ્રભુને ઓળખે તે નિર્ભય બને છે. સર્વના નિયામક પ્રભુનો પ્રભાવ વસુદેવજી જાણે છે. ભગવાનના તેજઃથી સૂતિકા-સદન પ્રકાશી રહ્યું હતું.

વસુદેવજીએ કરેલી પ્રકટ પ્રભુની સ્તુતિ :

ભગવાન્ દ્વાદશાત્મા છે. વૈદિક રીતે નવ પ્રકારે અને લૌકિક રીતે ત્રણ પ્રકારે કહેવાય છે. વસુદેવજીએ નવ રીતે અને દેવકીજીએ ત્રણ રીતે પ્રભુની સ્તુતિ કરી. અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, પશુ, ચાતુર્માસ્ય અને સોમ, - એ વેદમાં કહેલા યજ્ઞાત્મક ભગવાનનાં પાંચ સ્વરૂપ છે. વાસુદેવ, સંકર્ષણ, પ્રધુમ્ન અને અનિરુદ્ધ, - એ તંત્રમાં કહેલાં પ્રભુનાં ચાર સ્વરૂપ છે. તંત્ર વેદસંમત છે, તેથી કુલ ૯

વગેરે પણ આધિદૈવિક રૂપે ભગવદ્રૂપ જ છે. ભગવાન્ સર્વત્ર અને સર્વ રૂપે હોવા છતાં વસ્તુનો અનુભવ થાય છે, ભગવાનનો નહિ ! ભગવાનનો અનુભવ ભગવાનની ઈચ્છાથી થાય, ઈન્દ્રિયોના સામર્થ્યથી ન થાય. ભગવાન્ ભિન્ન રૂપે, બાહ્ય રૂપે, દશ્ય રૂપે દેખાય છે. અનાવૃત-પ્રભુ એક સ્થળે પ્રકટ થયા છે. તેમાં આન્તર કે બાહ્ય-ભેદ હોતો નથી, તેથી તેમાં એક સ્થળે અમુક રૂપે દેખાવા છતાં પરિમિતપણું આવતું નથી. દામોદરલીલામાં આ સ્પષ્ટ દેખાય છે, ભગવાન્ સચ્ચિદાનન્દરૂપ છે. જગદ્રૂપ ભગવાન્ સદ્રૂપ છે. જીવો ચિદ્રૂપ છે. પ્રકટ થયેલા ભગવાન્ કૃષ્ણ આનન્દરૂપ છે. નિર્દોષ-પૂર્ણ ગુણવિગ્રહ-પંચાત્મક-પ્રભુને વસુદેવજીએ સ્તુતિમાં વૈદિક-પ્રકારે ઓળખાવ્યા.

ભગવાન્ આત્મારૂપ છે. આંખે દેખાય છે, તેવા અવયવવાળા છે, તેવો નિર્ણય કરનાર સાચા સ્વરૂપને સમજતો નથી, - અબુધ છે. સ્વરૂપમાં દેખાતાં હસ્ત, ચરણ વગેરે જુદાં નથી. ભગવાનમાં સ્વગતભેદ નથી. **"स यथा सैन्धवघनो–"**શ્રુતિમાં આ નિરૂપણ છે. મીઠાનો ગાંગડો જેમ અંદર-બહાર એક રસરૂપ હોય તેમ ભગવાન્ આનંદઘન છે ! ભક્તો પોતાના મનની ભાવનાથી હસ્ત-ચરણ રૂપે તેનું વર્ણન કરતાં, શ્રુતિનો વિચાર કરતાં છોડી દીધેલા તે પ્રાકૃત-ધર્મને સ્વીકારે છે, - તે માત્ર અનુવાદ છે, - ભગવાનમાં સઘળું ભગવદ્રૂપ છે. પ્રભુનાં હસ્ત, ચરણ વગેરે પણ અવિકૃત છે. ભગવાનમાં કોઈ પ્રાકૃતધર્મ નથી. આ વાસુદેવરૂપ છે. જગત્કર્તા રૂપે પ્રદ્યુમ્નનું નિરૂપણ છે. જગતના આધ્યાંત્મિક રૂપે ઉત્પત્તિ, સ્થિતિ, લયમાં પરંપરા વડે સન્નિધિમાત્રથી પ્રદ્યુમ્નનો ઉપયોગ છે, તેથી લોકો પ્રદ્યુમ્નથી સૃષ્ટિ કહે છે.

ભગવાન્ ત્રિગુણાતીત છે. તેમાં કોઈ ચેષ્ટા નથી, ગુણ નથી, વિક્રિયા નથી, છતાં સર્વ-સમર્થ છે. આ મતે જગત્કર્તૃત્વપણાનો તેમાં અભાવ છે, છતાં તેમાં કોઈ વિરોધ નથી. ઈશ્વરપણાથી જગત્કર્તૃત્વ અને અપ્રતિહત આજ્ઞાશક્તિ છે. બ્રહ્મત્વથી અવિકૃતપણું અને સર્વ-ભવનસામર્થ્ય છે. તેમાં દેશકાલાદિની પણ જરૂર પડતી નથી. વિરુદ્ધધર્માશ્રયી છતાં ભગવાનમાં કોઈ વિરોધ નથી. ભગવાન્ જગતના આધારરૂપ છે, તેથી તેમાં કર્તૃત્વ પણ કહેવામાં આવે છે. વાસ્તવમાં, ગુણો કર્તારૂપ છે. જગત્ માયિક નથી, ભગવાનમાં કર્તૃત્વ અને અકર્તૃત્વ બંને છે ! આધિદૈવિકપણાથી અનિરુદ્ધને ઓળખાવ્યા. વિશ્વનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયના નિયામક બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રરૂપ ગુણાવતારોથી પ્રસિદ્ધ છે. અનિરુદ્ધ રૂપના તે અંશ છે.

ત્રિલોકસ્થિતિ માટે પોતાની શાન્ત માયા દ્વારા ભગવાન્ સત્ત્વગુણને ધારણ કરે છે. તેનો શુક્લવર્ણ છે. ઉત્પત્તિ માટે રજોગુણથી રક્તવર્ણ ધારણ કરે છે. તમોગુણથી લય માટે કૃષ્ણવર્ણ ધારણ કરે છે. ઉપાધિભૂત કાલકૃત આ રૂપો છે. કાલવશાત્ વર્ણમાં ફેરફાર છે. અહીં વિષ્ણુ-બ્રહ્મા-રુદ્ર નથી કહેલા, પણ યુગાભિમાનીના અવતારો છે. સંકર્ષણરૂપ બતાવ્યું. આ લોકની રક્ષા કરવા સર્વના સ્વામી પ્રભુ - વસુદેવને ત્યાં પ્રકટ થયા. સંકર્ષણ, દેવોના દ્વેષી-દૈત્યોનો વધ કરીને દેવોની અને સર્વલોકની રક્ષા કરે છે. અસુરો જ રાજાઓના વેષમાં રહેલા છે ! તેમાં મુખ્ય કંસાદિ વડે પ્રેરાયેલી સેનાઓને પ્રભુ મારશે, - તેવી સર્વજ્ઞતા પ્રભુના સન્નિધિ માત્રથી વસુદેવજીમાં આવી છે. ભગવાનના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય. વસુદેવજીએ તન્ત્રપ્રકારે ચાર રૂપવાળા પ્રભુને ગાયા, - "હે અખિલેશ્વર ! સર્વલોકની રક્ષા કરવાની ઈચ્છાવાળા આપ મારે ત્યાં અવતર્યા છો. રાજાઓના વેષમાં છુપાઈને રહેલા અસુરના

અનેક અગ્રણીઓ દ્વારા રક્ષાયેલી સેનાઓને આપ સંહારશો. હે સુરેશ્વર ! આ અસભ્ય-દુષ્ટ - કંસે આપનો જન્મ અમારે ત્યાં થશે, તેમ જાણીને આપના અગ્રજોને મારી નાખ્યા છે, તે પોતાના રક્ષકો દ્વારા અમારે ત્યાં આપનો અવતાર થયો સાંભળીને હમણાં આયુધો ઉગામીને દોડતો આવશે !" ઈશ્વરને - સ્વામીને - સેવકથી માત્ર નિવેદન થાય. કર્તવ્યનો નિર્ણય તો સ્વામી કરે. "**सेवकस्य तु धर्मोऽयं स्वामी स्वस्य करिष्यति ।**"- સેવકનો ધર્મ આ છે. સ્વામી પોતાનો ધર્મ કરશે. સેવકથી વણમાગી સલાહ ન અપાય, કાંઈ કરવાનો આગ્રહ ન રખાય, દાસધર્મ જ થાય.

વસુદેવજીએ ઈશ્વરને ઓળખ્યા, - પરિસ્થિતિનું નિવેદન કર્યું. મૌન થયા. મનમાં તો અભિપ્રાય સ્પષ્ટ છે. કંસને હમણાં મારવાનો હોય તો અહીં રહેવું, નહિ તો બીજે પધારવું ! કંસને હમણાં મારવાથી ગોકુલવાસી સાથે લીલા, ઉદ્ધાર વગેરે ન થાય, તેથી ગોકુલલીલા પછી કંસને મારવો. પિતાના અભિપ્રાયથી પ્રભુ વ્રજમાં પધાર્યા છે. આનંદરૂપ ભગવાનને જાણે તેને કોઈ જ ભય ન રહે, છતાં ભગવદિચ્છાથી દેવકીજીનો ભય દૂર ન થયો ! જ્ઞાન કરતાં સ્નેહ બલવાન્ છે.

પુત્રમાં મહાપુરુષ જેવાં લક્ષણો જોતાં આશ્ચર્યથી દેવકીજીની પ્રભુસ્તુતિ :

દેવકીજીએ પ્રભુને ચતુર્ભુજ-રૂપનો ઉપસંહાર અને કંસને પ્રાકટ્યનું જ્ઞાન ન થાય તેમ કરવા વિનવ્યા. દેવકીજીને તો આ પોતાનો પુત્ર જ લાગ્યો. ભગવાને તેમને તેવી બુદ્ધિ દીધી, પણ પુત્ર ચતુર્ભુજ હોવાથી પ્રભુ જેવો લાગ્યો ! પુરાણપ્રસિદ્ધ પ્રભુના સ્વરૂપનું વર્ણન સ્તુતિમાં વણી લીધું. મહાપુરુષ જેવાં લક્ષણ જોઈ દેવકીજીને આશ્ચર્ય થયું, જ્ઞાન ન થયું ! આઠ શ્લોકમાં દેવકીજીએ સ્તુતિ કરી.

દેવકીજીએ દીકરાનું દિવ્યરૂપ દેખ્યું. ઉત્તમતા જોતાં સૌને આનંદ ન થાય, દ્વેષ પણ સંભવે. દ્વેષ કરનારા સૌને દંડ દેવો શક્ય ન પણ બને. ભગવાનના અવતારથી સાધુપુરુષોને આનંદ થાય, દુષ્ટોને સંતાપ થાય ! વત્સલ માએ તેથી અલૌકિક રૂપનું દર્શન ન કરાવવા વિનંતી કરી. અલૌકિક-સ્વરૂપ આધિદૈવિક છે. જગત્ કરતાં વિલક્ષણ બ્રહ્મને નવ પ્રકારે ઓળખાવ્યું. જગત્ વ્યક્ત છે, તેના મૂલરૂપ બ્રહ્મ અવ્યક્ત છે, દર્શનથી લોકોને વ્યક્ત લાગે છે. બ્રહ્મ આદ્ય છે. જગત્ આધુનિક છે. જગત્ પરિચ્છિન્ન (સીમિત) છે, બ્રહ્મ વ્યાપક (બૃહત્-નિઃસીમ) છે. આ સદંશથી ત્રણ ભેદ થયા, ચિદંશથી પણ ત્રણ કહ્યા. બ્રહ્મ પ્રકાશક છે, તેનાથી જગત્ પ્રકાશિત થાય છે. બ્રહ્મ ત્રિગુણાતીત છે. જગત્ ત્રિગુણાત્મક છે. જગત્ ઉત્પત્તિ વગેરે ભાવવિકારવાળું છે. બ્રહ્મમાં કોઈ ફેરફાર થતો નથી, - નિર્વિકાર છે. આનંદાંશથી ત્રણ ભેદ ગણાવ્યા. બ્રહ્મ ત્રિકાલાબાધિત છે, સર્વદા અસ્તિત્વ ધરાવે છે, સત્તા માત્ર છે, લૌકિક-ઈન્દ્રિયાદિથી તે અનુભવાતું નથી. જગતનો ઈન્દ્રિયાદિથી અનુભવ થાય છે. જગત્ સઘળું સદ્રૂપ હોવા છતાં વિશેષ નામ-રૂપ-ધર્મવાળું છે. બ્રહ્મ નિર્વિશેષ છે. વિશેષ વ્યાવર્તક (ભિન્ન કરનાર) છે. બ્રહ્મમાં કાંઈ વ્યાવર્ત્ય નથી. કાર્યરૂપ જગતમાં તે સર્વત્ર અનુસ્યૂત છે. કારણરૂપ બ્રહ્મ ચેષ્ટારહિત છે. કાર્યરૂપ જગત્ ચેષ્ટમાન્ છે. પ્રકટ થયેલા પ્રભુમાં લોકોને દોષથી અન્યથા પ્રતીતિ થાય છે. બ્રહ્મજ્ઞોની દૃષ્ટિએ તો ભગવાન્ અહીં વર્ણવેલા ગુણવાળા છે. તેનાથી સર્વનું કલ્યાણ થાય છે. સર્વના ઉપાસ્ય વિષ્ણુ પ્રકટ થયા છે, તેમ બ્રહ્માજીના વાકયથી નિર્ણય થાય છે. જડ, મુગ્ધ, શાસ્ત્રરહિત - અંતઃકરણમાં પણ તેના પ્રકટ થવાથી પ્રકાશ થયો છે !

આધિદૈવિકથી આધ્યાત્મિકનો પ્રકાશ થાય. આધ્યાત્મિકમાં આધિભૌતિકનો લય થાય છે.

બ્રહ્માજીના આયુષ્યના અંતે બ્રહ્માંડનો લય થાય, ત્યારે કાલવેગથી તત્ત્વો - મહાભૂતો - અહંકારમાં, અહંકાર મહત્તત્ત્વમાં, મહત્તત્ત્વ પ્રકૃતિમાં લય પામે. અક્ષરમાંથી પ્રકટ થયેલાં પ્રકૃતિ-પુરુષ તથા કાલનો અક્ષરમાં લય થાય. અક્ષરનો લય પુરુષોત્તમમાં થાય. તે "શેષ" - નામે ઓળખાય છે ! સર્વશબ્દોથી ઓળખાતા ભગવાન્ એક જ છે ! ભગવાન્ આધિભૌતિક નથી. સઘળાં આધિભૌતિક કાલપ્રેરિત છે. કાલ સૌનો નિમિત્તભૂત છે. કાલ ભગવાનની ચેષ્ટારૂપ છે. આધિદૈવિક-કાલ ભગવદ્રૂપ છે. આધિદૈવિક, સર્વના કારણરૂપ ઈશ્વરને શરણે મા ગયાં ! સમર્થ પ્રભુ શરણાગતની રક્ષા જરૂર કરે છે, વિલંબ સહી શકતા નથી, ઉપેક્ષા કરતા નથી. શુદ્ધસત્ત્વરૂપ ધામમાં વિરાજતા પ્રભુ સાધુપુરુષોનો પક્ષપાત કરવા પધાર્યા છે !

પ્રભુ અભયપ્રદ છે. મોટો ભય સૌને મૃત્યુનો છે. અતીન્દ્રિય-કાલે પોતાની પ્રતિકૃતિ રૂપ સર્પ પ્રકટ કર્યો છે. લોકોને લૌકિક દ્વારા અલૌકિક સમજાય. સામાન્યતઃ સર્પનો ભય સૌને લાગે છે. કાલ પોતાના ભક્ષ્યરૂપ સૌને સર્જે છે, તેથી કાલે સર્જેલાં - "મર્ત્ય" - કહેવાય છે. કાલની પત્ની - "કુણ્ડલિની-શક્તિ" છે. સૌના દેહમાં તે હોય છે. કરોડરજ્જુના નીચેને છેડે ગૂંચળું વળીને નીચા મોંવાળી સાપણની જેમ તે પડેલી હોય છે. યોગથી તે જાગ્રત થાય છે, તેથી કાલ શીઘ્ર ભક્ષણ કરતો નથી. કાલનું અધ્યાત્મ-સ્વરૂપ વેદ છે. વેદોક્ત કર્મ કરવાથી પણ કાલ જલદી નાશ કરતો નથી. પુરાણોક્ત અન્યદેવો કાલનું આધિભૌતિક-રૂપ છે. તેમના આરાધનથી પણ કાલ જલદી નાશ કરતો નથી. આ ત્રણે પ્રકારે ધર્મ કરનારા કાલાધીન છે. સાધારણ લોકો કાલના કાર્યરૂપ રોગાદિનો અનુભવ કરે છે, બચવા મથે છે, છતાં ભૂખ-તરસ-વૃદ્ધાવસ્થા વગેરેથી અનેક રીતે પીડાય છે, કાલનો ભય જતો નથી, મૃત્યુના મુખમાં સપડાય છે. બચવાનો કોઈ ઉપાય કે સ્થાન દેખાતાં નથી. અભય શોધતાં ક્યારેક પ્રભુ પ્રસન્ન થાય તો ચરણપ્રાપ્તિ થાય, અભય મળે ! ભગવાનનાં ચરણ છ છે,- સત્સંગ અને ભાગવત, - ભગવાનનાં બે આધિભૌતિક-ચરણ છે. જ્ઞાન અને ભક્તિ, - આધ્યાત્મિક બે ચરણ છે. પ્રસન્ન થઈને પ્રકટ થયેલા પ્રભુનાં બે ચરણ આધિદૈવિક છે. આમાંથી કોઈ પણ ચરણનું શરણ મળે તો મરણનો ભય ટળે. ચરણના શરણથી ભગવાન્ મળે તે કૃતાર્થતા છે. ભગવાનનું ચરણ કમલ છે, સુખદ છે, સર્વસાધન કરતાં સરલ છે, સર્વોત્કૃષ્ટ છે. આ વિશ્વાસથી ચરણના શરણથી સ્વસ્થતા મળે છે. મૃત્યુનો ભય દૂર કરવા મથવું ન પડે, ભય સ્વતઃ ચાલ્યો જાય. ભગવાન્ કાલ-નિયન્તા છે. નિષ્કપટભાવે ભગવાનનાં ચરણના શરણથી અભય અવશ્ય મળે છે.

માને લાગ્યું, - "ભગવાન્ અત્યારે અંતર્ધાન થાય, પછી પોતાની ઈચ્છાથી અન્યત્ર રહીને કંસને મારે; અથવા કંસ આ વાત જાણીને પોતાને મારે, તેથી રક્ષાની વિનંતી કરવી. કદાચ હમણાં કંસને મારીને જાય તો કંસના મિત્રો પાછળથી પોતાને મારે ! આ કારણે ચતુર્ભુજરૂપ લોકમાં પ્રકટ ન કરે તેવી વિનંતી કરવી. આ રૂપે જ મથુરામાં વિરાજે તો પ્રાકૃતલોકો દ્વેષ કરે, પોતે જલદી છૂટે તો ભક્તિરસનો અનુભવ ન થાય, મર્યાદા પણ ન રહે !" તેથી માએ કંસને આ રૂપનું જ્ઞાન ન થાય તેવી વિનંતી કરી.

ભક્તોનાં દુઃખ દૂર કરવાં, - તે ભગવાનનો સહજ ગુણ છે. માએ પ્રભુને ધ્યાનમાં દર્શન દેવા વિનવ્યા. "मांसदृशां"- ચર્મચક્ષુ કે માંસ (ભોગ) દૃષ્ટિવાળાને યોગ્યાયોગ્ય વિવેક રહેતો નથી.

વિવેકચક્ષુ વિના વિકાર અને વિનાશમાંથી બચવું કઠિન છે. કંસ પ્રભુને પરિશ્રમ કરાવે તે વિચાર પણ વત્સલ માને અસહ્ય લાગે છે. કંસ પ્રભુને દેવકીજીને ત્યાં પ્રકટ થઈને બીજે વિરાજતા જાણે તો પણ પાછા લાવવા ત્રાસ કરે, તેથી કંસ તે જાણે જ નહિ, તેવી વિનંતી માએ કરી. બીજે વિરાજવા માટે વેદવેધ-અલૌકિક-સ્વરૂપનો ઉપસંહાર કરવા માએ પ્રાર્થના કરી, - "ભગવાન્ વિશ્વાત્મા" છે, તે સઘળાં રૂપ લેવા કે છોડવા સમર્થ છે. અવતાર નહિ, પણ આકાર બદલવા માટે મા વિનવે છે ! શંખ, ચક્ર, ગદા, પદ્મ અને અલૌકિકશ્રી તથા ચાર ભુજાઓનાં દર્શન ન કરાવતાં, પ્રાકૃત જેવું સ્વરૂપ પ્રકટ કરવા કહ્યું. જો કે કેટલાક દેવો પણ ચતુર્ભુજ છે, દેવોને ચતુર્ભુજરૂપ અલૌકિક ન લાગે, પણ માનવોને તો અદ્ભુત જ લાગે !

બ્રહ્માંડવિગ્રહ ભગવાન્ પોતાના ગર્ભમાં પધાર્યા, અલૌકિક રીતે લોકનું અનુકરણ કર્યું. માને ખૂબ આશ્ચર્ય થયું, દીનતા થઈ.

ભગવાને વત્સલ મા-બાપને પોતાના આ અલૌકિક-સ્વરૂપના પ્રાકટ્યનું કારણ કહ્યું :

ભગવાને વત્સલ મા-બાપની સ્તુતિ અને પ્રાર્થના સાંભળી. ચૌદ શ્લોકમાં આ અલૌકિક-સ્વરૂપે પ્રકટ થવાનું કારણ કહ્યું, ચૌદ વિદ્યાનું પ્રમાણ સિદ્ધ કર્યું. પ્રભુએ પ્રેમપૂર્ણ દેવકીજીને કહ્યું, - "પ્રથમ બ્રહ્માંડમાં પ્રથમ કલ્પમાં અથવા આથી પહેલાનાં કલ્પમાં સ્વાયમ્ભુવ-મન્વન્તરમાં તમારું નામ "પૃશ્નિ" હતું. તે સમયે આ વસુદેવજી બ્રહ્માજીના પુત્ર "સુતપા" હતા. કામ-ક્રોધ-લોભ વગેરે દોષ તેમનામાં ન હતા. બંનેને બ્રહ્માએ પ્રજા કરવાની આજ્ઞા કરી. તમે બંનેએ કોઈક સ્થાનમાં સંયમપુરઃસર આહાર-વિહાર છોડીને પરમ તપઃ કર્યું. વર્ષા, વાયુ, તાપ શીત વગેરે પ્રતિકાર વગર સહન કર્યાં. તપઃ કરતાં ચિત્તશુદ્ધિ થતાં, ભગવત્સેવાપરાયણ થયાં. પ્રભુ પાસેથી પુત્રાદિ-કામનાઓ પૂર્ણ કરવા ઈચ્છતાં હતાં, તપઃ કરતાં બાર હજાર દેવવર્ષ પૂરાં થયાં. યુગધર્મો પણ બાધક ન થયા ! બન્નેના અંતઃકરણમાં પ્રભુ વિરાજતા હતા. પ્રેમપૂર્ણ હૃદયમાં પ્રભુ પધારે, તો કાલાદિ-ધર્મો કાંઈ જ પીડા કરી શકતા નથી. હું પ્રસન્ન થયો. હે નિષ્પાપ ! મેં મારા આ કોટિકંદર્પ-લાવણ્ય અદ્ભુત બાલસ્વરૂપનું દર્શન કરાવ્યું !" તપઃ શ્રદ્ધા અને હૃદયમાં નિત્ય સેવાથી પ્રભુને સંતોષ થાય છે. બહિર્મુખને પ્રભુપ્રસન્નતા મળતી નથી. હૃદયના શુદ્ધ-સ્નેહથી માનસિક રીતે સર્વદા સેવા કરનાર પર પ્રભુ ખૂબ પ્રસન્ન રહે છે.

પ્રાચીન કાલનો પ્રસંગ. પ્રભુના અનન્ય ભક્ત દામોદરદાસ સંભરવાળા. પ્રેમથી પ્રભુની પરિચર્યા કરે. ઉનાળાનો સમય. રાત્રે પ્રભુને મંદિરમાં પોઢાવ્યા. પોતે બહાર ચોતરા નીચે ખુલ્લામાં સૂતા. મધ્યરાત્રિ થઈ. પ્રભુને તાપ લાગ્યો. દામોદરદાસને જગાડ્યા નહિ, પણ તેમની દાસીને જગાડી ! મંદિરના ઉંબરે માથું મૂકીને તે સૂતી હતી. દાસીએ મંદિરનાં બારણાં ખોલી નાખ્યાં. સવારે દામોદરદાસે જોયું, કારણ પૂછ્યું. દાસીએ ભગવાનની આજ્ઞા સંભળાવી. દામોદરદાસે નવું મંદિર કરાવ્યું, ત્યાં સુધી ભોજન-સંયમ પાળ્યો. ભગવાને દાસીને આજ્ઞા કરી, દામોદરદાસને નહિ ! દાસી પ્રેમમગ્ન હતી. પોતાના મનની ભાવનાથી ભગવાનની સેવા સદા કર્યા કરતી. તેની ભાવાત્મક-માનસી-સેવાથી પ્રભુ ખૂબ પ્રસન્ન રહેતા, તેથી રાત્રે તેને આજ્ઞા કરી.

ભગવાન્ માને (દેવકીજીને) પૂર્વવૃત્તાન્ત કહેતા હતા. વરદાન દેનારા અનેક છે. તે સૌ માગેલું

આપે છે. ભગવાન્ "**वरदराट्**"- વરદાન દેનારાના રાજા છે. અલૌકિક-ખૂબ હિતકારક વરદાન ભગવાન્ આપે છે ! પ્રભુએ વરદાન માગવા કહ્યું. પૃશ્નિ-સુતપાએ સુંદર બાલકૃષ્ણનાં દર્શન કર્યાં. તેમને સાધારણ જાણ્યા. તેમના જેવો પુત્ર માગ્યો ! સંસારસુખની સ્પૃહા પણ તે દમ્પતીને ન થઈ. કોઈ વૈદિકકર્મથી પણ પુત્રરૂપ લૌકિકફલ ન મેળવ્યું. પુત્ર મેળવવાની ઈચ્છા હતી. રાગ ગયો ન હતો. દેવ-પિતૃ-ઋષિનાં ઋણ બાકી હતાં. ગૃહસ્થાશ્રમ હોવા છતાં સંન્યસ્તની જેમ રહેતાં હતાં ! શાસ્ત્રજ્ઞાન હોવા છતાં આ ત્રણે હતાં, તેથી મોક્ષ કે ભક્તિ ન માગ્યાં. ભગવાનની માયામાં બંને મોહ પામ્યાં હતાં ! સાધારણમાયા તો શાસ્ત્રથી દૂર થાય. આ તો ભગવાનની લીલામાં ઉપયોગી વિશેષમાયા છે. પ્રમેયબલના પ્રભાવથી મોક્ષ ન માગ્યો. ભગવાન્ તો ઈચ્છેલું દેવા - "**कामदित्सया**"- પધાર્યા છે. મોક્ષની ઈચ્છા હોય તો મોક્ષ આપે. મોક્ષથી લીલારસનો અનુભવ ન મળે.

મોક્ષમાં મર્યાદિત આનંદ છે. લીલામાં પૂર્ણાનન્દ છે. ભગવાને લીલારસનો અનુભવ દેવા કૃપાથી મોહ કરાવ્યો. ભગવાન્ જેને જેવી લીલાનો અનુભવ કરાવવા ઈચ્છે, તેટલું જ તે ભક્તને સમજાય, બાકીનું બધું ભગવાન્ ભુલાવી દે. રાસલીલામાં પણ ભગવાને શ્રીગોપીજનને મોહ કરાવ્યો છે ! "**न न्यवर्तन्त मोहिताः ।**"- સ્વજનોએ અટકાવ્યાં, છતાં શ્રીગોપીજન અટક્યાં નથી ! આવો મોહ તો જેમ વધારે હોય તેમ ભગવદ્ભાવસમૃદ્ધિ વધારે છે. તેથી "**मम मायया**"- કહ્યું છે. "**समो मशकेन**"- શ્રુતિથી ભગવાન્ સર્વસમાન છે; પણ કોઈ ભગવાનની સમાન નથી; છતાં ભગવાન્ જેવો પુત્ર માગ્યો,- તે મોહ છે. ભક્તિમાર્ગમાં તો દાસ્યભાવ જ ઉત્તમ છે. પિતૃત્વ વગેરે ભાવો ન્યૂન છે ! પુરુષોત્તમ સંબંધી ભક્તિમાર્ગીય દાસ્યભાવરૂપ મોક્ષ ન માગ્યો, તે પણ મોહ છે ! ભગવાને પિતૃત્વ વગેરેનો અનુભવ દેવા ઈચ્છયો છે. વરદાન દઈને પ્રભુ પધાર્યા. રાગનિવૃત્તિ માટે બંનેએ સંસાર-સુખભોગ કર્યા. બંનેના મનોરથ પૂરા થયા હતા.

ભગવાનના પોતાના જેવો કોઈ નથી, ન હોય તે કોઈને અપાય નહિ ! કૃત્રિમ કોઈ સમાન સંભવે નહિ. સર્વ રીતે કોઈ પ્રભુસમાન હોય તો શ્રુતિમર્યાદા સચવાય નહિ. પુત્ર આપે નહિ તો વરદાન સત્ય થાય નહિ; તેથી પ્રભુ પોતે પુત્ર રૂપે પ્રકટ થયા ! "પૃશ્નિગર્ભ" - નામે પ્રસિદ્ધ થયા. પુનઃ, પૃશ્નિ-સુતપા અદિતિ-કશ્યપ રૂપે જન્મ્યાં. ભગવાનનું વચન ક્યારેય અસત્ય ન થાય, તેથી પ્રભુ પણ પુનઃ પુત્ર રૂપે પ્રકટ્યા ! લોકમાં "ઉપેન્દ્ર" - નામે ઓળખાયા. વામન (નાનકડું શરીર) હોવાથી "વામન" - કહેવાયા. પુનઃ, પૃશ્નિ-સુતપા આ ત્રીજા જન્મે દેવકી-વસુદેવ થયાં તે વખતે પ્રભુ પુત્ર રૂપે પ્રકટ થયા. પૂર્વના બે અવતાર કરતાં આ રૂપ વિશિષ્ટ છે. પ્રસન્ન પ્રભુ સંપૂર્ણ રૂપે પ્રકટ થયા છે. "દેવકીનન્દન" - રૂપે પ્રસિદ્ધ છે !

ભગવાન્ સત્યવક્તા છે. જ્યાં સુધી પૃશ્નિ-સુતપા જન્મે ત્યાં સુધી પ્રભુને પુત્ર રૂપે પ્રકટ થવું પડે ! હવે, પ્રભુ પુનઃ તેમને જન્મ દેવાના નથી. પ્રભુએ દેવકીજીને "**सति**"- કહ્યાં. સતી એટલે પતિવ્રતા. કલ્પ (સૃષ્ટિ)ના આરંભમાં જે પતિ મળ્યો હોય, તે સૃષ્ટિના અંત સુધી બધા જન્મે મળે તે,- સ્ત્રી-સતી ! તે સ્ત્રી પતિના પહેલાં મરે નહિ, પતિના મરતાં જ મરે ! અસતીની મુક્તિ ન થાય.

ભગવાને બંનેને પૂર્વજન્મના સ્મરણ માટે આ સ્વરૂપદર્શન કરાવ્યું. પ્રભુસન્નિધિમાં સર્વજ્ઞતાથી વૈરાગ્ય થાય, તો સ્વતંત્ર-ભક્તિરસાનુભવ ન થાય. શબ્દથી સમજાવવા કરતાં

સ્વરૂપદર્શનથી જ્ઞાન સ્પષ્ટ થાય. વિજ્ઞાનમાં વિષય **(Theory)** સાથે પ્રયોગ **(Practical)** હોય છે, તેથી સ્પષ્ટ સુદૃઢ જ્ઞાન થાય. આ સ્વરૂપદર્શન વિના મનુષ્ય જેવા દેખાતા શરીરમાં "આ ભગવાન્ છે" - તેવી સમજ દૃઢ ન રહે! અનુભવથી થયેલું જ્ઞાન દૃઢ રહે છે.

ભગવાને વગર માગ્યે પણ બ્રહ્મભાવ દીધો! "સ્નેહપૂર્ણ તમે બંને પુત્રભાવે અને બ્રહ્મભાવે વારંવાર ચિંતન કરતાં મારી ગતિને પ્રાપ્ત થશો!" - કહીને વ્યાપિવૈકુણ્ઠ-લાભરૂપ મોક્ષ દીધો. પોતાનું પ્રમેયબલ પ્રકટ કર્યું. પ્રમેય (સ્વરૂપ) પાસે પ્રમાણ (શાસ્ત્ર) ગૌણ છે. પુત્રભાવે સ્વતન્ત્રસ્નેહ અને બ્રહ્મભાવે શાસ્ત્રોક્તસ્નેહ થવા કહ્યું, તેથી નિરોધરૂપ સ્કન્ધમાં ભક્તિના અંગ તરીકે જ્ઞાન પણ કહેલું છે. શ્રીગોપીજન વગેરેને પણ પ્રભુએ માહાત્મ્યજ્ઞાન કરાવ્યું છે. નવમ-સ્કન્ધમાં ઉત્પત્તિ કહીને ભક્તોનું સ્વરૂપથી વર્ણન કર્યું છે. દશમ-સ્કન્ધમાં પ્રેમ, જ્ઞાન અને નિરોધ જે રીતે થાય તેનું નિરૂપણ છે. ભગવાન્ મૌન થયા. - "મને ગોકુલ લઈ જાવ, ત્યાંથી કન્યાને લાવજો!" - વગેરે ભગવાને પોતાના મુખેથી કહ્યું નથી. પ્રાકૃતબાલક જેવા સ્વરૂપનું દર્શન કરાવ્યા પછી, વસુદેવજીના મનમાં પ્રેરણા કરી છે.

વસુદેવ-દેવકીજીને પડેલાં દુઃખનું કારણ પણ ભગવાને કહેલી વાતમાં સમજાવી દીધું છે. બંનેએ પ્રભુ માટે તપઃ કર્યું ન હતું. પોતાની ઈચ્છા પૂરી કરવા સકામ આરાધન કર્યું હતું! પ્રકટ થયેલા પ્રભુની સુંદરતાથી તેવો પુત્ર માગ્યો. સ્નેહ કે આતુરતાથી પ્રભુપ્રાકટ્ય માગ્યું ન હતું! પ્રભુનાં દર્શન થયા પછી પણ બંનેએ સંસારસુખ માણ્યું છે. આપેલા વરદાનને કારણે પ્રભુને પ્રકટ થવું પડ્યું. મુક્તોને પણ દુર્લભ મુકુન્દને પોતાના જેવો બીજો ન હોવાથી નાનકડા કારણે પ્રકટ થવું પડ્યું! પ્રભુ જેવા પુત્રનો આગ્રહ રાખવાથી પહેલા પુત્રો મર્યા. પ્રભુ જેવો પુત્ર ગુણની સમાનતાથી હોય. ભગવાનના ગુણ છ છે, તેથી છ પુત્રો મર્યા. પ્રભુએ મર્યાદારક્ષા માટે જાણે દંડ દીધો! ભગવાન્ અદ્ભુતકર્મા છે. પરિણામે આ બધો કલેશ તો પ્રભુમાં પ્રીતિ વધારનાર થયો.

અગિયાર વર્ષ સુધી વસુદેવ - દેવકીજી સંતાપમાં શેકાઈને શુદ્ધ થયાં છે!:

પુત્ર રૂપે પ્રભુપ્રાકટ્યમાં તપઃ સાધન થયું. લીલારસાનુભવ માટે ભગવાને પોતાનો વિયોગ કરાવ્યો. પ્રભુ મથુરાથી ગોકુલ પધાર્યા. તાપભાવ કે વિયોગ એ લીલારસાનુભાવનું ભક્તિમાર્ગીય સાધન છે. તેનાથી વસુદેવ-દેવકીજીને ભગવદ્ભાવની પરંપરા પ્રાપ્ત થઈ! મથુરામાંથી પ્રભુને ગોકુલમાં પધરાવ્યા પછી, મા-બાપ તેમને ભૂલી શક્યા નથી; યાદ કરતાં, સંતાપમાં શેકાઈને શુદ્ધ થયાં છે, ભાવ વધતો ગયો છે. "આજે મારા લાલને આટલા દિવસ થયા, આજે આટલા માસ થયા, આજે આટલાં વર્ષ થયાં! હવે, તે ઘૂંટણીઆં કરતા હશે! ચાલતાં શીખ્યા હશે! બોલતા હશે! મધુર રમત રમતા હશે! કુશલ હશે? ક્યારે અમને તે મળશે?" આવા અનેક વિચારોમાં વત્સલ મા-બાપ ખોવાઈ જતાં. કંસના રાજ્યમાં તો કોઈને તે કહેવાય નહિ, મનમાં સહેવાય નહિ, લાડકવાયા લાલ વગર રહેવાય નહિ. અંતઃકરણની અત્યંત તીવ્ર આતુરતામાં તન્મય થતાં. બંને પરસ્પર પ્રિય પુત્રની વાતો કરતાં, વિચાર કરતાં, સ્નેહસમુદ્રમગ્ન થતાં. બધી ઈન્દ્રિયો અને અંતઃકરણ પ્રભુપરાયણ રહેતાં. આમ અગિયાર વર્ષ વીતાવ્યાં. ભગવાનના વરદાનથી આ તાપભાવ પુત્ર રૂપે થયો. પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને મન - અગિયાર વર્ષમાં કૃષ્ણપરાયણ થયાં. કંસવધ પછી પ્રભુ મળ્યા, પણ ત્યારે બ્રહ્મભાવના વરદાને ભેટી શકતાં ન હતાં!

પોતાના સર્વભવન-સામર્થ્યથી ચતુર્ભુજ-સ્વરૂપમાંથી દ્વિભુજ - બાલક થતા પ્રભુ !:

મૌન થયેલા ભગવાન્ મા-બાપના દેખતાં આત્મમાયાથી તરત જ પ્રાકૃત-બાલક બન્યા ! - "**पित्रोः संपश्यतोः सद्यो बभूव प्राकृतः शिशुः ।**" પ્રભુ મૌન થતાં વસુદેવ-દેવકીજીને દિવ્યસ્વરૂપ દર્શનથી થયેલું જ્ઞાન પણ તિરોહિત થયું ! ભગવાને પ્રાકૃત-સ્વરૂપની જેમ પ્રાકૃતજ્ઞાન પણ સ્વીકાર્યું ! "**पित्रोः**"-વસુદેવ-દેવકીજીને મા-બાપ કહ્યાં છે. આમ કરવામાં ભગવાનને કોઈ સાધનની જરૂર પડી નથી. આત્મામાયાથી સર્વ કાંઈ બની શકવાનું ભગવાનનું સામર્થ્ય છે. ભગવાન્ ઈચ્છે તેવું સ્વરૂપ લે, - પ્રકટ કરે. મા દેવકીજીની પ્રાર્થનાથી પ્રાકૃત જેવા દ્વિભુજ-સ્વરૂપનું દર્શન ભગવાન્ કરાવે છે, પછી જ્યારે જરૂર હોય ત્યારે પોતાની ઈચ્છાથી ચતુર્ભુજ-રૂપે દર્શન દે છે. ગીતોપદેશ, ભીષ્મમુક્તિ, રુક્મિણી-પરિહાસ વગેરે પ્રસંગમાં પ્રભુએ ચતુર્ભુજ-રૂપ પ્રકટ કર્યું છે.

પ્રભુ મૌન થયા, તે જ ક્ષણે નાલછેદન થયા વગરના પ્રાકૃત-બાલક જેવા દેખાયા ! ચતુર નટને પણ વેષ બદલતાં વાર લાગે, એકાંત જોઈએ, પ્રસાધનો જોઈએ. જાદુગરની માયાજાળ હોય, સાચી ન હોય. નટનો ખેલ સાચો હોય ! ભગવાનનું ચતુર્ભુજ કે દ્વિભુજ સ્વરૂપ માયિક નથી, સત્ય છે. મા-બાપના દેખતાં જ સર્વભવનસમર્થ ભગવાન્ બીજા સ્વરૂપે દર્શન દે છે. પિતા પરમાર્થજ્ઞાન-નિપુણ છે. મા લૌકિકજ્ઞાન-નિપુણ છે, છતાં સમર્થ ભગવાનને કાંઈ પ્રતિબંધ રૂપ ન થયું ! સંસારહેતુભૂત ચિદ્રૂપા-માયા જીવોને સ્વરૂપવિસ્મૃતિ કરાવીને જગતના પદાર્થોમાં આસક્તિ કરાવે છે, તેમ લીલોપયોગિની આત્મમાયા, ભક્તોને સ્વરૂપવિસ્મૃતિ કરાવીને ભગવાનમાં આસક્તિ કરાવે છે. આ આનન્દરૂપા માયા છે. વસુદેવ-દેવકીજી પણ આ માયારૂપ શક્તિથી જ લીલામાં માતાપિતા રૂપે પ્રકટ્યાં છે. પ્રભુનાં દર્શન પણ આ શક્તિરૂપ ઇચ્છાથી થાય છે, આંખના સામર્થ્યથી થતાં નથી ! ભગવાન્ ચતુર્ભુજ અને પછી પુત્રરૂપે દ્વિભુજ દેખાયા.

સર્વસમર્થ ભગવાન્ પ્રકૃતિથી ગ્રહણ થાય તેવા પ્રાકૃત - શિશુ રૂપે બન્યા :
દ્વિભુજ રૂપે દર્શન દેતા સ્વરૂપમાં ચતુર્ભુજ - સ્વરૂપ અંતર્હિત થયું છે :

જેમ શ્રીશુકદેવજી રાજા પરીક્ષિતની સભામાં - "**तत्राभवद्भगवान् व्यासपुत्रो.....**"- પ્રકટ થયા, તેમ ષડ્ગુણસંપન્ન ભગવાન્ પરબ્રહ્મ બાલક રૂપે તે ક્ષણે પ્રકટ થયા ! પ્રત્યક્ષ હોવા છતાં, અલૌકિક છે, તેથી તેનું જ્ઞાન ન હોવાથી, "**बभूव**"- પરોક્ષભૂતકાળ કહ્યો છે. ભગવાનની સઘળી લીલાઓ અને તે સંબંધી સ્વરૂપ શુદ્ધબ્રહ્મ જ છે, તેથી ભગવાન્ "**कृतागसं**"- અપરાધી, "**स्तन्यकामः**"- દૂધની કામનાવાળાની જેમ, નાલસહિતનાં બાલક - "**प्राकृतः शिशुः**"- રૂપે પણ માયાસંબંધરહિત શુદ્ધબ્રહ્મરૂપ જ છે. દામોદરલીલામાં "**न चान्तर्न बहिर्यस्य ।**"- (જેને અંદર અને બહાર નથી)માં શ્રીશુકે શુદ્ધબ્રહ્મરૂપ જ કહ્યું છે. પોતાની લીલા માટે ભગવાન્ પ્રાકૃતનું અનુકરણ પણ કરે છે. જેમ ઈચ્છેલી લીલા થાય તેમ સઘળું કરે છે. તેમાં કોઈ દોષ નથી, પણ ભક્તો માટે તે સઘળું કરતા હોવાથી તો તે અદ્ભુત માહાત્મ્ય જણાવે છે. દામોદરલીલામાં શ્રીશુકે - "**बबन्ध प्राकृतं यथा ।**"- (પ્રાકૃતની જેમ બાંધ્યા)-થી પ્રાકૃત-બાલકનું દૃષ્ટાન્ત કહ્યું છે.

"**प्रकृत्या ग्राह्यः प्राकृतः ।**"- પ્રકૃતિથી ગ્રહણ થાય તે,- પ્રાકૃત ! જીવો દૈવી અને આસુરી છે. તેમની પ્રકૃતિ પ્રમાણે પણ તેવા બે પ્રકારની છે, - અલૌકિક અને લૌકિક ! પ્રકટ થયેલા પ્રભુ સૌને

તેમની પ્રકૃતિ પ્રમાણે ઓળખાય છે, ભાવાનુસાર દર્શન થાય છે. કંસની મલ્લસભામાં પધારતા ભગવાનનું દર્શન - "**मल्लानामशनिर्नृणां नरवरः स्त्रीणां स्मरो मूर्तिमान्...।**"- શ્લોકમાં છે. તેમાં જેની જેવી પ્રકૃતિ છે, તેવાં તેને ભગવદ્દર્શન થયાં છે. અલૌકિક-પ્રકૃતિવાળાને અલૌકિક અને લૌકિક-પ્રકૃતિવાળાને લૌકિક! લોકવ્યવહાર રીતે ઓળખનાર લૌકિક અને શાસ્ત્ર-સિદ્ધાન્તાનુસાર સમજનાર અલૌકિક છે. આમ છતાં ભગવાન્ તો અલૌકિક જ છે.

શ્રીનન્દરાયજી વગેરેને ભગવાન્ પુત્ર રૂપે લાગ્યા છે! તે લૌકિક જેવું ભાન છે; છતાં ભગવાનની લીલા અલૌકિક છે. નંદજીએ ભગવાનને પુત્ર રૂપે જાણ્યા, - એમ શાસ્ત્ર વર્ણવે છે. શાસ્ત્ર નંદજીને તેવું જ્ઞાન કરાવતું નથી ! તેમાં કોઈ દોષ નથી. ભીષ્મે "**प्रकृतिमगमन् किल यस्य गोपवध्वः ।**"- (ગોપીજન જેની પ્રકૃતિને પ્રાપ્ત થયાં.) પોતાની સ્તુતિમાં કહ્યું છે, તેમાં "પ્રકૃતિ" - શબ્દ ભગવત્સ્વરૂપ-વાચક છે. ભગવાન્ કોઈ સાધનથી પ્રાપ્ત થતા નથી. ભગવાન્ વડે જ ભગવાન્ મળે છે. આ શુદ્ધબ્રહ્મ-પુરુષોત્તમ શિશુરૂપ બન્યા; પછી ભગવાને વસુદેવજીને પ્રેરણા કરી. પ્રભુની જ્ઞાનશક્તિ વસુદેવજીમાં પ્રાપ્ત થઈ. વસુદેવજીએ ઉત્તમ-પાત્ર લીધું. તેમાં સુંદરવસ્ત્ર બિછાવ્યું. તેમાં પુત્રરૂપ પ્રભુને પધરાવ્યા.

જે સમયે વસુદેવજીએ સૂતિકા-સદનમાંથી બહાર નીકળવા ઈચ્છ્યું, તે સમયે નન્દ-પત્ની યશોદાજીએ યોગમાયાને પુત્રી રૂપે જન્મ આપ્યો. પ્રભુએ પ્રાકૃતરૂપ સ્વીકાર્યું, તેથી વસુદેવજીને પ્રભુ પુત્રરૂપ લાગ્યા. કંસના કારાગારમાં પ્રસવધર્મો પણ દેવકીજીમાં પ્રકટ થયા ! વસુદેવજી નિર્ભયપણે બહાર નીકળ્યા, "**शौरिः**"- છે! અભયપ્રદ પ્રભુ પ્રકટ વિરાજે ત્યાં ભય ક્યાંથી હોય ? છતાં વાત્સલ્યથી સાવધ છે. બંધન અને દ્વાર ખૂલી ગયાં હતાં ! દેહાદિનું પણ વિસ્મરણ કરાવનારાં યોગમાયા જન્મ્યાં હતાં. પ્રભુના પ્રાકટ્ય વખતે યોગમાયાનો જન્મ હોત તો, વસુદેવ-દેવકીજીને પણ નિદ્રા આવી ગઈ હોત.

"**योगार्थमेव माया योगमाया ।**"- છે. ભગવાનનાં કાર્ય સિદ્ધ થાય તે માટે યોગમાયા લોકને મોહ કરાવે છે. ભગવાનની જેમ તે સ્વતઃ પ્રકટ થઈ નથી. પ્રભુના પ્રાકટ્ય પછી એક મુહૂર્તે યોગમાયાનો જન્મ થયો છે. રોહિણી નક્ષત્ર હતું. નવમી તિથિ હતી. રોહિણીનો કૃત્તિકાવેધ દોષરૂપ નથી. સપ્તમીવેધ દોષરૂપ છે. ભગવાનનું પ્રાકટ્ય શુદ્ધ અષ્ટમીમાં છે. નંદ-મહોત્સવ નવમીએ થયો છે. અષ્ટમીમાં અંતે આરંભાયેલું રોહિણી નક્ષત્ર નવમીમાં રહ્યું છે. સપ્તમીવિદ્ધ અષ્ટમીનું વ્રત ન થાય. શુદ્ધ અષ્ટમી ન મળે તો નવમીવિદ્ધ અષ્ટમી કે નવમીએ - ઉપવાસ વ્રત થાય.

નિશીથ-સમયે ભગવલ્લીલાનુકૂલ આધિદૈવિક-કાલ પ્રકટ થયો; ત્યારે ૪૫ અને ૪૬ ઘડીનો સમય હતો. તેના આરંભમાં મથુરામાં પુરુષોત્તમ ચતુર્ભુજ રૂપે પ્રકટ થયા; અને અંતે દ્વિભુજ પુરુષોત્તમ નંદગૃહમાં પ્રકટ થયા ! તે સમયે અષ્ટમી હતી, પછી નવમી હતી. તેમાં યોગમાયાનો જન્મ થયો. જોડકાં બાલકોમાં એકના જન્મ પછી થોડી વારમાં બીજું જન્મે છે, છતાં સાથે જન્મ્યાં કહેવાય છે. તેમ પ્રભુ પછી થોડી વારે યોગમાયાનો જન્મ થયો.

બ્રહ્માજીની પ્રાર્થનાથી પૃથ્વીના ઉદ્ધાર માટે ભગવાન્ પુરુષોત્તમ ચતુર્ભુજ રૂપે વસુદેવજીને ત્યાં પ્રકટ થયા. અક્ષરાત્મક - વ્યાપિવૈકુણ્ઠમાં રહેલાં શ્રુતિયોએ પ્રભુને સ્તુતિથી પ્રસન્ન કર્યા ! ભગવાને પોતાની લીલાનાં દર્શન કરાવ્યાં. શ્રુતિયોએ તે લીલાલાભની પ્રાર્થના કરી. ભગવાને તે સારસ્વત-

કલ્પમાં પૂર્ણ કરવાનું વરદાન દીધું. તે નિત્યલીલાસ્થ દ્વિભુજ પુરુષોત્તમ શ્રીગોપીજન- વલ્લભ નન્દાલયમાં પ્રકટ થયા ! નન્દગૃહમાં પ્રકટ થયેલા પ્રભુએ જ દ્વિભુજ પ્રાકૃત-શિશુ રૂપે મથુરામાં વસુદેવ-દેવકીજીને દર્શન દીધાં ! ચતુર્ભુજ સ્વરૂપ તેમાં અંતર્હિત થયું !

પ્રભુપ્રેરણાથી પ્રભુને પધરાવીને ગોકુલ જતા વસુદેવજીનાં બંધન ખૂલ્યાં, વરસાદમાં શેષજીએ છત્ર ધરી સેવા કરી, યમુનાજીએ સ્વતઃ માર્ગ દીધો, પુત્રને યશોદાજીના શયનમાં પધરાવીને “દારિકા”ને લઈને વસુદેવજી પાછા આવ્યા ! :

વસુદેવજી આ ભગવાનને લઈને બહાર નીકળ્યા. યોગમાયાનો જન્મ થઈ ચૂક્યો હતો. તેના પ્રભાવથી સૌ મોહિત હતા, મૂર્છિત જેવા થઈ ગયા હતા. યશોદાજી વગેરે ગોકુલવાસીઓને પહેલાં મુગ્ધતા થઈ; પછી મથુરામાં દ્વારપાલો અને લોકોને અસર થઈ. કોઈને કાંઈ ખબર રહી નહિ ! દ્વારપાલોએ મોટા મોટા દરવાજાઓ લોહની ભોગોળોથી બંધ કર્યા હતા. લોઢાની સાંકળો બાંધી હતી. બહાર નીકળાય તેમ ન હતું. દરવાજાઓ વિષમ-કૂંચીઓથી જ ખૂલે તેવા હતા, છતાં પણ કૃષ્ણને લઈને પધારતાં જ બધા દરવાજા પોતાની મેળે ખૂલી ગયા. ભગવાન્ સૌને મોક્ષ દેનારા છે. ભગવાને જડ બારણાંનાં પણ બંધન છોડી દીધાં ! જેનું અંતઃકરણ શુદ્ધસત્ત્વરૂપ (વસુદેવ) હોય, હૃદયમાં ભગવદ્ભાવ ઉભરાતો હોય, પ્રભુ પ્રકટ વિરાજતા હોય, જીવનમાં પ્રભુની મુખ્યતા હોય, તેને કોઈ, ક્યાંય, ક્યારેય અટકાવી શકતું નથી, પ્રતિકૂલતા પીડતી નથી, વિઘ્ન નડતાં નથી, બંધન બાંધતાં નથી. સૂર્યોદય થતાં અંધકાર ન રહે, તેમ બંધન ન રહ્યાં. સત્ત્વની શુદ્ધિ થાય અને પ્રભુ પ્રેમથી પ્રાપ્ત થાય ! તો અવિદ્યાનો અંધકાર અલ્પ પણ ન રહે, સંસારબંધન ન રહે, સઘળું અસાધ્ય હોય તે સુખસાધ્ય બની જાય, સુદુર્લભ સુલભ બને.

વસુદેવજી કૃષ્ણને લઈને બહાર પધાર્યા. વરસાદ વરસતો હતો. મેઘ મંદ મંદ ગર્જતો હતો. સૌની નિદ્રા તેથી વધુ ગાઢ થતી હતી. સેવા સ્વામીને અનુકૂલ થાય. વાણી, વર્તન, વિચારમાં - “આનાથી મારા પ્રભુ પ્રસન્ન થશે ?” - તેવો વિચાર જોઈએ. પ્રભુ અપ્રસન્ન થાય તેવું કાંઈ જ સેવકથી ન થાય. સ્વામીની સેવાનું સૌભાગ્ય સમજી શેષનારાયણ પાતાલેથી પધાર્યા. વસુદેવજીની પાછળ પાછળ ચાલવા લાગ્યા. પોતાની સહસ્રફણાઓ પ્રસારી. ભગવાનના મસ્તકે જાણે છત્ર ધર્યું ! છત્રધારી પાછળ જાય તેમ ચાલ્યા. પ્રભુ નિકટમાં હોવાથી વસુદેવજીને તેનો ભય ન લાગ્યો. સત્ત્વશુદ્ધિવાળાને, ભગવદ્ભાવથી ભગવન્નિકટમાં રહેનારને, કોઈનો પણ ભય ક્યારેય, ક્યાંય ન લાગે. કૃષ્ણ અભયપ્રદ છે.

ગોકુલમાં માયા જન્મ્યાં છે, તેથી જેમ ગોકુલની નજીક આવતા ગયા, તેમ તેમ કઠિનતા વધતી ગઈ, પણ પાસે વિરાજતા પ્રભુના પ્રભાવે સઘળી સરળતા થઈ. વસુદેવજી કૃષ્ણને લઈને નદીને કિનારે આવ્યા. ઈન્દ્રને માયામોહ થયો. મેઘને તેણે પ્રેર્યા. એકલા મેઘ હોય તો પ્રભુ પધારતાં, પરિશ્રમ-ભયે અટકે. સામાન્યલોકોનું ધૈર્ય પણ સામાન્ય હોય, મહાપુરુષો સાથે વિરોધ ન સહી શકે.

આજે યમુના - “યમાનુજા” છે ! યમ ક્રૂર છે. તેનાં નાનાં બહેનના રૂપે આજે યમુનાજી ભીષણરૂપ બતાવે છે. શ્યામસ્વરૂપા સૂરસૂતા છે. પૂરનાં પાણીના વેગથી ઊછળે છે, ફીણ વળે છે. તેથી ઉજ્જ્વલરૂપા દેખાય છે ! ભયાનક વેગ છે. મોજાં ઊછળે. પવન ફૂંકાય છે. અનેક ભ્રમર જલમાં પડી

રહ્યા છે, તેથી પ્રવાહ પણ સમાન નથી. પાણી ઘૂમરીઓ લે છે. કાલ અને સ્વભાવના દોષ દેખાઈ રહ્યા છે. દોષ હોવા છતાં નિર્દોષ ભગવાનને નદીએ માર્ગ આપ્યો ! "न दीयते यया सा नदी ।"- ન દે તે,- નદી ! પ્રવાહ અખંડ હોય, માર્ગ ન દે. પ્રભુએ પાસે પધારીને કૃપા કરી. સ્વભાવવિજય સિદ્ધ થયો. ન દેતી નદીએ માર્ગ દીધો ! પુષ્ટિમાર્ગ શ્રીયમુનાજીની કૃપાથી મળે. અષ્ટસિદ્ધિ પ્રભુએ શ્રીયમુનાજીને દીધી છે. શ્રીયમુનાજી તે જીવોને દઈ કૃતાર્થ કરે છે, સ્વભાવવિજય પણ કરાવે છે, પ્રભુપ્રાપ્તિ પણ કરાવે છે. પ્રભુ કૃષ્ણ પધાર્યા. નદીનું પુષ્ટિરૂપ યમુનાજી સિદ્ધ હતું. કૃષ્ણપ્રિય-શ્રીમહાપ્રભુજીએ "कृष्णतुर्यप्रिया"- રૂપે પ્રસિદ્ધ કર્યું.

સઘળી નદીઓ સમુદ્રની પત્નીઓ છે. ભગવાને રામાવતારમાં સમુદ્રનું શાસન કર્યું છે. તે લંકા જવાનો માર્ગ દેતો ન હતો. ક્રોધભર્યા દષ્ટિપાત-માત્રથી પ્રભુએ સાગરનું શોષણ કરવા માંડ્યું હતું. ભયથી ગભરાઈને સમુદ્રે માર્ગ દીધો, છતાં તેમાં શ્રીરામને સેતુ બાંધવો પડ્યો. મર્યાદા-(સેતુ) પાલક રામ તો સેતુ બાંધે ! આ તો રાસમાં "भिन्नसेतुः"- થવાના ! રસરાજ પુષ્ટિપ્રભુ પધાર્યા છે. દષ્ટિમાત્રથી સમુદ્ર શોષનારને નદીનો શો હિસાબ ? વગર સેતુએ નદીએ માર્ગ દીધો ! શાસ્ત્ર, સાધન વગેરેની મર્યાદા (સેતુ) વગર કૃપામાત્રથી સૌને ભવસાગર પાર ઉતારનારાને નદી પાર ઊતરવા સાધન શું જોઈએ ? પુષ્ટિપુરુષોત્તમ વ્રજલક્ષ્મીઓ સાથે જલવિહાર કરતાં યમુનાજલમાં લીલાવિહારો કરવાના છે. તે સંતોષે શ્રીયમુનાજીએ માર્ગ દીધો. ભગવાન્ લક્ષ્મીપતિ છે. લક્ષ્મી સમુદ્રસુતા છે. ભગવાન્ જમાઈ કહેવાય. સમુદ્ર પણ તેમને આદરથી પધરાવે. સીતાપતિ ભગવાન્ રામ છે. લંકામાં રહેલાં એક લક્ષ્મીરૂપ સીતાને મળવા ઈચ્છતા મર્યાદાસ્થ રામે, માર્ગમાં આવતા સાગરને શોષ્યો; તો યમુનાજીને સામે કિનારે રહેતાં હજારો લક્ષ્મીરૂપ વ્રજસીમન્તિનીઓને મળવા ઈચ્છતા પુષ્ટિસ્થ કૃષ્ણ શું ન કરે ?!

શ્રીયમુનાજીનાં જલ બે ભાગમાં વહેંચાઈ ગયાં, માર્ગ દીધો. વસુદેવજી ગભરાયા વિના નન્દવ્રજમાં આવ્યા. ધીમે ધીમે નન્દભવને પધાર્યા. ત્યાં સૌ ગાઢ નિદ્રામાં હતાં. શિશુને યશોદાજીના શયનમાં પધરાવ્યા. પ્રભુ રૂપે જાણ્યા હતા. પુત્ર કહી શકાતું ન હતું; તેથી "શિશુ" - ગણ્યા ! યશોદાજી પોઢ્યાં હતાં, ત્યાં બાલકને પધરાવ્યા. ત્યાં જન્મેલાં પુત્રીને લીધાં. આવ્યા હતા તે માર્ગે પાછા ઘેર ગયા.

બાલિકાને દેવકીજીના સ્થાનમાં સુવાડી. તેમાં બહુ આદર ન હતો, તેથી "दारिका"- કહ્યું. બંધન પૂર્વવત્ પુનઃ બંધાયાં. દ્વાર બંધ થયાં. યશોદાજી તો યશઃ સૌને દેનારાં છે, સુખ દેનારાં છે. પ્રસવ-વેદનાથી પરિશ્રમિત હતાં. વેદના શાન્ત થતાં, પ્રસવ અને નિદ્રા (યોગમાયાના પ્રભાવથી) બંને સાથે સંભવ્યાં, તેથી જન્મનાર પુત્ર છે કે પુત્રી, તે કાંઈ યાદ ન રહ્યું. માત્ર પ્રસવ થયો છે, - તેટલું જ જાણ્યું !

અધ્યાય : ૪

અહીં ચાર રીતે નટચેષ્ટા દેખાય છે ! :

શ્રીશુકે પ્રભુપ્રાકટ્ય અને ગોકુલગમન વર્ણવ્યું, પછી આગળની કથા કહી.

શ્રીવસુદેવજી માયાને લઈને મથુરામાં આવ્યા. માયાનું કાર્ય આરંભાઈ ચૂક્યું હતું. નટ જેવી ચેષ્ટાનું તેનું દર્શન છે. અહીં નટચેષ્ટા ચાર રીતે દેખાય છે, - ૧. દેવકીજી દીકરીને બચાવવા કંસને

વિનવે છે. પોતાનો પુત્ર તો ગોકુલ ગયો છે. દીકરી યશોદાજીની છે, છતાં કંસને ખબર ન પડે, તેથી દીકરીને પોતાની ગણાવે છે. તે નટચેષ્ટા રૂપ છે. ૨. માયા પોતાનું સામાન્ય દેખાતું કન્યારૂપ છોડે છે. અષ્ટભુજા બને છે. કંસને મારનાર બીજે જન્મ્યો હોવાનો સંદેશ દે છે. આ માયાની નટચેષ્ટા છે. ૩. કંસે વસુદેવજીને કેદમુક્ત કર્યા, છતાં તે મથુરામાં રહ્યા. બીજે જાય તો કંસને શંકા પડે. બાલકને શોધીને દુ:ખ દેવા મથે. કંસની શંકા અટકાવવા, તેના ભયથી વસુદેવજીનું મથુરામાં રહેવું, - તે નટચેષ્ટા છે. ૪. કંસે વસુદેવ-દેવકીજીની ક્ષમા માગી છે. બંનેએ ક્ષમા આપી છે, તેથી કંસને મારવાનું કોઈ કારણ ન રહે, છતાં દુષ્ટનો વધ જરૂરી છે, તેથી ભગવાને તેને બ્રહ્મહત્યા, ધર્મવિરોધ વગેરે પાપકર્મમાં પ્રેર્યો. ભગવાન્ તો ધર્મરક્ષક છે. કંસ તામસ છે. તેના રાજ્યમાં સઘળું તામસ છે. યજ્ઞાદિ-ધર્મો પણ તામસ છે. કાંટાથી કાંટો કાઢે, તેમ ભગવાને તામસ કંસ દ્વારા તામસધર્મનો નાશ કરાવ્યો. બ્રાહ્મણો પણ સ્વભાવથી તામસ હતા; કારણ કાલ તામસ હતો; પછી તામસકાર્ય પૂરું થતાં, ધર્મ સાત્ત્વિક થયો. આમ લીલામાં વિઘ્ન ન થાય માટે ભગવાનની નટચેષ્ટા ગણાય. ભગવાનનો અવતાર માત્ર નાટ્ય માટે નથી, અનેક લીલાઓ કરવાની છે, તેથી જરૂર ન રહેતાં ભગવાને નાટ્યસંકોચ કર્યો છે. આમ, જન્મપ્રકરણના ચાર અધ્યાયોમાં, ભગવાન્ નટની જેમ બાલકરૂપ થયા, તે કથા કહી.

માયાનું કાર્ય ભગવાનના કાર્યથી ઊલટું છે ! :

અહીં માયાનું કાર્ય ભગવત્કાર્યમાં નિમિત્ત દેવાનું છે. નિમિત્ત છે, - ભક્તોને થતું દુ:ખ. ભક્તોને દુ:ખ થાય તો ભગવાન્ દૂર કરવા માટે લીલા કરે. માયાનું કાર્ય ભગવાનના કાર્યથી ઊલટું જ છે. માયાથી દુ:ખ મળે - બંધન મળે, ભગવાનથી સુખ મળે - મુક્તિ મળે ! પ્રભુ પ્રકટ થતાં કેદખાનાના દરવાજા તથા વસુદેવ-દેવકીજીનાં બંધન ખૂલી ગયાં હતાં, સુખ થયું હતું. માયા આવતાં જ પહેલાંની જેમ બારણાં બંધ થયાં, બંધનો બંધાયાં, દુ:ખ શરૂ થયું !

સૂચક છે આ કથા. પ્રભુ પ્રકટ થતાં વસુદેવ-દેવકીજીને સુખ હતું. પુન:, માયાસંબંધ થતાં દુ:ખ આવ્યાં અને પછી પુન: પ્રભુસંબંધથી સુખ મળ્યાં. તેમ, જીવ બ્રહ્મમાં બ્રહ્મરૂપ હોય ત્યાં સુધી સુખ છે. બ્રહ્મમાંથી છૂટો થઈને માયાસંબંધથી સંસારી થતાં દુ:ખ જ મળે છે. પુન:, પ્રભુસંબંધ થાય તો જ સુખ મળે. પ્રભુ પધારતાં માયા સામે ઊભી પણ રહી ન શકે ! પ્રભુ પ્રાકૃત-બાલકરૂપ થઈને પણ મથુરામાં રડયા તેમ શ્રીશુકદેવજીએ કહ્યું દેખાતું નથી ! બાલક તો જન્મ્યા પછી પહેલું કામ કરે રડવાનું ! રડવાનું શીખવવું પડતું નથી, સ્વાભાવિક છે ! જન્મથી શરૂ કરેલું રુદન જીવનના અંત સુધી જતું નથી. અનેક રીતે માનવ જીવનમાં રડે છે. સંસારીનાં રુદન તો તેનાં ક્ષણિક-સુખ માટે છે, પ્રતિકૂલતામાં પામર થઈને રડે છે. જન્મથી મળ્યું છે રડવાનું ! માનવ ભગવાન્ માટે રડે તો, માયા તેનાથી ડરે - દૂર રહે- શાશ્વત્ સુખ મળે ! આનંદમય કૃષ્ણ માટે કરેલું રુદન પણ ડરનારને આનંદમય બનાવી દે ! ક્લેશમય સંસાર માટેનું રુદન તો ક્લેશમય બનાવી દે. માયાના પ્રભાવે બંધન અને રુદન જ મળે.

ભગવાનની "અનુજા" માયા અષ્ટભુજા થઈ ! :

માયાએ રડવા માંડ્યું, વસુદેવ-દેવકીજી ગભરાયાં, - "સૌ હવે જાણશે, બાળકીને મારશે !" ચોકીદારોએ રુદન સાંભળ્યું. પ્રભુપ્રાકટ્યની મંગલકથા કહીને તરત રુદન કહેવું ભક્ત શ્રીશુકને નહિ ગમ્યું હોય, "**बालध्वनि**" - કહ્યું ! તરતના જન્મેલા બાલકના અવાજ પરથી પુત્ર કે પુત્રીનો નિર્ણય

વ્યગ્ર દ્વારપાલ કરવા ન રહ્યા. તરત ચૂપચાપ દોડ્યા. કંસની પાસે પહોંચ્યા. દેવકીના આઠમા ગર્ભના જન્મના સમાચાર દીધા. કંસ તો વ્યગ્રતાથી રાહ જોતો હતો. તેણે સાંભળ્યું. આઠમો-ગર્ભ તો તેનો કાલ ! વગર વિચારે તરત દોડ્યો. વ્યગ્રતાથી પડતો આખડતો આવ્યો. વાળ વિખરાઈ ગયા હતા. કંસને જોતાં જ દેવકીજીને ખૂબ દુ:ખ થયું. પોતાના પુત્રોના મરવા કરતાં પણ વધારે દુ:ખ તો, "યશોદાજીની દીકરી મરશે !" - તે વિચારે થયું. તેની હિંસા થતી અટકાવવા દયાળુ દેવકીજીએ અસત્યને જુગુપ્સિત ન ગણ્યું ! કંસને વિનંતી કરી, - "તારો પુત્ર આની સાથે પરણાવજે. કન્યાનો વધ ઉચિત નથી. મારી કન્યા બચશે. તારે ત્યાં પુત્ર થશે. ભાઈ ! તેં બહુ બાલકો માર્યાં. ભાગ્ય મારું ! તેણે તને પ્રેર્યો. મારી આ છેલ્લી દીકરીને જીવતી રાખ ! દીન રૂપે પણ મને આપ. તેને ક્યારેય ન મારીશ !"

પ્રાચીનકાળમાં મામા-ફોઈની કન્યા સાથે વિવાહ થતા, તેથી દેવકીજીએ તેમ વિનવ્યો. દીકરીને ભેટીને અતિદુ:ખી દેવકીજી કરુણ વિલાપ કરવા લાગ્યાં. અનેક રીતે કંસને સમજાવ્યો, છતાં કંસ ન માન્યો ! દુષ્ટે એક હાથે દેવકીજીને પકડી, બીજા હાથે દીકરી ખૂંચવી લીધી. પગેથી પકડી. નાલસહિત કન્યાને ઊંચકી. પાસે પડેલી શીલા પર પછાડી; ત્યાં તો તેના હાથમાંથી કન્યા છૂટી ! અદ્ધર ઊડી. આકાશમાં ગઈ. અષ્ટભુજા થઈ ! આયુધો અનેક ધર્યાં હતાં. આકાશમાં ઊભેલી સૌએ જોઈ, **''अनुजा विष्णोः''**- શ્રીશુકે કહી. ભગવાન્ યશોદાનન્દન અને દેવકીનન્દન પણ છે. બંને સ્થળે પ્રભુ પ્રકટ થયા છે. માયા પછી જન્મી છે, તેથી ''**अनुजा**''- કહી છે. શ્રુતિમાં, ''**यशोदा मुक्तिगेहिनी**'' છે. ''**देवकी ब्रह्मविद्या सा या वेदैरुपगीयते ।**''છે. - યશોદાજી મુક્તિરૂપ અને દેવકીજી બ્રહ્મવિદ્યારૂપ છે. બ્રહ્મવિદ્યાથી બ્રહ્મજ્ઞાન થતાં મુક્તિ મળે. બંને આધ્યાત્મિક-આધિદૈવિકરૂપ ગણાય, તેથી બંને એકરૂપ ગણાય. શબ્દપ્રયોગથી અર્થ અને જ્ઞેયનો જ્ઞાનરૂપ લાભ થાય, તેથી ગમે તેના પુત્ર ગણતાં માયાને "અનુજા"- કહેવાય. ભગવાનનું અને પોતાનું કાર્ય કરવા તે સમર્થ છે; તેથી અષ્ટભુજા કહી. દેવકીજીની મુક્તિ,- ભગવાનનું કાર્ય અને બધાને દુ:ખ તથા ધર્મનાશ, - એ પોતાનું કાર્ય !

માયાનો સ્પષ્ટ સંદેશ - પ્રભુ ક્યાંક પ્રકટી ચૂક્યા છે ! :

ભગવાન્ ચતુર્ભુજ રૂપે પ્રકટ્યા, પછી જતાં, પ્રાકૃત-બાલક રૂપ થયા. માયા પ્રાકૃત-કન્યા રૂપે જન્મી, પછી જતાં, અષ્ટભુજા રૂપે દેખાઈ. ક્રમશ: સુગંધ, માલા, દિવ્યવસ્ત્ર, ચંદન અને આભરણો દેખાયાં. ડાબા હાથમાં ધનુષ ઢાલ, શંખ અને ગદા ધર્યાં હતાં. જમણા હાથમાં ત્રિશૂલ, બાણ, તલવાર અને ચક્ર હતાં. સિદ્ધ-ચારણાદિ પૂજન કરતાં સ્તુતિ અને જયજયકાર કરતાં હતાં. યોગમાયા કંસવધનું સામર્થ્ય પ્રકટ બતાવતાં હતાં. કંસે મારવા યત્ન કર્યો હતો; છતાં યોગમાયાએ તેને માર્યો નહિ ! કંસને યોગમાયાએ સ્પષ્ટ સંદેશ દીધો, - "મૂર્ખ ! તને મારનાર તારો પૂર્વશત્રુ ક્યાંક જન્મી ચૂક્યો છે. દીન દેવકીને વૃથા પીડીશ નહિ." યોગમાયાએ બ્રાહ્મણોનો વિરોધ કરાવે તેવી બીજી વાતો પણ કહી સંભવે છે. યોગમાયા ભગવદ્ભાવ પ્રકટ કરીને, ભગવાને કહ્યું હતું તેમ, ભૂતલ પર અનેક નામ અને રૂપે પ્રસિદ્ધ થયાં.

કંસે કરેલી ક્ષમાયાચના ! : કંસે કહેલો દૈત્યમત : બધું તે કર્મવશ જ ગણે છે ! :

યોગમાયાએ કહેલી વાત સાંભળી કંસને ખૂબ આશ્ચર્ય થયું. દેવકી અને વસુદેવને કેદ-મુક્ત કર્યાં. વૈર વગર ક્ષમા માગવા માંડી, - "હે બહેન ! હે બનેવી ! મેં પાપીએ આપનાં અનેક સંતાન

માર્યાં. રાક્ષસ શાસ્ત્ર કે સંબંધની પરવા ન કરે. પોતાના રક્ષણ અને પોષણ માટે સૌને મારે ! મેં પણ તે રીતે તમારાં તમામ સંતાન માર્યાં. મને દુષ્ટને કઈ ગતિ મળશે ? હું જીવતાં મરેલો છું ! આકાશવાણીએ પણ ખોટું કહ્યું ! તેના વિશ્વાસે મેં બહેનનાં સંતાનને માર્યાં. હું તો પાપી છું. સાધુઓના હૃદયમાં સત્ય સ્ફુરે, દુષ્ટોના હૃદયમાં નહિ. હે મહાભાગ્યશાળી ! તમે શોક ન કરશો. મહાપુરુષોને ક્લેશ કરાવનારને તો પ્રાયશ્ચિત્તનો પણ કોઈ અધિકાર રહેતો નથી ! મારા પર દયા કરો. આપનાં બાલકો મર્યાં. તેમણે કોઈ એવું કર્મ કર્યું હશે. તેનું ફલ ભોગવ્યું. માત્ર જન્મમરણમાં આથડતાં જંતુ દૈવાધીન છે. પૂર્વ-વાસનાનુસાર રાગદ્વેષથી સંબંધો થાય છે !" – દૈત્યોને દેખાતો મત કંસે કહ્યો.

"આત્મા વ્યાપક ગતિરહિત કૂટસ્થ છે. પૃથ્વીમાંથી જેમ કીડા ઉત્પન્ન થાય છે, તેમાં લય પામે છે, તેથી બહાર રહેલી પૃથ્વીમાં કાંઈ ફેરફાર થતો નથી. તેમ આત્માને પણ કર્મવશાત્ દેહાદિસંબંધ થાય છે; તેથી અંદર રહેલા આત્મામાં ફેર થતો નથી. યથાર્થ રીતે આ ન જાણનારને ભેદદષ્ટિ થાય છે. વસ્તુમાં દ્વૈત ન હોવા છતાં તેમ સમજાય છે. તે અન્યથાબુદ્ધિ છે. ભેદજ્ઞાન હોય તો જન્મમરણ રહે છે, સંસાર છૂટતો નથી. આત્માને અવિકૃત જાણે તેને શોક ન રહે. હે કલ્યાણી ! આપના પુત્રો મેં માર્યા એમ માનો, તો પણ શોક ન કરશો ! સૌ અનિચ્છાએ પણ પરવશપણે પોતાનું કરેલું જ પોતે ભોગવે છે !" દૈત્યોને પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા અને ચર્ષણીરૂપ સૃષ્ટિભેદનું ભાન હોતું નથી, કંસે બધું કર્મવશ જ ગણ્યું છે.

કંસે વધારે સમજાવ્યું, – "જીવને જ્ઞાન હોવા છતાં, જ્યાં સુધી તે પોતાને કર્મ કે કર્તા, મરનાર કે મારનાર સમજે છે, ત્યાં સુધી પીડા પામે છે. મારી દુષ્ટતા આપ ક્ષમા કરો ! સાધુપુરુષો તો દુઃખી પર દયા કરે છે." – કહીને કંસ રડ્યો, પગે પડ્યો. "अथ"– શબ્દે તેની દુષ્ટતા દબાઈ ગઈ, તેમ બતાવ્યું. કંસે બંનેના સ્તંભ સાથે બાંધેલાં બંધન છોડ્યાં. ભૂલ થાય, તકરાર થાય, પણ એકરાર કરે તો તકરાર જાય, હૃદયે કરાર થાય !

દુષ્ટોમાં ઉપદેશનું જ્ઞાન હોય, આચરણ ન હોય :

યોગમાયાએ તો, "कृपणां"– કહીને સ્ત્રીલિંગથી દેવકીજીને નિર્દોષ બતાવ્યાં છે. વસુદેવજી જ પુત્રને બીજે મૂકવા ગયા હતા, પણ અન્યથા સમજાવવાનો માયાનો પ્રભાવ છે. તેથી કંસ તેવું કાંઈ સમજ્યો નથી ! કંસે દેવકીજી-વસુદેવજી અને તેમનાં સ્વજનની પોતે જ પરિચર્યા કરી. દેવકીજીએ કંસનો સંતાપ જોયો. ભાઈ હતો. બહેને ક્ષમા દીધી. રોષ શાન્ત કર્યો. હૃદયની પ્રસન્નતા દેવકીજીના મુખ પર દેખાઈ. વસુદેવજી તો ગંભીર છે, રાજપુરુષ છે. મુત્સદ્દીના મનના ભાવ તો મોં પર ન પણ દેખાય ! પ્રસન્નતા બતાવવા વસુદેવજી બોલ્યા. પુત્રોને મારનાર, કેદમાં પૂરનાર, સાથે પ્રસન્નતાથી બોલે છે ! આશ્ચર્ય બતાવવા શ્રીશુકે "ह"– શબ્દ મૂક્યો છે.

કંસે કહેલો નિત્યાનિત્ય-વિવેક કંસના મનમાં દઢ રહે માટે વસુદેવજી બોલે છે. દુષ્ટોમાં ઉપદેશનું જ્ઞાન હોય, આચરણ ન હોય. તેવું જ્ઞાન તેને ઉપયોગી ન થાય. કંસે પોતાના જ્ઞાનનો ઉપયોગ પોતાને માટે કર્યો હોત તો ?! દેવકીજીનો આઠમો ગર્ભ પોતાને મારે તેમાં વ્યગ્રતા શા માટે થાત ? અનેક અનર્થમાંથી અટકી ન જાત ? પાંડવગીતામાં દુર્યોધને "जानामि धर्मं न च मे प्रवृत्तिः ।"– કહ્યું છે. – "હું ધર્મ જાણું છું, છતાં આચરતો નથી ! અધર્મ જાણું છું. છતાં અટકતો નથી !" સંસારમાં આવા

લોકો કેટલા હશે ? બચાવ પણ કરે છે, - **"केनापि देवेन हृदि स्थितेन यथा नियुक्तोऽस्मि तथा करोमि।"**- "હૃદયમાં રહેલા દેવ પ્રેરે છે, તેમ હું કરું છું !" પ્રભુ પાપ કરવા પ્રેરતા નથી. ગીતામાં ભગવાને અર્જુનને સમજાવ્યું છે. કામ-ક્રોધ વગેરે રજોગુણાદિમાંથી ઉત્પન્ન થયેલા દોષો પાપ કરવા પ્રેરે છે.

વસુદેવજીએ કહેલો બ્રહ્મવાદ ! : શોક - હર્ષ - ભય - દ્વેષ અને લોભ - મોહ - મદ આ જીવના છ દોષોથી ભગવાનના છ ગુણો સમજાતા નથી ! :

વસુદેવે સંમતિ દીધી. દયાથી બ્રહ્મવાદ કહ્યો, - "મહારાજ ! તમે કહો છો તેમ જ છે. અજ્ઞાનથી દેહાદિમાં અહંતા આવે છે. તેનાથી પોતાનું-પારકું વગેરે ભેદ દેખાય છે. શોક, હર્ષ, ભય, દ્વેષ, લોભ, મોહ, મદમાં મગ્ન બનેલા ભિન્ન દૃષ્ટિવાળા લોકો સર્વત્ર પ્રવેશ કરીને એકભાવથી (ધર્મ કે પદાર્થ), બીજાભાવનો નાશ કરતા ભગવાનને જાણતા નથી !" કપડાં પર રંગ ચઢાવતાં રંગ બદલાય છે, પહેલાં સફેદ હોય તે પીળા રંગથી પીળું થાય છે. પુનઃ, તેનાથી ઘેરો બીજો રંગ ચઢાવતાં તે પણ બદલાય છે. કપડું તો બદલાતું નથી ! તેમ ભગવાન્ સર્વત્ર સર્વરૂપે વિરાજે છે તે એક ગુણધર્મને દૂર કરવા, તેને દબાવે તેવા બીજા ગુણધર્મ રૂપે પ્રવેશે છે. વસ્ત્રમાં ધોળાશને દૂર કરતી પીળાશ આવે છે તેમ ! વાસ્તવમાં, સઘળું ભગવાન્ જ છે !

ભગવાન્ છ ગુણવાળા છે. તે ગુણોનો અનુભવ માનવને શોક, હર્ષ, ભય, દ્વેષ, લોભ, મોહ અને મદરૂપ દોષોને કારણે થતો નથી ! જીવના આ છ ધર્મ ગણાય. શોકને લીધે જીવને ભગવાનના ઐશ્વર્યનો અનુભવ થતો નથી. ભગવાન્ સઘળું કરવા, ન કરવા અને અન્યથા કરવા સમર્થ છે. જે બને છે તે બધું ભગવદિચ્છાથી જ બને છે. જીવ તો ભગવાનનો અંશ છે. ભગવદંશનું ઈચ્છેલું બીજો કોઈ અટકાવી શકે નહિ ! સર્વ કરવા સમર્થ ભગવાન્ પોતાના અંશરૂપ જીવનું અહિત ન કરે. જે બને છે તે, ભગવાન્ હિત વિચારીને જ કરે છે; છતાં જીવને પોતાનું ઈચ્છેલું ન થતાં કે મળતાં શોક થાય છે. ભગવાને જ તે હિત માટે કર્યું છે, - તેમ સમજાતું નથી. પરિણામે ભગવાનનું ઐશ્વર્ય સમજાતું નથી. ભગવાને જે કર્યું, તેમાં શોક શા માટે ? આમ, સમજાય તો શોક ન થાય !

જીવને ઈચ્છેલું મળે કે બને તો હર્ષ થાય છે. મળેલું કે બનેલું છે, તે કાયમ ટકવાનું નથી, નાશ પામવાનું કે ચાલ્યું જવાનું છે, કાલગ્રસ્ત છે. આ કાલ ભગવાનનું પરાક્રમ છે, પણ હર્ષથી તે ભગવદ્‌વીર્ય સમજાતું નથી. આ સમજાય તો હર્ષ ન થાય.

જીવને કાંઈ અયોગ્ય થાય તેનો ભય લાગે છે. જે થાય છે, તે બધું ભગવાન્ કરે છે. ભગવાન્ કાંઈ જ અયોગ્ય કરતા નથી. અયોગ્ય કરનારને અપયશઃ મળે. ભગવાનનો યશોગુણ તો નિત્ય છે. ભય લાગવાથી ભગવાનના યશઃનો વિચાર આવતો નથી. આ યશઃને સમજે તેને ભય ન લાગે !

જીવને સ્ત્રી અને ધનસંબંધથી દ્વેષ અને લોભ થાય છે. સ્ત્રી લક્ષ્મીનો અંશ છે. ધન પણ લક્ષ્મીનું સ્વરૂપ છે. તે આધ્યાત્મિક અને આધિભૌતિક રૂપ ગણાય. બંને પ્રભુનાં ગણાય, તેથી પોતાનાથી દ્વેષ કે લોભ ન થાય. દ્વેષ અને લોભને લીધે આ ભગવત્સંબંધી શ્રીગુણનો વિચાર આવતો નથી. શ્રીગુણની સમજથી દ્વેષ અને લોભ ન રહે !

જીવને લૌકિક-પદાર્થોમાં મોહ થાય છે. સઘળું ભગવદ્રૂપ કે ભગવાન્ માટે છે, - તે

ભગવદીયજ્ઞાન મોહથી થતું નથી. આ જ્ઞાન હોય તો મોહ ન થાય !

જીવને પોતાની ઉત્તમતા, સફલતા વગેરેથી મદ થાય છે. તે વૈરાગ્યનો અભાવ સૂચવે છે. વૈરાગ્ય હોય તો મદ ન થાય. વૈરાગ્ય વગર માનવ મત્ત થઈ જાય છે. ભગવાને સઘળું દીધું છે, - તે ઉપકાર-સ્મરણ નથી થતું. આ છ દોષ ન હોય તો જીવને ભગવાન્ સમજાય !

પોતાનાં છ સંતાનોને મારવામાં કંસ તો માત્ર સાધન છે. કર્તા તો ભગવાન્ છે. સાધન-(કરણ) ને કોઈ કાર્યમાં ઠપકો કે અભિનંદન ન હોય ! સૌમાં વિરાજીને સર્વ કાર્ય કરતા ભગવાન્ સૌને સમજાતા નથી. વસુદેવજીનો આશય સ્પષ્ટ છે, - "મારા પુત્રો પણ ભગવાને જ માર્યા છે. તને પણ ભગવાન્ મારવાના છે. તારે આ વિચારે શોક ન કરવો જોઈએ !" દેવકીજી અને વસુદેવજી પ્રસન્ન થયાં. કંસને ઘેર જવા અનુજ્ઞા આપી. કંસ ઘેર આવ્યો.

દુષ્ટ મંત્રીઓએ કંસને આપેલું દુષ્ટ માર્ગદર્શન :

જ્ઞાનની અસરથી અધીર ન થયો. તે રાત્રિ પૂરી થઈ, પછી કંસે મંત્રીઓને બોલાવ્યા. પહેલાં મંત્રણા વગર કરેલો ઉપાય નિષ્ફળ ગયો. હવે, મંત્રણાથી વિચારીને કરવા ઈચ્છ્યું ! યોગમાયાએ કહેલું સઘળું કહ્યું. પોતે દેવકીજીને મનાવ્યાં, માફી માગી તે ન કહ્યું. કંસ અને તેના મંત્રીઓ પણ વિવેક વગરના તામસ છે. નિપુણ ન હોવા છતાં, પોતાને ચતુર માની બેઠા છે. કંસની રક્ષાનો કોઈ ઉપાય તેમને જડે તેમ નથી ! તે તો દેવશત્રુઓ છે, દેવોને પીડવાના તેમને ઉપાય જડે. મંત્રીઓએ ઉપાય બતાવ્યો, - "બાલક જન્મી ચૂક્યો હોય તો કદાચ એકાદ માસનો હશે ! નક્કી નથી, તેથી અમે આજથી વિલંબ વગર નગર, ગામડાં અને નેસડાઓમાંનાં દસ દિવસની અંદરનાં અને ઉપરનાં બધાં બાલકોને મારીશું. દૈત્યો કે પોતાના સંબંધીઓનાં જન્મેલાંને મારીશું !" કંસે ભાણાઓ માર્યા તો તેના મંત્રીઓ છોડે ? જેવો રાજા તેવી પ્રજા !

ઊંચા સ્થાને બેસનારના જીવન-વ્યવહારોની અસર અનાયાસે પણ પ્રજા પર પડ્યા વિના ન રહે. મંત્રીઓએ કંસના ગુણ ગણાવ્યા, - "દેવો તો ડરપોક છે. ઉદ્યમ કર્યે તેમને શું મળશે ? તમારા ધનુષ્યટંકાર માત્રથી ગભરાય છે, દેવો તો સ્વર્ગમાં માત્ર રહે છે, ભોગ ભોગવી શકતા નથી ! દેવો ગભરાઈને અનેક રીતે શરણે આવ્યા છે, તમે બચાવ્યા છે. વાયુ, અગ્નિ વગેરે તો ક્ષેમશૂરા છે. ઘરમાં જ કે ભય ન હોય ત્યાં જ ગર્જે છે. હરિ સમર્થ છે, પણ કોઈને મળતા નથી. એકાંતપરાયણ છે !" અજાણતાં સ્તુતિ કરી છે. એકાંતમાં પ્રભુપરાયણ થઈને રહે, તેને જ ભગવાન્ દર્શન દે છે. દુઃખ દૂર કરવા માટે દીનજનો પાસે પ્રકટ થાય છે.

શંકરને ગણાવ્યા, - "શંકર શૂરવીર છે, પણ વનવાસી છે. તપસ્વી છે. ઈન્દ્ર વૃત્રઘ્ન છે; પણ વજ્ર તો માગી આણ્યું છે ! બ્રહ્મા તો તપસ્વી છે, છતાં શત્રુની ઉપેક્ષા ન થાય. ક્ષીણ દશામાં મરાય. અમને તેમ લાગે છે. અમને તેમનાં મૂળ ઉખેડવાની આજ્ઞા આપો !" રોગ અતિ વધી ગયા પછી ઔષધ અસર ન કરે. ઈન્દ્રિયો અસંયમી બન્યા પછી સર્વનાશમાંથી બચવું કઠિન ! સુદૃઢ થયેલા શત્રુને હરાવવો કઠિન !

मूलं हि विष्णुर्देवानां यत्र धर्मः सनातनः ।
तस्य च ब्रह्मगोविप्रास्तपोयज्ञाः सदक्षिणाः ॥ (४०)

દેવોનું મૂલ વિષ્ણુ છે. સત્ત્વાધિષ્ઠાતા, દેવોને પ્રકટ કરનાર અને દેવોને પોષનાર યજ્ઞરૂપ, ધર્મના આધારરૂપ વિષ્ણુ છે. વિષ્ણુ અને દેવોના પણ આધાર રૂપ વેદ, ગાય, બ્રાહ્મણ, તપઃ અને દક્ષિણાવાળા યજ્ઞો છે. વેદ પ્રમાણ રૂપ છે. ગાયમાં યજ્ઞનું હવિ છે. બ્રાહ્મણમાં મંત્ર છે, નિવૃત્તિધર્મ રૂપ તપઃ છે અને પ્રવૃત્તિધર્મ રૂપ દક્ષિણાવાળા યજ્ઞો છે. બધાના સાર રૂપે તો વેદજ્ઞ, તપસ્વી યજ્ઞશીલ વિપ્રો અને દૂધ દેતી ગાયો જ ધર્મનાં મૂલ છે.

विप्रा गावश्च वेदाश्चतपः सत्यं दमः शमः ।
श्रद्धा दया तितिक्षा च क्रतवश्च हरेस्तनूः ॥ (४२)

વિપ્ર, ગાય ("च"કારથી યજ્ઞોપયોગિ-અન્ન), વેદ ("च"કારથી વેદાંગ કે વ્રત) શરીરધર્મ તપઃ, વાણીનું સત્ય, દમ (ઈન્દ્રિયસંયમ), શમ (અંતઃકરણવિજય) - આ ચાર આશ્રમ ધર્મો, સર્વત્ર શ્રદ્ધા, સૌ પર દયા, અપરાધસહન (તિતિક્ષા), આ દસ પ્રકારે દશ અવતારવાળા ભગવાન્ છે; તથા જ્યોતિષ્ટોમાદિક્રતુઓ એ દુઃખ હરનાર પ્રભુનાં સ્વરૂપ છે. - વિષ્ણુ સર્વના મૂલરૂપ છે, મુખ્ય છે. "तन्मूलाः"- કહીને સ્ત્રીલિંગથી અવજ્ઞા બતાવી છે. "વિષ્ણુનો પ્રતિકાર છે ઋષિહિંસા !"- મંત્રીઓએ કહ્યું.

કંસ ક્ષત્રિયરૂપ છે, રાજા છે. તેણે બ્રાહ્મણની રક્ષા કરવી જોઈએ; છતાં ભાન ભૂલ્યો. દુષ્ટ મંત્રીઓના સંગમાં સપડાયો. થયેલું જ્ઞાન પણ ગુમાવ્યું. દુઃસંગ બુદ્ધિનાશક છે. દુર્જનો સાથેની ગુફતેગો-વિચારણાઓ તો સદ્‌બુદ્ધિનો સર્વથા નાશ કરે છે. બુદ્ધિ બગડે તો ન કરવા જેવું કંઈ ન લાગે ! બ્રાહ્મણનાં અવજ્ઞા, અહિત, દ્વેષ, દુઃખ, હિંસા વગેરેમાં પણ દુષ્ટોને પોતાનું હિત જ સમજાય છે. વાસ્તવમાં, તે સર્વનાશનું કારણ બને છે. બ્રાહ્મણનો દ્વેષ કરનારને સર્વનાશમાંથી કોઈ બચાવી શકે નહિ. આપત્તિ આવવાની હોય ત્યારે પણ બુદ્ધિ બગડે, અવળું જ સૂઝે, સાચું સમજાય નહિ, સ્વીકારી શકાય નહિ !

સત્પુરુષોની પીડામાં દુષ્ટોને વધારે આનંદ થાય છે. કંસે વિવિધરૂપ ધરનારા, અતિક્રૂર દાનવોને દશે દિશામાં સાધુજનોને પીડવાની આજ્ઞા આપી. પોતે ઘરમાં ગયો. સ્વભાવથી ક્રૂર અસુરોએ સત્પુરુષોનો દ્વેષ શરૂ કર્યો. રજોગુણ અને તમોગુણ ભરેલા લોકો સાત્ત્વિક-પુરુષોનો દ્વેષ કરે જ છે. તેમનો વિવેક નાશ પામે છે, અધઃપતન થાય છે, મોતનાં મોંમાં ધકેલાઈ જાય છે ! મરણ પાસે આવતાં વિકલ બને, તે વગર વિચાર્યે જ વર્તન કરે છે.

आयुः श्रियंः यशोधर्मलोकानाशिष एव च ।
हन्ति श्रेयांसि सर्वाणि पुंसो महदतिक्रमः ॥ (४७)

જીવના છ ઉત્તમ ગુણો છે - (૧) આયુષ્ય - જીવન ટકે તો જ કોઈ પુરુષાર્થ થાય, (૨) શ્રી - જીવનમાં તેની પ્રતિક્ષણ જરૂર પડે છે, (૩) યશઃ, (૪) ધર્મ, (૫) સ્વર્ગાદિલોક (સદ્‌ગતિ), (૬) આશાઓ (પુત્રાદિ-લૌકિક-સુખ). આ છ વગર માનવ પોતાને ન્યૂન ગણે છે. ભક્ત-મહાપુરુષોની અવજ્ઞાથી આ છ તથા સઘળું કલ્યાણ નાશ પામે છે, અભિલષિત કાંઈ મળતું નથી. સૌની મહત્તા ભગવાનના

સંબંધમાત્રથી છે; નહિ તો અણુ જેટલા જીવની વળી મહત્તા કેટલી ? !

અધ્યાય : ૫

ભક્તોની સઘળી ઈન્દ્રિયો સાથે ભગવાનની આનંદપ્રદ લીલાઓ છે :

ભગવાન્ શ્રીશુકે પૂર્ણાનન્દ શ્રીકૃષ્ણનો પ્રાકટ્યોત્સવ ગાયો. "नन्दस्त्वात्मज उत्पन्ने...।"- પહેલા ચાર અધ્યાયોમાં ભગવાનની પ્રાકટ્યલીલા કહી. હવે, ૭૭ અધ્યાયોમાં ભક્તોનાં સર્વ દુ:ખ હરી, સુખ દેતી ભગવાનની લીલા કહે છે. ભગવાન્ પોતાના છ ગુણ અને સ્વરૂપ-સહિત સાત પ્રકારે લીલાઓ કરે છે. જે ભક્તોનો નિરોધ કરવો છે, તેમની સાથે અગિયાર ઈન્દ્રિયોથી લીલાઓ કરે છે. ભગવાન્ ભક્તોને દર્શનાદિ દઈને - નેત્રના વિષયરૂપ બનીને - આનંદ આપે તે નેત્રની લીલા ! વેણુનાદ - વગેરે શ્રવણ કરાવીને કર્ણના વિષયરૂપ બનીને આનંદ આપે તે શ્રોત્ર - લીલા આમ, ભક્તોની સઘળી ઈન્દ્રિયો સાથે ભગવાનની આનંદપ્રદ લીલાઓ છે. ભક્તો ભગવાનનાં દર્શન, મિલન, વાર્તાલાપ સ્પર્શ વગેરે દ્વારા આ લીલાવિહારો અનુભવે છે. ભગવાન્ ભક્તોને દર્શન દેતાં ઐશ્વર્યધર્મની મુખ્યતાથી જે લીલા કરે, તે નેત્ર સાથેની ઐશ્વર્યથી થતી લીલા ! ભગવાન્ ભક્તોને દર્શન દેતાં વીર્યધર્મની મુખ્યતાથી જે લીલા કરે, તે નેત્ર સાથેની વીર્યથી થતી લીલા ! આમ અગિયાર ઈન્દ્રિયો સાથેની લીલા ૭ પ્રકારે ગણતાં ૭૭ પ્રકાર થાય.

ભગવાન્ ભક્તોના સ્વભાવને સાનુકૂલ થઈને લીલા કરે છે ! :

ભક્તો ત્રણ પ્રકારના - તામસ, રાજસ અને સાત્ત્વિક. તેમનો નિરોધ કરવા ભગવાન્ તેમના સ્વભાવને અનુકૂલ થઈને લીલા કરે છે, તેથી લીલાઓ પણ ત્રણ પ્રકારની છે. તેની કથામાં પ્રકરણ પણ તેથી ત્રણ. લાકડામાં અગ્નિ રહેલો છે, પણ તેથી લાકડું અગ્નિરૂપ બનતું નથી, બળતું નથી. લાકડામાં પ્રકટેલો અગ્નિ મુકાય તો અંદરનો અગ્નિ પ્રકટ થાય, લાકડું બળે, અગ્નિ રૂપ બને. તેમ લૌકિકધર્મ રૂપ ૨૮ તત્ત્વોમાં ભગવાન્ વસે છે. પ્રકટ-પ્રભુ પ્રવેશ કરે તો સઘળું ભગવદ્રૂપ બને, સર્વતત્ત્વોની નિવૃત્તિ થાય. અલૌકિક-ભગવદ્રૂપ-દેહ થાય ! ભક્તોને પ્રપંચવિસ્મૃતિ-પૂર્વક ભગવદાસક્તિરૂપ નિરોધ સિદ્ધ થાય. તામસ, રાજસ ભક્તોનો નિરોધ તત્ત્વાતિક્રમણથી થાય. તત્ત્વો ૨૮ છે, તેથી તે પ્રકારની લીલાઓ ૨૮, ૨૮ અધ્યાયમાં છે. તામસલીલાના અધ્યાય ૨૮, રાજસલીલાના ૨૮. સાત્ત્વિકનો નિરોધ કાલાતિક્રમથી થાય છે. કાલ ૨૧ પ્રકારનો છે. બાર માસ, પાંચ ઋતુ, ત્રણ લોક, સૂર્ય - મળીને ૨૧. શ્રુતિમાં હેમન્ત-શિશિરને એકરૂપ ગણીને પાંચ ઋતુ છે, સાત્ત્વિક-ભક્તોની સાથેની ભગવાનની લીલા સાત્ત્વિક-પ્રકરણમાં છે. આમ, તેના અધ્યાય ૨૧.

કારેલાં, બટાટા, દૂધી વગેરે કહેવાય તો શાક, પણ સ્વભાવ જુદા, તેથી તેમને રાંધીને તૈયાર કરવાની રીત તો જુદી જ, છેવટે સ્વાદ પણ જુદો જ ! તેમ સાત્ત્વિક, રાજસ, તામસ છે તો ભક્ત, પણ તેમનો નિરોધ કરવાની રીત જુદી જુદી છે. સૌને લીલાનો અનુભવ પણ જુદો છે. સ્વભાવ બદલવો સહેલો નથી. ભગવાન્ અને ભક્ત બંનેને તેમાં શ્રમ થાય. ભગવાન્ કૃષ્ણ તો અકિલષ્ટકર્મા છે. કોઈને કલેશ થાય તેવું કૃષ્ણ કરતા નથી, આનંદમય કૃષ્ણ તો સૌને આનંદ આપે છે. ભક્તોને આનંદ દેવા માટે સ્વયં ભગવાન્ ભક્તોના સ્વભાવને અનુકૂલ બને છે. ભગવાનની આ પરમ

દયાલુતા છે, ભક્તિમાર્ગની શ્રેષ્ઠતા છે. સામાને અનુકૂલ કરવામાં કલેશ થાય, સાનુકૂલ થવામાં સુખ મળે, પણ અધર્મને અનુકૂલ ન થવાય. સદ્ધર્મ અને સ્નેહ હોય ત્યાં સાનુકૂલ થવાય. ભગવાન્ ભક્તોને અનુકૂલ થયા છે, ભક્તદ્વેષીઓને નહિ.

નિરોધલીલામાં તામસ સર્વોત્તમ છે ! : ભગવત્સ્વરૂપમાં તેમનો દઢાગ્રહ છે :

લોકમાં તો સાત્ત્વિક ઉત્તમ ગણાય છે, પછી રાજસ, તામસ. અહીં તો ભગવાનની કૃપાનું (પુષ્ટિનું) મહત્ત્વ છે. લૌકિક કરતાં ભક્તિમાર્ગ વિલક્ષણ છે. અહીં નિરોધલીલામાં તામસ સર્વોત્તમ છે; તેથી પહેલાં તામસ-પ્રકરણ છે, પછી રાજસ અને સાત્ત્વિક ! પુષ્ટિ-ભક્તિ-માર્ગમાં તો ભગવાન્ પુરુષોત્તમનું સ્વરૂપ જ ફલ છે. તેના સંબંધથી બીજું કાંઈ ફલ ગણાય છે. તે મુખ્ય-સિદ્ધાન્ત છે. ભગવાને તો ભક્તોનો સ્વભાવ બદલ્યો નથી, અનુકૂલ થઈને લીલા કરી છે, તેથી સાત્ત્વિકને જ્ઞાન તથા શાસ્ત્રોક્ત (મર્યાદા) ભક્તિમાર્ગમાં રુચિ રહે છે. રાજસને મનોવિક્ષેપ તથા લૌકિક-વૈદિક-કર્મમાં રુચિ અને તેથી સ્વરૂપ-વિસ્મૃતિ સંભવે છે. પરિણામે બંનેને દઢ નિરોધનો અનુભવ થતો નથી. લૌકિક - તામસોમાં મૂઢતા હોય, દઢાગ્રહ હોય, તેમને તો જેમાં આગ્રહ બંધાયો તે કોઈ રીતે છોડે નહિ. અલૌકિક તામસ- ભક્ત વ્રજવાસીઓને તો ભગવાનના સ્વરૂપમાં એટલો બધો સ્નેહ છે કે, ભગવાનને છોડીને સ્વયં ભગવાન્ કહે તો પણ જાય નહિ ! ભગવાને કહેલો ધર્મ પણ સ્વીકારે નહિ ! રાસમાં શ્રીગોપીજને ભગવાને કહેલો ધર્મ નથી સ્વીકાર્યો. સંપૂર્ણ ફલાત્મક નિરોધનો અનુભવ આ ભક્તોને છે. પુષ્ટિભક્તિમાર્ગની આ લોક-વિપરીતતા બતાવવા આ કથાને તામસ-પ્રકરણ કહે છે. નિઃસ્પૃહ પુષ્ટિભક્તો તો કહી દે છે :

> ઔર કોઉ સમજે સો સમજે, હમકો ઈતની સમજ ભલી;
> ઠાકુર હમારે નન્દદુલારે, ઔર ઠકુરાની વૃષભાનલલી.

> प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।
> कृतार्थोऽहं कृतार्थोऽहं कृतार्थोऽहं न संशयः ॥
> स्वरूपमात्रपरता तात्पर्यज्ञानपूर्वकम् ।
> धर्मनिष्ठा यत्र नैव पुष्टिमार्गः स कथ्यते ॥

સ્વયં ભગવાને રાસમાં શ્રીગોપીજનને "श्रवणाद्-दर्शनाद्..."થી -શ્રવણ, દર્શન, ધ્યાન, અનુકીર્તન વગેરેથી જેવો ભાવ થાય તેવો પાસે રહેવાથી ન થાય,- વગેરે કહીને ધર્મ બતાવ્યો, ઘેર પાછાં જવાની આજ્ઞા કરી. શ્રીગોપીજને તેનું તાત્પર્ય વિચાર્યું. સ્વરૂપપરાયણ શ્રીગોપીજને આ ધર્મ ન સ્વીકાર્યો, પ્રભુપરાયણ રહ્યાં, રાસલીલાનું સુખ મળ્યું ! આ શુદ્ધ-પુષ્ટિ-ભક્તિમાર્ગ છે. આ તામસ-ભક્તો વાસ્તવમાં તો નિર્ગુણ છે. "मन्निष्ठं निर्गुणं स्मृतम् ।"- કૃષ્ણમાં નિષ્ઠા હોય તે નિર્ગુણ (ગુણાતીત-ગુણોથી પર) ગણાય ! અંતર્યામી કે વ્યાપક ભગવાન્ કરતાં, તેમને તો પ્રકટ પરમાનન્દ શ્રીકૃષ્ણમાં જ દઢ આસક્તિ છે, સર્વાધિક-સ્નેહ છે. એકમાત્ર ભગવાનમાં દઢ નિષ્ઠાવાળા, વિશુદ્ધભાવ-ભર્યા તે ભક્તો સર્વશ્રેષ્ઠ છે.

મુક્તિમાં પ્રતિબંધ રૂપ કામ નિરોધલીલામાં તો પ્રભુસંબંધ - માત્રથી પરમ-પ્રીતિ રૂપ બનીને કૃતાર્થ થઈ ગયો ! : બ્રહ્માદિને દુર્લભ - પ્રભુ વ્રજવનિતાઓને તો વશ થઈ ગયા ! :

મર્યાદામાર્ગથી વિલક્ષણ રીતે અહીં સ્ત્રી-શ્રીગોપીજન-ની મુખ્યતા છે. મુક્તિમાં પ્રતિબંધ રૂપ કામ પ્રભુસંબંધ-માત્રથી કૃતાર્થ થઈને સુદૃઢ અને સર્વાધિક પ્રીતિરૂપ બની ગયો, કૃતાર્થ થયો ! આધિદૈવિક-કામ રૂપ કૃષ્ણ છે, રસ રૂપ છે. રાસમાં ફલ રૂપે પ્રાપ્ત થયો. ભગવત્પ્રાપ્તિની તીવ્ર ઈચ્છા-કામ-તાપ ભાવરૂપ છે. દીનતા તેનાથી ઉદ્‌ભવે છે. ભક્તોની દીનતાથી પ્રભુ પ્રસન્ન થાય છે, પ્રકટ થાય છે. ભક્તોને સાનુકૂલ બને છે. પોતે ભક્તો માટે આતુર બને છે ! શાસ્ત્રના નિયમો તેમાં કશો ફેર કરી શકતા નથી. બ્રહ્માદિ-દેવોને પણ ભગવાન્ કૃષ્ણ દુર્લભ છે. તેમનો કૃપાનન્દ - સ્વરૂપાનન્દ તો અતિદુર્લભ છે. અનેક સાધનો કરવાથી પણ તે ન મળે. તે વ્રજવનિતાઓને વશ થઈ ગયા !

પોતાનાં દૂર જતાં પશુઓ પાછળ ઘૂમતા - પોકારતા - પ્રભુ નમતા - આવતા - બ્રહ્માદિ પાસે તો મૌન રહે છે ! :

हिहीहीहींकारान् प्रतिपशु वने कुर्वति सदा नमद्ब्रह्मेशेन्द्र-प्रभृतिषु च मौनं धृतवति ।
मृगाक्षीभिः स्वेक्षानवकुवलयैरर्चितपदे रतिप्रादुर्भावो भवतु सततं श्रीपरिवृढे ॥

ભગવાન્ શ્રીકૃષ્ણ વનમાં ગોચારણ માટે પધારે છે. મૂઢ પશુઓની પાછળ પાછળ ફર્યા કરે છે ! પશુ પ્રભુથી દૂર જતાં હોય, ભગવાન્ તેમની પાછળ ફરે છે. ન બોલતાં પશુઓને પણ પોતે "**हिहीहीही**"કાર કરીને પોતાની પાસે બોલાવે છે ! હંમેશાંનો આ ક્રમ છે. તે જ વત્સપાલ કૃષ્ણની પાસે બ્રહ્માદિ-દેવો આવે છે, ચરણે નમે છે, સ્તુતિ કરે છે. ભગવાન્ તેમની સાથે તો મૌન ધારણ કરે છે ! ઉત્તમાધિકારી હોવા છતાં પ્રભુ તેમની પરવા કરતા નથી. સાયંકાલે પ્રભુ વ્રજમાં પાછા પધારે છે. નિર્દોષ ભાવભર્યાં શ્રીગોપીજન પ્રભુના આવવાના માર્ગમાં નજર માંડી રહ્યાં છે. શ્યામકમલ શાં નેત્ર જાણે માર્ગને કોમલ કરવા બિછાવી રહ્યાં છે ! પ્રભુ પધારતાં, સ્નિગ્ધ નેત્રકટાક્ષથી, મુખદર્શને લજ્જાથી, નેત્ર ઢળતાં, ચરણદર્શન કરે છે. જાણે શ્યામકમલથી પ્રભુનાં પાદપદ્મનું પૂજન કરી રહ્યાં છે ! તે ભક્તવત્સલ, પ્રેમપરવશ, કૃપાકેતન ભગવાન્ કૃષ્ણમાં સતત રતિ પ્રકટ થાવ.

તામસ - પ્રકરણમાં બાલલીલા - મધ્યલીલા - પ્રૌઢલીલા અને કામલીલા છે :

રસરાજ સદાનન્દ કૃષ્ણની આવી અદ્‌ભુત લીલાઓનું નિરૂપણ પહેલાં છે. તામસ-પ્રકરણમાં બાળલીલા, મધ્યલીલા, પ્રૌઢલીલા અને કામલીલા છે. લોકમાં આ ચાર સુખદ ગણાય છે. તામસભક્તો અને ભગવાનની તામસલીલા લોકવત્ છે, લૌકિક નથી ! સર્વદોષ અને બંધન વગેરેમાંથી તે મુક્તિ દેનારી છે. ભગવાનની લીલા એક, તેનાં પ્રયોજન અનેક ! ભગવાનની એક ક્રિયા અનેકનું કલ્યાણ કરે. ભગવાને પૂતનાના પ્રાણ અને પયઃનું પાન કર્યું. તે લીલા એક, પણ તેથી લોકમાં પરાક્રમ પ્રકટ કર્યું, પૂતનાને મુક્ત કરી, સ્વરૂપસામર્થ્ય (પ્રમેયબલ) પ્રકટ કર્યું. પૂતનાએ મારેલાં બાલકોને કૃતાર્થ કર્યાં, બીજાં બાલકો મરતાં અટક્યાં, વ્રજવાસીઓને પહેલાં વિસ્મય થયું, પાછળથી ભગવાનનો મહિમા સમજાતાં દૃઢ પ્રીતિ થઈ, તે લીલાશ્રવણથી સૌને રતિરૂપ ફલલાભ વગેરે અનેક કાર્ય થયાં છે. સઘળી લીલાઓમાં આમ બને છે. ભગવાનની આ લીલાઓથી ભક્તોને ભગવાનમાં દૃઢ આસક્તિ

થાય છે. દેહ-ગેહ-વિશ્વ-વિસ્મૃતિ થઈ જાય છે. વિશ્વવિસ્મૃતિથી આસક્તિ દૃઢ થાય છે. તામસ, રાજસ અને સાત્ત્વિક ભક્તો વિશ્વને વિસરી જાય; કૃષ્ણમાં હૃદય રત થઈ જાય, તે સઘળી લીલા કૃષ્ણની છે. બલરામજીમાં પણ કૃષ્ણનો આવેશ છે. "यास्यन्त्यदर्शनमलं बलपार्थभीमव्याजाह्वयेन हरिणा निलयं तदीयम् ।"- બલ, અર્જુન, ભીમ વગેરેમાં ભગવાને પોતાનું સામર્થ્ય મૂક્યું છે, આવેશ કર્યો છે. તે રૂપે ભગવાને લીલા કરી છે. બલરામજી દ્વારા થતો ભક્તોનો નિરોધ પણ કૃષ્ણલીલા જ છે !

તામસલીલા-વર્ણનમાં ૨૮ અધ્યાય છે. ભગવાને ગુણ અને સ્વરૂપથી સાત પ્રકારે કરેલી લીલા ચાર પ્રકારની છે. - (૧) બાલલીલા : તે પ્રમાણપ્રકરણ કે પ્રેમપ્રકરણમાં કહેલી છે. અધ્યાય ૫ થી ૧૧. આમાં પુરુષોની ભગવદાસક્તિ કહી છે. (૨) મધ્યલીલા : તે પ્રમેય કે આસક્તિ પ્રકરણમાં છે. અધ્યાય ૧૨ થી ૧૮. આમાં સ્ત્રીઓની ભગવદાસક્તિ કહી છે. (૩) પ્રૌઢલીલા : તે સાધન કે વ્યસનપ્રકરણમાં ગાઈ છે. અધ્યાય ૧૯ થી ૨૫. આમાં ભગવાન્ સૌને માટે સાધનરૂપ થાય છે. (૪) કામલીલા : તે ફલરૂપ હોવાથી ફલપ્રકરણમાં વર્ણવી છે. અધ્યાય ૨૬ થી ૩૨. આમાં સ્ત્રીઓને ફલ પ્રાપ્ત થયાની કથા છે. તામસપ્રકરણનાં આ ચાર પેટાપ્રકરણ. દરેકના સાત અધ્યાય. સામાન્ય રૂપે તેમાં ઐશ્વર્ય વીર્ય, યશ:, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય - છ ધર્મો અને ધર્મીરૂપ ભગવાન્, ક્રમશ: સાત અધ્યાયોમાં વર્ણવેલા છે. તે અધ્યાયાર્થરૂપ છે. પાંચમા અધ્યાયમાં ઉત્સવાદિ-નિરૂપણ ઐશ્વર્યદર્શક છે. છઠ્ઠામાં પૂતનામોક્ષથી વીર્ય, સાતમામાં શકટભંગ, તૃણાવર્ત વધ અને વિશ્વરૂપદર્શનથી યશ:, આઠમામાં નામકરણ, રિંગણલીલાથી શ્રી, નવમામાં દામોદરલીલામાં જ્ઞાન, દશમામાં યમલા ર્જુનમોક્ષથી વૈરાગ્ય અને અગિયારમામાં છ ગુણવાળા ભગવાનનું વર્ણન છે.

ભગવાન્ કૃષ્ણ તો કેવલ રસ રૂપ લીલાઓ કરે છે ! :

ભગવાનમાં આસક્તિવાળાને તો ભગવત્સંબંધ માત્રથી સઘળી લીલાઓ હૃદયને રુચે છે. કથામાં વર્ણવેલા ભક્તોનો મુખ્યત્વે નિરોધ ભગવાને તે તે લીલા દ્વારા કર્યો છે. સૌના અધિકાર જુદા છે. અધિકાર પ્રમાણે લીલાનો અનુભવ મળે છે. સામાન્ય રીતે તામસ-પ્રકરણમાં વર્ણવેલી લીલાઓ મથુરામાં પ્રાકૃત શિશુ રૂપે પ્રકટ થઈ, વ્રજમાં પધારેલા રસાત્મક પુરુષોત્તમની છે. "कृष्णस्तु केवलां लीलां करोति रसरूपिणीम् ।"- શૃંગારરસાત્મા ભગવાન્ સદાનન્દ કૃષ્ણ કેવલ રસરૂપ લીલા કરે છે.

ભક્તિમાં કારણરૂપ અજ્ઞાન અને અન્યથા - જ્ઞાન પણ અહીં પ્રમાણ છે ! :

પાંચથી અગિયાર અધ્યાયમાં તામસ-પ્રમાણ-પ્રકરણ છે. - "भगवच्चरिते यस्मात्प्रमाणमिह मृग्यते । अज्ञानमन्यथाज्ञानं प्रमाणं भक्तिहेतुकम् ॥"- આ સાત અધ્યાયમાં કહેલી લીલાઓ ભગવાનની જ છે. તેમાં પ્રમાણ જોવામાં આવે છે. આ લીલામાં ભગવાન્ વિષે અજ્ઞાન અને કૃષ્ણ સામાન્ય-બાલક છે, - તેવું અન્યથાજ્ઞાન ભક્તોમાં દેખાય છે; પણ આ અજ્ઞાન અને અન્યથાજ્ઞાન ભગવાને ભક્તોને ભક્તિ થવામાં કારણરૂપ કરેલાં હોવાથી પ્રમાણરૂપ છે, યથાર્થજ્ઞાનનું સાધન, અજાણ્યું જણાવે તે, યથાર્થજ્ઞાન જેને હોય તે, કે જે વિષયનું યથાર્થજ્ઞાન થાય તે વિષય, પ્રમાણ કહેવાય. અહીં તો ભક્તિની વિશિષ્ટતા છે. ખોટું ન થાય તેવું જ્ઞાન પ્રમાણરૂપ છે. ભગવત્સંબંધથી અજ્ઞાન અને અન્યથાજ્ઞાન પણ પ્રમાણરૂપ થઈ ગયાં છે ! વસુદેવજી પોતે જેને ગોકુલ મૂકી આવ્યા છે, તે પોતાનો પુત્ર કૃષ્ણ છે, - તેમ સમજે છે ! નન્દરાયજી પોતાને ત્યાં જન્મેલો પુત્ર કૃષ્ણ છે, - તેમ સમજે છે !

વસુદેવજી કહે છે તો પણ નન્દજીને પ્રભુની ઈચ્છાથી જુદું જ સમજાય છે ! ભગવાને જ બંનેને આવી સમજ આપી છે. બંને કૃષ્ણને પોતાનો પુત્ર સમજે તો જ સ્વાભાવિક સ્નેહ થાય, લીલારસનો અનુભવ થાય. ભગવાનની લીલા હોવાથી તે પણ પ્રમાણ છે, તેથી આ પ્રમાણ-પ્રકરણ છે. પ્રમાણ-બલથી ગોકુલમાં સૌની કૃષ્ણમાં દૃઢ આસક્તિ થઈ, તેથી આ પ્રમાણ-પ્રકરણ છે. બાલક રૂપ ભગવાન્ પ્રમેય છે. તેમાં પ્રમાણથી સર્વનિર્ણય થયો, તેથી પણ આ પ્રમાણ-પ્રકરણ છે.

પ્રમાણનાં આઠ પ્રમાતા (અનુભવ કરનાર) :

આમ, પ્રમાણનો અનુભવ કરનાર (પ્રમાતા) આઠ ગણાવ્યાં છે. પાંચમા અધ્યાયમાં વસુદેવજી, છઠ્ઠામાં નન્દરાયજી, સાતમામાં બાલકો અને સ્ત્રીઓ, આઠમામાં ગર્ગાચાર્યજી, નવમામાં યશોદાજી-નલકૂબેર-મણિગ્રીવ, દશમામાં ઉપનન્દ. પ્રાકૃત-બાલક જેવા બનીને ભગવાન્ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ લીલા કરે છે; તેથી ભગવાનને પ્રાકૃત-બાલક જાણવા, - તે "જ્ઞાન" પણ ક્યારેય ખોટું થતું નથી. તે તો બાલકરૂપ થયેલા ભગવાનમાં પ્રીતિ વધારે છે, ભક્તિને અનુકૂલ છે, ભગવાન્ અને લીલાને અનુરૂપ છે, રસાનુભવ કરાવે છે, તે પ્રમાણ છે.

આચાર - વિચાર વગરના નેસડાના લોકોને થયેલી વિશ્વ - વિસ્મૃતિ-પૂર્વક ભગવદાસક્તિ :
બાલક ભગવાનની ભક્તાનુરૂપ લીલા :

નેસડામાં વસનારા લોકો આચાર અને જ્ઞાન વગરના હોય, પણ પ્રભુ પધારતાં નન્દવ્રજમાં મહોત્સવ સૌએ કર્યો ! તેમની તે નિર્દોષતા સૂચવે છે. દેશસંબંધિ-દોષ ત્યાં નથી. પ્રભુ પધારતાં જ સઘળા દોષો દૂર થઈ જાય છે. આ પાંચમા અધ્યાયમાં પ્રકટ છે. લોકમાં રહીને જીવતાં ભગવન્માર્ગને અનુસરવામાં અનેક વિઘ્ન આવતાં દેખાય છે. ભગવાન્ જ તેવાં બધાં વિઘ્નોનો નાશ કરે છે. તે છઠ્ઠા અધ્યાયમાં બતાવ્યું છે. ભગવાન્ પોતે જ ભક્તોને સઘળા અર્થોનું સંપાદન કરાવે છે. તે સાતમા અધ્યાયમાં સૂચિત છે. ભગવાન્ ભક્તિપ્રદ છે. તે આઠમા અધ્યાયમાં ઓળખાવ્યું છે. સર્વને પોતાના વશમાં રાખનાર ભગવાન્ પણ ભક્તિથી ભક્તોને વશ થઈ જાય છે, એ નવમામાં દેખાય છે. ભગવાન્ સર્વનો ઉદ્ધાર કરવાની કૃપા કરે છે. પોતે પ્રયત્ન કરીને ઉદ્ધાર કરવા પધારે છે. સૌના દોષ પણ પ્રભુ પોતે દૂર કરે છે. આ દશમામાં દર્શાવ્યું છે. ભગવાન્ કૃષ્ણ પરમાનંદદાતા છે. એ અગિયારમામાં અભિવ્યક્ત છે. આ અધ્યાયોમાં પ્રાયઃ પુરુષોની પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ થઈ દેખાય છે.

બાલભાવમાં રત ભક્તોનો નિરોધ બાલલીલાના સાત અધ્યાયોમાં કહ્યો છે. કેટલાકનું મન બાલકના ઉત્સવમાં મગ્ન થાય છે. બધું તેમાં ભુલાઈ જાય છે. તેવી કથા પાંચમા અધ્યાયમાં છે. કેટલાકને બાલક કાંઈક આશ્ચર્યકારક કરે તેમાં આસક્તિ થાય છે. ભગવાને મારેલી પૂતનાનો દેહ જોતાં વ્રજવાસીઓને ખૂબ આશ્ચર્ય થયું છે. તે કથા છઠ્ઠા અધ્યાયમાં છે. કેટલાકને બાલકમાં કાંઈ અલૌકિક જોતાં આસક્તિ થાય છે. વગર પવને કે વગર કોઈ દેખીતા કારણે, પ્રભુના કોમલ ચરણસ્પર્શથી ગાડું ઊંધું વળી ગયું, - અલૌકિક છે. તૃણાવર્ત સાથે આકાશમાં જવું, એકદમ ભારે થઈ જવું, તેનો વધ કરી પાછા પધારવું, - અલૌકિક છે. માને મુખમાં વિશ્વદર્શન કરાવ્યું, તે અલૌકિક છે. લૌકિક નહિ તે,- અલૌકિક ! લોકો તેમાં સમજી ન શકે. લોકસંબંધી સામાન્યતા તેમાં ન હોય. આ લીલા સાતમા અધ્યાયમાં કહી છે. કેટલાકને બાલક બાલોચિત તોફાન કરે તેમાં ચિત્ત ચોંટે છે.

ભગવાને કુમારાવસ્થાથી, ચૌર્ય, ધૌર્ત્ય, ધાષ્ટર્ય વગેરે લીલાઓ વ્રજભક્તોને ત્યાં બાલોચિત કરી છે. ભક્તોને તેમાં દોષ દેખાયો નથી, નિરોધ થયો છે. આ કથા આઠમા અધ્યાયમાં છે. કેટલાક સ્ત્રીસ્વભાવમાં રત હોય છે. દાસીઓ ન હોવાથી યશોદાજીએ જાતે દહીં વલોવવા માંડ્યું છે. તે સ્ત્રીસ્વભાવ છે. ઘરમાં પુત્રે ચોરી કરીને માખણ ખાતાં તેને શિક્ષા કરવા મા દોડ્યાં. આ સ્ત્રી-સ્વભાવ છે; અથવા વશ થઈ જવું તે સ્ત્રીસ્વભાવ છે. ભગવાન્ કોઈથી ન બંધાય, છતાં માના સ્નેહથી દોરડે બંધાયા, વશ થયા ! તે પણ મનને મુગ્ધ કરે છે. આ કથા નવમા અધ્યાયમાં છે. કેટલાક બાલકમાં લૌકિક કે તત્ત્વ જુએ તો તેમાં રત થઈ જાય. નારદે નલકૂબર-મણિગ્રીવને લોકતત્ત્વ (સાર) કહ્યો. તામસપણામાંથી કે લૌકિકાસક્તિમાંથી ભગવાનની સન્નિધિથી છુટાય. નલકૂબર-મણિગ્રીવની વૃક્ષરૂપમાંથી છૂટ્યા પછીની સ્તુતિમાં પરમતત્ત્વ સેવાદિ રૂપે પણ કહ્યું છે. આ કથા દશમા અધ્યાયમાં છે. કેટલાક લોકો બાલકના હિત કે આનંદ માટે સર્વ પ્રયત્ન-પરાયણ થવામાં એકતાન થઈ જાય છે. બૃહદ્વનમાં બાલક કૃષ્ણ પર આપત્તિઓ અનેક આવી, તેવો વિચાર ગોવાળિયાઓએ ભેગા થઈને કર્યો. ઉપનન્દે બાલક- ભગવાનના હિત કે આનંદ માટે વૃન્દાવન જવાનો પ્રસ્તાવ કર્યો. સૌ સંમત થયા. વૃન્દાવન જવાના પ્રયત્નમાં પરાયણ થયા. આ કથા અગિયારમા અધ્યાયમાં છે. સંસારીલોકો સામાન્ય બાલકમાં જે રીતે આસક્ત થઈ જાય, તે રીતે તેવાં કાર્ય કરીને બાલકરૂપ ભગવાને ભક્તોને વિશ્વ વિસરાવી દઈને પોતાનામાં આસક્ત કરી દીધા છે. આગળ કહેલી લીલાઓ તે તે અધ્યાયમાં મુખ્યરૂપ છે. મુખ્ય રીતે તેવા અધિકારીનો નિરોધ તેનાથી કર્યો છે; છતાં બીજા ભક્તોનો પણ સમાવેશ તેમાં થયેલો છે.

પાંચમા અધ્યાયમાં ભગવાનના જન્મોત્સવનું નિરૂપણ છે. કંસને કર ભરવાનું આવશ્યક કાર્ય પણ નન્દબાવા ભૂલી ગયા છે, ઉત્સવના આવેશમાં છૂટી ગયું છે ! તે નિરોધસૂચક છે. ઉત્સવ પછી તરત નન્દરાયજી કર દેવા મથુરા ગયા છે. આ પુત્ર પોતાનો નથી, - એમ નન્દરાયજી જાણતા હોવાની શંકા પણ આ ઉત્સવ અને મથુરાગમનથી રહેતી નથી. નન્દજી પ્રભુને પોતાના પુત્રરૂપે જાણીને જ જન્મનિમિત્તે ઉત્સવ કરે છે. મથુરાથી પુત્ર માટે વસ્તુઓ લાવ્યા છે. “ગોકુલમાં ભય છે !”, - એમ વસુદેવજીએ કહેલું સાંભળીને તરત ગોકુલ પાછા આવ્યા છે. આ બધી વાતો પુત્રરૂપ પ્રભુમાં નન્દરાયજીની આસક્તિ સૂચવે છે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીવ્રજજનની રીત-પ્રીત નિજજન-હિત માટે, શ્રીભાગવત - સુધાનિધિ મથીને પ્રકટ કરી છે !:

વસુદેવજી માયાને મથુરામાં પધરાવી ગયા; પછી યશોદાજી જાગૃત થયાં. પુત્ર જન્મ્યો છે, - તેમ જાણ્યું. અષ્ટમીમાં પ્રભુનું પ્રાકટ્ય થયું, નવમીએ ઉત્સવ થયો. પુષ્ટિમાર્ગીય સેવાક્રમમાં પણ આ ક્રમે દર્શન થાય છે. શ્રી વલ્લભાચાર્યજીએ નિત્યલીલામાંનો, સારસ્વતકલ્પમાં વ્રજમાં શ્રીગોપીજનોએ પ્રકટ કરેલો, સેવાક્રમ પોતાના સંપ્રદાયમાં રાખ્યો છે. માત્ર દર્શન કરી આવીને કામ પતી ગયું, તેમ ન માની લેવાય. આપણું ધ્યાન લૌકિકને બદલે લીલામાં અને પ્રભુમાં રહે, - દોરાય - માટે સેવા-દર્શનાદિનો ક્રમ છે. સેવા, દર્શન કે સ્મરણથી નિત્યલીલાનું અનુસંધાન થવું જોઈએ. **''सेवारीतप्रीत व्रजजनकी जनहित जग प्रकटाइ ।''**- તે રીતે સેવા કરવાથી, તે ભક્તો યાદ આવવાથી, ભગવાન્

પ્રસન્ન થાય છે. સેવાનું સૌભાગ્ય તો નિત્યલીલામાં અને લોકમાં પણ, તેવી સેવા કરનાર ભક્તોની કૃપાથી મળે, જીવની યોગ્યતાથી નહિ ! માત્ર કૃપાથી જ કૃતાર્થ થવાય. જીવને આ સેવારીત સ્વતઃ ન સમજાય, તેથી તે રીત શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરી. "श्रीभागवतसुधानिधिमथके अपनो पंथ प्रकट जनायो ।"- પુષ્ટિમાર્ગનો સિદ્ધાન્ત અને સેવારીતિ શ્રીભાગવતસુધાનિધિના મથનમાંથી નવનીત રૂપે પ્રકટ કર્યાં છે ! પ્રીતિથી શ્રીગોપીજનને સેવારીતિ સ્ફુરેલી છે. પ્રીતિથી રીતિ સ્વતઃ સ્ફુરે ! પ્રીતિ મુખ્ય છે. પ્રીતિથી પ્રભુ પ્રસન્ન થાય. પ્રીતિ ન હોય તો પણ, રીતિને વળગી રહેતાં પણ ક્યારેક કૃપા થાય. વ્રજમાં ભક્તોએ ભગવાનને લૌકિક-બાલક તરીકે જાણ્યા છે, તેથી બાલકને સુખ થાય તેમ લૌકિક-યુક્તિ પણ સેવામાં છે. તેમાં પણ સુદૃઢ અને સર્વાધિક-સ્નેહ સાથે વણાયેલો છે. લૌકિક-યુક્તિ અને સ્નેહ સેવામાં નિયામક છે.

ભગવત્સુખ-સંપાદન અને સેવકને અપરાધ ન લાગે માટે શ્રીમહાપ્રભુજીએ નિત્યલીલા-ક્રમમાં પણ કાંઈક ફેર પોતાના સેવાક્રમમાં કર્યો છે ! :

શ્રીમહાપ્રભુજીએ (બાલકરૂપ) પ્રભુનું સુખ વિચારીને, નિત્યલીલાની રીતમાં પણ ફેર કર્યો છે ! નન્દાલયમાં કડવું તેલ અને મરચું પણ વપરાતું. બાલક કૃષ્ણને તે ન ગમે, પરિશ્રમ થાય. શ્રીમહાપ્રભુજીએ સેવામાં તેલ અને મરચું બંધ કર્યાં ! પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકુરજીની રસોઈમાં મરચું નથી પધરાવાતું. નિત્યલીલામાં શિયાળામાં રાત્રે શયનગૃહમાં અંગિઠી (સઘડી) ધરાય છે. ઉષ્ણકાલમાં પુષ્પશૈયા થાય છે. જીવ તો નિત્યલીલા જેવી સાવધતા ન રાખી શકે, તેથી પ્રભુને પરિશ્રમ થાય, જીવને અપરાધ લાગે, તેથી બંને સેવામાં ન રાખ્યાં ! લીલામાં ભગવાનને ગોરોચનનું તિલક થતું. ગોચારણ વખતે કામળ દેવાતી. ગોપાલને આ ન કરાય. સેવારીતિમાં નથી રાખ્યું ! પ્રભુ ગોચારણમાંથી પધારતાં સાયંકાલે યશોદાજી સ્નાન કરાવે છે. સેવાક્રમમાં તે રીત રાખી નથી. અત્યારે સૌને શ્રી-અંગ ગોરજચ્છુરિત દેખાતું નથી ! નિત્યલીલામાં માખણ-મીઠાઈ ચોરીને ખાવામાં પ્રભુને પરિશ્રમ કરવો પડતો. સેવામાં તો પ્રેમથી ધરીને આરોગાવવાનો ક્રમ રાખ્યો. લીલામાં પ્રભુ વનમાં પધારીને વિવિધલીલા કરતા, રમતો રમતા. સેવામાં તો મંદિરમાં કે ઘરમાં જ સઘળી સામગ્રી, રમતો, પક્ષી, પ્રાણી વગેરે સન્મુખ કરવામાં આવે છે, વિવિધ મનોરથો થાય છે. બાલક ભગવાનને અતિમધુર પદાર્થો અતિપ્રિય લાગે છે. પુષ્ટિમાર્ગમાં અતિમધુર પદાર્થો આરોગાવવામાં આવે છે. લીલાનુસાર ઉત્સવાદિ પણ સેવાક્રમમાં છે. પ્રેમપરવશ પ્રભુ પણ "मोहे वल्लभघर वसवो हि भावे ।"- યશોદામાને પણ કહે છે ! શ્રીમદ્ ભાગવતમાં સેવાક્રમનાં પણ પ્રમાણ દેખાય છે.

નિરોધસ્કન્ધની ટીકાના આરંભમાં શ્રીવલ્લભાચાર્યજીએ મંગલાચરણ કર્યું છે :

नमामि हृदये शेषे लीलाक्षीराब्धिशायिनम् ।
लक्ष्मीसहस्रलीलाभिः सेव्यमानं कलानिधिम् ॥

ભગવાન્ આદિનારાયણ ક્ષીરસાગરમાં શેષશૈયા પર પોઢે છે. સાગરમાં શેષ છે. ભગવાન્ પુરુષોત્તમ કલાનિધિ છે, ચતુરશિરોમણિ છે, નિત્યલીલારસ-પરવશ છે. લીલાઓ અનંત, અગાધ, મધુર, રસપૂર્ણ, ક્ષીરસાગર રૂપ છે, તે હૃદયરૂપ શેષમાં સમાઈ રહી છે ! આ પુષ્ટિભક્તિમાર્ગની વિશિષ્ટતા

છે. હૃદયરૂપ શેષમાં લીલાસાગર સમાઈ રહ્યો છે. તેમાં કૃષ્ણ વિરાજે છે ! હૃદયના આધારે - ભાવાત્મક લીલા અને ભગવત્સ્વરૂપ વિરાજે છે. લીલાભાવનાથી સ્વરૂપભાવનાનું અનુસંધાન સરલતાથી થાય. દાસ્યધર્મમાં ઉપયોગી, સર્વાર્થરૂપ, ભગવાનના જ શેષભાવથી શેષ રૂપે પ્રસિદ્ધ, વેદાત્મક, પ્રમાણરૂપ શેષ પર ભગવાન્ નારાયણ પોઢે છે. લક્ષ્મીજી તેમની સેવા કરે છે. પુષ્ટિભક્તિમાર્ગમાં સર્વાત્મભાવથી દાસ્યપૂર્ણ હૃદયમાં પોતે પ્રકટ કરેલા પુષ્ટિલીલા રસસાગરમાં પ્રભુ વિરાજે છે. ભક્તહૃદય છોડીને અન્યત્ર પધારતા નથી ! કલાનિધિ, રસપોષક, ચતુર કૃષ્ણની સેવા હજારો વ્રજલક્ષ્મીઓ કરી રહ્યાં છે. સેવા કરતાં શ્રીગોપીજનને શ્રમાદિ થતાં નથી, સેવા પણ લીલારૂપ છે ! તે કટાક્ષાદિ-લીલાથી પ્રભુનું સેવન કરે છે. ભગવત્સેવોપયોગી પ્રત્યેક કાર્યમાં લાલિત્ય, માધુર્ય, ભાવપ્રાચુર્ય, માંગલ્ય, મૃદુત્વ અને ઉત્કૃષ્ટતા તેમનામાં સ્વાભાવિક છે. નારાયણના નાભિમાંથી કમલ અને કમલમાંથી બ્રહ્મા થયા. બ્રહ્માએ વિવિધ જગત્ રચ્યું. તેમ સ્થાયિભાવાત્મક (રસરૂપ) ભગવાને પોતાનામાં વિચિત્રભાવો દ્વારા એક પ્રચુરભાવ પ્રકટ કર્યો. તેના વડે લીલાવૈવિધ્યરૂપ વિશ્વ પ્રકટ થયું, સઘળી રસાત્મક લીલાઓ પ્રકટ થઈ ! વ્રજલક્ષ્મીઓ સાથે રસાત્મક કૃષ્ણનું નિગૂઢ-ભાવકરણ જેનાથી થાય છે, - તે નિરોધ છે ! ભગવાન્ અને ભક્ત બંને નિરુદ્ધ છે. તેવા કલાનિધિને નમન ! શ્રીગોપીજન જેવી સેવાનું સૌભાગ્ય તો કેવલ તેમની કૃપાથી મળે. **''गोपिकाः प्रोक्ता गुरवः''**- માટે આ પુષ્ટિભક્તિમાર્ગમાં ગુરુ શ્રીગોપીજન છે. જીવને સેવાની આ રીત સ્વતઃ ન સમજાય, તે શ્રી સ્વામિનીજીરૂપ શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને તે પ્રકટ કરી **''सेवाकृतिर्गुरोराज्ञा ।''**- ગુરુની આજ્ઞાનુસાર સેવા થાય, તો પ્રભુ પ્રસન્ન થાય. કપોલકલ્પિત રીત ભક્તિમાર્ગમાં ન ચાલે. **''बाधनं वा हरीच्छया ।''**- પ્રભુને સુખ થાય તેવો ફેરફાર ભગવદિચ્છાથી ભક્ત કરી શકે, પોતાને સુખ થાય કે સગવડ મળે તેવો મનગમતો ફેરફાર ન થાય.

શ્રીમહાપ્રભુજી એક વખત સેવા કરે. રાજભોગના સમયે રામદાસજીને આજ્ઞા કરી, - "સન્મુખમાં આંખો બંધ રાખીને પંખો કરો !" ભાવપૂર્વક રામદાસજી પ્રભુને પંખો કરવા લાગ્યા. પ્રભુ પ્રસન્ન થયા. આજ્ઞા કરી, - "રામદાસ ! આંખો ખોલ. હું આરોગું છું. મારાં દર્શન કર !" સેવાનિષ્ઠ ચતુર રામદાસે વિચારીને ઉત્તર દીધો. - **''सेवाकृतिर्गुरोराज्ञा-।''**- "સેવા ગુરુની આજ્ઞાનુસાર થાય. મારા ગુરુએ આંખો બંધ રાખીને પંખો કરવાનું કહ્યું છે !" સ્વયં ભગવાનની આજ્ઞા થઈ, છતાં સેવાની રીતમાં ફેરફાર કર્યો નહિ. ચતુરશિરોમણિ શ્રીનાથજીએ - **''बाधनं वा हरीच्छया''**- સંભળાવ્યું. "તારા ગુરુએ તો ભગવદિચ્છાથી સેવામાં ફેરફાર કરવાનું કહ્યું છે !" સન્નિષ્ઠ-સેવકે સૂક્ષ્મતા સમજાવી. - "સેવા તો સ્વામીને સુખ થાય તે કહેવાય. હું દર્શન કરું તો મને સુખ થાય. આપને શું સુખ થાય ?" પોતાને સુખ-સગવડ થાય તેમ કરવું, તે પ્રભુસેવા ન કહેવાય. આંખ ન ખોલી. દર્શન ન કર્યાં ! ગુરુની આજ્ઞા હતી, તેમ જ સેવા કરી. શ્રીનાથજી અત્યંત પ્રસન્ન થયા ! શ્રીમદ્ ભાગવત, સેવા માટે પ્રીતિ અને રીતિ પણ પ્રદાન કરે છે. પુષ્ટિમાર્ગની સેવારીતિ સ્વામિનારાયણ- સંપ્રદાયમાં પણ સ્વીકારેલી છે. દશમ-સ્કન્ધની કથામાં શ્રીશુકદેવજીએ નિત્યલીલા અને અવતારલીલા-ઉભયનું ગાન કરેલું લાગે છે.

સર્વજ્ઞ શ્રીશુક પણ લીલારસાનુભવ માટે ભક્ત (નન્દ) બુદ્ધિને અનુસર્યા છે ! :

યશોદાજીએ પુત્રજન્મ જાણ્યો. મંગલ-મધુર સમાચાર નન્દરાયજીએ જાણ્યા. ''नन्दस्त्वात्मज उत्पन्ने....।'' ''तु''- શબ્દથી પૂર્વકથાનું નિરાકરણ કર્યું ! વસુદેવજી પુત્રને મૂકી ગયા. યશોદાએ કન્યાને જન્મ આપ્યો તે નન્દ-યશોદા જાણતાં જ નથી. કાંઈ જ શંકા પણ નથી. ભગવાન્ અહીં ચતુર્ભુજ રૂપે પ્રકટયા નથી. મા-બાપે સ્તુતિ વગેરે કાંઈ કર્યું નથી. ભગવાને પણ કાંઈ કહ્યું નથી. નન્દ-ગોકુલમાં તો ભગવાન્ પિતાના પુત્ર રૂપે પ્રકટ થયા છે ! હંસ, નૃસિંહ, કૂર્મ, વરાહ વગેરેની જેમ પ્રભુ પ્રકટ થયા નથી. નન્દજીમાં પિતૃત્વ અને પોતાનામાં પુત્રત્વ પ્રભુએ પ્રકટ કર્યું છે. ભગવાન્ પ્રાકૃત-બાલક તરીકે જ પ્રકટ થયા છે ! સામાન્ય-બાલક જન્મે તેમ નાલ વગેરે સાથે પ્રભુએ દર્શન દીધાં છે. ગોકુલમાં જ્યાં નાલ પધરાવ્યું છે, તે સ્થલનાં દર્શન આજે પણ વૃદ્ધો કરાવે છે ! સર્વજ્ઞ શ્રીશુકદેવજી પણ પ્રભુને "આત્મજ" - કહે છે. શ્રીનન્દરાયજીને તો પ્રભુએ દૃઢ સમજ કરાવી છે કે - આ પોતાનો જન્મેલો પુત્ર છે. ભગવાન્ પોતાની લીલામાં જેને જેવો અનુભવ દેવો હોય તેવી જ સમજ આપે, એ પણ ભગવાનની લીલા છે, તેથી તેવા વર્ણનમાં દોષ ન લાગે. સર્વજ્ઞ શ્રીશુકદેવજી પણ લીલામાં જેને જેવી પ્રતીતિ હોય, તે રીતે નિરૂપણ કરે છે. નન્દબુદ્ધિને અનુસરીને શ્રીશુક, તેથી ''आत्मज'' અને ''उत्पन्ने'' - શબ્દ બોલ્યા છે. જ્ઞાનીઓ ભગવાનને જાણે છે. ભક્તો ભગવાનને માણે છે ! ભક્તોને અનુસરવાથી જ ભક્તોએ માણેલા ભગવાનનો લીલારસાનુભવ થાય છે. સર્વજ્ઞ શ્રીશુક પણ લીલારસાનુભવ માટે ભક્તબુદ્ધિને અનુસર્યા છે !

માયાજન્ય સ્તન્યનું પાન પુરુષોત્તમ કરતા નથી ! :
ભગવાનનું યશોદાપુત્રત્વ અને દેવકીપુત્રત્વ વાસ્તવ છે ! :

યશોદાજીના ઉદરમાં કેવલ માયા વિરાજે તો, બાલકના પોષણ માટેનું દૂધ માયાએ ઉત્પન્ન કર્યું ગણાય. - માયા સેવિકા છે. ભગવાન્ સ્વામી છે. સેવક માટે તૈયાર થયેલું, - ઉચ્છિષ્ટ, સ્વામી ન સ્વીકારે ! પૂતનાના ઉદરમાંથી પોતે ઉદ્ધારેલાં બાલકના પોષણ માટે ભગવાન્ પયઃપાન કરે છે. માયાજન્ય-પયઃથી તો તે બાલકો પણ મોહિત થઈ જાય, લીલારસાનુભવ ન થાય. કેવલ વાસુદેવથી પણ મોક્ષ મળે. લીલારસાનુભવ ન મળે, તેથી પુરુષોત્તમે પણ પયઃપાન-સંબધ કર્યો છે ! વાસુદેવનું પ્રાકટ્ય પણ માયા સાથે છે. મથુરામાં વાસુદેવ-વ્યૂહનું પ્રાકટ્ય વસુદેવજીના હૃદયમાં થયું હતું. ગોકુલમાં તો તે બહાર પ્રકટ થયા છે. મથુરામાં કાર્યતઃ અને ગોકુલમાં સ્વરૂપતઃ વાસુદેવ - વ્યૂહનું પ્રાકટ્ય છે. રસાત્મક ભગવાન્ પુરુષોત્તમ તો રસપૂર્ણ, સર્વાત્મભાવવાળા ભક્તોના હૃદયમાં જ પ્રકટ વિરાજે છે ! જન્મસમયે વાસુદેવસહિત પુરુષોત્તમ પ્રકટ થયા છે; પછી માયા પ્રકટ થઈ. સૌને વ્યામોહ થયો. પ્રભુનાં દર્શન ન થયાં. માયા ગયા પછી દર્શન થયાં !

"આત્મજ" - શબ્દથી, પુરુષોત્તમમાં તો નન્દજીની તેવી સમજ માત્ર છે. વાસુદેવવ્યૂહ - સંબંધે તે યુક્ત છે, તેથી યશોદાગર્ભ-સંબંધથી યશોદાપુત્રત્વ વાસ્તવ છે. મથુરામાં વસુદેવજીને ત્યાં પણ ભગવાને પ્રદ્યુમ્નવ્યૂહથી વંશસંબંધ સ્વીકાર્યો છે, પુરુષોત્તમ રૂપે નહિ; તેથી દેવકીપુત્રત્વ વાસ્તવ છે. સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ-વ્યૂહ-વિશિષ્ટ પુરુષોત્તમ મથુરામાં પ્રકટ થયા. વાસુદેવ-વ્યૂહ-વિશિષ્ટ પુરુષોત્તમ ગોકુલમાં પ્રકટ થયા. નન્દાલયમાં સ્વતન્ત્ર પ્રાકટ્ય ન હોય તો, વેદજ્ઞ વિપ્રોમાં પ્રકટ-દેવતા

અસત્ય પુત્ર રૂપે પ્રકટેલાના સંસ્કારમાં પ્રવૃત્ત ન થાય!

ભગવાન્ પોતે જ લીલા માટે અનેક રૂપે પ્રકટે છે!:

શ્રીશુકે નિત્યલીલા અને અવતારલીલા બંનેનું ગાન કર્યું છે!:

''आत्मनैव जातः आत्मजः ।''- "આત્મા" શબ્દ બ્રહ્મવાચક છે. ભગવાન્ પોતે જ પોતાની લીલા માટે અનેક રૂપે પ્રકટ થાય છે. લીલાના ભક્તો પણ ભગવદ્રૂપ છે. ભગવાન્ "આનન્દમય" છે. **''यो नन्दः परमानन्दः ।''**- શ્રુતિ નન્દને પરમાનન્દ કહે છે, તે ભગવદ્રૂપતા જ સમજાવે છે. ભગવાને પોતાનું જ "આનંદ" રૂપ "નન્દ" રૂપે પ્રકટ કર્યું છે! લીલાનુકૂલ ભાવાનુભવ માટે તે ગુપ્ત રાખ્યું છે. "આનંદ"માનાં "આ"નો લોપ થતાં "નન્દ" - થયા. આનંદ મર્યાદિત કર્યો! ભગવાન્ પોતે જ પોતાના દ્વારા લીલાનુકૂલ રીતે પ્રકટ થયા; તેથી "આત્મજ" - કહ્યા! આ નિત્યલીલાના નન્દનું સ્વરૂપ છે. અવતાર-લીલાના નન્દની કથા આઠમા અધ્યાયમાં **''द्रोणो वसुनाम्''**- માં કહી છે. નન્દજી "દ્રોણ" - નામના વસુ છે. યશોદાજી "ધરા" છે. નિત્યલીલામાં યશોદાજી **''मुक्तिगेहिनी''**- મુક્તિરૂપા છે. અવતાર-લીલા વખતે દ્રોણધરા નન્દ-યશોદા થયાં. તેમનામાં નિત્યલીલાનાં નન્દયશોદાનો આવેશ છે! પુનઃ, અવતારલીલા પૂર્ણ થતાં વસુનો અંશ વસુરૂપ બને, નિત્યલીલાસ્થનો આવેશ નિવૃત્ત થાય! નિત્યસ્વરૂપો નિત્યલીલામાં વિરાજે છે. ભગવાનની લીલા, સ્વરૂપ, નામ, પરિકર વગેરે તો નિત્ય છે. શ્રીશુકે નિત્યલીલા અને અવતારલીલા ઉભય કહી લાગે છે! અન્યત્ર પણ આમ સમજી શકાય. આજે પણ પુષ્ટિમાર્ગીય મંદિરમાં નન્દમહોત્સવ વખતે નન્દ-યશોદા વગેરેનાં સ્વરૂપ હોય છે. સેવકો-ભક્તોને વેષ ધરે છે. આવેશથી નિત્યલીલાસ્થ નન્દ-યશોદાજી વગેરે પધારે છે. ઉત્સવ પૂરો થતાં આવેશ નિવૃત્ત થાય છે. પુનઃ સેવકભાવ આવે છે!

નન્દાલયમાં પુરુષોત્તમ પ્રકટ થયા છે. નન્દને તેમાં પુત્રબુદ્ધિ છે! શ્રીશુક આ યથાર્થ-નિરૂપણ **''आत्मज उत्पन्ने''**- માં કરે છે. મોટાઓનાં અંતઃકરણ પ્રમાણભૂત હોય. નન્દજીના હૃદયમાં પુત્ર પોતાનો જ છે, તેવી પ્રતીતિ છે, કોઈ શંકા નથી, તેથી તે **''जाताह्लादः''**- છે. નન્દજીના હૃદયમાં આનંદ- ઉત્સવ પુત્રજન્મથી થયો છે. જો કે જન્મના જ્ઞાનથી ઉત્સવ થાય છે, પણ તેવા જ્ઞાનમાં જન્મ જ નિમિત્ત છે, તેથી ઉત્સવ જન્મનો છે. જન્મ ભગવલ્લીલા છે, તેથી નન્દમહોત્સવ ભગવાનની જ લીલા છે!

સર્વાધિકારક શ્રીનન્દમહોત્સવ - લીલામાં જડ - ચેતનનો આનંદ-સ્પર્શે ઉત્સવ!:

ભગવાન્ પુરુષોત્તમ પધારે ત્યાં સર્વ મંગલ હોય. નન્દરાયજીના વ્રજમાં પૂર્ણાનન્દ પ્રકટ થયો હતો. દેવદુર્લભ પુરુષોત્તમ પ્રકટ થયા હતા! તેનો આનંદ-ઉત્સાહ-ઉત્સવ રૂપે ઉભરાઈ રહ્યો હતો.

જાણે ભગવાન્ સવિતાનારાયણ પણ ઉત્સવ મનાવતા હોય તેમ, પૂર્વદિગ્ભાગમાં અરુણોદયની લાલિમાએ મંગલ-મંડલ પૂર્યું હતું! રતિથી રંગોળી પૂરી હતી! પોતાનાં કોમલ કર (કિરણો) દ્વારા ભગવાન્ સવિતાનારાયણે વ્રજભૂમિનો ચરણસ્પર્શ કર્યો! વેદત્રયીથી વિશ્વને પાવન કરતા આકાશવિહારી સૂર્યને પુષ્ટિથી વિશ્વનો ઉદ્ધાર કરવા પ્રકટ થયેલા ભૂતલવિહારી પુરુષોત્તમના પાદપદ્મસ્પર્શે પાવન થવાનો અભિલાષ થયો! કરસ્પર્શે ભૂતલને જાણે સંદેશ મળ્યો! - સર્વ દેશ કરતાં પણ સ્વદેશ-વ્રજને પોતાનાં ચરણચિહ્નોથી અધિકતા દેનારા પ્રભુ પધારે છે! સંદેશમાં સંદેહ

ન થયો. “મધુવનને માધવ મધુર વિહારોથી મંગલ બનાવશે. ભૂમિનો ભાર ભગવાન્ ઉતારશે. દૈત્યોના મર્દનથી થયેલા ક્લેશને ચરણસ્પર્શથી દૂર કરી, પરમાનંદ-પ્રદાન કરનારા સદાનંદ કૃષ્ણ પધારે છે. ભગવાનનાં ચરણનાં સોળ ચિહ્નો, તારા સૌભાગ્યના સોળ શૃંગાર થશે. વૃન્દાવન ! વનમાલીજીના વિહારોથી વિશ્વમાં તું વિખ્યાત થશે ! ધરણિ ! તું ધન્ય થશે ! વસુધામાં સુધા સુલભ થશે !”- મંગલ સંદેશે પૃથ્વીને જાણે આહ્લાદ થયો ! સાત્ત્વિક-ભાવોદ્રેક-રૂપ રોમોદ્ગમ શાં નાનાં કોમલ તૃણ શોભી રહ્યાં ! પૃથ્વીનો સ્વાભાવિક ગુણ ગંધ, ગોવિંદને વધાવતો પ્રકટ થયો. આનંદાશ્રુધારા જેવાં ઝરણાં દેખાઈ રહ્યાં. પૃથ્વી પ્રસન્નતાથી જાણે હસી રહ્યાં હતાં !

પૃથ્વીએ વૃન્દાવનની વનસ્પતિને વૃન્દાવનવિહારીજી પધારવાનો સુભગ સંદેશ દીધો. “વનસ્પતે ! તું તો વૈષ્ણવ ! વિભુને વહાલથી વધાવ ! વેણુવાદનશીલ પ્રકટ થયા છે ! ગોચારણ કરતાં તારી પાસમાં પધારશે. છાયામાં વિરાજશે, પોઢશે, ખેલશે. કરસ્પર્શે કૃતાર્થ કરશે. વેણુવાદને તારામાં અવ્યક્ત રહેલા વિષ્ણુને વ્યક્ત કરશે, મધુધારા વહાવશે. વનમાં વિચરતા વિભુને વંદન કરતાં ફલોપહાર ધરવાનું સેવા-સૌભાગ્ય તને મળશે. તારું સંતાન વેણુ અધરસુધા-રસપાન કરશે ! ભાગ તને પણ દેશે. પુલક અને પ્રસ્વેદથી હર્ષ તારો દેખાશે !” ભક્તભૂમિના ભાવસંદેશે વૈષ્ણવ વનસ્પતિને આહ્લાદ થયો.

વેદજ્ઞ - ભક્ત અને વૈષ્ણવને પ્રભુ પધારે તે પુણ્ય-પ્રસંગ જીવનફલ શો લાગે ! સાધુજનના સ્વાન્તઃમાં શ્રીહરિનાં સ્નેહસ્પંદને સદા સમુલ્લાસ હોય. ઉત્સાહ ઉભરાતો હોય તેમ મધુધારાઓ મધુપતિના માનમાં વહી રહી ! પોતાનાં સંતાન શાં સુમનને જાણે સૌભાગ્ય-સંદેશ દીધો ! “પુષ્પ ! પ્રફુલ્લ થાવ ! પ્રેમપરિમલ પ્રસરાવો ! પ્રેમપુંજ પ્રભુ પ્રકટ થયા છે. પરમાનંદનું પ્રદાન પ્રિયજનોને કરવા પધારશે. અમે તો તમને ડાળીરૂપ હાથમાં હિંચોળીએ છીએ. તેમાં જે સુખ નથી તે, વનમાલીની વનમાલામાં વક્ષઃસ્થલે વિરાજીને વિહરવાનું વિશિષ્ટ ભાગ્ય તમને હવે મળશે. અંગસંગ થશે !” પુષ્પો પ્રફુલ્લ થયાં. પરિમલ પ્રકટ્યો. ઉત્સવ અભિવ્યક્ત કર્યો. કોમલ કુસુમ કૃષ્ણસંગથી કૃતાર્થ થવાનાં હતાં. વિશ્વને જાણે સમજાવતાં હતાં, - “અમે શુચિ (સોય) થી વિંધાઈશું. સુકુમાર છતાં સહન કરશું. પવિત્રતા માટે પીસાય છતાં ન રીસાય, તેના પર પ્રભુ પ્રસન્ન થાય !” પુષ્પમાં શુચિવેધ પછી જ સૂત્રપ્રવેશ સંભવે છે. ફૂલ સોયથી વિંધાય પછી દોરામાં પરોવાય છે. “શુચિ”નો અર્થ “પવિત્રતા” પણ થાય છે. પવિત્રમાં પ્રભુપ્રીતિ પાંગરે છે. સરલ, કોમલ, પવિત્ર, આતુર, પ્રેમપૂર્ણ હૃદયવાળા જીવોનો ભગવાન્ અવશ્ય અંગીકાર કરે છે.

પવન પાસે આવ્યો. પ્રફુલ્લ પુષ્પ જોયાં. પરિમલ પ્રસન્ન થયો. પૃચ્છા કરી. પ્રભુ પધારવાના પુનિત પરિજ્ઞાને પુણ્યમય બની ગયો. પરિમલને પ્રસરાવતો ગયો. જાણે સેવાની શરૂઆત થઈ ! રાસમાં મંદ, સુરભિ અને શીતલ રૂપે સેવાનું સૌભાગ્ય મળવાનું છે. પુણ્ય-ગંધવાહક વાયુ વાવા લાગ્યો.

ભ્રમરને ભ્રમરહિત કરતાં જાણે સંદેશ દીધો ! - “ભ્રમર ! હરિદાસ છો. કૃષ્ણની કીર્તિનું કીર્તન કરો ! દંડકારણ્યના જે ઋષિયોને સ્ત્રીશરીરનું સદ્ભાગ્ય ન મળ્યું, તે ભ્રમર થયા ! ભગવાનની વનમાલા પર ગુંજતાં યશોગાન કરનાર થયા. તે ગાનનું ભાન દેશે. મધુપ ! મધુપતિ મધુર વેણુનિનાદથી તારા ગાનનું ગૌરવ કરશે. મધુપાનમત્ત બની ગુંજવું તે તારો સ્વભાવ છે, સ્વભાવ સેવારૂપ થઈ જશે !

સ્વભાવને સાનુકૂલ સેવામાં સૌને સહજ રુચિ થાય છે. સ્વભાવાનુકૂલ સેવા કરનારનો પણ પ્રભુ પ્રેમથી આદર કરે છે !" ભગવાન્ ભમરાના ગાનને આદર દેતાં અનુકૂલ રીતે મંદ વેણુવાદન કરે છે. સામાન્ય-સેવકનું પણ સન્માન સાત્વત્પતિ સ્નેહથી સાચવે છે. ગોવિંદનાં ગુણગાન ગુંજતો ભ્રમર પર્વત પાસે ઊડતો આવ્યો. જાણે ગુંજનરૂપ-ગાને ગોવિંદાગમનના મધુર સમાચાર પર્વતને દીધા !

વ્રજમાં તો વિરાજે શ્રીગિરિરાજજી-હરિદાસવર્ય ! - "પર્વતરાજ ! ઉત્સવ મનાવો ! નિત્યલીલાવિહારી, નવલકિશોર, નંદરાજકુમાર નયનરમ્ય રૂપે પ્રકટ થયા છે !" હરિદાસવર્યને હરિ પ્રકટ્યાનો હર્ષ હૈયામાં ન સમાયો. ગોવિંદ ગોચારણમાં પધારશે ! પોતાને સેવાનું સૌભાગ્ય મળશે ! ચરણસ્પર્શે પ્રમોદ પ્રાપ્ત થશે. ગો-ગોપ-ગોવિંદનું આતિથ્ય કરવાનો અનેરો અવસર મળશે ! પોતાનું સર્વસ્વ સેવામાં સ્વીકારાશે. અન્નકૂટ આરોગતાં પ્રભુ પોતાનું સ્વરૂપ પ્રકટ કરશે ! લીલામાત્રથી પોતાને ધારણ કરતાં કરકમલનો સુખસ્પર્શ દેશે ! પર્વતરાજ પુલકિત થયા ! ભગવાનના નામ માત્રે આંખ આંસુ વહાવે, રોમ ખડાં થઈ જાય, વાણી ગદ્ગદ બની જાય, બાહ્યક્રિયા કરવા સમર્થ ન રહે, - તે ભગવદ્ભક્ત છે. પર્વતનાં વૃક્ષો રોમાવલિ રૂપે જાણે ખડાં થયાં ! હર્ષાશ્રુ સરિતા રૂપે સરવા માંડ્યાં ! ઉપર વસતાં પ્રાણી, પાણીનાં ઝરણાં અને પક્ષીના સ્વાભાવિક-ધ્વનિ ગદ્ગદ વાણી રૂપે સંભળાવા લાગ્યા. પર્વત છે, અચલ છે. જાણે ભાવોદ્રેકથી કાંઈ જ કરવા અશક્ત છે ! ભાવ-સમાધિમાં શાંત થઈને વિરાજ્યા છે ! વગર ખોધે કે શોધ્યે મણિઓ પ્રકટ થઈને ઉત્સવના અલંકાર રૂપે શોભી રહ્યા ! છએ ઋતુઓની અદ્ભુત શોભા એકસાથે પ્રકટ થઈ ! લીલાસ્થલી જાણે સિદ્ધ થઈ ! દીન, હીન, મલિનને પાવન ભગવદ્ભક્તો કરે છે. પોતાના સત્સંગથી પાપમય ગણાતી પુલિન્દીઓને પાવન કરી, પ્રભુની પરિચર્યા કરાવી, પૂર્ણતા પ્રાપ્ત કરનારા પર્વતરાજ પ્રસન્ન થયા ! પર્વતપુત્રીએ પ્રસન્નતા જોઈ. પૃચ્છા કરી ! જાણે પ્રેમાળ પિતાએ પ્રત્યુત્તર દીધો ! - "સરિત્ ! સરવું તે તારો સ્વભાવ ! જ્ઞાન વિના સ્વભાવ-વિજય કઠિન. કઠિનને કોમલ કરતા કૃષ્ણ અશક્યને શક્ય કરવા પધારે છે. વગર સાધને સ્વજનોનું શ્રેય: સાધવા શ્યામસુંદર પ્રકટ્યા છે. તને સ્વભાવરતને પણ વગર-યત્ને હરિ વેણુનાદ-લહરી-માત્રે સંસરણમાંથી સ્થિર કરશે ! સંસારમાં સરનાર શ્યામસુંદરના શરણમાત્રથી સ્થિર થાય, - મુક્ત થાય. હ્રદરૂપ હૃદયના ભાવરૂપ કમલોપહાર ધરવાનો લાભ લાધશે. યમુનાજીના જલમાં ગોધનને સ્નાન કરાવશે. કાલિન્દીજીના કાંઠે કલાકેતન કૃષ્ણ કેલિ કરશે. રાસમાં જલવિહારથી રસસિંધુ રસબિંદુઓનું દાન કરશે !" - સમાચારે સરિતાને સુખ થયું. જલધારાને બદલે રસધારાઓ વહેવા લાગી. જલાશયોમાં કમલ ખીલ્યાં. સરિતા સ્નેહથી સરતી સ્વામી સાગરની સન્નિધિમાં પહોંચી !

સાગરને સુમંગલ સમાચાર દીધા ! - "ગાંભીર્યનિધિ ગોવિંદ પધાર્યા છે ! કવિઓ તુલના તમારી સાથે કરશે. દ્વારકા વસાવીને વાસથી તમને સહવાસ દેશે ! રામાવતારમાં (સેતુ) પુલ બાંધ્યો હતો. કૃષ્ણાવતારમાં (શહેર) પુર બાંધશે ! ઉર ચરણસ્પર્શે પાવન થશે !" પયોનિધિ પ્રસન્ન થયો. ગંભીર મંદ મંદ-ગાન કરવા લાગ્યો. સાગરના ઉદરમાં વડવાનલ અને ક્રૂર-જલચરોની પીડા, છતાં પ્રભુમગ્ન થયો ! સંસારસાગરમાં ભક્તો પણ અનેક પીડાઓ છતાં, પ્રેમથી પ્રભુને ગાય છે. પીડાનો સ્પર્શ પણ લાગતો નથી.

જલ ભરતા જલધરને જલનિધિએ જાણે જણાવ્યું ! - "મેઘ ! મેઘશ્યામ માધવ પધાર્યા છે,-

પ્રકટ થયા છે ! વિધુત્ સાથે તું શોભે તેમ શ્યામ-શ્યામા શોભશે. કવિઓ તારા વર્ણ સાથે વર્ણન કરતાં તુલના કરશે. સંતપ્ત-ભૂમિને વૃષ્ટિથી સંતૃપ્ત તું કરે છે. ભક્તોની મનોભૂમિને દષ્ટિ અને કૃપાવૃષ્ટિથી શ્યામસુંદર સંતૃપ્ત કરશે ! મેઘ ! માધવને વનમાં ફરતાં તાપમાં વેણુવાદન કરતા જોઈને, છત્ર બની સેવા કરવાનું સૌભાગ્ય તને મળશે ! કુસુમાવલિથી કૃષ્ણને તું વધાવશે ! હરિનો પણ શ્રમ હરનાર તું હરિ થશે ! સર્વસ્વ સમર્પણથી વૈરાગ્ય તારો વિશ્વમાં વિદિત થશે !" સાંભળતાં મેઘ મલકી પડ્યો ! મસ્તીમાં જાણે મૃદંગ બજાવતો હોય તેમ ધીર ગંભીર ગર્જનાઓથી વિશ્વને ગજવવા લાગ્યો ! સાગરનું ગીત અને મેઘનું સંગીત ચાલ્યું.

આકાશમાં અપ્સરાઓએ આશ્ચર્યથી ઉલ્લાસનું કારણ પૂછ્યું ! મેઘે કહ્યું, - "અપ્સરા ! સાગરમાંથી પ્રકટ થયાં, સુંદર છો, ચતુર છો, કલાકોવિદ છો, પણ કલાનિધિ કૃષ્ણની સેવાથી કૃતાર્થ થવાય. સેવાનો સુભગ અવસર હવે મળશે. સદાનંદ કૃષ્ણ પ્રકટ થયા છે !" અપ્સરાઓના ઉલ્લાસથી નૃત્ય સ્વતઃ શરૂ થયું. ગીત, સંગીત અને નૃત્યનો સુમેળ સધાયો ! અપ્સરાઓને તો કોષકારે "સ્વર્વેશ્યા"- કહ્યાં છે. તેમને પણ કૃપાથી કૃતાર્થ કરનાર કૃષ્ણ છે. સ્ત્રી, શૂદ્ર, વૈશ્ય, હીન - પાપપરાયણ, સૌના ઉદ્ધારક ભગવાન્ શ્રીકૃષ્ણ છે. તે બ્રાહ્મણ, ક્ષત્રિય, ભક્ત, સદાચાર-રતનું કલ્યાણ કરે તેમાં તો કહેવાનું શું ?

દેવો દોડતા આવ્યા. અપ્સરાઓએ અભયપ્રદ પ્રભુ પધારવાના આહ્લાદક સમાચાર દીધા ! કંસાદિ-દૈત્યોના ભયથી કંપતા દેવોને સ્વાસ્થ્ય મળ્યું. અભય અંતરને સ્પર્શ્યું ! આકાશમાં રાજહંસ જેવાં દેવયાન છવાઈ ગયાં ! જાણે ઉત્સવનો દિવ્યમંડપ રચાયો ! દેવો અને ઉપદેવો નાચ-ગાનમાં મત્ત થઈ ગયા. કલ્પતરુના પુષ્પોની વૃષ્ટિ થઈ રહી. જાણે ભક્તકલ્પતરુરૂપ ભગવાનને વધાવી રહ્યા! ઉત્સવભૂમિનું જાણે નાન્દીપૂજન થયું ! ભૂતલ પર સૌને સુખ સમાચાર દીધા. ગંધર્વો ગોવિંદનું ગાન કરવા લાગ્યા. યક્ષ, કિંકર, નાગ સૌ ઉત્સવમગ્ન થયા. દેવવાધ વાગ્યાં !

મુનિનાં મન પ્રસન્ન થયાં. અગ્નિ વેદિકામાંથી યજ્ઞપતિના સ્વાગતમાં ઊભા થતા હોય તેમ, વગર હોમે જ્વાલાઓ પ્રકટી ! બ્રાહ્મણોના મુખમાંથી પરબ્રહ્મના પ્રેમમાં વેદમંત્રો સરવા માંડ્યા. બ્રાહ્મણ-બ્રહ્મ, ભગવાન્-બ્રહ્મ અને વેદ પણ બ્રહ્મ ! એક જ બ્રહ્મ છતાં પણ જાણે બ્રહ્મત્રિવેણી રચાઈ ! બ્રાહ્મણ દ્વિજ, પક્ષીઓ પણ દ્વિજ, ચન્દ્ર દ્વિજરાજ. ચન્દ્રવંશભૂષણ પ્રભુ પ્રકટ્યા હતા. એક દ્વિજના વેદગાને બીજાં દ્વિજને જાણે પ્રેર્યા ! દ્વિજરાજ-વંશમણિને વધાવ્યા. મંત્ર બોલતા હોય ત્યાં મંત્રજ્ઞ મૌન કેમ રહી શકે ? ગાન ચાલે ત્યાં ગવૈયો છુપાઈ કેમ શકે ? વિધાવિનોદમાં વિદ્વાનની વાણી વ્યક્ત કેમ ન થાય ? વૃક્ષશાખા પર પક્ષી બેઠાં છે. જાણે વેદકલ્પવૃક્ષની સ્વશાખાના નિપુણ દ્વિજવર્યો છે ! "વેણુવાદનશીલનાં દર્શને અને શ્રવણે સુધાપાન મળશે. ભોજનના બદલે ભજન થશે ! વેદસ્વરને બદલે સુસ્વર વેણુનાદ-શ્રવણ મળશે ! વ્યર્થ વાતો અને વિચારો વિદાય લેશે, તન્મય થવાશે !" - વિચારતાં પક્ષીઓનું કમનીય કૂજન થઈ રહ્યું.

ગોશાલામાં ગાયો ગોપાલને ભાંભરડાથી જાણે વધાવા લાગી ! નાનકડાં વત્સ તો વત્સપાલ પ્રભુ પધારતાં જાણે નાચવા લાગ્યાં ! ગાયનાં આંચળમાંથી આહ્લાદ ઉભરાતાં દૂધની ધારાઓ થઈ રહી ! ગળામાં ઘૂઘરમાળ રણકાર કરી રહી, - "ગોપાલ હવે વનમાં લઈ જશે. લીલાઓનો અનુભવ

દેશે. દોહન માટે પધારશે. પોતાનાં સરસ ગોરસ રસરાજ પ્રેમથી આરોગશે ! વનમાં વેણુનાદશ્રવણ કરાવી, હૃદયસ્પર્શ કરશે. મૂઢને પણ પ્રેમમગ્ન કરશે, ભોજનની આસક્તિ છોડાવશે, ભજનમગ્ન કરશે !" ઉભરાતી આંખે અને ઉભરાતાં આંચળે ગાયો ભાંભરડાથી જાણે ગોવિન્દનાં ગાન કરી રહી !

શ્રીગોપીજન દધિમથન કરતાં હતાં. મનોમથન, શાસ્ત્રમથન કે સમુદ્રમથનમાંથી ન મળે તેવું, લીલારસ રૂપ નવનીત કૃષ્ણને અત્યંત પ્રિય, ભક્તિરસ-મથનમાંથી મળે. મથનનો મંગલરવ મનોહર મધુરાધિપતિના માનમાં જાણે ગાન કરતો હતો ! વ્રજાંગનાઓનાં નૂપુર, કંકણ અને કટિમેખલાની કિંકણીઓનો મંજુલ-મંગલ-ધ્વનિ જાણે સંગીત દેતો હતો ! રાસની યાદમાં રસરાજને જાણે વધાવતો હતો ! કલ્પોપર્યંત કરેલી પ્રતીક્ષાનું ફળ હવે મળવાનું હતું ! નન્દાલવાલમાં વ્રજવનીશૃંગાર-કલ્પદ્રુમ લલિત લીલાઓથી ફલિત થવાનું હતું ! સર્વત્ર વિવિધ મંગલ હતું. નામમંગલ, ધામમંગલ, કામમંગલ, સર્વમંગલ, શ્યામ વ્રજમંગલ રૂપે પ્રકટ થયા હતા !

શ્રીનન્દબાવા સ્વભવનમાં પ્રાંગણમાં વિરાજ્યા હતા. કોઈ ગ્વાલે પુત્રજન્મની વધાઈ દીધી ! કોઈએ ત્યાં પોતાની કન્યાવિવાહની મંગલ-વધાઈ દીધી ! ત્યાં તો બાવા નન્દરાયજીને મહામંગલ વધાઈ મળી ! - "બાવા ! મંગલરૂપનિધાન મધુરાધિપતિ પધાર્યા છે. અધર મધુર ! વદન મધુર ! નયન મધુર ! હાસ્ય મધુર ! તેનું દાસ્ય મળે તો તે પણ મધુર ! મધુરાધિપતિનું વિશ્વ મધુર ! કમલના દલથી પણ અધિક કોમલ ચરણ અને હસ્તનાં તલ ! મેઘ જેવા શ્યામ, સ્નિગ્ધ વાંકડીઆ કેશ ! ભવ્ય ભાલ ! મધુરમંગલ સ્મિત જાણે વિશ્વનું હિત ! આત્મીય ઉપર અમી વરસાવતી, અંતરને અજવાળતી, અદ્ભુત આંખ ! કામદેવના ધનુષ્યને શરમાવતી મધુર ભ્રૂ ! શુકચંચુ જેવી તીક્ષ્ણ નાસિકા ! બિંબફલ શો અધર ! શંખાકાર કોમલ કંઠ ! સમાન કર્ણ ! વિશાલ વક્ષઃસ્થલ ! જાણે લક્ષ્મીનું વાસસ્થાન ! સિંહ શી સૂક્ષ્મકટિ ! દુષ્ટોને દંડ દેનારા દિવ્ય ભુજદંડદ્વય ! ના, ના, કોમલ ભાવપૂર્ણ ભક્તોની કામનાઓ પૂરી, કૃતાર્થ કરનારા કોમલ કરકમલ ! ગંભીર આકાશ શી નાભિ ! અશરણના શરણરૂપ, સ્મરણમાત્રથી મરણમાંથી મુક્ત કરતા ચરણકમલદ્વય ! મનોમલને તે દૂર કરે છે. પદ્મની પાંખડી શી કરકમલ અને ચરણકમલની અંગુલિકાઓ ! આકાશમાં તો એક ચન્દ્ર વિરાજે, આકાશશરીર સાકારબ્રહ્મના પાણિપાદાંગુલિમાં વીસ નખચન્દ્ર પ્રકાશે ! ભક્તના હૃદયાન્ધકારને તે સંપૂર્ણ દૂર કરે છે, ભાવસાગરમાં ભરતી તેનાં દર્શનમાત્રથી ઉભરાય છે !

સકામને નિષ્કામ કરવા, નિષ્કામને સ્વકામ દેવા, પૂર્ણકામ, કામપિતા ભક્તકામનાપૂર્ણ કરવા સકામ બનીને પધાર્યા છે ! શ્રુતિએ જાણેલા, નાણેલા, છતાં ન માણેલા, એકમાત્ર પૂર્ણાનન્દ પૂર્ણપ્રભુ, અનેક અપૂર્ણને રસપૂર્ણ કરવા પધાર્યા છે ! ઋષિ, મુનિ, યોગિલોકોને સમાધિમાં શોધવા છતાં ન જડેલા સદાનંદ, વનમાં ખોવાતી ગાયોને શોધવા, ભવાટવીમાં ભાનભૂલેલા ભક્તોને શોધવા, પોતે પ્રકટ પધાર્યા છે ! શેષ, મહેશ, દિનેશ, સુરેશ, ગણેશ જેનું ગાન કરે, તો પણ પાર ન પહોંચે ! નારદ, શુક, વ્યાસ, ધ્યાન કરે તો પણ કૃપામાત્રથી જ પાસે પહોંચે ! તે અપાર, અગાધ, અનંત, અખંડ, અનાદિ, પરબ્રહ્મ, વૈકુણ્ઠનાથ ગોપીની છલુડી છાશ પીને નાચવા પધાર્યા છે ! જેના ગાને સરસ્વતી રસવતી બને, તે રસરાજ પ્રકટ્યા છે ! જેને જાણવાથી સઘળું જણાઈ જાય તે સર્વજ્ઞ, પણ અજ્ઞ શા મુગ્ધ- બાલક બનીને પધાર્યા છે ! વિશ્વને વશ કરનાર વશી, ભક્તજન-પરવશ થવા પધાર્યા છે !

સર્વતન્ત્ર - સ્વતન્ત્ર, પ્રેમપરતન્ત્રતાને માણવા પ્રકટ્યા છે ! સર્વસમર્થ શ્રીહરિ ભાવભર્યા ભક્તો પાસે અસમર્થ થવા અવતર્યા છે ! સ્વજનના ભજન માટે જન્મ પ્રકટ કરીને અજન અવતર્યા છે ! કોઈ સાધનથી ન મળે તે નિ:સાધનજનોદ્ધાર માટે નિ:સાધન-ફલાત્મા પ્રકટ થયા છે ! શ્રુતિને, ઋષિને, રસશાસ્ત્રને, સનાથ કરવા શ્રીનાથ પધાર્યા છે ! ભક્તોનાં હૃદયતલમાં વિરાજતા ભૂમા (ભગવાન્) ભૂમિનો ભાર હરી, ભાવ દેવા, ભૂતલે વિરાજ્યા છે ! ધર્મથી મળેલું આ તો નિર્ધનનું ધન છે ! ઈન્દ્રિયને અવિકાર - અભિરામ - આહ્લાદપ્રદ - અભિપ્રેત - ફલાત્મા ફલિત થયા છે !

આનંદ ઉભરાયો. અંતરમાં ન સમાયો ! ઉચ્ચારમાં અભિવ્યક્ત થયો ! - "નન્દ કે આનંદ ભયો, જય કનૈયા-લાલકી !" આનંદ ઉચ્ચાર માત્રથી અટકી ન ગયો, સર્વાંગમાં વ્યાપી ગયો, નૃત્ય રૂપે સાકાર થયો, વિશ્વમાં વ્યક્ત થયો ! મધુર, મંગલ, મંજુલ સૌ થયાં. પુષ્પ, મોતી, અક્ષત, પ્રેમાશ્રુ, જયજય-રાવથી પ્રભુને વધાવ્યા, - "શ્રીબાલકૃષ્ણલાલકી જય !"

શ્રીશુકે નન્દમહોત્સવનું ગાન આરંભ્યું :

नन्दस्त्वात्मज उत्पन्ने जाताह्लादो महामनाः ।
आहूय विप्रान् वेदज्ञान् स्नातः शुचिरलंकृतः ॥ (१)

શ્રીનન્દરાયજીને પોતાના પુત્રના જન્મનો હૃદયમાં આનંદ છે, ઉત્સાહ છે. તે ઉત્સવ રૂપે બહાર પ્રકટ થયો છે ! નન્દરાયજીનો આહ્લાદ કૃત્રિમ નથી, સ્વાભાવિક છે, તેથી નન્દજી "जाताह्लादः"- છે. હૃદયમાં આનંદ નૈસર્ગિક રીતે ઉત્પન્ન થયો છે. પૂર્ણાનન્દ પ્રભુ જ પુત્ર રૂપે પધારે, પછી આનંદ અધૂરો ક્યાંથી હોય ? નન્દરાયજીએ પ્રકટ થયેલા પ્રભુને જાણ્યા નથી, પુત્ર જાણ્યા છે, પોતાના જાણ્યા છે, તેથી સ્વાભાવિક-આહ્લાદ થયો છે ! ભગવાનને ભગવાન્ તરીકે જ જાણવાથી આદર થાય, પૂજ્યબુદ્ધિ થાય ! પોતાના પ્રિય રૂપે જાણતાં આત્મીયતા થાય, ઉલ્લાસ ઉદ્‌ભવે, આનંદથી ઉત્સવ ઉજવાય, રસમગ્ન થવાય ! આપણે ત્યાં પણ સેવામાં ભગવાન્ તો વિરાજે છે; પણ તે માત્ર "ભગવાન્" જ છે. બહુ તો "નન્દરાજકુમાર" કે "યશોદાનન્દન" છે, કે "શ્રીગોપીજનવલ્લભ" છે, - એટલી જ સમજ આપણા મનમાં રૂઢ થઈ ગઈ. આ બધી સમજ તો અન્યના સંબંધની છે. તેમાં આપણો સંબંધ શો ? સંસારીને સંબંધ વગર સ્નેહ શો ? પરિણામે ઉત્સવના દિવસોમાં, આપણે તો રીત છે માટે ઉત્સવ કરીએ છીએ, તેથી "कृताह्लाद"- કહેવાઈએ ! રંગ ઊડતાં, દધિ લાગતાં, મીઠાઈ મળતાં, ગાનતાન થતાં, આપણે પરાણે પણ આનંદને ખાન, પાન, તાન, ગાનમાંથી લઈ આવીએ છીએ ! સઘળું ભાન રાખીને નાચી-કૂદીને મઝા માણીએ. આપણા ઉત્સવના આવેશનો ઊભરો એકાદ કલાકમાં ઉતરી જાય છે ! આમ બાહ્યસાધનોમાંથી લાવીને આનંદને અનુભવનાર "नीताह्लाद"- કહેવાય. જેના અંતરમાંથી આનંદ સ્વત: ઉદ્‌ભવે ઉભરાય - તે "जाताह्लाद"- કહેવાય ! અંતરનો આનંદ ઉત્સાહથી ઉત્સવ રૂપે બહાર પ્રકટ થાય છે. તેમાં ગાનતાન વગેરે સ્વભાવિક રીતે ઉત્સવની અભિવ્યક્તિમાં સાધનરૂપ બને છે. ઉત્સવના અંગ રૂપ બને છે ! માત્ર ગાન-તાનાદિ સાધનથી થતો આનંદ ભગવાનમાં નિરોધ કરાવતો નથી ! બાહ્યસાધનોમાંથી મેળવાતો આનંદ કૃત્રિમ છે. તેમાં તો ઉત્સવ ગૌણ થઈ જાય છે ! સાધનથી થતી આનંદની અનુભૂતિ અલ્પજીવી છે. આપણે ઉત્સવથી આનંદ માણીએ છીએ. ભક્તો આનંદથી ઉત્સવ માણે છે ! બંને વિરુદ્ધ-પ્રક્રિયા છે. પ્રભુને માત્ર પ્રભુ તરીકે, માત્ર આદરથી ભજવાને બદલે,

પોતાના પ્રિય (સ્વજન) રૂપે આત્મીયતાથી, - ભજનારને અધિક આનંદ થાય. જન્મપ્રકરણમાં શ્રીમહાપ્રભુજીએ "प्रादुर्भूतो मम स्वामी"- કહીને આત્મીયતા અને આદરથી ઉલ્લાસ બતાવ્યો છે.

ભોગત્યાગ અને અંતઃકરણની શુદ્ધિ થતાં આનંદ અનુભવાય છે :

સામાન્યલોકો સિનેમા, નાટક, ભોજન, પર્યટન, વાચન, સ્વજનમિલન, મોજશોખ, રેડીઓ વગેરે બાહ્યસાધનોમાંથી આનંદ મેળવવા મથે છે; પણ થોડી ક્ષણથી વધારે તે આનંદ ટકતો નથી, તેથી વારંવાર તે જ ઉપાયોથી મેળવવાની મથામણ મરણ સુધી કરવી પડે છે ! આનંદ તો અંતરમાં છે, પોતાના હૃદયમાં વિરાજે છે, શોધે તેને જડે છે ! જડે છે તે જીવનભર માણે છે, અન્યત્ર આથડતો નથી ! બહારથી આનંદ શોધનાર બહિર્મુખ બને છે, ભવસાગરમાં ભયભીત બનીને ભટકતો રહે છે. અંદરથી આનંદ શોધનાર અંતર્મુખ બને છે, ભગવદભિમુખ બને છે. અભય મેળવે છે ! ભોગત્યાગ અને સ્વદોષનિવૃત્તિથી અંતઃકરણશુદ્ધિ થતાં આનંદ અનુભવાય છે.

મહોત્સવ તો મહામના જ કરી શકે છે ! :

સંકુચિત મનવાળાનો આનંદ પણ અલ્પ જ હોય છે. સંસારીઓનું સંકુચિત અને ક્ષુલ્લક મન સ્વાર્થ અને ક્ષુલ્લક કામમાં જ રાચ્યા કરે છે. સાધુપુરુષોનું મન મોટું હોય. ઉદાર, મોટાં-મનવાળા પુરુષો મોટાં કામ કરી શકે છે. પુત્ર રૂપે પણ પ્રભુમાં પ્રીતિ થતાં નન્દ "महामनाः"- છે. ઉત્સવમાં વસ્તુઓ વપરાય, ઢોળાય તેની ચિંતા નથી. કોઈને ઠપકો દેતા નથી, ગણતરી રાખતા નથી, સંકુચિતતા બતાવતા નથી. આનંદ કે ઉત્સવ ગમે તેટલો હોય પણ અલ્પપાત્રમાં સમાય શું ? વરસાદ ગમે તેટલો વરસે, પણ ઘડો નાનો હોય તો તેમાં સમાય કેટલો ?! તેમાંય ઊંધો હોય તો ? ચત્તા ઘડામાં કાંઈક સમાય છે. ભગવદભિમુખ, સદ્‌ભાવસંપન્ન મનવાળાને કૃપા-લાભ લાધે છે, આનંદ મળે છે, છતાં પણ અલ્પમનવાળાને અલ્પલાભ મળે છે. મહોત્સવ તો મહામના-પુરુષો કરી શકે છે ! ઊજળે કપડે, હસતા મોએ, આનંદ મનાવતા દેખાતા લોકોનાં મન બળતરાભર્યાં, સૌના દોષ શોધતાં, કપટ કે કટુતા ભર્યાં કે કઠોર હોય તો, આનંદ અંતરને અડકે પણ નહિ. સામાના અપરાધને સહતા, દોષમાંથી પણ ગુણને શોધતા, કોઈની પાસેથી કાંઈ લેવાની ઈચ્છા ન રાખતા, કોઈના કલ્યાણ માટે ઉદારતાથી આપી શકતા, પુરુષો મહામના છે. તેમને જીવનમાં આનંદ મળે છે.

ઉત્સવના આરંભમાં વેદજ્ઞ વિપ્રોને બોલાવ્યા છે ! :

બાવાનન્દે વિધિપૂર્વક યથાર્થ ઉત્સવ થાય માટે વેદજ્ઞ વિપ્રોને બોલાવ્યા. "यावतीर्वै देवतास्ताः सर्वा वेदविदि ब्राह्मणे वसन्ति ।"- શ્રુતિ છે. સઘળા દેવતાઓ વેદજ્ઞ વિપ્રમાં વસે છે. સર્વદેવતાના સન્નિધિથી મહોત્સવ સંભવે છે, - "विशेषेण प्रान्तीति विप्राः ।" "प्रा पूरणे"- ધાતુપાઠ છે. - વિશેષ-પ્રકારે પૂર્ણ કરે તે,- વિપ્ર ! વિદ્યા, વિવેક, ભક્તિ, સદ્‌ભાવ, સદાચાર, સદ્‌વિચાર વગેરેમાં અધૂરાંને પોતાનાં સામર્થ્યથી પૂર્ણ બનાવીને મધુરાં બનાવે તે, - વિપ્ર ! આદરથી કાંઈ આપનારને, પોતાના આશીર્વાદથી, પોતે લીધા કરતાં પણ અધિક આપે તે, - વિપ્ર ! વેદજ્ઞ-વિપ્રો આવ્યા. બાવા નન્દે સ્નાન કર્યું. બાલકના નાલછેદન પછી સૂતક લાગે છે. તે પહેલાં શુદ્ધિ ગણાય છે, સંસ્કાર-દાન વગેરે થઈ શકે છે. શુદ્ધિ બે પ્રકારની, - તનની અને મનની ! બહારની અને અંદરની. પવિત્રતાના પ્રમાણમાં

ભગવદ્રસાનુભવ થાય. નન્દરાયજીએ ઉત્સવસૂચક શુભ અલંકારો ધારણ કર્યા. વેદજ્ઞ વિપ્રો દ્વારા પુરોહિતની વેદશાખાનુસાર પુત્રના જાતકર્માદિ - સંસ્કારો બાવા નન્દે કરાવ્યા. ભગવાને પોતાનામાં પુત્રત્વ પ્રકટ કર્યું ! સંસ્કારો સ્વીકાર્યા ! વૈદિક - કર્મ કૃતાર્થ થયાં ! ભગવાન્ તો નિર્દોષ છે. બીજ કે ગર્ભસંબંધી દોષ તેમનામાં ન સંભવે, છતાં પણ ભગવાને પુત્રત્વ પ્રકટ કર્યું, તેમ સંસ્કાર-સ્વીકાર પણ ભગવાનની લીલા જ છે. વિધિપૂર્વક નાન્દીશ્રાદ્ધ વગેરે કરાવ્યાં. મહામના બાવા નન્દે વિપ્રોને દક્ષિણામાં બે લાખ અલંકૃત ગાયો દાનમાં આપી ! સોનાની શિંગડીઓ, રૂપાની ખરી, સાથે સોનાનાં પાત્ર અને ગળે સોનાની ઘૂઘરમાળ, શરીરે મંગલ ચિત્રવિચિત્ર-વસ્ત્ર ઓઢાડેલી ગાયો હતી. સ્વયં ભગવાન્ પધાર્યા છે ! સઘળી ગાયો અલંકૃત થઈ ગઈ છે ! ગાયોને અલંકાર ધરતાં તો વિલંબ થાય. વિપ્રને આપી છે, તેથી ખૂટવાનો કોઈ સંભવ નથી ! વિભુ, વૈષ્ણવ અને વિપ્રની સેવામાં કૃતાર્થતા છે. સુવર્ણ અને વસ્ત્રથી આવૃત્ત તલના સાત પર્વત જેવા ઢગલા, રત્નોના ઢગલા, દાનમાં આપ્યા ! ગાય, સુવર્ણ, વસ્ત્ર, તલ અને રત્નના દાનથી સૌ દેવતાઓ પ્રસન્ન થાય છે. દ્રવ્યશુદ્ધિ માટે નન્દરાયજીએ દાન કર્યું છે. કાલથી સૌ પ્રાણીની શુદ્ધિ થાય છે. સઘળાના ઉદ્‌ભવમાં કાલ મુખ્ય છે.

કાલ, સ્નાન, પવિત્રતા, સંસ્કાર, તપ:, યજ્ઞ (પૂજન), દાન-સંતોષ, આત્મવિદ્યાથી થતી શુદ્ધિ : પ્રભુપ્રસન્નતાથી સર્વશુદ્ધિ :

શ્રુતિ પ્રમાણે માનવનું આયુષ્ય સો વર્ષનું ! તેમાં ૧૦ દિવસ અશુદ્ધ ગણાય છે. દર ૩૬૦૦ દિવસે, ૧૦ વર્ષે, પ્રથમ-દિવસ અશુદ્ધિરૂપ ગણાય; પણ તે યાદ ન રહે, તેથી ઋષિયોએ કુલ આયુષ્યના અશુદ્ધિના ૧૦ દિવસો જન્મારંભમાં જ ગણવાની વ્યવસ્થા રાખી છે ! તે જનનાશૌચ ગણાય છે. જન્માદિ-પ્રસંગમાં તેટલા દિવસો પછી જ શુદ્ધિ ગણાય છે. બીજા કોઈ ઉપાયે નહિ. કાલ, પ્રાણી વા વંશની શુદ્ધિ કરે છે. સ્નાનથી શરીરની શુદ્ધિ થાય છે, પવિત્રતાથી પણ શુદ્ધિ થાય છે. લોકવ્યવહાર માટે આ ત્રણ શુદ્ધિ છે. અદૃષ્ટની ઉત્પત્તિ માટે ત્રણ પ્રકારની શુદ્ધિ ગણાવી, જાતકર્માદિ-સંસ્કારથી દેહ વૈદિકકર્મ - યોગ્ય બને છે, ભૂત-સંસ્કાર થાય છે. તપ:થી અંત:કરણની શુદ્ધિ થાય છે. યજ્ઞથી, પ્રભુ-પ્રસન્નતાથી પણ, શુદ્ધિ થાય છે. આ છથી સર્વશુદ્ધિ થાય છે. બાહ્યશુદ્ધિ ગણાવી. દાનથી દ્રવ્યની શુદ્ધિ થાય છે. દાન સિવાય દ્રવ્યની શુદ્ધિ થતી નથી. દ્રવ્યાનુસાર દાન કરવું જ જોઈએ. તેમાં પણ નીતિ-રીતિ અને પ્રીતિથી મેળવેલા દ્રવ્યની શુદ્ધિ થાય છે. અનીતિ, અરીતિ કે અપ્રીતિના દ્રવ્યની શુદ્ધિ દાનાદિથી પણ ન થાય. અયોગ્ય દ્રવ્યથી અનર્થ જ આવે છે.

પ્રાચીનકાલની વાત. બે બહેનો હતી. ખૂબ ભક્ત. દ્રવ્ય ઘણું, પણ પોતાના મોજશોખમાં ન વાપરે. સેવા ભગવાનની કર્યા કરે. ઘરડાં થયાં. નવ લાખ રૂપિયા હતા. લઈને ગુરુ પાસે આવ્યાં, સેવામાં સ્વીકારવા વિનંતી કરી. ચતુર ગુરુએ દ્રવ્ય દૈવી ન હતું - તે જાણ્યું. ન લીધું ! બંને પૈસા લઈને પાછા ગયાં. ગુરુપુત્રને દેવા પ્રયાસ કર્યો. શ્રીગુસાંઈજીના પુત્ર શ્રીગોકુલનાથજીએ પણ ન લીધું ! તે બહેનોએ કારભારીને સમજાવ્યો. લોભવશ તેણે દ્રવ્ય લીધુ; પણ પ્રામાણિક હતો. પોતે ન રાખ્યું. એક મંદિર ગોકુલમાં બંધાતું હતું, તેની છતમાં ચૂના સાથે પધરાવી દીધું. ક્યારેક ખપ લાગે તો ચાલે ! - તેવો વિચાર. આ કોઈને જણાવ્યું નહિ. દિવસો વીત્યા. મુસલમાન શાસકોનો સમય હતો. ત્રાસ શરૂ થયો. ગોકુલ લૂંટવા આવ્યા. આ મંદિરની છતમાંથી દ્રવ્ય નીકળ્યું, લાલચ લાગી. બધાં મંદિરની છતમાં

દ્રવ્ય હશે ! - માન્યું. બધાં મંદિર તોડાવ્યાં ! આમ, અયોગ્ય દ્રવ્યે અનેક અનર્થો ઊભા થાય છે.

શ્રીવલ્લભાચાર્યજીએ વિજયનગરમાં વિદ્વત્સભામાં વિજય કર્યો. કનકાભિષેકનું મહામાન કૃષ્ણદેવરાજે દીધું. સૌ આચાર્યો સંમત થયા. કનકાભિષેક થયો. શ્રી”મહાપ્રભુ” અને “અખંડભૂમંડલાચાર્ય”ની પદવી સૌએ દીધી ! સુવર્ણપાત્રો રાજાએ ભેટ ધર્યાં. શ્રીમહાપ્રભુજીએ સૌને વહેંચી દીધાં. સુવર્ણમુદ્રાઓ ધરી. તેમાંથી સાત દૈવી દ્રવ્યરૂપ હતી. તે લીધી. પ્રભુસેવામાં સ્વીકારી. શુદ્ધ રીતે મળેલા દ્રવ્યમાંથી, પણ દાનથી શુદ્ધિ કરવી પડે; પછી તે દ્રવ્ય પુષ્ટિસેવાદિમાં ઉપયોગમાં આવે, પ્રભુ તેનો અંગીકાર કરે છે. બાકી તો જેવું દ્રવ્ય હોય તેવી મતિ અને ગતિ થાય. યોગ્ય રીતે મેળવેલા દ્રવ્યમાંથી પણ ૩૬૦૦ મુદ્રાએ એક મુદ્રા અશુદ્ધ ગણાય. દ્રવ્યશુદ્ધિ માટે તેનું દાન કરવું જોઈએ.

પ્રાચીનકાલમાં ગાય ધનરૂપ ગણાતી. ગોધન કહેવાતું. બાવા નન્દે ૩૬૦૦ ગાયોએ એક ગાય પ્રમાણે, બે લાખ ગાયોનું દાન દીધું છે ! નન્દરાયજીને ત્યાં ૭૨ કરોડ ગાયો હશે, - તેમ સમજાય છે. શ્રીનન્દરાયજીની અને લીલામાંની સમૃદ્ધિનો આછો ખ્યાલ આનાથી કરવો જોઈએ ! પ્રાચીન ભારતમાં આવી સમૃદ્ધિ હતી ! બીજા ગ્રન્થોમાં તો આવા નવ નન્દ, ઉપનન્દ, મહાનન્દ, વૃષભાન વગેરેના પણ ઉલ્લેખો છે. દ્રવ્ય પોતાના અંગીકારમાં યોગ્ય બને માટે ભગવાને દાનથી શુદ્ધિ કરાવી. દાન કરી શકાય તેટલા પ્રમાણમાં દ્રવ્ય મળતું ન હોય તો, મળે તેમાં સંતોષ માનવો. જીવની શુદ્ધિ આત્મવિધાથી થાય છે.

વિધાથી થતો ઉત્સવ !

બ્રાહ્મણોને દાન દેવાયાં, દક્ષિણા દેવાઈ, મંગલ-આશીર્વાદ વિપ્રોએ પ્રેમથી આપ્યા. મંગલકારક વેદમંત્રો અને પુણ્ય-શ્લોકો બોલાયા. પૌરાણિક - સૂત, વંશવર્ણન કરનાર - માગધ, વૈતાલિક, બંદિજન વગેરે પણ મંગલવાણી ઉચ્ચારવા લાગ્યા. ગાયકોએ મંગલગાન કર્યાં. સ્ત્રીઓ અને વાધવાદકો પણ મંગલગાનમાં મગ્ન થયાં. ઉત્સવસૂચક ભેરીનાદ થયો. શુભકર્મમાં વાગતાં દુન્દુભિ વાગ્યાં. વગાડનારા ઉત્સાહમાં જોરથી વગાડતા, થાકતાં અટકતા, પુનઃ ઉત્સવ મગ્ન થઈને વગાડતા ! "नेदुः मुहुः"- કહ્યું છે ! વિધાને વિશેષમાન અને અગ્રસ્થાન દેવાય, તેથી વિધાથી થતો ઉત્સવ પહેલાં કહ્યો !

વ્રજમાં સર્વત્ર સાકાર થતો ઉત્સવ :

વ્રજમાં સર્વત્ર ઉત્સવ થઈ રહ્યો હતો. ઘરની બહાર આંગણમાંથી અને અંદર ઓરડામાંથી રજઃ દૂર કરીને સઘળું ઉજ્જ્વલ-સ્વચ્છ-શુદ્ધ-કરવામાં આવ્યું હતું. સુગંધી જલ છંટાયાં હતાં. ઘરના ઉપરના ભાગમાં પણ માર્જન કર્યું હતું. શરીર પણ ઘર છે : ઉત્સવના અનુભવ માટે વસ્ત્રાલંકાર વગેરેથી બાહ્યશોભા સાથે, અંદરના ઓરડા - હૃદયમાંથી પણ રજોગુણ વગેરેના કામક્રોધાદિ - દોષો દૂર કરીને સદ્‌ભાવનું સિંચન કરવું જોઈએ. ઘરના ઉપરના ભાગરૂપ બુદ્ધિની પણ શુદ્ધિ સદ્‌વિચારથી જોઈએ. તે સિવાય આનંદ કે ઉત્સવનો અનુભવ યથાર્થ ન થાય.

વ્રજમાં ઘેર ઘેર ગરુડાદિ-ચિહ્નવાળા ધ્વજ અને જયયંત્રાદિ-અંકિત પતાકાઓ ફરકતાં હતાં. વિચિત્ર પ્રકાર તેમના હતા. મંગલ પુષ્પમાલાઓ શોભી રહી હતી. કપડાંનાં જાતજાતનાં સુંદર તોરણો બારણાંમાં ભરાવેલાં હતાં. આંબા-આસોપાલવનાં મંગલ તોરણો પણ શોભતાં હતાં. ગોવાળીઆએ પહેલો શૃંગાર ગાયોને કરાવ્યો ! પોતપોતાની ગાયો શણગારી. બળદને પણ શણગાર્યા. સાંઢને સુશોભિત કર્યા. ગાય પછી બળદ અને સાંઢ. દીનભાવ ગાયનો ! કાંઈક અહંભાવ વૃષભમાં ! દીનતાવાળાનો

ભક્તિમાર્ગમાં આદર અધિક ! "અમે સેવા-સ્મરણ કરીએ છીએ," - તેવો સાત્ત્વિક અહંકાર પણ અધિકાર ઘટાડે છે, શ્લોકમાં "च"કારથી, કાંઈ કામ ન દેતા વૃદ્ધ વૃષભને પણ શણગાર્યા, - તેમ સૂચવે છે. વાછરડાંઓને પણ શોભા કરી. મંગલસૂચક હળદર અને તેલથી તેમનાં શિંગડાં રંગ્યાં. સોનાની શિંગડીઓ ધરી. શરીરે ગૈરિકા વગેરેથી સુંદર ચિત્રોથી શોભા કરી. ભાલમાં સોનાનાં પાન લટકાવ્યાં. કાને રેશમી ફૂમતાં ધર્યાં. માથે મયૂરપિચ્છ ધર્યાં. શરીરે સુંદર વસ્ત્ર ઓઢાડ્યાં. સોનાની ઘૂઘરમાળાઓ કંઠમાં ધરી, પગે સોનાની ઘૂઘરીઓ બાંધી. બાલકૃષ્ણની પ્રતીક્ષા કરતાં હોય તેમ વાછરડાં નાચવા લાગ્યાં ! ગાયો ભાંભરવા લાગી ! ઘૂઘરમાળ રણકવા લાગી ! ભગવાનને ગાયો અતિપ્રિય. ગાયોને ઉત્સવમાં પહેલી શણગારી. ગો એટલે ઈન્દ્રિયો. ઈન્દ્રિયો વિષયાદિ - દોષ રહિત હોય, ભગવત્કાર્યમાં પરોવાયેલી હોય, તો આનંદનો અનુભવ અધિક થાય.

ગોવાળીઆઓએ મૂકી રાખેલાં નવાં વસ્ત્ર કાઢ્યાં. મહામૂલ્યવાળાં વસ્ત્રો અંદરથી નીકળ્યાં ! ગોપોએ આનંદમગ્નદશામાં પહેરી લીધાં. કિંમતી અલંકારો ધારણ કર્યા. કાંસવાળી બંડીઓ અને છોગાવાળા રંગરંગીન પાઘ પહેર્યા. ઉત્સવમગ્ન ગોપોએ ઝટપટ કેડે પણ વસ્ત્ર બાંધ્યાં, કંદોરા પહેર્યા. બીજા નેસડામાં રહેતા ગોવાળો પણ દોડતા આવ્યા. હાથમાં ટોપી, ઝભલાં વગેરે વસ્ત્ર, આભરણ, દૂધ દહીં, માખણ, મિશ્રી વગેરે ભેટ લઈને નાચતા, ગાતા ગોપો આવ્યા ! મંગલ પ્રસંગે, રાજાને ત્યાં, ખાલી હાથે ન જવાય. તેથી ભાવોદ્રેકથી ભેટ લાવ્યા. નન્દરાયજીની સમૃદ્ધિમાં ભેટથી કાંઈ ફેર પડે તેમ ન હતો ! શ્રીશુકે "राजन्"- સંબોધનથી ઉત્સવકથામાં પૂર્વાનુભવે સંમતિ પરીક્ષિતની લીધી. રાજાને ત્યાં પુત્રજન્મોત્સવમાં પ્રજાજનો ભેટ લઈને મંગલ મનાવતા આવે છે ને !

ગોપોનો ઉત્સવ - નન્દનન્દનનો; શ્રીગોપીજનનો ઉત્સવ - યશોદાનન્દનનો !

ઉત્સવમગ્ન ગોવાળો ગાતા હતા, - "નન્દ કે આનંદ ભયો, જય કનૈયાલાલકી !" "**गोप्यश्चाकर्ण्य मुदिता यशोदायाः सुतोद्भवम् ।**"- ગોપીજને સાંભળ્યું. સમજ્યાં, - "યશોદાના પુત્ર પ્રકટ થયા છે ! ગોપોએ નન્દરાજકુમારનો ઉત્સવ માણ્યો ! ગોપીજને યશોદાનન્દનનો ઉત્સવ ઉજવ્યો ! સ્ત્રીઓની સહાનુભૂતિ સ્ત્રી સાથે હોય. વૃદ્ધાવસ્થામાં યશોદાજીને ત્યાં પુત્ર આવ્યો. સાંભળતાં સૌને હર્ષ થયો. ચાર પ્રકારનાં શ્રીગોપીજન છે, - કુલ - દેહના સંબંધ (સગાઈ)વાળાં, તેવા સંબંધ વગરનાં, બેમાં પણ ભગવાન્ સાથે અંગત સેવામાં રોકાયેલાં અને સમાન કક્ષાવાળાં - અસંગત. "च"કારથી કંસના ત્રાસથી વ્રજમાં ગુપ્તરીતે રહેલાં સ્ત્રીજનો પણ ગોપી જેવો વેશ ધરીને ઉત્સવમાં ગયાં છે ! - તે સૂચવ્યું. બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરેનાં સ્ત્રીઓ પણ ઉત્સવમગ્ન થયાં. યશોદાજીના પુત્રજન્મના સમાચાર સાંભળતાં જ શ્રીગોપીજનને હર્ષ થયો !

યશઃ દે તે - યશોદા ! અને યશઃનું ખંડન કરે તે યશોદા !

ભગવદ્દાસ્યરૂપ-ધર્મ, સ્વરૂપલાભ રૂપ-અર્થ, દર્શનેચ્છા-રૂપ-કામ અને કૃષ્ણના બની જવા રૂપ-મોક્ષ, એ ચારેય પુષ્ટિમાર્ગના પુરુષાર્થ, હવે પોતાના સફલ થશે. પોતાના પ્રિય પ્રભુ જ પ્રયત્ન કરશે ! ભક્તોના મનોરથ પૂર્ણ કરશે. પોતાને કાંઈ પ્રયત્ન પણ કરવાનો નહિ રહે ! ભક્તોને તો આવો કાંઈ વધારે વિચાર કે નિર્ણય પણ ન કરવો પડે. પ્રભુની વાત સાંભળતાં હૈયે હર્ષ ન સમાય ! યશોદાસુત જન્મ્યા છે. "यशो ददातीति यशोदा ।"- સૌને યશ દે તે, - યશોદા ! રૂપ કે ગુણમાં તેમના

જેવો પુત્ર બીજાનો નથી. વ્રજ અને વ્રજવાસીઓને તે ગૌરવરૂપ છે. વ્રજનું ગૌરવ તો યશોદાસુતથી જ છે ને! **"यशो द्यतीति यशोदा ।"**- સૌના યશઃનું ખંડન કરે - માનમર્દન કરે - તે, - યશોદા! અનેક મહાન્ પુરુષો પહેલાં જન્મી ચૂકયા. સૌની માતાઓને પોતાના પુત્રને લીધે યશઃ-માન હતું. આજે યશોદાસુત પ્રકટ થયા! - એક અને અદ્વિતીય! તેમની માતાનું માન પણ સૌથી અધિક જ થાયને! સૌ માતાને પોતાનું બાલક ઉત્તમ જ લાગે; છતાં જગતભરની માતાઓને યશોદાના લાલ જેવાં પોતાનાં બાલ નથી લાગતાં. સર્વશ્રેષ્ઠ લાગે છે, - યશોદાનન્દન! પોતાનું માન છોડી, સૌ માન દે છે, - મા યશોદાને! "આવો અદ્‌ભુત તો આ એક જ જોયો!" - મા યશોદાએ સૌના યશઃનું ખંડન કરી દીધું!

શ્રીગોપીજનને તો પોતાનો આત્મા જ સમર્પણીય છે! :

શ્રીગોપીજનનાં તો શરીર પણ ભગવદ્રૂપ છે, - અવિકૃત છે! :

હર્ષભર્યાં શ્રીગોપીજનને તો પ્રાણપ્રિય પ્રભુ જ પોતાનું સર્વસ્વ છે. તેને તો પોતાનો આત્મા જ નિવેદનીય છે. શ્રીગોપીજને આત્મનિવેદન કર્યું! - **"आत्मानं भूषयाञ्चक्रुः ।"** પોતાના આનંદ કે કલ્યાણ માટે નહિ! સ્વામીના સુખ માટે સર્વસ્વનું નિવેદન છે, માટે **"चक्रुः"**- પરસ્મૈપદ છે! **"आत्मानं"**- પદનો પ્રયોગસૂચક છે. "આત્મા"નો અર્થ શરીર પણ થાય છે. શ્રીગોપીજનનાં શરીર પણ લૌકિક - પ્રાકૃત - નથી. આત્મા જેમ પાઞ્ચભૌતિક નથી, તેમ વ્રજભક્તોના દેહ પણ પાઞ્ચભૌતિક નથી! મુક્તોને પણ બ્રહ્માનંદનો અનુભવ આત્માથી થાય છે, શરીરથી નહિ, બ્રહ્માનંદથી પણ અધિક છે, - સ્વરૂપાનન્દ! સ્વરૂપાનન્દનો અનુભવ પણ શ્રીગોપીજનને તો સદેહે થયો છે! શ્રીગોપીજનનાં શરીર પણ અવિકૃત-ભગવદ્રૂપ-છે.

આત્મનિવેદન - બ્રહ્મસંબંધ - વિચાર! :

કૃષ્ણસેવાનો અધિકાર આત્મનિવેદનથી મળે છે. પોતાનાં માનેલા દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ - તેમના ધર્મો, પત્ની, ઘર, પુંત્ર, આપ્તજન, ધન, આ - લોક, પરલોક સઘળું આત્મા સાથે ભગવાન્ કૃષ્ણને સમર્પણ કરવું, - પોતે દાસભાવે કૃષ્ણના બની જવું, - તે આત્મનિવેદન છે. પ્રભુ પ્રસન્ન થાય તેમ, તે સર્વનો વિનિયોગ કરાવવો, - તે આત્મનિવેદન છે. આત્મનિવેદનથી દેહ અને જીવના સર્વદોષની નિવૃત્તિ થાય છે. સહજ, દેશકાલથી થયેલા, લોક તથા વેદમાં વર્ણવેલા, સંયોગથી અને સ્પર્શથી થયેલા, સઘળા દોષો આત્મનિવેદનરૂપ બ્રહ્મસંબંધથી દૂર થઈ જાય છે વાસ્તવમાં, તો સઘળું ખરેખર બ્રહ્મ જ છે. સઘળું બ્રહ્મ હોવાથી, બ્રહ્મસંબંધ તો સર્વ-સામાન્ય છે.

જીવ, સૃષ્ટિના આરંભમાં ભગવદિચ્છાથી ભગવાનથી છૂટો પડ્યો છે. તે તેને યાદ પણ આવતું નથી. હજારો વર્ષો વીતી ગયાં છે. પોતાના બ્રહ્મમાંથી છૂટા પડતાં પહેલાનાં આનંદને તે યાદ પણ કરી શકતો નથી. પ્રભુનો વિરહ તો છે; પણ વિસ્મૃતિ થઈ હોવાથી, તેમાંથી થતા કોઈ સંતાપ - કલેશનો અનુભવ જીવને નથી! પ્રભુ માટેના તાપકલેશનો અનુભવ પણ કૃતાર્થ કરે છે. અનેક જન્મના સંસ્કારોથી અનેક દોષો જીવમાં છે. ભગવાન્ નિર્દોષ છે. બ્રહ્મસંબંધ સઘળા દોષોને દૂર કરનારો સંસ્કાર છે! તે જીવના દોષ દૂર કરી, નિર્દોષ બનાવી દે છે. વિસ્મૃત-શિથિલ-સંબંધને સુદૃઢ બનાવે છે! યજ્ઞોપવીત-સંસ્કારથી બ્રાહ્મણમાં બ્રહ્મણ્યદેવતા પ્રકટે છે, વૈદિકકર્મનો અધિકાર મળે છે, બીજો જન્મ ગણાય છે! તેમ

બ્રહ્મસંબંધથી વૈષ્ણવત્વ, નિર્દોષતા આવે છે, કૃષ્ણસેવાધિકાર મળે છે, નવા જન્મરૂપ ગણાય છે!

જીવ અને બ્રહ્મના સંબંધની પ્રાથમિકસ્મૃતિ છે. - "दासोऽहम्"- "હું દાસ છું!" કોઈ લૌકિક શેઠ, પૈસા, પરિસ્થિતિ, સ્વાર્થ - વગેરેનો જીવ દાસ નથી! જીવ તો ભગવાનનો અંશ છે. એ ભગવાન્ છે- કૃષ્ણ, તેથી, આર્દ્ર થઈને વિનવે છે, - "कृष्ण"- "હે કૃષ્ણ!" "तवाऽस्मि"- "તારો છું!" "હું દાસ છું!"- એ ભક્તિમાર્ગીય ધર્મજ્ઞાન છે. "હે કૃષ્ણ! તારો છું!" - એ ભક્તિમાર્ગીય મોક્ષ-જ્ઞાન છે.

ધર્મનું ફલ મોક્ષ છે. એ ભાગવતસિદ્ધાન્ત છે. જપ, પાઠ, પૂજા, ઉપવાસ, ઉપાસના વગેરેથી પોતાનાં સુખ, શાંતિ, સલામતિ માત્ર શોધવાં તે તો માત્ર શ્રમ છે. દાસધર્મથી જીવ સેવા કરે તો સ્વરૂપલાભ થાય, અર્થપુરુષાર્થ મળે. શ્યામસુંદરના સ્વરૂપનાં દર્શનથી કામપુરુષાર્થ ફળે. બ્રહ્મસંબંધ લઈને કૃષ્ણસેવા કરવાથી સઘળા પુરુષાર્થ વગર પ્રયત્ને ફલિત થઈ જાય! ભક્તિમાર્ગીય પુરુષાર્થોમાં મુખ્ય પુરુષાર્થ રૂપ ભક્તિ તો સ્વાભાવિક રીતે જ આરંભથી તેમાં વણાઈ ગયેલી હોય! સેવાથી ભગવાન્ પ્રસન્ન થાય. સદાનન્દ કૃષ્ણની પ્રસન્નતાથી જ સ્વરૂપાનન્દરૂપ રાસાદિ-લીલાઓનો અનુભવ મળે, આનંદ મળે, સુખ મળે. અન્યત્ર સુખ શોધવા આથડનારને માત્ર દુઃખ જ મળે છે! પ્રભુ પ્રસન્ન થાય તેમ પોતાનાં શરીર, ઈન્દ્રિય, અંતઃકરણ - તેના ધર્મો, સ્વજન, ઘર, ધનાદિસર્વસ્વનો સદુપયોગ પ્રભુસેવા છે. આત્મનિવેદનથી આવો અધિકાર મળે છે. અધિકાર ફલલાભમાં ઉપકારક છે.

શ્રીગોપીજન ઉત્સવ મનાવતાં નન્દાલયમાં પધાર્યાં!:

શ્રીગોપીજનના તો પ્રત્યેક પદાર્થ, ક્રિયા વગેરે સઘળું માત્ર કૃષ્ણ પ્રસન્ન થાય માટે જ છે, સેવામય છે. શ્રીગોપીજને ઉત્તમ વસ્ત્રો પરિધાન કર્યાં, અનેક આભરણો ધર્યાં. નેત્રમાં અંજન આંજ્યાં. સુંદર તિલક, માલા વગેરે ધારણ કર્યાં. સમાચાર સાંભળી આત્માનો અલંકાર કરી શ્રીગોપીજન ઉલ્લાસથી નન્દાલયમાં પ્રભુ પાસે પધારે છે. સર્વદેવતા રૂપ શ્રીગોપીજન છે! મુખ વિકસિત થઈ રહ્યાં છે. તે અલૌકિક વિકાસ છે. વિકાર તેમાં કાંઈ જ નથી. લોકો ન સમજી શકે, માત્ર ભગવાન્ જાણે તેવું અલૌકિક! શ્રીગોપીજને કરેલા તાંબુલચર્વણથી ઓષ્ઠમાં અદ્ભુત લાલ રેખા દેખાય છે. નૂતનકેશરના તંતુઓ પીસીને સુંદર તિલક ભાલમાં કર્યાં છે. અદ્ભુત મુખકમલની શોભા છે. ભગવાન્ પ્રસન્ન થાય તેવાં સર્વોત્કૃષ્ટ ગંધ, રૂપ, સ્પર્શ, શબ્દ અને રસ શ્રીગોપીજનમાં વિરાજે છે. ભગવાન્ પણ પોતાના વ્રજભક્તોમાં આસક્ત છે! રસરાજને રસપાત્ર શ્રીગોપીજન રસજ્ઞાનનું દાન દેવા પધારે છે!

શ્રીગોપીજને કરકમલમાં વરમાલા શાં માલા પધરાવ્યાં છે! પૂજન-સામગ્રી સાથે છે. પ્રિય પ્રભુને તો સર્વસ્વ દેવું જોઈએ. મંથરગતિને અનુકૂલ શરીર છે. ઉતાવળુ ચાલવું અશક્ય છે, છતાં ઉતાવળાં પધારે છે! ભક્તો ભગવાન્ માટે તો અશક્યને સુશક્ય બનાવી દે છે! નન્દાલયમાં પ્રવેશતાં શ્રીગોપીજનનું વર્ણન કરે છે, -

गोप्यःसुमृष्टमणिकुण्डलनिष्ककण्ठ्यश्चित्राम्बराः पथि शिखाच्युतमाल्यवर्षाः ।
नन्दालयं सवलया व्रजतीर्विरिजुर्व्यालोलकुण्डलपयोधरहारशोभाः ॥ (११)

દૂરથી શ્રીગોપીજન પધારી રહ્યાં છે. પ્રભુની નિકટમાં આવતાં ભક્તો સર્વશોભા પ્રકટ કરે છે! આગળ પાછળથી આવેલાં યૂથ એકઠાં થયાં છે. માર્ગમાં આવતાં વસ્ત્રોમાં આભરણ છુપાયેલાં

હતાં. નન્દાલયમાં પ્રવેશતાં તે સઘળાં પ્રકટ દેખાયાં ! વસ્ત્રશોભા પણ સંપૂર્ણ પ્રકટ થઈ. કલ્પોથી પોતે જેની પ્રતીક્ષા કરતાં હતાં, તે પ્રાણપ્રેષ્ઠ પ્રભુ પ્રકટ થવાના સમાચાર સૌથી પહેલાં કાને દીધા હતા. "**आकर्ण्य मुदिताः ।**"- પ્રભુ પ્રાકટ્ય સાંભળીને શ્રીગોપીજન રાજી થયાં હતાં. મંગલ-સમાચાર દેનારને તો વધાઈ દેવાય ! આ જ કાન પુનઃ વેણુવાદનશ્રવણ કરવાના છે. શ્રવણભક્તિ જ પ્રથમ છે. તેને ચતુર શ્રીગોપીજને માન પહેલા દીધું. શ્રીશુકે વર્ણન પહેલાં કર્ણાભરણનું કર્યું. મણિજડ્યાં કુંડલ શ્રીગોપીજને કાને ધર્યાં છે, જાણે કે કુંડલના મણિ જોઈને રાસમાં રમણી રૂપ હેમમણિના મધ્યમાં વિરાજનારા મહામરકતમણિ શા રસમણિના રાસનિમંત્રણની પ્રતીક્ષા ન કરતાં હોય ! "**मध्ये मणीनां हैमानां महामारकतो यथा ।**" વેગથી પધાર્યાં હોવાથી કુંડલ કંપે છે ! જાણે વેણુનાદશ્રવણને ઝંખે છે ! "**रहसि संविद् ।**"- ને ઈચ્છે છે ! "**निष्ककण्ठयः ।**"- કંઠમાં પદકવાળી માળાઓ ધરી છે. જાણે રાસમાં રસ દેનારા "**पुरुषभूषण**"- ને સ્મરી રહ્યાં છે ! હાર કંપે છે ! પાદપદ્મસ્પર્શ ઈચ્છતાં વક્ષઃસ્થલ કંપે છે ! "**चित्राम्बराः**"- વિચિત્ર અંબર-વસ્ત્રો-પરિધાન કર્યાં છે ! ભક્તો તો સર્વથા ભગવાનને અનુકૂલ હોય છે. ભગવાન્ પણ "**या नन्दनन्दनमुपात्तविचित्रवेषम् ।**"- માં વિચિત્ર-વેશવાળા દર્શન દેવાના છે. સર્વરસાનુભવ કરાવે તેવાં વિચિત્ર ! અત્યદ્ભુત ભગવાનને ગમતાં વસ્ત્રો શ્રીગોપીજને ધર્યાં છે. "**पथि शिखाच्युतमाल्यवर्षाः ।**"- માર્ગમાં કેશપાશમાં ગૂંથેલાં પુષ્પો - વૃષ્ટિની જેમ નીચે પડી રહ્યાં છે ! ઉતાવળમાં શિથિલ ગૂંથેલાં પુષ્પો, ઉતાવળમાં ચાલવાથી, મસ્તકેથી પૃથ્વી પર વરસી રહ્યાં છે ! સુમન તો મસ્તકે શોભે વા કણ્ઠે વિરાજે; પણ પ્રભુને સર્વસ્વસમર્પણ કરતાં વ્રજભક્તોના પાદપદ્મસ્પર્શે જાણે કૃતાર્થતા મેળવવી હોય તેમ પુષ્પ પૃથ્વી પર પડે છે ! દાસાનુદાસ થવાનું સૌભાગ્ય મળે ને ! પ્રભુ માટે સર્વસ્વ ત્યાગ કરનાર સન્નિષ્ઠ-ભક્તોને જાણે વધાવે છે ! નીચે પડેલાં પુષ્પ જાણે નન્દાલય-ભગવત્પ્રાપ્તિ-નો માર્ગ અજાણ્યાને ચીંધે છે !? "શ્રીગોપીજનનો આ માર્ગ છે. તેને અનુસરો ! પુરુષોત્તમ મળશે. નન્દાલયે પહોંચશે. આનંદોત્સવ અનુભવાશે !" પુષ્પો તો લૌકિક છે, ચ્યુત થાય છે. ભગવાન્ અલૌકિક છે, અચ્યુત છે ! "**अतिविलङ्घ्य तेऽन्त्यच्युतागताः ।**"- શ્રીગોપીજન સઘળું છોડીને અચ્યુત પાસે રાસમાં પધારે છે. "**सवलयाः**"- કરમાં કંકણ ધર્યાં છે. મંગલધ્વનિ તેનો થાય છે, "**वलयनूपुरघोषवाद्यैः**"- રાસમાં તો કંકણધ્વનિ વાદ્ય રૂપ થવાનાં છે. તેની જાણે પ્રતીક્ષા કરી રહ્યાં છે ! રાસના અધિકારીને તો પ્રભુપ્રાકટ્યથી જ રસાપેક્ષા અને અનુભૂતિ થાય ને ! "**व्यालोलकुण्डल-पयोधरहारशोभाः ।**"- કંપતાં કુંડલ, વક્ષઃસ્થળ અને હારની શોભા શ્રીગોપીજનથી છે. શ્રીગોપીજન આભરણોથી શોભતાં નથી, આભરણો શ્રીગોપીજનથી શોભે છે ! ભગવાન્ પણ "**भूषणभूषणाङ्ग**" છે ને ! - આભૂષણના આભૂષણરૂપ ભગવાનનું સ્વરૂપ છે !

ભગવદ્ભાવથી શ્રીગોપીજનમાં ભગવદાવેશ છે. શ્રીગોપીજનનો ભાવ પુરુષોત્તમમાં છે, વાસુદેવાદિ-વ્યૂહમાં નહિ ! ભગવાન્ ભક્તોથી પરોક્ષ નથી, પ્રત્યક્ષ છે ! અંતઃકરણનો અભિલાષ અભિવ્યક્ત કર્યો, સત્ય-આશિષ કહી. - "**चिरं पाहि**"- બાલક કૃષ્ણને વિનવતાં હતાં. સર્વજ્ઞ ગોપીજન જાણે છે. વ્રજમાં પ્રભુ પ્રકટ રીતે અગિયાર વર્ષ વિરાજવાના છે; અથવા માત્ર રાત્રિમાં રસવિહારો છે. સર્વભાવે પાલન અલ્પકાલ કરવાના છે; તેથી દીર્ઘકાલપાલન માટે દરેક ગોપીજન વિનંતી કરે છે. ભાવાનુસાર ભગવાનનો અનુભવ સૌ ભક્તોને થાય છે. શ્રીગોપીજન ભગવદ્ભાવ-મત્ત થઈ ગયાં.

પ્રેમથી લાલના ભાલમાં તિલક કર્યું! ઉત્સવ આરંભાયો! ગોપીજન સિંચન કરતાં, સ્વજન રૂપે પધારેલા અજન ભગવાન્ પુરુષોત્તમનું ગાન કરવા લાગ્યાં. ગોપીજને વાણીથી વિનવ્યું હતું, - તે ક્રિયાથી પણ સૂચક રીતે પ્રાર્થ્યું. હરિદ્રા ઉત્સવસૂચક છે. ચૂર્ણ અનુરાગ-સૂચક છે. તેલ સ્નેહરૂપ છે. મેળવણી થતાં તે રંગ લાંબા સમય સુધી રહે છે; જતો નથી. જલમાં મેળવતાં તે ફેલાઈ જાય છે. આ સૂચવે છે, - "અમારા અનુરાગપૂર્વકના પ્રેમથી પરવશ થયેલા પુરુષોત્તમ સર્વયૂથોને લીલારસાનુભવ કરાવતાં દીર્ઘકાલ પર્યંત રક્ષા કરો!" પરસ્પર-સિંચન અને ગાન ભાવવૃદ્ધિ માટે છે. આ પુષ્ટિભાવનો લાભ ગુરુ શ્રીગોપીજનની કૃપાથી જ સંભવે છે! શ્રીગોપીજને જાણ્યું છે કે, પોતાના ધામરૂપ અક્ષરબ્રહ્મને પ્રકટ કરીને પુરુષોત્તમ પોતે અહીં પધાર્યા છે; તેથી શ્રીશુકે ભગવાન્ માટે "**अजन**"- શબ્દ વાપર્યો છે. પુરુષોત્તમ પ્રાપ્ત થતાં કોઈ અપેક્ષા રહેતી નથી! લોક-વેદનાં સાધન કે ફલની પણ અપેક્ષા ચાલી જાય છે.

વ્રજવાસીઓએ આત્મીયતાથી અનુભવેલો ઉત્સવ!:
સેવામાં પ્રભુને આત્મીયતાથી પધરાવી દે છે, - શ્રીમહાપ્રભુજી!

"**अवाद्यन्त विचित्राणि वादित्राणि महोत्सवे ।**"- આ તો મહોત્સવ છે! જન્મોત્સવ લીલા છે તો ભગવાનની, પણ પ્રકટ થઈ ભક્તો દ્વારા! ભગવાને ભક્તોની મુખ્યતા સ્વીકારી! તેથી નામ થયું - "શ્રીનન્દમહોત્સવ!" તેમાં ભાગ લેવાનો અધિકાર નાનાં, મોટાં, સ્ત્રી, પુરુષ વગેરે સૌને છે. ફલરૂપ રાસલીલા ઉત્સવ છે, - "**रासोत्सवः सम्प्रवृत्तः ।**" તેમાં ભાગ લેવાનો અધિકાર સર્વાત્મભાવવાળાં મધુરભાવપૂર્ણ શ્રીગોપીજનને જ છે! તેમને જ બોલાવ્યાં છે! પુરુષોત્તમના પ્રાકટ્ય પછી જ ફલરૂપ રાસ સુધીની લીલાઓ મળે છે, તેથી પણ પ્રાકટય પ્રસંગે મહોત્સવ છે. મહોત્સવમાં મૃદંગ, શંખ, ભેરી, વીણા, ઢોલક, ગોમુખ, ધુન્ધુરી, નગારાં, ઘંટ, દુંદુભિ વગેરે અનેક પ્રકારનાં વિચિત્ર વાદ્યો વાગવા લાગ્યાં.

"કૃષ્ણ" - સદાનન્દ સ્વરૂપને ઓળખાવતું નિત્ય નામ છે. ગર્ગે તો આઠમા - અધ્યાયમાં તે માત્ર પ્રકટ કહ્યું છે. કૃષ્ણ-વિશ્વેશ્વર-અનન્ત પધાર્યા છે. કાલના પણ કાલ પ્રભુ છે. આધિદૈવિક-લીલાનુકૂલ કાલ પ્રકટ થયો છે! સેવકોએ ભગવાનની સેવા કરવી જોઈએ. પૂર્વાવતારમાં દ્રોણ વસુ રૂપે નન્દજી ભક્ત છે. ભગવાન્ પધારતાં વગર જાણ્યે પણ ભક્તને ઉલ્લાસ થાય! ઉત્સવ મનાવે! વાદ્યો વાગે! વાદ્ય ચાર પ્રકારનાં! ૧. વાદ્ય - તંતુવાળાં વીણા વગેરે; ૨. ઘન-કાંસ્ય, મંજીરા વગેરે; ૩. આનદ્ધ-ચામડાથી મોં બાંધેલાં, મૃદંગ આદિ; ૪. શુષિર-છિદ્રવાળાં-શંખ વગેરે. થાળી, તાળી વગેરે પણ વાગે તો વિચિત્ર જ લાગે ને!

શ્રીગોપીજનને ભગવત્સ્મરણ માત્રથી ભગવદાવેશ થયો! ગોપોને ભગવાનની પાસે આવતાં ભગવદ્ધર્મ પ્રકટ થતાં ભગવદાવેશ થયો! શ્રીગોપ-ગોપીજન ભગવદાવેશથી ઉત્સવ મનાવતાં નાચે છે, કૂદે છે. ગાય છે. સિંચન કરે છે. "**सुध न परे का काहूकी नारी !**"- દેહાનુસંધાન નથી! "**मनसः सर्वविस्मारक आह्लाद उत्सवः ।**"- મનમાંથી સઘળું ભુલાવી દે તે, - ઉત્સવ! આ તો મહોત્સવ છે!

ગોવાળીઆઓ દોડ્યા. દહીં, દૂધ, ઘી અને જલ મેળવીને પરસ્પર-સિંચન કરવા લાગ્યા. દહીં મોંએ ચોપડે છે. નવનીત લાવ્યા. માખણના ગોળા એકબીજા પર ફેંકવા લાગ્યા! ઘેલા થઈને ઉત્સવમાં ઘૂમવા લાગ્યા! ખાતા જાય, ગાતા જાય, - "**ग्वाल देत है हेरी घर घर....।**" ઉત્સવમગ્ન ગોવાળો

જેના હાથમાં જે આવ્યું તે લાવ્યા. એક બીજા ઉપર ફેંકવા લાગ્યા ! ''**लूंटत झपटत खात मीठाई।**''- ઝપટ મારીને, લૂંટી લઈને, મીઠાઈ ખાતાં મધુર મુખે, મધુર હૃદયે, મધુર વાતાવરણમાં, મધુર કંઠે મધુરાધિપતિનું ગાન કરતા હતા ! - "નન્દ કે આનન્દ ભયો જય કનૈયાલાલકી !" દૂધ કે ઘી ઢોળાવાથી ગણાતાં અપશકુન અહીં નથી ! અહીં તો મહોત્સવ છે ! ભક્તો માટે ભગવાન્ પોતે નન્દના વ્રજમાં પધાર્યા, તે પુષ્ટિ-કૃપા-છે. - ''**नन्दस्य व्रजमागते।**'' ભગવાન્ માત્ર કૃપાથી જ મળે છે. તેરમા શ્લોકમાં "કૃષ્ણ અને મહોત્સવ"નો ઉલ્લેખ કર્યો. દ્વાદશાંગ-પુરુષનાં અને અંગી તેરમા !

"સવ" - વૈદિકયજ્ઞ છે. - ''**सूयते सोमोऽनेनेति।**'' ભાગવતમાં "બૃહસ્પતિસવ"નો ઉલ્લેખ છે. તેમાં વ્યવસ્થિતવિધિ હોય. 'ઉત્' - ઉપસર્ગ લગાડતાં "ઉત્સવ" - શબ્દ બને. ''**नियताह्लादजनकव्यापारः।**'' યજ્ઞાદિ-વિધિમાં શાસ્ત્રનું શાસન હોય, ભાવ દબાઈ રહે. ઉત્સવમાં વિધિ-નિયમ હોવા છતાં, ભાવ ઉછળે, સ્નેહનું શાસન મુખ્ય બને. ઉત્કૃષ્ટ કે ઉત્તમ સવ તે, - ઉત્સવ ! ઉત્સવમાં નિયતાહ્લાદ હોય. આ તો મહોત્સવ છે. અનિયત સૌને આનંદ તેમાં મળે છે !

નન્દજી "જાતાહ્લાદ" - હોવાથી અંતરમાં આનંદ જન્મ્યો છે. બહાર ઉત્સવ રૂપે પ્રકટયો છે; અને સદાનન્દ-"કૃષ્ણ" પણ પ્રકટ પધાર્યા છે. અંદર અને બહાર સ્વાભાવિક-સંપૂર્ણ-આનંદમાં સૌ મગ્ન થઈ ગયાં છે. સૌ સ્નેહના શાસનમાં સ્વયં સ્ફુરણાથી ઉત્સવમગ્ન થઈને આનંદ માણે છે. ઉત્સવ નન્દરાયજીનો નહિ, પોતાનો જ હોય તેમ સૌ આનંદ માણે છે ! આત્મીયતાથી અંતઃસ્પર્શ થાય છે. ઉત્તમતા બહુ તો ઉત્તમાંગ (બુદ્ધિ)ને સ્પર્શે છે. કેવલ ઉત્તમતા કદાચ આંજી નાખે, પણ આત્મીયતા તો એકરૂપ બનાવી દે છે, અનુકૂલ બનાવે છે ! માત્ર ઉત્તમતાને લીધે બુદ્ધિથી થયેલો આદર બહુ ન ટકે. સ્નેહથી સ્વાભાવિક રીતે થતો સમાદર સદા સચવાઈ રહે, વધતો જાય ! નન્દરાયજી કે તેમના પુત્રને માત્ર ઉત્તમ માનીને સૌ ઉત્સવમાં ભાગ લેતા ન હતા, આત્મીયતા હતી; તેથી એકરૂપ થઈને આનંદ લૂંટતા હતા. ભગવાન્ સૌના આત્મા રૂપ છે. તેમાં થતી આત્મીયતા કૃત્રિમ નથી, સાચી અને સ્વાભાવિક છે !

માહાત્મ્યજ્ઞાનથી ઉત્તમતા સમજાય; પછી સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહ થાય તે ભક્તિ કહેવાય છે. ભક્તિથી મુક્તિ મળે છે. ઉત્તમતા પછી પણ આત્મીયતા રૂપ સ્નેહ થવો જ જોઈએ. ભગવાન્ પોતાના આત્મા તરીકે ઓળખાય તો સહજ સ્નેહ થાય; બુદ્ધિ અને હૃદય બંને ભગવાનમાં રત થઈ જાય !

સંસારીઓ પ્રાયઃ સાધન રૂપ ભગવાનને ભજે છે ! ભગવાન્ પાસેથી યજ્ઞ, વ્રત, જપ, સેવા, પૂજા, પાઠ, સ્તુતિ, મનોરથાદિ દ્વારા પોતાને માટે સુખ, શાંતિ, સંપત્તિ, સત્તા, સન્માન, સંતતિ, સલામતી કે કોઈક મુક્તિ વગેરે મેળવવા - સ્વાર્થ સાધવા - મથે છે ! પરિણામે જે મેળવવા માગે છે તે, મુખ્યફલ તો લૌકિક છે કે વૈદિક છે. લોકોનું આવું ધર્માચરણ કે ભગવદ્ભજન તો ગૌણ કે સાધનરૂપ ગણાય. તેનાથી સાચું સુખ કે ભક્તિ કે સનાતન-શાંતિ ન જ મળે. ભગવાન્ પણ ન મળે. ભગવાનની પ્રસન્નતા કે પ્રાપ્તિ માટે જ ભગવાનને ભજવા તે જ મુખ્ય છે. તે જ સાચું ભગવદ્ભજન છે. ભક્ત તો ભગવાનને જ પોતાના સર્વસ્વ કે ફલ રૂપે ગણે છે. આત્મા રૂપે ગણે છે. પ્રભુ વિના બીજું કાંઈ જ ઈચ્છતા નથી !

પ્રાણી માત્રને પોતાના પ્રાણ કે દેહ પ્રિય લાગે છે. પોતાપણાના ભાનથી આ પ્રીતિ થાય છે. જીવનંમાં કાંઈક સુખાનુભવ થાય માટે ભગવાને જીવને સ્વલ્પ પ્રીતિ દીધી છે. જ્યાં મન માને - પ્રિયતા લાગે, - ત્યાં સુખનો અનુભવ થાય છે! વ્યક્તિ કે વસ્તુ કે વપુ (દેહ)માં પોતાની પ્રીતિથી જ સુખ લાગે છે. વસ્તુ કે વ્યક્તિ સુખ આપતાં નથી! નવો સુંદર મનગમતો સોફાસેટ લાવ્યા. સુખ-આનંદ લાગશે; પણ છોકરાએ રમતાં બ્લેડથી રેક્ઝીન ચીરી નાખ્યા પછી ? દુ:ખ નથી લાગતું ? સોફામાં સુખ હોત તો કાયમ લાગત! સોફાસેટ નકામો થયા પછી પ્રીતિ ક્યાં ? સ્વજન પણ સાનુકૂલ હોય ત્યાં સુધી સુખ મળે, પણ રિસાયા પછી ? પ્રીતિ તો ભગવદ્ધર્મ છે. ભગવાને પ્રીતિ આપી છે. ભગવાન્ આત્મા રૂપ છે. **''आत्मैवेदं सर्वं''** - આત્મા રૂપ ભગવાન્ જ સર્વ - વસ્તુ કે વ્યક્તિ રૂપે પણ છે. પરિણામે તેમાંથી પ્રીતિનો અનુભવ થાય છે. ભગવાન્ આત્મા રૂપે ઓળખાય તો બધેથી પ્રીતિ છૂટે. ભગવાનમાં સુદૃઢ અને સર્વથી અધિક પ્રીતિ થાય. પ્રીતિથી લીલાનુભવ મળે.

ભગવાનની લીલા તો - "નિત્યલીલા, નિત્ય નૌતમ, શ્રુતિ પણ ન પામે પાર!" ચંચલ લક્ષ્મીજી પણ સ્થિર થઈને ચરણસેવા કરે છે, નિત્ય નૂતન સ્વરૂપાનુભવ થાય છે, પ્રીતિ પ્રગાઢ થતી જાય છે, આનંદાનુભવ વધતો જાય છે! અનહદ અનુગ્રહ ભગવાને વ્રજભક્તો પર કર્યો છે. આત્મા રૂપ ભગવાન્ પોતે જ બહાર બાલક રૂપે પ્રકટ થઈને પધાર્યા છે! તેમાં જ ભક્તોની સઘળી ઈન્દ્રિયો આસક્તિપૂર્વક પ્રવૃત્ત થઈ ગઈ છે. પ્રયત્ન કરવો પડ્યો નથી! બાલકરૂપ ભગવાનમાં સૌની આત્મીયતાથી અદ્ભુત, અપૂર્વ આહ્લાદ થયો! "અમારા લાલા! અમારા નન્દરાજકુમાર! અમારા યશોદાનન્દન! અમારા કૃષ્ણ! તે અમારા! અમે તેના! અમે દાસ! તે સ્વામી!" - આ ભાવ કૃતાર્થ કરે છે. મહોત્સવમાં સૌ મગ્ન થઈ ગયાં છે. મહામના બાવા નન્દજી છે. નન્દના મનની વિશાલતા- ઉત્સાહ-બતાવવા **''महामनाः''** - કહ્યું છે.

માનપૂર્વક દાન નન્દરાયજી સૌને દઈ રહ્યાં છે. વસ્ત્ર, અલંકાર, ગોધન, બ્રાહ્મણોને આપ્યાં. સૂત, માગધ, બંદિજન, અન્ય ગાયક, વૈધ, જ્યોતિર્વિદ, શાકુનિક સૌને નન્દરાયજીએ કીર્તિ વધારે તેમ વસ્ત્ર, અલંકાર અને ગાયનાં દાન દીધાં. **''तैस्तैः कामैरदीनात्मा यथोचितमपूजयत् ।''** - જેની જે ઈચ્છાઓ હતી તે પ્રમાણે નન્દરાયજીએ આદરથી દાન દીધું! સૌને અભીષ્ટ આપ્યું. યથોચિત આપ્યું. આપતાં નન્દરાયજીના અંત:કરણમાં સંકોચ થયો નથી. આપવામાં ઉદારતા અને વિવેકબુદ્ધિ છે. તે વગર, આપતાં તો અપયશઃ મળે. પાત્ર જોઈને નન્દજીએ દાન આપ્યું છે. સૌને મનગમતું મળ્યું! પ્રસન્ન થયા. ઈચ્છેલું આદરથી આપનાર પ્રત્યે આત્મીયતા થાય છે. લોકોને પોતાની ઈચ્છા ન સંતોષાય ત્યાં આત્મીયતા લાગતી નથી! ચતુર નન્દજી પોતાના ગોવાળો પાસે આવ્યા. સાથે લાલાને લાવ્યા. ગોવાળનો આનંદ અંતરમાં સમાતો ન હતો. પ્રસંગ માત્ર પોતાનો ન રહે, સૌને પોતાનો લાગે તેમ, પ્રેમવિહ્વલ નન્દજી બોલ્યા, - "તમને હું શું દઉં ? તમે મારા છો. હું તમારો છું. આ દીકરો તમારો છે!" **''बांह गहाए सुत केरे ।''** - સૌના હાથમાં પોતાના પુત્રનો હાથ પકડાવ્યો! ભોળા ભક્ત ગોવાળોને આથી અધિક શું જોઈએ ? મનગમતું મળી ગયું. અંતરનો આનંદ આંસુ રૂપે ઊભરાયો. પ્રેમમગ્ન થઈ ગયા!

માનવ ઉત્સવ કે મંગલ પ્રસંગને માત્ર પોતાનો જ રાખે તો આનંદ પરિમિત મળે છે. સૌનો બનાવી દે તો અખૂટ આનંદ મળે છે. સ્વજનો સાથે પ્રસંગ ઊજવવાની શાસ્ત્ર અને સમાજવ્યવસ્થા

આવા હેતુથી સંભવે છે. ગોવાળોને લાલા પર હક્ક મળ્યો, ધન્ય થયા. હક્ક ભગવાન્ ઉપર કરવો ! પ્રભુને પોતાના બનાવવા, પ્રભુના બની જવું, જીવન ધન્ય બની જાય! નન્દજીની જેમ શ્રીમહાપ્રભુજીએ પણ પોતાના પ્રિય સ્વામી કૃષ્ણને સૌ વૈષ્ણવોના બનાવી દીધા છે ને ! સૌ વૈષ્ણવને પોતાના સેવ્યસ્વરૂપમાં "મારા ઠાકોરજી"-નો ભાવ છે ને ! મહોદાર-ચરિત્રવાન્ છે, - શ્રીવલ્લભાચાર્યજી !

"મહાભાગા" - રોહિણીજી ઉત્સવની વ્યવસ્થા સંભાળે છે ! :

ઉત્સવમાં રોહિણીજી ગુપ્ત ન હતાં, પ્રકટ ફરતાં હતાં ! ભગવદાવેશમાં કોઈનો ભય રહે નહિ. રોહિણીજી જાહેરમાં ફરે નહિ, તો લોકોને - કંસને આ પુત્ર વસુદેવનો હોવાની શંકા થાય, બહાર દેખાવાથી આ ભય રહે નહિ ! રોહિણીજી તો "महाभागा" - છે. પ્રભુ પધારતાં પહેલાં બલરામજીના જન્મથી જ કૃતાર્થ છે ! વસુદેવજીનાં અન્ય-પત્નીઓને પ્રભુની બાલલીલાનું સુખ મળ્યું નથી ! રોહિણીજીને બાલલીલાનું સુખ મળ્યું છે, રાજલીલાનું દર્શનસુખ પણ મળવાનું છે ! રોહિણીજી રાજ્યવૈભવ છોડીને પતિ અને પરિવારથી દૂર વિરાજે છે, છતાં બલરામજીના પ્રાકટ્યના સમયે પોતે પતિ પાસે હોત તો પોતાને ત્યાં પણ ઉત્સવ ઉજવાત ! - એવો દુ:ખદ વિચાર નથી આવ્યો, ક્ષોભ નથી રહ્યો. અન્યના સુખમાં પોતાનું દુ:ખ યાદ કરે, ઈર્ષ્યા કરે, તે તો "અભાગા" કહેવાય ! રોહિણીજી તો "મહાભાગા" છે. નન્દ-યશોદાના સુખને પોતાનું સુખ ગણીને માણ્યું ! ગૃહિણીની જેમ ઘરનું સઘળું કાર્ય સંભાળ્યું, દિવ્ય-વસ્ત્ર, પુષ્પમાલા અને કણ્ઠાભરણભૂષિત થઈને ઉત્સવ ઊજવ્યો. વસ્ત્રમય, પુષ્પમય, સુવર્ણમય-ત્રિવિધ અલંકાર સ્ત્રીના હોય છે.

નન્દરાયજી રોહિણીજી પાસે આવ્યા. રાજરાણીને તો શી ભેટ દેવાય ? ચતુર નન્દજીએ આપ્યાં અભિનંદન ! "રોહિણીજી ! આપનાં પુનિત પગલાંનો પ્રભાવ ! બલરામજીનાં પુનિત પગલાં ! તેથી ઉત્સવનો મંગલ દિવસ આવ્યો !" - ભેટ નન્દજીએ દીધી. રોહિણીજીને અપાર આનંદ થયો. મધુર, કોમલ, આત્મીયતાભર્યા, કદર કરતા, થોડા સત્ય શબ્દોની અસર પણ, માણસના મન પર મિલકત દેવા કરતાં પણ વધારે થાય છે. વિષ્ણુની પ્રસન્નતા અને પુત્રના અભ્યુદય માટે નન્દરાયજીએ ઉદાર દાન દીધાં. નન્દજીને મન તો પુત્ર અને પ્રભુ જુદા જ છે !

સ્વયં વૈકુંઠનાથ વ્રજમાં પધારતાં સર્વસમૃદ્ધિ યુક્ત વૈકુંઠ રૂપ વેદવિદિત વ્રજ બન્યું છે ! :

तत आरभ्य नन्दस्य व्रजः सर्वसमृद्धिमान् ।
हरेर्निवासात्मगुणै रमाक्रीडमभून्नृप ॥ (१८)

ભગવદ્બુદ્ધિએ, પ્રભુપ્રસન્નતા માટે ઉદારતાથી આપનારની સમૃદ્ધિ ખૂટે નહિ. સ્વયં વૈકુણ્ઠનાથ વ્રજમાં પધાર્યા છે ! સર્વ દુ:ખ હરનારા ભગવાને વ્રજમાં વૈકુણ્ઠ પ્રકટ કર્યું ! ભક્તોને વૈકુણ્ઠ સુધી જવાનો શ્રમ પણ ભગવાન્ સહી શકતા નથી ! વ્રજમાં વૈકુણ્ઠની સમૃદ્ધિ અને શોભા પ્રકટ થઈ છે. ત્રિભુવનસુંદર, પરમાનન્દરૂપ ભગવાન્ પોતાના ગુણો સાથે વિહાર કરતા વ્રજમાં પ્રકટ વિરાજે છે. રાજા હોય ત્યાં રાજધાની હોય. ભગવાન્ હોય ત્યાં વૈકુણ્ઠ હોય. શ્રીનાથજી હોય ત્યાં વ્રજ હોય, તેથી નાથદ્વારામાં વૈષ્ણવો વ્રજની ભાવના કરે છે. વ્રજમાં પ્રભુ પધાર્યા, ત્યારથી સૌને ત્યાં સર્વસમૃદ્ધિ આવી. પુષ્ટિમાર્ગની સમૃદ્ધિ છે, - ઉષ્ણભાવ ! દાસ્ય, વાત્સલ્ય, સખ્ય અને મધુર રૂપે આ

સઘળી સમૃદ્ધિ પ્રભુ પધારતાં પ્રકટ થઈ!

પશુ-ધન વગેરે પૂર્વકાંડના ફલરૂપ સંપત્તિ છે. જ્ઞાન ઉત્તરકાંડની ફલરૂપ સંપત્તિ છે. ભગવાન્ ભક્તોનું સર્વસ્વ હોવાથી તે જ સર્વસમૃદ્ધિરૂપ છે! ભગવાને આધિભૌતિક વ્રજમાં જ આધિદૈવિક-લીલાસ્વરૂપ વૈકુણ્ઠ-વ્રજ પ્રકટ કર્યું. સ્થૂલ ગોલકરૂપ ઈન્દ્રિયોમાં જેમ કાર્ય કરનારી સૂક્ષ્મ-ઈન્દ્રિયો રહે છે, તેમ વેદમાં નિત્યલીલાસ્થરૂપ ગોકુલનું વર્ણન છે. "ता वां वास्तून्युश्मसिगमध्यै यत्र गावो भूरिशृङ्गा अयासः । अत्राह तदुरुगायस्य वृष्णः परमं पदमवभाति भूरि ॥"

તે તમારાં (રામકૃષ્ણ કે ગોપી અને કૃષ્ણનાં) વાસસ્થાન પ્રાપ્ત કરવા માટે અમે કામના કરીએ છીએ! જ્યાં (ગોકુલમાં) મોટાં શીંગડાંવાળી શુભ ગાયો (તથા રુરુ વગેરે) મૃગ તથા વનપશુઓ વસે છે. અહીં ખરેખર તે લોકવેદપ્રસિદ્ધ, ખૂબ કીર્તિવાળા, ગોપીજન વગેરે પર કામનાઓ પ્રમાણે ફલદાનરૂપ વૃષ્ટિ કરનારા, ભગવાનનું વૈકુણ્ઠથી પણ ઉત્તમ પ્રિય સ્થાન - ગોકુલ, ગિરિરાજ, વૃંદાવન યમુના પુલિન - વગેરે અનેક રૂપે પ્રકાશે છે! નન્દ-મહોત્સવ કૃત્રિમ નથી થયો. વૈકુણ્ઠમાં નિત્યલીલામાં નિત્યોત્સવ વિરાજે છે. વ્રજમાં વૈકુણ્ઠ પ્રકટ થતાં નિત્યલીલાનો સ્વાભાવિક નિત્યોત્સવપ્રકટ થયો.

કંસને કર દેવાના બહાને બાલક માટે ઉત્તમ વસ્તુઓ લેવા નન્દજી મથુરા પધાર્યા!: વસુદેવજી-નન્દજીની જુદી છતાં લીલાનુકૂલ સમજ!: ભક્તિહેતુક હોય તે - પ્રમાણ!

કંસને કર આપવાનું ખૂબ આવશ્યક કાર્ય પણ ઉત્સવમાં વિસરાયું હતું! પ્રભુ પધારતાં ઉત્તમ વસ્તુઓ લેવા મથુરા જવાનું મન થયું; સાથે કરનું કામ પણ પતાવવાનું! નન્દજી મથુરામાં જાય, ઉત્સવની વાત જણાય, તો વસુદેવ-દેવકીજીને પોતાનો પુત્ર મૂકી આવ્યા છે, - તે કોઈ જાણતું નથી,- તેવો સંતોષ થાય, મનમાં આનંદ થાય. ભગવાનના ઉત્સવમાં તેમનો આનંદ પણ હોવો જોઈએ; તેથી પ્રભુની પ્રેરણા થઈ! કંસને વાર્ષિક-કર દેવાનું નન્દજીને યાદ આવ્યું. તે વાત પ્રકટ કરી મથુરા જવા તૈયાર થયા. અંતરંગ-ગોવાળોને ગોકુલ રક્ષા માટે રોક્યા. પુત્ર પ્રત્યેની પ્રીતિથી વ્યવસ્થા કરી. ભક્તોએ પણ હૃદયમાં વિરાજતા ભગવદ્ભાવ કે ભગવાન્ પ્રસન્ન રહે માટે ઈન્દ્રિય-સમુદાય રૂપ ગોકુલની રક્ષા કરવી આવશ્યક છે. વિષયાદિ - દોષોથી ક્યાંક પ્રભુને પરિશ્રમ ન થાય! ભગવદ્ભાવ ચાલ્યો ન જાય! - તેમ સાવધ રીતે જીવવું જોઈએ.

મહોત્સવ જાણવા છતાં, કોઈને કાંઈ શંકા ન હોવાથી કરનું કામ પતી ગયું. વસુદેવજીએ ધર્મભ્રાતા નન્દજી આવ્યાનું સાંભળ્યું. તેમના ઉતારે ગયા. નન્દજી ઊભા થઈને ભેટી પડ્યા, પ્રેમવિહ્વલ થઈ ગયા. વસુદેવજીમાંના ગુણો અને તેમનું આધિદૈવિક-સ્વરૂપ નન્દજીમાં સંપૂર્ણ આવ્યું; જેથી દ્વારકાલીલા જાણીને પણ નન્દજીમાં વાત્સલ્ય રહે! વસુદેવજી જેવો અતિપ્રિય નન્દજીને કોણ મળે? માયા દૂર કરે અને ભગવાન્ પધરાવી આપે! તેના જેવો ઉપકારક બીજો કોઈ હોઈ શકે? આ પ્રભુની લીલા છે!

ખૂબ પ્રીતિથી બંને મળ્યા. નન્દે પૂજન કર્યું. સુખથી વિરાજ્યા. વસુદેવે નન્દજીને કુશલ સમાચાર પૂછ્યા. પોતાનો પુત્ર ગુપ્તરીતે પોતે પધરાવી આવ્યા હતા, તેના તો સમાચાર પુછાય તેમ ન હતા! પ્રકટ હતા, - રોહિણીપુત્ર! ચતુર વસુદેવે કુશલ પૂછતાં સત્ય વાત પણ કહી. વસુદેવજી

શુદ્ધસત્ત્વાત્મક છે. તે અસત્ય ન બોલે, છેતરે નહિ. સ્પષ્ટ બોલ્યા, - "ભાઈ ! ખૂબ વૃદ્ધ તમે થયા ! "**इदानीमप्रजस्य**"- હજુ પ્રજા વગરના તમારી પ્રજાની આશા પણ ન રહી !" નન્દને હજુ પણ પ્રજા વગરના વસુદેવે કહ્યા ! વસુદેવજી સમજે છે કે, જેનો ઉત્સવ મનાવ્યો તે તો પોતે મૂકી આવ્યા છે. દીકરી રૂપ માયા પણ લૌકિકરીતે જન્મી નથી. કન્યાને તો કંસે મારી, અત્યારે નન્દજીને સંતાન નથી ! ભગવાને વસુદેવજીને આવી સમજ દીધી છે. વસુદેવની વાત ભગવાને નન્દજીને જુદી રીતે સમજાવી ! નન્દજીને સમજ જુદી જ પડી ! "**दिष्ट्या इदानीं प्रजा यत्समपद्यत**"- એવો અન્વય તે સમજ્યા. "ભગવદિચ્છાથી હમણાં પ્રજા થઈ !" સૌ પોતાની સમજમાં જ મગ્ન રહ્યા. આ ભગવાનની લીલા છે ! બંનેની સમજ લીલાનુકૂલ છે, ભાવ વધારે તેવી છે, તેથી પ્રમાણ-રૂપ છે,- "ભાગ્યયોગે સંસારચક્રમાં ભટકતાં સઘળું દુઃખદ છે. પ્રીતિ થાય તેવું કાંઈ દેખાવું પણ દુર્લભ છે. સાનુકૂલ પ્રિય સ્વજન ક્વચિત્ મળે તો સહવાસ સંભવિત નથી. કર્મથી સૌ છૂટાં પડે છે. સૌ કર્માધીન છે. નદીમાં નાવ મળે તેમ ! ક્વચિત્ ક્ષણભર સુસંગ મળે છે. બૃહદ્‌વનની સૌ કુશલતા છે ને ? મારો પુત્ર મા સાથે વ્રજમાં છે. તમને પિતા માને છે. તમે તેને લડાવો છો, તે કુશલ છે ? ધર્મ, અર્થ અને કામ - પુરુષાર્થમાં તો સ્વજનનો સાથ હોય છે. સ્વજનક્લેશથી આ ત્રણ પુરુષાર્થ રૂપ થતાં નથી."

નિત્યલીલાસ્થ પ્રભુ વ્રજમાં પ્રકટ્યા છે ! : પ્રભુ વિરાજે ત્યાં પરાધીનતા ન હોય ! :

"બૃહદ્‌વન" - શબ્દ ખૂબ સૂચક છે. બૃહદ્ - બ્રહ્મ રૂપ તે વન છે, નિત્યલીલાસ્થલ છે ! ત્યાંના પશુઓ આધિદૈવિક છે. નિત્યલીલાસ્થ - પશુઓ ત્યાં પ્રકટ્યાં છે, "**गोप्यो गाव ऋचस्तस्य ।**"- શ્રુતિથી ગોપીજન અને ગાયો શ્રુતિરૂપા છે. બૃહદ્‌વનમાં ગોચારણ તો આત્મદર્શન રૂપ પરમધર્મ છે !

વસુદેવજીની વાત સાંભળી. નન્દજીએ તેમને છ પુત્ર અને છેલ્લી પુત્રી મરવા માટે આશ્વાસન આપ્યું. દુઃખ, સહાનુભૂતિ બતાવવાથી ઓછું લાગે છે. સામાન્યલોકોને નસીબ (અદૃષ્ટ)માં શ્રદ્ધા હોય છે. અદૃષ્ટથી સઘળું થાય છે, - તેમ સઘળું કર્માધીન સમજે, તેને શોક ન રહે ! નન્દજીએ કહ્યું. તે, કર્મકાંડાનુકૂલ વાત થઈ. "**अदृष्टमात्मनस्तत्त्वं ।**"- માં આત્માને વશ ગણતાં, ઉત્તરકાંડાનુકૂલતા થાય; આત્માને ભગવાન્ રૂપે જાણતાં, ભાગવતાનુકૂલ થાય. ભગવાનની ક્રિયાશક્તિ પૂર્વકાંડમાં, જ્ઞાનશક્તિ ઉત્તરકાંડમાં અને બંને શક્તિ ભાગવતમાં સમજાય, તેને કોઈ જ શોક ન રહે !

વસુદેવજીએ કંસની મંત્રણાની વાત જાણી છે, તેથી નન્દજીને પાછા મોકલવા ભય બતાવ્યો. "કર આપ્યો, - આપણે મળ્યા. હવે અહીં બહુ ન રહેશો. ગોકુલમાં બહુ ઉત્પાત છે !" "**सन्ति**"- વર્તમાનકાલ સ્પષ્ટ કહ્યો; પણ સમજે તો વત્સલ નન્દજી જીવી પણ ન શકે ! ભગવાને વર્તમાનસામીપ્યે તેની સમજ દીધી ! નન્દજી સમજ્યા, - "બહુ ઉત્પાત થશે !" પુત્રરૂપ પ્રભુ-પ્રત્યે પ્રીતિ દૃઢ હોવાથી, નન્દજી તરત અનુજ્ઞા લઈને, ગાડાં જોડીને, ગોકુલ પહોંચ્યા. કંસને કાંઈ શંકા ન થાય માટે, વસુદેવજી નન્દજીને પોતાને ઘેર ન લઈ ગયા. નન્દજીએ પણ વસુદેવજીને ઉત્સવમાં બોલાવ્યા નથી!

વસુદેવજીની કહેલી વાત સાંભળીને વ્રજમાં ગયા; પછી ફરી નન્દજી કંસને કર દેવા આવ્યા નથી, નિર્ભય રીતે વ્રજમાં વિરાજે છે ! પ્રભુ વિરાજે ત્યાં બીજાની પરાધીનતા કરવાની ન હોય. આ ભગવાનનું ઐશ્વર્ય સૂચવે છે !

અધ્યાય : ૬

દુષ્ટભાવ ભરેલી, મારવા આવેલી, શાસ્ત્રીય-સાધનરહિત, રાક્ષસીને પણ ભગવાન્ મુક્તિ આપે છે!:

ભગવાન્ શ્રીશુકે ગોકુલ આવતા નન્દરાયજીની કથા આરંભી.

नन्दः पथि वचः शौरेर्न मृषेति विचिन्तयन् ।
हरिं जगाम शरणमुत्पातागमशङ्कितः ॥ (१)

ભગવાન્ વ્રજમાં પ્રકટ થયા. પોતાના સ્વરૂપ-માત્રથી સૌનો નિરોધ કર્યો. ઉત્સવ રૂપે તે દેખાયો ! હવે, ભગવાન્ લીલા દ્વારા પણ નિરોધ કરે છે. આ અધ્યાયમાં ભગવાનની રક્ષા માટે ભક્તોની ક્રિયા, નિરોધ દર્શાવે છે. દુષ્ટભાવ ભરેલી, મારવા આવેલી, કોઈ શાસ્ત્રીય-સાધન-રહિત, રાક્ષસ-સ્ત્રીને પણ ભગવાને મુક્તિ આપી! આ ભગવલ્લીલા શાસ્ત્રમાં અદ્‌ભુત છે. છ દિવસનું નાનું બાલક રાક્ષસીને મારે, બચે ! તે લોકમાં પણ અદ્‌ભુત છે. પૂતનાના પ્રાણ અને પયઃનું પાન પ્રભુએ કર્યું. વ્રજભક્તોએ બાલક ભગવાનની રક્ષા કરી. ભગવાનની લીલા એક; પણ પ્રયોજન અનેક! દુષ્ટનો વધ થયો, - બાલકોની રક્ષા થઈ, ભગવાનનું - વીર્ય - પરાક્રમ - પ્રકટ થયું.

અસુરો ભગવાનની ઉપાસના માયા રૂપે કરે છે. "मायेत्यसुराः ।"- એવી શ્રુતિ છે. પૂતના રાક્ષસી હતી. તેણે આ માયાથી સુંદર સ્વરૂપ ધારણ કર્યું. તેને સાધનરૂપ બનાવીને ભગવાને જ સૌને દુઃખ કરાવ્યું. ગોપીજનને તેથી જ પૂતનાનું સ્ત્રીરૂપ લક્ષ્મીજી જેવું લાગ્યું ! નહિ તો ગોપીજન જ તેને અટકાવત ! કોઈ અટકાવી ન શક્યું, તેથી સૌનાં દુઃખ દૂર કરવા ભગવાને તેને મુક્તિ આપી. મુક્તિ ન આપે તો, પુનઃ ક્યાંક પ્રવેશ કરીને ફરી દુઃખ આપે, તો દુઃખ પૂરું દૂર થયું ન કહેવાય ! પૂતના-પ્રસંગે સૌને થયેલું દુઃખ તો, સૌનાં ચિત્ત પ્રભુમાં પરોવી દેનારું હોવાથી પુરુષાર્થરૂપ છે ! આ ભક્તિમાર્ગીય - નિરોધ છે, મર્યાદામાર્ગથી જુદો છે. ભક્તો ભગવાનની પણ રક્ષા કરે છે! "ગોકુલમાં ઉત્પાત છે, -" તે વસુદેવજીનું કહેલું સાંભળીને નન્દજીના મનમાં ભય થયો. પૂતનાને કારણે સૌ વ્રજવાસીઓને ભય થયો. ભગવાને પોતાના પરાક્રમથી આ ભય દૂર કર્યો.

મથુરાથી નન્દરાયજી ગોકુલ આવતા હતા. ઉત્પાતની વાત સાંભળવાથી વિકલ થઈ ગયા હતા. "રસ્તામાં કંસ કાંઈ આપત્તિ કરશે ? ગોકુલમાં કાંઈ ઉત્પાત થશે ?" - એવો સંદેહ હતો. "વસુદેવની વાણી વ્યર્થ ન હોય !" રસ્તામાં કાંઈ કામ ન હતું. ગાડામાં નવરા બેઠા હતા. નવરા બેસનારનું મન ચકડોળે વધારે ચઢે છે. વેદનાના વિચારો વધારે વિકલ બનાવે છે. આપત્તિ કઈ આવશે ? ક્યારે ? કેવી ? કાંઈ જ સમજાતું ન હતું. મનમાં પણ લાગતું હતું. ક્ષોભ થતો હતો. આપત્તિ ગોકુલમાં આવી જ ગઈ હતી; પણ નન્દજી સમજ્યા નથી. સમજે તો પુત્રની ચિંતામાં પ્રાણ નીકળી જાય ! મનમાં આપત્તિની માત્ર શંકા થઈ. આ સંદેહ થવો તે પણ ભગવાનની લીલા છે !

આપત્તિમાંથી ઊગરવાનો સરલ-સફલ-ઉપાય, - સર્વસમર્થ ભગવાનની શરણાગતિ !:

આપત્તિ આવવાની આશંકા થઈ. અંતરમાં ભય થયો. કોઈ ઉપાય ન દેખાયો ! હરિને શરણે ગયા. પ્રભુનું સ્મરણ કરવા લાગ્યા. ભગવાનનાં નામ અને સ્વરૂપના સ્મરણમાત્રથી ભય દૂર થાય, અભય મળે. માનવજીવન પણ વન જેવું વિકટ છે. કઈ આપત્તિ, કયા સમયે, કોના તરફથી, કેવી રીતે

આવશે ? - તે કાંઈ નિર્ણીત નથી. કોઈ પણ આપત્તિ, કોઈ પણ સમયે, કોઈના પણ તરફથી, કોઈ પણ રીતે, આવી શકે છે. ઉત્પાતાગમનની શંકા તો પ્રતિપલ છે. જ્યોતિષ વગેરે શાસ્ત્ર તેનો સંભવતઃ નિર્દેશ કરી શકે છે. શાસ્ત્ર સત્ય છે, પણ માનવીય-ક્ષતિઓથી તેના ફલાદેશાદિમાં ફેરફાર દેખાય છે. માનવને આપત્તિનો સ્પષ્ટ ખ્યાલ આવતો નથી. અસાવધપણામાં જ આપત્તિ આવી પડે છે ! માનવ અકળાય છે, આપત્તિ આવ્યા પછી તેને દૂર કરવા ઉપાય શોધે છે. તે સદ્‌બુદ્ધિ ન ગણાય.

સંપત્તિ મેળવવાના ઉપાય તો પહેલેથી સૌ કરે છે; તેમ આપત્તિ આવતાં પહેલાં જ અટકાવવાનો ઉપાય થાય ! સઘળી આપત્તિને આવતી અટકાવવાનો, આવેલી આપત્તિને દૂર કરવાનો, દૂર થયેલી આપત્તિ પછી સુખ મેળવવાનો ઉપાય એક જ છે, - હરિની શરણાગતિ ! આપત્તિ પણ પ્રપત્તિથી સંપત્તિરૂપ બને છે. મહાપુરુષોએ સહેલો ઉપાય બતાવ્યો છે. “ભગવાન્ જ પોતાનું સર્વસ્વ છે. ભગવાન્ વિના પોતાનું કોઈ નથી, કાંઈ નથી !” - તેમ મનમાં દૃઢ સમજીને નિત્ય, સતત “શ્રીકૃષ્ણઃ શરણં મમ” - બોલ્યા કરવું. ભગવાનનું નામ અલૌકિક છે. એક વખત ઉચ્ચાર-માત્રથી પણ તે પાવન કરે છે; પણ જીવ દોષથી ભરેલો છે, ક્ષણ પણ ભગવાનને ભૂલે તો ભવમાં ભૂલો પડે છે, તેથી દરરોજ અને ક્ષણ પણ ભૂલ્યા વગર શરણાગતિ-સૂચક મહામંત્રનો જપ કર્યા કરવો. દૃઢ વિશ્વાસ તેમાં રાખવો.

અષ્ટાક્ષર - મંત્રનો અર્થ :

અષ્ટાક્ષર મંત્રમાંનો, **श्री** - સર્વસૌભાગ્ય, ધન, રાજપ્રીતિ આપે છે. **कृ** - પાપને દૂર કરે છે. ष्णः-સંતાપને શાન્ત કરે છે. श - જન્મ મટાડે છે. र - જ્ઞાન આપે છે. ण - કૃષ્ણમાં સદા દૃઢભક્તિ દે છે. म -ગુરુમાં સદ્‌ભાવ દે છે. म- હરિસાયુજ્ય આપે છે. **श्रीकृष्णः**- ફલ રૂપ છે. शरणं मम- સાધનરૂપ છે. સાધન અને ફલ અષ્ટાક્ષરમાં સાથે જ સમાયેલાં છે. સઘળાં કાર્ય તેનાથી સફલ થાય અને ફલરૂપ કૃષ્ણ મળે છે. "**श्रीकृष्णः**"- નામ જ પરબ્રહ્મવાચક છે, તેથી તેમાં ઓમકાર વગેરે કોઈ બીજની જરૂર રહેતી નથી. સૌ સદા આ મંત્ર બોલી શકે છે. શાસ્ત્રવિધિમાં મંત્રજપ મૌન-રીતે ઉત્તમ ગણાય છે. અહીં તો કૃપાબલ છે, તેથી ઉચ્ચારથી પણ ફલ છે. આ લોકમાં સન્મતિ અને પરલોકમાં સદ્‌ગતિ અષ્ટાક્ષરમંત્રથી મળે છે, સર્વકાર્ય સફલ થાય છે. સન્મતિ વગર સદ્‌ગતિ ન સંભવે. આ લોકમાં જેનું જીવન પ્રભુ પ્રસન્ન થાય તેવું ન હોય, તે પરલોકમાં પ્રભુને પ્રાપ્ત કરી શકે નહિ. માનવનું વર્તમાન- જીવન પણ તેના ભવિષ્યનું સૂચક બને છે. જીવનભર ભગવાનના શરણે રહે, તે ભગવાનને ચરણે પહોંચે. સરલ કે કઠિન, નાનાં કે મોટાં, સઘળાં કાર્યમાં, સર્વપરિસ્થિતિમાં ભગવાનની શરણાગતિ જ સ્વસ્થ રાખે છે, સફલ બનાવે છે.

શાસ્ત્ર-રીતે મંત્ર - સંસ્કારથી રક્ષાયેલાં બાલકોને પણ મારતી બાલઘાતિની પૂતના ! :
સ્નાન - શ્રદ્ધા - મંત્રજપ ત્રણે હોય તો મંત્ર - ફલ મળે :

નન્દરાયજીએ આપત્તિની આશંકાથી ભગવાનની શરણાગતિ કરી. શરણાગત-પરિપાલન તો ભગવાનનું વ્રત છે. ભગવાન્ શરણાગતને સર્વ રીતે આશ્રય આપે છે, સંપૂર્ણ રક્ષણ કરે છે. નન્દરાયજીનાં ગાડાં રસ્તામાં હતાં. ગોકુલમાં આપત્તિ આવી ગઈ હતી, કંસે પ્રેરી હતી. સ્ત્રી હોવા છતાં ઘોર હતી. બાલકોને મારતી હતી. શાસ્ત્ર રીતે મંત્રસંસ્કારથી રક્ષાયેલાં બાલકોને પણ તે મારતી હતી ! પૂતના તેનું નામ. - "पूतानपि नयतीति ।" અથવા "पुरुषानप्युत नयतीति ।- પવિત્રોને પણ લઈ જાય -

આકર્ષે, પુરુષોને પણ લઈ જાય - મારે, તે, - પૂતના !

મંત્રથી દેવો રક્ષણ કરે છે. આ પૂતના- "बालघातिनी" છે. ભગવાને તેને તેવું સામર્થ્ય આપ્યું છે. ત્રણ વર્ષની અંદરનાં બાલકોને તે મારે છે. બાલકોના પ્રાણનું પાન કરી લે છે. નગર, ગામડાં, નેસડા, ખેતર, વાડી વગેરેમાં બધે તે ઘૂમે છે. જ્યાં સર્વદેવપોષક ભગવાનનાં રાક્ષસવધરૂપ ચરિતનાં શ્રવણ વગેરે, પોતપોતાનાં ધર્મકાર્યો, થતાં નથી, ત્યાં જ ઉપદ્રવ કરનારાં તત્ત્વો પીડે છે. અધર્મને અનુકૂલ રીતે થતાં શ્રવણ, કીર્તન વગેરે પોતાનો પ્રભાવ બતાવતાં નથી. તેમાં તો સઘળા ઉપદ્રવ સંભવે છે. પોતાના ધર્મને સાનુકૂલ ક્રિયા પણ ભગવાનનાં શ્રવણ, કીર્તન, સ્મરણથી જ સંપૂર્ણ થાય છે; નહિ તો અધૂરી જ ગણાય છે. તેમાં રાક્ષસાદિ-આસુરભાવ-આવવા સંભવ છે. "રક્ષોઘ્ન" - મંત્રો પ્રસિદ્ધ છે. "रक्षो हनो...।" તથા "अपसर्पन्तु..।"- વગેરે મંત્રો રાક્ષસાદિને દૂર રાખનારા છે. મંત્રો તો સ્વાધ્યાય- પોષિત હોય તો ફલ આપે છે. મંત્રમાં આધિદૈવિક કરતાં આધ્યાત્મિક અને તેના કરતાં આધિભૌતિક બલવાન્ છે. દેહશુદ્ધિ કરનારાં સ્નાનાદિ-આધિભૌતિક છે. શ્રદ્ધા કે ન્યાસાદિ આધ્યાત્મિકરૂપ છે. મંત્ર આધિદૈવિકરૂપ છે. મંત્રનું ફલ શ્રદ્ધા વગર ન મળે. શ્રદ્ધા હોવા છતાં સ્નાનાદિ વગર મંત્રજપનું ફલ ન મળે. સ્નાન, શ્રદ્ધા અને મંત્રજપ ત્રણે હોય તો ફલ મળે. મંત્રદેવતા પ્રાયઃ આધિભૌતિક દ્વારા ફલ આપે છે.

ગંગાદેવી જલ દ્વારા સ્નાનાદિથી શુદ્ધ કરે છે. આધિદૈવિકની પ્રેરણાથી આધિભૌતિક ફલ આપે છે. બ્રહ્મણ્યદેવતા કે ગોદેવતા પ્રસન્ન થાય તો બ્રાહ્મણ કે ગાય દ્વારા ફલ આપે છે. શાસ્ત્રોક્ત-કર્મમાં દેશ, કાલ, મંત્ર, દ્રવ્ય, કર્તા અને કર્મ - છની શુદ્ધિ હોય તો ફલ મળે છે. વેદમાં કહેલાં કર્મમાં યજ્ઞોપવીતવાળા ત્રૈવર્ણિકનો અધિકાર છે. ભગવાનનાં શ્રવણ-કીર્તન વગેરે તો સર્વદા સર્વફલ દેનારાં છે. ભગવાન્ સર્વત્ર વિરાજે છે, તેથી સૌને શ્રવણાદિનો અધિકાર છે, તેનાથી અસુરભાવ, વિઘ્ન તથા સઘળા દોષો દૂર થાય છે. તો જ્યાં ભગવાન્ માટે સઘળાં કર્મ થતાં હોય કે સાક્ષાત્ ભગવાન્ વિરાજતા હોય ત્યાં ચિંતા જ કઈ હોય ?

પૂતના - અવિધા - વ્યસન આવે, - એકદા ! રહી જાય, - સર્વદા ! ભગવાન્ જ છોડાવે - સર્વથા ! :

सा खेचर्येकदोपेत्य पूतना नन्दगोकुलम् ।
योषित्वा माययाऽऽत्मानं प्राविशत् कामचारिणी ॥ (४)

તે આકાશમાં ફરતી, ઈચ્છાનુસાર રૂપ ધરતી, એક વખત માયાથી સ્ત્રીરૂપ ધરીને નન્દ-ગોકુલમાં પ્રવેશી, ત્યારે આશ્લેષા નક્ષત્ર, વિષઘટિકા અને મૃત્યુયોગ હતો ! ગોકુલમાં પ્રકટેલા વ્યાપિવૈકુણ્ઠની રમાક્રીડારૂપ મર્યાદા-નાશ કરવાનું તેનું સામર્થ્ય છે ! "खेचरी" - શબ્દે તે બતાવ્યું.

નન્દજીમાં શુદ્ધસત્ત્વ વિરાજે છે. ગાયો ધર્મહેતુ રૂપ છે. બંને આસુરભાવને દૂર કરનારાં છે. ગોકુલમાં તે બંને અત્યારે ન હતાં. નન્દજી મથુરાથી હજુ ગોકુલ આવ્યા ન હતા. ગાયો વનમાં ચરવા ગઈ હતી. તે વખતે પૂતના ગોકુલ પાસે આવી. વૈકુણ્ઠરૂપ ગોકુલમાં પ્રવેશ કરી શકે તેમ ન હતી, તેથી તેણે પોતાના ઈષ્ટદેવતા માયારૂપ ભગવાનનું ધ્યાન કર્યું. ભગવાનના જેવા રૂપનું ધ્યાન કરે તેવું ફલ મળે ! માયારૂપ ભગવાને તેને સુંદર માનવસ્ત્રીનું રૂપ દીધું. પૂતના ગોકુલમાં પ્રવેશી. તે તો કામનાનુસાર

રૂપ લેનારી હતી. સુંદર યુવતીના વેષમાં પુરુષો અટકાવે નહિ. જ્યાં જ્યાં કામનો પ્રવેશ હોય, ત્યાં ત્યાં આ-અવિધા-પૂતનાનો પ્રવેશ થાય, કામાવેશમાં કશું સૂઝે નહિ, તેમ પૂતનાને જોઈને કાંઈ ભાન રહે નહિ. પૂતનામાં અવિધાનું સામ્ય છે. બ્રહ્મમાંથી છૂટો પડેલો શુદ્ધજીવ અવિધા-સંબંધથી સંસારી બને છે. તેમાં અનેક અધ્યાસ-અજ્ઞાન-સંભવે છે. આવું બન્યું છે, - "एकदा !" ચાલે છે, - સર્વદા !- મુક્તિ ન મળે ત્યાં સુધી !

માનવને અજ્ઞાનદશામાં મોહવશપણે કુટેવો-વ્યસન વગેરે પણ વળગે છે. - "एकदा"- એક વખત ! જન્મથી જ કોઈને કુટેવ કે વ્યસન નથી હોતાં ! કોઈના કુસંગથી, સંયોગોથી કે કુબુદ્ધિથી એક વખત આસ્વાદ માણે, પછી આહ્‌લાદ લાગે, પછી આજીવન કુટેવ કે વ્યસન ટકે. એક વખત ચ્હા ચાખી, સારી લાગી, મઝા માણી, પછી બન્યા બંધાણી ! ચ્હા વગર તો ચાલે જ નહિ. માએ કોઈને જન્મથી ચ્હા પાયી હતી ? એક વખતે પીધા પછી જ પીછો પકડ્યો છે ને ? પાન, બીડી, તમાકુ, છીંકણી, મધ, વગેરેમાં આવી જ સ્થિતિ હોય ને ! જે ક્ષણે આ વ્યસન કે કુટેવ સૌ પહેલાં માણ્યાં, તે વખતે આશ્લેષા નક્ષત્ર કદાચ ન હોય, તો પણ વ્યસન માનવને પોતાના આશ્લેષ (આલિંગન, સહવાસ)માં જકડી લઈને જીવનભર વગર પૈસાનો ગુલામ બનાવી દે છે. શરીર, સંપત્તિ, સુખ કે શાંતિ વેડફીને પણ માનવ વ્યસનની ગુલામી કર્યા કરે છે. વ્યસનની આરંભની ક્ષણ જીવનને વિષમય બનાવતી વિષઘટિકા છે. વ્યસનને માણવાનો સંયોગ તે મૃત્યુયોગ છે. પ્રમાદ મૃત્યુરૂપ છે. જે ક્ષણે સાવધ ન રહ્યા, પ્રમાદથી મનઃસંયમ ગુમાવ્યો, અયોગ્ય-આસ્વાદ માણ્યો, તે જ વખતે મરણના યોગ શરૂ થયા. જતન કરીને જાળવેલી સદ્રૂપતા સરી જાય, પતન થાય !

ક્ષત્રિય રાજા ચિત્રરથ. તપઃ પ્રભાવે ઋષિ વિશ્વામિત્ર થયા. બ્રહ્મર્ષિ થવા મથતા હતા. તપઃ કરતા હતા. મન હરવા મેનકા અપ્સરા આવી. વર્ષોથી ઋષિ તો ધ્યાનમગ્ન હતા. મેનકાને વર્ષો સુધી નૃત્ય ન કરવું પડ્યું. બેઘડીના નૃત્યે કદાચ ઋષિને અસર નહિ થઈ હોય; પણ આંખ ખોલતાં, અંતરમાં અસર થતાં, મોહવશ થતાં, વર્ષોનું તપઃ-સંયમ સરી જતાં, તો કોઈ એક જ ક્ષણ લાગી હશે ને ! પ્રમાદની એક જ પલ વર્ષોના સંયમને શિથિલ કરી દે છે, વરિષ્ઠતાના વૈભવને વેડફી દે છે !

પૂતના "બાલગ્રહ" છે. બાલપણમાં કુટેવો અજ્ઞાનદશામાં સહેલાઈથી વળગે છે. જીવનભર રહે છે. દેખરેખ છતાં, ઘરમાં સરલતા, સદ્ધર્મ અને સ્નેહ ન મળે, - તો બાલકો કુટેવમાં ફસાય છે. મનથી સ્વજનથી દૂર થઈ જાય છે. નન્દ અને ગાયરૂપ શુદ્ધસત્ત્વ અને ધર્મનિષ્ઠા હોય ત્યાં આવી અસર, વ્યસન કે કુટેવ આવી શકતાં નથી. ભગવાને પૂતનાને મારી, તેમ હૃદયમાં ભગવદ્‌ભાવ કે ભગવાન્ પ્રકટ વિરાજતા હોય તો, સઘળી આપત્તિમાંથી તે ઉગારી લે છે.

માયા રૂપ ભગવાને પૂતનાને લક્ષ્મીજી જેવું રૂપ દીધું ! : સૌ - તેની શેહમાં દબાઈ-ડઘાઈ-ગયા ! : આપત્તિ બે પ્રકારની, - મનગમતી અને અણગમતી ! : મનગમતી આપત્તિ સૌ સામેથી શોધે, - સંપત્તિ અને સત્તા ! :

નન્દ-ગોકુલમાં પ્રવેશતાં પૂતનાએ અદ્‌ભુત સ્ત્રીવેશ ધર્યો હતો. સૌને મોહ કરાવે તેવું રૂપ હતું. કેશપાશ કલામય રીતે બાંધ્યો હતો. વર્ષાઋતુમાં થતાં માલતી વગેરેનાં ફૂલ તેમાં ગૂંથ્યાં હતાં. મનોહર સુડોળ શરીર હતું. સુંદર વસ્ત્ર પહેર્યાં હતાં. કાનનાં કુંડલની કાન્તિથી શોભતી વાળની લટો

મુખ પર શોભતી હતી. મોંએ મોહક સ્મિત હતું. નેત્રથી કટાક્ષો કરતી હતી. વ્રજવાસીઓનાં મન હરતી હતી. શરીરના અતિ શૃંગાર, હાવભાવની મોહકતા વગેરે દેખાય ત્યાં પૂતના માનીને પ્રભુ સ્મરવા !

તેને ગોવાળીઆએ જોઈ. ગોપીજન તો સર્વત્ર છે. ભગવાન્ જ તેને લાવ્યા છે, - તેમ સમજી ગયા, પણ તે મારવા આવી છે, - તેમ જાણ્યું નહિ ! આ ભગવાનની લીલા છે. તેના હાથમાં કમલ જોયું. કમલા માન્યાં ! ભગવાને લક્ષ્મી જેવું રૂપ દીધું હતું. લક્ષ્મી પતિને મળવા આવ્યા હોય તેમ લાગતું હતું ! ગોપીજન તો ભગવાનનાં દાસી છે. પતિને મળવા આવતાં સતીને શા માટે અટકાવે ? અમારા લાલાને રમાડવા સ્વયં લક્ષ્મીજી પધાર્યાં ! - અહોભાવ મનમાં થયો. ક્ષણ મન ભગવાનને બદલે લક્ષ્મી જેવી ભાસતી સ્ત્રીમાં ગયું ! **''खेचरी''**- છે ને ! **''खे''**- ભગવત્સંબંધ વગરની ઈન્દ્રિયો કે ખાલી મનમાં, **''चरी''**- ગતિ કરનારી, મન, મોહનને બદલે મોહકતામાં જાય તો અનર્થ અટકાવી ન શકાય, આપત્તિ આવે ! આપત્તિ બે પ્રકારની, - અણગમતી અને મનગમતી ! અણગમતી આપત્તિ તો ઓળખાય છે. સૌ અટકાવવા કે ટાળવા ઉધમ કરે છે; પણ મનગમતી આપત્તિ તો સામેથી શોધી લાવે છે ! તે આપત્તિ જ લાગતી નથી. તે છે, - સંપત્તિ, સ્ત્રી અને સત્તા ! તેને આવતાં કોણ અટકાવે ?- સૌ મેળવવા મથે છે. આવે, મૂંઝવે, છતાં કોઈને તે ક્યાં આપત્તિ લાગે છે !

પૂતના પણ સ્ત્રી રૂપે લક્ષ્મી જેવી બનીને આવી છે. લક્ષ્મીજીનું ચિહ્ન, - હાથમાંનું લીલા કમલ ! પતિસેવા અને વૈકુણ્ઠગૃહમાર્જન જાણે તે સૂચવે છે ! પતિ અને પ્રભુનાં સઘળાં કાર્ય જાતે જ પ્રીતિપૂર્વક કરાય, કોઈની પાસે કરાવી ન લેવાય. માત્ર સમાજકાર્ય કે સંસ્થાકાર્ય કરતાં ગૃહકાર્યરત ગૃહિણીનું ગૌરવ વધારે છે ! દ્વારકાલીલામાં રાજરાણીઓ પાસે સેંકડો દાસીઓ હતી, છતાં સૌ ભગવાનની સેવા - નાનાં મોટાં ગૃહકાર્ય - પોતાની જાતે-દાસીભાવે-કરતાં હતાં ! હાંસી થવાનો ડર ન હતો ! નોકર રાખીને સેવા લેવામાં ગૌરવ નથી. પ્રીતિ રાખીને સેવા દેવામાં ગૌરવ છે.

વ્રજમાં ભગવાનની સાક્ષાત્ સેવામાં હજારો ગોપીજન વિરાજે છે. વૈકુણ્ઠ-સામ્રાજ્ઞી લક્ષ્મીજીને પણ વ્રજમાં સ્વતન્ત્ર ભગવત્સંબંધ નથી મળતો ! ગોપીજન દ્વારા પ્રભુના સંબંધનો અભિલાષ લક્ષ્મીજી રાખે છે. ગોપી જેવા વેષમાં સ્ત્રીરૂપધારી પૂતના લક્ષ્મી જેવી લાગે છે ! **''रूपिणी''**- તેથી કહ્યું છે. ગોપીજને પૂતનાનો આદર કર્યો. પૂતના ગોકુલમાં બાલક શોધતી આવી. ગોકુલની રક્ષા તો ભગવાન્ કરે છે. કોઈને તે મારે તે પહેલાં ભગવાને પોતાની પાસે આવવા પ્રેરી ! ભગવાનની ઈચ્છા વિના કોઈ પણ ઉપાયે પ્રભુ પાસે પહોંચાય નહિ. દુષ્ટોને દંડ દેનારા ભગવાન્ પાસે પૂતના આવી. નન્દાલયમાં પૂતનાએ પ્રભુને જોયા. બાળકની શોધમાં, તેના વિચારમાં કાંઈ સમજાયું નહિ. ભગવાને પોતાનું અમાપ તેજઃ ઓછું કર્યું. અસુરઘાતક-વૈષ્ણવતેજઃ પ્રકટ હોય તો દુષ્ટ બળી જાય. ભગવાનની જ્ઞાન અને ક્રિયાશક્તિ તો નિત્ય છે, તેથી બ્રહ્મજ્ઞાનીઓમાં પણ તેજઃ દેખાય છે ! ભગવાને ક્ષણમાં ઓળખી. શ્રીરઘુનાથે પણ વનમાં વિચરતાં, સીતાવિરહનું કરુણ રુદન દર્શાવતાં, પરીક્ષા માટે સીતાના વેશમાં આવેલાં સતીને ક્ષણમાં ઓળખ્યાં હતાં !

ભગવાનથી અજાણ્યું શું હોય ? ભગવાન્ તો સ્થાવર-જંગમના આત્મારૂપ છે. ભગવાનની જ્ઞાનશક્તિને આ તો સહજ છે. તેની ઈચ્છાથી પૂતના અહીં આવી, પછી અજાણ્યું શું રહે ? પૂતના-

"બાલક-મારિકાગ્રહ" છે. મારી ન શકે તો ઉઠાવી પણ જાય! તેને જોતાં ભગવાને નેત્રો બંધ કરી દીધાં! જ્ઞાન તિરોધાન કરવાનો પ્રયત્ન કર્યો. પૂતના ઘરમાં આવી. ભગવાનને ખોળામાં લીધા. ભગવાન્ તો અક્લિષ્ટકર્મા છે. પોતાની મેળે કોઈને પીડા કરતા નથી. પૂતનાએ જ પીડાનો પ્રયાસ કર્યો; સૂતેલા સાપને દોરડું માનીને કોઈ અજ્ઞાની પ્રયત્ન કરે તેમ! સર્પ અતિતામસ છે. તામસ હોય તેને ઊંઘ વધારે આવે છે. ઊંઘતા સાપને કોઈ મારે, પીડે તો જ તે સામનો કરે, - કરડે. ભગવાને પણ પોતાની ક્રિયાશક્તિ પ્રકટ ન કરી, સામનો ન કર્યો. પૂતનાએ વિચાર્યું, - "પયઃ પાન કરાવીશ તો રાજી થશે!"

માએ પૂતનાને જોઈ. અંતરની ભયંકરતા આંખમાં ઓળખાઈ! સ્વરૂપ મનોહર છે, સ્વભાવ પ્રાણહર છે. પહેલાં આવતાં વ્યગ્ર હતી, પછી મોહ કરાવતી આવી, પછી ચિત્તની ક્રૂરતા પ્રકટ થઈ ગઈ. અંતરનું પાપ આંખમાં અને હાવભાવમાં દેખાયું. તેનો સ્પર્શ કઠોર હતો; પણ તેજઃ ખૂબ હતું. મા તેને અટકાવી ન શક્યાં, ડઘાઈ ગયાં, પરાણે સહી રહ્યાં! ખૂબ સમૃદ્ધ તેનો આડંબર હતો. મા ઘરમાં કોઈને કહી પણ ન શક્યાં. સૌ પ્રભુએ દીધેલા સ્ત્રીના તેજઃમાં અંજાઈ ગયાં હતાં. બહિર્મુખને તેનામાં રહેલા દોષો કોઈ કહે, તો પણ સ્વીકારે નહિ. રોહિણીજી પણ ન બોલી શક્યાં! સુંદરતાની શેહમાં દબાયેલા બોલી ન શકે. ભગવદિચ્છાથી મા દબાઈ ગયાં! રાક્ષસભાવ પાસે માનુષભાવ દબાઈ પણ જાય, મા થતું હતું તે જોઈ રહ્યાં! આ થઈ માની સ્વરૂપવિસ્મૃતિ! ગોવાળીઆઓને પણ મોહથી સ્વરૂપવિસ્મૃતિ થઈ. તે સ્ત્રી છે, પોતે પુરુષ છે, - તેવું તેમનું ભાન દેહાધ્યાસ દર્શાવે છે. પૂતનાની સુંદરતા તથા મલ્લિકાનો ગંધ વગેરેના અનુભવથી ઈન્દ્રિયાધ્યાસ દેખાય છે. ગોપીજનને લક્ષ્મી જેવી લાગી, તે અંતઃકરણાધ્યાસ રૂપ છે. અવાજથી નીચે પડ્યા તે પ્રાણાધ્યાસ છે. આમ અવિદ્યાનાં પાંચે પર્વ દેખાયાં!

છ ગુણો સહિત - ભગવાને પૂતનાનું પયઃ પાન કર્યું!:

પૂતનાએ લાલાને ગોદમાં લીધા. ડાબા હાથે ઊંચક્યા. જમણા હાથે સર્વધર્મપૂર્ણ પ્રભુને પયઃપાન કરાવવા માંડ્યું. તેના દૂધમાં ભયંકરતા હતી. પીતાં જ પ્રાણ લે તેવું હતું. વક્ષઃસ્થલે તીવ્ર વિષ ચોપડ્યું હતું. પૂતના આગ્રહથી પાન કરાવતી હતી. પૂતના દોડી ન જાય તેમ ગાઢ હાથે પીડા કરતાં, ભગવાન્ પાન કરતા હતા. ભગવાન્ છ ગુણવાળા છે. ઐશ્વર્યથી સ્ત્રીને મારવાનો દોષ નથી લાગ્યો! વીર્યથી દૂધની ભયંકરતાની કે વિષની અસર નથી થઈ! યશઃથી અવસ્થા અને સાધન ન હોવા છતાં ભયંકર રાક્ષસીને મારીને અલૌકિક લીલા કરી! શ્રીથી શોભાપૂર્વક પયઃપાન કરતાં મારી, બીજી રીતે મારતાં તેવી શોભા ન થાય! જ્ઞાનથી તેના દોષ દૂર કરવા તેને મારવી જરૂરી જાણી! વૈરાગ્યથી દૈત્યનો વધ કરવા છતાં પક્ષપાત ન લાગ્યો! છ ગુણોથી મારવાના છ હેતુ બતાવ્યા. છ ધર્મવાળા પોતે, ધર્મિરૂપે માર્યા પછી મુક્તિ દીધી! નહિ તો ભગવાન્ પાન ન કરે. ભગવાને પાપ દૂર કરવા પીડા કરી! પ્રભુ કૃપા કરે તો પાપથી નરકમાં ન જવું પડે. ક્ષણમાં તે ભોગવાઈ જાય, સામાન્ય સજા થાય. દોષ દૂર કરવા રોષ કર્યો, મારવા માટે નહિ! સઘળા પ્રાયશ્ચિત્ત માટે સાથે પાન કર્યું. પૂતનાએ પ્રાણરક્ષા માટે સઘળું કર્યું. ભગવાને પ્રાણનું પાન કરતાં, સઘળું ભગવદર્પણ થઈ ગયું! પીડા કરીને પણ પ્રભુ તો હિત જ કરે છે! મધુરાધિપતિનું સઘળું મધુર છે. આપણને અજ્ઞાનથી ભગવાને દીધેલી સ્થિતિ કટુ કે કઠોર લાગે છે!

પૂતનાથી ભગવન્નિમિત્તે મરેલાં ૧૬૦૦૦ બાલકોને પ્રભુએ પોતાનામાં લઈને કુમારિકાઓમાં પું-ભાવ રૂપે પધરાવ્યાં !:

પ્રભુના પ્રાકટ્યના બીજે દિવસે કંસે મંત્રણા કરી. જન્મના છઠ્ઠા દિવસે પૂતના ગોકુલમાં આવી. ત્યાં સુધીમાં તેણે મારેલાં ૧૬૦૦૦ બાલકોના પ્રાણ - જીવસહિત પૂતનામાં રહ્યા હતા. શાસ્ત્રમાં (રંહત્યાધધિકરણમાં) લિંગસહિત જીવોના વૃષ્ટિ-અન્ન-રેતોભાવ કહેલા છે. જીવો આહુતિ દ્વારા કે અન્ય-કર્મ દ્વારા વૃષ્ટિ વગેરેમાં પ્રવેશ કરે છે, તેમ અહીં ભગવાનની લીલા કરવાની ઈચ્છાથી, તે જીવો કોઈ રીતે પૂતનામાં પ્રવેશ્યા ! આધિદૈવિક પૂતનાએ તેમને પોતાના જીવમર્મમાં રાખ્યા. ભગવાને "અખિલજીવમર્મ" - સ્થાનમાં પીડા કરી. "અખિલ"-પદ જીવનું વિશેષણ છે, જ્યાં પ્રહાર કરવાથી પ્રાણ જાય, તે મર્મસ્થાન કહેવાય. તે જીવોને પ્રભુએ પોતાનામાં પ્રવેશ કરાવ્યો, મુક્ત કર્યા !

શ્રીરામાવતારમાં દંડકારણ્યના ઋષિયોએ સ્ત્રીદેહે સ્વરૂપાનન્દનો અનુભવ માગ્યો ! કૃષ્ણાવતારમાં તે ગૌડદેશમાં કુમારિકા રૂપે થયા. તેમના પુંભાવો આ બાલકો રૂપે ગોકુલમાં જન્મ્યા ! પૂતનામાંથી તે પ્રભુમાં આવ્યા. અંતરંગલીલામાં પ્રતિબંધરૂપ પુંસ્ત્વ પૂતના-સંબંધથી નષ્ટ થયું. પુંભાવથી લીલાવિહારોપયોગી ગુણ બાકી રહ્યો ! પોતાનામાં રહેલા તે શુદ્ધ પુંભાવ રૂપ જીવોને પ્રભુએ વ્રજભક્તોની ચરણરજવાળી માટી, ચોરીનું માખણ વગેરે ખવડાવ્યાં. પોતાની આ પ્રસાદીથી લીલાનુભવયોગ્ય બનાવ્યા ! વસ્ત્રાહરણલીલામાં વસ્ત્ર દેતી વખતે કુમારિકાઓમાં આ પુંભાવ પધરાવ્યો. રાસમાં તેથી સર્વસુખલાભ થયો ! બ્રહ્માજીના ક્રોધમાંથી કુમાર રૂપે રુદ્ર પ્રકટ થયા, તેમ મનોધર્મરૂપ આધિદૈવિક-પુંભાવ બાલક થયા. અલૌકિક-અર્થોમાં તેની રીત પણ અલૌકિક હોય છે.

કંસે બાલકો મારવાની આજ્ઞા આપી. દેવકીજીના આઠમા ગર્ભને મારવાના હતા, બધાં બાલકો નહિ ! તે ક્યાંક જન્મેલા હોવાની શંકાથી બાલકોને મારવાનું કહ્યું હતું. આમ, બાલકોના મરણમાં ભગવાન્ નિમિત્ત થયા; તેટલા માત્રથી બાલકોને મુક્તિ દીધી, તો જેનું સઘળું જીવન, પ્રત્યેક કાર્ય, ભગવાનના નિમિત્તે થાય, તેને કઈ સદ્ગતિ ન મળે ? પોતાનાં સઘળા લૌકિક-કાર્ય પણ ભગવાનના નિમિત્તે કરવાં - કૃતાર્થ થવાય. આ ભક્ત બાલકો પૂતનામાં રહી ચૂક્યાં હોવાથી, પ્રભુ તેના વક્ષઃસ્થલે ખેલ્યા. "प्राणैः"- બહુવચન સૂચક છે. ઈન્દ્રિયોનું પણ માન તે સૂચવે છે. રોષથી ભગવાને દોષ બાળ્યા. નિર્દોષ ભગવાન્ સદોષ સાથે સંબંધ રાખે નહિ. સર્વસમન્વિત ભગવાન્ રોષસમન્વિત બને તેમાં કાંઈ દોષ નથી. "पुरुष एवेदं सर्वम् ।"- સઘળું ભગવદ્રૂપ છે. "सर्वोपेता च तद्दर्शनात् ।"- ભગવાન્ સર્વધર્મવાળા છે, તે દેખાય છે, તેથી ! "असङ्गो ह्ययं पुरुषः"- ને વાંધો આવતો નથી. સંગ કરવા છતાં ભગવાન્ નિઃસંગ છે.

આધિદૈવિક - આધ્યાત્મિક - આધિભૌતિક - પૂતના !:

અહીં તો ભગવાનના પરાક્રમની કથા છે. સ્તન દ્વારા પણ પ્રાણનું પાન કરવામાં વિરોધ નથી. પયઃપાન કરતાં પૂતનાના માયારૂપ ભગવાનનો પણ ભગવાનમાં પ્રવેશ થયો. આધિદૈવિક-પૂતના પણ તે સાથે પ્રભુમાં પ્રવેશી ! તે લીલોપયોગિની છે. દેહેન્દ્રિયાદિ સાથે મુક્ત થઈ. ફરી જ્યારે કૃષ્ણાવતાર થશે, ત્યારે તે પુનઃ પ્રકટ થશે ! લીલામાં ઉપયોગી સઘળા સર્વાંગ પદાર્થો ભગવાનમાં નિત્ય વિરાજે છે. જ્યારે ભગવાન્ અવતરે ત્યારે તે પણ અવતરે છે ! પોતાનું કાર્ય પૂરું થતાં પુનઃ પ્રભુમાં પ્રવેશ

કરે છે. જેની મુક્તિ કહેવામાં ન આવી હોય તે પ્રકૃતિમાં રહે છે !

પ્રાણ ગયા પછી, - "**सा मुञ्च मुञ्चालमिति प्रभाषिणी**"- કહ્યું છે. બાલક છે ! પાન કરીને ધરાય છતાં ભાન ન રહે ! તેને અટકાવવા લૌકિક-ઈન્દ્રિય પ્રાણ, અંતઃકરણરૂપ આધ્યાત્મિક-પૂતના "છોડ, છોડ, બસ !" - બોલે છે. પૂતનાના અંતરનો દુષ્ટભાવ દૂર થયો, તેથી આ લૌકિકભાષા કહી છે ! પ્રાણ જવા છતાં ભગવત્સંબંધ હોવાથી, માને દેખાડવા તેની ચેષ્ટા બતાવી; પછી અતિવ્યથાથી પૂતનાથી બોલાતું ન હતું. આંખ પહોળી થઈ ગઈ, હાથ પગ પછાડવા લાગી. અતિનાના - છ દિવસના- બાલકના સ્પર્શે થતી આ પીડા ભગવાનનું પરાક્રમ દર્શાવે છે. આકર્ષણ રૂપ વાયુમાં પ્રવેશ કરીને પ્રભુએ આ કર્યું. તેના રુદનરૂપ અવાજ સાથે પ્રભુએ પ્રાણ ખેંચ્યા. તેના ગંભીર અવાજથી નિશ્ચલ પૃથ્વી અને ધૌ પણ કંપી ઊઠ્યાં ! પાતાલ અને દિશાઓ ધ્રૂજ્યાં. વજ્ર પડવાની શંકાથી લોકો જમીન પર પડી ગયા ! પુરુષોત્તમના પરાક્રમના પ્રભાવથી બ્રહ્માંડવિગ્રહ-પુરુષને પણ કંપ થયો ! રાક્ષસો તો ભયંકર વ્યથા પણ સહન કરી શકે છે, છતાં પૂતના પીડા સહન ન કરી શકી ! ગભરાઈને સૂતિકાગૃહ અને ઘરની બહાર દોડી. અસલ રાક્ષસીરૂપ પ્રકટ થયું. હાથ પગ પહોળા થઈ ગયા. તે સત્ત્વાવસ્થા સૂચવે છે. લૌકિકદેહરૂપ આધિભૌતિક-પૂતના નીચે પડી. પ્રાણ, ઈન્દ્રિય રૂપ આધ્યાત્મિક-પૂતના મરી, ભગવાનમાં લીન થઈ. સૌ સ્વસ્થ થયા !

અવિધા પૂતના નષ્ટ થઈ, ગંધ - માત્ર બાકી રહી ! : અવિધાનાં બે સ્વરૂપો ! :

ગોકુલની સ્થિતિ સાધારણ-લોક જેવી નથી. તેમાંથી અવિધારૂપ પૂતના મરી. તેના દેહના દાહમાંથી પ્રકટેલો સુગંધ બાકી રહ્યો ! ભક્તોમાં પણ સેવામાં ઉપયોગી સંસાર તો રહ્યો. ભક્તોનો સંસાર સુખરૂપ છે. "હું કૃષ્ણનો દાસ છું !" - "કૃષ્ણ મારા છે !" - આવો ભક્તોનો સંસાર છે. પૂતના મરતાં પોતાના પ્રિય બાલક (ભગવાન્) મળ્યા. સૌને પોતાની અસાવધતા માટે પશ્ચાત્તાપ થયો. શ્યામસુંદરની સેવામાં સાવધ રહેવાનું જ્ઞાન થયું. અવિધા દૂર થઈ. પંચપર્વાત્મિકા મૂલાવિધા નષ્ટ થઈ નથી, પણ તૂલાવિધા નષ્ટ થઈ. શુક્તિ-રજતમાં છીપનું અજ્ઞાન અને ચાંદીનો અધ્યાસ તેનું કાર્ય છે. સ્વદેહમાં ભય, કામ વગેરેથી મોહ થતાં, પોતાના સ્વરૂપના અજ્ઞાનથી પણ તેનું કાર્ય સમજાય છે. આ તૂલાવિધા દૂર થતાં, પુનઃ સ્વરૂપજ્ઞાન થયું !

મામાં માતૃવાત્સલ્ય ઉભરાયું. ગોપીજનોએ રક્ષા કરી. સૌનો પ્રભુમાં નિરોધ સુગમ થયો. જ્ઞાનીઓને પ્રપંચવિસ્મૃતિ થાય, પણ ભગવદાસક્તિ તો દુર્લભ છે.

ससर्जाग्रेऽन्धतामिस्रमथ तामिस्रमादिकृत् ।
महामोहं च मोहं च तमश्चाज्ञानवृत्तयः ॥ (३-१२-२)
ससर्ज च्छाययाविद्यां पञ्चपर्वाणमग्रतः ।
तामिस्रमन्धतामिस्रं तमो मोहो महातमः ॥ (३-२०-१८)

આ બંને સ્વરૂપ જુદાં છે. પહેલામાં અન્ધતામિસ્ર છે. જ્ઞાનમાં બે કોટિ,- પુરુષ અને વિષય ! પુરુષમાં જ્ઞાન કરાવે - નેત્ર અને વિષયમાં વ્યાપકપ્રભા ! તે બંને ન હોવાથી અન્ધતામિસ્ર કહેવાય. પછીનું તામિસ્ર તે વિષયોમાં મોહરૂપ છે, આત્મામાં નહિ. મહામોહ-વસ્તુની યથાર્થતા સમજાવા છતાં,

તે વિષયમાં પોતાની એકતાની સમજ, પોતે શરીરરૂપ છે તે ભાન. "મારું છે," - તે મોહ ! "પોતે કોણ છે ?" - તે ન સમજાય તે - તમઃ ! બીજી અવિધામાં તામિસ્ર પહેલાં છે. ભગવદભિમુખતામાં પણ ભોગેચ્છા બાધક છે, પછી ભોગેચ્છા - અંધતામિસ્ર, પછી અલ્પાજ્ઞાન - તમઃ, પછી પુત્રાદિની વિકલતામાં પોતાની વિકલતાનો અનુભવ - મોહ ! આ વૈરાગ્ય આપનાર હોવાથી અજ્ઞાન કરતાં સારું છે, તેથી પણ દેહમાં અહંબુદ્ધિ-મહાતમઃ-ભગવાનની સેવામાં ઉપયોગી હોવાથી આ ઉત્તમ છે. આ લીલોપયોગિની અવિધા છે !

ભયંકર પૂતનાને મારતા બાલક રૂપ ભગવાન્ ! : પ્રણયબદ્ધ શ્રીગોપીજને કરેલી ભગવાનની રક્ષા ! :

પૂતનાના પડતા દેહથી છ ગાઉ સુધીનાં ઝાડ ભાંગી પડ્યાં. ઈચ્છ્યું હોત તો ઘટોત્કચની જેમ માયાથી વધારે મોટું શરીર કરીને મરી શકત ! ગોવાળોએ છ ગાઉથી વધારે પ્રદેશ જોયો નથી, તેથી તેમની સમજે તે કહ્યું. "पतमानः"- આત્મનેપદનો પ્રયોગ અલૌકિક છે. દેહથી પડેલાં ઝાડ ચિતાનાં લાકડાં રૂપે તેના ઉપયોગમાં આવ્યાં છે ! ભગવદિચ્છાથી આ બન્યું. પૂતનાનું ભયંકર શરીર હતું. હળના છેડા જેવા ચાર હાથ લાંબા દાંત હતા. પર્વતની ગુફા જેવી નાસિકા હતી. પર્વતની મોટી શિલા જેવું વક્ષઃસ્થલ હતું. લાલ વાળ વીખરાઈ ગયા હતા. અંધારા કૂવા જેવી આંખો હતી. નદીના પટ જેવા જઘન હતા. પુલ જેવા હાથ-પગ હતા. ખાલી ધરા જેવું પેટ હતું. ભયંકર રૂપ જોયું. સૌને ત્રાસ થયો. લાલાને હૃદયે નિર્ભય રીતે રમતા જોયા ! ભયંકર પૂતનાને મારતાં પણ ભગવાન્ તો તદ્દન બાલક રૂપ જ રહ્યા છે. અવસ્થા અને સાધનવિરુદ્ધ લીલા છે. અત્યદ્ભુત ચરિત છે !

ભગવાનને તેના હૃદયે રમતા જોતાં ત્રાસ થયો. પ્રેમભર્યાં ગોપીજન એકદમ દોડ્યાં. સ્નેહ તો સાહસ અને સામર્થ્ય આપે છે. લાલાને લઈને આશ્ચર્યથી પૂતના સામે અને લાલા સામે જોવા લાગ્યાં. યશોદા-રોહિણી સાથે મળ્યાં. લાલાની રક્ષા કરવા લાગ્યાં ! મર્યાદામાં ભગવાન્ ભક્તોની રક્ષા કરે છે. પ્રેમમાં ભક્તો ભગવાનની રક્ષા કરે છે ! ભગવાન્ બાલક રૂપે પધાર્યા છે. બાલોચિત સઘળા ઉપાયો કરવા જોઈએ. "ताः"- શબ્દથી શ્રીગોપીજનનું સ્વરૂપ જણાવે છે. તે બે પ્રકારનાં છે ! કુમારિકા અને શ્રુતિરૂપા ! કુમારિકાઓ અગ્નિકુમાર રૂપ છે. પૂર્વે તે દંડકારણ્યના ઋષિયો હતા, તેથી ઋષિરૂપા ગણાય છે. સૌને પતિ રૂપે ગોપસંબંધ નથી,તેથી અનન્યપૂર્વા પણ કહેવાય છે. શ્રુતિરૂપાઓ શ્રુતિના અવતારરૂપ છે. પ્રભુના પ્રાકટ્ય પહેલાં તેમના વિવાહ થઈ ગયા છે; તેથી અન્યપૂર્વા કહેવાય છે. તેમના પતિ તે મંત્રના દેવતારૂપ છે. તે માત્ર આભિમાનિક-સંબંધ છે. ગોવાળો તેમને પોતાનાં માને છે. વાસ્તવમાં શ્રુતિઓ ભગવાનનું જ વર્ણન કરે છે. બધા મંત્રોના અધિપતિ પ્રભુ છે, પ્રભુપરાયણ છે. તેમને અન્યનો સંબંધ નથી. તેમનાં પુત્રાંદિ પણ સર્વભવનસમર્થ ભગવાન્ દ્વારા અલૌકિક-રીતે પ્રકટ થયેલાં છે ! પરકીયાભાવથી રસપોષણ માટે આ લીલા છે ! શ્રુતિરૂપામાં પણ કેટલાંક અનન્યપૂર્વા છે. બ્રાહ્મણભાગમાં દેવતા નથી. તદ્રૂપા છે. તે કેવલ ભગવદુપાસક છે. આમ સૌ અન્યસંબંધ વગરનાં છે ! રક્ષાના મંત્રરૂપ શ્રુતિરૂપા છે. તેના દ્રષ્ટા ઋષિરૂપા છે. તે પ્રસિદ્ધિ સૂચવતો "ताः"- શબ્દ છે. દેવો પણ ગોપ-ગોપીરૂપ થયા છે. ભક્તિમાર્ગમાં ભગવદ્ભાવ વૈભવ રૂપ છે. જેનો ભાવ ઉત્કટ તે મુખ્યભક્ત ગણાય છે !

ગોપીજને લાલાના અંગે ગોપુચ્છ ફેરવ્યું. આ પરંપરાગતરક્ષા છે. પુચ્છ ઊંચું ન થાય, આપણે

નીચે નમવું પડે ! ગાયના પુચ્છમાં સઘળાં તીર્થો રહેલાં છે. તીર્થસ્નાનથી આધિભૌતિક-દોષો દૂર થાય છે. મંત્ર અને ધ્યાનથી આધ્યાત્મિક અને આધિદૈવિક-દોષ દૂર થાય છે. સ્વયં સ્ફુરેલા જ્ઞાનથી ગોપીજન રક્ષા કરતાં હતાં. સ્નેહભાવથી ભગવાનમાં રહેલા જે ધર્મો સ્ફુરે છે, તેને અનુકૂલ ક્રિયા શ્રીગોપીજન કરે છે ! તેવા ભાવવાળા જ તે સમજી શકે છે. સૌના અધિકાર પ્રમાણે ભગવાન્ સમજાય છે. અહીં તો "**रसो वै सः**"- થી કહેલા રસાત્મક ભગવાન્ છે. તે ભાવાત્મક છે. તેની રક્ષા કરવામાં શ્રીગોપીજનનો વિશેષ પ્રકારનો ભાવ પ્રકટ થાય છે ! સુંદરતા વધારવા શૃંગાર કરે તેવી આ ક્રિયા છે ! ભગવાન્ પણ ભાવ વધારવા માટે પોતાને ભૂખ-તરસ બતાવે છે. પૂતનામાંથી પ્રભુમાં આવેલાં બાલકોનો રાક્ષસીસ્પર્શનો દોષ પણ આ રક્ષાથી દૂર થાય છે !

શ્રીગોપીજને ગોમૂત્રથી સ્નાન કરાવ્યું, પછી આવતી ગાયોની રજમાં સ્નાન કરાવ્યું. બાલકરૂપ છે ને ! પુનઃ ગોબર અને ગાયની ખરીની માટીથી સ્નાન કરાવ્યું. લલાટ, બે બાહુમૂલ, હૃદય, નાભિ, પડખાં, કણ્ઠ, ખભા, કટિ, મસ્તક અને બે સ્તનો એ બાર અંગોમાં ભગવાનનાં બાર નામથી રક્ષા કરી ! કેશવ, નારાયણ, માધવ, ગોવિંદ, વિષ્ણુ, મધુસૂદન, ત્રિવિક્રમ, વામન, શ્રીધર, હૃષીકેશ, પદ્મનાભ અને દામોદર ! - "**केशवाय नमः ।**"- વગેરે ક્રમે રક્ષા કરી. આ બીજી રક્ષા આધ્યાત્મિક છે; પછી આધિદૈવિક-રક્ષા કરી. ગોપીજને બાહ્યશુદ્ધિ માટે સ્નાન કર્યું. આંતરશુદ્ધિ માટે આચમન કર્યું. પોતાનામાં દેવતાનું સ્થાપન થાય તે માટે કરન્યાસ અને અંગન્યાસ કર્યા. દેવરૂપ થઈને દેવનું પૂજન થાય, દેવતા પોતાનામાં પધારે પછી તે અન્યમાં પધરાવી શકાય. દશમાતૃકા-ન્યાસનો સમાવેશ "**पृथक्**"- શબ્દથી થઈ શકે છે. ન્યાસ દ્વારા સર્વદેવતાના આધાર રૂપ શ્રીગોપીજન થયાં. બાલકરૂપ ભગવાનના અંગોમાં બીજન્યાસ કર્યા. આ બીજ અને સ્થાન ગોપ્ય છે. રક્ષાસ્તોત્ર રૂપે તે અન્યશૈલીમાં બતાવ્યાં !

વૈષ્ણવતંત્રમાં ભગવાનનાં ૧૧ સ્વરૂપ પ્રસિદ્ધ છે. બીજાં ગૌણ રીતે સામર્થ્યસૂચક છે. "**अव्यादजोङ्घ्रि मणिमांस्तव जान्वथोरू...।**"- ભગવાનનાં ચરણ આધિદૈવિક છે. અજ અક્ષરબ્રહ્મ રૂપ આધ્યાત્મિક છે, ચરણરૂપ છે. ભગવાનનાં ચરણની રક્ષા અક્ષરબ્રહ્મ રૂપ ભગવાન્ કરે; યુક્તિસંગત છે. "**जले रक्षतु वाराहः स्थले रक्षतु वामनः ।**"- વગેરેમાં આ રીતે દેખાય છે. જલમાં વરાહરૂપવાળા ભગવાન્ પ્રવેશ કરવામાં સમર્થ છે. જલમાંથી પૃથ્વીનો ઉદ્ધાર ભગવાને વરાહ રૂપે કર્યો તે પ્રસિદ્ધ છે. તે રીતે આ રક્ષાસ્તોત્રમાં પણ અર્થ છે. બીજરૂપ આ નામ અવિકૃત છે.

	અંગ	**રક્ષક ભગવાન્**	**સ્વરૂપ**
(પ્રમેય)	ચરણ	અજ	ન જન્મે તે, અક્ષરરૂપ, ભક્તિમાર્ગાનુકૂલ.
	જાનુ	મણિમાન્	સૂક્ષ્મ, સર્વોપાસ્ય, દુર્જ્ઞેય, અક્ષરરૂપ, જ્ઞાન-માર્ગાનુકૂલ.
(પ્રમાણ)	ઊરુ	યજ્ઞ	પ્રજનનાત્મક.
	કટિતટ	અચ્યુત	યજ્ઞનું આધિદૈવિકસ્વરૂપ, કોઈ રીતે ચ્યુત ન થતાં રક્ષા કરનાર વેદ અને યજ્ઞ નિત્ય છે.
	જઠર	હયગ્રીવ	વેદરક્ષા માટે પધારેલા, ભગવાનનું ઉદર

સર્વજગન્મય છે. કર્મથી તેની રક્ષા થાય, હયગ્રીવ યજ્ઞ રૂપ કર્મમાંથી પ્રકટ થાય છે.

હૃદય	કેશવ	ક-બ્રહ્મા, ઈશ - શંકર, ઉભયને સુખ દેનાર. બુદ્ધિ અને અહંકારના નિયામક અને સુખદાતા, અન્તર્યામી.
ઉર (કંઠની નીચે સ્તનથી ઉપર)	ઈશ	આધિદૈવિક-રૂપ, પ્રકૃતિના ગુણોને ક્ષોભ કરાવનાર.
કણ્ઠ	ઈન	સૂર્યમાં વિરાજતા નારાયણ, બ્રહ્માંડસ્થિત, સૂર્યમાં વેદત્રયી વિરાજે છે. તે સરસ્વતી રૂપ છે. કંઠ સરસ્વતી સ્થાન રૂપ છે.
ભુજ	વિષ્ણુ	જગતની રક્ષામાં રહેલા, પાલન ક્રિયાશક્તિથી થાય. ક્રિયા બાહુથી થાય.
મુખ	ઊરુક્રમ	વામન, ભક્તોનાં દુઃખ દૂર કરવા પધારેલા. બલિને બાંધનારા, મોટાં પગલાંવાળા-ભક્તપોષક.
શિર	ઈશ્વર	સંકર્ષણરૂપ, "यस्य केशौ सितकृष्णौ"- જેના શ્વેત- શ્યામ કેશ છે તે, શિરઃપ્રધાનરૂપ.
આગળ	ચક્રધારી	ચક્ર ધરનાર.
પાછળ	ગદાધર હરિ	ગદા ધારણ કરનાર, દુઃખ હરનાર.
બે બાજુમાં	ધનુર્ધર	ધનુષ્યધારી, તલવારધારી, મધુસૂદન અને અજન.
	અસિધર	ધનુષ્યથી દૂરથી અસુરવધ કરે, તલવારથી સર્વજ્ઞ-જન્માદિ દુઃખનાશક, અવિદ્યાછેદક, નિકટમાં આવતાં મારે. આયુધનું પણ સ્વતંત્ર ઉલ્લેખથી સામર્થ્ય છે. "च"-કારથી હરિવર્ષ વગેરે સ્થળે રહેલાં સ્વરૂપો.
ચારે ખૂણામાં	શંખધારી	શંખનો શબ્દ સૌ દાનવોના દર્પને દૂર કરે છે.
	ઉરુગાય	"उरु" - અનેકથી, "गीयते" - ગવાય છે તે. નારદ વગેરે ભક્તો જેનું ગાન કરે તે.

ઉપર	ઉપેન્દ્ર, તાર્ક્ષ્ય	ગરુડારૂઢ મન્વન્તરાવતાર રૂપ.
નીચે	હલધર	હલ ધારણ કરનાર સંકર્ષણ - (બલદેવજીથી આ જુદા છે.)
સર્વત્ર	પુરુષ	નારાયણ - જેના ઉદરમાં સર્વ છે, જે સર્વત્ર વિરાજે છે.
દશ ઈન્દ્રિય	હૃષીકેશ	ઈન્દ્રિય - નિયામક.
દશ પ્રાણ	નારાયણ	પ્રાણના પ્રાણરૂપ-પ્રાણથી જ સઘળું સંભવે છે.
ચિત્ત	શ્વેતદ્વીપ-પતિ	શ્વેતદ્વીપ શુદ્ધસત્ત્વ રૂપ છે. તેના સ્વામી વાસુદેવ.
મન	યોગેશ્વર	યોગિજનના આરાધ્ય અનિરુદ્ધ.
બુદ્ધિ	પૃશ્નિગર્ભ	સર્વવંશકર્તા, પૃશ્નિગર્ભરૂપે જન્મેલ પ્રદ્યુમ્ન.
અહંકાર	ભગવાન્	સંકર્ષણ.
આત્મા	પર	પુરુષોત્તમ.
દેહ	ભગવાન્	સર્વનિયામક.
રમતાં	ગોવિંદ	ગાયોના ઈન્દ્ર, ગુપ્તરીતે રક્ષક.
પોઢતાં	માધવ	લક્ષ્મીપતિ.
ગતિ કરતાં	વૈકુણ્ઠ	વૈકુણ્ઠલોકમાં સદ્‌ગતિ મળે છે.
બેસતાં	લક્ષ્મીપતિ	વિવાહસમયે લક્ષ્મીજી સાથે સુખપૂર્વક વિરાજેલા સૌભાગ્યપૂર્ણ.
આરોગતાં	યજ્ઞભોક્તા	વિષ્ણુ, ભોજનક્રિયામાં કાલનિયામક-ગ્રહોને ભય કરનાર, ફલદાતા.

ડાકિની-દુષ્ટ-પતિરહિત-સ્ત્રી; યાતુધાની-યક્ષસ્ત્રી; કૂષ્માંડ-મહાદેવજીના પ્રલયમાં ઉપયોગી દુષ્ટગણ. બાલકગ્રહ-પિશાચરૂપ-બાલક થઈને સૌને હરે છે; ભૂત-પ્રેત-પિશાચ-યક્ષ-રાક્ષસ પ્રસિદ્ધ છે; વિનાયક-વિઘ્ન કરનારાના સ્વામી. તે સ્વતઃ નથી આવતા, કોટરા - સ્વતંત્ર હીનસ્ત્રી રૂપ, પૂર્વમાં પ્રસિદ્ધ છે; રેવતી - રેણુકા; જ્યેષ્ઠા - દક્ષિણમાં પ્રસિદ્ધ છે; પૂતના - મરી છે તે ! નામ તેનું તે વખતે બધા જાણતા નહિ; તેથી કહ્યું; અથવા મંત્રો તો જેમ હોય તેમ બોલાય - ફેરફાર ન થાય. મંત્રમાં હોવાથી નામ કહ્યું છે. માતૃકા - સોળ પ્રસિદ્ધ છે. આદિથી - ગ્રામદેવતા વગેરે. ઉન્માદ-જેથી પ્રાણી ઉન્મત્ત થઈ જાય છે. અપસ્માર - બુદ્ધિભ્રંશના કારણ રૂપ છે. દેહ, ઈન્દ્રિય, પ્રાણને પીડા કરનારાં છે. સ્વપ્નદષ્ટ-ભય, સ્વપ્ન, પલાયન, શિરચ્છેદ વગેરે જોવાં તે. મહોત્પાત - મહા ઉત્પાત. વૃદ્ધબાલગ્રહ - બાલક કે વૃદ્ધને પિશાચ જેવા, ભ્રાન્ત જેવા, બનાવી મૂકનાર. આમાં કહેલા કે ન કહેલા સઘળાં ભગવાનનાં નામ માત્રથી

ગભરાઈને દૂર ચાલ્યાં જાય છે. તે સઘળાં નાશ પામો !

આમ સ્નેહબદ્ધ, ગોપીજને સ્વતઃ ભગવાનની રક્ષા કરી ! બંધાયેલું હોય તે જાતે કે કોઈના કહેવાથી છૂટી ન શકે, તેમ પ્રણયબદ્ધ ગોપીજનનો ભગવત્સંબંધ ક્યારેય છૂટે તેમ નથી. ગોપીજને રક્ષાબંધન પણ કર્યું. પૂતનાના પયઃપાનથી પ્રભુને અજીર્ણ નથી થયું. માએ પ્રેમથી પુત્રને પયઃપાન કરાવ્યું ! પારણામાં પોઢાવ્યા. એટલામાં નન્દ વગેરે ગોવાળો મથુરામાંથી વ્રજમાં ગયા. "व्रजं गताः"- શ્રીશુક બોલ્યા. શ્રીશુક મથુરામાં પ્રભુમાં પ્રેમમગ્ન થઈ ગયા છે, તેથી "ગયા" - કહ્યું, "આવ્યા" - નથી કહ્યું !

રુધિરાશના રાક્ષસી પૂતનાના દેહમાંથી નીકળેલા સુગંધે ગોવાળોનો હૃદયનો પ્રપંચ - લૌકિક દુરાગ્રહ - દૂર થઈ ગયો ! :

સૌએ પૂતનાનું શરીર જોયું. વિસ્મય થયું. વસુદેવનાં વચન ઋષિ જેવાં સાચાં લાગ્યાં. પરશુથી કલેવરના કટકા કર્યા. આસપાસ પડેલાં વૃક્ષોનાં લાકડાંનો ઢગલો કર્યો. લાકડાં સળગાવ્યાં ! પ્રભુએ પ્રેર્યા. અગ્નિદાહથી દેહ ભસ્મ થતાં મુક્તિ મળે ! બળતા દેહમાંથી અગરુનો સુવાસ આવ્યો ! લાકડાં સુગંધી ન હતાં કેસર, કસ્તૂરી ખાનારનું શરીર બળે તો પણ દુર્ગન્ધ આવે. રુધિરાશના રાક્ષસીના બળતા દેહમાંથી સુગંધ ઊંચે ગયો ! શરીર ઘીની જેમ બળ્યું. આ સુગંધ મુક્તિસૂચક છે. નિર્દોષતા તેથી સમજાય છે. ગોવાળોના મનમાં ભય હોત તો સુગંધનો વિચાર પણ ન આવત ! "भुजमगरुसुगन्धं"- માં ભગવાનના સ્વરૂપમાં રહેલો આ સ્વાભાવિક-સુગંધ કહેલો છે. પયઃપાન કરતાં સંબંધમાત્રથી ભગવાને તે પૂતનામાં મૂક્યો ! ભગવાનના સંબંધમાત્રથી ભગવદ્ધર્મો જીવમાં આવે છે. "पूतना लोकबालघ्नी..."થી "तासामविरतं..॥"- સુધીના છ શ્લોકો શ્રીવલ્લભાચાર્યજીના મતે વિગીત છે.

સુગંધી ધુમાડાથી દૂર ગયેલા ગોવાળો જલદી વ્રજમાં પાછા આવ્યા. વાત જાણી. આશ્ચર્ય પામ્યા. ભાન ભૂલી ગયા. પ્રભુનો પ્રભાવ સૌમાં પ્રવેશ્યો ! તેનાથી અંદર રહેલો તામસ અવિદ્યાસંબંધી પ્રપંચ દૂર થયો. પૂતના તામસી છે. તેની ગંધથી પ્રપંચ નાશ થયો. હૃદયમાં રહેલો સઘળો લૌકિક-દુરાગ્રહ "હું-મારું" - દૂર થઈ ગયો ! પૂતનાનું આશ્ચર્યકારક રીતે આવવું, એકદમ મરવું, બાલકનું બચી જવું, ખૂબ આશ્ચર્યપ્રદ થયું.

આવેલા નન્દજીએ દીકરાનું માથું સૂંઘ્યું. પરમાનંદ થયો. નૂતનકર્મ કરીને ખૂબ દાન દેવા વિચાર્યું. ઉદારબુદ્ધિવાળા નન્દરાયજી છે. બાલક ભગવાન્ માટે અદ્ભુત નૂતન આભરણો, રમકડાં વગેરે લાવ્યા હતા ! મોં માગ્યા મૂલ્યે, કોઈનું મન ન દુભાય તેમ, પ્રેમથી લાવેલી ઉત્તમ વસ્તુ, પ્રભુને નિવેદન કરાય. "कुरुद्वह"- સંબોધન શ્રીશુકે રાજાને કથામાં વિશ્વાસ રાખવા કર્યું.

શ્રદ્ધાપૂર્વક કથાશ્રવણથી સુખપ્રદ ગોવિન્દમાં રતિ :

य एतत् पूतनामोक्षं कृष्णस्यार्भकमद्भुतम् ।
श्रृणुयाच्छ्रद्धया मर्त्यो गोविन्दे लभते रतिम् ॥ (૩૮)

આ પૂતનામોક્ષની કથા, કૃષ્ણનું અદ્ભુત બાલચરિત, જે શ્રદ્ધાપૂર્વક સાંભળે તેને ગોવિંદમાં

રતિ મળે, - ગતિ મળે ! પૂતના છઠ્ઠા દિવસે આવી, તેથી ગભરાટમાં - ધમાલમાં સૌ છઠ્ઠીપૂજનની સામગ્રી મૂકવી ભૂલી ગયાં ! ભગવાનના ભાગ્યલેખ લખવા કઈ વિધાતા આવે ? બીજે વર્ષે જન્મદિવસ પહેલાં યાદ આવ્યું. આગલે દિવસે છઠ્ઠીપૂજન કર્યું ! સેવામાં તે ક્રમ આજે છે.

પૂતનાની સદ્‌ગતિની વાતે તો શ્રીશુક અને ઉદ્ધવજી જેવા જ્ઞાનીઓ પણ શરણાગત થઈ ગયા ! ભગવાને પૂતનાની પ્રકૃતિ કે વિકૃતિ સામે ન જોયું, કૃતિ અને આકૃતિ મા જેવી લાગી, ભગવાને માતૃગતિ આપી ! પ્રાચીન-ભક્તોને અનુસરીને યથાધિકાર સેવા કરવાથી પણ, પ્રભુ તે ભક્તોની યાદથી આપણા ઉપર કૃપા કરે. પૂતનાને તો માનવ-સ્ત્રીશરીર ધરવું પડ્યું. આપણને તો પ્રભુએ માનવદેહ દીધો છે, ભક્તો સાથે આકૃતિથી સમાનતા મળી છે, કૃતિથી જ કરવાની છે, તો કૃતાર્થ થવાય ! દુર્ગુણના દરિયા જેવી પૂતનામાંથી પણ ભગવાને સદ્‌ગુણનું કોઈ મોતી શોધી લીધું. લોકો સદ્‌ગુણના સાગરમાંથી પણ દુર્ગુણનાં છીપલાં વીણે છે ! ભગવાન્ ગુણગ્રાહક થતાં શીખવે છે.

નામકરણ થતાં પહેલાં શ્રીશુકે "कृष्ण" - કહ્યું છે ! સદાનન્દ ભગવાનનું ચરિત પણ સદાનન્દ રૂપ છે. ભગવાને અવતાર વખતે લીલાથી સૌને પ્રીતિ કરાવી. અવતાર ન લીધો હોય ત્યારે, ભગવાનની કથા સૌને પ્રીતિ દઈ કૃતાર્થ કરે છે. ભગવાને પૂતનાને માત્ર મારી નથી, તારી છે ! તે અદ્‌ભુત છે. મારવાનું તો કોઈ બીજા બલવાનથી પણ બનત, તારવાનું તો ભગવાન્ સિવાય કોઈથી ન બને ! પુણ્યશાળી તો કદાચ તરે, પણ પૂર્ણ પાપીને પ્રભુએ મારીને તારી, ભગસાગરની પાર ઉતારી. તે કૃપા છે, તેથી કથા પૂતનાવધની નથી, પૂતનામોક્ષની છે !

પ્રભુમાં પ્રીતિ થવી સહેલી નથી, પ્રત્યક્ષ હોય તો જલદી પ્રીતિ થાય. ભગવાનનો અનુભવ ઈન્દ્રિયો કરતી નથી. ઈન્દ્રિયોને અનુકૂલ લાગે તેમાં જીવને પ્રીતિ લાગે છે. પૂતના-મોક્ષની કથાના શ્રવણમાં પણ પ્રભુમાં રતિ થાય, ગોવિંદમાં સદ્‌ગતિ મળે.

શ્રવણમાં શ્રદ્ધા જોઈએ, શંકા નહિ ! યુક્તિ કે બુદ્ધિથી ન સમજાય તેવી પૂતનામોક્ષની કથા છે. બુદ્ધિનો ઉપયોગ સમજવામાં થાય, વ્યર્થ શંકા કરવામાં નહિ. શાસ્ત્ર ન સમજાય તેમાં પોતાની બુદ્ધિની મર્યાદા સ્વીકારી લેવાય, પણ "ખોટું છે" - તેવો આક્ષેપ ન થાય ! ભગવાન્ અને લીલાકથા બુદ્ધિથી પર છે, હૃદયની અંદર શ્રદ્ધાથી વસે છે. આંખ દેખે કે માને તેટલું ન માનવું, તે તો અધૂરી કેળવણી છે. કથામાં કહેલાં પાત્રોને ઐતિહાસિકપાત્ર માત્ર ગણીએ તો આધિભૌતિક રૂપ છે. તેમાં જુદાં જુદાં અર્થઘટનો આધ્યાત્મિક રૂપ છે. આવાં અર્થઘટન સ્વાભાવિક રૂપે મળે તે લેવાય, આગ્રહથી ગોઠવી ન કઢાય. બન્યું તે ભગવાને કરેલી લીલા છે, તેમ શ્રદ્ધાથી સ્વીકારી લેવું ! - તે આધિદૈવિક છે. પૈસા મેળવવા, ક્ષણિક લોકપ્રીતિ મેળવવા, જીવનભર મથતા, અને પરિણામે પીડાતા, સંસારીને નિત્ય સુખરૂપ પ્રભુપ્રીતિ મેળવવાનો સહેલો ઉપાય કહી દીધો, - શ્રદ્ધાપૂર્વક કથાશ્રવણ !

અધ્યાય : ૭

ભગવાનમાં ચિત્તને મગ્ન કરી દે તેવાં, સર્વદોષ દૂર કરે - ગુણદાયક હોય - તેવાં ચરિત કહેવા રાજાની શ્રીશુકને વિનંતી :

રાજા પરીક્ષિતે અદ્‌ભુત બાલચરિત સાંભળ્યું. શ્રીશુકે પૂતનામોક્ષ-શ્રવણનું ફલ ગોવિંદ-રતિ

કહ્યું છે. શ્રદ્ધાપૂર્વક સાંભળતા રાજામાં તે પ્રત્યક્ષ દેખાયું ! ભગવાનની બાલલીલા સાંભળીને માત્ર હસવાનું મળે, મઝા પડે, તે જ તેનું ફળ નથી. મન ભગવાનમાં મગ્ન થવું જોઈએ. રાજાને પ્રીતિથી વધારે સાંભળવાની આતુરતા થઈ. શ્રીશુકે સાતમા અધ્યાયમાં વધારે આસક્તિ કરાવતી અદ્‌ભુતલીલા સંભળાવી. ગાડું જમીન પરથી ઊંધું વાળવું, તૃણાવર્તને આકાશમાંથી નીચે નાખવો, મુખ ખોલીને તેમાં વિશ્વદર્શન કરાવવું, તે રાજસ, તામસ, સાત્ત્વિક - ભક્તોના નિરોધ માટેની લીલા છે.

લૌકિક-સંબંધમાં આસક્તિ હોય, ત્યાં સુધી ભગવાનમાં આસક્તિ ન થાય. લોકાસક્તિ છોડવી સહેલી નથી. ભગવાન્ કૃપા કરીને છોડાવે તો જ છૂટે. ભગવાને વ્રજભક્તો પર કૃપા કરી છે. લોકસંબંધ, લોકસુખ વગેરેમાંથી આસક્તિ છોડાવવા પોતે લીલાઓ કરી છે. વધારે ન સમજી શકે તેવા, વિશેષાસક્તિ-રહિત, યશોદાજી વગેરેના ચિત્તને પોતાની લીલાઓથી ઉલ્લાસ દીધો. પોતાનામાં પ્રીતિથી આસક્તિ થવા માટે ક્યારેક મનમાં દુઃખ કરાવ્યું. ગાડું ઊંધુ વળે, નીચે દીકરો હોય, તો માનું મન ક્યાં રહે ? ચિંતા-દુઃખ-બહુ થાય; અને પરિણામે તો મન દીકરામાં જાય. દીકરા પ્રત્યેના પ્રેમથી જ આ દુઃખ થવાનું. પ્રેમ હોય ત્યાં પીડા અને પરિત્યાગ હોય ! ભગવાને સૌનાં દુઃખ દૂર કરીને પોતાનો યશઃ પ્રકટ કર્યો. દુઃખ દૂર કરનાર ભગવાનનું યશોગાન, સૌ આસક્તિપૂર્વક કરે છે, તેથી યશઃ પ્રસરે છે. ભવિષ્યમાં બીજા ભક્તો પણ તેના ગાનથી કૃતાર્થ થાય, તેવા વિચારે ભગવાને યશઃ પ્રકટ કર્યો.

નન્દ-યશોદા તથા ગોપીજનના મનમાંથી વિશ્વના વિચારો નીકળી ગયા. ભગવાન્ વગર કાંઈ યાદ આવતું ન હતું. વિશ્વનું વિસ્મરણ થવું તે જ પૂરતું નથી. ભગવાનમાં આસક્તિ થવી આવશ્યક છે. આપણે સંસારિ-લોકો તો સેવા - કથા - પાઠ - જપમાં બેઠા હોઈએ, સામે જેની સેવા કરતા હોઈએ તે ભગવાન્ વિરાજતા હોય, તો પણ પોતાની વ્યથાના વ્યર્થ વિચારોમાં ભગવાનને જ ભૂલી જઈએ છીએ, સંસારમાં સરી જઈએ છીએ ! ભગવાનને બદલે સંસારમાં નિરોધ થાય છે ! રાજાએ સૌને ઉપકારક વાત પૂછી છે. ભગવાનમાં ચિત્ત ચોંટી જાય, તેમ છતાં કાનને કડવી ન લાગે, તેવી ભગવાનની લીલાઓ કહેવા વિનંતી કરી. "अवतारेण"- શબ્દથી સઘળા અવતાર તો સાધનરૂપ છે. "भगवान् करोति ।"- થી લીલાઓ કરનાર ભગવાન્ જ છે. લીલા કરવાનું પ્રયોજન "हरिः"- થી બતાવ્યું. ભક્તોનાં દુઃખ હરવાં તે હરિનો સ્વભાવ છે. ભગવાન્ ઈચ્છે તે રૂપે પ્રકટ થાય છે. "ईश्वरः"- સર્વ - સમર્થ છે, છતાં સૌને તે સાંભળવાનો આનંદ નથી આવતો. "नः प्रभो"- રાજાને પોતાને આનંદ આવે છે, તેનો એકરાર કરે છે. શ્રદ્ધાવાળા અને વક્તામાં આદરવાળા શ્રોતાને આનંદ આવે.

ભગવાનનાં ચરિત હિતકારી, ગુણકારી અને સ્નેહજનક છે. રહસ્યસહિત લીલાઓ સમજાય તો બધી લીલાઓથી આ લાભ મળે છે; છતાં જે ચરિત સર્વદોષ દૂર કરી, સર્વગુણ-દાયક થાય, તે કહેવા રાજાએ વિનંતી કરી. કેવલ કૃષ્ણની લીલા પૂછે તો, કોઈને તેમાં પક્ષપાત કે અન્યની અવજ્ઞા લાગે.

અંતઃકરણને શુદ્ધ કરી, ભગવાન્ - ભક્તોમાં સ્નેહ કરાવતી કથા મનોહર છે : રાજાએ પંચવિધ-ચરિત પૂછ્યું :

यच्छृण्वतोऽपैत्यरतिर्वितृष्णा सत्त्वं च शुद्ध्यत्यचिरेण पुंसः ।
भक्तिर्हरौ तत्पुरुषे च सख्यं तदेव हारं वद मन्यसे चेत् ॥ (२)

જે સાંભળતાં પુરુષની અરતિ દૂર થાય છે, તૃષ્ણા ટળે છે, વગર વિલંબે સત્ત્વની શુદ્ધિ થાય છે, ભગવાનમાં ભક્તિ થાય છે, ભગવદ્ - ભક્તોમાં સખ્ય થાય છે, તે જ મનોહર છે, જો આપનું મન માને તો કહેવા કૃપા કરો. "पुंसः"- શબ્દ અહીં પુરુષદેહવાચક નથી. પ્રભુ માટે પ્રયત્નપરાયણ હોય તે પુરુષ છે, પછી દેહ ભલે સ્ત્રીનો હોય કે બાલકનો હોય. પોતાને મનગમતી રીતે, કાયાને કષ્ટ દીધા વિના, માયા મૂકયા વિના, મનોરંજન સાથે, વિચાર કરવાની તકલીફ વગર, જો ધર્મ થતો હોય તો, લોકો પ્રાયઃ તે જ શોધે છે. તેવા ધર્મકાર્યમાં ઘૂસી જતો ધર્માભાસ રૂપ અધર્મ, બહુ ઓછા ઓળખી શકે છે. પરિણામે તો તે ધર્મ અને ભગવાનનો અનાદર છે. ધર્મની સમજ માટે કે પ્રભુ માટે પ્રયત્ન કરવો તે પણ ધર્મ અને પ્રભુનો આદર છે. સંસારાસક્ત લોકોને ભગવાનમાં પ્રીતિ નથી હોતી. કદાચ તેમાં અભાવ કે વિરોધ ન હોવા છતાં પણ, કોઈ વિશેષ-રસ કે ઉત્સાહ હોતો નથી, ઉદાસીનતા હોય છે. ભગવાનની કથા સાંભળવાથી ભગવાનનો મહિમા સમજાય, ભગવાનના ઉપકારો સમજાય, તો આ ઉદાસીનતા જાય.

સંસાર સુંવાળો લાગવા છતાં, સર્પ જેવો ઝેરી અને ભયાનક છે ! જીવન તેમાં વેડફાઈ જાય છે, તે કથાથી સમજાતાં સંસારની તૃષ્ણા હૃદયમાંથી નીકળી જાય છે. પ્રભુ માટે પ્રયત્ન-પરાયણ જીવના અંતઃકરણની શુદ્ધિ સંસારાતીત-કથા દ્વારા થાય છે, કામ, ક્રોધાદિ-દોષો તથા વાસનાઓ શીઘ્ર દૂર થઈ જાય છે. ભગવાનની ભક્તપરવશતા સાંભળતાં ભક્તિ થાય છે. સંસારિલોકોને સંસારીઓના સંગથી ભક્તિ ન થાય, હોય તો પણ ચાલી જાય ! મળેલી ભક્તિની સ્થિરતા માટે પણ ભગવદ્-ભક્તોમાં આદર અને પ્રીતિ જોઈએ. કથામાં ભક્તોનો મહિમા સમજાય, આદર અને પ્રીતિ તેમનામાં થાય. શ્લોકમાંનો "च" ભક્તના ભક્તમાં પણ આદર અને પ્રીતિ થાય ! - તેમ સૂચવે છે. ભગવાનની ભક્તિ કરનાર ભક્ત કહેવાય, ભક્તોની ભક્તિ કરનાર ભક્તશ્રેષ્ઠ છે ! ગાન-તાનની મસ્તીમાત્રથી ભક્ત ન થવાય. ભગવાનના સ્વરૂપને અને લીલાને યથાર્થ સમજીને, તેમાં પ્રેમમગ્ન થઈને, સંસારથી પર થઈને, જીવનાર - ભક્ત છે. આ જ મનોહર છે. "एव"- બીજું કાંઈ મનોહર નથી, તેમ સૂચવે છે.

દુનિયામાં ઘણાને વસ્તુ કે વ્યક્તિ મનોહર લાગે છે. તે તો મનને હરી, - હરિથી દૂર લઈ જઈ, નાશ નોતરે છે. ભગવાન્ તો "मनोनयनवर्धन"- છે. કથા પણ મનની શુદ્ધિથી ભાવવૃદ્ધિ કરે છે. કથાથી મન નાશમાંથી બચે છે, સાચો પ્રકાશ મેળવે છે. ભગવાન્ જેનું મન હરે તે ભવસાગર તરે ! ભગવદ્ભક્તોની કૃપાથી આવી કથા સાંભળવા મળે. પૈસા, પ્રસંગ, પરિસ્થિતિ કે પ્રયોજન-પરવશતાથી યોજાયેલી કથામાં પણ કૃપા વગર કાંઈ લાભ ન મળે. શ્રોતાથી પોતાનો અધિકાર માની લઈને મનગમતું સાંભળવાનો આગ્રહ ન રખાય, વક્તાને વિનંતી થાય. શ્રોતાનો અધિકાર સમજીને કલ્યાણ થાય તેવી કથા વક્તા સંભળાવે, તેમાં આનંદ આવે. અધિકાર કે કૃપા ન હોય તો સર્વોત્તમ-શ્રવણથી પણ અસર થતી નથી !

ભગવાનનું પંચવિધ ચરિત પૂછ્યું છે. ૧. અરતિ (અભાવ) જાય તેવું - સંસારરૂપ શકટભંગકથા. ૨. તૃષ્ણા ટળે તેવું - આશ્ચર્ય રૂપ તૃણાવર્તવધ - કથા. ૩. શીઘ્ર સત્ત્વશુદ્ધિ કરે તેવું - નામકરણ-ધૌર્ત્ય - ધાર્ષ્ટ્ય (કુમારાવસ્થાની માખણચોરી વગેરે લીલાની કથા). ૪. ભગવાનમાં ભક્તિ દે તેવું-ઉલૂખલબંધન-દામોદરલીલાની કથા. ૫. ભક્તોનું સખ્ય થાય તેવું - યમલાર્જુન - ભંગકથા. આ સઘળી કથા કહેતાં પહેલાં, કૃષ્ણ ભગવાનનું એક અદ્‌ભુત તોકાચરિત કહેવા રાજાએ પ્રાર્થના કરી. જાતે ઊઠી ન શકે તેવું નાનું બાલક “તોક” - કહેવાય. લોકો જેમાં કારણની કલ્પના ન કરી શકે તેવું ગોપબાલક રૂપે ભગવાને કરેલું ચરિત - શકટભંગલીલા- ''तोकाचरितमद्‌भुतं'' છે. ભગવાન્ શ્રીશુકે કહેવાનો આરંભ કર્યો. ૧૪ શ્લોકમાં, ૧૦ ઈન્દ્રિયો, અને ૪ અંતઃકરણવૃત્તિઓને વશ કરે તેવી પ્રીતિજનક-કથા કહી.

તન-મનને નિર્દોષ બનાવી, જીવનના ઉત્કર્ષમાં ઉપયોગી બનાવતા, ભારતીય-સંસ્કૃતિના સોળ સંસ્કાર :

ક્યારેક ઔત્થાનિક-ઉત્સવ હતો. “આજ લાલને કરવટ લીની !” - બાલક ભગવાને પોતાની મેળે પાસું પણ બદલ્યું હતું. ત્રણ માસ પૂરા થતાં, ચોથા માસે બાલકને “નિષ્ક્રમણ”-નામના સંસ્કાર થાય છે. તેમાં બાલકને વૈદિકમંત્રોથી મંગલસ્નાન કરાવીને, ઈષ્ટદેવતાનું પૂજન કરવાનું. મંત્રોચ્ચારપૂર્વક બાલકને અલંકાર ધરવાના, મંગલવાદ્ય વગડાવી દેવાલયે, ગંગાદિ-નદીતીરે, પવિત્ર બગીચામાં કે સ્વજનને ઘેર, ગમે ત્યાં બાલકને લઈ જવાનું. સ્વજનોએ આપેલી ભેટ લઈ, ઘેર આવી, પુણ્યાહવાચન- નિરાજન કરી, વિપ્રોને દક્ષિણા દઈને, ઉત્સવ કરવાનો.

ભારતીય-સંસ્કૃતિમાં આવા સોળ સંસ્કારો છે. જન્મથી મરણ-પર્યંત તે શુદ્ધિ કરી, શાંતિ આપે છે. પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા પદાર્થો પ્રાકૃત કહેવાય છે. પ્રાકૃત-પદાર્થોને સુંદર, શુદ્ધ, ઉત્તમ, નિર્દોષ બનાવી, સાનુકૂલ જીવનચર્યા માટે ઉપયોગમાં લેવાની પદ્ધતિ મહર્ષિયોએ શોધી છે. આ પદ્ધતિ “સંસ્કાર” કહેવાય. તે “ભાવના” પણ કહેવાય છે. ખેતરમાં ઊગેલા ઘઉં પ્રાકૃત ગણાય. સીધે સીધા તે ખાવામાં અનુકૂલ ન થાય. તેને સાફ કરવા, દળાવવા, રોટલી બનાવવી, - તે બધા તેના સંસ્કાર કહેવાય. રોટલી સંસ્કૃતપદાર્થ કહેવાય. ઋષિયોએ આ દેહને અંદર-બહારથી શુદ્ધ, ઉત્તમ રીતે જીવનોપયોગી બનાવી, નિર્દોષ રીતે પ્રભુકાર્યોપયોગી બનાવવાના સંસ્કાર શાસ્ત્રમાં કહ્યા છે; ભગવાનની પ્રેરણાથી ઋષિયોએ પ્રકટ કર્યા છે. તે સોળ છે. સઘળા દેશોના, સઘળી જાતિઓના, માનવસમાજમાં જન્મથી મરણ-પર્યંતના સંસ્કારો પોતપોતાની રીતે પરંપરાગત દેખાય છે. બધાનું વ્યવસ્થિત-મૂલ-સ્વરૂપ આર્યોના વૈદિક ૧૬ સંસ્કારો છે. આ સંસ્કારોથી માનવને અધિકાર કે યોગ્યતા મળે છે. દ્વિજ-બાલકને જન્મ પછી યોગ્ય સંસ્કારથી તેની દેવતા પ્રકટ થતાં, તે યોગ્ય વર્ણ ગણાય. સંસ્કાર અને આચારથી તે દેવતા હોય ત્યાં સુધી તે વર્ણ. અનુગ્રહ કે શાપથી આ દેવતાના આવિર્ભાવ કે તિરોભાવ પણ થાય ! તેમ વર્ણ બદલાય ! ભગવાને જ ગુણ-કર્મ-વિભાગથી ચાતુર્વણ સર્જેલ છે ! યજ્ઞોપવીત-સંસ્કાર પછી બાલકને દ્વિજ કહેવાય, વૈદિકકર્મનો અધિકાર મળે. આ સંસ્કાર નૂતનજન્મરૂપ હોવાથી તે જેને મળે તે દ્વિજ કહેવાય ! આ સંસ્કારો દેહ, ઈન્દ્રિય, અંતઃકરણના દોષો દૂર કરી, ગુણાધાન કરી, ન્યૂનતાને પૂર્ણ કરે છે. ખાણમાંથી નીકળેલું, કચરાવાળું સોનું, પહેલાં શુદ્ધ કરવામાં આવે છે, પછી તેના અલંકાર ઘડાય છે, તેમાં રત્નાદિ જડાય છે; તેમ આ સંસ્કારો સાચા, સુયોગ્ય

મનુષ્ય બનાવે છે. ગૌતમ ૪૦, અંગિરા ૨૫, વ્યાસજી ૧૬ અને આશ્વલાયન ૧૧ સંસ્કાર માને છે. ૧. ગર્ભાધાન - બીજ અને ક્ષેત્રશુદ્ધિ, મલિનતાનિવારણ. ૨. પુંસવન-પુરુષગર્ભલાભ, ગર્ભને ત્રીજે માસે થાય. ૩. સીમન્તોન્નયન - ગર્ભશુદ્ધિ, બુદ્ધિશક્તિ વધે, ગર્ભને છઠ્ઠે કે આઠમે માસે થાય. ૪. જાતકર્મ - માતાના ખાનપાનનું દોષનિવારણ, સુખપ્રસવ. ૫. નામકરણ - આયુષ્ય-તેજ: વધે, વ્યવહાર ચાલે. જનનાશૌચ પૂરું થતાં થાય. ૬. નિષ્ક્રમણ - બાલકને સૂર્ય-દર્શન. લક્ષ્મી અને આયુષ્ય વધે. જન્મથી ચોથે માસે થાય. ૭. અન્નપ્રાશન-ગર્ભમાંથી સંભવતી મલિનતા, ભક્ષણદોષ દૂર થાય. છઠ્ઠે માસે થાય. ૮. ચૂડાકર્મ - બલ-આયુષ્ય-તેજ: વધે. પ્રથમ - વાળ લેવડાવવાની ક્રિયા પહેલા, ત્રીજા વર્ષે કે પ્રથા પ્રમાણે થાય. ૯. કર્ણવેધ - જ્ઞાનતંતુના દોષ ન રહે. આંતરડાંના રોગ-સારણગાંઠ ન થાય, કાનમાં સુવર્ણ પહેરવાથી અનિષ્ટ ન થાય. પ્રાય: પાંચમે વર્ષે થાય. ૧૦. યજ્ઞોપવીત - દ્વિજત્વ મળે, વૈદિક - કર્માધિકાર થાય. બ્રાહ્મણને ૫ કે ૮ વર્ષે, ક્ષત્રિયને ૧૧ અને વૈશ્યને ૧૨મા વર્ષે થાય. ૧૧. વેદારંભ - વેદના અધ્યયનનો આરંભ, જ્ઞાન, સંયમ મળે. ૧૨. કેશાન્તસ્નાન-સ્નાતક-પદવી મળે. ૧૩. સમાવર્તન - ગુરુકુલમાંથી પોતાને ઘેર જાય. ૧૪. વિવાહ - ગૃહસ્થાશ્રમપ્રવેશ, પુત્રાદિપ્રાપ્તિ, પ્રભુ પ્રસન્ન થાય તેમ સેવોપયોગી જીવન થાય. ૧૫. આવસથ્યાધાન- અગ્નિહોત્ર, વાનપ્રસ્થ, આસક્તિ ટળે. ૧૬. શ્રૌતાધાન - સંન્યસ્ત, અન્ત્યકર્મ-સદ્ગતિ મળે. કેટલા જુદી રીતે પણ ગણે છે.

નન્દપત્ની યશોદાજી પણ ઉત્સવની શોભા - વ્યવસ્થામાં પુત્ર - પ્રભુને ભૂલી ગયાં ! :

બાલકૃષ્ણજીના નિષ્ક્રમણ-સંસ્કાર સમયે રોહિણી-નક્ષત્ર હતું. ચોથી વખત રોહિણી આવતાં ૧૦૮ દિવસ થાય. **"त्रैमासिकस्य"**- કહેલ છે, તેથી ત્રણ માસ ઉપર ૧૮ દિવસ થયા હશે. પ્રાય: માર્ગશીર્ષ શુક્લ ૧૧નો દિવસ સંભવે ! **"सती"**- મા યશોદાજીએ પતિને અનુકૂલ રીતે ઉત્સવ ઉજવવા ઈચ્છ્યું. માત્ર પરણેલાં પત્ની કહેવાય, સાનુકૂલ બને ત્યારે સતી ગણાય ! બ્રાહ્મણો દ્વારા સવારમાં નિષ્ક્રમણ પહેલાં મંગલકલશ સ્થાપન કરાવ્યું, મંગલસ્નાન કરાવ્યું, પછી મંત્રોથી પ્રોક્ષણ કરાવી, પુત્રને સ્નાન કરાવી, માએ શૃંગાર ધરાવ્યા. લૌકિકરીતે ઉત્સવ મનાવ્યો ! પહેલાં સૌ વ્રજસ્ત્રીઓને પોતાના વ્યવહાર પ્રમાણે બોલાવ્યા, તેથી **"नन्दस्य पत्नी"**- કહ્યાં છે. પુત્રને સ્નાન કરાવવાની જગ્યાને સુશોભિત બનાવી. સૌ મંગલગીત ગાવા લાગ્યાં. બાલકને સુગંધી તેલ વગેરે દ્રવ્યોથી સ્નાન કરાવ્યું. વસ્ત્ર અને આભરણ ધરાવ્યાં. કસ્તૂરી, ગોરોચન વગેરેથી તિલક કર્યું. ધૂપાદિ કરીને ભીનાશ દૂર કરી. શૃંગાર સંપૂર્ણ કર્યા. સ્વસ્તિવાચન કરાવ્યું. રક્ષાબંધન કરાવ્યું. બ્રાહ્મણોને ખૂબ ઘીવાળું ભોજન આપ્યું, વસ્ત્ર આપ્યાં. બ્રાહ્મણોની ઈચ્છાનુસાર સત્કાર કર્યો ! બ્રાહ્મણો સંતુષ્ટ થયા, પ્રભુને બાલક સમજીને આશીર્વાદ આપ્યા !

તે વખતે લાલાએ શ્રમિત થયા હોય તેમ, ઊંઘવાનો અભિનય કર્યો ! **"सञ्जातनिद्राक्षमशीशयच्छनैः ।"**- ત્રણ માસનું બાલક, અદ્ભુત ઊંઘવાની રીત ! આંખ ધીમે ધીમે ઘેરાય, બંધ થાય, પણ મા ક્યાંક મૂકીને જાય તો ! વળી સહેજ આંખ ખૂલે, ઊંઘના ભારે પુન: આંખ દબાય ! બે ત્રણ વખત આમ થાય; પછી ઊંઘી જાય ! ભગવાન્ નેત્ર બંધ કરી પોઢી ગયા. માએ તે જાગી ન જાય તેમ, ધીમેથી ગાડા નીચે છાયામાં પર્યંકમાં પોઢાવ્યા ! ભગવાનનાં નેત્ર બંધ થતાં સૌની જ્ઞાનશક્તિનો સંકોચ થયો, લૌકિકની પ્રબલતા થઈ; છતાં ભગવાને નિરોધ કરેલો હોવાથી, ભગવત્સંબધિ-લૌકિકકાર્યમાં મગ્નતા થઈ. યશોદાજી લૌકિકરીતે ઉત્સવની શોભા અને વ્યવસ્થામાં પરોવાઈ ગયાં.

પોઢાડેલા પુત્રને પણ ભૂલી ગયાં ! સ્વજન-સંબંધી-સ્નેહીને, પોતાના ઘરની પ્રતિષ્ઠા-વૈભવ-શોભા-જણાય તેમ સત્કારતાં હતાં ! માત્ર નન્દરાયજીના વ્રજમાં ભક્ત વ્રજવાસીઓ જ આવ્યા ન હતા. બીજા નેસડાઓમાંથી પણ આવેલા કેવલ ભિક્ષુક વ્રજવાસી-સ્ત્રી, પુરુષ, બાલકો-ને માલા, ચંદન, ભેટથી સત્કારવામાં મા મગ્ન થઈ ગયાં હતાં. તે લોકો તો અત્યન્ત તામસ છે. મા તેમની પૂજા કરે તે યોગ્ય નથી !

ભક્તનું ચિત્ત લોકમાં રહે તે ભગવાનને ન ગમે ! : રડીને પણ પોતાની પાસે બોલાવે ! :

ધ્યાન લોકમાં રહે તો લૌકિકતા આવે. ભગવાન્ તો ભક્તોનો નિરોધ કરવા પધાર્યા છે. લૌકિક જેવી લીલા કરીને પણ ભક્તોનું ધ્યાન પોતાનામાં રાખે છે, બહિર્મુખ થતાં બચાવે છે ! ભક્તો પણ અતિલોકસંગથી બહિર્મુખ થાય, તે ભગવાનને ન ગમે. તે બતાવવા માટે બાલક પ્રભુ રડ્યા ! ગાડામાં શકટ નામનો અસુરાવેશ હતો. તે લેવા આવેલા અસુરને અટકાવવા, બાલકૃષ્ણજીએ રડતાં ગાડું ભાગ્યું. અસુર માર્યો. તે કથા અન્યકલ્પની છે. અહીં તો માત્ર તે ગાડું છે ! આસુરધર્મવાળા લૌકિકપદાર્થોમાં યશોદાજી વગેરે ભક્તોની આસક્તિ છે. તે પદાર્થો પોતાના છે, તેવી મમતા છે. તે સંસારાસક્તિને, સંસારરૂપ શકટને ભાગીને, ભગવાને દૂર કરી છે. સંસાર ભગવદ્‌વિરોધી છે ! તેમાં આસક્તિ આસુરભાવ રૂપ છે. પદાર્થોને પ્રભુના ગણવાને બદલે પોતાના ગણવા તે આસુરભાવ છે. ભગવાનના ચરણરૂપ ભક્તિમાર્ગના સ્પર્શમાત્રથી સંસારાસક્તિરૂપ આસુરભાવ દૂર થઈ જાય. ઈન્દ્રિયો દ્વારા ભોગથી મળતો આનંદ-ગોરસ-ઢળાઈ જાય, રસાત્મક ભગવાનનો રસ માણનારને વિષય તો વિષ જેવા લાગે છે.

માનું ધ્યાન પોતાના તરફ દોરાય માટે પ્રભુ રડ્યા. નીરસ જગતમાંથી, ભક્તોને સરસ બનાવવા, રસરૂપ ભગવાન્ પોતાની પાસે પ્રસન્નતાથી હસીને બોલાવે છે ! ભક્તો ન સાંભળે તો સ્નેહવશ ભગવાન્ રડીને પણ બોલાવે છે. કેટલા ભક્તવત્સલ છે ભગવાન્ ?! મા યશોદાજી તો ખૂબ આનંદમાં હતાં, લાલાને લઈને ફરતાં ન ફાવે, સુતના સૂતા પછી લોકમાં હળવા-મળવાનું અનુકૂલ લાગતું હતું ! આપણે સંસારીઓ તો આવું માનીએ છીએ. સવારમાં સેવા, પૂજા, પાઠ વગેરેનો નિત્યક્રમ થઈ જાય એટલે છૂટ્યા, ઝટ ઠાકોરજીને અનોસર કરીને પછી પોતાનાં કામ શરૂ થાય. આખો દિવસ પછી ભગવાનનું તે સ્વરૂપ યાદ પણ ન આવે. આપણું કામ શરૂ કરવા માટે સેવા- પાઠમાંથી પરવારવાનું ! વચમાં પણ ટેલિફોન, ટપાલ, તાર, સંદેશા, મહેમાન આવે તો તેમનો આદર પહેલાં કરવાનો ! યશોદાજી તો પ્રભુ પોઢ્યા પછી પધાર્યાં હતાં. આપણા ભગવાન્ તો યશોદા-નન્દન છે. આપણે ક્યાં યશોદા છીએ ? ભગવાન્ તો આમ રાજી ન થાય. લોકો ભલે રાજી થતા હોય ! પોતાના સેવકોને પૈસા અને પ્રતિષ્ઠામાં રાચતા જોઈને ભગવાન્ તો નારાજ થાય છે ! શરીર, સામર્થ્ય, સમજ, સંપત્તિ, સ્વજન, સુખ, શાંતિ, સાનુકૂલતા, સફલતા, સદ્‌ગુણ, સદ્‌વિદ્યા તો દયાળુ ભગવાને આપ્યાં છે. તે પ્રભુ પ્રસન્ન થશે ? કે અપ્રસન્ન થશે ? - તેવો વિચાર કરીને જીવનનાં સઘળાં કાર્ય કરવાનું તો સન્નિષ્ઠ-કૃપાપાત્રને સુલભ છે. સંસારીઓને તે દુર્લભ દેખાય છે !

દીકરાએ રડીને માને બોલાવ્યાં, પણ માએ ન જ સાંભળ્યું ! - સંસારાસક્ત લોકો કોઈની સાચી કે સારી વાત સાંભળે નહિ, - સ્વીકારે નહિ. **"उर्ध्वबाहुर्विरौम्येष न च कश्चिच्छृणोति मे ।"**-

વ્યાસજીનો પણ આ કડવો અનુભવ છે. - "બે હાથ ઊંચા કરીને હું લોકોને કહું છું કે, ધર્મથી અર્થ અને તેથી કામ સિદ્ધ થાય છે, ધર્મ કેમ કરતા નથી ? છતાં કોઈ સાંભળતું નથી." સંસારાસક્તો સાચો ધર્મ કરતા નથી. માએ રુદન ન સાંભળ્યું; ત્યારે - "रुदन् स्तनार्थी चरणावुदक्षिपत् ।"- ભગવાને માત્ર મનથી માનો નિરોધ કરવા ઈચ્છ્યું નથી ! મનથી નિરોધ કરે તો સ્તનપાન ન થાય. પોતાને માટે ઉત્પન્ન થયેલા પયઃનો વિનિયોગ ભગવાન્ ઈચ્છે છે, - "स्तनार्थी" છે. "स्तन्य"- દૂધ તો પૂતનામાંથી લીધેલાં બાલકોને પીવડાવવાનું છે ! દોષ તો ભગવાને તે વખતે રોષથી દૂર કર્યો હતો; હવે તે બાલકોને સ્વસમાન બનાવવા, શ્રીગોપીજનનાં દર્શનની યોગ્યતા દેવા, વિહારજ્ઞાન દઈને તેમને ગોપીજનમાં પધરાવવા, ભગવાને નિર્દોષ પયઃનું પાન કરાવવા ઈચ્છયું છે ! ભક્તોનાં સઘળાં કાર્ય ભગવાનની ભક્તિથી જ સફલ થઈ જાય છે. તે સમજાવવા ભગવાને બે ચરણ ઊંચા કર્યા. અવતાર વખતે ભક્તિ ખૂબ દૃઢ હોય છે, તેથી બે ચરણ ઊંચા કર્યા !

નાનકડા બાલક ભગવાને કોમલ ચરણસ્પર્શથી સંસાર - શકટ - ઊંધું વાળ્યું ! આ બાલકનું બલ બુદ્ધિથી ન સમજાય ! :

ત્રણ માસના બાલકની તદ્દન સ્વાભાવિકતા છે. તે રડે ત્યારે બે કોમલ પગ પણ ઊંચા થઈ જાય ! ગાડા નીચે પોઢેલા કોમલ કૃષ્ણનાં અતિકોમલ ચરણદ્વય ઊંચાં થયાં. પોતાનામાં પ્રીતિ વગરનાં હોય, તેમની છાયા પણ ભગવાનને ખપતી નથી ! "प्रवालमृद्वङ्घ्रिहतं व्यवर्तत ।"- અત્યંત નાનકડા, આંબાની નવી કૂંપળ કરતાં પણ કોમલ, ઊર્ધ્વરેખાથી શોભતાં ચરણના પ્રહારથી ગાડું ઊંધું વળી ગયું ! ચરણ કઠોર નથી, મોટું થયું નથી ! ગોરસના ભારથી ભરેલું ગાડું વાળવું પણ અશક્ય, છતાં ઊંધું પડી ગયું ! અવસ્થા અને સાધન કરતાં પણ તદ્દન વિપરીતલીલા ભગવાને બતાવી. પૂતનાને મારવામાં તો ભગવાને બે હાથ અને બે હોઠનો સંબંધ કરાવ્યો હતો. શકટભંગમાં તો ચરણનો સ્વલ્પ સ્પર્શમાત્ર કરાવ્યો છે, અધિક માહાત્મ્ય પ્રકટ કર્યું છે ! ગાડામાં ભરેલાં ઘી, મધ, ગોળ, દહીં, માખણ વગેરે ભરેલાં પાત્ર ઢોળાઈ ગયાં. કુપ્પીઓ પડી ગઈ. પૈડાં નીકળી ગયાં. વચ્ચેનો લોહનો ખીલો ઉછળી પડ્યો. બેસવાનો અગ્રભાગ-કૂબર-ભાંગી ગયો.

શકટ સંસાર "હું અને મારું" - રૂપ છે. તે લોકસંબંધી હોય તો ભગવાનથી વિમુખ બનાવે છે. ચરણરૂપ ભક્તિમાર્ગના સ્વલ્પ સંબંધથી, પણ તે શકટ ઊંધું થઈ જાય છે. "હું અમુક માન-પદ-પ્રતિષ્ઠા-જ્ઞાતિ-સમાજ-દેશ કે નામની-વ્યક્તિ છું," - તે સમજ દેહમાંથી નીકળી જાય છે. "दासोऽहम्"- "હું હરિનો દાસ છું !" તે સમજ આવે છે. "ઘર-સ્વજન-સંપત્તિ વગેરે મારાં છે, - તે સમજ, વસ્તુ અને વ્યક્તિ પ્રત્યેથી નીકળી જાય છે. "मम प्रभुः श्रीगिरिराजधारी" કે "श्रीकृष्णः शरणं मम ।"- "શ્રી ગિરિરાજધરણ મારા સ્વામી છે. શ્રીકૃષ્ણ મારું શરણ છે !" - એવી સમજ આવે છે. અહંતા - મમતા પ્રભુસંબંધી થતાં, આ "અહં અને મમ"થી થતો સંસાર સુખરૂપ છે !

રસરૂપ ભગવાનથી કોઈ રસ શ્રેષ્ઠ નથી. ભગવાન્ નિધિરૂપ છે. તેમના કરતાં અધિક કાંઈ નથી. સ્વલ્પ પણ ભક્તિ હોય તો સઘળા લોકરસ અને સંગ્રહ છૂટી જાય છે ! (ગાડું) સંસાર, કાલ (પૈડાં) અને બંનેનો સંબંધ કરનાર અહંકાર (લોહનો ખીલો), ભક્તિથી નિવૃત્ત થઈ જાય છે. સ્વાભાવિક રીતે સમાજમાં શ્રેષ્ઠ ગણાતા, ભગવદ્-વિરુદ્ધધર્મોરૂપ (કૂબર) છે, તે ભક્તિના સ્પર્શમાત્રથી નાશ પામે છે.

ગાડું ઊંધું પડેલું જોયું. ઉત્સવમાં આવેલાં સૌ વ્રજસ્ત્રીઓ ગભરાયાં. નન્દરાયજી - બ્રાહ્મણો વગેરે ઘેર હતા. ઉત્સવમાં આવ્યા હતા તે પણ વિકલ થઈ ગયા. ગાડું ઉછળીને દૂર પડેલું જોયું! બાલક ભગવાન્ તો ત્યાં જ સૂતેલા હતા! કોઈ કારણ સમજી શક્યાં નહિ. બળદ પાસે નથી, વંટોળ આવ્યો નથી, કોઈ ગોવાળે ગાડું ઉલાળ્યું પણ નથી! ભગવાન્ તો ત્રણ માસનું માત્ર બાલક છે! તે તો ગાડું ઊંધું વાળી શકે નહિ, તેમ ગોવાળો માને છે. આ અસંભાવના છે. આવા લોકોને ભગવદ્રહસ્ય ન કહેવાય; છતાં આસપાસ ઊભેલાં બાલકોએ કહ્યું, - "**बालकाः**"- બાલકોને જ્ઞાન હોવા છતાં વિચાર નથી! શ્રોતાનો સ્વભાવ અને અધિકાર વિચારીને જ્ઞાન દેવાય. બાલકોએ સાચું - દેખ્યું હતું - કહ્યું, - "રડતા આણે પગથી ગાડું ઊંધું વાળ્યું, તેમાં સંશય નથી!" ગોવાળોને તેમાં શ્રદ્ધા ન થઈ. "આ તો છોકરાં છે. - તેમનું કહેલું સાચું શું હોય ? આ બાલકમાં આટલું બધું બલ હોય તો જાતે ઊઠે નહિ ? બીજાં કામ ન કરે ? રડે કેમ ?" પ્રત્યક્ષ જોયેલી વાત તર્કવિરુદ્ધ હતી, ન માની. "**नैषा तर्केण मतिरापनेया।**"- શ્રુતિ છે. ભગવાનની વાતો તર્કથી ન સમજાય, તે તર્કવિરુદ્ધ પણ હોય, તર્કથી લૌકિક-પદાર્થો કદાચ સમજાય, અલૌકિક ન સમજાય. આપ્તવાક્ય પ્રમાણ ગણાય; પણ આપ્તનું આપ્તત્વ સમજાય તો ને! તેમાં દોષ કોને દેવો ? કોઈને નહિ! બાલકો, તર્ક કે ગોપોને પણ નહિ! "**अप्रमेयं बलं तस्य बालकस्य न ते विदुः।**"- પ્રયત્નથી પણ જાણી કે માપી ન શકાય તેવું તે બાલકનું બલ છે. ગોવાળોએ ન જાણ્યું. ભગવાનનું સામર્થ્ય કોણ જાણી કે માપી શકે ? અલૌકિક છે! ભગવાનની ઈચ્છાથી થયેલો આ ભ્રમ પણ ભગવાનની લીલા છે!

કોઈને કાંઈ સમજાયું નહિ. માએ રડતા દીકરાને લીધા. કોઈ ગ્રહ નડવાની શંકા પડી! બ્રાહ્મણોને બોલાવ્યા. રક્ષાબંધન, અભિમંત્રણ, સ્વસ્તિવાચન કરાવ્યાં. બ્રાહ્મણોએ આશ્વાસન આપ્યાં. માએ પુત્રને પયઃપાન કરાવ્યું. ગોવાળોએ ગાડાને પુનઃ વ્યવસ્થિત કર્યું. વિપ્રો દ્વારા અનિષ્ટ-નિવૃત્તિ માટે હોમ કરાવ્યો. શકટમાં અધિષ્ઠાત્રી - દેવતાનું આવાહન કરીને પૂજન કરાવ્યું. બ્રાહ્મણોએ સાચા આશીર્વાદ આપ્યા.

છ દોષ - રહિત, સત્યશીલ, ભગવન્નિષ્ઠ, બ્રાહ્મણના આશીર્વાદ નિષ્ફલ થતા નથી :

येऽसूयानृतदम्भेर्ष्या हिंसामानविवर्जिताः ।
न तेषां सत्यशीलानामाशिषो विफलाकृताः ॥ (१३)

નન્દજીને બ્રાહ્મણમાં ખૂબ શ્રદ્ધા છે. બ્રાહ્મણો સ્વભાવથી ઉત્તમ, અવિકૃત, વેદસ્વરૂપ છે. નિર્દોષ બ્રાહ્મણ સત્યનિષ્ઠ હોય છે. સત્ય ભગવદ્ધર્મ રૂપ છે; તેથી સત્યને લીધે, તેટલા અંશમાં બંને એકરૂપ છે.

ઉત્તમ બ્રાહ્મણ પણ છ દોષથી પ્રાકૃત બની જાય છે; સામર્થ્યમાં તે દોષ પ્રતિબંધ કરે છે. દોષોથી દૂર રહેવા માટે તે ગણાવ્યા છે. કામ, ક્રોધ અને લોભ અમુક-અવસ્થામાં, અમુક-વિષયમાં દોષ રૂપ છે; તેથી તે સીધા નથી કહ્યા; પણ તેમાંથી ઉત્પન્ન થતા દોષો ગણાવ્યા છે. (૧) "**असूया**"- નિર્દોષમાં આરોપ કરવો. આ મુખ્યદોષ છે. (૨) "**अनृत**"- અસત્ય. મિથ્યા બોલવું તે વાણીનો દોષ છે. (૩) "**दम्भः**"- પોતે સારા કે મોટા દેખાવાની કે છેતરવાની ચેષ્ટા વગેરે. "**निमित्ताभावे**

नैमित्तिकाभाव: ।"- શમ, દમ, પાઠ, પૂજાદિ - ધર્માચરણ કોઈ પૈસા આપનાર ઉપર છાપ પાડવા માટે-દેખાવ કરવા - કરવું. તેવો સંભવ ન હોય તો તે ક્રિયાઓ ન કરવી, - તેં દંભ ગણાય. આ કાયિકદોષ છે. (૪) "**ईर्ष्या**"- કોઈના ગુણ સહન ન થતાં તેના દોષ જોવા. એ માનસદોષ છે. (૫) "**हिंसा**"- મારવું અથવા પીડા કરવી. આ કાયિકદોષ છે. (૬) "**मान:**"- અભિમાન - આ માનસિકદોષ છે. આમ કાયિક, વાચિક અને માનસિક બે બે દોષ ગણાવ્યા છે. તે બે ગણો ત્રિદોષ થયો. એક ત્રિદોષથી મરણ થાય, તો બે ગણા ત્રિદોષથી શું ન થાય ?

આ છ દોષરહિત - નિર્દોષ - બ્રાહ્મણનો આશીર્વાદ નિષ્ફલ જતો નથી. બ્રાહ્મણમાં કદાચ સ્વભાવદોષ હોય, કવચિત્ પ્રસંગ-પરવશપણે કોઈ દોષ ક્યારેય દેખાય, છતાં પણ "**सत्यशीलानां ।**"- સત્યશીલનો આશીર્વાદ સફલ થાય છે! "**सत्यमेवशील स्वभाविको धर्मो येषां ।**"- ભગવાન્ સત્યાત્મક છે. તદનુકૂલરીતે સત્યવ્રતાદિ - ધર્મોવાળા, ભગવન્નિષ્ઠના આશીર્વાદ નિષ્ફલ થતા નથી. વાણી સાથે વિરોધી ન હોય તેવી તેમની ક્રિયા પણ નિષ્ફલ જતી નથી.

આવા બ્રાહ્મણોની આશિષથી ઉત્પાત બધા અટકી જાય છે; તેમ સમજી નન્દજીએ યશોદાના હાથમાંથી લાલને લીધા. ગાડા પાસે લાવ્યા. સામ, ઋગ્, યજુર્વેદના મંત્રોથી વિપ્રોએ અલૌકિકરીતે જલ પ્રકટ કર્યું ! શતાવરી વગેરે પવિત્ર ઔષધિઓથી અભિષેક કર્યો. સ્નાન કરાવ્યું. ભગવાનને આભરણ ધર્યાં. પુણ્યાહવાચન કરાવ્યું. નન્દરાયજીએ સ્વયં વિપ્રો પાસે બેસીને હોમ કરાવ્યો. બ્રાહ્મણોને ખૂબ ઘીવાળાં અનેક પ્રકારનાં ભોજન કરાવ્યાં. શાંત, સુંદર, ખૂબ દૂધ દેતી, શણગારેલી ગાયો દક્ષિણામાં દીધી. માત્ર દીકરાના અભ્યુદય માટે સઘળું આપ્યું. બ્રાહ્મણોને ખૂબ સંતોષ થયો. પ્રસન્ન થયા. અંતરથી આશીર્વાદ આપ્યા. કર્મ પૂરું થતાં વિધિના અંગ રૂપે વિપ્ર આશીર્વાદ આપે, તે માત્ર વાણીના, સંતુષ્ટ થઈને પ્રસન્નતાથી આશીર્વાદ આપે તે અંતરના ! મન્ત્ર તો બંનેમાં સરખા જ, છતાં અસર જુદી ! "**विप्र**"- સૌ અધૂરાંને પૂર્ણ કરી, મધુરાં બનાવે છે, નિર્દોષ "**मन्त्रविद्**"- મંત્ર જાણનાર છે. ઋષિરૂપ "**युक्त**"- છે. સત્કર્મ કરનાર છે. આ ત્રણ ગુણોવાળા બ્રાહ્મણે આપેલા આશીર્વાદ ક્યારેય નિષ્ફલ જતા નથી.

ભગવાનને બાલક ગણતા, અન્યથાજ્ઞાનવાળા, ગોવાળોનો પણ નિરોધ ભગવાને કર્યો !: કૃષ્ણમાં એકતાન થવું તે તો મુક્તિથી પણ અધિક છે ! શ્રીશુકે ભગવાને નિરોધ માટે કરેલી લીલાઓ કહી છે, બધી નહિ !:

પ્રભુપરાયણ બનાવતું ભગવાનનું અદ્ભુત બાલચરિત શ્રીશુકે કહ્યું. પછી પરીક્ષિતે પૂછેલા પાંચ પ્રકારનાં ચરિત કહેવાનો પ્રારંભ કર્યો. પૂતનાપ્રસંગમાં રક્ષાસ્તોત્ર દ્વારા ભગવાનમાં વાચનિક-નિરોધ થયો. શકટભંગપ્રસંગે કાયિક-નિરોધ થયો. તૃણાવર્ત-પ્રસંગથી માનસિક-નિરોધ કહે છે. પહેલા બે પ્રસંગોમાં ભગવાને અદ્ભુતકર્મ બતાવ્યું. પોતાનામાં કોઈ વિશેષતા પ્રકટ કરી ન હતી. તૃણાવર્ત-પ્રસંગમાં પોતાના સ્વરૂપમાં ગુરુતા-અતિભાર-ભગવાને પ્રકટ કર્યો, પછી મુખમાં વિશ્વદર્શન પણ કરાવ્યું ! પ્રભુ પ્રત્યક્ષમાં પ્રકટ વિરાજે, ધર્મો પણ, પ્રકટ કરે, તો સર્વજ્ઞાન થાય, છતાં ભગવાન્ ગોવાળોને પોતે સામાન્ય-બાલક હોય તેવી જ સમજ આપે છે ! ભગવાન્ તરીકે ઓળખે તો સ્વાભાવિક લીલારસાનુભવ ન થાય. ગોવાળોને ભગવાનમાં- "આ તો બાલક છે" તેવું - અન્યથાજ્ઞાન

હોવા છતાં, તેમનો ભગવાનમાં નિરોધ કર્યો, તે ભગવાનના ચરિતનું શાસ્ત્રમાં પણ અદ્‌ભુતપણું છે! એક જ બાલકમાં ગામના સૌ લોકોને પોતાનાં સંતાન કરતાં પણ વધારે અને સ્વાભાવિક સ્નેહ હોય, તે લોકમાં તો શકય દેખાતું નથી, વ્રજમાં તે દેખાયું ! સૌને પોતાના સંતાન કરતાં પણ અધિક અને સ્વાભાવિક સ્નેહ નન્દરાજકુમારમાં છે. તે ભગવાનની લીલા છે. આવા લૌકિકભાવે પણ નિજજનો કૃષ્ણમાં એકતાન થઈ ગયાં છે. કૃષ્ણમાં એકતાન થવું તે તો મુક્તિથી પણ અધિક છે ! ભક્તો જ્યાં સુધી એક લીલાને સ્મરતાં એકતાન રહે, ત્યાં સુધી ભગવાન્ પોતે બીજી લીલા કરતા નથી !

છઠ્ઠે દિવસે પૂતનામોક્ષ કર્યો. ત્રણ માસ પૂરા થતાં શકટભંગ કર્યો. એક વર્ષ પૂરું થતાં તૃણાવર્તવધ કર્યો - ''एक हायन आसीनः ।''- ભગવાનની વાતોમાં વીતેલો વખત કાલ હરતો નથી. કાલનો પ્રતિનિધિ સંવત્સર છે, તેથી એક વર્ષ આયુષ્યના ભાગ રૂપ છે. ત્યાં સુધી તે ધર્મોની અનુવૃત્તિ કહે છે. વર્ષ પછી પુનઃ પ્રપઞ્ચાસક્તિ થવા સંભવે, - તેથી ભગવાને બીજી લીલા કરી, ભક્તોનાં ચિત્ત પોતાનામાં આસક્ત કર્યાં. બીજા સંસ્કારો-કર્ણવેધ, ચૂડાકર્મ-વગેરેની કથા ભગવાન્ શ્રીશુકે કહી નથી ! ગોકુલમાં પણ કર્ણવેધકૂપ તો છે, સંસ્કાર થયા છે, પણ તે ભગવાને સૌના નિરોધ માટે કરેલી લીલા નથી ! રાજાએ તો ભગવાને કરેલી લીલા પૂછી છે, તેથી શ્રીશુકે કહી નથી.

આનંદમય ભગવાનમાં નિર્દોષ - અલૌકિક - બુદ્ધિ રહે તો પોતાના બધા દોષો દૂર થાય :

ભગવાને પૂતના મારીને તૂલાવિદ્યા દૂર કરી છે. મૂલાવિદ્યાથી પુનઃ સંસાર પ્રાપ્ત થવા સંભવે છે. તેમ ન બને માટે ભગવાને પોતાના સ્વરૂપમાં ભારેપણું પ્રકટ કરીને તેમાંથી સૌની દેહબુદ્ધિ દૂર કરી ! ભગવાનનું શરીર લૌકિક છે, - તેવી બુદ્ધિ ન રહે તો, ભગવન્નિષ્ઠોને પોતાનામાં પણ દેહબુદ્ધિ ન રહે ! ભગવાનમાં નિર્દોષ બુદ્ધિ રહે તો પોતાના પણ સર્વ દોષો દૂર થાય, તૃણાવર્તના આવતા પહેલાં ભગવાનનું સ્વરૂપ માને ખૂબ ભારે લાગ્યું ! તૃણાવર્તના મર્યા પછી તે જ દિવસે ભગવાનનું સ્વરૂપ પૂર્વવત્ હળવું લાગ્યું ! આ કથા શ્રીશુકે ૧૮ શ્લોકમાં સૂચક રીતે કહી છે.

અઢાર વિદ્યાઓમાં ક્યાંય પણ ભગવાનનું સ્વરૂપ લૌકિક કહેલું નથી. ભગવાનું સ્વરૂપ તો આનંદમય છે. પ્રાકૃત-દેહમાંના છ ભાવવિકારો ભગવત્સ્વરૂપમાં હોતા નથી. ન્યાય, મીમાંસા, પુરાણ, ધર્મશાસ્ત્ર, વેદનાં છ અંગ, - શિક્ષા, નિરુક્ત, વ્યાકરણ, કલ્પ, છંદઃ અને જ્યોતિષ, - ચાર વેદ, મળીને ચૌદ વિદ્યાસ્થાન છે. ચાર ઉપવેદ - આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વવેદ અને સ્થાપત્યવેદ, - મળીને ૧૮ વિદ્યાસ્થાન ગણાય છે.

પૂતના વધ થયો ત્યારથી કંસ જાણી ચૂક્યો છે કે, તેને મારનાર, જગદ્વન્દ્ય શ્રીહરિ ગોકુલમાં વિરાજે છે ! કંસે તેમને લેવા દૈત્ય તૃણાવર્તને મોકલ્યો. તૃણાવર્ત, બક અને કેશી ખૂબ બલવાન્ છે. તેમાં તૃણાવર્ત તો સકલ વિશ્વને તૃણની જેમ ઘુમાવે તેવો છે ! - ''तृणवत् आवर्तयति सकलं विश्वमिति ।'' સૌથી પહેલાં કંસે તેને મોકલ્યો. ભગવાન્ તો સર્વજ્ઞ છે. તૃણાવર્ત મથુરામાંથી નીકળ્યો તે જાણ્યું. પોતાના સ્વરૂપથી ભગવાન્ ભારે થયા !

મોટાનાં પત્ની, મોટાનાં મા, છતાં છેવટે ગોપી ! ઓળખે તેના ભગવાન્, માનો તો દીકરો ! :

પ્રભુમાં પ્રીતિ ન કરાવે તેવું જ્ઞાન સાચું હોય તો પણ કાચું ! :

એક વખતની આ વાત. મા લાલાને લાડ કરતાં હતાં. સતીએ ધર્મથી મેળવેલું આ નિર્ધનનું

ધન છે ! મા લાલાના વાંકડીઆ વાળમાં હાથ ફેરવતાં, મુખ ચૂમતાં, મુખ પકડીને હલાવતાં, શ્યામસુંદરને હસાવતાં હતાં. લૌકિકરીતે લાડ લડાવતાં હતાં ! અલૌકિક ભગવાન્ ખોળામાં ખેલતા હતા ! તે એકદમ ભારે થયા. પર્વતસમૂહ જેવું વજન માને અસહ્ય થયું. પૃથ્વી પર પર્વતો જુદે જુદે સ્થળે છે, મોટો ભાર સહન કરે છે, બધા એકઠા થાય તો અસહ્ય બને ! મા યશોદાજી પૃથ્વીની આધિદૈવિક સ્વરૂપ અદિતિ રૂપા પણ છે. નન્દજીમાં વસુદેવજીનું આધિદૈવિક સ્વરૂપ છે. દેવકીજી અદિતિરૂપ છે. રાજલીલામાં ભગવાન્ કૃષ્ણને વસુદેવ-દેવકીજીના પુત્ર રૂપે નન્દ-યશોદાજી ઓળખે, ત્યારે પણ તેમનો પુત્રભાવ કૃષ્ણમાં દૃઢ રહે, માટે આ આધિદૈવિક સ્વરૂપો તેમાં વિરાજે છે. ભાવ દૃઢ ન રહે તો કરેલો નિરોધ વ્યર્થ થાય ! સૌના મૂલ આધિદૈવિક રૂપ ભગવાનનો ભાર મા સહી ન શક્યાં ! બન્યું ત્યાં સુધી ધીરજ રાખી, પછી ન રહેવાયું. ભગવાનને જમીન પર પધરાવ્યા. શ્રીશુકે "गोपी"- કહ્યાં. મોટાનાં પત્ની, મોટાનાં મા, છતાં ગોપી ! ઓળખે તેના ભગવાન્, માને તો દીકરો ! માને દીકરામાં એકદમ આટલા બધા ભારથી આશ્ચર્ય થયું ! શું કરવું ? - તે સૂઝ્યું નહિ. "महापुरुषमादध्यौ ।"- પુરુષોત્તમનું ધ્યાન કર્યું. ભગવાનને સકલ જગતના સ્વામી જાણ્યા. સતીના વ્રતની ક્ષતિ ન થાય. બાલક અન્યપુરુષ રૂપ નથી, પુરુષોત્તમ છે ! તૃણાવર્ત મારીને પાછા આવ્યા પછી, ભગવાન્ માનું આ જ્ઞાન ભુલાવી દેવાના છે, બાલલીલાનો જ અનુભવ થશે ! ભગવાન્ તો સૌને સુખ દેવા માટે ગોકુલમાં પધાર્યા છે. માએ લાડ લડાવ્યાં, તેનું ગૌણફલ ભગવાને જ્ઞાન રૂપે દીધું. આનુષંગિકફલ સાર્વાદિક્ નથી, ગૌણફલ રૂપે મળેલું જ્ઞાન નિત્ય ટકતું નથી. મુખ્યફલ તો ભગવાન્ પોતે કે ભગવાને કરેલો નિરોધ છે ! સેવાથી પ્રભુ પ્રસન્ન થાય તો અન્ય બધાં ફલ ગૌણ છે. ભગવાન્ કે સેવારૂપ નિરોધ જ મુખ્યફલ છે.

માએ "આ ભગવાન્ છે કે નહિ ?" - એમ ખાતરી કરી. સંપૂર્ણ ધ્યાન કર્યું ! "आदध्यौ" ખાતરી થતાં ભગવાનની સેવામાં વિલંબ ન થાય માટે સ્નાનાદિની તૈયારી કરવા ગયાં. ભગવાનને જે જાણે છે, તે પ્રસન્ન કરવા ઈચ્છે છે. જે પ્રભુને પ્રસન્ન કરવા ઈચ્છે છે, તે સેવા જ કરે છે. ભગવાન્ સેવાથી પ્રસન્ન થાય છે. ભગવાનની સેવામાં પ્રીતિ ન કરાવે તેવું જ્ઞાન, કદાચ સાચું હોય તો પણ, કાચું છે, સંપૂર્ણ નથી ! મા સેવાની તૈયારીમાં મગ્ન થઈ ગયાં, નહિ તો પ્રભુના પલના વિયોગમાં પ્રાણ જાય !

સંસારતૃષ્ણા ચારે પુરુષાર્થોમાં વિઘ્ન રૂપ છે : ભગવાનને ન જાણે તે કાંઈ ન જાણે ! :

સ્વદોષસ્ફુર્તિ ભક્તોને થાય, દુષ્ટોને નહિ ! :

મા ઘરમાં હતાં. બાલક ભગવાન્ બહાર વિરાજતા હતા. ત્યાં તો તૃણાવર્ત આવ્યો તે દૈત્ય હોવાથી ક્રૂર છે. નામ પણ તૃણાવર્ત ! જગતને તૃણની જેમ ઘુમાવે તેવો, મોહ-તૃષ્ણારૂપ બલવાન્ છે. કંસનો સેવક છે; તેથી અનિષ્ટ કરવા આવ્યો છે. કંસે પ્રેરેલો છે, દૈત્યરૂપે ધર્મબાધક છે, તૃણાવર્ત-મોહ, તૃષ્ણા-રૂપે અર્થબાધક છે, દુષ્ટ કંસના સેવક રૂપે કામબાધક છે, દુષ્ટ કંસે પ્રેરેલો હોવાથી મોક્ષબાધક છે. ચારે પુરુષાર્થમાં વિઘ્નરૂપ તૃણાવર્ત છે; તેથી ચાર શબ્દમાં વર્ણવ્યો. સંસારતૃષ્ણા ચારે પુરુષાર્થમાં વિઘ્નરૂપ બને છે ! આવા ભયંકર તૃણાવર્તને, ભગવાન્ તૃણની જેમ રમત માત્રમાં ફેંકી દે છે ! તે ભગવાનનું માહાત્મ્ય છે. પ્રભુ જેને પોતાનાં બનાવે છે, તેમને સંસારતૃષ્ણા પીડતી નથી. બધા પુરુષાર્થ

સુલભ બને છે.

ચક્રવાત - વંટોળમાં રૂપ છુપાવીને તૃણાવર્ત આવ્યો. વેગથી ગોળ ગોળ ઘૂમતા પવને ગોકુલને ઘેરી લીધું. અંધકાર થઈ ગયો. ઊડતી રજથી સૌની આંખો પુરાઈ ગઈ, દૃષ્ટિ હરાઈ ગઈ ! અંતઃકરણ વ્યગ્ર થયાં. વંટોળમાં રહેલો દૈત્ય સૌને દેખતો હતો. તેને લોકો દેખતા ન હતા, ભગવાનને પણ દેખતા ન હતા ! દૈત્ય દેવશત્રુ હોવાથી તેણે દેવતારૂપ દૃષ્ટિ હરી લીધી. અંતરમાં તમોગુણ અને રજોગુણ હોય તે, રજઃથી ભરેલી આંખ જગતમાં કાંઈ જુએ નહિ. પોતાના કરતાં સારું, સાચું, ઉત્તમ તેને દેખાય નહિ. તમઃથી સામાની ઉત્તમતાથી અંતરમાં અકળામણ અસહ્ય થાય, ભગવાન્ વિરાજતા દેખાય નહિ. પોતાના દોષ દેખે, તેનામાં દીનતા આવે. દીનતાવાળાને દીનાનાથનાં દર્શન થાય.

વેગવાળા પવનના અવાજથી દિશાઓ ભરાઈ ગઈ. એક મુહૂર્ત સુધી આવું વાતાવરણ રહ્યું. માએ પોતે પધરાવેલા પ્રભુને ન જોયા. બ્રહ્મને જાણે તે સઘળું જાણે. તેમ ભગવાનને ન જાણે તે કાંઈ ન જાણે ! માને આસપાસ કાંઈ દેખાયું નહિ. પથરા પડવાથી સૌને પીડા થતી હતી. માને પુત્ર ન દેખાયા. તેનો માર્ગ ન દેખાયો, ચરણચિહ્નો ન જોયાં ! ભગવાનને દયા આવે માટે મા કરુણ રુદન કરવા લાગ્યાં. ભગવાન્ માટે થતાં ક્લેશથી ભગવાન પ્રસન્ન થાય, - પ્રકટ થાય ! લૌકિક માટે થતા ક્લેશથી ભગવાન્ નારાજ થાય.

મા મૂર્છિત થયાં. "मृतवत्सका यथा गौः ।"- નહિ, પણ "अमृतवत्सका यथा गौः ।"- વાછરડું મર્યું હોય તો ગાય સૂંઘીને જતી રહે, જીવતું હોય તો વધારે ક્લેશ કરે છે ! ગોપીજન પણ પ્રભુ માટે રડતાં હતાં. તેમણે માનું રુદન સાંભળ્યું, નન્દાલયમાં આવ્યાં. પોતે પ્રભુને પકડીને સેવામાં સાવધ ન રહ્યાં, - તેનું દારુણ દુઃખ થયું, સ્વદોષસ્ફૂર્તિ તો ભક્તોને થાય છે, દુષ્ટોને નહિ ! અપરાધના કારણે અતિકરુણ રુદન કરવા લાગ્યાં. રુદનથી પવનમાંના દેવતા તિરોહિત થયા. પવન શાન્ત થયો. તૃણાવર્ત આકાશમાં ભગવાનને હરીને જતો હતો, તેનો વેગ પણ શાન્ત થયો. તૃણાવર્તે આરાધેલા માયા રૂપ ભગવાનનું આ બધું સામર્થ્ય છે ! માયા આવે તે સાથે અવિદ્યા પણ આવે. પરિણામે અવિદ્યાનું કાર્ય પણ પ્રકટ દેખાય છે. આવા પ્રસંગે લૌકિકબાલક માટે થાય, તેવી અયોગ્ય શંકા પણ સૌને બાલક ભગવાન્ સંબંધમાં થઈ ! આ લૌકિકતા અવિદ્યા-પર્વનાં કાર્ય રૂપ છે, મા અને ગોપીજનનું દુઃખ તો ભગવાન્ પ્રત્યેના સ્નેહથી થયું છે, અલૌકિક છે !

ભગવાનની ઈચ્છાથી વિરુદ્ધ ઈચ્છનારને દુઃખ મળે છે, કૃપાથી માયા પછી છૂટવા કે છોડવાનો પ્રયત્ન કરવા છતાં પણ ભગવાન્ છોડતા નથી !:

ભગવાનની ઈચ્છા સર્વસમર્થ છે, ભગવદ્રૂપ છે. ભગવાનને આકાશવિહારની ઈચ્છા થઈ ! તૃણાવર્ત રૂપ સાધન કંસે મોકલ્યું. તેનો ઉદ્દેશ જુદો હતો, પણ ઈચ્છાપૂર્તિમાં સાધન થઈ ગયો ! ભગવાન્ પોતાની ઈચ્છા પ્રમાણે સઘળું કરે છે. ભક્તોની ઈચ્છાને વશ પણ થઈ જાય છે. પણ દુષ્ટોની ઈચ્છાને અનુકૂલ થતા નથી. તૃણાવર્ત પોતાના માયા રૂપ ભગવાનના બલથી, બાલક રૂપ ભગવાનની ઈચ્છા હોવાથી, યશોદાનંદનને આકાશમાં ઊંચે લઈ જઈ શક્યો ! કૃષ્ણને મથુરા લઈ જવા ઈચ્છા કરી. ભગવાનની ઈચ્છાથી વિરુદ્ધ ઈચ્છા રાખનારને દુઃખ જ મળે છે ! જે બને છે તે ભગવદિચ્છાથી જ બને છે, તેમ સમજીને આનંદથી સ્વીકારી લેવું. તેના કરતાં જુદી ઈચ્છા રાખીએ, તે ઈચ્છા પૂરી ન

થાય, પરિણામે દુઃખ જ થાય. ભગવાનની ઈચ્છાને અનુકૂલ થવું, - તે સેવા છે, તેથી પ્રભુ પ્રસન્ન થાય. ઈચ્છાવિરુદ્ધ કરવું તે અપરાધ છે, સજા થાય !

મથુરાની દિશામાં જતાં નાનકડા બાલકનો અતિભાર લાગ્યો ! નીલમણિ શા શ્યામસુંદરના ગૌરવ-ભાર-થી પીડા થઈ ! ફેંકી દેવાનો વિચાર કર્યો. અદ્‌ભુત બાલભગવાને ગળું પકડયું. છોડતા ન હતા, તૃણાવર્ત છોડાવી શકતો પણ ન હતો ! પોતાને છોડવા મથે તેને પણ ભગવાન્ વળગી રહે છે ! આ અવતારલીલાની વિપરીતતા છે. પ્રયત્ન કરવાથી પ્રભુ મળતા નથી. કૃપાથી મળ્યા પછી, છૂટવા કે છોડવાનો પ્રયત્ન કરવા છતાં, પ્રભુ છોડતા નથી !

બાલક પડવાના ભયથી ઊંચકનારને વળગી રહે, તેમ ભગવાન્ તૃણાવર્તને વળગી રહ્યા ! ભગવાન્ કોઈને લેશ પણ કલેશ કરાવતા નથી. તૃણાવર્તે અપરાધ કર્યો, પછી સજા કરી. ભગવાનને છોડવાનો તેણે વિચાર કર્યો. **"ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।"**- ગીતામાં ભગવાનની આજ્ઞા છે, - જે રીતે જીવ ભગવાનને ભજે, તે રીતે ભગવાન્ અનુભવ આપે ! તૃણાવર્તે ભગવાનને છોડવાનો વિચાર કર્યો. ભગવાને તૃણાવર્તને છોડવાનો વિચાર કર્યો. પૂતનાને તો માત્ર દેહથી છોડી હતી, પ્રાણથી તો પોતાનામાં સમાવી હતી. તૃણાવર્તને તો દેહ અને પ્રાણથી છોડવાનો વિચાર કર્યો !

સ્વલ્પ પણ પ્રીતિ હોય તો પ્રભુ ત્યાગ કરતા નથી :

આત્મા રૂપ ભગવાનને કારણે દેહાદિ સઘળું પ્રિય લાગે છે ! :

પ્રીતિ ન હોય તો પ્રભુ ત્યાગ કરે છે. સ્વલ્પ પણ પ્રીતિ હોય તો પ્રભુ ત્યાગ કરતા નથી ! ભગવાનને કારણે જ સઘળું પ્રિય લાગે છે. દેહાદિમાં પ્રીતિ પણ, ભગવદ્ધર્મ રૂપે હોય ત્યાં સુધી, ભગવાનનો ત્યાગ થતો નથી. આવી પ્રીતિમાં બહિર્મુખને સાધન કે કૃપાબલ ન હોવાથી મુક્તિ નથી મળતી. ભગવાનના સંબંધ વગરના શરીરમાં આરોપિત પ્રિયત્વ જીવનિષ્ઠ છે. ભગવાનના સંબંધવાળા શરીરમાં આરોપિત પ્રિયત્વ ભગવદ્ધર્મ રૂપ છે. વસ્તુતઃ તો, આત્મારૂપ ભગવાન્ જ પ્રિય છે, પણ અજ્ઞાનથી દેહને આત્મા રૂપ સમજવાથી તેમાં પ્રિયત્વ આરોપિત છે. તે આરોપિત પ્રીતિના આધાર રૂપ દેહ-પ્રાણના ત્યાગથી, પ્રિયત્વના આધાર રૂપ ભગવાનનો ત્યાગ થાય છે. તૃણાવર્ત તો આત્મારૂપ ભગવાનનો ત્યાગ કરવા તૈયાર થયો, તો આત્મારૂપે માની લીધેલાં દેહ અને પ્રાણ પણ કેમ ન છૂટે ? ભગવાને તૃણાવર્તનું ગળું પકડ્યું. દૈત્ય નિશ્ચેષ્ટ થઈ ગયો. દૈત્ય દયાપાત્ર ન હતો. તૃણાવર્તની આંખો બહાર નીકળી ગઈ. બૂમ પાડીને પ્રભુને ગભરાવવા લાગ્યો. અવાજ કણ્ઠમાંથી ન નીકળી શકયો. વિવશ થયો. પ્રાણ ગયા. નીચે પડ્યો. તેની માયા દૂર થઈ. પ્રકટ રૂપ દેખાયું.

પાપીનાં પાપ જ તેને મારે છે : મૃત્યુ દૈત્ય તૃણાવર્તને મળ્યું, - ભગવાન્ ગોકુલમાં પધાર્યા ! :

વ્રજમાં નન્દને દૂધ ઉઘરાવવા બેસવાની મોટી શીલા હતી. અહલ્યા જેવી વા રક્ષોઘ્ન મંત્ર જેવી ! કોઈ દૈવીજીવ શાપવશ થઈ મુક્તિની રાહ જોતો હશે ! તેના પર પછડાયો. અવયવો છિન્નભિન્ન થઈ ગયા ! વિકરાલ રાક્ષસ સૌએ જોયો. ગોકુલ-સર્વસ્વને ગોકુલ બહાર કોણ લઈ જઈ શકે ? અદ્‌ભુત ! આશ્ચર્ય ! રાક્ષસને પણ ભગવાન્ ભારે લાગ્યા હતા. હવે, કૃષ્ણ તદ્દન હળવા હતા ! રાક્ષસ નીચે હતો. ભગવાન્ ઉપર હતા, છતાં સ્પર્શતા ન હતા ! પવનથી પાંદડું ચાલે તેમ, મંદ ગતિથી પ્રભુ પધાર્યા. ગોપીજનોએ તેડી લીધા. ઊંચે આકાશમાંથી પડવા છતાં, સહેજે શ્રમ કે ભય લાલાને લાગ્યો - લાગતો

ન હતો ! આકાશમાર્ગથી પડવું અને દૈત્ય-બંને મૃત્યુ રૂપ હતાં, મૃત્યુના મુખમાંથી બચીને જાણે બાલક આવ્યા ! મૃત્યુ રૂપ દૈત્યને માર્યો. મૃત્યુ દૈત્યને મળ્યું. મુખ આકાશમાં રહ્યું ! પ્રભુ ગોકુલમાં પધાર્યા ! પૂર્ણાનન્દનો આનંદ ઓછો ક્યાંથી થાય ? ગોપ-ગોપી-નન્દરાયજી વગેરે સૌને અપાર આનંદ થયો.

જગત્ ભુલાય નહિ, ત્યાં સુધી અપાર આનંદનો અનુભવ થાય નહિ. સૌએ ભેગા મળીને વિચાર્યું, અત્યદ્ભુત આ આશ્ચર્ય છે. "**हिंस्रः स्वपापेन विहिंसितः खलः, साधुः समत्वेन भयाद्विमुच्यते ।**"- ઘાતક રાક્ષસ પોતાના પાપથી મર્યો. પાપ કરનાર જ્યારે નિર્દોષને પીડે ત્યારે, પાપીનાં પાપ જ તેને મારે છે ! ખલ જેવો જગતમાં કોઈ દુષ્ટ નથી. નિર્દોષ હોય તે તો બ્રહ્મરૂપ છે !- "**निर्दोषं हि समं ब्रह्म ।**"- સર્વત્ર જેની સમદષ્ટિ છે, તે પોતાની નિર્દોષતાથી સુરક્ષિત રહે છે, ભયમાંથી છૂટે છે ! સાધુપુરુષો સમદષ્ટિવાળા હોય છે. "આ બાલક પણ સાધુ લાગે છે !" - જ્ઞાનવાળાઓને તેમાં આ ગુણથી આવેલું કૃત્રિમ ભગવત્ત્વ દેખાયું. રાજસ-કર્મનિષ્ઠોને લાગ્યું, - "પૂર્વજન્મે આપણે શું તપઃ કર્યું હશે ? - કે આ નિધિરૂપ બાલક આપણા વ્રજમાં છે !" સાત્ત્વિકલોકોને થયું ! - "આ લોકશ્રેષ્ઠ બાલક પ્રભુકૃપાથી જ મળે ! આપણે કેવાં અલૌકિક પૂજન કર્યાં હશે ?" બહિર્મુખ-તામસોને લાગ્યું, - "તળાવ, કૂવા, યજ્ઞ, દાન કેવા કર્યાં હશે ?" અંતર્મુખ તામસોએ વિચાર્યું, - "સૌમાં ભગવાન્ વિરાજે છે. દાન-માનાદિથી સૌને કેવા પ્રસન્ન કર્યાં હશે ?"

નન્દજીએ અનેક ઉત્પાતો જોયા. બીજાં પુરાણોમાં કુકડા વગેર વેષે પણ અનેક અસુરો આવ્યાના ઉલ્લેખો છે. "**नंदगोपः**"- પૂરું નામ શ્રીશુક બોલ્યા. "**नंद**"- જ્ઞાનસમૃદ્ધિ સૂચવે છે. "**गोप**"- ગોરક્ષારૂપ ક્રિયાસૂચક છે. તે ક્રિયાસમૃદ્ધિ સૂચવે છે. પૂતનાવધ, શકટભંગ, તૃણાવર્ત-વધમાં ભગવાને કોઈ કારણ પ્રકટ કર્યું ન હતું. સૌને તેમાં ભગવાનનું સામર્થ્ય સ્પષ્ટ સમજાયું ન હતું. નાનું બાલક આવું ન કરી શકે, - તેવી દઢ અસંભાવના મનમાં હતી ! શંકા હોય તો સ્નેહ સુદૃઢ ન થાય. "**संशयात्मा विनश्यति ।**"- સંશય નાશ નોતરે છે. માના મનમાંની શંકા દૂર કરવા ભગવાને કૃપા કરી. પોતાનું સ્વરૂપ-માહાત્મ્ય-જ્ઞાન દેવા વિચાર્યું ! ભગવાન્ અને ભાગવતનું જ્ઞાન ભક્તિથી મળે. "**भक्त्या मामभिजानाति ।**"- ગીતામાં ભગવાને કહ્યું છે. મામાં ભક્તિ તો છે જ.

પોતાનું સ્વરૂપ - માહાત્મ્ય - જ્ઞાન દેવા વિશ્વાધાર ભગવાને મા - યશોદાજીને શુદ્ધ પુષ્ટિભક્તિ રૂપ મુખમાં, છે તેવું જગત્ બતાવ્યું ! આ તૃષ્ણા દૂર થાય તેવું ચરિત છે :

એક વખત મા લાડકવાયા લાલને ખોળામાં લઈને વિરાજ્યાં હતાં. તેમને "**भामिनी**"- કહ્યાં, પરમ સૌભાગ્યવતી છે, "**भाम**" - બનેવી - કહેવાય. યશોદાજીનાં બહેન પણ સૌભાગ્યસંપન્ન છે. નન્દરાયજી પણ યશોદાજીને સાનુકૂલ છે. શ્યામને સુંદર શૃંગાર કર્યા હતા. વત્સલ માના હૈયામાં વાત્સલ્ય સમાતું ન હતું. પયઃરૂપે જાણે ટપકી રહ્યું હતું ! "**प्रस्नुतं पाययामास स्तनं स्नेहपरिप्लुता ।**" - માએ પાન પ્રેમથી કરાવ્યું. પ્રભુ પ્રેમપરવશ છે ! ગીતાજીમાં વચન છે : "**पत्रं पुष्पं फलं तोयं तो मे भक्त्या प्रयच्छति । तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥**" પત્ર, પુષ્પ, ફલ, જલ જે મને પ્રેમપૂર્વક આપે છે, શુદ્ધ ભાવવાળાનું તે પ્રેમથી લાવેલું હું આરોગું છું ! વસ્તુ લાવવાની પ્રેમથી અને પ્રભુને અંગીકાર કરાવવાની પણ પ્રેમથી ! "**भामिनी**" શબ્દ "**प्रयतात्मनः**" સૂચક છે. "**प्रस्तुतं**" માંનો "**प्र**" ઉપસર્ગ "**भक्त्युपहृतं**" સૂચવે છે. "**स्नेहपरिप्लुता**" "**भक्त्या प्रयच्छति**"સૂચવે છે.

વર્ષ વીત્યું હતું. ભગવાન્ મધુર મધુર બાલોચિત તોતડી ભાષામાં બોલતા હતા, રમતા હતા! મા લાલને તેડી લાવ્યાં. પ્રેમથી ટપકતું દૂધ પ્રેમમગ્ન મા પાઈ રહ્યાં હતાં! પ્રભુ પોતાનામાંના બાલકોને પાઈ રહ્યા હતા; અને પોતે પણ પાન કરતા હતા! વત્સલ મા આગ્રહથી પાન કરાવતાં હતાં. મા યશોદાજીનો પ્રેમ લૌકિક જેવો છતાં અલૌકિક છે. વધારે પાન કરે તો પેલાં અંદર લીધેલાં બાલકોને પીડા થાય! માને અટકાવવા લાલે મધુર સ્મિત કરતું મુખદર્શન કરાવ્યું. મુખ શુદ્ધપુષ્ટિભક્તિ રૂપ છે. માના ઉત્કટ સ્નેહને સ્વીકારી ભગવાને પણ સ્નેહથી ફલરૂપ પોતાનું સ્વરૂપજ્ઞાન કરાવવા કૃપા કરી! શ્યામના સુંદર મુખનું મંગલ, મધુર, મંજુલ સ્મિત માએ જોયું. પાન પૂરું થવા આવ્યું હતું. - "**मुखं लालयती राजन् जृम्भतो ददृशे त्विदम् ।**" પ્રેમમગ્ન મા લાલના મુખને લડાવતાં હતાં, માના વાત્સલ્યની સ્વાભાવિક્તા છે. પયઃ પાન કરાવ્યા પછી દીકરાના મુખને રમાડે છે. ભગવાનનું સ્મિત મોહ અને સ્નેહ બંને કરે છે! જેથી અલૌકિક-દર્શનથી મા ગભરાય નહિ, પ્રાણ જાય નહિ! "**राजन् ।**"- સંબોધને રાજાને સાવધાન કર્યા. અગ્નિ જ્ઞાનરૂપ છે. વાયુ ક્રિયારૂપ છે. બગાસું અગ્નિ-વાયુ-જન્ય છે. બંને યશોદાજીમાં મૂકવા ભગવાને બગાસું ખાધું. જ્ઞાન-ક્રિયાશક્તિ દીધાં! અર્જુનને પણ દિવ્યદષ્ટિ દઈને ભગવાને વિશ્વરૂપદર્શન કરાવ્યું છે, નહિ તો દર્શન ન થાય! પ્રભુએ મુખ ખોલ્યું. માએ "**इदं**"- આ સામે દેખાતું-જગત-જોયું! "**तु**" સૂચવે છે કે બીજું કે માયિક જગત નહિ! આ બ્રહ્માંડમાત્રનું ભગવાને દર્શન કરાવ્યું. યોગ્ય અધિકાર થતાં સર્વદર્શન કરાવશે. સહજ ભગવદ્ધર્મથી પુત્રનું પ્રભુ રૂપે જ્ઞાન થતાં, ધૈર્ય આવે, તે અધિકાર રૂપ છે. હમણાં તો ક્ષણમાત્ર દર્શન છે! વ્યાસજીને "**द्युभ्वाद्यायतनं स्वशब्दात् ।**"- અધિકરણમાં સકલ વિશ્વના આધાર રૂપ બ્રહ્મ બતાવ્યું છે.

માએ વિશ્વાધારરૂપ ભગવાનને જોયા. ભગવાન્ માના ખોળામાં જ છે. ભગવાનનું સ્વરૂપ કે મોં મોટું થયું નથી, છતાં માને સઘળું વિશ્વ મુખમાં દેખાયું! ભગવાન્ અચિન્ત્ય અને અનન્ત-શક્તિવાળા છે, સઘળા જગતનો આધાર છે. માને ભ્રમ થયો ન હતો; તેથી સ્પષ્ટ ગણાવ્યું. આકાશ, ધાવા, પૃથિવી; જ્યોતિશ્ચક્ર, દિશાઓ, સૂર્ય, ચન્દ્ર, અગ્નિ, વાયુ, સમુદ્ર, સાતદ્વીપ, પર્વતો, નદીઓ, વન, કલ્પવૃક્ષ, નારદ, બ્રહ્મા- વગેરે સઘળું દેખાયું. માને ભગવાન્ આધાર અને જગત્ આધેય રૂપે ન સમજાયું! માત્ર મોંમાં સઘળું દેખાય છે! - તેમ જોયું. જગત્ - "**अग्नीषोमात्मक**"છે, - પ્રાણાપાનાત્મક છે. તે બતાવ્યું. મા કંપી ઊઠ્યાં. માએ ગભરાઈને આંખ બંધ કરી. ભગવાને વિશ્વદર્શન તિરોહિત કર્યું વિશ્વ દેખાતું બંધ થયું. માને પરમાશ્ચર્ય થયું. માએ પહેલાં સાંભળેલું વિશ્વ આજે જોયું. માને ક્યાંય ગયા વિના ઘરમાં બેઠે, સઘળું વિશ્વ જોવા મળ્યું! ભગવાને મૂકેલી ક્રિયા-શક્તિથી તેમાં ગમન પણ "**तदेजति, तन्नैजति ।**- શ્રુતિની રીતે થયું, - "**तस्माज्जृम्भ्यमानादग्नीषोमौ निरक्रामताम् ।**"- શ્રુતિ છે. વૃત્રમાં ભગવદાવેશ હોવાથી, તેણે બગાસુ ખાતાં તેમાં અગ્નીષોમાત્મક બે દેવો પ્રકટ થયા! અહીં તો પૂર્ણાનન્દ ભગવાન્ વિરાજતા હોવાથી, અગ્નિીષોમાત્મક સર્વ જગત્ પ્રકટ થયું. મુખમાં જગત્ બતાવીને ભગવાન્ "**यस्य ब्रह्म च क्षत्रं च उभे भवत ओदनः ।**"- પોતાનું સર્વભક્ષકત્વ બતાવ્યું. "**अत्ताचराचरग्रहणात् ।**"- ભોજન મુખમાં મુકાય! આ સમજે તો વૈરાગ્ય આવે, તૃષ્ણા દૂર થાય. રાજાએ "**वितृष्णा**"- થાય તેવું ચરિત પૂછેલું, તેથી આ સંભળાવ્યું!

માએ કાર્યરૂપ જગતને જોયું. વિસ્મિત થયા. બંધ થયેલી આંખ પુનઃ ખૂલતાં કારણ રૂપ

ભગવાનને પુત્ર રૂપે સ્મિત કરતા જોયા ! મૃગલોચના મા સુવિસ્મિત થયાં. અતિ સાનન્દાશ્ચર્ય પામ્યા.

અધ્યાય : ૮

શુદ્ધિ કરનારાં પાંચ છે, ભગવાનનું નામ, રૂપ, જ્ઞાન, ભક્તિ, ભાગ્ય ! ગુરુ દ્વારા મળેલા સંસ્કૃત-ભગવન્નામ શુદ્ધિ કરે છે !

ભગવાન્ ભક્તોનો નિરોધ કરવા વ્રજમાં પધાર્યા છે. અંતઃકરણની શુદ્ધિ હોય તો ભગવાનમાં આસક્તિ સહેલાઈથી થાય. ભક્તોના અંતઃકરણની શુદ્ધિ માટે ભગવાને કરેલી લીલાઓ આઠમા અધ્યાયમાં કહી છે. પૂતના મરતાં અવિદ્યા દૂર થઈ છે. પણ જેમ ઘીના વાસણમાંથી ઘી ગયા પછી પણ ગંધ બાકી રહે છે, તેમ બાકી રહેલા અવિદ્યાના કાર્યને દૂર કરી, સંપૂર્ણ શુદ્ધિ કરવા ભગવાને લીલા કરી છે !

આધ્યાત્મિક-વિચારે શુદ્ધિ કરનાર પાંચ છે, - ભગવાનનું નામ, રૂપ, જ્ઞાન, ભક્તિ અને ભાગ્ય ! ભગવન્નામ અંતઃકરણમાંથી અરતિ કે ઉદાસીનતા દૂર કરે છે. રૂપ - દર્શન વગેરેથી ઈન્દ્રિયોને પ્રભુપરાયણ બનાવે છે. જ્ઞાન દેહાધ્યાસ દૂર કરે છે, દાસધર્મથી સેવારત બનાવે છે ! ભગવાનની અલૌકિકતા સમજાવે છે. ભક્તિ પ્રભુમાં દૃઢ પ્રીતિ કરાવી, પ્રાણ વગેરેમાંથી પ્રીતિ દૂર કરે છે. ભાગ્ય આત્મશુદ્ધિથી પૂર્વજન્મના ફલ રૂપે લાભ આપે છે. મહાપુરુષોની કૃપા ભાગ્ય રૂપ બની કૃતાર્થ કરે છે. હૃદય શુદ્ધ થતાં સ્વરૂપદર્શન થાય. સ્વરૂપદર્શનથી યથાર્થ સ્વરૂપ-માહાત્મ્યજ્ઞાન થાય. જ્ઞાનથી સત્ત્વશુદ્ધિ થતાં, ભગવાનમાં દૃઢ-સ્નેહ રૂપ ભક્તિ થાય. પ્રભુની કૃપા કે પ્રસન્નતા રૂપ ભાગ્ય તેમાં કારણ છે. ભક્તિ સદ્ભાગ્યનું સંપાદન કરે છે. હૃદયની શુદ્ધિ થતાં આ અનુભવ ક્રમશઃ સ્વતઃ થાય છે. આ બધામાં ગુરુકૃપા અંગ રૂપ છે. ગુરુકૃપાથી પ્રભુકૃપા સરલતાથી થાય છે. પ્રભુકૃપાનો સીધો અનુભવ જીવને સમજાતો નથી. દુઃસંગત્યાગ પણ તેમાં જરૂરી છે. સત્ત્વશુદ્ધિ મર્યાદામાર્ગીય છે. તેમાં ગુરુનો ઉપદેશ કૃપા રૂપે કૃતાર્થ કરે છે !

ભગવાનની લીલામાં ગુરુ રૂપે ગર્ગજી વ્રજમાં પધાર્યા. તેમણે એકાંતમાં નામકરણ-સંસ્કાર કર્યા, કંસ વગેરે જાણે નહિ તેથી તેમ કરેલું ! એકાંત દુઃસંગત્યાગ સૂચવે છે. ગર્ગે એકાંતમાં ભગવાનનાં નામ પ્રસિદ્ધ કર્યાં. તે ગુરુના ઉપદેશ રૂપ છે. ગુરુ દ્વારા મળેલાં-સંસ્કૃત-ભગવન્નામ શુદ્ધિ કરે છે, તેથી સંસ્કારની કથા કહી છે. શ્રીશુકે તે કહ્યા પછી વ્રજમાં વિહાર કરતા ભગવાનના સ્વરૂપનું વર્ણન કર્યું છે. અત્યાર સુધી બાલક ભગવાન્ મા યશોદાને આધીન હતા. માના ખોળામાં ખેલતા. જ્યાં મા કે ભક્તો લઈ જાય ત્યાં જતા. પોતે પોતાની મેળે પધારતા ન હતા. આ અધ્યાયમાં ભગવાન્ સ્વતંત્ર રીતે પધારે છે; તેની કથા છે. ઘૂંટણીએ ચાલે, ધીમેધીમે ડગ દેતાં ચાલે, વ્રજમાં ચોરી કરવા પધારે, વગેરેનું વર્ણન છે. તે વખતે લાલા એકલા હોય, મા સાથે ન હોય. આમ સ્વતંત્ર-લીલા કરનારું ભગવાનનું સ્વરૂપ શીઘ્ર શુદ્ધિ કરનારું છે ! સૌ ભક્તો પોતાના અભિલાષ પ્રમાણે એકાકી પધારતા પ્રભુ પાસેથી સુખ મેળવે છે, પ્રભુમાં મગ્ન થઈ જાય છે.

શુદ્ધિ વગર શ્રદ્ધા ન થાય ! :

સત્ત્વશુદ્ધિ અધ્યાયમાં ભગવાનની સ્વતંત્રરીતે ઘૂંટણીએ ચાલવાની વગેરે લીલાઓ કહી છે;

પહેલાં નહિ. સત્ત્વશુદ્ધિ થયા પછી જ સ્વતંત્ર-વિહારોનો વિચાર થાય. નામકરણ પછી સ્વતંત્ર ચાલતા પ્રભુની કથા છે. પહેલાં વાત્સલ્યરૂપ નન્દાલયની લીલાનું શ્રવણ, કીર્તન અને સ્મરણ થાય. ભગવાનના આ કથાત્મક કે નામાત્મક સંબંધથી અંતઃકરણની શુદ્ધિ થાય; વાસના-વિકાર જાય, પછી કેવલ ભગવાને સ્વતંત્ર રીતે કરેલી કુંજ-નિકુંજ કે રાસાદિલીલા કે સ્ત્રીસંબંધી સ્વરૂપની ભાવના થાય, શ્રીશુકે ભાગવતમાં પણ બાલલીલાઓ કહ્યા પછી રસાદિ-લીલાઓ ક્રમશઃ કહી છે. જેમ જેમ દોષો દૂર થતા જાય તેમ તેમ યથાર્થ રસાનુભવ કૃતાર્થ કરે છે. અંતઃકરણની શુદ્ધિ વગર, ભગવાનની મધુર રસલીલાઓની વાતો કે વિચાર તો વિકાર વધારે ! તેમાં લૌકિક-રીત જ સમજાય. પરિણામે વિષય-વાસના વધે - પતન થાય. શ્રીશુકે "हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ।"- એવું ફલ રાસમાં કહ્યું છે. રાસલીલાના શ્રવણ-કીર્તનથી કામાદિ-દોષો શીઘ્ર દૂર થાય, પણ "श्रद्धान्वितः"- શબ્દ સ્પષ્ટ છે. શ્રોતા-વક્તામાં શ્રદ્ધા જોઈએ. "તે ભગવાને કરેલી નિર્દોષ-લીલાઓ છે. તેમાં વિષય કે કામનો ગંધ પણ નથી !" તેવી અંતઃકરણની પ્રતીતિ તેમાં શ્રદ્ધા રૂપ છે. પોતાને તેવા ભોગાદિના વિકારમય વિચાર ન આવવા જોઈએ, તો નિર્દોષ-લીલાનું શ્રવણ-કીર્તન નિર્દોષ બનાવે. આ અંતઃકરણની શુદ્ધિથી જ સંભવે છે. શુદ્ધિ વગર શ્રદ્ધા જ ન થાય !

ભગવાને સ્વેચ્છાથી કરેલી લીલામાં સુખની કથા હોય, સત્ત્વશુદ્ધિ શીઘ્ર થાય !

શ્રીશુકે નામ-નિરૂપણ કર્યા પછી, સ્વતંત્ર-વિહારો કરતા ભગવાનના સ્વરૂપનું વર્ણન કર્યું છે, પછી મૃદ્ભક્ષણ-પ્રસંગમાં યશોદા-માને મુખમાં વિશ્વદર્શન થતાં ભગવજ્જ્ઞાન થયાની કથા છે. પ્રત્યક્ષ દેખેલા માહાત્મ્યથી દૃઢ પ્રીતિ થાય છે. માહાત્મ્ય જોઈને પછી પ્રેમમગ્ન મા થયાં, તે ભક્તિની કથા છે. નન્દ-યશોદાજીને ભગવાન્ કૃષ્ણની અદ્ભુત બાલલીલાના રસાનુભવનું સુખ મળવાનું કારણ, તેમના પૂર્વજન્મમાં થયેલી પ્રભુકૃપા છે, તે ભાગ્યરૂપ છે. અંતે તેની કથા છે. આ સઘળું ક્રમશઃ સત્ત્વશુદ્ધિ કરનારું છે. આ અધ્યાયમાં ભગવાનના સ્વતંત્ર-લીલા કરતા સ્વરૂપનું વર્ણન છે. તે સ્વરૂપ આનંદમય છે. ભક્તોને ભગવત્સંબંધથી જ આનંદ થાય છે, તેથી અહીં દુઃખની કોઈ કથા નથી ! ભગવાન્ અન્યની ઈચ્છાથી લીલા કરે તેમાં કોઈક દુઃખની કથા પણ હોય, સત્ત્વશુદ્ધિ વિલંબે થાય. સ્વેચ્છાથી કરેલી લીલામાં સુખની કથા હોય, સત્ત્વશુદ્ધિ શીઘ્ર થાય.

શ્રીશુકે ભગવદાસક્તિ માટે અને અંતઃકરણની શુદ્ધિ થવા માટે, નામકરણ-ઉત્સવની કથા કહી. ભગવાનની ઈચ્છાથી વ્રજમાં બાલક રૂપે વિરાજતા ભગવાનનું નામ પ્રકટ થયું ન હતું ! વસુદેવજીએ કે નન્દજીએ તે સંસ્કાર કર્યા ન હતા. વર્ષ વહી ગયું હતું ! ભગવાનની લીલામાં કાલ પણ ભૌતિક નથી, આધિદૈવિક છે. જેવી લીલા કરવા ભગવાન્ ઈચ્છે, તેને અનુકૂલ કાલ પ્રકટ થાય છે ! સામાન્ય-માનવને યોગ્ય સમયે યોગ્ય સંસ્કાર ન થવાથી દોષ લાગે છે. નિર્દોષ ભગવાનમાં કોઈ દોષ-સંબંધ પણ થતો નથી !

ભગવાનને પોતાનું નામ પ્રકટ કરવાની ઈચ્છા થઈ ! વસુદેવજીને પ્રેરણા થઈ. ક્ષત્રિયોમાં સંસ્કાર પુરોહિત દ્વારા થાય છે. વસુદેવે પોતાના પુરોહિત ગર્ગાચાર્યજીને બોલાવ્યા. પોતાના પુત્રના સંસ્કાર માટે નન્દરાયજીના વ્રજમાં મોકલ્યા. પિતાની સંમતિ વગર પુત્રના સંસ્કાર ન થાય ! રોહિણીજીના પુત્ર પણ વ્રજમાં હતાં. નન્દરાયજીમાં આધિદૈવિક-વસુદેવજી વિરાજે છે, તેથી તે

બલભદ્રજી અને ભગવાનને પુત્રરૂપે જ ગણે છે ! વસુદેવજીએ કંસનો ભય દૂર કરવા અને યથાર્થ સમજ દેવા ગર્ગજીને નામકરણ માટે મોકલ્યા. રાજાઓમાં તો આવી ગુપ્તચર્યાઓ પ્રસિદ્ધ છે, તેથી "राजन्"- કહીને પરીક્ષિતને સમજ દીધી.

મહાપુરુષોના પધારવા માત્રથી કલ્યાણ થાય છે ! : ભક્ત નન્દજીને મન રામ-કૃષ્ણ બંને બાલક છે ! તેમાં મોટા રામ છે, તેથી તેમના નામકરણ સંસ્કાર પહેલાં કરાવ્યા છે ! આ ભાગવત છે ! :

યદુઓના પુરોહિત ગર્ગજી છે, નિર્મલ હૃદયથી હિત કરનારા છે, ઉત્તમ તપસ્વી છે. મંગલ મુહૂર્ત જોઈને ગર્ગજી વ્રજમાં ગયા. "**व्रजं जगाम ।**"- શ્રીશુકનું ધ્યાન અન્યત્ર છે ! ગર્ગને નન્દે પધારેલા જોયા. ગર્ગ ગુપ્તવેશે આવેલા ! નન્દને એકાંતમાં ઓળખ દીધી. નન્દજી ખૂબ પ્રસન્ન થયા. નન્દજીના મનમાં પણ ઘણા વખતથી પુત્રનું નામ પાડવાની ઈચ્છા હતી; પણ ભગવદિચ્છા વગર સાનુકૂલ સંયોગો ન દેખાય કે યાદ પણ ન રહે ! ગર્ગ મળતાં તે યાદ આવ્યું. ઈચ્છા પૂરી થશે - તે વિચારે ખૂબ પ્રસન્ન થયા. નન્દજી ઊભા થઈ ગયા. સામે હાથ જોડ્યા. ઘેર જાણે ભગવાન્ પધાર્યા ! અતિથિ તો દેવ ગણાય; તેમાં પણ આ તો તપસ્વી - વિદ્વાન્ - વિપ્ર ! આંખે દેખાય માનવ રૂપે, પણ તેમાં ન સમજાય તેમ અધોક્ષજ ભગવાન્ વિરાજે છે ! તેમને દાસભાવે કરેલાં દંડવત્ દંડમાંથી બચાવે છે, અપરાધમાંથી ઉગારે છે. ગર્ગજી સુખે વિરાજ્યા. નન્દજીએ સુખ થાય તેમ સ્વાગત કર્યું. શ્રમ દૂર કર્યો. એકાંતમાં બન્ને બેઠા હતા. ભગવાનને પ્રાર્થના કરતા હોય તેમ, ઉભરાતા ભાવે, ગદ્‌ગદ-કંઠે નન્દજીએ મુનિ ગર્ગને વિનંતી કરી. -

"બ્રહ્મન્ ! અધૂરા હોય તેના ઉપર કાંઈ ઉપકાર થાય, આપ તો પૂર્ણ છો !" બ્રહ્મજ્ઞાનથી જેને કોઈ અધ્યાસ રહ્યો નથી, તેને કોઈનું કાંઈ પ્રયોજન રહેતું નથી. અધ્યાસ ગયા પછી અસાધ્ય શું લાગે ? આવા મહાપુરુષોને સ્વતઃ કોઈ કાર્ય હોતું નથી, તે ક્યાંય જતા નથી. ક્યારેક ક્યાંક પધારે, તો માત્ર પરોપકાર માટે જ પધારે છે !. ઘરમાં જ આસક્ત, અનેક રીતે પીડાતા, સંસારીઓને ત્યાં મહાપુરુષોના પધારવા માત્રથી, વગર પ્રયત્ને કલ્યાણ થાય છે !

"ભગવન્ ! આપ તો મૂર્તિમંત જ્યોતિઃશાસ્ત્ર રૂપ છો ! ઈન્દ્રિયોથી પર બ્રહ્મ અને ગ્રહનું જ્ઞાન દેનાર શાસ્ત્ર આપે પ્રકટ કર્યું છે. માનવ તેથી સઘળું જાણી શકે છે. આપ બ્રહ્મજ્ઞમાં શ્રેષ્ઠ છો ! આ બે બાલકોને સંસ્કાર થયા નથી. બ્રાહ્મણ તો જન્મથી સૌનો ગુરુ છે. આપ સંસ્કારો કરવા કૃપા કરો !" નન્દજીએ "**बालयोरनयोः**"- કહ્યું છે. તેમને કૃષ્ણ-પોતાના પુત્ર અને બલરામ - વસુદેવના પુત્ર - એવો ભેદભાવ ન હતો. બંને ઉપર વાત્સલ્ય હતું. આ હૃદયની શુદ્ધિ - ઉદારતા - સૂચવે છે. ભેદભાવ ન હોય ત્યાં ભગવાન્ પ્રસન્ન રહે છે ! આ ભાગવત છે ! ભેદભાવ હોય ત્યાં ભયાનક ક્લેશ અનુભવાય છે ! રાજા ધૃતરાષ્ટ્રે ગીતામાં સંજયને પૂછ્યું, "**मामका पाण्डवाश्चैव किमकुर्वत संजय ।**"- "મારા અને પાંડુના પુત્રોએ શું કર્યું ?-" આ ભેદભાવ ! પાંડુ જીવતા ન હતા. ધૃતરાષ્ટ્ર મોટો હતો, પિતાના સ્થાને હતો, ભાઈના સંતાનને સાચવવા જોઈએ. રાજ્યમાં હક્ક પણ પાંડવોનો હતો, છતાં ધૃતરાષ્ટ્રે પોતાના પુત્રનો પક્ષ કર્યો. પાંડવોને પીડાવા દીધા, પાંડવો હતરાષ્ટ્ર થયા ! પરિણામે વિનાશક ક્લેશ થયો. આ મહાભારત છે ! ક્લેશનું મૂલ ભેદભાવ છે. "મારા અને પાંડુના પુત્રો" - શબ્દોમાં અજાણ્યે તે જાહેર થયું ! નન્દજી તો પ્રભુને પોતાના પુત્ર રૂપે જાણે છે. પોતાને ત્યાં તે એક જ અને મોટા પુત્ર છે. રામ

તો મિત્રના પુત્ર છે, છતાં ભક્ત નન્દજીને મન તો બંને બાલક છે, તેમાં મોટા રામ છે. તેમના સંસ્કાર પહેલા કરાવ્યા છે !

બ્રાહ્મણ ગર્ગે નન્દજીની વિનંતી સાભળી. વૈદિક-કર્મ મોટે અવાજે ન થાય, આસુર બની જાય. વેદજ્ઞ વિપ્ર તો સમજે છે; પણ સામાન્ય-લોકોને ગળે શી રીતે ઉતરે ? ચતુર ગર્ગે લૌકિક-ભય બતાવ્યો. - "હું તો યદુકુલનો આચાર્ય છું ! સૌ મને જાણે છે. તમારા દીકરાને હું સંસ્કાર કરીશ, તો લોકો તેને દેવકીપુત્ર ગણશે. કંસ દુષ્ટબુદ્ધિવાળો છે. તમારે અને વસુદેવને મૈત્રી છે. દેવકીજીનો આઠમો ગર્ભ સ્ત્રી ન હોઈ શકે ! દેવકીજીની દીકરીએ કહેલી વાતથી કંસને વહેમ છે કે, પોતાને મારનાર બીજે છે. તે આ જાણે તો અનર્થ થાય !" ગર્ગે તો ગુપ્ત રીતે, કંસ કે કોઈ પણ જાણે નહિ તેમ, સંસ્કાર કરવાનું સૂચવી દીધું. સર્વજ્ઞ તો કોઈ વખત સ્પષ્ટ બોલે, કોઈ વખત ન પણ બોલે. ગર્ગે અસ્પષ્ટ રીતે તો ભગવાન્ દેવકીપુત્ર હોવાનું કહી દીધું ! બાવા નન્દ તો આનંદમગ્ન હતા. તેમને પ્રભુમાં પુત્ર રૂપે દૃઢ-પ્રીતિ હતી. તેઓ કાંઈ ન સમજ્યા. આવા ભક્તોનો નિરોધ થાય, શાસ્ત્ર તેમાં કામ ન લાગે ! શાસ્ત્ર કરતાં ભગવાન્ સમર્થ છે.

સંસ્કારોની ઉપેક્ષાથી પ્રજા નિઃસત્ત્વ થાય છે :

નન્દજીએ ભોળા ભાવે ગર્ગને વિનવ્યા,- "મારા ગોવાળો તો સમજ વગરના ભોળા છે, છતાં તે પણ જાણે નહિ તેમ, આ ગોશાલામાં એકાંતમાં આપ સ્વસ્તિવાચન-પૂર્વક દ્વિજાતિ-સંસ્કાર કરો !" નન્દજીની ઈચ્છા મંત્રપૂર્વક સંસ્કાર થાય તેમ છે, લોકમાં ઉત્સવ કરવાની ઈચ્છા નથી. વનના - ગામડામાં રહેતા એક પ્રાચીન ભારતીય પુરુષને પણ, પોતાનાં સંતાનને મંત્રથી સંસ્કાર થાય તેવો આગ્રહ હતો ! લોકોનો ઉત્સવ કે વ્યવહાર થાય તેવો આગ્રહ ન હતો. સંતાન સંસ્કારથી સુશીલ થાય છે. આજે તો લોકો સમજીને સંસ્કારોને ટાળતા જાય છે ! ભણતર કદાચ વધ્યું, પણ સંસ્કાર ગયા ! લગ્નમાં પણ ફોટા, ચ્હા-પાણી, ભોજનો વગેરે વ્યર્થ ભભકામાં સમય અને સંપત્તિ વેડફવામાં સૌને પ્રતિષ્ઠા કે આવશ્યકતા લાગે છે; પણ લગ્નની વિધિ તો ઝટપટ પતાવવાની ભલામણ બ્રાહ્મણને કરે છે ! વિધિને સમજવા કે સાચવવા જેટલો પણ સમય લોકોને હોતો નથી. મંગલ-વચનની પત્રિકા આપે, તો વાંચવા- વિચારવાનો પણ વિવેક ન દેખાય, લેવા પણ વિચાર ન થાય. આવી બધી ઉપેક્ષા માત્ર સંસ્કારોની નથી, પણ પોતાનાં સંતાનોની સુખ-શાંતિની જ ઉપેક્ષા છે, પરિણામે પ્રજા નિઃસત્ત્વ થતી જાય છે !

બ્રાહ્મણ ગર્ગે તો પોતે કરવા ઈચ્છેલું હતું, તે જ નન્દજીએ કહ્યું. ગુપ્તવેશમાં રહેલા ગર્ગે એકાંતમાં અનુકૂલ મુહૂર્તે બંને બાલકના નામકરણ-સંસ્કાર કર્યા. ચૂડાકર્મ પહેલાં બાલક કહેવાય. ફાગણ સુદ આઠમે આ સંસ્કાર થયાનો ઉલ્લેખ બીજા પુરાણમાં છે. અન્નપ્રાશન-સંસ્કાર પણ સાથે થયા, તેમ કહ્યું છે.

અવ્યવહાર્ય બ્રહ્મનાં નામ સ્વેચ્છાથી ગુણયોગથી પ્રકટ થાય છે ! :

બલદેવજીનાં નામ- રૌહિણેય-સંકર્ષણ-રામ-બલ !

અપ્રકટદશામાં તો બ્રહ્મને નામ ન હોય, વ્યવહાર્ય પણ ન થાય. અવતારદશામાં સ્વરૂપમાત્રથી નામ પ્રકટ થતાં નથી. ગુણયોગથી નામ લોકમાં પ્રકટ થાય છે. બંને વસુદેવના પુત્ર છે. તેમાં એક

માના નામ પરથી ઓળખાય છે, - રૌહિણેય ! બીજો પિતાના નામ પરથી ઓળખાય છે, - વાસુદેવ ! ગર્ગને તો પૂર્વકથાની ખબર ન હતી. પણ પ્રભુનાં દર્શનથી ભગવદ્‌ભાવ થયો; તેથીસ્પષ્ટ સમજાયું ! મોટા બાલકને જોઈને ગર્ગ બોલ્યા, - **''अयं वै रोहिणीपुत्रो''**- ગર્ગને શંકા નથી, માટે **''वै''**- નિર્ણયપૂર્વક બોલે છે. આ રોહિણીપુત્ર છે. રોહિણીના "રૌહિણેય" કહેવાય. દેવકીજીના ગર્ભમાં શેષાવિષ્ટ-સંકર્ષણ જ હતા. રોહિણીમાં તે આવ્યા, ત્યાં વાસુદેવાવેશ થયો, તેથી તે "રોહિણીપુત્ર" છે. આ કહેવાની જરૂર ન હોવાથી ગર્ગે નામ જ કહી દીધું, - "રૌહિણેય !" ભગવાનમાં જો થોડું પણ પ્રાકૃતપણું હોત, તો તે પણ - "યાશોદેય" કે "દૈવકેય" કહેવાત ! **''वै''** નિશ્ચયસૂચક છે. ભગવાન્ "દેવકીપુત્ર" કહેવાય છે. તેમાં "દેવકી" અને "પુત્ર" બંને સ્વતંત્રપદનો સમાસ છે ! રોહિણીપુત્રનું બીજું નામ, પોતાના ગુણોથી સ્વજનોને રમાડનારા-સુખ દેનારા-હોવાથી "રામ" થશે. બલ ખૂબ હોવાથી "બલ" કહેવાશે. યદુઓથી જુદા ન હોવાથી, સૌના સુંદર આકર્ષણ રૂપ હોવાથી, લોકો "સંકર્ષણ" કહેશે ! **''सम्यक् सर्वेषामाकर्षणं यस्मिन् ।''** લોકો ભલે કહે, વાસ્તવમાં તો, **''गर्भसंकर्षणात् संकर्षणः ।''** છે, પણ આ તો ગુપ્ત છે. લોકો ન જાણે, ગર્ગે પણ તેમ નથી કહ્યું.

જગત્ સાથે યુગલ કરતા પ્રભુ યુગધર્મ પ્રકટ કરે છે : ગર્ગજીએ "કૃષ્ણ" - "વાસુદેવ" - બે નામ કહ્યાં, તેમાં ચાર વ્યૂહો સહિત પુરુષોત્તમનો પરિચય ગૂઢ રીતે દઈ દીધો છે ! : ભગવાનનાં નામ - રૂપ અનંત છે, નિત્ય છે !

એકનાં ચાર નામ પ્રસિદ્ધ થયાં. બીજા શ્યામસુંદરને પધરાવ્યા. સર્વજ્ઞ-જ્યોતિઃશાસ્ત્રજ્ઞ ગર્ગ પણ અજ્ઞ જેવા, ભાવમગ્ન બની ગયા ! ચરણના નખચન્દ્રની કાન્તિ જોઈ, ભ્રાન્તિ થઈ ! જન્મકુંડલીમાં આ ચન્દ્ર કયા સ્થાનમાં હોય ? કોઈ સ્થાન ન દેખાયું, ફલ પણ ન સમજાયું ! આંખથી અંતરમાં નખચન્દ્ર પધરાવ્યા. એક જ સ્થાન જડ્યું - હૃદય ! ફલ પણ તરત મળ્યું, - આનંદ ! ભ્રાન્તિ ગઈ. શાન્તિ થઈ. જ્યોતિઃશાસ્ત્રમાં બધાં તેજસ્તત્ત્વો જાણ્યાં હતાં. આ નેત્રનું તેજઃ કે તત્ત્વ સમજાતું ન હતું ! આજ સુધી તો માત્ર ગ્રહ જોયા હતા, આજે તો દર્શનથી અનુગ્રહ દેખાયો, નિગ્રહ હૃદયનો થયો ! શ્રીવિગ્રહમાં મગ્ન થઈ ગયા. યુગયુગની જાણે યાદ આવી ! સઘળા યુગમાં સ્વરૂપ દેખાયું, પણ વર્ણ જુદો ! ગર્ગ બોલ્યા, **''आसन् वर्णास्त्रयो ह्यस्य गृह्णतोऽनुयुगं तनुः ।''**- ભગવાન્ અને જગત્ મળીને યુગ (યુગલ) ગણાય ! **''युगमत्रास्तीति युगम् ।''**- ભગવાન્ જુદા જુદા સ્વરૂપથી જુદા જુદા સમયે જગતમાં વિરાજે છે, યુગધર્મ પ્રકટ કરે છે. સત્યયુગમાં શુક્લ, ત્રેતામાં રક્ત, દ્વાપરમાં પીત અને આગળ કલિયુગ થવાનો, તેથી - **''इदानीं कृष्णतां गतः ।''** ગોરા થવું કે કાળા તે સામાન્ય બાલકના હાથની વાત નથી. આ પરવશપણે શ્યામ નથી થયા. પોતે કૃષ્ણત્વ સ્વીકાર્યું છે ! માટે કૃષ્ણ નામ પ્રસિદ્ધ કર્યું. વર્ણપરત્વે નામનું સત્યત્વ કહ્યું ! વાસ્તવમાં તો, સદ્રૂપે સર્વગત, આનન્દ રૂપે સર્વસમન્વિત, પરબ્રહ્મનો જ પરિચય દીધો છે ! પ્રાકૃતરૂપ નથી ! અપ્રાકૃત ભક્તોમાં પણ સ્વ-સ્વરૂપાત્મક શુદ્ધસત્ત્વ પ્રકટ કરીને સ્વરૂપાનન્દનું દાન કરે છે. શુદ્ધસત્ત્વમાં આનંદના પ્રાકટયથી શ્યામસ્વરૂપ પ્રકટે છે. આ પૂર્ણાનન્દ કૃષ્ણ છે. **''रसो वै सः ।''**- ભગવાન્ શૃંગારરસ રૂપ છે. શૃંગારરસનો વર્ણ શ્યામ છે. માટે ભગવાનનો વર્ણ શ્યામ છે ! "કૃષ્ણ"માં સ્વરૂપ અને ધર્મ ઉભયનો પરિચય સમાયેલો છે. ગર્ગે તો કાલને અનુકૂલ વર્ણ કહ્યો, - "કૃષ્ણ !" તેમાં સંકર્ષણવ્યૂહ - સહિત પુરુષોત્તમ

કહી દીધા.

"તમારા ઘેર જન્મતાં પહેલાં, કોઈ સ્થળે વસુદેવને ત્યાં તમારા પુત્ર જન્મી ચૂક્યા છે ! તે જાણનારા તેને "શ્રીમાન્ વાસુદેવ" કહે છે." વસુદેવના પુત્ર - "વાસુદેવ" નામ પ્રકટ કર્યું. નન્દમાં આધિદૈવિક વસુદેવ છે, તેથી "**तवात्मजः**"- કહ્યું. આમાં પ્રદ્યુમ્નરૂપ કહ્યું. વસુદેવ શુદ્ધસત્ત્વાત્મક છે, તેથી અનિરુદ્ધપણું પણ કહી દીધું. વાસુદેવ શબ્દમાં વાસુદેવવ્યૂહ તો સમજાય છે જ. "**श्रीमान्**"- કહીને "લક્ષ્મીપતિ" કહ્યા. આ બધા નથી જાણતા. ભગવાન્ કૃપા કરીને જેને પોતાનું સ્વરૂપ સમજાવે, તે જ ભગવાનને જાણી શકે છે ! બાલક ભગવાનનાં "કૃષ્ણ" અને "વાસુદેવ" - બે નામ ગર્ગે પ્રકટ કર્યાં ! તેમાં ચાર વ્યૂહસહિત પુરુષોત્તમનો પરિચય ગૂઢ રીતે દઈ દીધો ! વધારે સ્પષ્ટ બોલ્યા. - "**बहूनि सन्ति नामानि रूपाणि च सुतस्य ते ।**"- તમારા પુત્રનાં અનેક નામ અને અનેક રૂપ છે. ગુણયોગથી અનેક નામ પ્રસિદ્ધ થાય છે. "**सन्ति**"- વર્તમાનકાળનું રૂપ વાપર્યું છે. બધી જ ભાષાઓના વ્યાકરણમાં સનાતન સત્યનો ઉલ્લેખ વર્તમાનકાલમાં થાય છે ! **"The earth is round"** - "પૃથ્વી ગોળ છે." "સનાતન-સત્ય - વર્ષો પૂર્વે, આજે કે વર્ષો પછીતે ખોટું નથી થવાનું. તેમ અહીં "**सन्ति**"- છે. ભગવાનનાં અનેક નામ અને અનેક રૂપ પહેલાં હતાં, આજે પણ છે અને ભવિષ્યમાં પણ હશે જ, સનાતન-સત્ય છે !

કૃષ્ણ પાંચ હજાર વર્ષો પૂર્વે થઈ ગયા. આવી ગણના અંગ્રેજોનો આપણને લાગેલો ચેપ છે ! કૃષ્ણ આજે નથી, તે આપણું અજ્ઞાન છે. કૃષ્ણ તો સૃષ્ટિના પહેલાં પણ હતા, આજે પણ છે, સૃષ્ટિનો સંપૂર્ણ લય થયા પછી પણ તે જ હશે. આપણા શાસ્ત્રમાં આવું સનાતન-સત્ય "નિત્ય" કહેવાય છે. ભગવાનનાં સઘળાં સ્વરૂપ અને નામ નિત્ય છે. ભગવાન્ ઈચ્છે ત્યારે, કોઈ પણ સ્થળે તે પ્રકટ થાય છે. પ્રકટ ન થવું હોય તો, અનુભવ ન થાય તેમ તિરોહિત રહે છે. અસ્તિત્વમાં હોવા છતાં અનુભવ આપતા નથી.

ભગવાને અમુક વર્ષની વયે અમુક લીલા કરી, પછી તે ન હોય તેમ નથી ! ભગવાનની સર્વલીલા, તે લીલા વિશિષ્ટ - સ્વરૂપ, તે લીલામાંના ભક્તો વગેરે સઘળું નિત્ય છે ! "**अस्ति भाति प्रियं रूपं नामचेत्यर्थपञ्चकम् । आद्यं त्रयं ब्रह्मरूपं जगद्रूपं ततः परम् ॥**"

"**अस्ति**"- સત્; "**भाति**"- ચિત્, "**प्रियं**"- આનંદ, "**रूप**"- રૂપ; "**नाम**"- નામ. આ પાંચ પદાર્થો છે. પહેલાં ત્રણ બ્રહ્મરૂપ-સચ્ચિદાનંદ ! પછીનાં બે નામ અને રૂપ - જગદ્રૂપ ! "**नामरूपे व्याकरवाणि ।**" - શ્રુતિ-છે. નામ અને રૂપનો વ્યાકરણ (વિસ્તાર) એટલે જગત્ ! બંને નિત્ય ! જગતમાં પ્રકટેલા સચ્ચિદાનંદ બ્રહ્મનાં અનેક નામ અને રૂપ પણ નિત્ય છે. લીલા દ્વારા તેનો સંબંધ પણ નિત્ય છે. ભગવાન્ ગોવર્ધનધારણ કરતા સર્વદા વિરાજે છે. ગોવર્ધનધારણ કરવાની ક્રિયા, નામ અને તે સ્વરૂપ ભગવાનનું આજે પણ છે, નિત્ય છે. આમ અનંત લીલા, નામ, રૂપ નિત્ય છે. ભક્તોને તેનો અનુભવ થાય છે.

નન્દજીને ભ્રમ ન થાય માટે સ્પષ્ટતા કરી - "**सुतस्य ते**"- "તમારા પુત્રનાં - લીલા નામ-રૂપ નિત્ય છે." ભગવાનનાં આ બધાં નામ માત્ર કલ્પનાથી, પ્રશંસા માટે નથી. પણ "**गुणकर्मानुरूपाणि ।**"- ઔદાર્ય વગેરે ગુણો, ગોવર્ધનધારણ વગેરે ક્રિયાઓને અનુરૂપ તે નામ છે. ગુણ, કર્મ,

નામ અને રૂપ અલૌકિક છે. લોકો તે જાણતા નથી. લોકો નામ બોલે - સાંભળે, છતાં વિચારતા ન હોવાથી જાણતા નથી ! "जनाः"- જનનધર્મવાળા - ક્લેશવાળા - લોકો છે. રૂપ, અને લીલાની નિત્યતાના વિચાર વગર બોલાયેલા નામ અસર કે ફલ પ્રકટ કરતાં નથી ! રૂપ સાથે નામનો નિત્યસંબંધ છે. વૈદિક - અલૌકિક - અર્થો નિત્ય છે. તે સાથે તેના શબ્દનો સંબંધ છે. લૌકિકનો સંબંધ તો પ્રવાહ સાથે છે. પરિણામે "અગ્નિ" - શબ્દ બોલીએ તેમાં નામ અને અર્થ તો સમજાય છે; પણ રૂપનો સંબંધ નથી, તેથી દઝાવાતું નથી ! ભગવાને "मद्भक्ता यत्र गायन्ति तत्र तिष्ठामि नारद ।"- કહ્યું છે. ભક્તો પ્રીતિપૂર્ણ છે. ભગવાનના સ્વરૂપને યાદ કરીને, તે સ્વરૂપ નિત્ય વિરાજે છે, - તેમ સમજીને, ગુણ કે લીલાથી પ્રકટ થયેલાં ભગવાનનાં નામ દ્વારા ગાન કરે છે. ભગવાન્ ત્યાં પધારે છે. "नामभिर्दामभिः सितम् ।"- શ્રુતિ છે. સમજીને નામનો ઉચ્ચાર કરવાથી પ્રભુનું સ્વરૂપ પાસે પધારે છે !

સ્વરૂપને સ્મરીને, શુદ્ધભાવે, દીનતાથી ભગવન્નામોચ્ચાર કરવાથી ફલનો અનુભવ થાય છે, સર્વ પુરુષાર્થ સિદ્ધ થાય છે :

લૌકિકમાં પણ રસ્તામાં કોઈ માણસ જતો હોય, તેનું નામ દઈને બોલાવીએ તો પાસે આવે છે. પોતાનું નામ સાંભળીને, નામ સાથે સંબંધ ધરાવનાર તે વ્યક્તિ હોવાથી આવે છે. તે વ્યક્તિ તે અસ્તિત્વ ધરાવે છે. "नामयतीति नाम ।"- નમાવે તે નામ ! નામ સાંભળીને વ્યક્તિ આવે છે. આ રીતે ભગવાન્ પધારે છે. ભગવાનનું જે નામ બોલીએ છીએ, તેના અર્થ સાથે સંબંધ ધરાવતી લીલાવાળું ભગવત્સ્વરૂપ અસ્તિત્વ ધરાવે છે. તે સર્વદા, સર્વત્ર ઉપસ્થિત છે. નિત્ય છે. આ સમજીને, સ્વરૂપને યાદ કરીને, શુદ્ધભાવે દીનતાથી, નામોચ્ચાર કરવાથી ફલનો અનુભવ થાય છે, સર્વ પુરુષાર્થ સિદ્ધ થાય છે.

કાલાદિ ભગવન્નામનો મહિમા જાણે છે, તેથી નામોચ્ચાર માત્રથી ચાલ્યાં જાય છે, ભગવન્નામને તેમાં કોઈ પ્રયાસ કરવો પડતો નથી ! :

લૌકિક-ઈન્દ્રિયો ભગવાનના રૂપનો અનુભવ કરી શકતી નથી. તેમ લૌકિકરીતે બોલતાં ભગવન્નામમાં અલૌકિકતાનો અનુભવ થતો નથી ! અનેક લોકોને ભગવાનનાં નામ, સ્તુતિ પાઠ, જપથી કાંઈ અસર દેખાતી નથી, તેનું આ કારણ છે. માણસને તેના અધિકારના પ્રમાણમાં નામસ્મરણનું ફલ મળે છે, ચિત્તશુદ્ધિ થાય છે. નામનું વારંવાર રટણ કર્યા કરવાથી, કોઈ વખત આધિદૈવિકસ્વરૂપનો તેમાં સંબંધ થાય, ત્યારે અખંડશબ્દ રૂપ આધિદૈવિક સ્વરૂપના સંબંધથી તે ફલ આપે છે. દીનતા અને પ્રભુકૃપાથી જ આ લાભ થાય છે. તેમાં ઉચ્ચારણનું માહાત્મ્ય નથી, નામના આધિદૈવિકસ્વરૂપનો મહિમા છે. પોલીસને જોઈને ચોર નાસી જાયકે સંતાઈ જાય છે. ચોરના નાસી જવામાં કે સંતાઈ જવામાં પોલીસને કાંઈ કરવું પડતું નથી. ચોર જાણે છે કે આ પોલીસ છે, પકડશે, તેમ ભગવાનનાં નામનો ઉચ્ચાર કરનારને કાલ-યમ-ભય વગેરે પીડતાં નથી. કાલાદિ ભગવન્નામનો મહિમા જાણે છે, તેથી નામોચ્ચાર માત્રથી દૂર ચાલ્યાં જાય છે; તેમાં ભગવન્નામને કોઈ પ્રયત્ન કરવો પડતો નથી ! ભગવાનનાં સહસ્રનામ-સ્તોત્રમાં કહેલાં ફલ કે અજામિલાખ્યાનની સમજ પણ આમાંથી મળી જાય છે.

જેને ગુરુ અને ભગવાનમાં સમાન ભક્તિ હોય અને દુઃસંગરહિત હોય, તેવા જીવને ગુરુકૃપાથી

ભગવન્નામ, સ્વરૂપ અને લીલાનું યથાર્થજ્ઞાન થાય છે. તે જીવ ભગવાનના સ્વરૂપની નામમાં કહેલી લીલાને સ્મરતાં નામોચ્ચાર કરે તો, તરત ફલનો અનુભવ થાય છે ! જો આવી યોગ્યતા ન હોય તો, નામનું નિરંતર રટણ કર્યા કરવાથી જ્યારે આધિદૈવિકનો સંબંધ થાય ત્યારે ફલ મળે છે. નિરંતર નામરટણ કરતાં આધિદૈવિક-સંબંધ પણ ન થયો હોય તો પણ નામ પોતે કાંઈ જ કરતાં ન હોવા છતાં, કાલ-યમ-ભય વગેરે પોતે જ નામપ્રભાવમાત્રથી દૂર થઈ જાય છે, પછી ભગવદિચ્છાનુસાર ફલ મળે છે ! જે લોકો કથા વગેરે સાંભળીને, ભગવન્નામનું માહાત્મ્ય સમજીને નામરટણ કર્યા કરે છે, તેમને પણ આ રીતે ફલ મળે છે. જે લોકો ભગવન્નામનો મહિમા સાંભળ્યા કે સમજ્યા વગર નામરટણ કરે છે, તેમનાં પાપ અતિવિલંબે દૂર થાય છે. સંસારી લોકો તો પાપ દૂર કરવાના કે કલ્યાણ મેળવવાના સાધન તરીકે ભગવાનનું નામ લે છે. ભક્તો તો તેને ફલરૂપ સમજીને પરમ પ્રેમથી નામ દે છે ! ભગવાનનાં નામ પણ નામાત્મક ભગવાનનાં રૂપ છે !

બાલક રૂપ ભગવાને પોતાના ભક્તોને પોતાનામાં પ્રીતિ કરાવવા માટે લોકરીતિ પ્રમાણે લીલા કરી છે ! : પ્રભુનાં બને તેને પ્રભુ જ સુખ આપે છે ! :

ગર્ગે બે શ્લોકમાં ભગવાનનાં કર્મ અને બે શ્લોકમાં ગુણ કહ્યા. - “આ બાલકે તમારું શ્રેયઃ સાધ્યું છે !” પૂતના મારી, શકટ ભાગ્યું, તૃણાવર્ત માર્યો. અવિદ્યા, સંસાર અને મોહ દૂર કર્યા, જ્ઞાન દીધું. ભગવાન્ પરમ પુરુષાર્થ રૂપ છે, છતાં દોષને લીધે તેમનું ભજન થતું નથી ! વ્રજમાંથી ભગવાને દોષ દૂર કર્યા. સૌનું કલ્યાણ કર્યું. જ્યાં પ્રભુ પ્રકટ વિરાજતા હોય, ત્યાં કોઈ દોષ હોઈ શકે જ નહિ. પછી ક્યા દોષ દૂર કરવાના રહે ? છતાં ભગવાને પ્રાકૃત-બાલક રૂપ ધર્યું છે, તેથી પોતાના ભક્તોને પોતાનામાં પ્રીતિ કરાવવા માટે, લોકરીતિ પ્રમાણે ભગવાન્ લીલા કરે છે. પ્રભુએ જ દોષ રૂપ પૂતના વગેરેને પ્રકટ કર્યાં છે ! તે દોષોને પોતે જ દૂર કરે છે ! ભક્તોને તેથી પોતાને સંકટમાંથી બચાવનારમાં પ્રીતિ થાય છે. પ્રભુના સ્વરૂપની સુંદરતા, લીલાની મધુરતા, સ્વભાવની કોમલતા સૌને ભાવમાં ભીંજવી દે છે. લોકમાં તો મુશ્કેલીથી મળે, તેનું મૂલ્ય વધારે લાગે. વ્રજમાં દેખાતી આપત્તિઓ પ્રભુમાં પ્રીતિને પ્રગાઢ કરે છે. અરે ! ''**श्रेय आधास्यत् ।**''- કરુણાકેતન કૃષ્ણ ! ભક્તો માટે તો કલ્યાણને પોતે ધારણ કરે છે ! સામે પધારીને ભક્તોને આપે છે ! જ્યારે જોઈએ ત્યારે તરત ભગવાન્ પાસેથી ભક્તને શ્રેયઃ મળે છે, ભક્ત કૃતાર્થ બને છે ! પ્રભુનાં બને છે, તેને પ્રભુ પરમાનન્દનું પ્રદાન કરે છે. ગોપ, ગોપી, ગોકુલનાં પશુઓને પણ ભગવાને સુખ આપ્યું છે.

“નન્દજી ! આના આધારે તમે સઘળાં વિકટ સંકટમાંથી પણ પાર ઉતરી જશો !” ભગવાનના આધારે જીવનારને ભગવાન્ જ પાર ઉતારે છે. ભગવાનનો સ્વભાવ અને લીલા જ એવાં છે કે, તેના આધારે રહેનારને કોઈ પીડા થાય નહિ. પહેલાં અરાજકતામાં લુંટારુઓથી પીડાતા સાધુપુરુષોને આ બાલકે સમૃદ્ધ કર્યા. વૃદ્ધિ પામેલા સાધુપુરુષોએ લુંટારુઓને જીતી લીધા ! ''पुरा ।''- શબ્દ કહીને આ પહેલાં પણ હતા, તેમ સૂચવ્યું. પહેલાં તો ભગવાનના અવતાર થયા હતા. આજે તો ભગવાન્ પોતે જ પ્રકટ થયા છે ! - તેમ ''अनेन''થી સૂચવ્યું. રાવણ વગેરે દુષ્ટો બાહ્ય-દસ્યુ; અને કામક્રોધાદિ આંતરદસ્યુ છે. બહારના દુષ્ટલોકો અને અંતરના દોષો સાધુપુરુષ માટે સંતાપરૂપ છે. પ્રભુના પ્રતાપે તે દૂર થાય છે. પોતાના અંદરના અને બહારના દોષો દૂર કરે, સઘળાનું સારું કરે તે, - સાધુ ! ભગવાન્ જ

સાધુજનોની રક્ષા કરે છે. ભગવાનથી સુરક્ષિત, ભગદ્ધર્મપરાયણ સાધુપુરુષો ભગવદ્ભાવસમૃદ્ધ બને છે; પછી પોતે જ સઘળા દોષોને સહેલાઈથી દૂર કરી દે છે. ભગવાનનું આ રક્ષાકર્મ સર્વદોષ દૂર કરે છે, સર્વસુખ આપે છે, સર્વ સામર્થ્ય પ્રકટ કરે છે. પરશુરામે માર્યા હોવાથી પહેલાં રાજાઓ ન હતા, કાલે વિવેક વગેરે હરી લીધાં, તેથી અરાજકતા ફેલાઈ હતી. ભગવાને જ સૌની રક્ષા કરી. ભગવાનના આશ્રયે રહેનારને સત્તા, સંપત્તિ કે સહાયની અપેક્ષા રહેતી નથી! પીડાતા સાધુપુરુષો ભગવદ્બલથી સમૃદ્ધ બનીને સર્વત્ર વિજયને વરે છે. કંસના ડર વિના સ્વતંત્ર રહેવા નન્દજીને સૂચવી દીધું.

પ્રભુમાં પ્રીતિ કરનારનો કોઈ રીતે પરાભવ ન થાય!:

વધતી જતી પ્રીતિ કૃતાર્થ કરે છે, પ્રસંગવશાત્ આવતા ઊભરા તો ક્ષણિક હોય છે!:

य एतस्मिन् महाभागाः प्रीतिं कुर्वन्ति मानवाः ।
नारयोऽभिभवन्त्येतान् विष्णुपक्षानिवासुराः ॥ (१९)

પ્રભુમાં પ્રીતિ કરે તે મહાભાગ્યશાળી! પ્રભુમાં પ્રીતિ કરનારનો પરાભવ કોઈ કરી શકતા નથી! શત્રુઓનો સંતાપ શ્રીહરિમાં સ્નેહ કરનારને રહેતો નથી! જેમ ભગવાન્ જેના પક્ષમાં છે તેવા દેવોને દાનવો જીતી શકતા નથી તેમ! શ્લોકમાં "मानवाः"- શબ્દ સૂચક છે. મનુ સદ્ધર્મપ્રવર્તક છે. મનુનાં સંતાન માનવ છે. માનવ સદ્ધર્મરૂપ છે. ધર્મ માટે જ તેનો જન્મ છે! પ્રભુમાં પ્રીતિ કરવાની સ્વરૂપયોગ્યતા માનવમાં છે. સ્વરૂપયોગ્યતા અને સહકારિયોગ્યતા વિના પ્રભુમાં પ્રીતિ થતી નથી! હજારો જન્મોમાં તપ:, ધ્યાન, સમાધિ વગેરેથી પાપ સઘળાં નાશ પામે, ત્યારે કૃપાથી જ પ્રભુમાં પ્રીતિ થાય છે. સર્વદા એક સમાન રીતે વધતી જાય તેવી પ્રીતિ કૃતાર્થ કરે છે. પ્રસંગવશાત્ આવતા ઊભરા તો ક્ષણિક હોય છે!

ભગવાન્ દુષ્ટોને દુષ્ટ રીતે પ્રેરે, છતાં ભક્તોની રક્ષા પોતે જ અદ્ભુત રીતે કરે છે!:

કાપડ વણતાં જેમ જેમ તાણાવાણા વ્યવસ્થિત રીતે એકઠા થતા જાય છે, તેમ તેમ એક સમાન રીતે કાપડ વધતું જાય છે; તેવી રીતે સર્વ-ઈન્દ્રિયોને જેમ જેમ ભગવાનમાં પ્રીતિ થતી જાય, તેમ તેમ તે એકત્રિત થઈને એક સમાન રીતે વધતી જાય, - તે પ્રીતિ કૃતાર્થ કરે છે. આવી પ્રીતિ તો વ્રજભક્તોમાં છે! "एतान्"- કહીને સૂચવી દીધું. શરણાગતની સર્વથા રક્ષા ભગવાન્ સ્વતંત્ર રીતે કરે છે. ભગવાન્ અંતર્યામી રૂપે તો દુષ્ટોને દુષ્ટ રીતે પ્રેરે છે, છતાં પણ દુષ્ટોથી ભક્તોની રક્ષા પોતે જ અદ્ભુત રીતે કરે છે! અંબરીષ રાજાની રક્ષા ભગવાને અદ્ભુત રીતે જ કરી હતી. દુર્વાસાને અંતર્યામી રૂપે, શાપ દેવા પ્રેર્યા, છતાં ભક્તરક્ષા માટે બુદ્ધિ જ બદલી નાખી! વાણીથી શાપ દેવાને બદલે જટાને કૃત્યા રૂપે પ્રકટ કરી. બ્રાહ્મણની વાણીનો શાપ હોય તો મિથ્યા ન થાય, કૃત્યાને તો ચક્રથી બાળી નાખી, ભગવાને ભક્તપરવશતા પણ પ્રકટ કરી. પ્રભુમાં પ્રીતિનો પણ આવો પ્રભાવ છે. આ તો ભગવાનના ગુણનો પરંપરાપ્રાપ્ત પ્રભાવ છે. ભગવાનના સાક્ષાત્ ગુણો તો વિચારવા કે કહેવા પણ શક્ય નથી!

ભગવાન્ ગુણમાં નારાયણ - સમાન છે, છ નારાયણ છે!:

तस्मान् नन्दात्मजोऽयं ते नारायणसमो गुणैः ।
श्रिया कीर्त्यानुभावेन गोपायस्व समाहितः ॥ (२०)

"નંદજી ! આ તમારો પુત્ર ગુણોથી, શ્રી-કીર્તિ અને પ્રભાવથી નારાયણ-સમાન છે, પણ લીલા, પ્રભાવ અને સ્વરૂપથી તો અધિક છે. સાવધાન થઈને રક્ષા કરજો !"

(૧) લૌકિક-સૃષ્ટિપક્ષે અક્ષરબ્રહ્મ નારાયણાત્મક છે. નરમાંથી થયેલા જીવો નાર ! તે જેનું સ્થાન-અયન છે,- તે નારાયણ ! જેટલા જીવો સૃષ્ટિમાં પ્રકટ થયા છે, તે બધા ભગવદ્‌ગુણને જણાવનારા છે. ભગવાને ગુણપ્રસિદ્ધિ માટે તેટલાં રૂપ લીધાં છે ! - **"नराज्जाता नारा जीवास्ते अयनानि ज्ञापका यस्य ।"** નારાયણની આ સૃષ્ટિથી વિલક્ષણ કૃષ્ણની લીલાસૃષ્ટિ છે ! તેમાં દશ રસ-સંબંધી, ભગવદ્‌-વિષયક સઘળા ભાવોવાળા જીવો છે ! લીલાસૃષ્ટિના આ જીવો ભગવદ્રૂપ જ છે ! લીલા માટે ભગવાન્ જ અનેક રૂપે પ્રકટ થાય છે. પ્રાકૃતલોકોને લીલારસનો અનુભવ મળતો નથી.

(૨) **"नरसंबन्धयोग्या नारास्तेषामयनं स्थानं यस्य ।" पुंस्त्वमार्षम् ।**- નરના સંબંધને યોગ્ય નાર ! તે જેનું સ્થાન છે તે નારાયણ ! પુરુષરૂપ, સંબંધયોગ્ય, જીવોના સ્વભાવદોષ દૂર કરનારા ગુણો પ્રભાવસહિત તેમાં દેખાય છે. ભગવાન્ કૃષ્ણ પોતાના સંબંધને યોગ્ય બનાવવા ભક્તોને પુંભાવનું દાન કરે છે, સ્વસમાન બનાવે છે !

(૩) **"नराणांसमूहा नारास्तानयते प्रेरयतीति ।"**- નરોનો સમૂહ નાર ! તેને પ્રેરનાર તે નારાયણ ! અંતર્યામીરૂપ. અંતર્યામી જીવને વશ હોય તેમ, જીવને સર્વકાર્ય પ્રેરે છે. ભક્તિ દેનાર ! અસાધારણ - ગુણ છે. ભગવાન્ કૃષ્ણ પણ ભક્તપરાધીન છે, ભક્તનાં સઘળાં કાર્ય કરે છે. ભગવાન્ વ્રજભક્તોને વશ થઈ ગયા છે !

"विष्णोस्तु त्रीणिरूपाणि पुरुषाख्यान्यथो विदुः । प्रथमं महतः स्रष्टुर्द्वितीयं त्वण्डसंस्थितम् ॥ तृतीयं सर्वभूतस्थं तानि ज्ञात्वा विमुच्यते ॥"- નારાયણનાં ત્રણ રૂપ ! મહત્તત્ત્વસર્જક - અક્ષરરૂપ - આદિનારાયણ ! અંડમાં વિરાજતા - પુરુષ. પ્રાણીમાત્રમાં વિરાજતા - અન્તર્યામી ! **"नारायण समो गुणैः ।"**- થી આ ત્રણ સ્વરૂપ ઓળખાવ્યાં. **"श्रियाकीर्त्यानुभावेन"**- બીજાં ત્રણ ઓળખાવે છે.

(૪) **"श्रिया"**- વ્યાપિવૈકુણ્ઠમાં ભગવાન્ નારાયણ લક્ષ્મીજી-સહિત વિહારો કરતા વિરાજે છે. લક્ષ્મી અક્ષરબ્રહ્મ રૂપા છે. **"मम योनिर्महद्ब्रह्म"**- થી ભગવાનના સંબંધથી તે નિમિત્ત રૂપે જગજ્જનની છે, બ્રહ્માનન્દરૂપા છે, સર્વશોભા રૂપ છે. તેમને પણ પ્રકટ કરનાર, આનંદદાતા અને શોભાપ્રદ નારાયણ છે. ભગવાન્ કૃષ્ણ પણ સર્વશોભા રૂપ, રસાત્મક, વ્રજલક્ષ્મીઓને પ્રકટ કરીને સ્વરૂપાનંદનું દાન કરતાં અનેકવિધ વિહારો કરતા વિરાજે છે.

(૫) **"कीर्त्या"**- કીર્તિ - લોક અને વેદમાં પ્રસિદ્ધ છે. સૂર્યમંડલમાં ભગવાન્ નારાયણ વિરાજે છે. સઘળા વેદ તેમાં વિરાજે છે. લોકમાં પણ પ્રકાશ દે છે, અંધકાર, અજ્ઞાન દૂર કરે છે, દુઃખ દૂર કરી સુખ દે છે. ભગવાન્ કૃષ્ણ પ્રકટ થયા ત્યારથી જ, સૌનાં સર્વદુઃખો દૂર કરી સુખ દે છે, અજ્ઞાન દૂર કરી જ્ઞાન દે છે. **"रहसिसंविदः ।"**- રસજ્ઞાન પણ દે છે, ભાગવત વગેરેમાં પ્રકાશે છે.

(૬) **"अनुभावेन"**- ભૂમિ પર બ્રાહ્મણોમાં યજ્ઞનારાયણ રૂપે પ્રભાવ પ્રસિદ્ધ છે. આધિદૈવિક-યજ્ઞ સૌનાં સઘળાં કાર્ય સિદ્ધ કરે છે. દૂરથી પણ પોતાનો મહિમા પ્રકટ જણાવે છે. **"यज्ञ वै विष्णुः ।"**- યજ્ઞ નારાયણ છે. ભગવાન્ કૃષ્ણ પણ સૌનાં કાર્ય સિદ્ધ કરે છે. વ્રજભક્તોની કામનાઓ પૂર્ણ કરે છે. સ્વરૂપ પ્રકટ ન હોય ત્યારે, કથાઓથી પણ પોતાનો મહિમા પ્રકટ જણાવે છે.

પ્રભુના માહાત્મ્ય - જ્ઞાનના અંતે તો પ્રીતિ કરવા જ ગર્ગજી કહે છે ! :

શ્લોકમાંના "च"કારથી પ્રથમ સ્કન્ધમાં પૃથ્વીએ ગણાવેલા સત્ય, શૌચ વગેરે ગુણો પણ ભગવાનમાં છે. આમ, છ નારાયણના ગુણો સાથે ભગવાન્ કૃષ્ણના ગુણોથી સમાનતા બતાવી. ઐશ્વર્ય, વીર્ય, વૈરાગ્ય, શ્રી, યશ: અને જ્ઞાન ક્રમશ: ગણાવ્યા. છેલ્લે ગર્ગે આજ્ઞા કરી, "गोपायस्व समाहितः ।" - "સાવધાન થઈને રક્ષા કરજો !" ગર્ગાચાર્યજી ભગવાનનું માહાત્મ્ય-જ્ઞાન કરાવીને પણ અંતે તો પ્રીતિ કરવા જ કહી રહ્યા છે, નહિ તો આટલો બધો મહિમા કહેવા છતાં તેની રક્ષા કરવાનું કહે ખરા ? ભગવાન્ જ સૌના રક્ષક છે. મુનિનો ઉપદેશ સ્પષ્ટ છે. ભગવાનનું માહાત્મ્ય જાણીને સેવામાં સાવધ રહેવું, રાજા જેવો ભય રાખવો, પરંતુ પોતાના અત્યંત પ્રિય રૂપે બાલક જાણીને સ્નેહ કરવો ! ભગવાનની સેવામાં નાના બાલકને અનુકૂલ થાય તેમ સઘળો સ્નેહોપચાર કરવો. "આ તો ભગવાન છે, સર્વસમર્થ છે. તેમને ઠંડી, તાપ, થાક, ભૂખ કે ભય ન લાગે !" - તેવો વિચાર ન કરવો.

પ્રાચીનકાલનો પાવન પ્રસંગ. એક વૃદ્ધ માજી. ઘરનાં ગરીબ, પણ મનનાં અમીર ! ઘરમાં ભગવાનની સેવા કરે. બાલકૃષ્ણજી વિરાજે. માજીનો પ્રેમ તો અનહદ ઉભરાય. પોતાનો દીકરો ગણીને માજી ભગવાનને લાડ લડાવે. પ્રેમપરવશ પ્રભુ ! સાક્ષાત્ બાલક રૂપે ઘરમાં ઘૂમે, રમે, જમે. રાત્રે પણ હઠ કરીને માની સોડમાં સૂએ ! એક રાત્રે સુખે સૂતાં હતાં. ત્યાં તો એક બિલાડી ઘરમાં ઘૂસી. પાછળ બીજી પણ આવી. બંને લડવા માંડી. મ્યાંઉ મ્યાંઉં કરે, કૂદે, પંઝા મારે, નાસે, વસ્તુઓ પાડે, ફોડે. લાલ નિદ્રામાંથી જાગ્યા. બીક લાગી ! માની સોડમાં છુપાયા. "મા ! બિલાડી આવી. મારશે ! તેને કાઢ. મને બીક બહુ લાગે છે !" વત્સલ વૃદ્ધ મા મથી. બિલાડીને કાઢવા બૂમો પાડી. બિલાડી ન ગઈ ! બાલકની બીક વધી ! અવાજમાં તેની ચીસો ઉમેરાઈ. મા ઊઠવા ગઈ. લાલ ગળે વળગી પડ્યા અશક્ત માથી ઉઠાય નહિ. લાલા રડતાં બિલાડીને કાઢવા બૂમો પાડે ! ડોશીને ઉપાય ન દેખાયો અકળામણ થઈ. બોલી જવાયું, - "છ ગાઉ લાંબી પૂતનાને મારી, તેની છાતી પર રમ્યા, ત્યારે બીક નહોતી લાગી ? બિલાડીની બીક લાગે છે !" બસ, વાત્સલ્ય ગયું. માહાત્મ્યજ્ઞાન આવ્યું. બાલક મટ્યા ભગવાન્ થયા. ઝાંપીજીમાં વિરાજી ગયા. સ્નેહથી સાનુભવ દેતા હતા. મહિમાથી મૌન થયા. ભગવાનનુ માહાત્મ્ય સમજીને થતો સ્નેહ કૃતાર્થ કરે છે.

ગર્ગાચાર્યજીએ નન્દરાયજીને આદેશ દીધો. આતિથ્યથી પ્રસન્ન ગર્ગજી મથુરામાં આવ્યા માર્ગમાં કોઈએ શંકાથી કાંઈ પૂછ્યું પણ નહિ. આ સંસ્કારની વાત કોઈએ જાણી પણ નહિ. નન્દરાયજી પોતાની સઘળી કામનાઓ પૂર્ણ થઈ લાગી. મનમાં આનન્દમગ્ન થઈ ગયા.

નામચરિત પછી રૂપચરિત : બલદેવજીમાં નામકરણથી કૃષ્ણનો આવેશ છે, તેથી બલદેવજી પ ભગવદ્રૂપ છે :

"कालेन व्रजता.....।" - સમય જતાં ભગવાને સ્વતંત્ર લીલાવિહારો આરંભ્યા ! લીલાનો કા સૂર્યગતિને આધીન નથી. ભગવાનની ઈચ્છાને અનુકૂલ છે ! સઘળી લીલા નિત્ય છે. ભગવાન્ ઈચ્ ત્યારે સાનુકૂલ સમય અને તે લીલા પ્રકટ કરે છે ! ભગવાન્ લીલાઓને આવશ્યક રીતે પ્રકટ કરે છે પ્રભુએ પ્રાકૃત બાલક રૂપ સ્વીકાર્યું છે, તેથી સામાન્ય-બાલક જેમ જેમ મોટું થતાં જેવી સ્વાભાવિ ચેષ્ટાઓ કરે છે, તેવી લીલા ભગવાન્ પ્રકટ કરે છે, બાકીની લીલા તિરોહિત રાખે છે. બાલક ઘૂંટણી

ચાલે તેને સંસ્કૃતમાં - "रिङ्गण" કહેવાય. "रिङ्गि गतौ"- ધાતુપાઠ છે. ભગવાનની રિંગણલીલા જે સમયે છે, તે આધિદૈવિકકાલ પ્રકટ થયો.

નામચરિત કહ્યા પછી, રૂપચરિત કહેવાનો પ્રારંભ કર્યો. દશ શ્લોકમાં મુખ્ય રીતે દશ પ્રકારે ભગવદ્રૂપ વર્ણન છે. તેના અવાન્તરભેદ તો અનન્ત છે. આ દશ પ્રકારના રૂપમાં અનેક પ્રકારની ભાવનાથી અનેક સ્વરૂપો ગણાય. (૧) વિરાજેલું સ્વરૂપ - ત્રણ પ્રકારનું. તેમાં ભૂમિ-સંબંધવાળું સ્વરૂપ બે પ્રકારનું. "कालेन व्रजता ।"- માં ગતિયુક્ત અને "तावङ्घ्रियुग्म ।"- માં વિશેષ- ગતિયુક્ત. ત્રીજું સ્વરૂપ યશોદાજીની ગોદમાં વિરાજતું. "तन्मातरौ"- માં કહેલુ (૨) ઊભું થયેલું સ્વરૂપ - ત્રિવિધલીલાથી ત્રણ પ્રકારનું. એક "यर्ह्यङ्गना"- આ કહેલું. વાછરડાના પુચ્છના આધારે ચાલતું. બીજું સ્વતઃ લીલા કરતું સ્વરૂપ - "श्रृङ्ग्यग्नि"માં કહેલું. ત્રીજું "कालेनाल्पेन"- માં કહેલું. વ્રજમાં સ્વલ્પ પદવિહાર કરતું. (૩) ભક્તોના ઘરમાં પધારતું સ્વરૂપ - ત્રિવિધલીલાથી ત્રણ પ્રકારનું. એક "ततस्तु..."- માં કહેલું બાલકો સાથે મુગ્ધલીલા કરતું સ્વરૂપ, "धाष्टर्य"- અને "धौर्त्य"- સમન્વિત બે લીલાવાળાં બે સ્વરૂપ. "वत्सान् मुञ्चन्...." "हस्ताग्राह्ये"- માં કહેલાં. આમ કુલ નવધા સ્વરૂપવર્ણન છે. સાત્ત્વિક, રાજસ, તામસ ત્રિવિધલીલાઓના ભેદથી નવધાલીલા કહી અને છેલ્લે "एवं धाष्टर्यान्युशति.."- માં "सभयनयन-श्रीमुख"- શ્રીગોપીજનોએ જોયેલું, નિર્ગુણાવસ્થામાં સમજાતું સ્વરૂપ. કુલ દશ પ્રકારે રૂપવર્ણન થયું !

સાત્ત્વિક, રાજસ અને તામસભાવવાળા ભક્તોને સ્વભાવાનુકૂલ સ્વરૂપ હૃદયગામી બને છે. શાંત, ઉદ્દીપ્ત અને દૃઢ રસભાવો સાત્ત્વિક, રાજસ, તામસ રૂપે ઓળખાય છે. ક્રમશઃ ભાવવૃદ્ધિ થતાં, અંતે નિર્ગુણાવસ્થામાં સમજાતા માત્ર સ્વરૂપમાં નિષ્ઠા થાય છે. મા યશોદાજી માટેની આ લીલાઓનો લાભ સૌને મળે છે. ઘરમાં લાગતું ભક્તોનું ચિત્ત આ લીલાસ્વરૂપથી પોતાનામાં ભગવાન્ સ્થિર કરે છે.

ભગવાને ગોકુલમાં ઘૂંટણીએ ચાલવાની લીલા પ્રકટ કરી. બલરામજી સાથે છે. "रामकेशवौ" માં "मत्वर्थीय" "व"- પ્રત્યય છે. કેશવાળા બે રામ છે ! ભગવાનના વાંકડિયાવાળની અદ્ભુત શોભા છે. ઘૂંટણીએ ચાલતાં મુખકમલની આસપાસ કેશ સર્વોત્તમ શોભા રૂપ બને છે. "रमन्ते योगिनोऽनन्ते नित्यानन्दे चिदात्मनि । इति रामपदेनासौ परं ब्रह्माभिधीयते ॥"- શ્રુતિ છે. તેમાં દશરથપુત્ર રૂપ રામને કહ્યા છે. પરબ્રહ્મ માટે "રામ" નામ વપરાયું છે. કૃષ્ણ તો બ્રહ્મા અને શંકરને સુખ દેનારા- કેશવ-પરબ્રહ્મ છે જ ! બલદેવજીમાં નામકરણથી પુરુષોત્તમ-પરબ્રહ્મ-કૃષ્ણનો આવેશ છે ! બલરામજી મોટા છે. તે તો પહેલાં ઘૂંટણે ચાલે, છતાં ભગવાનની લીલાથી સમાનગતિ છે. ભગવાનની નિકટમાં નામ દ્વારા સંબંધ પછી, બલદેવજી પણ ભગવદ્રૂપ છે, તેથી પુરુષોત્તમધર્મો પણ બલરામમાં કહેલા છે. વ્રજમાં રામકૃષ્ણ રિંગણલીલા કરતાં વિહાર કરી રહ્યા છે.

પુરુષોત્તમની રિંગણ - લીલા !

વ્રજભૂમિ પર ભગવાન્ ઘૂંટણે ચાલે છે. આમ ચાલતાં ભૂમિ સાથે ઘૂંટણ ઘસાય છે. જ્ઞાનિભક્તોને તો તેમાં પણ ભગવાનનો મહિમા સમજાય છે. સામાન્ય-બાલક તો ઊભું થવા અસમર્થ હોય, તેથી ઘૂંટણ ઘસે. સર્વસમર્થ ભગવાન્ માત્ર દેખાવ માટે આમ ન ચાલે ! આધ્યાત્મિક-વિચારે

તો ભગવાન્ સર્વનું મૂલરૂપ છે. "**द्वे जानुनी सुतलं...।**"- વિરાટ-ભગવાનના ઢીંચણ સુતલ નામે પાતાલરૂપ છે. તે પુરુષરૂપ પુરુષોત્તમના અંશરૂપ છે, તેથી આ તેનું આધિદૈવિકરૂપ છે, પુરુષોત્તમના ઢીંચણ સુતલરૂપ નથી. ઘૂંટણ ઘસાતાં આનંદમય ભગવાનને પીડા ન થાય, ઢીંચણરૂપ સુતલમાં વસતા દૈત્યોને પીડા થાય ! ભગવાન્ ઘૂંટણે ચાલતાં દૈત્યોનું મર્દન કરે છે. દૈત્યોને મારવા તે જો કે સંકર્ષણવ્યૂહનું કાર્ય છે, પણ પુરુષોત્તમમાં સઘળા વ્યૂહો વિરાજે છે; તેથી તે લીલા પણ પુરુષોત્તમની ગણાય. સુતલ-પાતાલમાં વામન ભગવાને બલિને વસાવ્યો છે. બલિ ભક્ત છે, આત્મનિવેદન - કરનાર ભગવદ્દાસ છે. ભગવાનને બલિ અટકાવતો નથી. પ્રભુ પોતાની ઈચ્છાથી જે કરે, તેમાં પોતાને પીડા થવા છતાં દાસથી દોષદષ્ટિ ન થાય, સ્વામીને અટકાવાય નહિ. ઠપકો દેવાય નહિ, વિનંતી પણ થાય નહિ !

પુરાણો પ્રસંગ છે. શ્રી ગોવર્ધનનાથજી ગોવર્ધન-પર્વતં પર વિરાજે. અનેક લોકો દર્શને આવે. એક રાજા પણ આવ્યા. રાણી સાથે હતાં. રાણીને પડદાનો રિવાજ. શ્રીવલ્લભાચાર્યજી ભગવાનની સેવા કરે. ખાસ દર્શનની વિનંતી કરી. ઉદાર આચાર્યજીએ સંમતિ આપી. ભગવાનને શૃંગાર થયા. મુખ્ય દરવાજા બંધ હતા. લોકો બહાર દર્શન માટે આતુર ઊભા હતા. ભીડ ખૂબ હતી. રાણી એકલા અંદર આવ્યાં. દર્શન કરવા લાગ્યાં. શ્રીનાથજી તો વ્રજરાજકુમાર ! રાણીના પદનું અભિમાન ઉતારવા અદ્‌ભુતલીલા કરી. ભગવાનની સન્મુખ તો દાસભાવે જવાય, અધિકારના અભિમાનથી નહિ. રાણી દર્શનમગ્ન હતાં. પ્રભુએ હાથ લંબાવ્યો. મોટા દરવાજાની સાંકળ ખોલી નાખી ! બહાર ઊભેલા આતુર લોકો દર્શન થયાં સમજ્યા, દોડ્યા. રાણીજી ભીડમાં ભીંસાયાં. પડ્યાં. વ્યથા થઈ. વસ્ત્ર ફાટ્યાં. પદનું અભિમાન પ્રભુના પાદપદ્મ સામે કેટલું ટકે ? તે વખતે કીર્તન ચાલે. અષ્ટસખામાંના પરમાનંદદાસજી કીર્તન કરે. તેમને બાલલીલામાં આસક્તિ, દાસભાવનો અધિકાર. આ ભક્તો ભગવાનની અલૌકિક-લીલા પણ આંખે દેખીને ગાનારા ! આ વિચિત્રલીલા જોઈ. રાણીની દશા જોઈ, દયા આવી. પ્રભુને સંભળાવ્યું. "**कौन यह खेलवेकी बान ।**"- "આ રમવાની રીત કેવી ?" તત્ક્ષણ આચાર્યજીએ અટકાવ્યા.- "પરમાનંદદાસ ! દાસ છો. દાસથી દોષ ન જોવાય. ઉપાલંભ ન અપાય. સ્વામી કરે તે સારું જ એમ સમજવું ! સખ્ય પ્રભુ આપે તો કદાચ સમાનભાવે કાંઈ કહેવાય. સમાનભાવ સ્વતઃ લઈ ન લેવાય ! "**भली यह खेलवेकी बान ।**"- કહો !" જાગ્રત ગુરુ જ સેવકને સન્મતિ આપે.

ભગવાન્ બાલકૃષ્ણજી સંપૂર્ણ શરીરથી પેટભર પણ ગતિ કરે છે, ક્યારેક હસે છે, ક્યારેક અટકે છે, ક્યારેક બેસે છે, ક્યારેક જમીન પર સૂઈ જાય છે, ક્યારેક મધુર કિલકારી કરે છે. આવાં અનેક ચરિત કરતાં પ્રાથમિકગતિ પ્રભુ કરે છે. આધિદૈવિક-વિચારે તો ભગવાન્ સ્વાભાવિક રીતે જ ઘૂંટણીએ ચાલતાં બાલ રૂપે વિહાર કરે છે. આનંદમય ભગવાનની લીલા જ મુખ્ય છે. ક્રમે ક્રમે બાલકૃષ્ણજીની ગતિ વધતી જાય છે. લલિતગતિ-વિલાસ ભગવાન્ કરે છે. મંદ-અલસ-ગતિ, લલિત-ગતિ ભગવાને પ્રકટ કરી ! ગૌરવસુંદર અને શ્યામસુંદર સાથમાં ચરણ ચલાવતાં પધારે છે. સ્વરૂપ બે પણ ભગવાન્ એક !

હરખાતા હૈયે હરિ વ્રજરજઃમાં વિહરે છે ! :

માએ લાડકવાયા લાલને સુંદર ઝભુલી-અંગવસ્ત્ર ધરાવ્યું છે. ચરણમાં ઘૂઘરીવાળાં સોનાનાં

સુંદર નૂપુર ધર્યાં છે. દશ અદ્ભુત નખચંદ્ર પ્રકાશે છે. કટિમાં ઝીણી ઝીણી ઘંટડીઓવાળી સોનાની કટિમેખલા ધરી છે. કરમાં સુંદર કંકણ શોભે છે. અંગુલિકાઓમાં રત્નમુદ્રિકાઓ છે. દશ નખચંદ્ર ચળકે છે. બાહુમાં બાજુબંધ વિરાજે છે. આભરણનાં બંધનનાં રેશમી ફૂમતાં ઝૂલી રહ્યાં છે. કણ્ઠમાં અદ્ભુત મંગલ માલાઓ ધરાવી છે. સોને મઢ્યો વ્યાઘ્રનખ શોભે છે. કર્ણમાં નાનકડાં કર્ણફૂલ છે. ભાલમાં કસ્તૂરીનું સહજ ઊર્ધ્વપુંડ્ર તિલક વિરાજે છે. કમલ શાં કોમલ નેત્રમાં કાજલ આંજ્યું છે ! ગંડસ્થલે દૃષ્ટિદોષ દૂર કરવા શ્યામ કાજલબિંદુ કર્યું છે. હીરાનું ચિબુક ધર્યું છે. વાંકડીઆ કોમલ કેશ મુખની આસપાસ છવાયા છે. અલકાવલિ ભાલ પર વિરાજે છે. કેશને માએ મંગલ વસ્ત્રખંડથી બાંધ્યા છે. મયૂરપિચ્છ તેમાં ધર્યું છે. સુંદર ચોટી ગૂંથી છે. મોતી પરોવ્યાં છે. તિલકના મધ્યભાગથી કર્ણ પર્યંત મોતીની સેર વિરાજે છે. નાનકડા દૂધીઆ બે દાંત બહાર દેખાઈ રહ્યા છે. મરકતમણિ જેવું શ્યામસુંદર સ્વરૂપ છે. કૃષ્ણમાં કોટિકંદર્પલાવણ્ય વિરાજે છે. મધુર, મુગ્ધભાવ બાલકૃષ્ણજી પ્રકટ કરે છે ! પ્રફુલ્લ મુખકમલ છે. ભગવાને પગના પંજા ઊંધા વાળ્યા છે. કમલદલ શાં કોમલ રાતાં ચરણતલ વિરાજે છે ! પગના પંજાથી ઢીંચણ સુધીનાં ચરણ ભૂમિ પર છે. ધીમે ધીમે તેને આગળ ખેંચતા પ્રભુ ગતિ કરે છે. ભક્તોની મતિ હરે છે, રતિ કરાવે છે ! મંદ, મંજુલ, મધુર, મંગલ ગતિથી શ્યામ પધારે છે. આભરણોમાંની ઘૂઘરીઓનો મંજુલ નાદ થઈ રહ્યો છે. મુગ્ધ પ્રભુએ સાંભળ્યો, પ્રમોદ થયો, સાંભળવા લાગ્યા. જાણે નાદ વક્તા ! ભગવાન્ શ્રોતા ! આવો શ્રોતા ક્યાં મળે ? “અવાજ ક્યાંથી આવે છે ?”- કુતૂહલ નજરે નિહાળ્યું, ચાલતાં અટક્યા, અવાજ અટક્યો ! શ્રવણલોભ લાગ્યો. વક્તા નિકટમાં જ જણ્યા. આડી અવળી ગતિએ ભગવાને શીઘ્ર ચરણ ચલાવ્યાં. હાથ અને પગની ગતિ વધી. વેગ વધ્યો. આભૂષણ હરખાયાં ! હાલ્યાં ! ઘૂઘરી ગાજી ! જાણે મંગલ મંજુલ ગાન શરૂ થયું ! ધ્યાનથી નન્દલાલ સાંભળી રહ્યા ! ગતિને અનુકૂલ ગાન થતું. “**घोष-प्रघोषरुचिरं**”- મંદગતિથી ઘોષ અને શીઘ્રગતિથી પ્રઘોષ ! પણ અઘોષ નહિ ! રણત્કાર રમ્ય લાગે. મુગ્ધ બની, હરખાતા હૈયે હરિ વ્રજરજમાં વિહરે છે !

ઘરમાં કોઈ આવીને જાય, તેની પાછળ પાછળ ઘૂંટણીઆ કરતાં શ્યામસુંદર પધારે. આભૂષણનું મંગલ ગાન શરૂ થાય. ઉત્કંઠાપૂર્વક રામ-શ્યામ પધારે. જનાર સામે જુએ. બાલક ઊંચા થઈને તેનું મુખ જુએ. અજાણ્યું લાગે. મા વગર, જાણે ગભરાયા હોય તેમ, પાછળ ફરીને માની પાસે જલદી ઘૂંટણીઆં કરતા પધારે ! મુગ્ધભાવ અને ભયભાવે પણ મુખશોભા મનોહર બને ! માની ગોદમાં લપાઈ જાય ! જનાર સામે જોઈને પુનઃ હસે, વળી લલિતગતિવિલાસ આરંભાય. અનેક પ્રકારની આવી અદ્ભુતલીલા ભગવાન્ કરે છે.

પગે લાગે તો પગ ધોવા પડે, તેવો કાદવ પણ કૃષ્ણના અંગસંગથી અંગરાગ બની જાય છે ! :

કોમલચરણને ચલાવતાં, પ્રભુ વ્રજમાં આંગણામાં વિહાર કરતા પધારે છે. વ્રજધૂલિ-ધૂસરાંગ પ્રભુ અદ્ભુત શોભે છે. - “**पङ्काङ्गरागरुचिरौ**”- વ્રજમાં સ્પષ્ટ દેખાતો કાદવ હતો. મંદ, મનોહર-ગતિએ ચાલતા-રમતા - બાલકૃષ્ણજી બલરામજી સાથે પધાર્યા. કાદવ આજે કૃતાર્થ થયો ! ગૌર અને શ્યામ- સુંદરના શ્રીઅંગનો સંગ મળ્યો. પૃથ્વીનો ગુણ તો ગંધ છે જ. પૃથ્વીમાંથી થતા સઘળા પદાર્થોમાં ગંધ હોય છે. ક્યારેક તે કોઈક કારણે અનુભવાતો નથી. પૃથ્વીમાં અલૌકિક તેજઃ મળતાં દિવ્ય સુગંધ પ્રકટે છે. કસ્તૂરી, કેસર, ચંદન, સુગંધી-પુષ્પોમાં તે અનુભવાય છે. વાસ્તવમાં તે ગંધ અને તેજઃથી

માટીનાં જ રૂપાંતર છે! અંગરાગ રૂપ તે બને છે. અહીં તો, સાક્ષાત્ ભગવાનનો સ્પર્શ ભૂમિને મળ્યો! ભગવત્સંબંધથી દોષ દૂર થાય, ગુણો પ્રકટ થાય, અધમ પણ ઉત્તમ બને, તે તદ્દન સ્વાભાવિક છે. કાદવના દોષ ગયા. ગુણો પ્રકટ થયા. અંગસંગથી કાદવ અંગરાગ બની ગયો! રામ-શ્યામના અંગની અદ્ભુત શોભા થઈ. - "अतिसुंदर सोहत धूरी भरे, छवि भूरि अनंगकी दूरी करे ।"- લોકોને કાદવ લાગે તો ગંદવાડ લાગે. ભગવાનને કાદવ લાગ્યો - સુંગધવાળો બની ગયો, રુચિપ્રદ થયો ! શ્રીશુક જેવા વિરક્ત પણ અનુરક્ત થઈને "रुचिरौ"- કહી દે છે.

લાલ તો લીલામાં મગ્ન છે. માને તો લાડકવાયા લાલ વિના રહેવાતું નથી! વત્સલ માને ભગવાન્ વિના સઘળે ઘૃણા છે, કાંઈ ગમતું નથી. "બાલક છે ! ક્યારનો રમે છે ! કેટલી દોડાદોડ કરે છે! આવે છે, - જાય છે! થાકી ગયો હશે! ભૂખ્યો થયો હશે !" - પુત્રની યાદ માત્રે વત્સલ માનું વાત્સલ્ય ઉભરાયું, હૈયામાં ન સમાયું, દૂધ રૂપે દેખાયું! ઘૃણા-દયા-અતિશય સ્નેહ રૂપે ઉભરાય છે. પુત્રને પોકારતાં પ્રેમલ મા પધાર્યાં. રોહિણીજી પણ સાથે છે. તેમની પણ વાત્સલ્યથી આ જ અવસ્થા છે. પુત્રને પ્રેમથી પોકારી રહ્યાં. ત્યાં તો સામેથી મધુર નૃત્ય કરતા યશોદાનન્દન અને રોહિણીસુત પધાર્યા. માને જોઈ. રાજી થઈ ગયા. મુગ્ધભાવે નાચી ઊઠ્યા. માનો છેડો પકડીને પણ નાચે છે, કે રામશ્યામ પરસ્પર પકડીને પણ નાચે છે. મા તેમાં મુગ્ધ થઈને રાચે છે ! કોઈ વાર માના કહેવાથી, કોઈ વાર કોઈકના કહેવાથી, પણ બાલ-નટરાજ નાચે છે. આમ, પાંચ પ્રકારે પ્રભુ નાચે છે. અનંત લીલાભાવો છે. મુગ્ધ-ભાવે મા પ્રેમથી ધન્યવાદ દે છે, - "વાહ ! શાબાશ ! શ્યામ ! સરસ નાચ્યા ! સુંદર ! મારા દીકરા ! રામ તમે પણ નાચતાં રૂપાળા લાગો છો ! બેટા !" કોઈ વાર રમતમાંથી ન આવવું હોય, મા લેવા આવે, તો બાલક રોષથી હાથપગ ઉછાળતાં નાચ કરી દે છે! ઉભરાતા અંતરે યશોદામાએ બાલકૃષ્ણને તેડ્યા. રોહિણી-માએ રામને લીધા. વહાલથી હૃદયે લગાવ્યા. માને દીકરા કાદવવાળા ન દેખાયા. વત્સલ માને દીકરામાં દોષ દેખાય જ ક્યાંથી ? તેમાંય આ તો સંપૂર્ણ નિર્દોષ! કાદવથી કપડાં બગડવાનો વિચાર ન આવ્યો! ભાવથી મા ભેટી પડ્યાં. બાલ ભગવાન્ માને વળગી પડ્યા!

આનંદમય ભગવાન્ સ્નેહ બતાવે, સ્વજન બનાવે, તેજ પ્રમોદરૂપ છે, નિરાનંદ જગતમાં તો આનંદ શો છે ?!:

પ્રેમથી મા પયઃપાન કરાવવા લાગ્યાં. - "प्रपिबतोः स्म मुखं निरीक्ष्य..।" સમાધિમાં પણ શોધ્યા ન જડેલા બાલકૃષ્ણનું ગાન કરતાં શ્રીશુકે આ સર્વલોકપ્રસિદ્ધ લીલા કહી, - "स्म ।"- પાન કરનારે બે - "प्रपिबतो", છતાં મુખ એક - "मुखं" ! બલરામમાં કૃષ્ણનો આવેશ છે. બંને રૂપે એકની જ લીલા છે! પાન કરતા પનોતા પુત્રનું મુખ મા પ્રેમથી નિહાળી રહ્યાં છે. અનેક રીતે મુખ-દર્શન કરતાં ધરાતાં નથી. પુત્રને પરાણે પણ પ્રેમથી પયઃપાન કરાવે છે. ભગવાનનું મુખ તો પુષ્ટિભક્તિ રૂપ છે. મુખ પર મધુર સ્મિત વિરાજે છે. નાનકડા દૂધના કણવાળા દૂધીઆ દાંત દેખાઈ રહ્યા છે. માયા રૂપ સ્મિત મોહ કરાવે છે. દાંત સ્નેહકલા રૂપ છે. માયા અને સ્નેહથી મા લૌકિક અને અલૌકિકભાવ મિશ્ર રૂપે અનુભવે છે. "ययतुः प्रमोदम् ।"- માને પ્રમોદ થયો. મુખમાં વિશ્વદર્શન આશ્ચર્યપ્રદ છે, મહિમા બતાવે છે, દાંત સ્નેહરૂપ છે, પ્રમોદ દે છે. ભક્તો તો ભગવાનનો મહિમા

જોવા કરતાં, પ્રભુ પ્રેમ બતાવે તે જોવા ઝંખે છે ! ભગવાન્ વિશ્વની સઘળી સમૃદ્ધિ આપે તો પણ ભક્તને તેમાં આનંદ ન થાય ! નિરાનન્દ જગતમાં આનન્દ શો ? આનન્દમય ભગવાન્ સ્નેહ બતાવે, સ્વજન બનાવે, તે જ પ્રમોદ રૂપ છે ! વિશ્વના સંબંધથી તો વિભુના વિસ્મરણનો ડર લાગે છે. પ્રભુના પ્રેમમાં વિશ્વનું વિસ્મરણ તો જીવનફલ છે ! માને તો આવા અનેકવિધ પ્રમોદ પ્રભુ પ્રદાન કરે છે. અનંત લીલાઓ છે. પ્રભુ જેમને પોતાનાં બનાવે તેમને તો નિત્ય પ્રમોદ જ હોય. માનો નિરોધ ભગવાનમાં થયો, પણ અન્ય સ્ત્રીઓના સંગથી પુનઃ ચિત્ત બીજે જાય તો ? ભગવાનનો સાક્ષાત્કાર થયો હોય, તો પણ દુઃસંગથી ડરીને દૂર રહેવું જોઈએ !

પ્રભુપ્રીતિમાં તો ગૃહત્યાગ હસતાં હસતાં થઈ જાય છે, પ્રભુ પણ પકડાઈ જાય છે !

ભક્તહિતચિંતક ભગવાને સૌ વ્રજસ્ત્રીઓનો પોતાની લીલાથી નિરોધ કર્યો. વ્રજમાં ભગવાને **"यद्दर्यङ्गनादर्शनीय कुमारलीला ।"**- પ્રકટ કરી. બે થી પાંચ વર્ષ કુમારાવસ્થામાં ગણાય છે. **"कुमारोऽत्र द्विवार्षिकः ।"** આ લીલા વખતે કુમાર કૃષ્ણ બે વર્ષના છે ! **"कुत्सितो मारो यस्मात् ।"**- કરોડો કામદેવ કરતાં પણ કૃષ્ણ અધિક સુંદર છે ! સુકુમાર કુમારની, અંગનાઓને દર્શનીય આ લીલા છે. **"अङ्गं नयति, अङ्गे वा नयतीति अङ्गना ।"**- અંગાદિ-સર્વસ્વનો પ્રભુને વિનિયોગ કરાવે, સર્વાંગ- સેવાથી સાનુકૂલ થઈ પ્રભુને સુખ આપે તે,- અંગના ! **"निजाङ्गमपि या गोप्यो ममेतिपर्युपासते । ताभ्यः परं न मे पार्थ निगूढप्रेमभाजनम् ॥"**- શ્રીગોપીજનો તો પોતાના શરીરને પણ પ્રભુનું ગણીને, સેવામાં ઉપયોગી હોવાથી સંભાળે છે, - શણગારે છે ! પ્રેમની આ પરાકાષ્ઠા છે. **"गोपी प्रेमकी ध्वजा"** છે. આ ગોપતરુણી ત્રણ પ્રકારનાં છે, —

(૧) કૌતુકાવિષ્ટા - ભગવાનને વાછરડાંનાં પુચ્છ પકડીને ચાલતા જોવા, કૌતુક સમજીને આવ્યાં છે, જ્ઞાનપરાયણ છે.

(૨) રસાવિષ્ટા - પ્રિય પ્રભુનાં દર્શન, કટાક્ષ, સ્પર્શ વગેરેથી રસાવેશ થવાથી, અન્યત્ર રાગ વગરનાં છે, ઘર છોડીને આવ્યાં છે.

(૩) કામાવિષ્ટ - પ્રિય પ્રભુ એકાકી પધારે છે. તે જોઈને સંતોષથી હસે છે. તૃણાવર્તવધ સુધી આ ભાવ પ્રકટ નથી થયો, પછી નિરંતર દર્શનલાલસા થઈ છે. સૌ વ્રજસ્ત્રીઓને નિર્ભયપણે દર્શનલાભ મળે તેમ, વ્રજમધ્યે ભગવાન્ ખેલે છે. અબલાઓ અન્યત્ર જવા અશક્ત છે. ભગવાન્ દર્શન દેવા પાસે પધારે છે. **"वत्सैरितस्तत उभावनुकृष्यमाणौ ।"**- વાછરડાંની પાછળ ભગવાન્ કૃષ્ણ અને બલદેવજી ખેંચાય છે ! આ તો વાછરડાં - બળદ - મૂઢ છે ! સર્વાધિપતિ ભગવાન્ તો લીલાથી જ કર્મકાંડમાં કર્માઙ્ગ દેવતા રૂપે પણ વિરાજે છે ! સામાન્ય ફલ મેળવવા ઈચ્છતા લોકો, પ્રાકૃત કે વૈકૃતકર્મમાં તેનો ઉપયોગ કરે છે. નિત્યકર્મ પ્રાકૃત કહેવાય અને કામ્યકર્મ વૈકૃત કહેવાય છે. પ્રાયશ્ચિત્ત અને નૈમિત્તિકનો તેમાં સમાવેશ થઈ જાય છે. સાક્ષાત્ ભગવત્સેવા સર્વફલ રૂપા છે !

વાછરડાનું પુચ્છ પ્રભુએ પકડ્યું છે, સાથે બલદેવજી પણ છે, તેથી વાછરડું દોડી શકતું નથી. મુગ્ધભાવે ભગવાન્ ઊભા છે. **"स वै नैव रेमे । तस्मादेकाकी न रमते । स द्वितीयमैच्छत् ।"**- શ્રુતિ છે. તે ન જ રમ્યા ! એકલા રમતા નથી. એકલા રમવામાં આનંદ શું આવે ? ભગવાને બીજાની ઈચ્છા

કરી. કૃષ્ણ એકલા નથી, બલરામ સાથે છે. ભગવાન્ સ્વરૂપથી અને આવેશથી લીલા કરે છે! વાછરડું આગળ ચાલવા મથે છે, પુચ્છ છોડાવી દોડવા ઈચ્છે છે. ભગવાન્ પુચ્છ પકડી રહ્યા છે. કોઈ વાર ભગવાન્ વાછરડા પાછળ ખેંચાય છે, કોઈ વાર વાછરડાને ખેંચે છે. કોઈ વાર પકડેલું વાછરડું છટકી જાય છે! ભગવાન્ બીજાને પકડે છે! ભગવાનને સામાન્ય સમજે તે ભગવાનથી દૂર જ જાય! ભગવાનની આ પરાધીનગતિ છે! ગોપીજન જોવા એકઠાં થઈ ગયાં. જોતાં સ્થિર થઈ ગયાં.

વેદાન્તસિદ્ધાન્ત રૂપ ભગવાન્ છે. ગાય અને ગોપીજન ઉપનિષદ્રૂપા છે. “**वेदैश्च सर्वैरहमेव वेद्यः ।**”- સકલવેદવેદ્ય કૃષ્ણ છે. મુગ્ધભાવે સામે જ રમી રહ્યા છે. ગોપીજન ભગવાનને સામાન્ય સમજ્યાં નથી. કર્મમાર્ગ છોડતાં હોય તેમ ઘરનાં સઘળા કર્મ છોડ્યાં! ગૃહસ્થાશ્રમ-ત્યાગ કરતાં હોય તેમ ઘર છોડ્યાં. પોતાને માટે તો માત્ર પ્રભુ જ જોઈતા હતા, ઘરની ચિંતા પણ ન હતી, પ્રભુનાં દર્શનમાં મગ્ન થયાં. “**प्रेक्षन्त्यः**”- જ્ઞાનપરાયણ ગોપીજન છે. “**उज्झितगृहाः**”- વિરક્ત ગોપીજન છે, ઘર છોડીને આવ્યાં છે. “**हसन्त्यः ।**”- ફલની ઈચ્છા રાખે છે, પ્રભુ પ્રાપ્ત થાય તો સર્વસ્વનો વિનિયોગ, સેવામાં કરાવવાનો અભિલાષ છે! - “વાછરડાને પકડતાં આ ખેંચતાણ થાય છે. નાથ! અમારા અંગીકારમાં આવો પરિશ્રમ નહિ થાય!” રાસમાં બોલાવતો વેણુનાદ થશે, સાંભળતાં જ સઘળું છોડીને દોડતાં ગોપીજન પધારવાનાં છે. વત્સ તો અતિપ્રિય છે. અતિપ્રિય ભક્તો પાસે સર્વસમર્થ ભગવાન્ પણ પ્રેમાધીન બની જાય છે!

સંસાર કે ઘરનાં બંધન છોડવાં કઠિન છે. કેટલાક દોષદર્શનથી, કડવા - અનુભવે ત્યાગ કરે છે; પણ કટુતા જતી નથી! કેટલાક સઘળું અનાત્મ સમજીને ત્યાગ કરે છે; પણ આત્મા જડતો નથી! પરાણે છોડનારના મોં પર પણ પીડા પથરાયેલી રહે છે! જ્ઞાનથી છોડનારના મો પર ગંભીરતા છવાયેલી રહે છે! પણ પ્રભુમાં પ્રીતિ કરનાર તો પ્રભુ વગરનું સઘળું નિરર્થક સમજીને, હસતાં જ ઘર કે સંસાર છોડી દે છે! આનંદરૂપ પ્રભુને પ્રાપ્ત પણ કરે છે! “**प्रेक्षन्त्य उज्झितगृहा जगृहुर्हसन्त्यः ।**”-પ્રભુ માટે થતા ત્યાગમાં નિત્ય પ્રસન્નતા હોય છે. પ્રીતિપૂર્ણને ત્યાગ કરવો પડતો નથી, ત્યાગ સ્વાભાવિક થઈ જાય છે, પ્રભુ મળે છે. ગોપીજને પ્રભુને પકડી લીધા! ગોપીજનનો તો સરલતાથી ભગવાનમાં નિરોધ થઈ ગયો. નિર્દોષતા, લૌકિકતાનો અભાવ, દીનતા અને પ્રેમાતુરતા હોય તો ભગવાનમાં મગ્ન થઈ જવાય.

મા યશોદા અને રોહિણીજીના નિરોધ દઢતા માટે, ભગવાને પોતાના છ ગુણ અને સ્વરૂપથી, સાત પ્રકારે લીલા કરી :

મા તો ભગવાનને પુત્ર જ ગણે છે. પોતાના અત્યંત પ્રિયને પીડા થાય તેવી સ્થિતિ જોઈને, પ્રેમપૂર્ણ પ્રિયજન, પોષણાદિ થાય તેવાં આવશ્યક કામ છોડી દે છે! પોતાના પ્રિયને પીડા ન થાય તેમ કરવા મથે છે. માને પુત્ર અતિપ્રિય છે. માનું ચિત્ત ઘરમાંથી બીજી કોઈ રીતે નીકળે તેમ નથી. માનું ધ્યાન ઘરમાંથી છોડાવી પોતાનામાં રાખવા, સત્ય રૂપ ભગવાન્ પીડા કરાવે તેવા પદાર્થ કે પ્રાણીની પાસે પણ પ્રસન્નતાથી પધારે છે! ભક્તો માટે સ્વરૂપમર્યાદાનું પણ ઉલ્લંઘન કરે છે! પુત્રને પીડા થવાના ભયે મા સઘળાં કામ છોડે છે, દીકરાને શોધ્યા કરે છે, મન ઘરકામમાં સ્થિર થતું નથી. પુત્ર રૂપ પ્રભુમાં જ રહે છે. (૧) શિંગડાંવાળાં - ગાય વગેરે, (૨) દાંતવાળા - માંકડાં વગેરે, (૩)

પક્ષીઓ - પોપટ વગેરે ઘરઆંગણે આવેલાં. - આ ત્રણ ચેતન છે. (૪) અગ્નિ-રસોડામાંનો અથવા ગાયોના સ્થાનમાંથી મચ્છર દૂર કરવાના ધૂપ માટેનો, (૫) અસિ - નન્દજીની તલવાર વગેરે, (૬) જલ-કૂપ કે ખાડાનું કે ઘરનાં માટલાંમાં ભરેલું, (૭) કંટક - ઘરની વાડ રૂપે કાપીને રાખેલા. - આ ચાર અચેતન છે. આ સાતે નાના બાલકને તો પીડા કરનારાં બને છે. મા પોતાના બાલકને આમાંના કોઈની સાથે રમતું જુએ તો ગભરાઈ જાય. પોતાનું સઘળું કામ છોડીને બાલકને લેવા દોડે ! બાલક તો મુગ્ધ ભાવે ભય વગર ત્યાં પણ રમવા દોડે છે. માએ ઘરનું કોઈ કામ હાથમાં લીધું હોય, તેમાં મન પરોવાયેલું હોય, કે તરત કૃષ્ણ ધ્યાન ખેંચે ! સામે જ બેસાડેલા બાલકને ન જોતાં મા શોધવા નીકળે. કામ છૂટે. મન પુત્રને શોધતાં પ્રભુમગ્ન થઈ જાય ! માનું ઘરકામ ન થાય ! ભગવાનનું નિરોધનું કામ થઈ જાય ! લોકનિષ્ઠા અને ભગવન્નિષ્ઠા પરસ્પર વિરુદ્ધ છે ! ભગવન્માર્ગમાં દૃઢ હોય તેને લોકોની કોઈ પરવા નથી હોતી. લોકોને રાજી રાખવા મથનાર પ્રભુને પ્રસન્ન કરી શકતો નથી ! દીકરાને આમ અટકાવવા મા મથ્યા કરે ! કહેવા માત્રથી કાંઈ કૃષ્ણ અટકે ? ના ! ના ! પુત્ર તો આજ્ઞા-પાલક છે, પણ અવસ્થા ચંચલ છે ! વાસ્તવમાં તો, આવા સ્થાનમાં રમવા ન જવાની મા આજ્ઞા જ કરતાં નથી. પ્રભુ તેમ કરવા પ્રેરતા જ નથી ! મા તો પ્રભુને લેવા માત્ર દોડે છે. ભગવાન્ તો ક્રીડાપરાયણ છે, લીલામાં જ મગ્ન છે, - "**क्रीडापरौ.**" મા રમવાનાં ઘણાં સુંદર રમકડાં આપીને એક સ્થળે બેસાડે, તો પણ ચાલ્યા જાય છે, - "**अतिचलौ**"- અતિચંચલ છે ! પોતાના પુત્ર છે, પ્રિય છે, તેથી માને કંટાળો કે ક્લેશ થતો નથી ! "**स्वसुतौ**"- સ્વપુત્રને સાચવવા કોઈને સોંપતાં નથી.

"**श्रृङ्गि**"- કૃષ્ણને પધરાવીને મા ભોજનની તૈયારી કરતાં હતાં. કામમાં ધ્યાન પરોવાયું. પ્રભુને પસંદ ન આવ્યું ! ચૂપચાપ ચાલ્યા ગયા. સ્વાભાવિક રીતે માની નજર ગઈ. દીકરો ન દીઠો. ગભરાયાં. કામ છોડ્યું. કૃષ્ણને શોધવા નીકળ્યાં. ઘરમાં, વાડામાં આંગણામાં ન જોયા. આસપાસ પૂછી જોયું. પત્તો ન લાગ્યો. "ક્યાં હશે કૃષ્ણ ?" - મન મુંઝાઈને તેમાં જ મગ્ન થયું ! ચિંતામાં પાછાં ફરતાં હતાં ત્યાં આંગણામાં સુંદર ગાય બાંધેલી. લીલું ઘાસ ચરવા મૂકેલું. સફેદ ગાય ! રૂપાની ખરી. સોનાની શિંગડી. ગળે સોનાની ઘૂઘરમાળ, કાને ફૂમતાં; ભાલે સુવર્ણપત્ર, ગૈરિકાનાં સુંદર ચિત્ર ! માથું નીચું નમાવી ગાય ઘાસ ખાય ! માની નજર પડી. બરાબર બે શિંગડાની વચમાં વિરાજેલા શ્યામસુંદર ! સુકુમાર કુમારના કોમલ કરકમલ ગાયના માથે વિરાજે છે. જાણે અભય અને આશીર્વાદ આપે છે ! ગાય માથું ઊંચુ-નીચું કરે છે. જાણે આદરથી વંદન કરે છે ! ગળાની ઘૂઘરમાળ રણકે છે. કૃષ્ણનાં આભરણ પણ રણકે છે. જાણે સ્તુતિના મધુર શબ્દો છે ! ગાય ઘાસ ખાવાનું ભૂલી છે. માથું ધીમે ધીમે પ્રભુના પેટ સાથે ઘસે છે. જાણે સ્પર્શસુખ માણે છે ! આંખમાં પ્રેમનાં આંસુ ઉભરાયાં છે. મૂઢ પશુને પ્રભુ મળ્યાનો જાણે અહોભાવ છે ! માએ શિંગડાંની વચમાં શ્યામ જોયા ! પ્યારા પુત્રને શિંગડું વાગે તો ?! મા દોડ્યાં. દીકરાને ઉપાડ્યાં. ભેટી પડ્યાં. આંસુ આવી ગયાં. મુગ્ધબાલકને ઉપદેશ દેવા માંડ્યો,- "ગાયનું શિંગડું વાગે તો ? આવું બેસાય ? સારું થયું ને ! મેં જોયું !" મા દીકરાને લઈને ઘરમાં ચાલ્યાં. ગાય જાણે પ્રભુને પોકારતી હોય તેમ ભાંભરવા લાગી ! પુનઃ આવવા વિનવતી હોય તેમ ઘૂઘરમાળ રણકવા લાગી ! પ્રભુ પધારવાના દુઃખે આંસુ વહાવા લાગી ! મૂઢ ગાયના વંદને ઐશ્વર્ય બતાવ્યું પ્રભુનું !

''अग्निः''- વત્સલ મા દીકરાને ઘરમાં લાવ્યાં. રમકડાં દઈને બેસાડ્યા. મા પુનઃ અધૂરા મૂકેલા કામમાં લાગ્યાં. ચિત્ત કામમાં પરોવાયું. થોડી વાર થઈ. નજર પડી. કૃષ્ણ ન મળે ! વ્યગ્ર મા શોધવા ચાલ્યાં. ઝટ ગાય પાસે દોડ્યાં. પુત્ર ન જોયા. ગાય અને મા કૃષ્ણ વિના ગરીબ બની ગયાં હતાં ! જાણે પૂછતાં હોય તેમ દીનદૃષ્ટિએ પરસ્પર જોયું ! મા સર્વત્ર શોધી વળ્યાં. ક્યાંય કૃષ્ણ ન જડ્યા. રસોડામાં નજર પડી. ચૂલા પાસે દીકરાને દીઠો ! લાકડાં હલાવે ! મા ગભરાયાં. દોડ્યાં. તેડી લીધા- લાલને ભેટી પડ્યાં. - "અગ્નિ સાથે રમાતું હશે ? દઝાવાય ! "મા ! માણેક !" - મધુર બાલભાષામાં પુત્રે ખજાનો બતાવ્યો. ચૂલામાંના લાલ અંગારા, પ્રભુ પાસે પધારતાં પ્રસન્ન હતા, માણેક જેવા દેખાય ! વીંટીમાં પણ માણેક જડેલાં ! બંને લાલ ! લાલને લેવાનું મન થયું હતું. "બેટા ! માણેક નથી. દેવતા છે, દઝાડે !" - કહેતાં મા બહાર લાવ્યાં. બીજાં અનેક માણેક દેવા સમજાવ્યા. અગ્નિ દેવતારૂપ છે, દેવતા સ્ત્રીલિંગમાં છે. તેની પ્રસન્નતાથી પ્રભુનો વીર્યગુણ જણાવ્યો !

''दंष्ट्रि''- સમજાવી, પટાવી મા લાલને બેસાડી કામે લાગ્યાં. પુનઃ થોડી વારમાં ક્યાંક છટકયા ! વ્યાકુલ માએ રસોડું જોયું. અગ્નિ પણ જાણે આતુર હતા ! પ્રભુની રાહ જોતા હતા ! ગાય હજુ જાણે ચારે તરફ શોધ્યા કરતી હતી ! માથું ધુણાવતી હતી. ક્યાંય કુમાર ન જડ્યા. માએ પાછળ વાડામાં જોયું. ગભરાઈ જ ગયાં. લહેરથી લાડકવાયા લાલ વિરાજ્યા હતા. પાસે જ માંકડું હતું. રાજી થતું, શ્યામના હાથમાંથી કાંઈક લઈને ખાતું હતું. વચમાં ખાતાં અટકીને મધુરમુખને મુગ્ધનયને નિહાળતું હતું ! તોફાની માંકડું ! "દીકરાને ક્યાંક દાંત કે નખ વાગે તો ?" ગભરાયેલાં મા દોડ્યાં. માને જોઈ, ગભરાઈને માંકડું દોડી ગયું. લાલ એક હાથમાં માખણ લાવેલા. માંકડાને ખવડાવતા હતા ! માએ તેડી લીધા. ભેટ્યાં. હાથ - પગ તપાસી જોયા. પ્રેમથી હાથ ફેરવ્યો. - "માંકડાના નખ અને દાંત તો વાગે તેવા હોય !" મુગ્ધબાલક પૂછે, - "મા કેવા વાગે ? શંખ જેવા કે ઢોલ જેવા ?" મા હસી પડ્યાં. વહાલથી લાલને ચૂમ્યા. ઘરમાં પધરાવ્યા. મૂઢ મર્કટ ખાવામાં મગ્ન હોય. મુખદર્શને અટકી ગયું. યશઃ જણાવ્યો - ભગવાનનો !

''असि''- કામમાં પરોવાયેલાં માએ પુનઃ પુત્રને ક્યાંક ગયેલા જોયા. ગાય, અગ્નિ કે માંકડા પાસે ન મળ્યા. બધે પૂછી જોયું. સર્વત્ર શોધ્યા. ન જડ્યા! એક ઓરડો અંધારા જેવો, ઉઘાડો જોયો ! માએ ડોકિયું કર્યું. દીકરાને દેખ્યા. આશ્ચર્ય થયું. નન્દજીની તલવાર હાથમાં લીધેલી ! ખોલવા મથે ! ગભરાઈને મા દોડ્યાં. "ક્યાંક ખૂલે તો ! દીકરાને ધાર અડકે તો !" "તલવાર કેમ લીધી છે ? અહીં શું કરે છે ?" માએ જડતી લીધી ! ભગવાને અંધારામાં આંગળી ચીંધી. માએ જોયું. બે આંખો ચળકે ! બિલાડી હતી. માએ અવાજ કરીને કાઢી મૂકી. પ્રેમથી પુત્રને પૂછ્યું ! "આમાં તલવાર શું કરવાની ?" મધુર વાણીમાં દીકરાએ સમજાવ્યું, - "મને બીક ન લાગે ને ! હું ડરતો નથી. તલવાર તેથી કાઢતો હતો !" મા હસી પડ્યાં. વહાલ વરસાવતાં. લાલને લઈ આવ્યાં. બિલાડીનો મુગ્ધતાથી બતાવેલો ભય ગયો. સુખ થયું. મા હરિનાં હરિ થયાં, વૈરાગ્યગુણ હરિનો દેખાયો !

''जल''- પ્રભુને પધરાવીને મા કામે વળગ્યાં. થોડી જ વારમાં પાછા પુત્ર ક્યાંક ગયા ! મા શોધી વળ્યાં. ન જડ્યા. મા મૂંઝાયાં. શોધતા વાડાના એક ખૂણે આવ્યાં. ખૂણામાં ખાડો હતો. તેમાં પાણી ભરાયેલું, કુમાર તેમાં ઉતરવા મથે. પગ બોળેલો. મા દોડતાં આવ્યાં. ખાડાના પાણીમાં

પુત્ર પડે તો ! - "અરે ! આ તે કાંઈ રમવાની જગ્યા છે ? પાણીમાં પડી જવાય. ઉતરવાની શી જરૂર છે ?" મુગ્ધભાવે બાલક બોલ્યા, "તરવું છે !" અનેકને તારનારને પણ જાણે તરવાનું મન થયું ! માએ સમજાવ્યા, - "આવડ્યા વગર તરાતું હશે ?" ભગવાને ખાડામાં પાણીમાં તરતું તણખલું બતાવ્યું,- "આ તો તરે છે !" તૃણ તરે અને પોતે ન તરે ?! મુગ્ધ બાલક ! મા હસીને કહે, - "એ તો ઘાસ છે, તરે !" બાલક બોલ્યા, - "ઘાસ તરે અને હું ન તરું ?" કયું જ્ઞાન આનો ઉત્તર આપી શકે ? દીકરાને હસતાં મા ઘરમાં લાવ્યાં. સૌને તારવાનો પ્રભુનો સ્વભાવ ! પોતે પણ મુગ્ધતાથી તરવાની ઈચ્છા બતાવી ! સ્વભાવવિજયે જાણે જ્ઞાન દેખાયું !

"**द्विज ।**"- પુનઃ પ્રભુએ માને કામમગ્ન જોયાં. લાગ જોયો. લાલ છટક્યા ! માને યાદ આવ્યું. નજર કરી. પુત્રને ન જોયા. શોધ્યા. આંગણામાં જ વિરાજેલા. સામે બેઠેલો મઝાનો પોપટ ! ભગવાન્ તેને ભણાવે, - "મા ! મા !" પોપટ પ્રેમથી પઢે, - "મા ! મા !" બંને મધુરભાષી ! "મા ! મા !" - નું ગુંજન થઈ રહ્યું ! પ્રભુ પ્રસન્ન થયા. હાથમાં ફલ લાવેલા. તે પોપટ સામે ધર્યું. પેલો તો ભણ્યા કરે,- "મા ! મા !" ફલ ખાય નહિ. મા આવ્યાં. હસી પડ્યાં. લાલના કોમલ હાથમાંથી ફલ ખાતાં કદાચ ચાંચ વાગે તો ! પોપટ તો ઊડી ગયો. પુત્રને પકડી લીધા. "શું ભણાવ્યું પોપટને ? ચાંચ તો વાગે !" કહેતાં ઘરમાં લાવ્યાં. ભાવમાં ભીંજવી દીધા. પ્રભુ અને પોપટ સમાન રીતે - "મા ! મા !"- બોલે, ફલ-ભોગ ન કરે ! સ્વામિ-સેવકની સમાનતાએ પ્રભુનો શ્રીગુણ કહ્યો !

"**कण्टक**"- રમકડાં દઈને બેસાડ્યા. કામમાં પરોવાયેલાં માએ થોડી વારમાં દીકરા ન દેખ્યા. શોધ શરૂ થઈ. આતુરતાથી શોધે તેને પ્રભુ જરૂર જડે છે ! કાંટાની વાડ પાસે પ્રભુ ઊભેલા, માએ જોયા. એક હાથે થોર પકડીને ઊંચા થાય. થોર તો કાંટાવાળો હોય. "કૃષ્ણના કોમલ કરમાં કે ચરણમાં કષ્ટ થાય તો !" - વિચાર માત્રથી મા વ્યગ્ર થયાં. દોડ્યાં. "ન પકડાય ! ન પકડાય !" - બોલતાં જાય, પાસે આવ્યાં, પ્રેમથી પુત્રને પકડી લીધા. "અહીં ચઢાતું હશે ? શું છે ? કાંટા વાગે." - માએ સમજ આપી. શ્યામે વાડમાં આંગળી ચીંધી. "મોતી મને આપો !" - બોલ્યા. માએ જોયું. વાડ પર ચણોઠીની વેલ હતી. તેમાં સુંદર લાલ ગુંજા વિરાજે ! બીજી એકમાં સફેદ ગુંજા ! મા સમજી ગયાં. હસી પડ્યાં. આ તો હાથમાં ન દેવાય માલા ધરાય. લાલ-ધોળા ગુંજાની માળા બનાવી. કૃષ્ણના કંઠે ધરાવી ! કૃષ્ણ તો શૃંગારરસ રૂપ ! તેમાં સંયોગ અને વિયોગ અવસ્થા, સફેદ ગુંજા સંયોગ-સૂચક અને લાલ ગુંજા વિયોગ-દર્શક ! બંનેની માલા શૃંગારરસ નિરૂપક ! ધર્મીરૂપ શૃંગારરસ ! સ્વરૂપ-નિરૂપક લીલા થઈ !

આમ, મા વારંવાર લાલને લેવા દોડે ! ભગવાનની ક્રિયા તો કોઈ અટકાવી શકે નહિ; પણ ભગવાને જેમ યશોદાજીને માતૃત્વ દીધું, તેમ પોતાની લીલા અટકાવવાનું પણ સામર્થ્ય બાલલીલામાં દીધું છે ! મા ઘરનાં આવશ્યક કામ કરી શકે નહિ, પ્રભુ માટે સર્વનો પરિત્યાગ થઈ જતો. રાસમાં શ્રીગોપીજન પણ પ્રભુ પાસે પધાર્યાં, ત્યારે સર્વનો પરિત્યાગ થઈ ગયો છે. મન ક્ષણ પણ ઘરમાં સ્થિર રહી શકતું નહિ. પ્રતિપલ પ્રભુમાં દોડ્યા કરતું. માના મનનો ભગવાને નિરોધ કર્યો.

પૃથ્વીની પીડા પણ પોતાના પરમાનંદમય પાદસ્પર્શથી પ્રભુ દૂર કરે છે !:

પૃથ્વી પણ ભક્ત છે. ભક્તને ભગવાન્ સુખ દે છે. પૃથ્વીના ભાર રૂપ અસુરો છે. અસુરો

પૃથ્વીને ક્લેશ દે છે. તે ક્લેશને કૃષ્ણ શાન્ત કરે છે. પોતાના કોમલ ચરણકમલના સ્પર્શથી સુખ દે છે. આનંદમય પ્રભુના ચરણસ્પર્શથી ક્લેશ દૂર થાય છે, આનંદ મળે છે. પ્રભુ મંદ ગતિથી અનાયાસે સ્વતંત્ર-રીતે ચાલે છે. વ્રજભૂમિમાં તો ગાયો વસે છે. ગાયોની ખરીઓ કઠોર હોય છે. ગાયો ચાલવાથી તે પૃથ્વીને વાગે છે. તે પીડાને પણ પ્રભુ પોતાના પાદપદ્મના સ્પર્શથી દૂર કરે છે, સુખ દે છે! રામ-કૃષ્ણ સાથે કોમલ-લલિત-મંદ ગતિ કરે છે. રામ યોગિધ્યેય છે. તે ધ્યાનના વિષયને અંદર લાવે છે લૌકિક છોડાવી અલૌકિક બનાવે છે. કૃષ્ણ પરમાનંદ છે. પરમ સૌન્દર્યથી સૌને વશ કરતાં પોતાના સ્વરૂપમાં સૌનાં મન સ્થિર કરે છે.

સમાન સખાઓ સાથે શ્યામની સ્વતંત્ર-લીલા ! :

ભૂમિના ક્લેશ ભગવાને દૂર કર્યા. આનંદયુક્ત ભૂમિમાં પોતાના અંશરૂપ બાલકો સાથે ભગવાન્ રમતો રમે છે ! સમાન વયના સખાઓ છે. પ્રભુ પોતે રાજા બને. રામને મંત્રી બનાવે. સરખા ગોપબાલકોને સેવકો બનાવે, મહારાજલીલા કરે છે. ગોપીજનોને જે જોતાં આનંદ થાય, તેવી લીલાઓ ભગવાન્ કરે છે. તેમાં વ્રજસ્ત્રીઓનો સાક્ષાત્ નિરોધ થાય છે. હવેથી, ભગવાનની લીલાઓ સ્વતંત્ર છે. ભગવાનને પ્રસન્ન કરવા સૌ પ્રયત્ન કરે, તે મર્યાદા છે. અહીં તો ભગવાન્ પોતે ભક્તોને પ્રસન્ન કરવા પ્રયત્ન કરે છે ! તે અનુગ્રહ છે. જે ગોપીજનનો જેવો ભાવ છે, તેની પાસે ભગવાન્ તેવી લીલા કરે છે. જે લીલા, જે રીતે કરવાથી, ગોપીજનને આનંદ થાય તેમ ભગવાન્ કરે છે.

વ્રજમાં ગોપબાલકો સાથે મળ્યા. નન્દભવનમાંથી ભગવાન્ પધાર્યા. બલરામજી તો સાથે ખરા જ ! વ્રજની વચ્ચે મોટોપથ્થર પડી રહેલો. કૃષ્ણ ઉપર વિરાજ્યા, આદેશ આપ્યો, - "મહારાજા વિરાજ્યા છે. આ રામ મંત્રી છે. તમે બધા રાજાના સિપાઈઓ છો ! વ્રજની પ્રજાને સાચવજો ! કોઈ ચોરી-લૂંટ ન થાય !" થોડી વારમાં એક છોકરાને પકડી લાવ્યા. રમત આરંભાઈ. સૈનિકો ગામમાં આમતેમ ઘૂમવા લાગ્યા. છોકરાને તેની માએ મીઠાઈ આપેલી. ઘરની બહાર બેસીને તે ખાતો હતો. ત્યાં તો આ મહારાજ - સરકારના સેવકોએ પકડી લીધો. રાજા સામે રજૂ કર્યો. મંત્રીએ ફરિયાદ મૂકી, - "મહારાજાજી ! આ ગુનેગાર છે !" ગંભીર રાજાએ તપાસ આદરી, - "શો ગુનો છે ?" સૈનિકોએ વિગત આપી, - "આ ચોર છે. ઘરમાંથી મીઠાઈ લાવેલો. બહાર બેસીને એકલો ખાતો હતો. તેણે આપ મહારાજને રાજ્યભાગ ચૂકવ્યો નથી !" પેલો એકલો છોકરો. બોલાય કાંઈ નહિ. ગભરાયેલો. રાજા તો ચતુર અને પ્રેમાળ હતા. બોલ્યા, - "ગભરાઈશ નહિ. અમે ખોટો દંડ કરતા નથી. સાચું કહેજે, વાત ખરી છે ?" પેલું છોકરું કહે, - "માએ મીઠાઈ આપી છે. ચોરી નથી કરી. સાચું કહું છું." ન્યાયી રાજાએ સેવકોને પૂછ્યું, - "ચોરીની સાબિતી શી ?" સેવકો બોલ્યા, - "મહારાજ ! આપણને ભાગ નથી મળ્યો. એકલો ખાઈ જાય છે. હજુ તેના હાથમાં પણ બીજી છે !" - આતુર રાજાને મીઠાઈ ખાવાનું મન થઈ ગયું. સેવકોની ઈચ્છા ઓળખી. ઉલટ તપાસ કરી. - "માએ આપી તે તો ઠીક છે, પણ અમે રાજા છીએ. તેં રાજાને ભાગ આપ્યો ?" છોકરો ઉત્તર આપે તે પહેલાં તો ચુકાદો આપ્યો. ન્યાયમાં વિલંબ ન થાય. - "તું સાચું બોલ્યો. અમે રાજી થયા, તેથી દંડ નથી કરતા; પણ ભાગ તો જતો ન થાય. જલદી, હમણાં જ. રાજા સામે રજૂ કરી દે !" મીઠાઈ રાજા સામે મુકાવી દીધી. રાજાએ ઉજાણી મનાવી. સેવકોને વહેંચી. પોતે આરોગ્યા. મીઠાઈ મળી. મઝા પડી. રાજાનો જયજયકાર થયો ! ગોપીજન

જોતાં હતાં. ખૂબ આનંદ થયો. મનમાં મનોરથ થયો. - "અમારા પદાર્થોનો ભોગ ક્યારે કરશે ?" મંત્રીએ ત્યાં તો વિનંતી કરી, - "રાજાધિરાજ ! પ્રજામાં આવી ચોરી બહુ ચાલે છે. સૌ પોતાનાં છોકરાને મીઠાઈ આપે છે. આપણો રાજભાગ બધા આપતા નથી. આપણે સૌને ઘેર જઈને વસૂલ કરવો !" રાજા રાજી થઈ ગયા. સૌને ઘેર ભાગ લેવાનું નકકી થયું. ગોપીજનના મનમાં તો આનંદ સમાતો ન હતો. પોતાને ત્યાં પ્રભુ પધારશે ! પ્રત્યેક પદાર્થનો અંગીકાર કરશે ! ગોપીજન મીઠાઈઓ બનાવીને રાહ જોતાં. તેમનાં જ બાલકો ભગવાનને સમાચાર દેતાં !

શ્રીગોપીજનના આવા અનેકવિધ મનોરથોમાં બાલકો સાધનરૂપ થયાં. બલરામજી રક્ષકરૂપ થયા. આમ અનંત લીલાઓ ભગવાન્ કરે છે. તે ગોપીજન દ્વારા જાણીને યશોદાજીનું મન પણ ભગવાનમાં જ મગ્ન રહે છે ! શ્રીશુકદેવજીએ ભગવાનની રાજસ-તામસ અને તામસ - તામસ લીલા પોતે નથી કહી ! શ્રીગોપીજને કહેલા શબ્દોમાં જ કહી છે ! અત્યંત પ્રાકૃત-ભાવવાળાં, લોકરીતે જ વર્તતાં, શ્રીગોપીજનને પણ પ્રભુ પોતાનામાં આસક્તિ કરાવે છે. સાધારણ - લીલાથી તેમનું ધ્યાન ભગવાનમાં ન રહે ! તેમની જેમાં જેમાં આસક્તિ હતી, તે તે કાર્યનો કૃષ્ણે નાશ કરી દીધો છે ! ભગવાનનું આ કાર્ય સહ્ય લાગતું નથી, અસહ્ય લાગે છે, તેમ બતાવતાં શ્રીગોપીજન માને ઠપકો દેવા પધારે છે ! મનમાં પ્રભુ પ્રત્યે દોષદૃષ્ટિ નથી, દર્શનની આતુરતા છે, રોષ નથી, મનોરથપૂર્તિનો સંતોષ છે ! ભગવાને કરેલું તો "रुचिर"- મનોહર લાગ્યું છે, પણ વારંવાર દર્શને જાય તો મા પેસવા ન દે ! નાનકડા સુંદર દીકરાને કયાંક કોઈની નજર લાગી જાય તો ! ઠપકો દેવાને બહાને તો હક્કથી જવાય ! નન્દભવને જાય તો નન્દરાજકુમારનાં દર્શને નયન તૃપ્ત થાય ! પોતાની સ્વતંત્રયુક્તિઓથી ઘરમાં આવી, તોફાન મચાવી, મનોરથ પૂરો કરી ગયેલા કૃષ્ણનાં પુનઃ દર્શન મળે ! "कृष्णस्य"- ગોપબાલકો કે બલરામ નહિ, કૃષ્ણ જ સ્વતંત્રરીતે લીલા કરે છે ! પણ "कौमारचापलं"- અવસ્થા કુમારની છે. દોષ વયનો છે, કૃષ્ણ તો નિર્દોષ છે ! ગોપીજન આ સમજે છે. નાનાં બાલકો તોફાન કરે જ ને ! માત્ર ઠપકા માટે જ ગોપીજન નથી આવતાં, યશોદાજીને મળવા પણ ક્યારેક આવે છે, ત્યારે પણ કૌમારચાપલની કથા કહે છે; તેમાં પણ દોષ ન લાગે, તેથી "किल"- કહીને શ્રીશુક, સર્વલોક પ્રસિદ્ધ હોવાથી, તે વાત રજૂ કરે છે.

કુમાર કૃષ્ણની કૌમાર-ચાપલ-લીલાઓ !:

તેમાં ઐશ્વર્યાદિ છ ગુણો છે : વિરુદ્ધ-ધર્માશ્રયી ભગવાનમાં ઐશ્વર્યાદિથી વિરુદ્ધ ઐશ્વર્યાદિ પણ છે !:

श्रीगोप्य ऊचु :

वत्सान् मुञ्चन् क्वचिदसमये क्रोशसंजातहासः
स्तेयं स्वाद्वत्त्यथ दधिपयः कल्पितैः स्तेययोगैः ।
मर्कान्भोक्ष्यन् विभजति स चेन्नात्ति भाण्डं भिनत्ति
द्रव्यालाभे स गृहकुपितो यात्यनुक्रोश्य तोकान् ॥ (२९)

આમ કહેતાં કહેતાં ભગવાન્ યાદ આવે, તે સમયનું સ્વરૂપ અને લીલાનું ધ્યાન થાય, મન તેમાં મગ્ન બને, તેથી ધીમે ધીમે વાતો રજૂ કરી છે, તેથી "મન્દાક્રાન્તા" - છંદઃ છે. ભગવાનની લીલાની વાતો કહેતાં ભગવાનમાં આસક્તિ થાય છે. પોતાના દોષો દૂર થઈ જાય છે, ભગવદાવેશ

થાય છે, તેથી ભગવાને કરેલી લીલામાં છ ગુણો છે. તે વસ્તુ-સ્વભાવથી સ્ફુરે છે, તેથી વર્ણન કરતાં પ્રેમમગ્ન ગોપીજન નન્દાલયમાં કૃષ્ણ સામે હોવા છતાં, "**अयम्**"- ને બદલે "**सः**"- કહે છે! જીવને માટે દોષરૂપ ગણાય તે ક્રિયા અહીં ભગવાન્ માટે ગુણ રૂપ બની ગઈ છે! ધૌર્ત્યલીલામાં ક્રિયાપ્રકાર કહેતાં, છ ગુણો પણ વર્ણવ્યા છે. ભગવાન્ વિરુદ્ધધર્માશ્રયી છે, તેથી ઐશ્વર્યવિરુદ્ધ પણ ઐશ્વર્ય ભગવાનમાં છે! તેથી ઐશ્વર્યવિરુદ્ધ ધર્મથી અનીશ્વરપણું આવતું નથી!

નન્દભવનમાં મા યશોદાજી પાસે ફરિયાદ લઈને આવેલાં ગોપીજને કહ્યું, "**वत्सान् मुञ्चन्....।**" ફરિયાદ શરૂ થઈ! ફરી યાદ ભગવાનની થઈ! - "મા! મા! આ લાલ અમારે ત્યાં આવે છે!" ચતુર મા સમજી ગયાં. વચ્ચેથી જ વાત ઊડાવી દીધી. - "ગોપિ! તેનું નામ કૃષ્ણ પાડ્યું છે. "લાલા! લાલા!" કેમ કહો છો?" નામકરણ-સંસ્કાર પછી "કૃષ્ણ" કહેવાય. ખોટા નામે કરેલી ફરિયાદ ચાલતી હશે? "મા! કૃષ્ણ અમારે ત્યાં આવે છે!" - ગોપીએ સુધાર્યું. માએ તો વાત જ ઉડાવવા માંડી. - "તમે જ ટેવ પાડી છે! નાનાં છોકરાં તો મન દેખે ત્યાં જાય!" ગોપીએ વિગત રજૂ કરી. - "ઘેર આવીને વાછરડાં છોડી મૂકે છે!" માનો બચાવ તો તૈયાર જ હતો. "મારો દીકરો તો દયાળુ છે. આખો દિવસ ભૂખ્યા-તરસ્યાં વાછરડાં હોય! દુઃખી હોય! તેથી તેમને સુખ દેવા છોડતો હશે!" "પણ મા! વખત વગર છોડે છે!" - "**असमये**"- ગોપીએ મૂંઝવણ કહી. માએ ચતુર-વકીલની જેમ ઉલટ તપાસ કરી,- "રોજ વખત વગર છોડે છે?" "ના! મા! ક્યારેક!" - "**क्वचित्**"- ગોપીએ જવાબ દીધો. તરત માએ પુત્રનો બચાવ કરતાં સામે ઠપકો દઈ દીધો, - "ગોપિ! કૃષ્ણ તો નાનું બાલક છે! તમારે ત્યાં ભૂખ્યાં વાછરડાં છોડવા તો દયા કરીને આવે છે. તેનો તો ઉપકાર માનવો જોઈએ! નાનું છોકરું રમતમાં હોય તો કો'ક દિવસ વહેલું મોડું પણ થાય. કો'ક દિવસ વખત વગર વાછરડાં છોડ્યાં તેમાં શું ફરિયાદ કરો છો? મારો દીકરો તમારો પગાર લે છે? કે તમારે ત્યાં વખતસર વાછરડાં છોડવા હાજર થાય?" હવે તો ગોપીને મૂંઝવણ થઈ. ઠપકો દેવા આવેલાં ઉલટો સામો ઠપકો મળ્યો! માને તો દીકરાને ઠપકો દેવાની ઈચ્છા પણ થતી નથી! "મા! અમે બૂમો પાડીએ છીએ, ત્યારે હસે છે!"- છેવટની વાત ગોપીએ કહી. મા તો તૈયાર હતાં. "નાનાં છોકરાંને ધમકાવાય નહિ, સમજાવાય. સારું છે કે તે તને સામે ધમકાવતો નથી, હસે છે!" આ તો ભગવાનનો ઐશ્વર્યગુણ કહ્યો છે.

ઈશ્વર હીનકર્મ કરતા નથી, વાછરડાં છોડવાની માત્ર સામાન્ય-કથા નથી. મૂઢ છતાં શરણાગત જીવ, અથવા પ્રભુ જેને મુક્ત કરવા ઈચ્છે તે કૃપાપાત્ર જીવ, - વત્સ છે. તેને જન્મ-મરણ કે સંસારમાંથી મુક્તિ દેવાનો સમય કે કલ્પનો અંત ન થયો હોય, જીવે તેવાં સાધન ન કર્યાં હોય, છતાં સર્વસમર્થ ભગવાન્ પોતે ઈચ્છે તો ગમે ત્યારે મુક્તિ આપે છે! આ "અસમયે વાછરડાં છોડવાની" કથા છે. ભગવાન્ સર્વમોક્ષદાતા છે. જ્યારે જેનું વરણ કરવા કૃપા કરે, ત્યારે તેને મુક્ત કરે છે. ભગવાન્ તો લોકસ્વામી, ત્રિલોકના આધારરૂપ હોવા છતાં, "**अमानी मानदो मान्यः ।**"- છે- પોતે માન વગરના છે. બીજાને માન આપે છે, તેથી માનનીય છે. ભગવાન્-ઐશ્વર્યવિરુદ્ધ શાસ્ત્રનાં પ્રમાણવિરુદ્ધ પણ, જીવને મુક્ત કરે છે! સ્વયં માનરહિત-અમાની છે., છતાં ભક્તિમાર્ગનાં પ્રમાણોને આદર દે છે! દુઃખી જીવને મુક્તિ દે છે, - માનદ છે! પ્રમાણ કરતાં પ્રમેય બલવાન્ છે! મર્યાદાશાસ્ત્ર કરતાં ભક્તિમાર્ગ બલવાન્ છે. તે દર્શાવતાં હસતા પ્રભુ માન્ય છે. ભગવાનનું હાસ્ય માયારૂપ પણ છે.

હસવાથી માયા વધારે છે! વાછરડાનું ભૂખનું દુ:ખ અને ગોપીજનને થતું દુ:ખ ભગવાન્ દૂર કરે છે; સુખ આપે છે. માન્ય છે! ભક્તોનો ભગવત્સંબંધી મોહ તેથી વધે છે. કોઈ પણ રીતે સઘળી મનોવૃત્તિઓ ભગવાનના સંબંધવાળી થઈ જાય છે.

ભગવાન્ ગોપીજનના ઘરમાં પધારે છે. નિજજનોને ત્યાં તો સ્વયં આરોગે છે, પોતાનામાં રહેલાં બાલકોને પણ ભક્તોનાં શુદ્ધ-અન્નથી સંતુષ્ટ કરે છે, - પુષ્ટ કરે છે! પધારેલા પ્રભુ ચોરી કરીને પણ આરોગે છે. ચોરી તો વીર્યગુણવિરુદ્ધ છે. તેમાં પણ ચોરશાસ્ત્રમાં પ્રસિદ્ધ રીતે પ્રભુ ચોરી નથી કરતા! પોતાના સ્વતંત્ર ઉપાયોથી ચોરી કરે છે! ભગવાને ચોરી માટે કરેલા ઉપાયો તો મનથી સમજાય નહિ કે વર્ણવી શકાય નહિ તેવા છે. તે ભગવાનનું પરાક્રમ-વીર્યગુણ સૂચવે છે. ચોરી કરીને લીધેલાં પકવાન્ન, મેવા, જાતજાતનાં ભોજન, દૂધઘર, દાળ, શાક વગેરે ભગવાન્ આરોગે છે. ભોજનથી તૃપ્ત થતાં કે અન્ન સમાપ્ત થતાં દહીં આરોગે છે; દૂધ પીએ છે. ભોજન કરે છે. ભગવાન્ સ્વાદ વગરનું આરોગતા નથી! મસાલાથી આવતો સ્વાદ પ્રભુને પ્રસન્ન કરતો નથી. શુદ્ધ-સ્નેહનો સ્વાદ ભગવાનને ભાવે છે! સ્નેહ આતુરતાથી શુદ્ધ રહે છે. તાપભાવ તો ભગવાનને અતિપ્રિય લાગે છે. અત્યંત ઉત્કંઠાવાળા ભક્તો ભાવથી જે આપે તે ભગવાન્ પ્રસન્નતાથી સાક્ષાત્ આરોગે છે!

ખબર ન પડે તેમ હરી લે તે ચોર છે. હરિનો તો સ્વભાવ જ હરવાનો છે. તે તો પ્રસિદ્ધ ચોર છે! માખણચોર તો ખરા જ, પણ એક જાહેર સભામાં તો, બીજી પણ ચોરી જાહેર થઈ! - "**नारायणो नाम नरो नराणां प्रसिद्धचोरः कथितः पृथिव्याम् । अनेकजन्मार्जितपापसंचयं हरत्यशेषं स्मरतां सदैव ॥**"- અપ્રસિદ્ધ ચોર તો દુનિયામાં ઘણા છે. ઉજળાં કપડાંવાળા કે મોટા ગણાતા પણ ચોર હોઈ શકે છે! આ તો પૃથ્વીમાં પ્રસિદ્ધ છે. નામ પણ જગજાહેર છે. છતાં જગતનું કોઈ સામર્થ્ય કે સાધન તેને પકડી શકતું નથી. જગતભરના ચોરને તો ચોરી કરવા જાતે જવું પડતું હશે. આનું તો, નામ પણ કામ કરે છે! ચોર તો દેખાય તે ચોરી લે, આ તો કોઈ જોઈ કે જાણી ન જાય તેમ, ખૂબ કાળજીથી સાચવીને રાખેલો, અનેક જન્મનો ભંડાર ચોરી લે છે! રાત્રે કે દિવસે હંમેશાં ચોરી કરી લે છે! સામાન્ય ચોર તો ગમે ત્યાં જાય, તેને યાદ ન કરે તો પણ! આ પ્રસિદ્ધપુરુષ તો યાદ કરનારને ત્યાં તરત ચોરી કરવા આવે છે. તેમનું નામ છે, - "નારાયણ" પૃથ્વી પર પ્રસિદ્ધ છે. કામ છે, - સ્મરણ કરનારના અનેક જન્મના પાપના ભંડાર નામમાત્રથી હરી લેવાનું! ખબર ન પડે તેમ હરી લે છે! કૃષ્ણને તો "**नारायणसमो गुणैः**"- ગર્ગે ગણાવ્યા છે. તેમનો પણ આ ગુણ છે, પણ રૂપ અને લીલા અધિક છે! કૃષ્ણ સ્વયં માખણચોર બનીને પધાર્યા છે. પ્રભુને નવનીત પ્રિય છે. જ્યાં હોય ત્યાંથી શોધી લે છે, પોતે અંગીકાર કરે છે, પોતાના આનંદમય-સ્વરૂપમાં સમાવી દે છે! નવનીત અને પ્રિય ઉભયનું ઐક્ય થયું, નવનીતપ્રિય થયા! શ્રીનાથદ્વારામાં આ સ્વરૂપ વિરાજે છે.

એક ચતુર ગોપીજન. માખણ સાચવવા અદ્ભુત યુક્તિ વાપરી. ઊંચા શીંકા પર માખણની મટકી મૂકી. તેની ઉપર પાણીથી પૂરી ભરેલી થાળી મૂકી. નીચે ખાટલો પાથરીને ગોપી સૂતાં. ચતુર ચોર પણ ચાલ્યો જાય! માખણ લેવા જતાં પાણી ભરેલી થાળી હાલે, પાણી નીચે સૂતેલાં ગોપી પર પડે, ગોપીજાગીજાય, ચોરને પકડી લે, એવી યુક્તિ! ગોપીના જ દીકરાએ આ યુક્તિ કુમાર કૃષ્ણને કહી. ગોપી ચતુર ચોકીદાર! તો આ ચતુર-શિરોમણિ ચોર! ઉપડ્યા ગોપીને ઘેર! બપોરનો સમય હશે.

ગોપી તો નિરાંતે ખાટલામાં સૂતેલાં. પ્રભુ પધાર્યા, ટોળી સાથે. તેમાં માંકડાં-વાંદરાં પણ કેળવાયેલાં હતાં ! ઈશારત કૃષ્ણે કરી. પલવારમાં તો એક જઈને કમલની લાંબી લીલી નાળ લઈ આવ્યું. કમલની નાળ અંદરથી પોલી - જાળી - વાળી હોય. ભગવાને એક છેડો થાળીમાં મૂક્યો. બીજો ગોપીના ખાટલા નીચે. મોંથી સહેજ પાણી ખેંચ્યું. અવાજ વગરનો નળ શરૂ થઈ ગયો ! બકનળીનું વિજ્ઞાન ભગવાનને કાંઈ ભણવા જવું પડે ? આ તો કેળવાયેલી સેના ! ચૂપચાપ ચોરી ચાલે ! પલમાં પાણીની થાળી ખાલી થઈ ગઈ. ક્ષણમાં રક્ષણ, વિચક્ષણ કૃષ્ણે નકામું કરી દીધું ! પછી લાવ્યા લાંબો વાંસ. ગોઠવ્યો દીવાલે. ચઢ્યા ઉપર. ઉતારી થાળી. એક જણને આપી. મૂકી ગોપીના ખાટલા નીચે. માખણની માટલી લીધી. નીચે આપી. ઝટ ઉતર્યા. ચૂપકીથી ચાલ્યા ગયા. માખણની મિજબાની થઈ. બહુ વારે ગોપી જાગ્યાં. પગ નીચે મૂક્યો. પાણીમાં પડ્યો. ચમક્યાં ! ખાટલા નીચે પાણી ક્યાંથી ? નીચે જોયું. થાળી દેખાઈ. અરે ! આ તો શીંકે મૂકેલી ! ઉપર જોયું. શીંકું ખાલી હાલે ! જાણે હસતું હોય ! ગોપી મુંઝાઈ ગયાં. આ બન્યું કઈ રીતે ! ? - પોતે તો શીંકા નીચે ખાટલામાં જ હતાં ! ત્યાં તો કમલનાળ નજરે પડી. પ્રભુ મૂકીને ગયેલા. સાબિતી રહે તો સ્મરણ થાય ને ?! ગોપી માથે હાથ દઈને આશ્ચર્યમગ્ન થઈ ગયાં. કૃષ્ણની આ ચતુરતા સૌને કહેતાં, નન્દાલયમાં ગાતાં, તન્મય થઈ ગયાં. ખબર ન પડે તેમ, આમ અનેક રીતે ચોરી કરવા પ્રભુ પધારતા. કાંઈ બહાનું બતાવીને પણ ઘરમાંથી ભોજન કરી લેતા !

એક ગોપીને ત્યાં ખાંડના લાડુ સુંદર તૈયાર થતા હતા. પ્રભુએ જાણ્યું, પધાર્યા. ગોપીનો દીકરો સાથે. તેને કાનમાં સમજાવ્યો. રડતો હોઈ દૂર બેસાડ્યો. પોતે ઘરમાં આવ્યા. પૂછ્યું, - "ગોપિ ! આ શું છે ?" "લાડુ !" - ગોપીએ કહ્યું. "મને તો બહુ ભાવે છે, પણ ગોપિ ! તું લાડુ કરે છે, બહાર તો તારો છોકરો રડતો દેખાય છે ! શું થયું છે ?" - જાણે તદ્દન અજાણ્યા ! ગોપીને કુતૂહલ થયું. જોવા ઊઠ્યાં. બહાર જાય તો લાડુ કદાચ બિલાડું બગાડે તો ! ભલામણ ભગવાનને કરી. - "ઘર જોજો. હમણાં પેલાને લઈને આવું છું !" ગોપી ગયાં. લાગ મળ્યો. લાડુ લીધા મિત્રને દીધા. ઘરમાં ગોઠવાયા. ઉજાણી ઉતાવળે આરંભાઈ. ગોપીને છોકરો મનાવતાં વાર લાગી. પ્રભુએ પાઠ પાકો ભણાવેલો, પેલો ઝટ માને નહિ. માને કાંઈ કહે નહિ, રડ્યા કરે, છેવટે ગોપી પાછાં આવ્યાં. ભગવાનના હાથમાં લાડુ હતો. જોયો. ભગવાને ઝટ ચાલવા માંડ્યું. ગોપી પૂછે, - "લાડુ લઈને ક્યાં જાવ છો ?" ચતુરે ઉત્તર દીધો, - "છોકરાને છાનો રાખવા !" કહેતા પ્રભુ દૂર ગયા. લાગ ભાગવાનો મળ્યો. પેલા રડતાને તેનો ભાગ મળી ગયો. ભગવાનને હસીને તાળી દેતો લાડુ ખાવા માંડ્યો. ગોપીએ ઘરમાં લાડુ ન જોયા! દૂર ઊભેલા શ્યામને પૂછ્યું, - "લાડુ ક્યાં ગયા ?" કામ તો કૃષ્ણનું થઈ ગયું હતું, ઉત્તર આપી દીધો,- "તેં અમને ઘર જોવાનું કહ્યું હતું ! ઘર ક્યાં પડવા દીધું છે ? તેં અમને લાડુ જોવાનું કહ્યું ન હતું !" ઝટ દોટ મૂકીને દોડી ગયા. ગોપીનું તન ઘરમાં રહ્યું, પણ મન પાછળ દોડ્યું, પ્રભુમાં પરોવાઈ ગયું !

એક ગોપી. માખણ સાચવવા સાવધ ખૂબ. મો સામે જ માખણનું માટલું મૂકેલું. દેખતી આંખે શી રીતે લઈ જશે ? નન્દભવનમાંથી નન્દરાજકુમાર પધાર્યા. મરકતમણિ શું મનોહર શ્યામસ્વરૂપ ! ચરણે મંજુલ-નિનાદ કરતાં નૂપુર વિરાજે ! કટિમાં કમનીય કટિમેખલા ! કરમાં કંકણ ! બાહુમાં બાહુબંધ ! આંગળીમાં વીંટીઓ ! કંઠમાં મનોહર માલાઓ ! કાને કુંડલ ! મુખે હાસ્ય ! અલકાવલિ મુખની આસપાસ ઊડે ! સુંદર કેશગુંફન કરેલાં ! ભાલે અદ્ભુત તિલક ! શ્યામસુંદર પધાર્યા. મસ્તીમાં

મગ્ન, નાચતા આવે. ગોપીએ જોયા. મન મુગ્ધ થઈ ગયું. "અહીં આવે તો સારું !" મનોરથ થયો. ભક્તાભિલાષાપૂરક પ્રભુ પધાર્યા ! ગતિ જોતાં ગોપીની રતિ થઈ. "ગોપિ ! માટલી પકડીને કેમ બેઠાં છો ?" - પ્રભુ પૂછે. "માખણ સાચવવા !" - ઉત્તર મળ્યો. "હું સાચવું ?" ના - કહેવાય નહિ, મન માને નહિ, સામે સુંદરશ્યામ વિરાજે, કોને ન ગમે ? મધુર વાતો કરે. મુગ્ધ બનીને તે ગોપી સાંભળે ! ત્યાં તો વિવેકથી વિભુએ વિનંતી કરી, - "ગોપિ ! થોડું દૂધ પાઈશ ? ભૂખ લાગી છે !" ચતુર ગોપી. ઊઠે તો તો માટલું જાય ! ઘરમાં માટલી સાથે લઈને ગયાં. દૂધનું પાત્ર લાવ્યાં. પ્રભુને પાન કરાવે છે. પ્રભુ પ્રેમથી પાન કરે છે. અનિમિષનયને ગોપી મુખસૌંદર્યનું પાન કરે છે, પાનમગ્ન છે ! પૂર્ણપુરુષનું દૂધપૂર્ણમુખ, દૂધપૂર્ણમાત્રમાં પ્રતિબિંબિત થયું છે. પૂર્ણાનન્દ પ્રકટ થયો છે ! ભગવાનનાં લોલ-લોચન ઊંચાં થયાં ! ગોપીને મગ્ન જોયાં. ગોપીનું ધ્યાન દૂધની ધારમાં ન હતું, નિરાધારના આધારમાં હતું ! સર્વાધારનું ધ્યાન રાખે કે દૂધની ધારનું ! ક્ષણમાં પૂર્ણમુખ ઊંચું થયું. ગોપીને અદ્‌ભુત લાગ્યું. પ્રતિક્ષણ નૂતન રસાનુભવ જાણે થતો હતો ! કશું જ યાદ ન રહ્યું. ક્ષણમાં તો જાણે સુધાનિધિનું સિંચન થયું ! મુખમાંથી દૂધની ધાર થઈ, ફુત્કાર થયો. આંખ ગોપીની ભરાઈ ગઈ, આંસુથી નહિ, દૂધથી ! મન મૂંઝાઈ ગયું. કાંઈ સમજાયું નહિ. પ્રભુ પલ ચૂકે નહિ. માખણનું માટલું ઉપાડ્યું. મૂકી દોટ ! ગોપી આંખ લૂછે કે કાંઈ પૂછે ત્યાં તો દૂર પહોંચ્યા. પ્રભુ પકડાય શી રીતે ? પલાયનમાં પણ પ્રવીણ છે ! કોઈ ઉપાય નથી કે ભગવાનને લઈ જતાં અટકાવી શકાય ! આવી તો અનેક લીલાઓ ભગવાન્ કરે છે.

ચોરીથી ખાવું તે યશોવિરુદ્ધ છે, પણ ભગવાન્ આરોગતાં અંતઃસ્થિત બાલકોને પણ પ્રીતિ દે છે. તે યશોનુકૂલ છે, તૃપ્ત થતાં માંકડાંને વહેંચી દે છે. માંકડાં-વાંદરાં તો રામાવતારના ભક્ત છે. તેમના આરોગતાં સ્વયં અધ્યાત્મા આરોગે છે ! માંકડાંનો સંસર્ગ શ્રીવિરુદ્ધ દેખાય. તે આ અધ્યાત્મ-રૂપ જગદાત્માના ભોગથી શ્રીગુણ રૂપ છે. જે આરોગનાર છે તે તો "**यस्य ब्रह्म च क्षत्रं च ।**"- થી અત્યન્તશુદ્ધનો ભોગ કરે છે. જે દૈત્યાવેશયુક્ત છે, મોક્ષસંબંધી નથી, તેનો ભોગ કરતા નથી ! તે જો આરોગે નહિ તો, વાસણ ભાંગી નાખે છે. આસુરસંબંધવાળું અન્યથી પણ ખવાય નહિ.

કોઈના ઘરમાંથી કાંઈ મળે નહિ, ઘરમાં ન હોય કે ક્યાંક બીજે મૂકી દીધું હોય તો, ઘર અને ગૃહસ્થ પર ગુસ્સે થાય છે ! આ ક્રોધ પણ અલૌકિક છે. ઘેર આવેલાનું ઉચિત સ્વાગત ન થાય તે ગૃહસ્થ માટે અયોગ્ય છે, અધર્મરૂપ છે. ગૃહસ્થાશ્રમ તો ધર્મ કરવા માટે છે. ઘર અને સાધનોનો ઉપયોગ ધર્મને મુખ્ય રાખીને જ, તે માટે થાય. ઘરમાં રહેવા છતાં, જો ધર્મ ન થતો હોય તો ઘર વસાવવું કે ઘરમાં વસવું જ વ્યર્થ છે, પ્રયોજન જ સચવાતું નથી. ધર્મ દ્રવ્યથી થાય છે. દ્રવ્ય પુરુષ કમાય છે, ઘરનાં પાત્ર વગેરે તૂટતાં તે કમાઈને પુનઃ લાવે છે. ગૃહસ્થને તેના ધર્મનું ભાન કરાવવા માટે મારે છે ! લૌકિકરીતે પણ પ્રભુ ક્રોધ બતાવે છે. ઘરમાંથી કાંઈ ન મળતાં ભગવાન્ ગુસ્સે થાય છે ! ઘોડીઆમાં નાનાં બાલકો સૂતાં હોય, તેમને રડાવીને ચાલ્યા જાય છે ! ઘોડીઆમાં સૂતેલાં બાલકો કરતાં પણ ભગવાને પોતાનામાં સમાવેલાં બાલકો નાનાં છે, ભગવદીય છે ! જે ઘરમાંથી ભગવાન્ કે ભક્તો ભૂખ્યાં જાય, ત્યાંનાં બાલકો રડતાં જ રહે છે ! ભગવદ્‌વિમુખ અને ભક્તાપરાધીને ત્યાં નાશ - શોકને લીધે રુદન જ થયા કરે છે ! આ જ્ઞાનગુણ કરતાં વિરુદ્ધ લાગવા છતાં જ્ઞાનાનુકૂલ છે ! સાચી સમજ દે છે.

ચતુર બાલકને ચોરીનાં સાધનોનું જ્ઞાન !:

ચોરીને અનુકૂલ જુદાં જુદાં સાધનોનું પણ ભગવાનને જ્ઞાન છે. તે જ્ઞાનપ્રકારનું નિરૂપણ **"हस्ताग्राह्ये"**- શ્લોકમાં છે. આ જ્ઞાન પાંચ પ્રકારનું છે. - (૧) કાલજ્ઞાન : ગોપીજન ઘરના આવશ્યક કામમાં ખૂબ વ્યગ્ર હોય ત્યારે - રસોઈ, સ્નાન, દોહન, મથન, જલ ભરવું વગેરે સમયે પ્રભુ ચોરી કરવા પધારે છે. (૨) વસ્તુજ્ઞાન : કઈ જગ્યાએ કઈ વસ્તુ મૂકી છે, - તેનું જ્ઞાન ભગવાનને છે. સાકર શીંકા પર મૂકી હોય તો નીચે પાડીને લઈ લે છે. દહીં, માખણ વગેરે ચતુરાઈથી ઉતારી લે છે. (૩) અલ્પાસાધ્યજ્ઞાન : સહેલાઈથી ન મળતી, - ઊંચે મૂકેલી, સંતાડેલી - વસ્તુઓને સહેલાઈથી મેળવવાનું જ્ઞાન પ્રભુને છે. એક ચતુર ગોપી. શીંકામાં દૂધની મટકી મૂકી દીધી. ઘરમાં વલોણું ચાલે. સુંદર ગાન સાથે તાલ મળે છે. અવાજ થયા કરે છે. ચૂપકીદીથી કૃષ્ણ પધાર્યા. ગોપીને વલોવવામાં વ્યગ્ર જોઈ. લાગ સાધ્યો. શીંકે માટલી જોઈ. દૂધ છે, તેમ જાણી ગયા. શીંકે હાથ તો પહોંચે નહિ ! ઝટ ગિલોલ મંગાવી. નાનો કાંકરો મૂક્યો. જોરથી માટલીની નીચે માર્યો. કાંકરો આરપાર નીકળી ગયો ! ચતુરશિરોમણિએ નીચે બીજી માટલી મૂકી દીધી. દૂધની ધાર થવા માંડી. થોડી વારમાં તો લઈને પલાયન ! સાંજે સાચવીને મૂકેલું દૂધ ગોપી ઉતારવા જાય, તો માટલી ખાલી ! નીચે કાણું, છતાં દૂધ ટીપું પણ જમીન પર જણાય નહિ ! દૂધ ક્યાં ગયું ! સમજાય નહિ ! ખૂણામાં પેલો કાંકરો પડેલો. દૂધમાં ડૂબકી દઈને નીકળેલો ! બધા ઉપરથી નીચે ડૂબકી દે, આને તો પ્રભુએ પ્રેરેલો. નીચેથી ઉપર પહોંચી ગયેલો ! ચાડી તેણે ચતુરાઈની ખાધી. કાણાના જ માપનો કાંકરો ! દૂધ ચોંટેલું ! ગોપી સમજી ગયાં. શ્યામના સ્મરણમાં સુખપૂર્ણ થઈ ગયાં. (૪) અત્યન્તાસાધ્યજ્ઞાન : અત્યંત પ્રયત્નથી પણ મળી ન શકે તેવી વસ્તુને અદ્દ્ભુત ઉપાયથી મેળવવાનું જ્ઞાન ભગવાનને છે. એક ગોપીએ શીંકામાં મૂકેલું દહીં. ગોપી રસોડામાં રસોઈ કરે. પ્રભુ પધાર્યા. ઊંચે જોયું તો દહીં, પણ પહોંચાય નહિ ! દહીં નીચે પડાય પણ નહિ ! ગોપી તો રસોડામાંથી ગમે ત્યારે બહાર આવે ! તો પકડાઈ જવાય ! ઝટ કર્યો ઉપાય ! સેના તો સાથે જ હતી. સરકસ જાણે શરૂ થયું ! એક ઘોડાની જેમ વળીને ઉભો. તેની ઉપર બીજો, તેની ઉપર ત્રીજો, સૌની ઉપર શ્યામ ! પતી ગયું કામ ! નીચે આવ્યા સુખધામ, સરકસ પૂરું. ચૂપચાપ પલાયન ! મોડે ગોપી શીંકે જુએ તો માટલી જ મળે નહિ ! ચોરીની ચતુરાઈ સમજાય નહિ. થોડી વારમાં છોકરો રમતો આવ્યો. તે પણ પેલી ટોળીનો સભ્ય ! આંખ વળીને શીંકે જાય ! ગોપીને વહેમ પડ્યો. ત્યાં તો તેના કૂડતા (કપડા) પર - પીઠે પડેલી પગની છાપ જોઈ. રજવાળાં પગલાં પીઠે પડેલાં. પગેરું મળ્યું ! ગોપીએ જડતી લીધી. બે ટુકડા સાકરના આપીને સમજાવી દીધો. છોકરો તાનમાં આવ્યો. પરાક્રમ જાહેર કરી દીધું. છોકરો ઘોડો બનવામાંનો એક હતો. સાચી વાત સમજાઈ ગઈ. ચતુરની ચતુરાઈ પર ગોપી વારી ગયાં. ધ્યાનમગ્ન થઈ ગયાં. છાજલી પર વસ્તુ મૂકી હોય, તો ભગવાન્ ખાંડણીઓ ઊંધો વાળીને ઉતારી લે છે. આવી તો અનેક યુક્તિઓ કરે છે. (૫) અંધારે સંતાડેલી વસ્તુઓ શોધી લેવાનું જ્ઞાન : અંધારે સંતાડેલી વસ્તુઓ લેવા પોતે આભૂષણમાં પહેરેલા મણિઓને પ્રકાશિત કરી દે છે ! પોતાના સ્વરૂપને સૂર્યની જેમ પ્રકાશિત કરી દે છે ! અજવાળું થતાં ઈચ્છેલી વસ્તુ સહેલાઈથી લઈને ચાલ્યા જાય છે. બહુરૂપીની જેમ અદ્દ્ભુત નકલ પણ કરે છે. ગોપીના પતિ, પુત્ર, ભાઈની નકલ કરી, સુંદર રીતે તેવો પાઠ ભજવી, પોતાનું કામ પતાવીને પાછા પધારી

જાય છે! પછી કાંઈ ન જાણતા હોય તેમ સીધા સાદા દેખાય છે!

ભક્તોની સત્ત્વ શુદ્ધિમાં ઉપકારક ભગવાનની સ્વેચ્છા લીલાનાં સ્વરૂપ :

ગોપીજનના ઠપકા સાંભળીને વત્સલ મા હસે, - બાલકને ઠપકો દેવા ઈચ્છે પણ નહિ ! :

આ લીલામાં પાંચ પ્રકારની ક્રિયા કરતા પ્રભુનું સ્વરૂપ દેખાય છે. (૧) ધૃષ્ટતા, (૨) પુરીષાદિ, (૩) ચૌર્ય, (૪) રૂપાન્તર, (૫) સીધા, સાદા, સ્વસ્થ દેખાવું. આ સ્વેચ્છાલીલાનાં સ્વરૂપ છે. તે બધાં ભક્તોની સત્ત્વશુદ્ધિમાં ઉપકારક છે. "प्राणन्नेवप्राणो भवति ।"- એ શ્રુતિ છે. તેમાં કાર્ય દ્વારા રૂપાન્તર કહેલું છે. તેમ અહીં પણ, ભગવાન્ પોતાની આ લીલાઓ- કાર્ય દ્વારા પોતાનાં રૂપાન્તર પ્રકટ કરે છે. ભક્તોનાં સર્વવિષય રૂપ ભગવાન્ પોતે બને છે! લૌકિક-વિષયસંબંધથી અશુદ્ધિ આવે છે. અહીં, વિષય રૂપે પણ ભગવાનનો જ સંબંધ છે, તેથી ભક્તોની સત્ત્વશુદ્ધિ સહેલાઈથી થાય છે! અવિધાથી દેહ વગેરેમાં થતા અધ્યાસથી અશુદ્ધિ થાય છે. ભગવાન્ પોતે ભક્તોનો નિરોધ કરવા દેહાદિવત્ સ્વરૂપો પ્રકટ કરે છે. (૧) ધૌષ્ટ્ર્ય-લીલા કરતાં ભગવાન્ દેહવત્ બને છે. (૨) મેહનાદિ કરતાં ભગવાન્ ઈન્દ્રિયવત્ બને છે. (૩) ચોરી કરીને આરોગતાં પ્રાણવત્ બને છે. (૪) રૂપાન્તરો કરતાં અનેક વૃત્તિવાળા અંતઃકરણવત્ બને છે. (૫) સ્વસ્થ દેખાતાં આત્મવત્ બને છે. આમાં દેહાદિના જેવા કાર્ય જણાય છે, પણ દેહાદિ નથી! આમ ક્રિયા, જ્ઞાન અને આકૃતિ રૂપ ગુણો બતાવ્યા.

અનેક ગોપીજન મા યશોદાજીની પાસે આવતાં. આવી અનેક વાતો માને સંભળાવતાં. સાંભળીને વત્સલ મા હસતાં. કૃષ્ણને કાંઈ કહેતાં નહિ! આ ઠપકાની વાતોથી સ્ત્રીઓને મનોરંજન મળતું; અને ભગવાન્ ભયભીત હોય તેમ સાંભળતા! આ બે કામ થઈ ગયા પછી માને કશું કરવાનું રહેતું નહિ. ભગવાનના નેત્રમાં ભય હતો! - "કદાચ મા મારે તો!" શ્રીગોપીજન તો ઠપકાના બહાને ભગવાનનાં મુખદર્શન કરવા આવ્યાં હતાં! મુખ તો શ્રીયુક્ત છે, પ્રસન્ન છે. જ્ઞાનશક્તિરૂપ નેત્રમાં ભય છે, ક્રિયાશક્તિરૂપ મુખે નહિ! લક્ષ્મીજીને થયું, - "આ તો ઠપકો દેવા આવ્યાં છે, તેમની નજર ભગવાનના મુખ પર ન પડવી જોઈએ!" મૂર્તિમંત શ્રી વચમાં વિરાજ્યાં, વ્યાપ્ત થયાં! શોભા કે પ્રસન્નતામાં દૃષ્ટિ અટકે તો પ્રભુનું મુખ ન નિહાળે! દોષ-દૃષ્ટિવાળાને નિર્દોષતા દેખાય નહિ. મંદિરે દર્શન કરનાર લોકો પણ પ્રાયઃ આસપાસની શોભા જોઈને રાજી થાય છે; પણ ભગવાનનું શ્રીમુખ જોઈને રાજી થનાર ઓછા હોય છે!

ભગવાનની ધૂર્તતા અને ધૃષ્ટતા જેવી લીલા કહેતાં, યાદ કરતાં ગોપીજનને ભય થયો! ભગવાનનાં નેત્રમાં ભય દેખાતો. તે જોતાં ગોપીજનને ભય લાગ્યો! ભગવાન્ અને ભક્ત ગોપીજન પરસ્પર મગ્ન થઈ ગયાં! આ બધી વાતોથી માને તો આનંદ જ થયો. તે તો પ્રભુને પુત્ર જ સમજે છે. પુત્ર પ્રત્યેના દૃઢ પ્રેમથી જ વત્સલ માએ આ તોફાનોમાં દોષ ન ગણ્યો. ભગવદ્વિષયક અધ્યાસ દૂર થયો હોવાથી, ઠપકો સહન કરી લીધો! ભગવાનનો મહિમા સમજીને માએ મન નથી મનાવ્યું. નન્દજીને તો ગર્ગે મહિમા કહીને કૃતાર્થ કરી દીધા છે. મા અત્યંત આસક્તિથી વ્યગ્ર ન થાય, ત્યાં સુધી નિર્દોષ ભગવાન્ પણ પોતાનો મહિમા પ્રકટ બતાવતા નથી. ભગવાને જ્ઞાનથી અંતઃકરણની શુદ્ધિ કરવા એક વખત મહિમા પ્રકટ બતાવ્યો!

બાલક ભગવાન મુખમાં માને વિશ્વરૂપ - દર્શન કરાવે છે ! :

ભક્ત-પ્રેમમાં પરવશ પુરુષોત્તમ તો સાક્ષાત્ પ્રસન્નતા-પૂર્વક આરોગે છે ! :

મનથી ઈન્દ્રિયાનુકૂલ ૧૧ વૃત્તિઓ છે. તેને અટકાવવાથી સત્ત્વશુદ્ધિ થાય, તેથી ૧૧ શ્લોકમાં જ્ઞાન કહ્યું છે. વત્સમોચન વગેરેમાં ભગવાનના સ્વરૂપમાં કાંઈ દોષ થતો નથી. માટી ખાવાની લીલામાં તો સ્વરૂપમાં દોષ થાય છે. માની નજરે તો વાછરડાં છોડવાં વગેરેથી પ્રિય પુત્રના શરીરને દુ:ખ ન થાય, પણ માટી ખાય તો માંદો પડે ! - તે વિચારે અતિસ્નેહમાં હિતબુદ્ધિથી મા ધમકાવે કે મારે, તે સ્નેહ કે નિરોધથી વિરુદ્ધાચરણ છે ! તે દૂર કરવા ભગવાને સર્વાધાર રૂપ સ્વધર્મ બતાવ્યો, મુખમાં વિશ્વદર્શન કરાવ્યું !

એક વખત બલરામ વગેરે ગોપબાલકો પરસ્પર રમતા હતા, ચિત્ત ભગવાનમાં હતું. સમાનભાવે રમે તો રસ આવે ! સૌમાં ભગવાનની સમાનતા સ્ફુરી હતી. પરિણામે વિવેકીને જેમ સ્વદોષ દેખાય, તેમ બાલકોને ભગવાનમાં પણ દોષ દેખાયો ! ભગવાન્ વ્રજવાસીઓને આનંદ થાય તેમ ક્રીડા કરે છે. તેમાં બાલકો ઉપયોગી સાધન છે. તેમનો હમણાં મુખ્ય-નિરોધ થયો નથી, ગૌણ નિરોધ છે. ભગવાનમાં સંપૂર્ણ નિરોધ ન થાય ત્યાં સુધી દોષ પણ દેખાય ! રામ તો સૌ ગોપીજનની ભાવવૃદ્ધિ કરનારા છે. ભગવાન્ વ્રજભક્તોએ રસરીતે આપેલાં તામ્બુલ આરોગે, તે રામને રુચે છે. ભગવાન્ માટી ખાય, તે અલૌકિક હોવા છતાં રામને રુચતું નથી ! તેમને સ્નેહવશપણે તેમાં દોષ દેખાય છે ! "**रामाद्याः**"- થી બલરામને જુદા કહીને આ વિલક્ષણભાવ સૂચવ્યો છે. ગોપબાલકોને આ સમજાય નહિ. ભગવાને પોતાનામાં રહેલાં બાલકોને સ્વસંબંધી સ્તનપાન કરીને પુષ્ટ કર્યાં. હવે, પોતાના ચરણ-સંબંધી ભક્તિરસાલોડિત માટી બાલકોને આપે છે, સ્થૂલ-ભગવદીયદેહ દેવા કૃપા કરે છે, અથવા દાન્ત બનાવે છે ! અજ્ઞાન બાલકોએ આ જોયું. માખણ વગેરેની જેમ માટી ખાય છે,- તેમ માન્યું ! માને આવીને કહ્યું, - "કૃષ્ણે માટી ખાધી !" પાંચ વર્ષ સુધી મા બાલકનું ઘડતર કરે છે. માનો ખોળો ખૂંદતાં અનાયાસે જ બાલકનું જીવન ઘડાય છે. માએ સાંભળ્યું. "માટી ખાય તો માંદો પડે !" - આ માની સ્વાભાવિક સમજ છે. મા તો - "**हितैषिणी**" છે. હિતની રીત ક્યારેક ભયભીત પણ કરે છે. સાચી પ્રીત વગર હિત ન થાય. માએ દીકરાનો હાથ પકડ્યો. દીકરાને મા ધમકાવે પણ ખરાં ! બે હાથ પકડ્યા હોત તો ભગવાન્ તરત વશ થઈ જાત ! કર તો ક્રિયાશક્તિરૂપ છે. મલ, મૂત્ર, અસ્થિ, ચર્માદિથી ભરેલો આ દેહ, નરક કરતાં પણ હીન છે. તે પું-નામનું નરક ! તેમાંના સઘળા દોષો દૂર કરી, સંબંધમાત્રથી તારે તે પુત્ર ! પ્રભુ પુત્ર રૂપે પધાર્યા છે. સામાન્ય-બાલકની જેમ લીલા કરે છે.

ધમકાવતી માના મોં સામે પણ પ્રભુ જોઈ શકતા નથી ! મા કઠોર વાક્ય કહે છે. પુત્ર કુશલ રહે તેમ ઈચ્છે છે. મા મારે તો અજાણતાં પણ અપરાધ ! મહાપુરુષોનો અજાણતાં પણ કરેલો અપરાધ અધ:પતન કરાવે છે, જ્ઞાન ક્યારે પણ થતું નથી ! ભગવાને અદ્ભુત મુગ્ધપણું બતાવ્યું ! મા મોહ પામ્યાં. પ્રભુએ મારવાની પ્રેરણા ન કરી. જ્ઞાનશક્તિ રૂપ નેત્રને જ્ઞાનપાત્ર રૂપ મા પર સ્થિર કરે તો તરત જ્ઞાન થાય, પણ માના મનમાં આવેલા દોષભાવને દૂર કરવા કૃષ્ણ નેત્ર ઘુમાવે છે. મા માટી ખાવાનો આરોપ અજ્ઞાનથી કરે છે. ભક્તને અપરાધમાંથી ભગવાન્ બચાવે છે ! ભગવાન્ દયાળ

છે, તેથી માના આરોપનો ઉત્તર આપે છે.

માએ પ્રભુને સંબોધન કર્યું, - "अदान्तात्मन् !" - "અસંયમી ઈન્દ્રિયોવાળાના પણ આત્મા રૂપે વિરાજીને હિત કરનાર!" માટી ખાવાથી અમને દુ:ખ થાય છે. હિત લાગતું નથી! "તમે એકાંતમાં માટી ક્યા કારણે ખાધી ?" - માએ "कस्मात्"- કહીને કારણ પૂછ્યું છે. નાનાં બાલક માટી ખાય તે સ્વાભાવિક છે. તેમાં મા કારણ ન પૂછે, "ન ખવાય !" - તેમ સમજાવે. યશોદા માએ એવું કશું કહ્યું નથી, પોતાનામાં રહેલાં બાલકોને બહાર કાઢીને, ભક્તિ દેવા માટે, ભગવાને એકાંતમાં ગુપ્તરીતે માટી આપી છે! સાથે રમતાં બાલકોએ તે જોયું, તેથી "એકાંતમાં માટી ખાધી !" - તેમ કહ્યું. માએ સાક્ષી પણ તેમને ગણાવ્યાં, - "તારા કુમારો અને મોટો ભાઈ પણ કહે છે !" ભગવદીયો ક્યારે પણ અસત્ય બોલતા નથી! તે પણ હિત ઈચ્છે છે. નાનાં છોકરાં હોવાથી ઉપજાવીને કલ્પનાની વાતો કહે તેમ નથી. બલરામજીમાં આવશ્યક હોય ત્યારે પુરુષોત્તમનો આવેશ થાય છે, કાર્ય ન હોય ત્યારે આવેશ હોતો નથી, તેથી અત્યારે બલરામજી પણ રહસ્ય જાણતા નથી! ભગવાનથી જુદા રહેનારમાં, જ્યારે ભક્તિવિરુદ્ધ-ધર્મ હોય ત્યારે ભગવદાવેશ ન થાય! પરિણામે તે અન્યથા પણ બોલે છે.

ભગવાને પોતે તો માટી ખાધી નથી, તેથી કારણ ન કહ્યું. કૃષ્ણે કહી દીધું, - "મા ! મેં માટી નથી ખાધી. બધા અસત્ય બોલનારા છે !" ભગવાન્ છેતરતા નથી, અસત્ય બોલતા નથી. અહીં, ભગવાન્ અને તેમના સખાઓ પરસ્પર વિરોધી ભાસે તેવું કહે છે, છતાં બંને સત્ય છે! ભગવાને માટી નથી ખાધી, અંદર રહેલાં બાલકોએ ખાધી છે! મિત્રોએ તો દેખ્યું તેવું કહ્યું છે. ભગવાને તો સૌને જૂઠું બોલનારા કહ્યા. લીલાનું રહસ્ય ન સમજાય અને ગમે તે રીતે કલ્પનાથી અર્થો ઉપજાવીને કહેનારાને પણ જૂઠું બોલનારા ગણાવ્યા છે!

મર્યાદાદષ્ટિએ સર્વના આધિદૈવિક રૂપ ભગવાન્ આરોગે છે, પુરાણપુરુષ રૂપે નહિ! નૈવેધમાં તો નિવેદનમાત્રથી સંતોષ થાય છે. સ્વતંત્રભક્તિમાર્ગમાં તો ભક્તોના પ્રેમમાં પરવશ પુરુષોત્તમ, પોતાની સ્વરૂપમર્યાદાનું ઉલ્લંઘન કરીને, ભક્ત જે કાંઈ વસ્તુ, જે રીતે, જે સમયે, જે સ્થળે, આરોગાવવા ઈચ્છે, તે સાક્ષાત્ પ્રસન્નતાપૂર્વક આરોગે છે! ભક્તપરવશતા જ પુરુષોત્તમમર્યાદા છે! આજે પણ ભગવાન્ પોતાના કૃપાપાત્ર ભક્તો પાસે તો માગીને આરોગે છે! મર્યાદાદષ્ટિએ અનવતારદશામાં અનશન (ભોગ ન કરવો) વગેરે ધર્મો પ્રભુ પ્રકટ કરે છે. સાક્ષાત્ પુરુષોત્તમનું આરોગેલું (ઉચ્છિષ્ટ) તે તો શુદ્ધાન્ન છે. તે ફલરૂપ છે. તેના કરતાં અધિક શુદ્ધિ કરનાર બીજું કાંઈ નથી. ભગવાનમાં તો સઘળા ધર્મો છે. ભજનારના ભાવાનુસાર અનુભવ આપે છે. લોકો ભૂખથી, સ્વાદ, પોષણ કે સ્વાસ્થ્ય માટે ભોજન કરે છે. ભગવાન્ તે રીતે આરોગતા નથી. ભક્તોના ભાવનું પોષણ કરવા, ભક્તોને કૃતાર્થ કરવા, ભગવાન્ આરોગે છે! સ્વતંત્રભક્તિ-માર્ગ કે પુષ્ટિભક્તિમાં તો ભગવાન્ સર્વત્ર સ્વરૂપમર્યાદાનું ઉલ્લંઘન કરીને વિહારો કરે છે! ભગવાને પૂતનામાંથી પોતાનામાં લીધેલાં બાલકો, મુક્તિ મળવાથી કૃતાર્થ તો થઈ જ ગયાં છે, છતાં નિત્યલીલાસ્થ-ભક્તો સાથે નિત્યલીલાનુભવ રૂપ કૃતાર્થતા, આ પ્રસાદ લેવાથી મળે છે!

માએ ભગવાનને કહી દીધું, - "સાચું બોલતા હો તો મોં મને બતાવો !" લોકો તો જુએ તે, કે યુક્તિથી સમજાય તે સ્વીકારે છે. શ્રદ્ધાથી સ્વીકારનાર ઓછા હોય છે. ભગવાન્ તો નિરોધ કરવા

પધાર્યા છે. તેથી જ લૌકિકમાં પણ અલૌકિકનું દર્શન કરાવે છે ! સૌનું દુઃખ હરી કૃતાર્થ કરવાનો હરિનો સ્વભાવ છે. ભગવાનનું ઐશ્વર્ય તો સર્વસ્થિતિમાં સંપૂર્ણ રહે છે. બાલક - ભગવાને મુખ ખોલ્યું. લૌકિકમાં ભગવાન્ કદાચિત્ ક્રિયાશક્તિને ગુપ્ત રાખે છે, જ્ઞાનશક્તિ તો નિત્ય પ્રકટ હોય છે, તેથી જ્ઞાન દેતું દર્શન દીધું ! ભગવદિચ્છાથી, ભગવાને પ્રેરેલાં, જ્ઞાનશક્તિવાળાં મા યશોદાજીએ બાલકના મુખમાં સચરાચર વિશ્વને જોયું ! આ આભાસ નથી, સ્પષ્ટ દર્શન છે ! આ દેખાતું વિશ્વ ભગવદ્રૂપ છે, પ્રતિકૃતિ રૂપ છે - તેમ ઉપનિષજ્જ્ઞો કહે છે; - "स एष इह प्रविष्टः ।"- શ્રુતિ છે. આધિદૈવિક છે, - તેમ બ્રહ્મજ્ઞો કહે છે. "आकाशाद् वायुः ।" - શ્રુતિ છે. કાર્ય - કારણ - રૂપથી આ ઉભયનું સમાધાન છે, તેમ આચાર્યો કહે છે. માએ ભૂગોલ અને ખગોલનાં સ્પષ્ટ દર્શન કર્યાં ! પર્વત, દ્વીપ, સમુદ્ર, પ્રથમાહુતિ રૂપ ચન્દ્ર, ભૂમિ પર રહેલું યજમાનાત્મક યજ્ઞીય રૂપ, તારકો, જ્યોતિશ્ચક્ર, આકાશગંગા, મેઘ, વીજળી વગેરે ઉપરનો વાયુ, આકાશ, ઈન્દ્રિયો, મન, અહંકાર, પ્રકૃતિ અને માયાના ત્રણે ગુણો દેખાય છે. ઘરમાંના ઘડાની જેમ બ્રહ્માંડ દેખાય છે. યુક્તિથી આમાં કાંઈ જ સમજાય તેમ નથી ! જીવ, કાલ, કર્મ, સ્વભાવ, લિંગદેહ - આ સઘળું દેખાય છે. આ માનું સ્વપ્ન ન હતું, ભ્રમ ન હતો, સત્ય હતું ! વ્રજ અને પોતે પણ તેમાં દેખાયાં ! મા તો વિચારમાં પડ્યાં. - "આ તો સ્વપ્ન, દેવમાયા, મારો બુદ્ધિમોહ કે પોતાના પુત્રનો પ્રભાવ ? !" માને જ આ દર્શન થાય છે. સૌને થતું નથી ! આ બાલકમાં જ દેખાય છે, સર્વત્ર નહિ ! ભગવાનના નાનકડા બાલરૂપમાં વિશાલ વિશ્વ સમાઈ રહ્યું છે ! માનો પુત્રભાવ દૃઢ છે, તેથી નિરોધ થયો, નહિ તો મુક્તિ મળે !

માને કાંઈ સ્પષ્ટ સમજાતું નથી, જન્મથી જ આ બાલકમાં અદ્ભુત પ્રભાવ દેખાય છે ભગવાનની આ સ્વાભાવિક યોગ રૂપ વિભૂતિ - જન્મસિદ્ધ આત્મયોગ - છે ! જેમાં આ દેખાય છે તે અલૌકિક છે ! મન, બુદ્ધિ, વાણી કે કર્મથી સમજાય તેમ નથી. આ દર્શન માયિક નથી, પોતાને પૂર્વાપરાનુસંધાન છે. દેશ, કાલ, અવસ્થા, પદાર્થ સ્થિર દેખાય છે. મહિમા દેખાડવો હોય તો, વિશ્વ બીજે બતાવે ! આ ભાર રૂપ પદાર્થોને સ્વરૂપમાં શા માટે પધરાવે ? આ બધું દેખનારી દૃષ્ટિ પણ પોતાની લાગતી નથી, નહિ તો આ બધું હંમેશા દેખાયા કરે ! ભગવાને જ સામર્થ્ય આપીને પોતાનો મહિમા જણાવવા માટે, પોતાનામાં રહેલું જગત્ બતાવ્યું છે ! માએ તેને "प्रणतास्मि तत्पदम्"- કહી નમસ્કાર કર્યાં ! બીજું બની પણ શું શકે ? ભગવાનનાં ચરણે નમે તેની સઘળી દુર્બુદ્ધિ દૂર થાય છે માએ પ્રાર્થ્યું, - "હું યશોદા છું. મારા પતિ નન્દજી છે. આ કૃષ્ણ મારો પુત્ર છે. વ્રજેશ્વર નન્દના સર્વધનની રક્ષક હું સતી છું. આ ગોપી, ગોવાળ, ગોધન સાથે મારાં છે. આ પ્રકારની કુબુદ્ધિ જેની માયાથી થ તે સ્વરૂપ જ મારે માટે ફલરૂપ છે !" ભગવાનને માટી ખાવા માટે સ્નેહથી ઠપકો દેવા મા તૈયાર થય હતાં ! તે મહિમા જોતાં શરણાગત થઈ ગયાં !

માને ભગવાને જ્ઞાન દીધું, પણ ભક્તિથી મળતો આનંદ તો મુક્તિથી મળતા બ્રહ્માનં કરતાં પણ અધિક છે ! દયાળુ ભગવાને ભક્તિ દેવા દૈવીમાયાથી માને મોહ કરાવ્યો. યથાર્થ-જ્ઞા થયું હતું; તેથી શ્રીશુકે માને યશોદા ન કહ્યાં, મા ન કહ્યાં, પણ - "ગોપી" જ કહ્યાં ! ભગવા સર્વસમર્થ છે. નિરોધ કરવા પધાર્યા છે. તે ઈચ્છે તો જ્ઞાન આપે પણ ખરા અને જ્ઞાનનો નાશ પ કરે ! તેમાં કાંઈ યુક્તિ કે યોગ્યતાનો વિચાર કરવાનો ન હોય ! ભગવાને આધિદૈવિકી, સ્નેહમય

વૈષ્ણવીમાયાનો વિસ્તાર કર્યો, - "**पुत्रस्नेहमयी**" શાસ્ત્રીય નહિ, તે સ્વતંત્ર-ભક્તિ દે છે ! પ્રજા રૂપે-તરીકે - પ્રભુમાં આત્મીયતા થાય. આત્મીયતાથી ઉત્કટ સ્નેહમાં જે રસાનુભવ થાય તે ઈશ્વરભાવે ન થાય ! ઈશ્વરભાવમાં તો ભય રહે, સ્નેહ રૂંધાઈ રહે ! અનંત પ્રકારની માયા છે. પ્રભુએ પુત્રસ્નેહમયી - પુત્ર રૂપે પ્રીતિ કરાવતી - માયા ફેલાવી છે. સમર્થ ભગવાન્ એક જ વસ્તુમાં કરોડો પ્રકારની બુદ્ધિ ઉત્પન્ન કરી શકે છે ! એક બીજાથી ભિન્ન સમજ પણ આપે છે ! ભગવાને માયાનો વિસ્તાર કર્યો. તરત જ યશોદાજીની સ્મૃતિ નષ્ટ થઈ ગઈ ! - "**सद्यो नष्टस्मृतिर्गोपी ।**" અહીં અનુભવ અને સ્મરણની વચ્ચે સંસ્કાર નથી ! અનુભવ હોય ત્યાં સુધી, સ્મરણ કે તેનો નાશ સંભવે નહિ. અહીં, અનુભવ જ સ્મૃતિને ઉત્પન્ન કરે છે, સંસ્કાર ઉત્પન્ન થયા નથી ! પ્રમાણ તો સંસ્કારને જાગ્રત કરીને સ્મૃતિ દે છે. અહીં, ભગવદિચ્છા- પ્રમેયબલ - જ નિયામક છે. અલૌકિક-ચરિત છે. ભક્તને ભક્તિરસનો અનુભવ થતાં વિલંબ થાય, તે ભગવાન્ સહી શકતા નથી ! પોતાનો અવતાર જલદી થાય માટે જેમ દેવકીજીના ગર્ભનું સંકર્ષણ કરાવ્યું, તેમ લીલાનો અનુભવ શીઘ્ર થાય માટે, માની આ સ્મૃતિનો તરત નાશ કર્યો ! સંસ્કાર ઉત્પન્ન થયા ન હોવાથી, આ દર્શન ફરી યાદ આવે નહિ. ગોપી હોવાથી વિવેકથી પણ યાદ આવે નહિ !

ભગવાને માયા પ્રસારી, તે ક્ષણે મોં ખુલ્લું હોવા છતાં તેમાં વિશ્વ ન દેખાયું ! માએ તો પ્રભુને પુત્ર રૂપે જોયા. પ્રેમ ઉભરાયો. - "**प्रवृद्धस्नेहकलिलहृदया ।**" મા મગ્ન થયાં, મોહસહિતનો સ્નેહ હૃદયમાં સ્થિર થયો ! મુખમાં વિશ્વ જોઈને, આ "ભગવાન્" છે તેમ સમજે તો, માહાત્મ્યજ્ઞાનથી ભૂખ, થાક, તરસ, નિદ્રા વગેરે તેમાં સ્વાભાવિક ન લાગે, "આ પુત્ર છે !" - તેમ સમજે તો, સ્નેહથી તેમાં ભૂખ વગેરે સ્વાભાવિક લાગે. આ બંને વિરુદ્ધભાવ છે. તેથી સ્નેહ-સંબંધી કલહ- "**कलिः ।**"- સ્નેહવિરુદ્ધ-ધર્મનું દબાઈ જવું, તેને - "**लाति स्वीकरोत्येतादृशं हृदयं यस्याः ।**"- સ્નેહથી વિરુદ્ધનું માહાત્મ્યજ્ઞાન સ્નેહમાં દબાઈ ગયું છે ! આવું પ્રેમપૂર્ણ હૃદય મા યશોદાજીનું છે. જ્ઞાનનું ફલ સ્નેહ છે, તેથી જ્ઞાન દીધા પછી પણ, પ્રભુએ સ્નેહ દીધો છે, લીલારસાનુભવ દીધો છે !

સર્વશાસ્ત્રોમાં ભગવાનનો મહિમા છે, તેવા ભગવાનને પણ માએ તો પુત્ર જ માન્યા છે ! : સ્વતંત્ર - પુષ્ટિ - ભક્તિનો આ સ્વભાવ - પ્રભાવ છે ! :

ભગવાને આ લીલા મહા સુદ આઠમે કરી, તેમ એક પુરાણમાં ઉલ્લેખ છે. માએ પ્રભુને પૂર્વવત્ પુત્ર જ ગણ્યા છે. ભક્ત તરીકે ભજન નથી કર્યું ! મંત્ર રૂપ વેદત્રયી અને બ્રાહ્મણરૂપ ઉપનિષદ્-ભાગમાં ભગવાનની ક્રિયાશક્તિનું પ્રતિપાદન છે. સાંખ્યશાસ્ત્રમાં નિત્યા-નિત્ય - વસ્તુવિવેક પણ ભગવત્સંબંધ-વિચારે જ છે. યોગમાં પણ નિશ્ચિન્તપણે ભગવચ્ચિંતન કહેલું છે. પશુપતિ, વૈષ્ણવમતમાં પણ ભગવન્માહાત્મ્ય જ છે. ષડ્દર્શનમાં પણ માહાત્મ્ય જ છે. તેવા ભગવાનને પણ માએ તો પુત્ર જ માન્યા છે. સ્વતંત્રભક્તિનો આ પ્રભાવ છે, સ્વભાવ છે.

વાત્સલ્યરૂપ શ્રીનન્દ - યશોદાજીની પૂર્વકથા : ફલરૂપ ભગવાન્ જ ભક્તોનું સાધન બને છે ! :

પરીક્ષિત રાજાને ખૂબ આનંદ થયો. "નન્દ-યશોદાજીને કયા ધર્મના ફલ રૂપે પ્રભુ પુત્ર રૂપે મળ્યા ?" - શ્રીશુકે પૂછ્યું. ભગવાન્ સર્વનાં દુઃખ હરે છે ! મા તો પયઃપાન કરાવી, પુત્રનું ભૂખનું દુઃખ ગયું તેમ માને છે. હરિનાં હરિ યશોદા મા છે. વસુદેવ-દેવકીજીએ પણ સુકૃત તો કર્યાં ! પ્રભુ

પુત્ર રૂપે પધાર્યાં; પણ બાલલીલાના આનંદનો અનુભવ નથી થયો ! ભગવાનનો નિર્મલ કરતો યશઃ તો આજે પણ વિદ્વાનો ગાય છે. અધિકારરહિતને પણ સર્વપુરુષાર્થ પ્રભુ દે છે, - ઉદાર છે ! જીવ તો આનંદમાત્રા પર જીવન ટકાવે છે ! ભગવાન્ તો પરમાનન્દરૂપ છે ! લોક અને વેદના કાર્યમાં જેમ સાધન સારાં, તેમ ફલ ઉત્તમ દેખાય છે. લોકમાં તો વૈદિકધર્મ કર્મરૂપ છે, અર્થ પશુ-પુત્ર-ધનાદિરૂપ છે, કામ સ્વર્ગાદિરૂપ છે, મોક્ષ બ્રહ્મભાવરૂપ છે. પરમાનન્દ તો તેથી પણ ઉત્તમ છે ! વ્રજવાસીઓ માટે તો પરમાનન્દરૂપ પ્રભુ જ ધર્મરૂપ છે. બાલકરૂપ ભગવાન્ જ અર્થરૂપ છે ! લીલોપયોગી પશુ-પુત્ર-ધન વગેરે કામરૂપ છે ! સ્વરૂપાનંદનો અનુભવ મોક્ષરૂપ છે ! "**कृष्ण**", "**अर्भक**", "**ईहित**" અને "**उदार**"- આ ચાર શબ્દોથી સર્વોત્તમ પુરુષાર્થો બતાવ્યા છે. જ્યાં સ્વયં ભગવાન્ સાધનરૂપ બને છે, ત્યાં ફલની વાત જ શી ? સાક્ષાલ્લીલા તો પરમ દુર્લભ છે. લીલાના શ્રવણમાત્રથી પણ પરમાનન્દનો અનુભવ થાય છે. વ્યાસજી, શુકદેવજી જેવા નિર્દોષ વક્તાઓ તેનાં ગાન કરે છે. શબ્દાર્થ કે રસનું ગાન મત્ત બનાવે છે. શ્રવણમાત્રે દોષ જાય, ગુણ થાય, તો સાક્ષાત્ અનુભવે શું ન થાય ? સ્વરૂપ અને કીર્તિથી ભગવાન્ સર્વોદ્ધાર કરે છે. મહાપુરુષની કૃપાથી જ આવું સૌભાગ્ય મળે છે !

શ્રીશુકે નન્દ-યશોદાજીની પૂર્વકથા કહી. પૂર્વકલ્પમાં દ્રોણ નામના વસુ. તેમનાં પત્ની ધરા. બ્રહ્માએ તેમને સૃષ્ટિ કરવાની આજ્ઞા કરી ! "**ह**"- શબ્દે આશ્ચર્ય બતાવ્યું. ક્યાં સૃષ્ટિ અને ક્યાં ભક્તિ ?! આજ્ઞાપાલક દ્રોણે વિનંતી કરી. જન્મ લેતાં પુરુષોત્તમમાં પરમ ભક્તિ પ્રાર્થી. અહીં "**महादेव**"- પુરુષોત્તમવાચક છે ! જીવનાં સાધન દ્વારા સામાન્ય-ભક્તિ થાય. મહત્કૃપાથી પરમભક્તિ મળે ! ભક્તિથી દુર્ગતિ રૂપ દેહસંબંધ સરલતાથી તરી જવાય છે ! બ્રહ્માજીએ વરદાન દીધું. ભગવત્સંબંધ- વાળાનાં વચન મિથ્યા નથી થતાં. ભગવાન્ તે સત્ય કરે છે ! દ્રોણે સ્વર્ગમાં સૃષ્ટિ કરી. પ્રલય પછી બ્રહ્માએ ભગવદિચ્છા જાણીને પ્રેરણા કરી. દ્રોણ નન્દ થયા. ધરા યશોદા થયાં. લીલારસાનુભવ માટે આનન્દરૂપ ભગવાને "આ" - ના અર્થરૂપ વ્યાપ્તિ છોડી ! "આ" - લુપ્ત થયો. નન્દ થયા ! નિત્યલીલામાં આ સ્વરૂપ છે. અવતારલીલામાં તેનો આવેશ છે. વાત્સલ્યરસનું સ્વરૂપ નન્દ-યશોદાજી છે. વાત્સલ્યનો વર્ણ શ્વેત છે, તેથી નન્દ-યશોદાજી ગૌરવર્ણનાં છે ! ભગવાન્ કૃષ્ણ શૃંગારરસરૂપ હોવાથી શ્યામ છે ! તેમને ત્યાં ભગવાન્ પુત્રરૂપ થયા. "**पुत्रीभूते**"- શબ્દ કહ્યો છે. લૌકિકરીતે પુત્ર નથી. પુત્રભાવ પ્રભુએ પ્રકટ કર્યો છે. અવિદ્યા દૂર કરી સૌને મોક્ષ દેવા માટે "જનાર્દન"- પધાર્યા છે. ગોપગોપીની વચ્ચે, સત્સંગ વગર પણ, તેમને પરમ ભક્તિ થઈ છે ! બ્રહ્માનું વરદાન સત્ય કરવા પ્રભુ વ્રજમાં સાથે પધાર્યા છે. વેદાત્મક બલદેવજીને સાક્ષી રૂપે લાવ્યા છે. જેથી લીલા વેદવિરુદ્ધ ન લાગે ! વ્રજવાસીઓને પ્રીતિ દેતાં, પ્રભુએ વ્રજમાં વસતાં, અનેક વિહારો કર્યા છે. સૌને આનન્દ થાય, તેમ ભગવાને અનેક લીલાઓ કરી છે. લીલાનું પ્રયોજન છે, - સ્વરૂપાનન્દનો અનુભવ - ભક્તનિરોધ ! જેને મહાપુરુષોની કૃપા ભાગ્ય રૂપે મળી હોય, સત્ત્વશુદ્ધ- બીજ હોય, તેમને ગુરુ દ્વારા યથાર્થ રીતે મળેલાં દુઃસંગરહિત, અખંડશબ્દરૂપ, અર્થવાળાં, ભગવન્નામ તરત સત્ત્વશુદ્ધિ કરે છે. અન્યેચ્છાથી લીલા કરતાં સ્વરૂપ વિલંબે શુદ્ધિ કરે છે. માહાત્મ્યજ્ઞાનપૂર્વકની ભક્તિ પણ તરત શુદ્ધિ કરે છે. પ્રકટ થયેલા પ્રભુ તો સત્સંગ વગર પણ, સ્વરૂપબલથી શીઘ્ર શુદ્ધિ કરે છે !

અધ્યાય : ૯

શાસ્ત્રાર્થતઃ ભગવાનને જાણવાથી ભક્તિ દૃઢ થાય છે : ભગવાનનું અપ્રાકૃત સ્વરૂપ અને કૃપાલુતા !

ભગવાન્ શ્રીશુકે ભગવાન્ શ્રીબાલકૃષ્ણલાલજીનું પરમ અદ્ભુત-ચરિત કહેવાનો આરંભ કર્યો. રાજાએ ઈશાનુકથાલીલા સુધીની કથા સાંભળી છે. ભગવાનનું માહાત્મ્ય જેવું પોતે સમજ્યા તેવું, - "वीर्याणि तस्याखिलदेहभाजां.....।"- માં નિરોધલીલાના આરંભમાં કહ્યું. પુનઃ, માહાત્મ્યજ્ઞાન-પૂર્વક ભક્તિ થાય તેવું ચરિત - "भक्तिर्हरौ"- કહીને સાતમા અધ્યાયના આરંભમાં પૂછ્યું. લીલા કરતા ભગવાન્ સૌની પર પ્રસન્ન થઈને સૌનાં દુઃખ દૂર કરે છે. આ સમજાવવા માટે દયામિશ્રિત સ્વરૂપજ્ઞાનનું અહીં નિરૂપણ છે. સર્વશાસ્ત્રના અર્થ રૂપે ભગવાન્ "न चान्तर्न बहिर्यस्य ।"- વગેરે નવ શ્લોકમાં સમજાય છે. શાસ્ત્રાર્થતઃ ભગવાનને જાણવાથી ભક્તિ દૃઢ થાય છે. ભગવાનનું સ્વરૂપ અને કૃપાલુતા સમજાય તેવી કથા આ અધ્યાયમાં છે. સર્વસમર્થ ભગવાન્ પણ ભક્તોને વશ થઈ જાય છે ! આ સાંભળતાં ભગવાનમાં ભક્તિ થાય છે. ભગવાનને બાંધવામાં બધાં દોરડાં બે આંગળ ટૂંકાં પડ્યાં. આ ભગવાનનું સ્વરૂપ સમજાવે છે; છતાં ભગવાન્ બંધનમાં બંધાયા ! તે કૃપાલુતા સમજાવે છે. ભક્તો માત્ર ભગવાનને જાણે છે અને ભગવાન્ ભક્તો વિના બીજું સહેજ પણ જાણતા નથી. પ્રેમપૂર્ણ - સ્વતંત્રભક્તિનો આ પ્રભાવ છે !

ભગવાન્ ભક્તની ભાવનાનુસાર સંબંધો સ્વીકારે છે ! :

ભગવાન્ ભક્તોને વશ થાય છે, જ્ઞાનીઓને પણ નહીં ! :

ભક્તનો નિરોધ ભગવાનમાં અને ભગવાનનો નિરોધ ભક્તમાં થાય છે. આવો નિરોધ દૃઢ કે પૂર્ણ ગણાય છે. તેમાં ભગવાનને ભક્ત વિના બીજું જ્ઞાન હોતું નથી ! ભક્તો સિવાય અન્યત્ર રાગ હોતો નથી, - વૈરાગ્ય હોય છે ! પુરુષોત્તમનું સ્વરૂપ જ એવું છે કે આ જ્ઞાન, વૈરાગ્ય અને સ્વરૂપથી ભગવાન્ ભક્તાધીન બને છે. નવમા અધ્યાયમાં આવા જ્ઞાનની કથા છે.-"स्वमातुः स्विन्नगात्रायाः"માં ભગવાન્ પણ યશોદાજીને મા રૂપે જાણે છે. તે જ્ઞાન છે. સ્વતંત્રભક્તિમાર્ગમાં ભગવાન્ ભક્તની ભાવનાનુસાર સંબંધો સ્વીકારે છે ! સંબંધથી ભગવાન્ સાનુકૂલ બને છે. ભગવાન્ પણ તેવા ભક્ત સાથે સંબંધને સાનુકૂલ જ્ઞાન અને વ્યવહાર દર્શાવે છે ! દામોદરલીલામાં યશોદા-માના પુત્ર તરીકે ભગવાન્ વશ થતા નથી, અવિહિત-ભક્તિમાર્ગીય-જ્ઞાનથી ભગવાન્ વશ થાય છે ! યશોદાજી ભગવાનને પુત્ર રૂપે જ જાણે છે. ભગવાને પણ યશોદાજીને મા રૂપે જ જાણ્યાં છે; તેથી વશ થાય છે ! શાસ્ત્રમાં ન કહેલી આવા પ્રકારની પ્રેમપૂર્ણભક્તિ, સ્વતંત્રભક્તિ કે અવિહિતભક્તિ કહેવાય. આવી ભક્તિ કેવળ કૃપાથી મળે છે. કૃપા એટલે પુષ્ટિ ! ભગવાનનો ધર્મ છે, તેથી આવી ભક્તિ પુષ્ટિભક્તિ પણ કહેવાય છે. ભગવાન્ આત્મીયતા રૂપ જ્ઞાનથી વશ થયા છે ! "नायं सुखापो भगवान् ।"માં ભગવાનને "गोपिकासुतः"- કહ્યા છે. તે ભગવાન્ ભક્તોને વશ થાય છે, જ્ઞાનીઓને પણ નહિ ! આ ભગવાનનો, ભક્ત વગર સઘળે, વૈરાગ્ય બતાવે છે.

દશમા અધ્યાયમાં નલકૂબર - મણિગ્રીવના ઉદ્ધાર-પ્રસંગમાં ભગવાને નારદજીને પોતાના "પ્રિયતમ" કહ્યા છે. "देवर्षिर्मे प्रियतमः ।"- પ્રિયતમ નારદજીનાં વચનો સત્ય કરવા ભગવાન્

ખાંડણીઓ ખેંચતા અર્જુનવૃક્ષોની પાસે પહોંચ્યા છે ! ભક્તોનાં વચન ભગવાન્ સત્ય કરે જ છે. નારદજી અને પ્રહ્લાદજીનાં વચન સત્ય કરવા માટે ભગવાન્ નૃસિંહ રૂપે પણ પ્રકટ થયા હતા ! ભક્ત વગર બીજે રાગ ન હોવાથી ભગવાન્ આ વૈરાગ્યથી વશ થાય છે. "गोपीभिः स्तोभितोऽनृत्यद् ।"- માં "तद्वशः"- ભક્ત-ગોપીજનને વશ ભગવાન્ નાચે છે, - તેમ કહીને અગિયારમા અધ્યાયમાં ધર્મીરૂપ ભગવાન્ બાલકૃષ્ણના સ્વરૂપનું લીલાવિશિષ્ટ-વર્ણન છે. સ્વરૂપથી ભગવાન્ ભક્તવશ બને છે. એ અહીં દેખાય છે.

આત્મીયતાથી ભગવાન્ વશ થાય, તે પુષ્ટિ છે. "द्वादशो वै पुरुषः ।"- શ્રુતિ છે. પુરુષ દ્વાદશાત્મક છે. પુરુષ રૂપની તે મર્યાદાનું ઉલ્લંઘન કરીને ભગવાન્ વશ થાય છે. ભગવાન્ જેનું વરણ કરે છે, તેને જ ભગવાન્ મળે છે. પુરુષોત્તમ પુરુષથી પર છે. મર્યાદાનાં સાધનો તો પુરુષને પ્રસન્ન કરે છે. પુરુષોત્તમ પ્રેમાત્મક સ્વતંત્રભક્તિથી વશ થાય છે !

આ અધ્યાયના પહેલા બાર શ્લોક સુધીમાં ભગવાન્ બંધાયા નથી. બન્ધનની માત્ર માને ઈચ્છા થઈ દેખાય છે. છ શ્લોકમાં ભગવાન્ બંધાયાની કથા છે. તે છ ગુણસૂચક છે. ભગવાન્ પોતાના ભક્તિમાર્ગીય ઐશ્વર્ય વગેરે છ ગુણોથી વશ થાય છે. "कृपयासीत् स्वबन्धने"- કહીને શ્રીશુકે, ભગવાન્ માત્ર કૃપામાર્ગ (પુષ્ટિમાર્ગ)માં જ વશ થાય છે, - તેમ સ્પષ્ટ કરી દીધું છે ! ભગવાન્ બીજા કોઈ સાધનથી મળી શકે છે, તેવી સમજ અજ્ઞાન છે, અવિધારૂપ છે ! પાંચ શ્લોકોમાં આવી અવિધા દૂર કરી છે. આમ આ અધ્યાયના કુલ ૨૩ શ્લોકમાં, ભગવાન્ પોતાની કૃપાથી, પુષ્ટભક્તિથી જ વશ થાય છે, બીજાં કોઈ સાધનથી વશ થતા નથી, તેમ સ્પષ્ટ બતાવ્યું છે.

મા યશોદાજીનું અતિપૌરુષ-કાર્ય સિદ્ધ થયું. ભગવાન્ મળ્યા, તે પહેલાં કહ્યું છે. ભક્તિ દશ પ્રકારની છે. નવ સગુણભક્તિ પછી ગુણાતીતભક્તિથી કે નવધાભક્તિ સહિત પ્રેમલક્ષણા-ભક્તિથી ભગવાન્ મળે છે. દશ શ્લોકમાં આ કહ્યા પછી, બે શ્લોકમાં ભગવાનને વશ કરવાનો ઉધમ કહેલો છે. તેમાં વેદના બે કાંડ-કર્મ અને જ્ઞાન-નો સમાવેશ છે. આ બેથી ભગવાન્ વશ થતા નથી !

ભગવાનની આધિદૈવિક-માયાથી મોહિત મા યશોદાજી ઘરકામ કરતાં, પ્રભુ માટે મથન કરતાં, પ્રભુનાં ચરિત-ગાનમાં મગ્ન થઈ ગયાં ! :

ભગવાને યશોદા માને મુખમાં વિશ્વદર્શન કરાવ્યું, પછી પ્રજાસ્નેહમયી માયાથી મોહ કરાવ્યો. આ મોહ આધિદૈવિક છે. મોહિત થયેલાં મા એક દિવસ ઘરકામમાં ગૂંથાયાં, "एकदा"- જ્યારે બીજી લીલા કરવાની ઈચ્છા કૃષ્ણની થઈ ત્યારે ! ઘરમાં કામ કરનારી દાસીઓ બાલક ભગવાનના અભ્યુદય માટેના કામમાં રોકાયેલી હતી. ચાર પ્રકારની દાસીઓ હતી. પ્રભુને દેવાની, ઘર અને ખેતર સંભાળનારી, યશોદાજીની સખીઓ અને ઘરકામ કરનારી. ઘરકામ કરનારી દાસીઓ ખેતરમાં કે વેલાના માંડવા બનાવવામાં રોકાઈ હતી. યશોદાજી ભગવાનનાં મા, પણ નન્દજીનાં તો ગૃહિણી છે ! ગૃહિણી માટે ઘરકામ તો ગૌરવ છે, આવશ્યક છે. યશોદાજી દહીં વલોવવા લાગ્યાં. વલોણું ચાલે, સાથે માનું ગાન ચાલે ! ગાન તો પ્રફુલ્લ રાખે, કામમાં કંટાળો ન આવવા દે, કડવાશ કાઢી નાખે. સંસારિલોકો લોકગીત કે લગ્નગીત ગાય છે. શોખીનો સિનેમાના ગીતમાં પણ ડૂબી જાય છે. ભક્તો તો ભગવાનની લીલાઓના ગાનમાં ભાન ભૂલી જાય છે. ભગવદીયો તો સંસારનાં કામમાં પણ ભગવાનનાં ગુણગાન